# દલપત કાવ્ય.

(ભાગ ૧ લો.)

ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી.

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# દલપત કાવ્ય.

## ભાગ ૧ લો.

છબી વિષે દોહરો.

શું જોશો તનની છબી, એમાં નથી નવાઇ;
નિરખો મુજ મનની છબી, ભલા પરીક્ષક ભાઇ.

છપાવી પ્રસિદ્ધ કરનાર,
ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી તરફથી,
હીરાલાલ ત્રીભોવનદાસ પારેખ, બી. એ.,
આસિ. સેક્રેટરી, અમદાવાદ.

આવૃત્તિ પાંચમી. *** પ્રત ૧૦૦૦

ઇ. સ. ૧૯૨૬—સંવત્ ૧૯૮૨

કિંમત રૂ. ૧. ૫)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ધી "ગુજરાત" પ્રીન્ટીંગ પ્રેસમાં શા. સોમાલાલ મંગળદાસે છાપ્યું.
ઠે. પાંચકુવા—અમદાવાદ.

(સર્વ હક્ક ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીએ સ્વાધીન રાખ્યા છે.)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રથમ આવૃત્તિની સૂચના.

"બુદ્ધિપ્રકાશ"માં જાહેર ખબર આપ્યા પ્રમાણે એવડા કદનું મારી ગુજરાતી કવિતાના સંગ્રહનું આ પુસ્તક ગ્રાહકોની સેવામાં હું મૂકું છું. એમાં સર્વ લોકોને અનુકૂળ પડે એવી સુધારાને લગતી કવિતા દાખલ કરી છે. પણ કદ મોટું થઇ જાય તે સારુ અથવા બીજા કંઇ કારણથી ગુજરાતી પિંગળ અને સરકારી નિશાળોની વાંચનની ચોપડીઓને અર્થે જે કવિતાઓ રચેલી તે તથા ખાનગી ધર્મ સંબંધી કવિતા તથા જે કવિતા રચીને મેં કોઇને આપેલી અને તે હાલ મારા કબજામાં નથી તે આમાં દાખલ કરી નથી. તેમજ શ્રવણાખ્યાન, જ્ઞાનચાતુરી, વગેરે હિંદુસ્થાની ભાષાની કવિતા પણ દાખલ કરી નથી. તે બધી કવિતા ખાકી એટલી છે કે આ પુસ્તકના કદ જેવડું બીજું પુસ્તક થાય.

મને ઘણા ભાઇઓએ અને બાઇઓએ એવી ભલામણ કરેલી કે તમારે જેમ બને તેમ સહેલી ગુજરાતી ભાષામાં કવિતા રચવી, ને ખરી વાત છે કે વધારે મિઠાશ તેવી કવિતામાં હોય છે. તોપણ જેમ નાટકમાં જેવો વેષ લાવે તેવી ભાષા બોલવી પડે છે તેમ જ સંસ્કૃતમાં વપરાતાં વૃત્તની કવિતા રચતાં સંસ્કૃત શબ્દો આવ્યા વિના રહેતા નથી. ઘણું કરીને દેશીઓમાં ને રાગમાં સહેલી ગુજરાતી ભાષામાં કવિતા રચાય છે, માટે આમાં પણ તેમ થયું છે.

આ સિવાય ગદ્યના નિબંધો મેં રચ્યા છે તેની વિગત તથા જે કવિતાથી ઇનામો મળેલાં તેની વિગત બીજે ઠેકાણે સૂચવી છે. આ પુસ્તક છપાવવાની ને ખપાવવાની મારી હિમ્મત નહોતી. પણ "ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી"તરફથી તથા મુંબઇના ગૃહસ્થો તરફથી પ્રથમ સહાયતા મળી તેથી, અને તેઓના ઉત્તેજનથી, તેમજ મહેરબાન શેઠ નાનાભાઇ રૂસ્તમજી રાણીનાએ ઘણી હોંશથી આ પુસ્તક છાપી આપવાનું કબૂલ કર્યું તેથી એ છપાવવાનું કામ મેં માથે લીધું છે.

જુદે જુદે ઠેકાણેથી આ કવિતાનો સંગ્રહ કરવા વગેરે કામમાં ભાઇ બુલાખી કાળીદાસે સારી મહેનત લીધી છે. દ૦ ડા૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## બીજી આવૃત્તિની પ્રસ્તાવના.

પ્રથમ આવૃત્તિ ૧૮૭૯ માં છપાઇ હતી. તેની ૧૦૦૦ પ્રતો થોડાંજ વર્ષમાં ખપી જવાથી અને બીજી આવૃત્તિ બહાર પાડવા માટે ઘણા ગૃહસ્થો તરફથી માગણી થવાથી કવીશ્વરનાં નહિ છપાએલાં ઘણાં કાવ્ય ઉમેરી આ બીજી આવૃત્તિ બે ભાગમાં બહાર પાડી છે.

કવીશ્વર દલપતભાઇએ સન ૧૮૭૮ના ડિસેંબર આખર સુધી "ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી"ની નોકરી કરી. તે સાલના "બુદ્ધિ પ્રકાશ"માં "ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી"નો ઇતિહાસ આપ્યો છે; તેમાં કવીશ્વરના ઇતિહાસનો ઘણોખરો ભાગ આવી જાય છે, તેથી અહિં આપતા નથી. પછી તેમની આંખે દરદ થવાથી તેમણે ૧૮૭૯ માં નોકરી છોડી. તે પછી શરીરે અશક્ત થયા છતાં પણ તેમણે આળસમાં વખત ન કાઢતાં નીચે મુજબ કામ કર્યાં છે.

સન ૧૮૮૦ માં કચ્છનાં મહારાણી સાહેબે "કચ્છ ગરબાવળી" નામની ચોપડી કવીશ્વર પાસે રચાવી તેના તેમને રૂ. ૫૦૦) ઇનામ આપ્યા. સન ૧૮૮૧માં વઢવાણના મર્હુમ મહારાજા દાજીરાજજીએ રૂ. ૪૦૦ ઇનામ આપી "માંગલિક ગીતાવળી" નામની ચોપડી રચાવી. પ્રવિણ સાગરની કલ્પિત વાર્તાનો ગ્રંથ રાજકોટના રાજા મહેરામણજીએ રચેલો તેની ટીકા એક હજાર રૂપીઆ ઇનામ આપીને ધ્રાંગધ્રાના મરહુમ કારભારી હરિશંકર પ્રાણજીવને કવીશ્વર પાસે કરાવી. તેમાં છેલ્લી બાર લહેરો કવીશ્વરે નવી રચી આપી છે.

સને ૧૮૮૩ માં લીંબડીના તાલુકદાર અભેસિંહજીએ સ્વામિનારાયણના જન્મ ચરિત્રનો ગ્રંથ આશરે ૧૧૦૦ શ્લોકના પૂર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જેટલો કવીશ્વર પાસે કરાવ્યો અને ૧૦૦૦ રૂપીઆ રોકડા અને બીજો કેટલોક શિરપાવ આપ્યો. સને ૧૮૮૪ માં બ્રહ્માનંદ તથા મુક્તાનંદના ઘણા કઠણ છંદની ટીકા તાલુકદારે કવીશ્વર પાસે કરાવી ને સારો શિરપાવ આપ્યો છે.

સને ૧૮૮૫ માં દલપત શતશાઇના ૪૦૦ દોહરા નવા રચ્યા અને ત્યારથી આજસુધી જુદાં જુદાં માસિક ચોપાનિયાંમાં પોતે કાવ્ય બનાવી આપે છે.

આ સિવાય ભાવનગર વિવાહ વર્ણન તથા તખ્તવિલાસ કવિએ બનાવ્યાં છે.

સને ૧૮૮૫ ની સાલના જુન માસમાં મહારાણીએ કવીશ્વરને સી. આઇ. ઇ. નો ખેતાબ આપ્યો.

સન ૧૮૮૬ માં તેમને માટે રૂ. ૧૨૦૦૦ નું મેમોરીયલ ફંડ થયું, તેમાંથી રૂ. ૫૦૦ ખરચી તેમની છબિ હિમાભાઇ ઇન્સ્ટીટયુટમાં મૂકી છે. તે છબિના રીપેર માટે રૂ. ૫૦) "ગુજરાત વર્નાકયુલર સોસાઇટી"માં અનામત મૂકેલા છે. તેના વ્યાજમાંથી હિમાભાઇ ઇન્સ્ટીટયુટના અથવા "ગુજરાત વર્નાકયુલર સોસાઇટી"ના સેક્રેટરી તે છબિ રીપેર કરાવે, નહિં તો કવીશ્વરના વારસો તે વ્યાજમાંથી છબિ રીપેર કરાવે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# મને (કવિને) ઇનામો મળેલાં તેની વિગત.

ઇ૦ સ૦ ૧૮૪૯ માં ગુ. વ. સોસાઇટી તરફથી ભૂતનિબંધ રચવાની રૂ. ૧૫૦ ના ઇનામની જાહેર ખબર છપાઇ તે વખતે એ. કે. ફારબસ સાહેબે મને કહ્યું કે તમે એ વિષે નિબંધ રચો. ત્યારે મેં કહ્યું કે જાહેર ખબર ઉપરથી નિબંધ રચીને ઇનામ વાસ્તે એટલી બધી મહેનત કોણ કરે ? ત્યારે તે સાહેબે કહ્યું કે જાહેર ખબર ઉપરથી નિબંધ રચીને ઇનામ મેળવવું, તે એક પરીક્ષામાં પસાર થવા જેવું છે, એટલા માટે વિલાયતમાં શ્રીમંત લોકો ઇનામ મેળવવાની ચાહના રાખે છે. અને તે નિબંધ રચવાનાં સાહિત્ય મેળવવામાં તે ઇનામ જેટલા અથવા તેથી વધારે રૂપિયા ખરચવા પડે તો ખરચે છે. તે સાંભળીને કેટલાંએક વરસ સુધી મેં એવો ઠરાવ રાખ્યો કે મુંબાઇ, અમદાવાદ કે કાઠિયાવાડમાં નિબંધ રચવાના ઇનામની કોઇ જાહેર ખબર છપાય તો તે વિષે નિબંધ રચીને મોકલવો. તેથી મને બાર ઇનામ મળ્યાં છે. મારો લખેલો એકે નિબંધ છેક નિષ્ફળ ગયો નથી. તે સિવાય સરકારની અથવા બીજા ગૃહસ્થની ફરમાશથી રચીને અથવા પુસ્તક રચીને કોઇને ભેટ કરીને ૧૩ ઇનામો મેં મેળવ્યાં છે તેની વિગત નીચે આપી છે.

તે સિવાય ગુજરાત વર્ના. સોસાઇટીના સેક્રેટરીના હુકમથી રા. સા. મહીપતરામ વિલાયત જવા વિષે નિબંધ, "તાર્કિક બોધ" ને "શામળ શતશાઇ" વગેરે કેટલીએક ચોપડીઓ મેં રચી છે. અને સન ૧૮૫૪ થી બુદ્ધિપ્રકાશ ચોપાનિયું પ્રકટ થયું ત્યારથી આજ સુધીમાં મારું લખાણ તેમાં ઘણું છે; કેમકે હું તેનો એડિટર હું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉપલાં ઇનામો સિવાય મારી કવિતા સાંભળીને મુંબાઇની પારસી બાઇઓની સભાએ સને ૧૮૫૯ માં રૂ. ૫૦૦) ની ચાર ટકાના વ્યાજની લોન મને ભેટ કરી હતી. તેમાં શેઠ ધનજીભાઇ કામાનાં ધણીઆણી ધનબાઇ સાહેબ અને ખાનબહાદુર માણેકજી ખુરશેદજીની દીકરી ડોસીબાઇ સાહેબ એ બે આગેવાન હતાં. તેમજ સને ૧૮૬૩ ની સાલમાં મારી કવિતા સાંભળીને શેઠ રૂસ્તમજી જમશેદજી જીજીભાઇએ રૂ. ૫૦૦) બક્ષિસ આપ્યા હતા. તે સિવાય નગરશેઠ પ્રેમાભાઈ હીમાભાઈ, શેઠ પ્રેમચંદ રાયચંદ, શેઠ મંગળદાસ નથુભાઇ, ઠક્કર ગોકળદાસ તેજપાળ, ને ઠક્કર લક્ષ્મીદાસ ખીમજી તથા આ પુસ્તકમાં કોઇ કોઇ ઠેકાણે બતાવેલા રાજાઓ અને ગૃહસ્થો વગેરે ઘણા સુજ્ઞોએ મારી કવિતા સાંભળીને તેની બુઝ જાણી મને સારી રકમો બક્ષિસ આપેલી છે, માટે તે સર્વેનો હું ઉપકાર માનું છું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| નંબર | પુસ્તકનું નામ | કેને વાસ્તે | કઇ સાલમાં | કેટલું ઇનામ રૂ. |
|---|---|---|---|---|
| ૧ | ભૂત નિબંધ ... ... | ગુ. વ. સોસાઇટીની જાહેર ખબર | સન ૧૮૪૯ | ૧૫૦ |
| ૨ | જ્ઞાતિ નિબંધ ... ... | સદરહુ ... ... | સન ૧૮૫૧ | ૧૫૦ |
| ૩ | લક્ષ્મી નાટક ... ... | સદરહુની ફરમાશથી ... | સન ૧૮૫૧ | ૫૦ |
| ૪ | કથન શસશતી ... ... | ,, ,, | સન ૧૮૫૨ | ૪૦ |
| ૫ | ભાવનગરના મહારાજ વિજયસિંહજીનો સ્વર્ગવાસ ... | દરબારને ભેટ ... ... | સન ૧૮૫૨ | ૨૦૦ |
| ૬ | પુનાવવાહ પ્રબંધ ... | મુંબાઇ જ્ઞાનપ્રચારક સભાની જાહેર ખબર ... ... | સન ૧૮૫૩ | ૧૫૦ |
| ૭ | સ્ત્રી સંભાષણ ... ... | ફારબસ સાહેબની ફરમાશ ... | સન ૧૮૫૩ | ૫૦ |
| ૮ | બાળવિવાહ નિબંધ ... | ગુ. વ. સોસાઇટી જાહેર ખબર | સન ૧૮૫૪ | ૭૫ |
| ૯ | ગુરુ શિષ્યધર્મ ... ... | કરશનદાસ મુળજીની જાહેર ખબર | સન ૧૮૫૭ | ૧૫૦ |
| ૧૦ | શહેરસુધારા વિષે ... | હોપ સાહેબની ફરમાશ ... | સન ૧૮૫૮ | ૫૦ |
| ૧૧ | વિજયક્ષમા ... ... | ભાવનગરના મહારાજ જશવંતસિંહજીને ભેટ ... ... | સન ૧૮૫૯ | ૧૨૦૦ |
| ૧૨ | કાવ્ય દોહન પુ૦ ૧ લું... | સરકારની ફરમાસ ... ... | સન ૧૮૬૦ | ૫૦૦ |
| ૧૩ | કાવ્ય દોહન પુ૦ ૨ જું... | ,, ,, | સન ૧૮૬૩ | ૫૦૦ |
| ૧૪ | શેર સટ્ટાની ગરબીઓ ... | મુંબાઇ દફતર આશકારાવાળાની જાહેર ખબર ... ... | સન ૧૮૬૫ | ૫૦ |

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫ | હંસ કાવ્ય શતક ... | હંસરાજ કરમસીને ભેટ ... | સન ૧૮૬૫ | ૫૦૦ |
| ૧૬ | ગુજરાતનાહિંદુઓની સ્થિતિ | બુદ્ધિવર્ધક સભાની જાહેર ખબર | સન ૧૮૬૭ | ૩૦૦ |
| ૧૭ | જશવંત રાજનીતિ ... | ભાવનગરના દરબારની જાહેર ખબર ... ... ... | સન ૧૮૬૭ | ૫૦૦ |
| ૧૮ | સૌરાષ્ટ્ર સમૃદ્ધિવર્ધક ... | પાલીતાણાના દરબારની જાહેર ખબર ... ... ... | સન ૧૮૬૮ | ૨૦૦ |
| ૧૯ | વેન ચરિત્ર ... ... | રા. બા. ગોપાળરાવ હરિની ફરમાસ તથા પાલીતાણા દરબાર | સન ૧૮૬૮ | ૭૫૦ |
| ૨૦ | શ્રવણાખ્યાન ... ... | બલીરામપુરના મહારાજાને ભેટ. | સન ૧૮૬૮ | ૫૦૦ |
| ૨૧ | *સંસારી ધર્મ વિષે ... | શેઠ સોરાબજી જમશેદજી જીજીભાઇના ઇનામની જાહેર ખબર | સન ૧૮૬૯ | ૫૦ |
| ૨૨ | મિથ્યાભિમાન નાટક ... | ઠક્કર ગોવિંદજી ધરમશીની તરફની જાહેર ખબર ... ... | સન ૧૮૭૦ | ૧૫૦ |
| ૨૩ | દેવજ્ઞદર્પણ ... ... | શેઠ સોરાબજી જમશેદજી જીજીભાઇના ઇનામની જાહેર ખબર | સન ૧૮૭૩ | ૧૫૦ |
| ૨૪ | કાવ્યસંક્ષેપ ... ... | સરકારની ફરમાસ ... ... | સન ૧૮૭૫ | ૩૫૦ |
| ૨૫ | સગોત્રવિવાહ નિર્ણય ... | કચ્છના પોલીટીકલ એજન્ટની ફરમાસ ... ... ... | સન ૧૮૭૫ | ૧૦૦ |

૬૦ ૬૧૦

## ચોથી આવૃત્તિ.

કવીશ્વરનું રચેલું પિંગળ તથા દલપતકાવ્ય સોસાઇટ તરફથી છપાય છે. તે એવી સરતે કે તે પુસ્તકો છપાવી પ્રગટ કરવામાં જે ખરચ થાય તે બાદ કરતાં, સદરહુ પુસ્તકોના વેચાણથી મળેલા નફામાંથી અર્ધ ભાગ કવીશ્વરને તેમની હયાતી સુધી સોસાઈટી આપે, અને અર્ધ ભાગ સોસાઈટી રાખે. ત્યાર પછી સદરહુ પુસ્તકો સંબંધી સર્વ હક સોસાઇટીનો જ રહેશે. આ પ્રમાણે આ ચોથી આવૃત્તિ કાંઇ પણ ફેરફાર કર્યા વગર સોસાઇટીએ છપાવી છે. કવીશ્વરની કદર જાણી દેશી રાજ્યોએ નીચે પ્રમાણે કવીશ્વરને વર્ષાસન બાંધી આપ્યાં છેઃ—

| સંસ્થાન. | રૂ. | |
|---|---|---|
| ૧ ભાવનગર......... | ૨૦૦ | વંશપરંપરા. |
| ૨ ઇડર............. | ૧૦૦ | કવીશ્વરની હયાતી સુધી. |
| ૩ જુનાગઢ.......... | ૧૦૦ | ,, |
| ૪ વઢવાણ........... | ૧૦૦ | ,, |
| ૫ ઇલોલ............ | ૫૦ | ,, |

## પાંચમી આવૃત્તિ.

આ આવૃત્તિ માત્ર કદના ફેરફાર સિવાય અસલ મુજબ છાપવામાં આવી છે. કદનો ફેરફાર પણ વાચક અને લાઇબ્રેરીની સવડતા લક્ષમાં લઇને કર્યો છે.

અમદાવાદ. } આસિ. સેક્રેટરી,
તા. ૫ મી જુલાઈ ૧૯૨૬. } ગુ. વ. સોસાયટી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# અર્પણ પત્રિકા.

## છપ્પય છંદ.

મહાજન મંગળદાસ, વાસ મુંબઈ વસનારા,
સર નાઈટની સરસ, પદવિ પોતે ધરનારા;
સ્વદેશનું શુભ ચાહિ, કામ પરમાર્થ કીધું,
કલ્યાણી પુરિ માંહ્ય, દવાખાનું કરિ દીધું;
વળિ ચાલુ ખર્ચ માટે ધરી, થાપણ વીશ હજારની;
ઉત્તમ જગ્યા અધલાખની, કરિ તે પરોપકારની. ૧

પુરિ મુંબઈ મોઝાર, કરી છે કન્યાશાળા,
ભણતર ઉત્તમ ભણે, બહુ વિધિનું ત્યાં બાળા;
એવાં ઉત્તમ કામ, કર્યાં છે સ્વદેશ કાજે,
મોટું પામ્યા માન, એ થકી જગમાં આજે;
વળિ વિચરે હિંદુ વિલાયતે, અભ્યાસી આશા ભર્યા,
એને ઉત્તેજન આપવા, વીશ હજાર વસુ ધર્યા. ૨

વાલકેશ શિવ પાસ, ધર્મશાળા ધજ જે છે,
પુરા પચીશ હજાર, તણી કીમતની તે છે;
સોંપી મહાજન હાથ, વણિક સૌને વાવરવા,
સાગર સમીપ સાફ, હવાથી દુઃખ પરહરવા;
વળિ કપોળજ્ઞાતિ કારણે, પુંજી પચીસ હજારની,
ઉમદા દિલથી આપી તમે, નોધારા આધારની. ૩

આઠ વર્ષ લગિ આપ, કામ કિધું કૌંસિલમાં,
ભાખ્યાં ભાષણ ભલાં, દેશનું હિત ધરિ દિલમાં;
સંભારી જન સુજ્ઞ, દિલ થકી આશિષ દે છે,
અનેક વિધિ ઉપકાર, ગણી ગણિને ગુણ લે છે;
ઍસોશીએશન અધિપતિ, તમે થયા દુઃખ ટાળવા,
ઇત્યાદિક અતિ ઉપકારનો, જને ન બદલો વાળવા. ૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લાયક લક્ષ્મીદાસ, ભાટિયા ભાવિક મળ્યા,
કરિને પરોપકાર, તાપ કંઈ જનના ટાળ્યા;
જસ્ટિસ ઑફ ધિ, પીસ, પદવિ મુંબઈમાં પામ્યા,
ખીમજીના ખુદ પુત્ર, સુજશ જનમાં છે જામ્યા;
વળિ દિલ રાખો છો, દિવસ નિશ, દેશ સુધારા કામમાં,
પ્રખ્યાતિ પોતે પામિયા, તેથી સુજન તમામમાં. ૫

ઉઠયો લાયબલકેસ, વલ્લભીગુરુનો જ્યારે.
અનીતિ કરવા નાશ, તમે હીંમત ધરિ ત્યારે;
તન મન ધનથી તરત, સહાય કીધી સારી,
વધિ છે લક્ષ્મીદાસ, તે થકી કીર્તિ તમારી;
બંધન ગુલામિ વૈષ્ણવતણાં, તોડી નાંખ્યાં તે સમે,
તે વાત કદી નહિ વીસરે, અમરકીર્તિ કીધી તમે. ૬

નિર્મળ એ બે નામ, ઠીક ધારું આ ઠામે,
જડે જવાહિર જેમ, સુશોભા સુવર્ણ પામે;
નામ તથા શુભ કામ, સ્મરણમાં રહે સદાય,
દેખિ દાખલો એહ, બિજા એવું ચિત ચહાય;
મુજ પુસ્તક સાથે નામ શુભ, પુરણ શોભા પામજો.
દિલથી આશિષ દલપત કહે, જશ બહુજગમાં જામજો. ૭

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# અનુક્રમણિકા.


| વિષય. | પૃષ્ટ. | વિષય. | પૃષ્ટ. |
|---|---|---|---|
| મંગળાચરણ ... ... | ૧ | ભિન્નરુચિ પરીક્ષક | ... ૩૪ |
| સ્વાત્માપ્રતિ ઉક્તિ ... | ૨ | કદળી પ્રબંધ ... | ... ૩૭ |
| દર્પણપ્રબંધ, ગોમુત્રિકા અશ્વગતિ તથા કપાટ પ્રબંધ... | ૪ | વ્યસની પ્રતિ ઉક્તિ | ... ૩૯ |
| | | કવિઓની વૃદ્ધિ વિષે | ... ૪૧ |
| ઇશ્વરસ્તુતિ ... ... | ૭ | શ્રોતા પ્રતિ નમ્ર વિનંતિ | ... ૪૪ |
| ગ્રંથારંભ ... ... | ૮ | ગતાગત સ્વસ્તિક પ્રબંધ | ... ૪૭ |
| ગ્રંથ પ્રયોજન ... ... | ૧૩ | છત્ર પ્રબંધ | ... ૪૮ |
| કવિ ઇચ્છા ... ... | ૧૪ | પ્રકરણ ૨ જું. | |
| ચૌદ પત્ર કમળબંધ ... | ૧૬ | પ્રભાત ... ... | ... ૫૧ |
| નવ રસ ... ... | ૧૭ | પરોઢીયું ... | ... ૫૧ |
| વાણી મહિમા ... ... | ૧૯ | આથમતા તારા તથા ચંદ્ર... | ૫૩ |
| ગુજરાતી ભાષા વિષે ... | ૨૧ | ચંદ્રને ઠપકો ... | ... ૫૬ |
| તમે કોણ છો એમ એક રાજાએ પૂછેલા પ્રશ્નનો ઉત્તર | ૨૩ | પ્રભાત... ... | ... ૫૬ |
| | | અરુણોદય | ... ૫૮ |
| કમલ પ્રતિ ઉક્તિ ... | ૨૩ | સૂર્યોદય... ... | ... ૬૦ |
| સંક્ષેપમાં કહેવા વિષે ... | ૨૪ | કીરણપ્રસાર ... | ... ૬૨ |
| બાઇઓ પ્રતિ ઉક્તિ ... | ૨૫ | જન-ક્રિયા ... | ... ૬૬ |
| શ્રોતા પ્રતિ ઉક્તિ ... | ૨૬ | નદીનો દેખાવ ... | ... ૬૮ |
| શ્રોતા અલેકઝાંડર કીન્લાક ફાર્બસ સાહેબ ... | ૨૮ | ધર્મક્રિયા ... | ... ૬૯ |
| | | તડકા વિષે ... | ... ૭૦ |
| ચોકી પ્રબંધ ... ... | ૨૯ | સમાપ્તિ વિષે ... | ... ૭૨ |
| નીતિ બોધક અને અનીતિ નિંદક કવિતા... | ૩૦ | સાયંકાળનું વર્ણન નમતો સૂર્ય | ૭૩ |
| | | વનનો દેખાવ ... | ... ૭૫ |
| તમાકુ પ્રતિ અન્યોક્તિ ... | ૩૩ | આથમતો સૂર્ય ... | ... ૭૭ |


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| વિષય. | પૃષ્ટ. | વિષય. | પૃષ્ટ. |
|---|---|---|---|
| સમુદ્રકાંઠો ... | ... ૭૯ | આખા શિયાળા વિષે | ...૧૫૪ |
| અંધારૂં... ... | ... ૮૦ | વસંતઋતુનું વર્ણન | ...૧૫૬ |
| દિવા સમય ... | ... ૮૨ | વિધાતાને ઠપકો ... | ...૧૫૭ |
| ધર્મક્રિયા ... | ... ૮૪ | વનનો દેખાવ ... | ...૧૫૭ |
| તારામંડળ ... | ... ૮૬ | ગાયક ઉક્તિ ... | ...૧૬૧ |
| ચંદ્રોદય ... | ... ૮૯ | કવિ ઉક્તિ | ...૧૬૧ |
| સૃષ્ટિ દેખાવ ... | ... ૯૩ | ઉપસંહાર ... | ...૧૬૩ |
| ગ્રીષ્મઋતુ વર્ણન... | ... ૯૪ | ફેરફાર થવા વિષે | ...૧૬૪ |
| રૌદ્રરસ-પાત્ર પ્રવેશ ... | | **પ્રકરણ ૩ જું.** | |
| ભયાનક રસ ... | ...૧૦૧ | ઇશ્વર તથા ધર્મ સંબંધી | ...૧૬૮ |
| ઉંચે લટકતા મોટા પંખા વિષે | ૧૦૩ | ઇશ્વર છે તે વિષે | ...૧૬૮ |
| બાપાની પીંપર વિષે-કથાન્તર અથવા ફારસ ... | ...૧૦૬ | નાસ્તિક મત ખંડન વિષે | ...૧૭૦ |
| | | પ્રભુ પ્રાર્થના ... | ...૧૭૪ |
| વર્ષાઋતુનું વર્ણન... | ...૧૧૩ | સેવાસ્તોત્ર ... | ...૧૭૬ |
| પંચાત અથવા વિષ્ટી | ...૧૧૪ | બ્રહ્મદેવની સ્તુતિ... | ...૧૭૮ |
| વર્ષાદ આવવાનાં ચિન્હો | ...૧૧૭ | પ્રભુસ્તુતિ-કટાવ ... | ...૧૭૯ |
| મેઘરાયની ચઢાઇ... | ...૧૨૦ | નવા વર્ષ વિષે ઇશ્વરની સ્તુતિ | ...૧૮૧ |
| શરદઋતુનું વર્ણન... | ...૧૨૯ | બહુરૂપી ઇશ્વરની સ્તુતિ | ...૧૮૨ |
| ભૂમામિની વિષે ... | ...૧૩૩ | બ્રહ્મરૂપ ... | ...૧૮૨ |
| ભ્રાંતાપન્હુતિ અલંકાર | ...૧૪૨ | ક્ષત્રિયરૂપ ... | ...૧૮૩ |
| હેમંત ઋતુનું વર્ણન | ...૧૪૩ | વાણીયારૂપ ... | ...૧૮૩ |
| દિવાળી ... | ...૧૪૩ | કણબીરૂપ ... | ...૧૮૪ |
| નવા વર્ષ વિષે પ્રભુસ્તુતિ | ...૧૪૫ | માળીરૂપ ... | ...૧૮૪ |
| કાર્તિક માસ ... | ...૧૪૭ | કુંભારરૂપ ... | ...૧૮૪ |
| શિશિર ઋતુનું વર્ણન | ...૧૫૧ | હજામરૂપ ... | ...૧૮૫ |


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| વિષય. | પૃષ્ટ. |
|---|---|
| બાજીગરરૂપ ... | ...૧૮૫ |
| ધર્મસિદ્ધાંત વિષે... | ...૧૮૬ |
| સ્વર્ગે અને નરકે કોણ જવાના છે તે વિષે ... | ...૧૯૬ |
| ચતુર્ધા મુક્તિ વિષે | ...૧૯૯ |
| અયોગ્ય વિચાર વિષે | ...૨૦૧ |
| ધર્મચુસ્ત એટલે દુરાગ્રહી વિષે | ૨૦૨ |
| સૌનો ઇશ્વર એક છે તે વિષે | ...૨૦૫ |
| સૌનો ઇશ્વર એક છે તે વિષે પાદ બીજો ... | ...૨૧૦ |
| ધણીનું ધાર્યું થાય | ...૨૧૨ |
| પ્રાર્થના તથા ભજવાની રીત | ૨૧૫ |
| પાણી પહેલી ચણીએ પાળ | ૨૧૯ |
| પ્રથમ પોતાનું સંભાળવા વિષે | ૨૧૯ |
| પ્રભુ મહિમાનો ઉપદેશ | ...૨૨૧ |
| ઉપદેશી મનહર છંદ | ...૨૨૨ |
| અયોગ્ય ન કરવા વિષે | ...૨૨૬ |
| મોત વિષે ... | ...૨૨૭ |
| છત્રપ્રબંધ ... | ...૨૩૧ |
| વૈભવ દેખી રીઝવું નહિ | ...૨૩૨ |
| ત્રિશૂળ પ્રબંધ ... | ...૨૩૪ |
| મોતના ભય વિષે | ...૨૩૪ |
| સમુદ્ર પ્રબંધ ... | ...૨૩૮ |
| હરિ ભજવાનો ઉપદેશ | ...૨૪૪ |
| ઇશ્વર ભજવાનો ઉપદેશ | ...૨૪૮ |

| વિષય. | પૃષ્ટ. |
|---|---|
| પ્રભુ ભજવાનો ઉપદેશ | ...૨૫૦ |
| ઉપદેશી સિંહાવલોકન–સવૈયા | ૨૫૨ |
| ઉદારતા વિષ ... | ...૨૫૫ |
| સારૂં કામ કરવા વિષે | ...૨૫૮ |
| પોતે પોતાનું કામ કરી લેવા વિષે | ૨૬૦ |
| ચોકી પ્રબંધ સવૈયો | ...૨૬૨ |
| પરોપકાર કરવા વિષે | ...૨૬૩ |
| સર્વતોભદ્રચક્રપ્રબંધ | ...૨૬૭ |
| કોઇનું ભલું કરવાથી પ્રભુ રીઝે છે ... | ...૨૭૦ |


પ્રકરણ ૪ થું.


| | |
|---|---|
| સંસ્થાન સુધારા વિષે | ...૨૭૨ |
| વઢવાણ વિષે ... | ...૨૭૨ |
| રણમલસરનું વર્ણન | ...૨૭૭ |
| દૂરથી દેખાવ ... | ...૨૭૯ |
| પાળનો દેખાવ ... | ...૨૮૧ |
| પગથિયાં ... | ...૨૮૪ |
| જળવર્ણન ... | ...૨૮૫ |
| જળજંતુ વિષે ... | ...૨૮૭ |
| જળ ઉપરનો દેખાવ | ...૨૮૮ |
| ત્રિવેણીનો અભ્યાસ | ...૨૮૯ |
| સાત સમુદ્રનો અભ્યાસ | ...૨૮૯ |
| સમુદ્ર મંથન ... | ...૨૯૦ |
| ચૌદ રત્ન ... | ...૨૯૦ |
| જન સમૂહ ... | ...૨૯૦ |


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| વિષય. | પૃષ્ટ. |
|---|---|
| દેવળદેવડી ... | ...૨૯૩ |
| ચોમાસાનો દેખાવ | ...૨૯૪ |
| ઉદારતા ... | ...૨૯૬ |
| ઉપમાઓ ... | ...૨૯૭ |
| વર્ણન સમાપ્તિ વિષે | ...૨૯૯ |
| મેવાસ વર્ણન ... | ...૩૦૧ |
| ગુજરાત વર્નાકયુલર સોસાઇટી વિષે ... | ...૩૦૩ |
| નગરશેઠ હીમાભાઈ વિષે | ...૩૧૪ |
| કવિવચન ... | ...૩૧૫ |
| પત્ર લખ્યો તેનો સાર | ...૩૧૮ |
| તે સભામાં કહેલી કવિતા | ...૩૧૯ |
| બુદ્ધિપ્રકાશ વિષે... | ...૩૨૩ |
| દ્વિઅર્થી–એક સાહેબ વિષે | ...૩૨૪ |
| સોસાઇટીની સભા વિષે | ...૩૨૭ |
| સભા બરખાસ્ત... | ...૩૨૮ |
| ગુર્જરી વાણી વિલાપ વિષે | ...૩૨૮ |
| આશીર્વાદ ... | ...૩૩૪ |
| ઉત્તર ... ... | ...૩૩૫ |
| કવિવચન ... | ...૩૩૭ |
| દ્વિઅર્થી ... | ...૩૩૮ |
| વ્યાજસ્તુતિ ... | ...૩૩૯ |
| નૃપ પ્રશંસા ... | ...૩૩૯ |
| પરિસંખ્યાલંકાર ... | ...૩૪૧ |
| કવિવચન ... | ...૩૪૨ |
| ગુર્જરીવચન ... | ...૩૪૬ |
| કવિવચન ... | ...૩૪૬ |
| સંદેહાલંકાર ... | ...૩૪૯ |
| ભ્રાંતાપહ્નુતિ અલંકાર | ...૩૪૯ |
| શુદ્ધાપહ્નુતિ અલંકાર | ...૩૪૯ |
| ઉલ્લેખા અલંકાર | ...૩૫૦ |
| ભ્રાંતિમય અલંકાર | ...૩૫૦ |
| રત્નાવળી અલંકાર | ...૩૫૧ |
| પુનઃઆશીશ ... | ...૩૫૧ |
| સમુચ્ચાલંકાર ... | ...૩૫૨ |
| આમદાવાદની ટ્રેનિંગ કોલેજ | ...૩૫૮ |
| જૂના મહેતાજીઓ તથા હાલના મહેતાજીઓ વિષે | ...૩૬૧ |
| કોલેજના મકાનમાં લીંબડા અને આંબલીનાં ઝાડ છે તે વિષે ... ... | ...૩૬૧ |
| આપારાવ ભોળાનાથ લાયબ્રેરી વિષે ... | ...૩૬૨ |
| પિતાના પ્રેમ વિષે | ...૩૬૩ |
| નિરાશ્રિત સ્થાન વિષે | ...૩૬૩ |
| ફિમેલ ટ્રેનિંગ કોલેજનું ખાતમુહુર્ત ... | ...૩૬૫ |
| ભરૂચ સંગ્રહસ્થાનનું સંક્ષેપ વર્ણન ... | ...૩૬૭ |
| વિદ્યારૂચિ વચન ... | ...૩૭૦ |

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| વિષય. | પૃષ્ટ. |
|---|---|
| ભારતભૂમિ વચન... | ...૩૭૧ |
| વિદ્યારૂચિ વચન... | ...૩૭૧ |
| સંગ્રહસ્થાનની વસ્તુઓ વિષે | ૩૭૪ |
| ગાયકવાડની હીરા મોતીની ચાદર વિષે ... | ...૩૭૪ |
| તરેહ તરેહનાં ઓષડીઆં વિષે | ૩૭૫ |
| પ્રાણીઓ વિષે ... | ...૩૭૫ |
| એક મોટા રથ વિષે | ...૩૭૫ |
| છેક નાનો એક રથ હતો તે વિષે ... ... | ...૩૭૬ |
| પુનાનાં માટીનાં પુતળાં વિષે | ૩૭૬ |
| ગુલાબનાં ફૂલ ... | ...૩૭૬ |
| આતસબાજી ... | ...૩૭૭ |
| મુંબાઈ વિષે ... | ...૩૭૮ |
| લાડની વાડી ... | ...૩૮૦ |
| મુંબાઈની ગરબી ... | ...૩૮૨ |
| ગરબી બીજી ... | ...૩૮૩ |
| સમુદ્ર વર્ણન-બંદર | ...૩૮૫ |
| નાવ ... ... | ...૩૯૦ |
| આગબોટ ... | ...૩૯૨ |
| ખાડી ... ... | ...૩૯૩ |
| મધ્ય સમુદ્ર ... | ...૩૯૪ |
| નદીઓનો સંગમ... | ...૩૯૮ |
| સમુદ્રને ઠપકો ... | ...૪૦૦ |
| સમુદ્રના દોષ ... | ...૪૦૧ |
| સમુદ્રનો ઉદ્યમ ... | ...૪૦૨ |
| સમાપ્તિ વિષે ... | ...૪૦૩ |
| જૂનાગઢ સંબંધી કવિતા-મંગલાચરણ ... | ...૪૦૪ |
| નરસિંહ મહેતાના ઓટા વિષે | ૪૦૮ |
| શ્રાવણ માસનો દેખાવ | ...૪૧૦ |
| ત્યાંના રાજાઓ વિષે | ...૪૧૧ |
| પૃથ્વીરૂપી રકાબી વિષે | ...૪૧૩ |
| મંત્રી મંડળ વિષે | ...૪૧૪ |
| શાપુર બાગ વિષે... | ...૪૧૫ |
| બાળજ્ઞાનોદય સભા વિષે | ...૪૧૫ |
| નૃાસહ પુસ્તકશાળા વિષે | ...૪૧૬ |
| વિવાહ વિષે ... | ...૪૧૬ |
| માંડવા વિષે ... | ...૪૧૮ |
| વરરાજા વિષે ... | ...૪૧૯ |
| ઘોડા વિષે ... | ...૪૨૦ |
| હાથીના રથ વિષે | ...૪૨૦ |
| વરઘોડાની વાડી વિષે | ...૪૨૮ |
| રોશની વિષે ... | ...૪૨૧ |
| વિદાયગીરી વિષે... | ...૪૨૧ |
| જુનાગઢ સ્કુલનો પાયો નાંખ્યો તે વિષે ... | ...૪૨૨ |
| આશીર્વાદ ... | ...૪૨૨ |
| સમાપ્તિ વિષે ... | ...૪૨૪ |

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| વિષય. | પૃષ્ઠ. |
|---|---|
| **પ્રકરણ ૫ મું.** | |
| હંસ કાવ્ય શતક | ...૪૨૫ |
| સત્સંગ વિષે ... | ...૪૨૬ |
| દુર્જન વિષે ... | ...૪૨૮ |
| વચન વિવેક વિષે-દ્વિઅર્થી વાણી તથા ભાષાઓ | ...૪૩૩ |
| ભોળી સ્ત્રી વિષે... | ...૪૩૮ |
| સ્વભાવ ... | ...૪૩૯ |
| ઉપદેશ... ... | ...૪૪૧ |
| પરાક્રમી જન વિષે | . ૪૪૩ |
| લોભી અને કંજુસ વિષે | ...૪૪૬ |
| વિદૂષકનો વેષ ... | ...૪૫૦ |
| નિર્બળ ... | ...૪૫૦ |
| પોતાનું કરેલું ગમે | ...૪૫૧ |
| અભિમાન ... | ...૪૫૧ |
| ચડતી પડતી વિષે | ...૪૫૨ |
| ઉદ્યોગ વિષે ... | ...૪૫૨ |
| નસીબ વિષે ... | ...૪૫૨ |
| કવિ વિષે ... | ...૪૫૩ |
| ઇશ્વર વિષે ... | ...૪૫૪ |
| ઉત્તર... ... | ...૪૫૪ |
| અંતર્લાપિકા ... | ...૪૫૫ |
| દેહાન્તર કવિતા ... | ...૪૫૫ |
| અંતરગત દોહરો | ...૪૫૬ |
| આશીર્વાદો ... | ...૪૫૬ |
| સમાપ્તિ વિષે ... | ...૪૫૬ |
| પ્રીતિ વિષે ... | ...૪૫૭ |
| **પ્રકરણ ૬ ઠું.** | |
| જનસ્વભાવ વિષે .. | ...૪૫૯ |
| મન વિષે ... | ...૫૫૯ |
| સોરઠો દ્વિઅર્થી ... | ...૪૬૦ |
| સ્વભાવ વિષે ... | ...૪૬૨ |
| અભાવ વિષે ... | ...૪૬૫ |
| સજ્જન વિષે ... | ...૪૬૬ |
| દુર્જન વિષે ... | ...૪૬૮ |
| સિંહનું દૃષ્ટાંત ... | ...૪૭૦ |
| ગધેડાનું દૃષ્ટાંત ... | ...૪૭૧ |
| મચ્છર મારવાના સાંચાનું દૃષ્ટાંત | ૪૭૩ |
| ખાખરાના ઝાડનું દૃષ્ટાંત | ...૪૭૩ |
| કૃતઘ્ની વિષે ... | ...૪૭૩ |
| મૂર્ખ વિષે ... | ...૪૭૪ |
| વ્યાઘાતાલંકાર ... | ...૪૭૫ |
| ગમાર બાવની ... | ...૪૭૫ |
| વહેમ વિષે ... | ...૪ |
| અભિમાન વિષે ... | ...૪ |
| નમ્રતા વિષે ... | ...૪ |
| સદ્દગુણ વિષે ... | ...૪ |
| દુર્ગુણ વિષે ... | ...૪ |
| સત્ય વિષે-સહોક્તિ અલંકાર | ૪ |
| જૂઠ વિષે ... | ...૪૯૮ |

P. P. Ac. Gunratnasuri M.S.    Jin Gun Aaradhak Trust

| વિષય. | પૃષ્ટ. | વિષય. | પૃષ્ટ. |
|---|---|---|---|
| એક બાવાની ગપ | ...૪૯૯ | પદ ૫ મું ઇશ્વરના ગુનાહથી | |
| લોભ વિષે ... | ...૪૯૯ | ડરવા વિષે ... | ...૫૪૮ |
| સંતોષ વિષે ... | ...૫૦૨ | પદ ૬ ઠું સત્ય વિષે | ...૫૪૯ |
| વ્યભિચારી વિષે ... | ...૫૦૪ | પદ ૭ મું ભોળા જન વિષે | ...૫૪૯ |
| અદેખા વિષે ... | ...૫૦૭ | પદ ૮ મું ભવિષ્ય ભૂલાવવા વિષે | ૫૫૦ |
| ચંદ્રગ્રહણ વિષે પૃથ્વીપ્રતિ ઉક્તિ | ૫૦૮ | પદ ૯ મું ગુરૂઓને શિખામણ | ...૫૫૩ |
| વાદ વદવા વિષે તથા ... | | પદ ૧૦ મું પ્રીતિ વિષે | ...૫૫૪ |
| પક્ષપાત વિષે ... | ...૫૦૯ | હોરી ૧ લી ... | ...૫૫૪ |
| વિરોધાભાસ ... | ...૫૧૦ | હોરી ૨ જી ... | ...૫૫૫ |
| પક્ષપાત વિષે ... | ...૫૧૨ | હોરી ૩ જી ... | ...૫૫૬ |
| ક્રોધ વિષે ... | ...૫૧૨ | હોરી ૪ થી ... | ...૫૫૭ |
| ક્ષમા વિષે ... | ...૫૧૪ | કેફ વિષે-ગરબી ૧ લી | ...૫૫૭ |
| કોઇનું ભલું કરવાથી પ્રભુ રીઝે | | ગરબી ૨ જી ... | ...૫૫૯ |
| છે તે વિષે ... | ...૫૧૬ | ગરબી ૩ જી ... | ...૫૬૦ |
| કુળદીપક વિષે ... | ...૫૧૭ | ગરબી ૪ થી-કેફના અવ- ... | |
| પ્રજાપતિ રાજાનો ધર્મ | ...૫૧૮ | ગુણ વિષે ... | ...૫૬૨ |
| ઉદ્યોગ ... ... | ...૫૧૮ | ગરની ૫ મી ... | ...૫૬૨ |
| ઔદ્યોગીક મંડળ વિષે | ...૫૧૯ | ગરબી ૬ ઠ્ઠી ... | ...૫૬૩ |
| વિજય-ક્ષમા ... | ...૫૨૧ | ગરબી ૭ મી ... | ...૫૬૪ |
| **પ્રકરણ ૭ મું.** | | કેફ વિષે-લાવણી ૧ લી | ...૫૬૭ |
| પદ તથા ગરબી સંગ્રહ. | | લાવણી ૨ જી | ...૫૬૮ |
| પદ ૧ લું નરભમરને શિખામણ | ૫૪૪ | લાવણી ૩ જી | ...૫૬૯ |
| પદ ૨ જું દુરાચારીને શિખામણ | ૫૪૫ | ગરબી ૧ લી-આ દુનિયામાં | |
| પદ ૩ જું ક્રોધ વિષે | ...૫૪૭ | કોઇ રહેવાનું નથી તે વિષે | ...૫૭૦ |
| પદ ૪ થું લોભ વિષે | ...૫૪૭ | | |


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| વિષય | પૃષ્ટ. | વિષય. | પૃષ્ટ. |
|---|---|---|---|
| ગરબી ૨ જી-જાૂઠું ન … બોલવા વિષે … | …૫૭૧ | ગરબી ૧૯ મી-પરમેશ્વરના ૨-સ્તાની ગરબી … | …૫૯૦ |
| ગરબી ૩ જી-જ્વાસા વિષે… | ૫૭૨ | ગરબી ૨૦ મી-ઇશ્વરભજવા વિષે | ૫૯૧ |
| ગરબી ૪ થી-દુર્જનની સોબત ન કરવા વિષે … | …૫૭૪ | ગરબી ૨૧ મી-સંસારમાં સુખ માગવાની ગરબી | …૫૯૨ |
| ગરબી ૫ મી-માતાની સ્તુતિ | ૫૭૪ | ગરબી ૨૨ મી-સુંદરબાઇને … શિખામણની ગરબી | …૫૯૪ |
| ગરબી ૬ ઠી ,, | …૫૭૫ | ગરબી ૨૩ મી-સખીઓને શાણપણું શિખવવા વિષે | …૫૯૫ |
| ગરબી ૭ મી-પિતાજીની સ્તુતિ | ૫૭૬ | | |
| ગરબી ૮ મી … | …૫૭૭ | | |
| ગરબી ૯ મી-બાળકીઓનાં નિત્ય કર્મની ગરબી | …૫૭૮ | ગરબી ૨૪ મી-સાહેલીઓને શિખામણની ગરબી | …૫૯૭ |
| ગરબી ૧૦ મી હિંદુઓની… સ્ત્રીઓને ભણવા વિષે | …૫૭૯ | ગરબી ૨૫ મી-ઘેલી મુસાફરની | ૫૯૯ |
| | | ગરબી ૨૬ મી-સ્ત્રી રૂપી પેઠની | ૬૦૦ |
| ગરબી ૧૧ મી છોડીઓને… ભણવા વિષે … | …૫૮૦ | ગરબી ૨૭ મી-ઘરસૂત્રની આંટી ઉકેલવાની … | …૬૦૨ |
| ગરબી ૧૨ મી-ભણવાના ઉપદેશ વિષે … | …૫૮૧ | ગરબી ૨૮ મી-ઘરસૂત્રરૂપી રાજ | ૬૦૩ |
| | | ગરબી ૨૯ મી-રાધિકાનું રૂશણું | ૬૦૪ |
| ગરબી ૧૩ મી-નિશાળે આવવા વિષે … … | …૫૮૩ | ગરબી ૩૦ મી-ભરથાર વશ કરવાની … | …૬૦૭ |
| ગરબી ૧૪ મી-ભરતચિત્ર શિખવાની ગરબી… | …૫૮૩ | ગરબી ૩૧ મી-વિજોગ વિષે | ૬૦૮ |
| | | ગરબી ૩૨ મી-મહીના … | ૬૧૦ |
| ગરબી ૧૫ એજ… | …૫૮૪ | ગરબી ૩૩ મી-ભણેલી પુત્રીના હર્ષ વિષે … | …૬૧૨ |
| ગરબી ૧૬ મી-પૃથ્વીરૂપી વાડી | ૫૮૬ | | |
| ગરબી ૧૭ મી-વહેમતજવા | ૫૮૭ | ગરબી ૩૪ મી-સૈયરો મળવા | ૬૧૮ |
| ગરબી ૧૮ મી-ડુંગરા દૂરથી રળિઆમણાની ગરબી | …૫૮૮ | ગરબી ૩૫ મી-નજરબાગની | ૬૧૯ |
| | | ગરબી ૩૬ મી-શેરના સ્વપ્નાની | ૬૨૧ |


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| વિષય. | પૃષ્ટ, |
|---|---|
| ગરબી ૩૭ મી | „ ...૬૨૨ |
| ગરબી ૩૮ મી | „ ...૬૨૩ |
| ગરબી ૩૯ મી | „ ...૬૨૩ |
| ગરબી ૪૦ મી | „ ...૬૨૪ |
| ગરબી ૪૧ મી | „ ...૬૨૫ |
| ગરબી ૪૨ મી | „ ...૬૨૬ |
| ગરબી ૪૩ મી | „ ...૬૨૭ |
| ગરબી ૪૪ મી | „ ...૬૧૭ |
| ધોળ ૧ લું પ્રભાતની પ્રાર્થના કરવાની ઉપદેશનું ધોળ | ...૬૩૧ |
| ધોળ ૨ જું-છોડીઓને ભણવા | ૬૩૧ |
| ધોળ ૩ જું પરણી ઉઠવા પછીનો હરખ | ...૬૩૨ |
| ધોળ ૪ થું-રામ તથા લક્ષ્મણ વનમાં જતાં સીતાને રામે કહેલું | ૬૩૩ |
| ધોળ ૫ મું-પછી સીતાજી બોલ્યાં તેનું ધોળ | ૬૩૫ |
| ધોળ ૬ ઠું-રામચંદ્રને સીતાજીનાકાગળનુંધોળ | ૬૩૭ |
| ધોળ ૭ મું-સીતાજીના કાગળનું ધોળ | ...૬૩૮ |
| ધોળ ૮ મું-શિયળ વિષે | ...૬૩૯ |
| ધોળ ૯ મું નરભમરને ઉપદેશ વિષે | ૬૩૯ |

| વિષય, | પૃષ્ટ. |
|---|---|
| ધોળ ૧૦ મું-મોચીના પથ્થરને શિખામણનું ધોળ | ૬૪૦ |
| ચેતવણીનું પદ ... | ...૬૪૩ |
| ઇશ્વર અદૃશ્ય છે તે વિષે | ...૬૪૪ |
| ઇશ્વર સવવ્યાપક છે તે વિષે | ૬૪૫ |
| મનરૂપી હાથી વિષે | ...૬૪૭ |
| ઇશ્વર વિષે-ઇશ્વર મહિમા | ૬૪૭ |
| હોરી ... ... | ...૬૪૮ |
| માંકડની ગરબી ... | ...૬૪૯ |
| કેફ વિષે લાવણી ૭ મી | ...૬૫૦ |
| **કચ્છી ગરબાવળી-** | |
| ગરબી ૧ લી ઇશ્વિરનાં કામ વિષે | ૬૫૧ |
| ગરબી ૨ જી ઇશ્વરની દયા વિષે | ૬૫૨ |
| ગરબી ૩ જી બાળકીઓનાં નિત્યકર્મની ગરબી | ...૬૫૩ |
| ગરબી ૪ થી કકકો ભણવાની | ૬૫૪ |
| ગરબી ૫ મી સાત વારની | ૬૫૬ |
| ગરબી ૬ ઠ્ઠી તિથિઓની ગરબી | ૬૫૭ |
| ગરબી ૭ મી બાર મહિનાની | ૬૫૮ |
| ગરબી ૮ મી જાઇના છોડની | ૬૫૯ |
| ગરબી ૯ મી બાળકીઓને શિખામણ ... | ...૬૬૦ |
| ગરબી ૧૦ મી સારાં નરસાં સંતાનો વિષે ... | ...૬૬૧ |
| ગરબી ૧૧ મી કાતર, ગજ, | |


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| વિષય. | પૃષ્ટ. |
|---|---|
| અને સેયાની ગરબી | ...૬૬૨ |
| ગરબી ૧૨ મી સારા નરસા જન્મ વિષે ... | ...૬૬૪ |
| ગરબી ૧૩ મી કપાસના છોડની ગરબી ... | ...૬૬૫ |
| ગરબી ૧૪ મી પરોપકારી વાદળી વિષે ... | ...૬૬૬ |
| ગરબી ૧૫ મી પરોપકારી આકારૂપી વાદળીની ગરબી | ...૬૬૭ |
| ગરબી ૧૬ મી વિવેકી વડવાઇ વિષે ... | ...૬૬૮ |
| ગરબી ૧૭ મી શેલડીની ગરબી | ૬૭૦ |
| ગરબી ૧૮ મી કેળ વિષે | ...૬૭૧ |
| ગરબી ૧૮ મી આરશીની ગરબી | ૬૭૨ |
| ગરબી ૨૦ મી નઠારાં ગીત ન ગાવા વિષે ... | ...૬૭૩ |
| ગરબી ૨૧ મી મીઠાબોલી મેના વિષે ... | ...૬૭૪ |
| ગરબી ૨૨ મી હાથિણીની... | ૬૭૫ |
| ગરબી ૨૩ મી નેતરની નમ્રતા | ૬૭૬ |
| ગરબી ૨૪ મી કામઢીળી ગરબી | ૬૭૭ |
| ગરબી ૨૫ મી સોનાની અરજી | ૬૭૮ |
| ગરબી ૨૬ મી ઉત્તમ એક ગુણ તો મેળવો જોઇએ તે વિષે... | ૬૭૯ |
| ગરબી ૨૭મી સંપૂર્ણ ગુણ તો એક પરમેશ્વરમાં છે તે વિષે | ૬૮૦ |

| વિષય. | પૃષ્ટ. |
|---|---|
| **ભાગ ૨ જો.** | |
| ગરબી ૨૮ મી ઉંચા તાડ વિષે | ૬૮૨ |
| ગરબી ૨૯ મી મગરૂર વંટોળિયાની ગરબી... | ...૬૮૩ |
| ગરબી ૩૦ મી નાની નદીની | ૬૮૪ |
| ગરબી ૩૧ મી ફોગટ ફુલવા વિષે | ૬૮૫ |
| ગરબી ૩૨ મી અદેખા જવાસાની | ૬૮૭ |
| ગરબી ૩૩ મી બેગરજુ કેશવાની | ૬૮૮ |
| ગરબી ૩૪ મી વચનવિવેક વિષે | ૬૯૦ |
| ગરબી ૩૫ મી કુત્રડ સ્ત્રી વિષે | ૬૯૧ |
| ગરબી ૩૬ મી કડવું બોલનાર ઘુવડની ... | ...૬૯૧ |
| ગરબી ૩૭ મી લડાઇખોર મેનાની ... | ...૬૯૨ |
| ગરબી ૩૮ મી નિરૂપયોગી ઠીકરીની ... | ...૬૯૪ |
| ગરબી ૩૯ મી એરંડીની ગરબી | ૬૯૫ |
| ગરબી ૪૦ મી અદબ વિષે... | ૬૯૬ |
| ગરબી ૪૧ મી રીસામણીના છોડની ... | ...૬૯૮ |
| ગરબી ૪૨ મી હઠીલા મંકોડાની ... | ...૬૯૯ |
| ગરબી ૪૩ મી સંપ વિષે... | ૭૦૦ |
| ગરબી ૪૪ મી સારી શિખ વિષે | ૭૦૨ |
| ગરબી ૪૫ પંખીઓના સંપ | ૭૦૫ |


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| વિષય. | પૃષ્ટ. |
|---|---|
| ગરબી ૪૬ મી શિખામણુ ન લાગવા વિષે ... | ...૭૦૬ |
| ગરબી ૪૭ મી કુપાત્ર વિષે... | ૭૦૬ |
| **ભાગ ૩ જો.** | |
| ગરબી ૪૮ મી નીતિ વિષે... | ૭૦૭ |
| ગરબી ૪૯ મી વચન વિવેકની | ૭૦૮ |
| ગરબી ૫૦ મી ક્રોધ વિષે . | ૭૦૯ |
| ગરબી ૫૧ મી સત્યથી સંસાર નભે છે તે વિષે | ...૭૧૦ |
| ગરબી ૫૨ મી ઉદ્યોગ કરે તો ઇશ્વર સહાય થાય ... | ૭૧૧ |
| ગરબી ૫૩ મી આળસ વિષે | ૭૧૩ |
| ગરબી ૫૪ મી શિખામણના સારની ગરબી ... | ...૭૧૪ |
| ગરબી ૫૫ એજ... | ...૭૧૫ |
| ગરબી ૫૬ મી પરોપકાર કરવાનો ઉપદેશની | ...૭૧૬ |
| ગરબી ૫૭ મી સ્વદેશ ઉપર મમતા રાખવા વિષે | ...૭૧૮ |
| ગરબી ૫૮ મી રિધસિધનો ભરોસો ન રાખવા વિષે... | ૭૨૧ |
| ગરબી ૬૦ મી સત્સંગ વિષે | ૭૨૧ |
| ગરબી ૬૧ મી જુવાનીના રસ્તા | ૭૨૨ |
| ગરબી ૬૨ મી પ્રભુ ભજવા | ૭૨૪ |
| ગરબી ૬૩ સંસારરૂપીવન ... | ૭૨૫ |



| વિષય. | પૃષ્ટ. |
|---|---|
| ગરબી ૬૪ મી પાનખર મહિમા | ૭૨૬ |
| ગરબી ૬૫ મી બધા દહાડા સરખા નથી તે વિષે | ...૭૨૭ |
| ગરબી ૬૬ મી વરઘોડાની વાડીની ગરબી ... | ...૭૨૮ |
| ગરબી ૬૭ મી નાશવંત બાગ | ૭૨૯ |
| ગરબી ૬૮મી સોળ શણગારની | ૭૩૦ |
| ગરબી ૬૯ મી સદ્દગુણના શણગારની .... | ...૭૩૨ |
| ગરબી ૭૦ મી શિયળ વિષે | ૭૩૪ |
| ગરબી ૭૧મી પ્રેમીનાં ન્હેતાં વિષે | ૭૩૫ |
| ગરબી ૭૨ મી પતિરૂપી હીરો | ૭૩૭ |
| ગરબી ૭૩ મી વીજળી વિષે | ૭૩૯ |
| ગરબી ૭૪ મી વિયોગની ગરબી | ૭૪૦ |
| **ભાગ ૪ થો.** | |
| ગરબી ૭૫ મી વિદ્યાવેલડીની | ૭૪૨ |
| ગરબી ૭૬ મી સર્વસાર સંગ્રહની ચોપડી વિષે | ...૭૪૩ |
| ગરબી ૭૭ મી સુધારાની ચઢ ઉ | ૭૪૪ |
| ગરબી ૭૮ મી પૃથ્વીરૂપી ગાલીચા વિષે ... | ...૭૪૫ |
| ગરબી ૭૯ મી આકાશ તથા કાળ વિષે ... | ...૭૪૬ |
| ગરબી ૮૦ મી સૂરજમાળાની | ૭૪૮ |


P. P. Ac. Gunratnasuri M.S.    Jin Gun Aaradhak Trust

| વિષય. | પૃષ્ટ. |
|---|---|
| ગરબી ૮૧ મી પ્રભુને ધ્યાનમાં રાખીને ગાવા વિષે | ...૭૪૯ |
| ગરબી ૮૨ મી શિખામણ માને નહિ તે વિષે | ...૭૫૦ |
| ગરબી ૮૩ મી ઘૂમીને ગાવાની | ૭૫૧ |
| ગરબી ૮૪ મી તાન લઇને ગાવાની ... | ...૭૫૨ |
| ગરબી ૮૫ મી ઇશ્વરની માયા વિષે ... ... | ...૭૫૩ |
| ગરબી ૮૬ મી ઇશ્વરની માયા વિષે ... ... | ...૭૫૫ |
| ગરબી ૮૭ મી પ્રભુના મહિનાની ... | ...૭૫૬ |
| ગરબી ૮૮ ઇશ્વરના મહિમા | ૭૫૭ |
| ગરબી ૮૯ મી ઇશ્વરસ્તુાત વિષે | ૭૫૭ |
| ગરબી ૯૦ મા ... | ...૭૫૮ |
| ગરબી ૯૧ મી કરજ વિષે | ...૭૫૮ |
| ગરબી ૯૨ મી આશા વિષે | ...૭૫૯ |
| ગરબી ૯૩ મી સંટકમાં ધિરજ | ૭૬૦ |
| ગરબી ૯૪ મી સાત પ્રકારનાં અતિ સુખ વિષે | ...૭૬૧ |

| વિષય. | પૃષ્ટ. |
|---|---|
| ગરબી ૯૫ મી પ્રશ્ન ઉત્તરની | ૭૬૨ |
| ગરબી ૯૬ મી કેવા ગુણ કેનામાં છે તે વિષે | ...૭૬૩ |
| ગરબી ૯૭ મી ભવિષ્ય કાળનાં ચિહ્ન વિષે ... | ...૭૬૪ |
| ગરબી ૯૮ મી ઉદ્યમ કર્મ વિષે | ૭૬૫ |
| ગરબી ૯૯ મી મૂરખ આગળ કાગળ બોલે નહિ તે વિષ | ...૭૬૫ |
| ગરબી ૧૦૦ મી દયા વિષે | ...૭૬૭ |
| ગરબી ૧૦૧ મી જયજયકાર બોલવા વિષે ... | ...૭૬૮ |
| ગરબી ૧૦૨ મી મંડળી બરખાસ્ત થવા વિષે... | ...૭૬૮ |
| ગરબી ૧૦૩ મી મહારાવ શ્રી ખેંગારજીની ગરબી | ...૭૭૦ |
| ધોળ ૧ લું. બાળકીઓને શિખામણનું ધોળ... | ...૭૭૧ |
| ધોળ ૨ જું. સુધારા ખાતાના મુહૂર્તનું ધોળ ... | ...૭૭૨ |
| **પરિશિષ્ટ** ... | ...૭૭૩ |


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust



કવિ દલપતરામ ડાહ્યાભાઈ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# દલપત કાવ્ય.

## ભાગ ૧ લો.

### मंगलाचरण.

### प्रकरण १ लुं.

श्लोकः

येनेदं नाटकं सृष्टं, सृष्टिरूपं महर्षदम ॥
तं नत्वा मनसा कुर्वे, तस्य लीलानुकीर्त्तनम ॥१॥

ઉપજાતિ વૃત્ત.

વિચિત્ર દેખાવ વિચિત્ર વાણી,
વિચિત્ર પોશાક વિચિત્ર પ્રાણી;
વિચિત્ર આ નાટક વિશ્વ નામ,
પેદા કર્યું તે પ્રભુને પ્રણામ.

સ્રગ્ધરા વૃત્ત.

સંભારૂં સ્નેહભાવે, સકળ પગરણે, સર્વદા સિદ્ધિદાતા,
વિદ્યા વાણી વિલાસી, વિરુદધર વળી, વિઘ્નહર્તા વિધાતા;
સર્વેના એક સ્વામી, સુખદ મુજ શિરે, હેતથી હાથ ધારો,
કાવ્યારંભે કૃપાળુ, ત્રિગુણપતિ તમે, વિઘ્ન સર્વે નિવારો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## સ્વાત્મા પ્રતિ ઉક્તિ.

### ઉપજાતિ વૃત્ત.

એ પોપટા પિંજરના નિવાસી,
રીઝયો તને વિશ્વતણો વિલાસી;
મુખે ધરી કોમળ મિષ્ટ વાણી,
ગા કીર્તિ તેની ઉર પ્રેમ આણી. ૪
જેણે રચ્યું પિંજર સૌથી સારું,
તથા કરે રક્ષણ નિત્ય તારું;
તે કોણ છે? તું મન જો તપાશી,
તેણેજ આ સૃષ્ટિપ્રભા પ્રકાશી. ૫
જો માનવીના ગુણ કોઇ ગાશે,
તો તે સુણી પૂર્ણ પ્રસન્ન થાશે;
વિશેષ ભાવે પ્રભુને વખાણે,
જગત્પિતા તે નહિ કેમ જાણે? ૬
જે ખાનપાનાદિક દેઈ પાળે,
તથા સદા સંકટ સર્વ ટાળે;
તેને નહીં યાદ કરે કદાપિ,
તે તો કૃતઘ્ની પરિપૂર્ણ પાપી. ૭

### દોહરો.

ભજસ યગણ આવે ભલા, તાળ સુણો કવિ વૃંદ;
એક પાંચ નવ બારમે, છે સુંદર દલ છંદ. ૮

### દલ છંદ.

ધ્યાન ધર ધ્યાન ધર ધૈર્ય ધારી,
પૂર્ણ કરનાર પ્રભુ આશ તારી;
કલ્પતરુ તુલ્ય જગદીશ જાણી,
માગ પ્રભુ પાસ સુખ મિષ્ટ વાણી. ૯

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કોટિ કરુણા કરણ સૃષ્ટિકર્તા,
વાકય શુભ દે વિવિધ વિશ્વભર્તા;
કાવ્યરચના સરસ થાય કેવી,
જાણ જનને રતન ખાણ જેવી. ૧૦
તર્ક ઉપજે તરતજ ઉક્તિ ટાણે,
શબ્દરચના સરસ અર્થ આણે;
કામ કરવા પરમ હામ ઘાલી,
સિંધુ તરવો ચરણભેર ચાલી. ૧૧
હાથજુગ બાથ નભ સાથ ભીડી,
કેમ ગિરિ પાર કુદી જાય કીડી;
ગ્રંથ રચવો વિકટ પંથ જાણો,
ઇષ્ટ કરુણાથી ઉર હામ આણો. ૧૨
જો જગતપાળ પર પ્રેમ જાગે,
શાંતિ ઉપજે સરવ ભ્રાંતિ ભાગે;
જીભ પર કાવ્યતણી જુક્તિ જામે,
ગ્રંથ રચવા સરસ પંથ પામે. ૧૩
વિઘ્ન હરનાર હરિ વિશ્વધાતા,
સર્વ શુભ કાજતણી સિદ્ધિદાતા;
એથી નથી કોઇ બળવાન બીજો,
એજ રચનાર જગ સર્વ ચીજો. ૧૪
બુદ્ધિબળ કાવ્યફળ એજ આપે,
નાથ નિજ દાસ શિર હાથ થાપે;
હામ ધરી કામ કર આમ જાણી,
બોલ બહુ વાર જયકાર વાણી. ૧૫
આત્મ ઉક્તિ કરી એવી રીતે,
પાઠ નિરમ્યો પરમ પૂર્ણ પ્રીતે;
ઠાઠ ધરી આ રચિત ઇષ્ટ કામે,
આઠ દલ છંદ દલપત્તરામે. ૧૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## દર્પણપ્રબંધ, ગોમૂત્રિકા, અશ્વગતિ તથા કપાટપ્રબંધ.

### દોહરો.

વાર વાર કરતાર સ્મર, શિર પર કર ધરનાર;
સાર સાર ભરનાર ઉર, પરહર પર દરકાર. ૧૭

### દર્પણપ્રબંધ.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust



ગોમુત્રિકા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## અશ્વગતિપ્રબંધ.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| વા ૧ | ર ૨૨ | વા ૩ | ર ૨૪ | ક ૫ | ર ૨૬ | તા ૭ | ર ૨૮ | સ્મ ૯ | ર ૩૦ |
| શિ ૧૨ | ર ૩૨ | પ ૧૩ | ર ૩૪ | ક ૧૫ | ર ૩૬ | ધ ૧૭ | ર ૩૮ | ના ૧૯ | ર ૪૦ |
| સા ૨૧ | ર ૨૩ | સા ૨૩ | ર ૪ | ભ ૨૫ | ર ૬ | ના ૭૨ | ર ૮ | ઉ ૨૯ | ર ૧૦ |
| પ ૩૧ | ર ૧૨ | હુ ૩૩ | ર ૧૪ | પ ૩૫ | ર ૧૬ | દ ૩૭ | ર ૧૮ | કા ૩૯ | ર ૨૦ |

શેતરંજની રમતમાં ઘોડો અઢી ઘર ચાલે છે, તેમ આ દોહરો વંચાય છે. કયા અક્ષર પછી કયો અક્ષર વાંચવો તેના અનુક્રમે આંક મુકયા છે તે પ્રમાણે વાંચવો.

## કપાટપ્રબંધ.

| | | |
|---|---|---|
| વા.... | ....ર.... | ....સા |
| વા.... | ....ર.... | ....સા |
| ક.... | ....ર.... | ....ભ |
| તા.... | ....ર.... | ....ના |
| સ્મ.... | ....ર.... | ....ઉ |
| શિ.... | ....ર.... | ....પ |
| પ.... | ....ર.... | ....હુ |
| ક.... | ....ર.... | ....પ |
| ધ.... | ....ર.... | ....દ |
| ના.... | ....ર.... | ....કા |

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ઈશ્વરસ્તુતિ.

### દોહરો.

નમું વિશ્વના નાથને, વળી વળીને બહુ વાર;
જેણે ગ્રાઝી જુક્તિથી, સ્રજ્યો સાર સંસાર. ૧૮

### ભુજંગી છંદ.

સ્રજ્યો જુક્તિથી સાર સંસાર જેણે,
તથા તત્વ મેલ્યાં યથાયોગ્ય તેણે;
ચિરંકાળ તેને વિષે ચિત્ત ચોડી,
નમું વિશ્વના નાથને હાથ જોડી. ૧૯
દયા રાખીને જ્ઞાનનું દાન દીધું,
કરી દૃષ્ટિ સંકષ્ટને નષ્ટ કીધું;
ઘુટું પાપથી મેલશે આપ છોડી,
નમું વિશ્વના નાથને હાથ જોડી. ૨૦
જરાએ ક્રિયાથી નથી તે અજાણ્યો,
પુરા પંડિતોએ પતીજે પ્રમાણ્યો;
બીજાં તે વિનાથી બધી પ્રીત તોડી,
નમું વિશ્વના નાથને હાથ જોડી. ૨૧
ભજે સર્વ જેને સજી ભાવ ભક્તિ,
સદા કાળ સર્વ સ્થળે જેની શક્તિ;
કથું જો કથા થાય તે કેમ થોડી,
નમું વિશ્વના નાથને હાથ જોડી. ૨૨
કુડા કર્મના બંધને કાપી નાંખે,
મહા દુઃખદારિદ્રથી દૂર રાખે;
દયાળુ દિશે દીનતાયુક્ત દોડી,
નમું વિશ્વના નાથને હાથ જોડી. ૨૩
મહા એજ ચિંતામણિ મૂલ મોંઘી,
ઘણી અન્ય વસ્તુ ગણી સર્વ સોંઘી;
કશીએ બીજીમાં નથી માલ કોડી,
નમું વિશ્વના નાથને હાથ જોડી. ૨૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સદા નેકનામી પ્રભુ એક સાચો,
તથા તે વિના છે વૃથા વાદ કાચો:
અરે એથી ઉંધી મતિને મરોડી,
નમું વિશ્વના નાથને હાથ જોડી. ૨૫
કહું સત્યને શોધીને શુદ્ધ રસ્તે,
ઉદે સૂર્ય કાળે અને સૂર્ય અસ્તે;
ફરી ફેલના ચાલતા ફંદ ફોડી,
નમું વિશ્વના નાથને હાથ જોડી. ૨૬
મુખે એ રીતેથી સુખે સ્વાદ પીજે,
સ્તુતિ વિશ્વના નાથની નિત્ય કીજે;
દરેરોજ તેને ગણી કામ કામે,
રચ્યા છે રૂડા છંદ દલપત્તરામે. ૨૭

### શાર્દૂલવિક્રીડિત વૃત.

વંદું શ્રી સુખસિંધુ વિશ્વપતિને હું ભક્તિભાવે ભજી,
જેણે સુંદર શુદ્ધ બુદ્ધિબળથી સાક્ષાત સૃષ્ટિ સૃજી;
પાણી ભૂમિ વનસ્પતિ ત્રિપુરુષો સર્જ્યા પશુ પ્રાણિને,
સૌથી બુદ્ધિ વિશેષતા મનુપને, આપી કૃપા આણિને. ૨૮

### વસંતતિલકા વૃત્ત.

જુદા જુદા ધરમના જગમધ્ય પંથો,
જુદા જુદા ધરમના ગુણવંત ગ્રંથો;
નામો જુદાં ધરિ ભજે જન સર્વ જેને,
તે એક ઇશ્વર સદા નમું નિત્ય તેને. ૨૯
જેને પ્રસન્ન કરવા જન ધર્મ પાળે,
જેને પ્રસન્ન કરવા દિલ દોષ ટાળે;
સર્વે તણો જન કહે અધિનાથ જેને,
તે એક ઈશ્વર સદા નમું નિત્ય તેને. ૩૦
જેનો ન હોત ડર તો જન દુષ્ટ થાત,
અન્યોન્ય ઘાત ઘડીને અતિ તે પિડાત;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કષ્ટે દયા કરી ન દે સુખ કોઈ કેને,
તે એક ઇશ્વર સદા નમું નિત્ય તેને. ૩૧

જૂઠું વદે નહિ જીભે જન પાપ જાણી,
લુંટે નહીં ગરિબને અતિ લોભ આણી;
રાખે દિલે ડર રૂઠે પ્રભુજી રખેને,
તે એક ઇશ્વર સદા નમું નિત્ય તેને. ૩૨

જેનાથી ત્રાસી વિચરે જન ન્યાય રાહે,
સાક્ષી પ્રભુ વરવધૂ પરણે વિવાહે;
જેના રહે ડર દિલે નરનારી એને,
તે એક ઇશ્વર સદા નમું નિત્ય તેને. ૩૩

## ઇંદ્રિવિજય છંદ.

ઓ પ્રભુ તું કરુણા કર કોમળ કોટિ કળાતણું કારણ તું છે,
ઓ પ્રભુ તુંજ અધીપતિ એક, સુધારણ ધર્મ ઉધારણ તું છે;
ઓ પ્રભુ તું ભય ભંજન ભૂધર ભાવિકનો ભવતારણ તું છે,
ઓ પ્રભુ તું દલપત્ત તણો પતિ, દોષદરિદ્ર વિદારણ તું છે. ૩૪

## વસંતતિલકા વૃત્ત.

હે પ્રાણનાથ પ્રભુ હું તુજ પાય લાગું,
વાણી રુડી ઉચરવા વરદાન માગું;
તારી કૃપા થકી ભલી કવિતા કરાય,
તારી કૃપા થકી મનોરથ સિદ્ધ થાય. ૩૫

આ વિશ્વમાં વિવિધ જાતિ જણાય પ્રાણી,
પામ્યા દિસે વિવિધ ઇશ્વરદત્ત વાણી;
જેને મુખે જગતકારક દત્ત જેવી,
તે ઉચ્ચરે વદનથી નિજ વાણિ તેવી. ૩૬

## માલિની વૃત્ત.

જગપતિ કરુણાથી, કામ ધાર્યું કરાય,
જગપતિ કરુણાથી, પ્રૌઢ શક્તિ પમાય;
જગપતિ કરુણાથી, દુર્મતિ દૂર જાય,
જગપતિ કરુણાથી, વિઘ્નનો નાશ થાય. ૩૭

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દોહરો.

આપ અમાપ પ્રતાપથી, મટે પાપ સંતાપ;
થાય ઉથાપ કરણ તુહિં, જય જય જગના બાપ. ૩૮

ત્રિભંગી છંદ.

જય જય જગબાપા, સુખ રસ પાપા,
કુડ મતિ કાપા, તું કરજે,
તું ભવજળ તારણ, અધમોદ્ધારણ,
દુખ પોકારણ, દિલ ધરજે;
તું અંતરજામી, અવિચળધામી,
તુજ બહુનામી નામ ખરું,
છે મુજ મતિ કાચી, લઉં છું જાચી,
દે મતિ સાચી, ગ્રંથ કરું. ૩૯

છપય છંદ.

જય જય અશરણ શરણ, કરણ જગ હરણ સકળ દુઃખ;
તું પ્રભુ અભરણ ભરણ, તરણ તારણ કારણ સુખ.
કરણ તું અજરા મરણ, ઠરણ જન ઠામ ચરણ તુજ;
તુજ જશમાં અમિ ઝરણ, વરણ ઉજ્વળ ભાસે મુજ.
ગુણ અધિક તેજ તારું અકળ, સકળ કળ કારણ કરણ;
દે પંથ ગ્રંથ ગ્રંથન કરણ, જય જય જય ધરણી ધરણ. ૪૦

ભુજંગી છંદ.

અહો દેવ દેવાધિદેવા દયાળુ,
કૃપાનાથ કીજે કૃપા હે કૃપાળુ!
સ્તુતિ પ્રીતની રીતથી ચિત્ત લાવો,
રચું ગ્રંથ તે પંથ સીધો બતાવો. ૪૧

આર્યા વૃત્ત.

હોંશીનાં મન હરવા, અભિલાષા ધરી સુકાવ્ય આદરવા;
અભિમત પાર ઉતરવા, સંભારું સહાયતા કરવા. ૪૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### દોહરો.

જ્ઞાન દૃષ્ટિ દાતારને, કોડે નામી કંધ;
તેની કરુણાથી કરું, પવિત્ર કાવ્ય પ્રબંધ. ૪૩

### શાર્દૂલવિક્રીડિત વૃત્ત.

ઊઠે શબ્દ અનેક તાળ સ્વરમાં, વાજાની પેટી વિષે,
વાજાની નહિ શક્તિ શબ્દ વદવા, કર્તાની જુક્તી દિસે;
તે રીતે મુજ અંતરે જગદિશે, બુદ્ધિ ધરેલી હશે,
તેવા તર્ક વિતર્ક ચિત્ત ચડતાં, તેવી કવિતા થશે. ૪૪

### મનહર છંદ.

અંતર ઉદ્યોત થાય અંતરાય આવે નહિ,
અંતરજામીને આદિ અંતરમાં આણીએ:
પછી ગ્રંથ ગુંથવાની ગુંથણી જો ગુંથીએ તો,
ગુંથતાં ગુંથણી ગ્રંથ ગુંથવાની જાણીએ;
વાણી તણા તાંતણાનો તાણો વાણો વણવો તે,
વણકર કૃપાથી વણી શકાય વાણીએ;
પ્રાણપતિ પ્રભુનો પ્રતાપ દલપત કહે,
પોતાનો પ્રતાપ પોતે જાણવો ન પ્રાણીએ. ૪૫

### ચોકપ્રબંધ દોહાંતર કવિત.

દેવા દયા કરે તોજ નામ કવિ કરે સત્ય,
વેષ ધરે વિદ્યા એ તો દીલ થકી રહે દૂર;
દીઠી ઐંચ તાણથી આધીન કરતાં ન કદી,
ધીરી થૈ તેનો કરે છે તોલ પારકો જરૂર;
હોય કવિ જન તોય ન ભાસે મટી જ જાય,
યશ આપે કવિ તાજો વસે પ્રેમ ઉર પૂર;
મમત ન રાખીએ પ્રબળપણું પામી પંડ,
તિક્ષણ નયન કરીને જુઓ નયન નૂર. ૪૬

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| દે | વ | દ | યા | ક | રે | તો | જ | ના | મ | ક | વિ | ક | રે | સ | ત્ય; |
| વે | પ | ધ | રે | ત્રિ | ધા | એ | તો | દી | લ | થ | ડી | ર | હે | દૂ | ર. |
| દી | ઠી | એં | ચ | તા | ણ | થી | આ | ધી | ન | ક | ર | તાં | ન | ક | દી; |
| ધી | રી | થૈ | તે | તો | ક | રે | છે | તાં | લ | પા | ર | કો | જ | રૂ | ર. |
| હો | ય | ક | વિ | જ | ન | તો | ય | ન | ભા | સે | મ | ટી | જ | જા | ય; |
| ય | શ | આ | પે | ક્ર | વિ | તા | જો | ઘ | સે | ગ્રે | મ | ઉ | ર | પૂ | ર. |
| મ | મ | ત | ન | રા | ખી | એ | પ્ર | ત્ર | ળ | પ | ણું | પા | મી | પું | ડ; |
| તિ | ક્ષ | ણ | ન | ય | ન | ક | રી | ને | જુ | એ | ન | ય | ન | નૂ | ર. ૪૬ |

### અંતર્ગત દોહરો.

દેવે દીધી હોય મતિ, કવિતા તોજ કરાય;
ના દીધી તો નવ બને, કરતાં કોટી ઉપાય. ૪૭

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ગ્રંથ પ્રયોજન.

### ઇંદ્રવિજય છંદ.

પ્રીત ધરે પરબ્રહ્મ પદે,
વળિ નીતિ ધરે સુધરે નરનારી;
તેમજ જેમ વહેમ તજે,
વળિ સંપ સજે સમજી સુખકારી;
સર્વ પ્રકાર સુખપ્રદ થાય,
સ્વદેશ તણી સુધરે સ્થિતિ સારી;
પુસ્તક એજ પ્રયોજનથી,
રચવા રચના ચિત્ત વાત વિચારી. ૪૮

### દોહરો.

વિદ્યા વિવિધ પ્રકારની, કળા કુશળતા જોગ;
સંપત વધે સ્વદેશમાં, વધે વળી ઉદ્યોગ. ૪૯

### મનહર છંદ.

આર્ય ભૂમિ તણું હિત, અંતરમાં ઇચ્છું સદા,
આર્ય ભૂમિ તણાં મારાં, અસ્થિ અને ચર્મ છે;
મિત્રતા સૌ સાથે થવા, મીઠાં મીઠાં વેણ કહું,
એ તો મારાં મોટાં ખરેખરાં ખટકર્મ છે;
સુધારો વધારી મૂળ કાઢવાં કુધારા તણાં,
ધાર્યો છે મેં તે તો મારો, ધંધો તથઃ ધર્મ છે;
સ્વદેશમાં સંપ વધે, કુસંપ કંકાસ ઘટે,
એજ મારા મન વિષે, મોટો એક મર્મ છે. ૫૦

### દોહરો.

અંતરમાં એવું ધરી, પુસ્તક કરું પ્રકાશ;
દયા કરી નિજ દાસની, ઈશ્વર પૂરે આશ. ૫૧

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

## કવિની ઈચ્છા.

### મનહર છંદ.

જગતમાં નરજાતી જનની જણાતી તે સૌ,
મિત્ર તુલ્ય માને મને એમ હું ઉચરું છું;
બાળકીઓ નિજ પ્રતિપાળકની પેઠે મને,
પિતા તુલ્ય પ્રેમે ગણે એવું હું આદરું છું;
જેટલી જુવાન બાઇ, કાન સુણી કાવ્ય મારું,
ભાઇ તુલ્ય ભાવ ધરે એવી આશા ધરું છું;
પ્રૌઢ બાઇ પુત્ર તુલ્ય, પ્રેમ રાખે મુજ પર,
કહે દલપતરામ કાવ્ય એવું કરું છું. ૫૨

### દોહરો.

મુજ પત્ની તે પત્ની મુજ, બીજી મા ને બ્હેન;
ભાવ એમ ધરી ભીતરે, કરું કવિતા સુખ દેણ. ૫૩

### મનહર છંદ.

સારાં માણસો સભામાં સુણી શરમાઇ જાય,
અદબ તજીને એવું નથી હું ઉચરતો;
ધરમ અધરમ ને નીતિ ને અનીતિ લઇ,
ભલું ભુંડું ભેળવી વખાર નથી ભરતો;
સર્જું છું કવિતા શાણા સજ્જનોને સંભળાવા,
રંડિબાજ રિઝાવા કવિતા નથી કરતો;
વાંચી મારાં વચનો ભવિષ્યકાળ તણી પ્રજા,
દુરાચારી કહે તેથી દીલે રહું ડરતો. ૫૪

### તોટક વૃત્ત.

નથિ ઉચ્ચરિ માશુક આશકની,
નથિ વાતજ નીતિવિનાશકની;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કવિતા કરી સદ્ગુણ કારણની,
દિલદુર્ગુણ દોષ વિદારણની. ૫૫
પ્રકટે બહુ પ્રેમ પ્રભુપદમાં,
મન મસ્ત ન થાય મહામદમાં;
વળી પ્રીતિ વધે પરમારથમાં,
સમજે જન શોધક સ્વારથમાં. ૫૬
કદી પાપ પથે પગલું ન ભરે,
પર પીડન કોઇ કદી ન કરે;
ઉપદેશ વિશેષ રુડો ઉચરું,
ધરિ ધીરજ હું પણ બોધ ધરું. ૫૭
મગરૂરિ જરી ન ધરું મનમાં,
જડ મૂરખ હુંજ બધા જનમાં;
કવિતા તણી રીત ન જાણું કશી,
કવિતા કરવા ઉર આશ વશી. ૫૮
સઘળા કવિનો શુભ દાસ સદા,
કરું કેમ દિલે અભિમાન કદા;
ગુરુ સર્વ કવિજન શ્રેષ્ઠ ગણું,
ભલિ તેની કૃપાથી કવિત ભણું. ૫૯
કવિતા રસસાગર સર્વ કહે,
ગુણ ગ્રાહક પાત્ર પ્રમાણ ગ્રહે;
મુજ બુદ્ધિ પ્રમાણ મળી મુજને,
સુણી દોષ નહીં ધરવો સુજને. ૬૦

## સ્વાત્મ પ્રત્યુક્તિ.

### દોહરો.

જો હોંશી મુજ જીવ તું, કવિતા કરવા ધાર;
સારા સારા શોધીને, લે સંઘરી વિચાર. ૬૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ચૌદ પત્ર કમળપ્રબંધ.

### ધનાક્ષરી છંદ.

સારા સારા લે વિચાર, રસ સારે શણગાર,
મન કરી તદાકાર, તિક્ષણ બુદ્ધિ ઉતાર;
આજી કાવ્ય કળાસાર, જન આગળે ઉચ્ચાર,
નાથ પાડનાર પાર, રખે તું હિંમત હાર;
તે આપે તને આધાર, નેક જે છે નામદાર,
તોટા નથી તેને દ્વાર, નહિ તે કહે નકાર;
તું તો તારો ધર્મ ધાર, વિચારી લે વારવાર,
સાર મતિ સજનાર, તેને તો ન તું વિસાર. ૬૨



આ કમળમાં જેટલા બાળબોધ અક્ષર છે તેટલા એકથી વધારે વાર વંચાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### મનહર છંદ.

કલ્પના કૈલાસ શૈલ ઉપર આસન કરી,
અવની આકાશ પાસ કોડે દૃષ્ટિ કરું છું;
દીસે જે દેખાવ તેનો ભાવ ભલી ભાતે ભણું,
ઇશ્વરની લીલા તણો ગ્રંથ આ આદરું છું;
નીતિ તણો ઉપદેશ, ઉચરું વિશેષ એમાં,
પામું સૌનો પ્રેમ એવી આશ ઉર ધરું છું;
કહે દલપતરામ કરું સારું જાણી કામ,
જેવી મારી મતિ એવી કવિતા હું કરું છું. ૬૩

### દોહરા.

બહુ ભાઇ ને બાઇઓ, શ્રોતા જાણી સમક્ષ;
અનેકને કે એકને,[૧] લાયક જણવું લક્ષ.[૨] ૬૪
રાત દિવસ ને ઋતુ તથા, સૃષ્ટિતણો શણગાર;
લાયક લીલા ઇશ્વરી, વર્ણવું વિવિધ પ્રકાર. ૬૫

---

## નવરસ વિષે.

### મનહર છંદ.

દંપતી વિવાહ સ્નેહ વર્ણવું શૃંગાર રસે,
હાસ્ય રસ લાવું ક્યાંઇ મિત્રને હસાવવા;
સારાં માણસોએ પણ સંકટ સહેલાં કેવાં,
કરુણા રસે કહું કરુણા ઉપજાવવા;
ક્રોધી વેન રાજા તણો ક્રોધ કહું રૌદ્ર રસે,
વીર રસ લાવું ચિત્ત હિંમત ચડાવવા;
દુરાચારીના આચાર વર્ણવું બીભત્સ રસે,
ભય દીધો વેને જુઓ વિપ્રને નસાડવા. ૬૬

---

૧. મતલબ કે કોઇ વખતે શ્રોતાને અનેક વચનમાં અને કોઇ વખતે એકવચનમાં લખીશ. ૨. વિચાર

P. P. Ac. Gunrathasuri M.S. Jin Gun Aaradhak Trust

## હરિગીત છંદ.

હિંદથી તણું આકાશનું વર્ણન કરું અદ્ભુત રસે,
શુભ શાંત રસથી દઉં શિખામણ ઠીક થૈ મનમાં ઠસે;
કહું ભેદ બહુ કવિતા તણા અધિકા અલંકારે કરી,
મુજ શક્તિ સમ શણગાર શોભિત ઠાઠમાઠ રચું ઠરી. ૬૭

## ઉપજાતિ વૃત્ત.

ગ્રંથો અલંકાર તણા ઘણા છે,
તથાપિ તે નિર્લજ શબ્દના છે;
વાંચે નહિ પુત્ર પિતાની પાસ,
જ્યાં હોય લજ્જા લવનો નિવાસ. ૬૮

## મનહર છંદ.

રસ નામ સ્વાદનું છે જાણે છે સંસારી સર્વ,
જેમાં નહીં સ્વાદ તેને રસ નહીં જાણીએ;
સૃષ્ટિ વિશે સુંદરતા તે રુડો શૃંગાર રસ,
પાપમય બુદ્ધિ તે શૃંગાર ન પ્રમાણીએ;
કાને સુણી સજ્જનને ઉપજે કંટાળો ઉર,
તેને કેમ રસ કરી વિશ્વમાં વખાણીએ;
ખટરસ ભોજનમાં કારેલાં કંકોડાં હોય,
અફીણનો રસ નહીં ભોજનમાં આણીએ. ૬૯

લવણનો રસ ખટરસમાં લેખાય સારો,
જેનું નામ સબરસ સર્વ જનો જાણે છે;
કવિતાના રસમાં શૃંગાર રસ સરસ છે,
જ્ઞાની મુનિ જન જેને વિવિધ વખાણે છે;
લવણનો રસ પણ હદમાંજ હોય સારો,
હદથી વિશેષ હોય તો કંટાળો આણે છે. ૭૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રસપણું તજી અનરસ ખારું ઝેર થાય,
અધિક શૃંગાર રસ પણ એ પ્રમાણે છે. ૭૦

**દોહરો.**

રામ સીતાના સ્નેહનું, વર્ણન રસ શૃંગાર;
ફાગ ફટાણાં રસ નહીં, વળી નહિ રસ વ્યભિચાર. ૭૧

**ઉપજાતિ વૃત્ત.**

ભુંડા ભલા લોકતણા સ્વભાવ,
તથા બનેલા નવલા બનાવ;
તે વાતનું વર્ણન હું કરીશ,
ધીમાનની આગળ તે ધરીશ. ૭૨
પરોપકારી જન જે જણાયા,
કીધાં રુડાં કામ રુડા ગણાયા;
તેઓ તણી કીર્તિ વળી વખાણું,
કવિત્વનું સાર્થક એજ જાણું. ૭૩
કહીં વળી યુદ્ધ તણો પ્રસંગ,
ભક્તિ તણો ભેદ કહીં અભંગ;
વળી પ્રભુનો મહિમા વખાણું,
જેથી થયું જીવન સાર્થ જાણું. ૭૪

---

## વાણી મહિમા.

**દોહરો.**

સ્વદેશની પૃથ્વી તથા, સ્વદેશની જે વાણ;
માતા તુલ્યે માનીને, પાળે પુત્ર સુજાણ. ૭૫

**મનહર છંદ.**

પૃથિવી પ્રાણીની માતા પ્રાણીનું પોષણ કરે,
અન્ન પાણી વસ્ત્ર વસ્તુઓ અનેક આપે છે;

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

પણ વચ્ચે વાણીનો વિશેષ ઉપયોગ પડે,
વાણી કોટિ પ્રકારની હરકતો કાપે છે;
માગ્યા વિના માતા પણ સમજ્યા વિના શું આપે?
પામીએ જે સુખ તે તો વાણીના પ્રતાપે છે:
વાણીથી હરેક વસ્તુનું વિશેષ જ્ઞાન થાય,
વાણીથી સલિલ[૧] મહાસાગરનું માપે છે. ૭૬

વાણીથી વિચાર એક બીજાના કહી શકાય,
જ્ઞાનવારસો તો વાણીમાં મુકી જવાય છે;
સેંકડો વરસ સુધી શોધી શોધી મેળવેલું,
પૂર્વજોનું જ્ઞાન તે તો વાણીથી પમાય છે:
પશુ પક્ષી પ્રાણીઓથી માણસો વિશેષ સુખ,
દુનિયામાં લે છે તે તો વાણીથી દેખાય છે;
ઇશ્વરનું જ્ઞાન પણ વાણી થકી ઉપજે છે,
વાણી વિના પ્રાણી કેવા પામર જણાય છે? ૭૭

જે વાણીથી અન્ન પાન માલ મીલકત પામ્યા,
તે વાણીને સ્નેહ ધરી સર્વદા સંભાળવી;
ભલાં ભલાં ભૂષણે ભૂષિત કરવી તે ભલી,
પૈસા ખરચીને પ્રીતે રુડી રીતે પાળવી;
ગરીબ જાણીને અવગણના ન કદી કરો,
બની શકે તેમ તેની ગરીબાઇ ટાળવી;
કહે દલપતરામ દીલમાં મમતા રાખી,
આપણા ગજા પ્રમાણે અધિક ઉજાળવી. ૭૮

૧ પાણી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ગુજરાતી ભાષા વિષે.

### શાર્દૂલવિક્રીડિત વૃત.

શોદ્યું સંસ્કૃત દીક્ષિતે ભટ્ટજિએ, અંતે તજી ગર્વને,
ભાષા સોરઠની[1] છટાથી ભણવા, શિક્ષા કહી સર્વને;
જે શિક્ષા સઘળે પ્રમાણ ગણી છે, ગીર્વાણ વાગીશ્વરે,
તે ભાષા ગુજરાતી મધ્ય સુજને, આપી રુચિ ઈશ્વરે. ૭૯

જે ભાષા નરસિંહ નાગર કવિ, શોધી ગયો સુલભે,
પ્રેમાનંદ ભટે વખાણી વળતી, ભાખી ભટે વલ્લભે;
દેવીદાસ, મિઠો, અખો, પ્રિતમ તે, સંખ્યા સિમા ના મળે,
કૃષ્ણે ને રણછોડ, કાન રઘુએ, શોભાવી છે શામળે. ૮૦

### મનહર છંદ.

ભારત ને ભાગવત, રચેલ છે રામાયણ,
રેવાખંડ શંકરપુરાણ પણ સારાં છે;
વૈદક જોતિષ ને વેદાંતવાદ વારતાઓ,
નાગરી નારીનાં ગીત ચીત ચોરનારાં છે;
જોડેલા જે જતીઓના રાસમાં કચાશ નથી,
પ્રેમભરી ગર્બિયો ને પદ પણ પ્યારાં છે;
ભારતીના[2] ભેદ મને ભાવી ગુજરાતી ભાષા;
સારે શણગારે જેનાં અંગ શણગાર્યાં છે. ૮૧

---

૧ यथा सौराष्ट्रिकानारी, "अरँा" इत्यभिभाषते ।
एवं रंगं विजानीयात्, खे "अरँा" इव खे दया ॥
અરું પરું એનું અનેક વચન અરાંપરાં થાય છે; તે શબ્દ સોરઠની સ્ત્રીઓ સારી લટકથી બોલે છે. એવી લટકથી **દયા, મયા**, આદિક સંસ્કૃત શબ્દો બોલવાની શિખામણ એ શ્લોકમાં દીધી છે. એ શ્લોક પાણિનીય શિક્ષાનો છે. ૨ સરસ્વતી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### ઇંદ્રવિજય છંદ.

આવ ગિરા ગુજરાતી તને,
અતિ શોભિત હું શણગાર સજાવું;
જાણની પાસ વખાણ કરાવું,
ગુણી જનમાં તુજ કીર્તિ ગજાવું;
ભારતવર્ષ વિષે બીજી ભારતિ,
માનવતીતણું માન તજાવું;
દેશ વિષે દલપત્ત કહે,
ભભકો તુજ જો ભલી ભાત ભજાવું. ૮૨

### મનહર છંદ.

પણ પ્રભુની સહાયતાથી પાર પાડી શકું,
સંપૂરણ જોઇએ સ્વદેશીની સહાયતા;
વિદ્વાન મંડળ મળીને મંડે એજ કામે,
ચિત્તમાં ધરીને નિજ ભાષાની ચહાયતા;
ગુંથીને અનેક ગ્રંથ સુધારો વધારો કરે,
નિસ્પૃહ થઇને નિત્ય આપશે જો ન્યાયતા;
કહે દલપતરામ તોજ થાય પુરું કામ,
એ વિના તો અન્ય નથી સુજતી ઉપાયતા. ૮૩
એક હાથથી તો નહીં તાળી પણ પડી શકે,
બની શકે કેમ કારીગરી મોટા કામની;
માટે વારે વારે હું વિદ્વાનને વિનતિ કરું,
તત્વ જાણનારા મારા દેશીઓ તમામની;
મમતા ધરીને તન મન ધન તેમાં જોડી,
ગાય ગુજરાતી ગીરા પ્રજા ગામે ગામની;
સ્વદેશી ભાષાનો એમ સુધારો વધારો થાય,
દીલની આશા તો પુરે દલપતરામની. ૮૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## તમે કોણ છો, એમ એક રાજાએ પૂછેલા પ્રશ્નનો ઉત્તર.

### મનહર છંદ.

સ્વદેશ સુધારવાની સભાનો હું સભાસદ,
સુબોધક સજ્જનોના સાથમાં સામીલ છું;
ચૌટામાં લુંટાણી મહારાણી ગુજરાતી વાણી,
જાણી તેનું દુઃખ ઘણો દીલગીર દીલ છું;
હિંદી ને મરાઠી હાલ, પામી છે પ્રતાપ પ્રૌઢ,
સ્વદેશી શિથિલ રહી, તે દેખી શિથિલ છું;
કહે દલપતરામ રાજા અધિરાજ સુણો,
રુડી ગુજરાતી વાણી રાણીનો વકીલ છું. ૮૫

### દોહરો.

વાણી ગુજરાતી રુડી, રાણી જાણી આજ;
હું વજીર તેનો બની, કરું તેનું શુભ કાજ. ૮૬

---

## કલમ પ્રતિ ઉકિત.

### મનહર છંદ.

કાજળની કોટડીમાં વારે વારે વિચરતી,
અરે ઓ કલમ તને વિનતિ હું કરું છું;
શામ મુખવાળી શ્વેતતણી સંગતિમાં,
ભાળી તને આજ તારો ભરુંસો હું ભરું છું;
મન તણો મર્મ તારી આગળ ઉઘાડો કરું,
ધરી હૈએ હેત તને હાથમાં હું ધરું છું;
નિર્લજ્જ વચન કાં તો કોઇની નિંદા લખીને,
ડાઘ લગાડે તું રખે દીલમાં હું ડરું છું. ૮૭

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### પ્રમિતાક્ષરા છંદ.

ન લખીશ નીતિ તલમાત્ર તજી,
ન લખીશ શબ્દ દિલ દ્વેષ સજી;
ન લખીશ જુક્તિ કરી જૂઠ જરી,
ન લખીશ ધર્મ નિજ દૂર ધરી. ૮૮
લખ સત્ય કૃત્ય હરિનાં હરખી,
લખ પુણ્ય કામ જનનાં પરખી;
લખ દેશ કાજ ઉપદેશ ઘણો,
લખ સંપ થાય જન જાત તણો. ૮૯

### ગીતિ વૃત્ત.

ફટ દઇ પડજો ફાટી, જનિતા જગમાં કપૂત જણનારી;
તેમજ જાજો તૂટી, લખતાં લેખણ અનીતિ લખનારી. ૯૦

## સંક્ષેપમાં કહેવા વિષે.

### ઝુલણા છંદ.

વસ્તુ પ્રત્યેક વિસ્તારથી વર્ણવું,
તો નહિ ગ્રંથનો અંત આવે,
અલ્પ આયુષ્ય ને કામ તો અતિઘણું,
કરવું લંબાણ તે કેમ ફાવે ?
બોલવાની બહુ બાબતો છે વળી,
સર્વ દેવી પડે છેક છોડી,
નાટકી જેમ નાટક નહીં કરી શકે,
વેષ ઝાઝા અને રાત થોડી. ૯૧

### ભમરાવળી છંદ.

નહિ પાર નિધિ જળ મધ્ય મપાય તરંગતણો,
વળી કાવ્યતરંગ અનંત ગુણીજન એમ ગણો;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લખતાં જુગના જુગ જાય તથાપિ ન પાર લહું,
ઉદધી જળતુલ્ય અથાગ અતિ અલ્પ કહું. ૯૨

**દોહરા.**

કાવ્યકળાની યુક્તિયો, આવે માંહિ અનેક;
શબ્દ અર્થ ને ચિત્રના, અલંકાર સવિવેક. ૯૩
ઉપજે જો આ વાંચતાં, સંશય કોઇ ઠાર;
પૂર્વાપર અવલોકતાં, તે સંશય ટળનાર. ૯૪

## બાઇઓ પ્રતિ ઉક્તિ.

**ઝુલણા છંદ.**

બંધુ જાણો મને જો બધી બાઇઓ,
સ્નેહથી તો જુઓ મુજ સામું;
સૌ અહોનિશ આશીષ આપો મને,
જેથી જગદીશનો પ્રેમ પામું;
વીર તો કાંઈ પ્રતિવર્ષ દે બેનને,
આપણા દેશની રીત અસલી;
હું તમારો વડો ધર્મનો વીર છું,
વીરની આ ગણો [1]વીરપસલી. ૯૫

**ઇંદ્રવિજય છંદ.**

સુંદર ગીત શિખામણનાં
ગુણવંત થવા હિતનાં ગણી ગાશો;
વ્યર્થ નથીજ અનર્થ નથી
ઉર અર્થ ધર્યાથી સમર્થ જણાશો;
ભ્રાત ગણી કદી તાત ગણી
ભલી ભાત મને નિજ ચિત્ત ચહાશો;

---

૧. હમેશાં શ્રાવણ માસમાં ભાઇ પાસેથી બેન કાંઇ હક લે છે તેને ભાઇપસલી અથવા વીરપસલી કહે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉત્તમ નીતિ તણો કરું અર્પણ,
આ તમને શુભ સાસરવાસો. ૯૬

## શ્રોતા પ્રતિ ઉક્તિ.

### મનહર છંદ.

કવિતાનો કહેનાર કહ્યે જાય કવિતાને,
સુણનાર કથન ધરે ન કશું કાનમાં;
ભાવારથ ભેદ જાણવાની નહિ શક્તિ ભાસે,
ધીરજ ધરીને અર્થ ધરે નહિ ધ્યાનમાં;
અભાવતા અન્નનો આહાર કરે એવી રીતે,
સુણે પણ તેનું મન દોડે બીજા તાનમાં;
કહે દલપત એવા આગળે કવિતા કહી,
તો તો જેમ જઇને રુદન કર્યું રાનમાં. ૯૭
કોઇ શબ્દ ચિત્ર અલંકારને કહે છે સારા,
કોઈ અતિ ઇચ્છે અર્થ તણા અલંકારને;
કોઇ તો વિવિધ વસ્તુ વર્ણન વિશેષ વાંચે,
કોઇ તો સદા વખાણે શિખામણ સારને;
જેને જેવો ભાવ તેને તેવી કવિતા છે આમાં,
બેસીને જુઓ આ ખડા બાગના બહારને;
ગમે ત્યાં ગમત કરો ન ગમે તે નિંદશો માં,
રાખજો તે જંગા જવા બીજા રમનારને. ૯૮

### દોહરો.

ભાત ભાતનાં ભોજનો, કરી રાખે કંદોઇ;
જેને ભાવે જે ઘણું, જમે લઇને તે જોઇ. ૯૯

### મનહર છંદ.

શિક્ષક સમાન સારી શિખામણની દેનારી,
વૃદ્ધ તુલ્ય જેમાં કહ્યો વિવિધ વિચાર છે;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મિત્ર તુલ્ય માનવીના મનમાં પ્રમોદ આપે,
તરુણી સતી સમ સુભાષણ તૈયાર છે;
આનંદ સમે ધરો તો આનંદ અધિક આપે,
દુઃખ સમે દુખિયાને દિલાસો દેનાર છે;
સવિતા* પ્રતાપે અને કવિતા તો કેવી કરું,
અધર રહેલા જન મનનો આધાર છે. ૧૦૦
હાથમાં ધરો તો વિંટી પોંચીથી વિશેષ શોભે,
કાને ધરો તો અમૂલ્ય કુંડળ આકાર છે;
મુખે ધરો તો તે મુખવાસથી સુવાસ આપે,
કંઠે ધરો તો તે હીરા મોતી તણો હાર છે;
મગજમાં ધરો તો મુગટથી સરસ શોભે,
ઘરમાં ધરો તો રુડો ઘર શણગાર છે;
સવિતા પ્રતાપે અને કવિતા તો કેવી કરું,
અધર રહેલા જન મનનો આધાર છે. ૧૦૧

દોહરો.

નિજ રુચિ સમ આ ગ્રંથનો, કરે લોક ઉપયોગ;
તે વાતે મુજને કશો, નથી હરખ કે શોક. ૧૦૨

મનહર છંદ.

પાઘડી બનાવનારે પાઘડી પ્રલંબ રચી,
પછી કોઇ સારો કહે સુરતી આકારને;
કોઇને ચડાવી ચક્ર દક્ષણીનું ડોળ ગમે,
કોઇ કચ્છી ચાંચથી શોભાવે શણગારને;
કોઇ મારવાડી કે મેવાડી ઘાટ સારો માને,
ગમે ગુજરાતી વળી કોઇના વિચારને;
જેને જેમ ફાવે તેમ કરે દલપત કહે,
નહિ રાગ દ્વેષ પાઘડી બનાવનારને. ૧૦૩

* જગતકર્તા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## શ્રોતા અલેક્ઝાંડર કિન્લાક ફાર્બસ સાહેબ.

### મનહર છંદ.

ચિત રૂપી ચોવટામાં કાવ્યની દુકાન કરી,
પછી તે દુકાનને દુકાનદાર હું ઠર્યો;
નીતિતણી રીતિ તથા પ્રીતિ પરિગ્રહ પર,
સારો સારો માલ એવા શોધી શોધી સંઘર્યો;
ગ્રાહકોની શોધ માટે ગામ ગામ ઠામ ઠામ,
દેશ ને વિદેશમાં વિશેષ વાર હું ફર્યો;
કહે દલપત મારી કવિતાને કયાસ કરી,
સોદાગર ફારબસ સાહેબે સોદો કર્યો. ૧૦૪

### દોહરો.

ધન વિદ્યા શુભ વંશ જશ, તથા રાજ્ય અધિકાર;
પ્રભુ આપે કિન્લાકને, લક્ષ્મી પાંચ પ્રકાર. ૧૦૫

### ચાકી પ્રબંધ સવૈયો.

રમાસુખ દે ભગવાન તને,
ભર સુકૃત કેરી નવીન વખાર;
રખાવ નવીન નવીન સુકીર્તિ,
વળી દિલ રાખ નવીન વિચાર;
રચાવી નવીન નવીન સુપુસ્તક,
વાંચી બધાં પદ લે દિલ સાર;
રસાળ દિલે દલપત્ત કહે,
પછી સુકૃતને શુભ દેખ શુમાર. ૧૦૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust




## નીતિબોધક અને અનીતિનિંદક કવિતા.

### મનહર છંદ.

બાળક પીએ તો તેને જ્ઞાનબળ બહુ વધે,
જુવાન પીએ તો છક ઉતરે જુવાનીનો;
વૃદ્ધ જો પીએ તો તેને હિંમત ને જોર વધે,
ઉપજાવે અંતરમાં રસ સોળે આનીનો;

P. P. Ac. Gunratnasuri M.S.        Jin Gun Aaradhak Trust

સતીયો પીએ તો તેને સતનો મારગ સુજે,
સુધારસ સમ નારી મોટી અને નાનીનો;
સુકવિતા કોઇને ન હોય અવગુણકારી,
દોષ ન દેખાય જેમાં જરીએ નાદાનીનો. ૧૦૭

## શાર્દૂલવિક્રીડિત વૃત્ત.

કીર્તિ કાવ્યથકી મળે વળિ મળે, પ્રીતિ પ્રજાની ઘણી,
નીતિનો પણ બોધ શુદ્ધ કવિતા, આપે અનીતિ હણી;
આનંદામૃત કાવ્યના કથનમાં, જ્ઞાતાજનોને જડે,
જે જાણે કવિતાની જુકિત સમજી, તે ભોગ્ય તેને પડે. ૧૦૮

## મનહર છંદ.

બાળક વાંચે તો તેની બુદ્ધિમાં બિગાડ થાય,
જુવાન વાંચે તો તે જરૂર વહી જાય છે;
વૃદ્ધ જન વાંચે તો તે લાગે તેને વિષ જેવી,
થુ થુ કહી જે કવિતા ઉપર થુંકાય છે;
ભગિનીઓ સાંભળતાં, ભાઇથી ભણાય નહીં,
લાજવાળાં માણસો તો વાંચતાં લજાય છે;
કોણ એવી કવિતાને કહેશે જે કવિતા છે,
કવિતા તો સૌને સુખકારક ગણાય છે. ૧૦૯

## દોહરા.

કોઇ કવિ નીતિ લખે, કોઈ અનીતિ છેક;
અનાજ વાવે એક જણ, અફીણ વાવે એક. ૧૧૦

થોર દૂધ તે દૂધ નહિ, ગોકળગાય ન ગાય;
કુનીતિની કવિતા નહિ, ઘૂડ રાય નહિ રાય. ૧૧૧

સારું ઇચ્છો શિશુ તણું, તમે માત ને તાત;
આશક માશુકની કદી, ઘો ન વાંચવા વાત. ૧૧૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### ગીતિ વૃત્ત.

વ્યાલ ખજુરો વિંછી, બાળક કરમાં કદી ન દે બાપ;
એમજ અનીતિ કેરું, પુસ્તક દે તો પિતા શિરે પાપ. ११३

### દોહરા.

નીતિ ઉપર પ્રીતિ વધે, કવિજન એવા કોય;
ફાગ ફટાણાં જોડિયાં, એવા પણ કવિ હોય. ११४
તીર્થ નાહી વ્યભિચારી જન, સુતો ઠામ કુઠામ;
ખર નાહી જેવું કરે, કીધું એવું કામ. ११५
જુદા જુદા કામના, કવિયો જૂદા જાણ;
ફૂલ મળે માળી ગૃહે, સલાટ ઘર પાષાણ. ११६

### ઇંદ્રવજ્રા વૃત્ત.

બેઠી બહેનો પિતુ ભ્રાત પાસે,
જે બોલતાં બોલ બહુ લજાશે;
એવું લખે તે કહિયે અનીતિ,
રુડા જનોની નહિં એવી રીતિ. ११७

### દોહરો.

પિતા પાસ પણ વાંચતાં, કન્યા લાજે કોઇ;
જરૂર કવિતા જાણવી, અનીતિ એ હોય. ११८

### ઉપજાતિ વૃત્ત.

અનીતિના શબ્દ અનીતિમાન,
વાંચે વખાણે થઈ સાવધાન;
જે સાંભળી લંપટ ચિત્ત લોભે,
સારા જનોના મુખમાં ન શોભે. ११९
વિ'વા તણાં નિર્લજ જે ફટાણાં,
હોળી સમાનાં વળી ફાગ ગાણાં;
સારા જનો તો શરમાય એથી,
ખુશી થશે લંપટ લોક તેથી. १२०

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### ઉધોર છંદ.

સંઘરશો ન ઘરમાં સાપ, સંઘરશો ન પ્રૌઢાં પાપ;
સંઘરશો ન એમજ આપ, જેમાં છે અનીતિ છાપ. ૧૨૧
સૌથી માતાનું પય શુદ્ધ, દીસે થોરનું પણ દૂધ;
એમજ કાવ્ય નામે એક, છે ગુણ જરૂર જુદા છેક. ૧૨૨
સજશે નિત્ય જેવો સંગ, ચઢશે ચિત્ત તેવો રંગ;
વાંચે વેણ જન જે નિત્ય, કરશે આપ એવાં કૃત્ય. ૧૨૩
અમલી લોક ખાય અફીણ, હોય હમેશ તે મતિહીણ;
વિધવિધ ગાય કૈક વખાણ, એથી જન ઠગાય અજાણ. ૧૨૪
હરખે મોતિ ચરિને હંસ, બગલો મચ્છ તનના અંશ;
આપે આપનો આહાર, વિધ વિધ વર્ણવે બહુ વાર. ૧૨૫
ગર્ધવને ન ભાવે ગોળ, ખાંતે ખાય ઝાઝો ખોળ;
[1]કરકાપર રહે જૈ કાગ, ઉર હરખાય ત્યાંજ અથાગ. ૧૨૬
રહી છે જગતમાં એવી રીત, જેવું પાત્ર તેવી પ્રીત;
સારાને ગમે શુભ વાત, નરસો નરસાથી રળિયાત. ૧૨૭

### સોરઠો.

ફાગ ફટાણાં ગાય, ત્યાં ઉભા રહેતાં દિલે;
સજ્જન તો શરમાય, નિર્લજને નિર્લજ ગમે. ૧૨૮

### પ્રશ્ન-દોહરો.

ખડિયાને દેખી કહે, કવિને કોઇ બાઇ;
રોશનાઇ એમાં રહે, કે કવિ કહો શિહાઇ ? ૧૨૯

### ઉત્તર-ચોપાયા છંદ.

શિહાઇ છે કે રોશનાઈ છે, કહો કવીશ્વર એમાં,
બાઇ સુણો વસ્તુ બંને છે, તમે કહી તે તેમાં;
નીતિ સહિત સપૂત લખે તે, રોશનાઇ અજવાળું,
કરે કપૂત શિહાઈ ભુંશી, ધોળા ઉપર કાળું. ૧૩૦

---

૧ કરક એટલે હાડકું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## તમાકુ પ્રતિ ઉક્તિ.

### મનહર છંદ.

અરે ઓ તમાકુ તારો તોલ તું તપાસ કર,
મિથ્યા મનમાંથી તારા મેલ અભિમાનને;
નાગરવેલીના ગુણ નીરખી જો નયનથી,
જેના ગુણ વિશેષ વિદિત છે જહાનને;
તેની સાથે તું ગણાઇ તેની તો નવાઇ નથી,
રાખ સાથે કોઠીમાં ધરે છે લોક ધાનને;
વ્યસનીઓ તારાપર તાળીઓ વિશેષ પાડે,
તેથી તું ન પામર ગણીશ પાકાં પાનને. ૧૩૧

કવિતાનું કારણ જે નીતિપર પ્રીતિ વધે,
સરસ કે નરસ તો તે પર સંભાળીએ;
જે કવિતા વાંચીને અનીતિની અસર થાય,
એવી કવિતાને ઉન્હા પાણીમાં ઉકાળીએ;
નીતિ ને અનીતિ મિશ્ર ભાવ જેનો ભાળીએ સો,
બાવળના કોયલાની સાથે તેને બાળીએ;
બહેન કે બેટી પાસે બોલી ન શકાય બોલ,
એવી કવિતાને તો ઉકરડે ઉછાળીએ. ૧૩૨

સુકવિની કવિતા તે નીતિનું પોષણ કરે,
પોષણકારક જેવું માનું પયપાન છે;
મોટાં માણસોને સુણી મનમાં મિઠાશ લાગે,
મિષ્ટતા ભરેલું જેવું જગમાં મિષ્ટાન છે;
કુકવિની કવિતા વાંચ્યાથી કાળો કેર થાય,
અનીતિ ભરેલી આઝા ઝેરની સમાન છે;
કહે દલપતરામ કદી નહિ ધરો કાન;
નરક [1]નિવાસની દેનારી તે નિદાન છે. ૧૩૩

---

1 સુંદરદાસે તથા મુક્તાનંદ સ્વામીએ કહ્યું છે કેઃ-

"રસિકપ્રિયા રસમંજરી, ઇન આદિક રસગ્રંથ;
મુગ્ધ પઢે મતિમંદ, સબ હિ નરક કે પંથ"

P. P. Ac.Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### ભિન્ન રુચિ પરીક્ષક.

પીછે નહિ જે પારખું, દેખે સરખું ડોળ;
જંગલી જન જાણે નહિ, ગોળ ગળ્યો કે ખોળ? ૧૩૪

### ગીતિ.

સરસ નરસ રસ સમજે, કવિતા રસ તો તહાં પ્રગટ કાજે;
પણ ઘુઘરો કે ઘંટા, બાળક તો તે બજાવતાં રીઝે. ૧૩૫

### મનહર છંદ.

સાધારણ કનકની કિંમત ન કરી જાણે,
કુંદનની કિંમત તે કેમ કરી જાણશે;
હળદીની કિમ્મત હયાતિમાં ન કરી હોય,
કેસરની કિમ્મત તે કેમ ઉર આણશે;
કોડિયાં મોતીની કાંઇ કિમ્મત ન કરી જાણે,
મોઘા મુલાં મોતીને શી વિધિએ વખાણશે;
કહે દલપત કોઇ કવિતા ન કંઠે કરી,
કવિતાની કિમ્મત તે શી પેરે પ્રમાણશે. ૧૩૬

### દોહરો.

જે જેને અભ્યાસ નહિ, તે તેને નહિ સ્વાદ;
અંધા આગળ આરશી, બહેરા આગળ નાદ. ૧૩૭

### ઇંદ્રવિજય છંદ.

સુંદર તો પણ શા ઉપયોગની,
અંધનિ આગળ આરશી લાવ્યો;
જો ગજરાજ દિસે અતિ ઉત્તમ,
નિર્ધનને ઉપયોગ ન આવ્યો;
મર્કટ કંઠ ધર્યો મણિ હાર,
પ્રહાર ગણી અતિ દૂર ઉડાવ્યો;
કાવ્ય કળા કરી મૂરખ પાસ,
બધીરની આગળ શંખ બજાવ્યો. ૧૩૮

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મનહર છંદ.

ઘન તણો ઘોર સુણી મોર બોલે જોર કરી,
સ્વાતિતણોબિંદુ શીપ ગ્રહ્યથી ઝીલે છે;
પ્રભાકર પ્રભાવડે પ્રફુલિત પદ્મ થાય,
ચંદ્ર ચંદ્રિકાથી ખૂબ કુમુદિની ખીલે છે;
ચમકથી જેમ લોહ ચંચળ તરત થાય,
સુગંધને સદ્ય જેમ સમીર હરી લે છે;
કહે દલપત તેમ કવિતાના શોખી જન,
કવિતા સુણીને સાર સર્વ સમજી લે છે. ૧૩૯
સુંઘતાં સુગંધી વિષે સ્વાદ સમજી ન શકે,
નક્કી શૂન્ય નાસિકા છે એમ ઉર આણીએ;
દશ્ય વસ્તુ દેખવા ન ઇચ્છે દલપતરામ,
દુનિયામાં દૃષ્ટિશૂન્ય જન એ તો જાણીએ;
કીરતી કથન કે રસિક રુડો રાગ કહી,
સુણવા ન ઇચ્છે શ્રોત્રશૂન્ય તે પિછાણીએ;
સુ કવિતા રસથી ન રંજન હૃદય થાય,
તે હૃદયશૂન્ય એમ પ્રસિદ્ધ પ્રમાણીએ. ૧૪૦

વસંતતિલકા વૃત્ત.

જેને ન જાણ કદી કોકિલ કાગ કેરું,
તે કાગનું કદિ વખાણ કરે ઘણેરું;
જેણે સુણ્યા શ્રવણ કોકિલ શબ્દ સારા,
તે કાગના સ્વર સુણી નહિ રીઝનારા. ૧૪૧

દોહરા.

જેને જેનો સ્વાદ નહિ, તે તેને ન અહાય;
દૂષણ આપી દ્રાખને, કાગ લિંબોળી ખાય. ૧૪૨
સાકર લાગે સર્વદા, મનુષ્ય માત્રને મિષ્ટ;
કડવી તેને જે કહે, તેનું તન રોગિષ્ટ. ૧૪૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રે સાકર તુજને સઉ, નહીં કહે રસહીણ;
ભક્ષ કરે અમલી ભલે, તુજને તજી અફીણ. ૧૪૪

### મનહર છંદ.

શેલડી કહે છે સુણ ગર્ધવ આ સાકરને,
શું થયું જે તારા જેવા આદર ન આપશે;
દૈવે તેના સ્વાદનો તને ન અધિકાર આપ્યો,
એથી અરિખ્યાથી એની આબરૂ ઉથાપશે;
તારો અંતે થશે તોલ ધમકશે ઢીલાં ઢોલ,
તારા બોલે બોલ બધા તુજને સંતાપશે;
અમથો બકે શું આમ કહે દલપતરામ,
સાકર તો ઠામ ઠામ, વિશ્વ વિષે વ્યાપશે. ૧૪૫

### કદળી પ્રબંધ.

પાલણું રૂપાળું પણ જેને ઘેર પુત્રનો–
આવાજ નહિ તો પછી તેને તેનું શું કાજ છે ?
રાજચિહ્‌ન રુડાં પણ જેના તાબામાં જરીયે,
રાજ નહિ તો પછી તેને તેનું શું કાજ છે ?
લાયકીના લક્ષણનું લક્ષધા છે મૂલ પણ,
લાજ નહિ તો પછી તેને તેનું શું કાજ છે ?
કવિતા સરસ પણ સાંભળવા તણી જે–
ઇચ્છા નહિ તો પછી તેને તેનું શું કાજ છે? ૧૪૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પાલણું રૂપાળું પણ જેને ઘેર પુત્રનો આવા

રાજચિહ્ન રુડાં પણ જેના તાબામાં જરી એરા

લાયકીનાં લક્ષણ નુ લક્ષધા છે મૂલ પણ લા

કવિતા સરસ પણ સાંભળવા તણી એ ઇચ્છા.

जन हितो पछी तेमेते तें शुं काज छे.

P. P. Ac. Gunratnasuri M.S.        Jin Gun Aaradhak Trust

### દોહરા.

કદી ઉલૂક અનેક મળી, કહે સૂર્ય નિસ્તેજ;
પણ જાણો નિશ્ચે પડે, અંતે જુઠા એજ. ૧૪૭
તોળે ગુંજા તુલ્ય તો, હેમ ન થૈશ ઉદાસ;
તારી બરાબર ક્યાં થશે, શું ગુંજાની ગુંજાશ. ૧૪૮

### મનહર છંદ.

અજાણ્યાને દિલ્લિના ઠગારા દસ બાર મળ્યા,
લક્કડના લાડુને વખાણ્યા મુખ વાણીમાં;
ભોળા જને ભોળવાઇ ખરીદ્યા તે મોંઘા મૂલે,
જાણ્યું સારા જનોને જમાડીશું ઉજાણીમાં;
ભાગીને તે જોયા ત્યારે લાકડાનો ભુકો ભાળ્યો,
પલાળી કરેલા લાડુ ખાંડ તણા પાણીમાં;
જેના મુખ આગળ મુકે તે થૂથૂ કહી થુંકે,
ધન ખરચેલું બધું ગયું ધૂળધાણીમાં. ૧૪૯

### દોહરો.

થોડા જનો ઠગાય પણ, પ્રસિદ્ધ જયાં તે થાય;
લક્કડના લાડુ પછી, કોઇ ન લેવા જાય. ૧૫૦

### ઇંદ્રવિજય છંદ.

ફેરવી રૂપ દગાથી ફસાવી, અરે નર અંતર ફોગટ ફૂલે,
છાની રહે નહિ છેક હમેશ, ખરેખરી વાત કદી પણ ખૂલે;
ભોળાવીએ ભરમાવી ભલે પણ, ભોળપણે ફરીથી નહિ ભુલે,
કાગળ હાંડલી કોઇ કરે, કદિ એકજ વાર ચડે પણ ચૂલે. ૧૫૧

### મનહર છંદ.

જેને જગદીશે નરી વાણીનો વિલાસ દીધો,
વાણી દીધી પણ જે ન જાણે જુદા રાગને;
તેવાને તો કાવ્યકળા અતિ ઉપયોગી નથી,
કાંચન તે ઉપયોગી નહિ જેમ કાગને;

P. P. Ac. Gunrathasuri M.S. Jin Gun Aaradhak Trust

મર્મ નહિ જાણે તેને મન તો સમાન બધું,
બકરો ગણે છે બરાબર વન બાગને;
સમજે સુણીને તેનું કવિતા ડોલાવે શીશ,
મોરલીના નાદ જેમ ડોલાવે છે નાગને. ૧૫૨

## વ્યસની પ્રતિ ઉક્તિ.

### મનહર છંદ.

અરે ઓ વ્યસની નથી વ્યસનીનો વાટવો આ,
આમાં તો અધિક ગુલખાસ ને ગુલાબ છે;
ચંપા ને ચંબેલી તણા હશે ગજરા ને હાર,
બીજા પણ એમાં એવા બહુ બહુ બાબ છે;
ફોગટ તું ફંદીશ માં તે તો નહિ ફાવે તને,
જો તું મને પુછે તને એટલો જવાબ છે;
ગાંજો નથી ભાંગ નથી, બાળી પીવા બીડી નથી,
પત્ર પુષ્પવાળી આ શ્રીમાળીતણી છાબ છે. ૧૫૩
ગ્રાહક ઘણાક દેખી સુખડીએ સમજાવ્યું,
આ તો સારી સુખડીઓ વેચવાનું સ્થાન છે;
પેંડા બરફી પતાસાં ખાજાં પણ મળે ખાસાં,
પુષ્ટિકાર બીજાં પણ મીઠાં પકવાન છે;
સાકર ઇલાઇચી સહિત જે સુગંધીદાર,
પ્રેમથી પીઓ તો પીવાયોગ્ય પયપાન છે;
પીવી હોય મદિરા ને ખાવી હોય અફીણ તો,
તેવા જનો જાઓ જ્યાં કલાલની દુકાન છે. ૧૫૪

### દોહરો.

જેનો ચારો જે કર્યો, તેને ભાવે તેજ;
હંસ સદા મોતી ચરે, કાગ અભક્ષ કરેજ. ૧૫૫

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

## મનહર છંદ.

પાણી ખારા તણા પ્રાણી દૂધ મહિ ધરી દેખો,
તરતજ તરફડી મુંઝાઇ એ તો મરે;
ભોગીતણા ભારે ભારે વૈભવને ભુંડા ગણે,
જેનું મન જોગી થવા જોગ જુગતી કરે;
કોમળ કવિતા રુડા કવિની કરેલી ભલી,
અણુસમજુને ઉર એ તો નહિ ઉતરે;
કહે દલપતરામ જેને નહિ જેનું કામ;
વીખનો વિલાસી જીવ સાકરને શું કરે ? ૧૫૬
વરસાદ થતાં સુખ થાય વનસ્પતિ સૌને,
જવાસાનો જીવ જાય, એકે નહીં ઉછરે;
સૂરજ ઉગ્યાથી જુઓ સકળ સંસાર રીઝે,
ઘૂડને ઘણો કલેશ એ થકી અનુસરે;
ચંદ્રતણી ચાંદનીને ચાહે છે ચક્ષુ સઉનાં,
ચોર લોક ચિંતા ચિત્ત ચોગણી એથી ધરે;
કહે દલપતરામ જેને નહિ જેનું કામ,
વીખનો વિલાસી જીવ સાકરને શું કરે ? ૧૫૭
આંધળાને આરશીનો ઉપયોગ એકે નહીં,
બધીરને બધા રાગ બકવા જેવા ઠરે;
હાથીતણે હેદ્દે જેને બેસવાનું હોય નહિ,
દીલ તેનું દૂરથીજ દેખી દેખીને ડરે;
આળસુને વિદ્યાનો અભ્યાસ ત્રાસ ઉપજાવે,
કંજુસને કીરતીનો કશો રસ ઊતરે;
કહે દલપતરામ જેને નહિ જેનું કામ,
વીખનો વિલાસી જીવ સાકરને શું કરે ? ૧૫૮
કીડી શોધે કણને કનકનું ન કામ કશું,
ચારપગાં ઢોર તે તો ચાર ચાહીને ચરે;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સિંહને તો સ્વાદ સદા માંસનોજ સારો લાગે,
શેલડીનો સ્વાદ જાણી વિવેકે ન વાવરે;
ગર્ધવને ગમ નહિ સારી કે નઠારી ગંધ,
તજી શુભસ્થાનક કુસ્થાનકે ફેરા ફરે;
કહે દલપતરામ જેને નહિ જેનું કામ,
વીખનો વિલાસી જીવ સાકરને શું કરે ?　　૧૫૯

**દોહરા.**

નિંદા તેની નવ ગમે, જેમાં જેને સ્વાદ;
નિંદા કાંધે વ્યસનની, વ્યસની ધરે વિષાદ.[૧]　　૧૬૦
રુડી કલમ રસાળની, કલમ લખ્યાની કોય;
કરમાં છે તો જુક્તિ કર, હર વરસે ફળ હોય.　　૧૬૧
સુબોલથી શોભે વદન, કુબોલથી બેતાલ;
કાળું ચાવ્યે કોયલા, પાન ચાવતાં લાલ.　　૧૬૨
કાળપ ભરિયું કાળજું, કુકવિતણું તમામ;
તેના ચુંબનથી થયું, શામા તુંજ મુખ શ્યામ.　　૧૬૩

## કવિયોની વૃદ્ધિ વિષે.

**મનહર છંદ.**

હેવે દયા આણી મહારાણીજીના રાજ્યરૂપી,
પરજન્ય પ્રેર્યો તે પોતાનો ધર્મ ધારે છે;
વાજે પડઘમ જાણે ગાજે છે ગગન ઘન,
શસ્રધર વીજળીના વેગથી સંચરે છે;
વાવટા વિચિત્ર મેઘધનુષ સમાન શોભે,
વિદ્યારૂપી વારી ઝાઝું વસુધામાં ઝરે છે;
કહે દલપતરામ ગામ ગામ ઠામ ઠામ,
કવિ રૂપી કળાધરો ટહુકારા કરે છે.　　૧૬૪

૧. ક્લેશ.

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

### દોહરો.

માંડે સંખ્યા મોરની, મુખે ગણી મંડાય;
પણ કવિજન આ કાળના, ગણે ગણી ન શકાય. ૧૬૫

### અનહર છંદ.

એક શેહેરનો રાય કહે સુણો કવિરાય,
ઘણા તમો જોવા અહિં કવિ ઘેર ઘેર છે;
તમારા મુલકમાં તો કવિયોનો ટોટો હશે,
અહીં તો આ સમયમાં કવિ ટકે શેર છે;
કહે કવિ સુણો રાય સર્વ કવિ ટકે શેર,
એવું આ સભામાં હોય એ તો કાળો કેર છે;
ખાજાં ભાજી હતાં એક શહેરમાં ટકે શેર,
આજ જાણ્યું એવું બીજું આપનું શહેર છે. ૧૬૬

### દોહરા.

હું તો કવિ મતિ અલ્પ છું, અર્થ વિષે અજ્ઞાત;
સજ્જન સુણો હવે કહું, વડા કવિની વાત. ૧૬૭
પક્ષપાત વિણ જ્યાં સભા, ત્યાં પુસ્તકો ધરાય;
ઉત્તમ અધમ કવિતણી, તરત પરીક્ષા થાય. ૧૬૮

### દુમિલા છંદ.

વરતાય નહિ સતી સર્વ સમે,
વરતાય સતી અતિ સંકટમાં;
રણભૂમિ ભયાનકમાંજ જણાય,
સમર્થપણું નર સુભટમાં;
સજિ નાટક જ્યાં શુભ નાચ કરાય,
કળાય કળા નિરખી નટમાં;
કવિ તો ખહુ છે દલપત કહે,
સમજાય કવિત્વ સભા તટમાં. ૧૬૯

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દોહરો.

જૂઠ પક્ષપાતે વદે, બોલે નિર્લજ બોલ;
તેવી સભાને તો ગણો, મર્કટમંડળી તોલ. ૧૭૦

મનહર છંદ.

મરાળ તો મોતી ચરે મોતીમાંજ માન્યું મન,
ભલા તેને અવર આહાર કેમ ભાવશે;
સાકર સદૈવ ખાવા ઇચ્છે છે સક્કરખોર,
અન્ય પર રુચિ કેમ અંતરમાં આવશે;
સુગંધનો ભોગી ભૃંગ સુગંધનો સંગ તજી,
ભમી જાય કેમ કદી કોઇ જો ભમાવશે;
કહે દલપત તેમ કવિતાના ભોગી જન,
કવિતામાં નિજ લક્ષ લક્ષધા લગાવશે. ૧૭૧
ઘનતણો ઘોર સુણી મોર જેમ સોર કરે,
સુકવિતા સુણી જન વાહ વાહ બોલે છે;
બાળક જુવાન વૃદ્ધ બુદ્ધિબળ અનુસારે,
તત્વ કવિતાનું નિજ ચિત્ત સાથે તોળે છે;
પવનની લહેરથી પત્રપત્ર જેમ લળે,
હૈયું જનતણું તેમ કવિતા હિંચોળે છે;
કહે દલપતરામ સરસ કવિતા સુણી,
શિશ નર નારિયોનું નાગ જેમ ડોલે છે. ૧૭૨

કુંડળિયા છંદ.

નહિ ડોલે જે નાગ તો, નહિ વંશીનો નાદ,
જંગમ જન થિર થાય નહિ, સુણી કવિતાનો સ્વાદ;
સુણી કવિતાનો સ્વાદ, મરદ માદા નહિ ડોલે,
નહિ કવિતા તે ઠામ, બરાબર બકરો બોલે;
કહે દ્વિજ દલપતરામ, નામ ધિક ખોટું ખોલે,
ધિક વંશી વાનાર નાગ સુણી જો નહિ ડોલે. ૧૭૩

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

કંઠ હલાવે કોથળો, કણ ભરતાં જે કાળ,
જન મનમાં જાણી લહે, પહોંચ્યા કણ પેટાળ;
પહોંચ્યા કણ પેટાળ, કવિત તો ત્યારે કહિયે,
શ્રોતા જનનાં શીશ, ડોલતાં દેખી લહીએ:
કહે દ્વિજ દલપતરામ, નામ કવિ કાવ્ય બનાવે,
હજાર શ્રોતા હોય, કોય નહિ કંઠ હલાવે. ૧૭૪
સરસ કવિનું કાવ્ય સુણી, હરખી હલાવે કોટ,
નરસ કવિના કાવ્યમાં, ઉંઘ ચલાવે ચોટ;
ઉંઘ ચલાવે ચોટ, કોટ જનની કંપાવે,
તેથી જગમાં લાજ, નરસ કવિની નહિ જાવ:
કહે દ્વિજ દલપતરામ, નથી તે વાત નવીની,
નાવે નિદ્રા નામ સુણિ કવિતા સુકવિની. ૧૭૫

## શ્રોતા પ્રત્યે નમ્ર વિનંતિ.

### દોહરો.

કવિના તર્ક વિતર્કથી, છેક અજાણ્યો છું જ;
કવિ સુજને લોકો કહે, નામ માત્ર કવિ હું જ. ૧૭૬

### છપય છંદ.

ક્યાં મણિ માણક મૂલ, મૂલ ક્યાં કોડી કેરું,
ક્યાં ગરુડ ગતિમાન, અને ક્યાં ધાન્ય ધનેરું;
ક્યાં તૂતીનો નાદ, નાદ ક્યાં નોબત કેરો,
આકળ જળ શા માત્ર, જ્યાં ઘન ચઢે ઘણેરો;
પ્રતિભાન મહાન થયા કવિ[1], કવિતા કરી નવી નવી,
એવા કવિયોની આગળે, કોણ માત્ર દલપત કવિ. ૧૭૭

---

૧. કવિ પ્રેમાનંદ ભટ અને સામળ ભટના જેટલી કવિતાશક્તિ મારામાં નથી, પ્રેમળ ભીમ વગેરે સર્વે કવિઓનો હું દાસ છું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### મનહર છંદ.

ગોળ જાણે હુંજ ગળ્યો, ખાંડ તેથી ખૂબ ગળી,
ખાંડથી ખરેખરો તો સાકરમાં સાર છે;
સાકર સરસ હોય દીસે જ્યારે દૂધ જેવી,
દૂધ મીઠું દ્રાખ જેવું સારું તે શ્રીકાર છે;
ગુણતણું, ગુણવાન, આણે કોણ અભિમાન,
જોઈ જોઈ જો કરે, વિવેકનો વિચાર છે;
કહે દલપતરામ સાંભળો સાહેબ સર્વ,
એક એક થકી એમ ઉત્તર અપાર છે. ૧૭૮

### દોહરો.

શક્તિ નહિ શણગારની, તો સજીએ સંતોષ;
પણ પેખીને પારકા, શિદ કરીએ અફસોસ. ૧૭૯

### વસંતતિલકા વૃત્ત.

રે ભૃંગ[1] અંગ તુજને પ્રભુ આંખ આપી,
તું કેમ એમ ડરિયો સ્થિર થૈ તથાપિ;
શક્તિ સમાન કરણી કરવી તપાશી,
મોટાની શક્તિ નિરખી ન થવું નિરાશી ૧૮૦

### ભ્રમરાવળી છંદ.

કરજોડિ કરું ભલિ ભાત ભલા જનને અરજી,
ધરી નમ્રપણું શિર નામી કહું મનની મરજી;
કદિ ચૂક જણાય અચૂક કૃપાથી ક્ષમા કરજો,
ધરી સજ્જનનો દિલ ધર્મ સદા ગુણ સંઘરજો. ૧૮૧

રચતા કવિતા ઋષિ વ્યાસ, ગણેશ હતો લહિયો
પણ એયતણી થઇ ચૂક ન ગર્વ દિલે રહિયો;

---

૧. ભમરો.

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

જન જાત તણી પછી વાત કહો સુખ શી કહિયે,
નહિ કેમ પડે કદિ ચૂક રૂદે સમજી રહિયે. ૧૮૨

ઉરમાં જરિએ અભિમાન કહો કદિ કેમ ધરૂં,
પ્રભુ પ્રેરિત બુદ્ધિ પ્રમાણ કવિત્વનું કામ કરૂં;
જન જાત સમસ્તની સાથ સુમિત્રપણું મનમાં,
કરવા ધરી કોડ કહું કવિતા જગના જનમાં. ૧૮૩

## દોહરો.

દુર્ગુણની નિંદા કરે, જો દુર્ગુણી દુખાય;
સમજી લે તે નિજ શિરે, એનો નહીં ઉપાય. ૧૮૪

## મનહર છંદ.

અરે જીવ હિંમત ધરીને મોટી મજે કર,
વજીર સમાન જ્ઞાન દોલતના ભરથી[1];
શંકર સ્વામીતણું જે જન સ્મરણ કરે,
થવાનું હરેક તેની દયાની નજરથી;
રિદ્ધિ સિદ્ધિતણા ધણી ઉપર જો પ્રેમ ધર,
તો તને મળશે પ્રેમ તે ધરણીધરથી;
નીતિમય માપવાળું સ્નેહથી જો કાજ સજ,
સરે તુજ કાજ મતિ મળે તેના ઘરથી. ૧૮૫

## દોહરો.

એજ અર્થ ફરીથી કહું, જો સૌને સમજાય;
માંગલિક શુભ સાથિયો, પગરણમાં પૂરાય. ૧૮૬

---

૧. ચાર જ્યો. P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ગતાગત સ્વસ્તિક પ્રબંધ.

### ઇંદ્રવિજય છંદ.

રે કર જીવ મજે ધરિ હામ, મહારિધ જેમ વજીર કરે,
રે જન યાદ કરે હરનાથ, થનાર હરેક દયા નજરે;
રે ધર પ્યાર ઘણી રિધ સીધ, ધસી ધરિણીધર પ્યાર ધરે,
રે સજ કાજ નીતિમય માપ, પમાય મતી, નિજ કાજ સરે. ૧૮૭



## છત્ર પ્રબંધ.

### દોહરો.

કરું વિધવિધ જન પ્રિય કવન[1], સજિ મતિ તજિ શઠ સાફ;
તદપિ નરસ કર નજર ચુક, કવિજન કરજો માફ. ૧૮૮




૧ કવિતા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ખેતરમાંથી ખેડુઓ, જો કણુ લે છે જોઇ;
તપાસ રાખે તોય પણ, રહે કાંકરા કોઇ. ૧૮૯
તેમજ મુજ કવિતા વિષે, દિસે જો કંઈ દોષ;
સુધારી લેજો સજ્જનો, રૂદે ન ધરશો રોષ. ૧૯૦

## ભુજંગી છંદ.

અહો સજ્જનો આ રચું છું રકાબી,
ભરું પાન ને ગુચ્છ તોરા ગુલાબી;
પછી તે ધરું ભેટ લૈ આપ પાસે,
પુરો આપનો પામવા પ્રેમ આશે. ૧૯૧
કરો કોડ લાવી કૃપાથી સ્વીકાર,
સુગંધી સદા આપને આપનાર;
લઇ આપના મેજને શીર શ્રાપો,
મને મોજમાં આપનો પ્રેમ આપો. ૧૯૨
વળી તે વિષે જો જવાહીર જાણો,
વિશેષે કરી મૂલ જેનું વખાણો;
ધરો કંઠમાં તે કરી સારી માળા,
સભા મધ્ય તો શોભશો થઇ રૂપાળા. ૧૯૩

## શંખધારી છંદ.

અતી પ્રેમ આણી, વદું એવી વાણી;
સભાના સમાજી, રૂદે થાય રાજી. ૧૯૪
વળી કાવ્ય વાંચે, પ્રજા કોઇ પાંચે;
મને મિત્ર માને, બહુ એજ બાને. ૧૯૫
ઉરે પ્રેમ આણે, વિશેષે વખાણે;
ગણી લાભ લીજે, રમાનાથ રીઝે. ૧૯૬
અતી એજ આશા, ભણું ભાવ ભાષા;
જુઓ બુદ્ધિ જેવી, ઉઠે ઉક્તિ એવી. ૧૯૭

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

તથા વિશ્વત્રાતા, દિસે બુદ્ધિદાતા;
પુરી સૂજ પાડે, સુરસ્તો સુજાડે. ૧૯૮
ભલા છંદ ભાસે, રુડા તો રચાશે;
નથી બોલનારી, મહા શક્તિ મારી. ૧૯૯
ગણો અલ્પ જ્ઞાની, સજું યુક્તિ શાની;
ચડયો કાવ્ય ચાળ્યે, ઢળ્યો એજ ઢાળે. ૨૦૦
પુરા પંડિતોની, કવિ કોવિદોની;
ભલાઇ ભણું છું, ગુરુ હું ગણું છું. ૨૦૧
સ્તવું નમ્રતાથી, સુણો સુજ્ઞ સાથી;
લખ્યું વાંચી લેજો, દયાભાવ દેજો. ૨૦૨
રખે રીસ રાખો, ચિતે સ્વાદ ચાખો;
સજે સૌ સુધારો, વિપત્તિ વિદારો. ૨૦૩

### ઇંદ્રવિજય છંદ.

પ્રેરક શ્રી પરમેશ્વર આપ,
કવીશ્વર ચિત્ત વિષે ચતુરાઇ;
માનવિ વ્યર્થ ગુમાન ધરે,
કરતાર કૃપાથી કરી કવિતાઈ;
બુદ્ધિ પ્રભુની પ્રભુની બધી ચીજ,
તેની રુચિ સમ જુક્તિ રચાઇ,
મતુ કરે દલપત્ત મફત્તનું,
પારકી લેખણુ પારકી શાહી. ૨૦૪

## ग्रंथारंभ प्रकरण.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# प्रकरण २ जुं.

## પ્રભાત, સાયંકાળ તથા ઋતુ વર્ણન.

### પ્રભાતનું વર્ણન.

દોહરા.

નિરખ્યાં પ્રથમ નિહાળતાં, રાત દિવસ ઋતુભેદ;
તે માટે કહું તે વિષે, અંતર ધરી ઉમેદ. ૧
સૌને સૂર્યોદય થતાં, સૂઝે સઘળી વાત;
તે માટે કોડે કરું, વર્ણન પ્રથમ પ્રભાત. ૨
અદલ રાજ્ય અંગ્રેજનું, પ્રગટ્યું સૂર્ય સમાન;
વિદ્યાપ્રકાશથી થયું, ગુણ અવગુણનું જ્ઞાન. ૩

### પરોઢિયું.

ઉપજાતિ વૃત્ત.

ઘંટા તણા ચાર ટકોરા વાગ્યા,
ઉદ્યોગી લોકો જન સર્વ જાગ્યા;
જાણે શ્રુતિ ચાર તણા ઉચારે,
મુમુક્ષુ અજ્ઞાનપણું ઉતારે. ૪
પૂર્વે ઉગ્યો શુક્રતણો શિતારો,[१]
તેજસ્વી તે શોભિત શ્રેષ્ઠ સારો;
શું સૂર્યનો તે સરદાર આવ્યો,
સંધિ કરાવા શુભ વિષ્ટિ લાવ્યો. ૫

१ તારો.

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પરોઢિયે શીતળ વાયુ વાય,
તેથી પડે ટાઢ અને કુજાય;
કુરાજયમાં જેમ જનો ન જંપે,
બીકે બધા લોકની કાય કંપે. ૬

પરોઢિયે ઝાકળ તો પડે છે,
ભીનાં થયેલાં તરુ તે વડે છે;
જાણે નિશાસુંદરી છાંડી ધીર,
રોઇ ધરાવે નિજ નેણુ નીર. ૭

કૂકૂ સ્વરો કુક્કુટ તો કરે છે,
સર્વત્ર જેના સ્વર સંચરે છે;
જાણે રવિરાય પધારનારો,
તેના છડીદાર તણો ઉચારો. ૮

વાજે રુડાં ચોઘડિયાં નગારાં,
જે લોકને નિત્ય જગાડનારાં;
જાણે નવા રાજયની ફોજ આવે,
તેની ખડી નોબત આ બજાવે. ૯

ઘંટીતણો ઘોષ ઘણાક થાય,
દાણા પડ્યા બે પડમાં દળાય;
આકાશ પૃથ્વી પડ બે પ્રમાણો,
જીવો પડ્યા તેમ દળાય જાણો. ૧૦

મંડી વલોવે મહિયારી નારી,
તજી બીજું માખણ લે ઉતારી;
તે જેમ સુજ્ઞો સુણી શાસ્ત્રબોધ,
તજે બીજું સંઘરી સાર શોધ. ૧૧

સીમા ભણી શબ્દ કરે શિયાળ,
કાને પડે ઘોષ ઘણા દયાળ;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જાણે નિશાની ચમુને[૧] જણાવે,
નાસો હવે સૂર્યનું સૈન્ય આવે. ૧૨
વિદ્યારથી પાઠ ઉઠી કરે છે,
જાણે રવિના જશ ઊચરે છે;
પ્રભાતિયાં ગાય સુભક્ત પ્રીતે,
જાણે રવિના ગુણ ગાય ગીતે. ૧૩

## આથમતા તારા તથા ચંદ્ર.

તારા શશી પશ્ચિમમાં સિધાવે,
તે દેખીને એમ વિચાર આવે:
ધનાઢ્ય દેશો બહુ ત્યાં વસે છે,
જેવા બધા દેવ વિમે ધસે છે. ૧૪
જયાં મેષ ને જયાં શશ[૨] બેલ[૩] સંગ,
તે રાયને જોર રહે ન અંગ;
શશાંકની એવી દશા બની છે,
સ્વતંત્ર રાજયાસન વ્યર્થ ઇચ્છે. ૧૫
આ [૪]મેષ ને આ વૃષને વિલોકી,
રહ્યો દિસે મારગ સિંહ રોકી;
સ્વદેશિયો સંપ ચહે ન ચિત્ત,
તે રાયનું રાજય રહે શી રીત. ૧૬
નિશાપતિ પશ્ચિમમાં નમ્યો છે,
માથે હતો ત્યાંથકિ તો ભમ્યો છે;
જાણે શશીની ચઢતી કળા ગૈ,
હવેથી તેની પડતી સ્થિતિ થૈ. ૧૭

૧. ચમૂ=ફોજ. ૨. શશ=સસલું, ચંદ્રમાં જણાય છે તે. ૩. બેલ=વૃષરાશિ.
૪. મેષ-બકરો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સપ્તર્ષિઓ ઉત્તરમાં ઝઘે છે,
જે સિંહની સાથ સદા ઉગે છે;
જાણે અનુષ્ઠાન મળ્યાની આશે,
ઇચ્છે જવાને નિશિનાથ પાસે. ૧૮

અગસ્ત તો દક્ષિણમાં દિસે છે,
મિથુનની સાથ સદા વસે છે;
વહેંચતાં દાપુ થઇ લડાઈ,
જાણે ઋષિ સાથ પડી જુદાઈ. ૧૯

આ કર્ક આકાર જુઓ કર્યો છે,
આ સિંહ આકાર જુઓ ધર્યો છે;
અનેક આકાર જણાય એમ,
સંગ્રામમાં વ્યૂહ રચાય જેમ. ૨૦

ભૂમિ ભમી પૂર્ણ શશી સિધાવ્યો,
વિતર્ક એથી કવિ ઉર આવ્યો;
વૃદ્ધત્વ આવ્યું તરુણી નિશાને,
નમાવિયું ભૂ ભણી મુખડાને. ૨૧

આદિત્ય આભાસ વિશેષ થાય,
શશાંક ઝાંખો પડતો જણાય;
બલિષ્ઠનો આગમ જાણી જેમ,
ઝાંખો પડે નિર્બળ ભૂપ તેમ. ૨૨

શશાંકનો છેક ઘટ્યો પ્રકાશ,
કેવો દિસે પશ્ચિમ દીશ પાસ;
જાણે બજાવા ઘડી પૂર્ણ થાતે,
આકાશ ટાંગી ઘડિયાળ આ તે. ૨૩

અંધારું ટાળી ન શક્યો શશાંક,
મરડ્યો શશીએ શિર એજ વાંક;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aradhak Trust

તેનો રવિ દેવ તપાસ દીધો,
જાણે શશીને પદભ્રષ્ટ કીધો. ૨૪

ભાનુથકી ચંદ્ર પ્રકાશ લે છે,
તેથીજ તે શીતળતા ધરે છે;
ભિક્ષાર્થિ પામે અતિ રિદ્ધિ આપ,
પડે ન તેનો જગમાં પ્રતાપ. ૨૫

જે તીવ્રતા તો તનમાં ન રાખે,
સ્ત્રી તુલ્ય તેનું સુખ લોક ભાખે;
રાખી શકે તે નહિ રાજ્ય ક્રોશી,
એમાં કહો ભેદ જુએ શું જોશી. ૨૬

જે રાજ્યમાં ચોરનું જોર ફાવે,
તે રાજ્યમાં બીક વિશેષ આવે;
જે રાજ્યમાં હોય ઘણું અંધેર,
તે રાયનું રાજ્ય તપે શો પેર. ૨૭

રે ચંદ્ર જો આ તુજ રાજ્ય થાતાં,
મનુષ્ય સૌ આળસમાં જણાતાં;
શક્તો તજી દેતી પ્રજા જણાઇ,
તે રાજ્ય તો કેમ ટકેજ ભાઇ. ૨૮

સવાર થાતાં શશિ અસ્ત પામ્યો,
તે કોણ જાણે જઇ ક્યાં વિરામ્યો:
જાણે પડ્યો કાદવ હેમ થાળ,
ખુંચી ગયો અંદર એજ કાળ. ૨૯

ઝાંખા પડી થાય અદર્શ તારા,
આકાશમાં જે અતિ શોભનારા;
તે જેમ રાજા તજી જાય રાજ,
ાશી છુટે સૈન્ય તણો સમાજ. ૩૦

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

## ચંદ્રને ઠપકો.

લડયા વિના જે તજી રાજય નાઠો,
દેખાવ દીધો અતિ છેક માઠો;
જરૂર જાતે જગ જાણિયો છે,
ક્ષત્રી નહીં તે વિધુ વાણિયો છે. ૩૧
નીચી કરી મૂછ નમ્યો હરિ[1] તે,
દીધો તજી દેશ ગયો ડરી તે;
ધરે ન ક્ષત્રી તુજ નામ મંદ[2],
વણીકને લાયક નામ "ચંદ."
અરે તને શું કહું સિંહરાશિ,
તું સિંહ શેનો મન જો તપાસી,
તીર્થે ગયો સંગ સજી અભંગ,
શોભે હવે તો તુજ નામ સંગ. ૩૩

### દોહરો.

સિંહ નામ ક્ષત્રી હતા, લડતા અડર અભંગ;
સિંહ પુરુષ સ્વર્ગે ગયા, હવે રહ્યા સૌ સંગ. ૩૪

## પ્રભાત.

### ઉપજાતિ વૃત્ત.

ઘણો કરે છે નિધિ ઘૂઘવાટ,
ગાજી રહ્યો છે બહુ સર્વ ઘાટ;
જાણે ગયું પુત્રનું રાજપાટ;
ક્રોધે કરે ગર્જન એજ માટ. ૩૫
પંખી મધુરા સ્વર ઊચરે છે,
જુદી જુદી જાત અનેક જે છે;
જાણે થશે આજ નવીન રાય,

૧. હરી-ચંદ્ર. ૨. મંદ-મૂર્ખ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગાંધવ તેના ગુણ ગાન ગાય. ૩૬
જનો સ્તુતિ ઈશ્વરની કરે છે,
માહાત્મ્ય તેનું મનમાં ધરે છે;
જાણે રવિનું શુભ રાજ્ય જાગે,
પ્રભુ સમીપે સુખ એમ માગે. ૩૭

ઉઠયા જનો ચંચળ અલ્પ દિસે,
જામો ન અંગે નહિ પાઘ શીશે;
જાણે થતાં બે નૃપની લડાઇ,
લોકો તણી લક્ષ્મી ગઇ લુંટાઇ. ૩૮

રહે કુભાર્યા પતિ સાથ રૂઠી,
પ્રભાતમાંથી લડતીજ ઉઠી;
સુરાજ્ય થાતાં પણ ખંડખોર,
સુખે ન બેસે ઠરીને નઠોર. ૩૯

પતિવ્રતા કાળ પવિત્ર જાણી,
વદે પતિ આગળ પ્રેમ વાણી;
સુરાજ્યનો જોગ રુડો જડે છે,
સુજાણ સંપી સુખ ભોગવે છે. ૪૦

શહેરમાં માર્ગ જળે સિંચાય,
જેથી પુરી ના ગરદે ભરાય;
જાણે રવિ [1]દૂતતણી સવારી,
પધારશે જાણી પુરી સુધારી;
રાતે રહેલા જન ચોકિદાર,
તેમાં કરે નાયક ફેરફાર. ૪૧

જાણે જુના રાયતણા સિપાઇ,
વિદાય કીધા નવી ફોજ ધાઇ. ૪૨

---

[1] કિરણોની.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દેવાલયે ને વળિ રાજદ્વારે,
વાજાંતણા ઘોષ થયા અપારે;
જાણે પ્રજાએ સુણિને વડાઇ,
સામા જવાની કરી છે સજાઇ. ૪૩
મૂક્યાં ઉઘાડાં પુર [1]દુર્ગ દ્વાર,
પ્રવાસિયો પંથ પળે અપાર;
છૂટે જિવોને જઠરાગ્નિવાસ,
ફરે હરે જેમ કરે વિલાસ. ૪૪
પ્રવાસિયો જાય અનેક રસ્તે,
પ્રવાહની પેર દિસે સમસ્તે;
જાણે રવિથી હિમ પીગળીને,
વહી નદીઓ બહુ નીકળીને. ૪૫
ઉતાવળો કોઇ વહે અગાડી,
અગાડી જાનાર રહે પછાડી;
પૃથ્વી શનિ આગળ ચાલી જાય,
તો જેમ તે વક્ર થયો જણાય. ૪૬
ઉતાવળો જે પંથ પંથી ધાય,
થાકી રહે ને મનમાં મુઝાય;
ઉતાવળો થાય હરેક કામે,
તે જેમ તેમાં નહિ સિદ્ધિ પામે. ૪૭

## અરુણોદય.

પ્રાચી દિશામાં નભ રક્ત દીસે,
એ ઠામ શોભા ઉપજી અતીશે;
જાણે પ્રતાપી પરણે ભુપાળ,
આનંદનો આજ ઉડે ગુલાલ. ૪૮

---

૧ દુર્ગ-કિલ્લો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રતાશ આકાશ વિષે નિહાળી
વદે કવિ વાણી વિતર્કવાળી;
આવે રવિ સ્વારી વિશેષ ધાતી,
એથી ઉડી આ અતિ ધૂળ રાતી. ૪૯
સાંધો ધરાને નભનો જણાય,
તૃષ્ણાતણો અંત તથા ગણાય;
પાસે દિસે પાર નહિ પમાય,
જોવા જનારો જન તે ઠગાય. ૫૦
પડયું રવિનું [1]પ્રતિબિંબ તેજ,
અજ્ઞાની જાણે કવિદેવ એજ;
ખવાસનો જેમ ડમાક દેખી,
નમે અજાણ્યા નૃપ એજ લેખી. ૫૧
આકાશ રાતું ઉદયાચળે છે,
તથા હવામાં પ્રતિબિંબ જે છે;
જાણે રુડી જાજમ છે બિછાવી,
ઠરાવ્યું સિંહાસન એક લાવી. ૫૨
નથી જણાતા પગ હાથ જેને,
નામે કહે લોક અરુણ એને;
તે સૂર્ય કેરો શુભ સારથી છે,
પુરાણમાં એવી કથા કથી છે. ૫૩
આકાશમાં એમ ગતિ કરે છે,
ગરુડનો બાંધવ તે ઠરે છે;
વિદ્વાનને થાય રમૂજ જાણી,
જુના કવિએ કહિ છે કહાણી. ૫૪

---

૧. પ્રથમ સૂર્ય ઉગેલો દેખાય છે, પણ તે ખરો સૂર્ય નથી; હવામાં સૂર્યનું પ્રતિબિંબ દેખાય છે. ૨ દર્પણ.

P.P. Ac. Gunratnasuri M.S.　Jin Gun Aaradhak Trust

## સૂર્યોદય.

આવ્યો કુદી ત્યાં રવિદેવ એમ,
કૂદી ઉઠે કેસરીસિંહ જેમ;
તે બિંબમાં બિંબ સમાઇ જાય,
આદર્શ [1]જાતાં છબિ એક થાય. ૫૫

જયાં બિંબમાં સૂરજ આવી પેઠો,
તે જેમ સિંહાસન ભૂપ બેઠો;
દશે દિશામાં કિરણો ચલાવ્યાં,
સંગ્રામમાં લશ્કર શું સિધાવ્યાં. ૫૬

રંગે દિસે છે રવિદેવ રાતો,
જાણે થયો છે ધરી ક્રોધ તાતો;
અંધારુ આ લોકનું ટાળવાને,
આવ્યો પ્રતાપી નૃપ પાળવાને. ૫૭

જનો ઉચારે જયકાર વાણી,
કરે પ્રણામો ઉર પ્રેમ આણી;
ગણે ગુરુને પ્રભુ તુલ્ય જેમ,
ગણે રવિને નિજ ઇષ્ટ એમ. ૫૮

મહી રૂપી મૃન્મય [1]કોડિયું છે,
દિવેલ જાણે જળ આ ભર્યું છે;
દિવાસળી લગ્ન [2]સરૂપિ લાગી,
જાણે રવિ દીપક જોત જાગી. ૫૯

એ દુર્બિને સૂર્યનું બિંબ દીઠું,
જાણે દીઠું તે બળતું અંગીઠું;

---

૧. મૃન્મય—માટીનું. ૨. મેષ, વૃષભ વગેરે બાર લગ્ન છે તે રૂપી દિવાસળી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કે તોપ ગોળા ઉપરે ઘણેરા,
પાટા [1]વિંટેલા કિનખાબ કેરા. ૬૦

મહીથકી દ્વાદશ લક્ષ મોટો,
તથાપિ દીસે રવિ છેક છોટો;
એ જાણીને એમ વિચાર આવે,
મોટાઇ મોટા કદી ના જણાવે. ૬૧

છે મૈલ ભાનૂ નવ[2] કોટી દૂર,
તપાપિ તેનું પ્રસરાય નૂર;
જેને પ્રભુ પૂર્ણ પ્રતાપ આપે,
તે રાયનું રાજ્ય વિશેષ વ્યાપે. ૬૨

પૃથ્વી થકી છે ત્રણ લાખ તોલ,
તથાપિ દિસે લઘુ એક ગોળ;
વિદેશિ રાજાતણું જેમ માન,
સુજાણ જાણે, જડને ન ભાન. ૬૩

રવિથી આડું પડ છે હવાનું,
અદર્શ થોડા ક્ષણમાં થવાનું;
દેખાવ દેખી દિલમાં ગમે છે,
જાણે ભવાયો પડદે રમે છે. ૬૪

પ્રકાશ વેગે અતિ દોડી આવે,
સેનાપતી જેમ ચમૂ[3] ચલાવે;
મિનીટમાં મૈલ ઘણા કપાય,
જે લાખ ને છાશી હજાર જાય. ૬૫

---

૧. દુર્બિનથી જોતાં સૂરજનું અંદરનું બિંબ કાળું જણાય છે. તેને ફરતાં સળગતાં વાદળાં ફરે છે, તે કિનખાબ જેવાં દેખાય છે.

૨. નવ કરોડ પંદર લાખ મૈલ. ૩. ચમૂ ફોજ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## કિરણપ્રસાર.

આવ્યો સવા આઠ મિનીટમાં તો,
પ્રકાશ પૃથ્વી પડમાંહિ ધાતો;
પીળો રુડો રંગ દિધો ચડાવી,
સુવર્ણથી જેમ મહી મઢાવી. ૬૬
જે છાપરે તો તડકો પડ્યો છે,
સુવર્ણ રંગે ચિતમાં ચડ્યો છે;
જાણે સુરાજ્યે બહુ દ્રવ્ય એવાં,
દીસે ઘરો ઘેર સુવર્ણ નેવાં. ૬૭
હાંડી તણાં લોલક તેહ સંગે,
ભીંતે પડ્યાં ચિત્ર વિચિત્ર રંગે;
જાણે વિના વૃષ્ટિ કદી ન જાણ્યા,
એવા અહીં મચ્છ અનેક તાણ્યા. ૬૮
વિલોકિ ચિત્રો બહુ રંગવાળાં,
બીજા કહે ચિત્ર બહુ રૂપાળાં;
મર્મી જનો માર્મિક ભેદ લે છે,
શાથી બન્યા તે સમજી શકે છે. ૬૯
રશ્મિ પડ્યાં રંગિત કાચ જેવે,
ઘરો છવાયાં બહુ રંગ તેવે;
જાણે બધે સૂરજદૂત આવી,
લીંપ્યા ઘરોમાં બહુ રંગ લાવી. ૭૦
જે ઓસના બિંદુ અનેક પત્રે,
પડ્યા હતા તે ન જણાય અત્રે;
પ્રખ્યાત છે ભાસ્કર હંસ પોતે,
મોતી ગણી ભક્ષ કરી ગયો તે. ૭૧
રશ્મિવડે કોઇ છબી ઉતારે,
આ તાપની સંમુખ યંત્ર ધારે;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એકાગ્ર ચિત્તે સુણવાથિ જેમ,
ઠરે રુદેમાં ગુરુજ્ઞાન તેમ. ૭૨
સોના સમી સૂર્યની કાંતિ ઝીલી,
વનસ્પતિ જાત વિશેષ ખીલી;
જે દેશમાં જેમ કમાઇ જાગે,
પ્રજાજનો સર્વ પ્રસંન લાગે. ૭૩
પ્રતાપ જે ભાનુતણો પડે છે,
વનસ્પતિને પણ પુષ્ટિ દે છે;
બ્હેરાં લુલાં ને વળી આંધળાંને,
પાળે ભલા જેમ જનો બધાંને. ૭૪
દેવાલયે શીખર હેમ કેરું,
તેમાં રુડું બિંબ દિસે ઘણેરું;
જાણે હિરો હેમ વિષે જડાયો,
પ્રકાશ શોભે શશિથી સવાયો. ૭૫
ઉદ્યોગ જયાં જયાં પ્રસર્યો અતીશે,
ભુંડી ભલી વસ્તુ સમસ્ત દીસે;
અબુદ્ધમાં ભેદ છુપો રખાય,
બુદ્ધિ વધે ભેદ બધા જણાય. ૭૬
રાતે બધું ભાસતું એક રંગે,
જુદું દિઠું ભાનુ પ્રભા પ્રસંગે;
કુરાજયમાં પંડિત મૂર્ખ એક,
સુરાજયમાં જેમ પડે વિવેક. ૭૭
રાતે ન જાતી જન દૂર દૃષ્ટિ,
રવિ પ્રભાથી બહુ સૂઝી સૃષ્ટિ;
કુરાજયમાં જ્ઞાન તણો ઘટારો,
સુરાજયમાં જેમ દિસે વધારો. ૭૮
ટાંકાં તથા ભૂતળ ભોંયરામાં,

P. P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રહ્યું વિશેષે તમ[1] તે સમામાં;
જાણે ચુપાચૂપ છુપાઇ ચોર,
સંતાઇ પેઠા બહુ બંડખોર. ૭૯

પડયો રવિથી પ્રતિકૂળ છાંયો,
હરેક વસ્તુની પુંઠે છુપાયો,
ખલિષ્ટથી નિર્બળ વેર રાખે,
પુંઠ બકે સંમુખ તો ન ભાખે. ૮૦

ગરીબ શ્રીમંતતણે નિવાસ,
પડયો રવિનો સરખો પ્રકાશ;
તે જેમ રુડો ઇનસાફિ રાય,
સૌનો કરે છે સરખોજ ન્યાય. ૮૧

જાળીથકી અંશુ ગૃહે પડે છે,
અણું ઉડે તે નજરે ચડે છે;
શો માલ વાતાવરણે વસાવ્યો,
તે ભેદનો શિક્ષક જેમ આવ્યો. ૮૨

દિસે પ્રભાની નળિ એક તંત્ર,
જાણે ધર્યો સુક્ષમદર્શ યંત્ર;
પ્રકાશ કેવો પથરાય નીચો,
જાણે બિછાવ્યો જરિનો ગલીચો. ૮૩

પ્રભા પ્રભાનાથની પૂર્ણ જોઇ,
દિવા તણો પાડ પુછે ન કોઇ;
હજારનો દાયક જો મળે છે,
લગારનો દાયક વીસરે છે. ૮૪

વાંકાં વળીને રવિ રશ્મિ આવે,
કદી નહીં માર્ગ સીધે સિધાવે;
જે રાજયના દૂત રહે છકેલા,
તે જેમ દીસે ન સીધા વળેલા. ૮૫

૧. તમ-અંધારું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જળાશયે ભાસ્કર બિંબ જોઇ,
કરે કવિ તર્ક વિતર્ક કોઈ;
સુબા મુકયા છે નૃપ મારતંડે,[1]
પોતા સમો વેષ ધરાવી પંડે. ૮૬
સમુદ્રમાં સૂર્યનું બિંબ દિસે,
એ તો વળી દિવ્ય દિસે અતીશે;
જાણે રુડો ત્યાં રસિડેન્ટ રાખ્યો,
પ્રકાશરૂપી પણ કાંપ નાંખ્યો. ૮૭
ગંગા વિષે સૂર્યનું બિંબ જોઇ,
કહે વળી એમ કવીશ કોઇ;
જાણે બીજો ભાસ્કર દેહ ધાર્યો,
ગંગાની જાત્રા કરવા પધાર્યો. ૮૮
જે દેવળો આ નજરે ન થાતાં,
થતાં રવિ તેજથકી જણાતાં;
જાણે નઠારા અમલે પડાવ્યાં,
સુરાજય આવ્યે ફરિથી ચણાવ્યાં. ૮૯
રવિતણાં અંશુ નિહાળી કોડે,
ખુશી થતાં સારસડાં સજોડે;
વેદી[2] વિષે જેમ વિલોકિ જોત,
પ્રમોદ પામે વર લાડી સોત. ૯૦
કુમુદનીયો કરમાઈ દીસે,
વિકાશ પામ્યાં કમળો અતીશે;
દ્વેષી મુખો જેમ મલીન થાય,
મિત્રો સુણી કીર્તિ ખુશી જણાય. ૯૧
ઉલ્લુકનાં[3] નેત્ર ગયાં મિચાઇ,
ભાળે નહીં ભાનુતણી ભલાઇ;

1 સૂરજે. 2 વેદી-ચોરી. 3 ઘુવડ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તે જેમ રુડા ગુણ સજ્જનોના,
દેખે ન ડોળા કદિ દુર્જનોના. ૯૨
રચી કવી જાણવિ જે ગણાય,
રિઝાવનારાં ત્રણ તે જણાય;
જે મીચી રાખે નિજ નેત્ર કાન,
તેને રિઝાવા નહિ શક્તિમાન. ૯૩

---

## જનક્રિયા.

ખાવા હવા જાય જનો ઉમંગે,
આરોગ્ય પામે અતિ આપ અંગે;
વધે ન તેને નિજ અંગ વ્યાધી,
ખરેખરી ઔષધિ જેમ ખાધી. ૯૪
શિકારિયો જાય શિકાર માટે,
ઘામી ધુએ છે જઇ વસ્ત્ર ઘાટે;
સ્વતંત્રતા પૂર્ણ મળી પ્રજાને,
જેને ગમે તેમ કરે ક્રિયાને. ૯૫
સ્ત્રીઓ નવાણે જઈ ઘેર આવે,
પાત્ર પ્રમાણે ભરી નીર લાવે;
તે જેમ શાસ્ત્રો સુણવા જઇને,
આવે યથા બુદ્ધિ ગુણો લઇને. ૯૬
અફીણિયા સૂર્ય ઉગે ઉંઘે છે,
તેમાંજ મોટું સુખ તે ગણે છે;
ઉજાણીમાં ભોજનકાળ જેમ,
રમે જઈ બાળક દૂર તેમ. ૯૭
વિચિત્ર વાજાં બહુ પેર વાગે,
અફીણિયા ઉંઘ તજી ન જાગે;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જાણે સુતા છે ઘટકર્ણ જેવા,
તેને જગાડે કરી શબ્દ એવા. ૯૮

શૂરા જનો શસ્ત્ર ધરી ફરે છે,
ધનુઃકળાની કૃતિયો કરે છે;
જાણે રવિરાય કરે નિરીક્ષા,
આપે શુરા શૌર્યકળા પરીક્ષા. ૯૯

પોપાક સૌએ તન સ્વચ્છ ધારી,
રાત્રીતણા વેષ મુકયા ઉતારી;
જાણે નવા રાયનું રાજ્ય જામ્યું,
સૌ વિશ્વ સારો શિરપાવ પામ્યું. ૧૦૦

જુદા જુદા વેષ જુદીજ વાણી,
જુદી ક્રિયા સૌ જનની જણાવી;
જાણે નિશાનો પડદો ઉઘાડયો,
આ વિશ્વમાં નાટક ખેલ માંડયો. ૧૦૧

નિશા પડે લોક સુવાનું બૂઝે,
સવાર થૈ ત્યાં શુભ કામ સૂઝે;
કુરાજયમાં આળસ કાળ યોગ્ય,
સુરાજયમાં લોક સજે ઉદ્યોગ. ૧૦૨

લે બાગમાંથી ફળ વીણી માળી,
તે છોડનાં સંકટ દૂર ટાળી;
પ્રજાથી રાજા કર જેમ લે છે,
પ્રજાતણું રક્ષણ તે કરે છે. ૧૦૩

નિશાળિયા જાય જુઓ નિશાળે,
પોથી તથા પાટિ લઇ ખુશાલે;
જાણે જનોઇ ધરીને ઉઠેલા,
કાશી જવાને ખડવા બનેલા. ૧૦૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આરોગ્યશાળા ઉઘડી નિશાળો,
દેરે જતો ભાવિક સાથ ભાળ્યો;
તે જેમ ધરમી ધરણીશ થાતાં,
દીસે સ્થપાતાં બહુ ધર્મખાતાં. ૧૦૫
વાસીદુ વાળી ઘર સ્વચ્છ કીધાં,
તથા વળી વાસણ માંજી લીધાં;
જાણે ભલા ભૂપનું રાજ ભાળી,
દીસે ઘરો ઘેર કરી દિવાળી. ૧૦૬
ઉદ્યોગનાં શસ્ત્ર જનો સજે છે,
જે ઉંઘ ને આળસ તે તજે છે;
ઉદ્યોગી દીસે જન ઠામ ઠામે,
તે રાજ્ય તો પૂર્ણ પ્રતાપ પામે. ૧૦૭
ઘોડા અને ગાડિ ઘણી ફરે છે,
શોભા નિહાળી નજરો ઠરે છે;
જાણે રુડું રાજ થયું હવે છે,
સુખે પ્રજા વૈભવ ભોગવે છે. ૧૦૮

---

## નદીનો દેખાવ.

નદીતણાં નીર ધીમે વહે છે,
ગતી વિષે ગંભિરતા ગ્રહે છે;
તે જેમ મોટા જનને નિહાળી,
સજાતિ ચાલે સતિ લાજવાળી. ૧૦૯
કદી કિનારે બગ જૈ રહે છે,
ધ્યાની બનીને મછને ગ્રહે છે;
જાણે મળી ધર્મ ધર્યાની છૂટી,
કાળ્યું ઠગોને ઠગી ખાય ફુટી. ૧૧૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નદી વિષે લોક અનેક જૈને,
ભણી સ્તુતિ ન્હાય નિમગ્ન થૈને;
જાણે સમાચાર સમુદ્રજીને,
કહાવવા કાંઇ કહે નદીને. ૨૧૧
પેખી પ્રભાનાથ પ્રભાત કાળે,
નાહી સ્ત્રિયો ચંદ કરે કપાળે;
જાણે શશી ભીત ભયે થયો છે,
નાશી સ્ત્રિયોને શરણે ગયો છે. ૨૧૨
પૂજા કરે કોઇ નદીની કોડે,
લલાટમાં અક્ષત વિપ્ર ચોડે;
જાણે શશીને તન પીડ આવી,
માટે દયા લાવી દવા લગાવી. ૨૧૩
સ્ત્રીયો તણે મસ્તક કેશ કાળા,
ઢાંકી ધર્યા તોય દિસે રૂપાળા;
સુબો નિશાનો દૃઢ અંધકાર,
જાણે છુપાવ્યો કરવા ઉગાર. ૨૧૪
શૃંગાર શ્રીમંત સ્ત્રિયો ધરે છે,
જેમાં હિરા કાંતિ ઝગ્યા કરે છે;
જાણે હતા જે શશિ સૈન્ય તારા,
રહ્યા સ્ત્રિયોને શરણે બિચારા. ૨૧૫

## ધર્મક્રિયા.

કરે જનો સૌ નિજ ધર્મધ્યાન,
કોઇ સુણે છે નિજ શાસ્ત્ર જ્ઞાન;
જાણે દિધી છૂટ નૃપે દયાળે,
નિર્ભયપણે સૌ નિજ ધર્મ પાળે. ૨૨૬

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

સંધ્યાતણા બ્રાહ્મણ શબ્દ ભાખે,
ભાનુ ભણી અક્ષત પુષ્પ નાખે;
જાણે સુરાજા પર પ્રેમ આવે,
આશીષ આપી વિધિએ વધાવે. ૧૧૭
દ્વિજો કરે પાવક કુંડ હોમ,
ચઢયો વધીને બહુ ધૂમ્ર વ્યોમ;
રિઝાવવા ભૂપતિ ભાનુ જેવો,
જાણે રચ્યો આતસ ખેલ એવો. ૧૧૮
પામી રુડો ભાસ્કરનો પ્રતાપ,
ધર્મી કરે ધર્મ અધર્મી પાપ;
સુકાર્ય માટે પ્રભુ બુદ્ધિ દે છે,
સ્વેચ્છા પ્રમાણે જન વાવરે છે. ૧૧૯

## તડકા વિષે.

પડે દિને તો વધી જાય છાંયો,
ચડે દિને તે ઘટતો જણાયો;
વધે કુબુદ્ધિ પડતી દશામાં,
ઘટે કુબુદ્ધિ ચડતી કળામાં. ૧૨૦
એ સૂર્યની સ્થિતિ તપાસવાને,
જોશી ભરે છે નિજ છાંયડાને;
સામાની શક્તિતણું માપ લેવા,
પોતાની માપે જન સુજ્ઞ જેવા. ૧૨૧
જે હીમથી બર્ફ વિશેષ જામ્યો,
તે પીગળીને જળરૂપ પામ્યો;
કુસંગથી થાય રૂદે કઠોર,
તે પીગળે જેમ સુબોધ જોર. ૧૨૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aradhak Trust

ભાનુ પ્રભા જેમ વિશેષ જામે,
પ્યારે ઘણી ઉન્નતિ એમ પામે;
સુરાજ્યની જેમ કળા વધે છે,
ઉંચે દરજ્જે સુજનો ચઢે છે. ૧૨૩
પ્રતાપ જ્યાં ભાનુતણો પડે છે,
જે નીર છે શીતળ, તે તપે છે;
તે જેમ કોઈ જુલમી જણાય,
શીળો સ્વભાવી પણ તપ્ત થાય. ૧૨૪
ચૂસે રવિ નીર નિજ પ્રતાપે,
વર્ષા સમે પુષ્કળ એજ આપે;
તે જેમ રાજા કર રોજ લે છે,
પ્રસંગ આવે ધન યોગ્ય દે છે. ૧૨૫
જે આગચશ્મે રવિ રશ્મિ જાય,
તો આગ તેથી પ્રગટી જણાય;
પેખી ઘણો સજ્જનનો પ્રતાપ,
દ્વેષી તપે છે દીલ જેમ આપ. ૧૨૬
આદિત્યનું તેજ પડે અલેખે,
ચશ્મા વિના વૃદ્ધ જનો ન દેખે;
તે જેમ લોકો નજરે નિહાળે,
ભૂપાળ તો મિત્રવડેજ ભાળે. ૧૨૭
જે સૂર્ય આડો નિશિનાથ થાય,
કેવો રવી તે તકમાં જણાય;
જાણે રૂપા ત્રાંસળ સોની લાગ્યો,
ગલેફ કાળો કરીને ચડાવ્યો. ૧૨૮
જે સૂર્ય મધ્યે ગ્રહ શુક્ર આવે,
તો દૃખિને રીત જુદી જણાવે;

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

નરેણી ચાંદી તણી એક એ છે,
તેમાં વળી આ ભમરો ભમે છે. ૧૨૯
ઢંકાય જ્યારે રવિ વાદળાંથી,
ત્યારે દિસે રીત જુદીજ ત્યાંથી;
ખેલાડી શું રંગભૂમિ અડયો છે,
પછીથી જાણે પડદો પડયો છે. ૧૩૦
ફુલ્યાં બહુ ફુલ અપોરિયાનાં,
રાતાં રુડાં સૂર્યતણા સમાનાં;
પ્રવાળનાં પુષ્પ નવાં બનાવી,
કારીગરે કોઇ કળા બતાવી. ૧૩૧
નાણાવટી નાણું ઘણું વટાવે,
જયાં જોઇએ ત્યાં ધન દૃષ્ટિ આવે;
કુરાજયમાં ગુપ્ત અવેજ કીધો,
તેનો સુરાજયે વધુ લાવ લીધો. ૧૩૨

## સમાપ્તિ વિષે.

દિનેશનું લાયક રાજય લાગે,
માટે પ્રભુ આગળ લોક માગે;
અહો પ્રભુ હર્ષ પુરો પમાડો,
રહો બધાનો ચડતો દહાડો. ૧૩૩
દાડો ચઢે આશિષ એમ દે છે,
રાત્રી થવાનું ન કદી કહે છે;
સુરાજને સર્વ જનો ચહાય,
કુરાજનું નામ લીધે દુખાય. ૧૩૪
જે રાજમાં જ્ઞાન વિશેષ વાધ્યું,
જે રાજમાં ઉત્તમ કાજ સાધ્યું;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ વિશ્વકર્તા વરદાન દેજો,
આવું રુડું રાજ સદા રહેજો. ૧૩૫
રાજા પ્રજા સર્વ સુખી રહેજો,
લાખોતણો લાભ અલભ્ય લેજો;
કરે પ્રભો વાંછિત પૂર્ણ કામ,
આશીષ દે છે દલપત્તરામ. ૧૩૬

## સાયંકાળનું વર્ણન.

### નમતો સૂરજ.

ઉપજાતિ વૃત્ત.

સુણો હવે સજ્જન રુડી રીતે,
પ્રદોષનું વર્ણન પૂર્ણ પ્રીતે;
ઉગે ચઢે ને રવિ અસ્ત થાય,
એવી સ્થિતિ આ જગની જણાય. ૧
ઉંચી દશા દેખી છકી ન જાવું,
નીચી દશા દેખી નહીં મુઝાવું;
આ વિશ્વ છે ચિત્ર વિચિત્ર એવું,
રાખે પ્રભુ તેમ ખુશી રહેવું. ૨
આદિત્ય અસ્તાચળ [૧] દીશ ચાલ્યો,
પ્રતાપ તેનો પડતો નિહાળ્યો;
નરેશ પોતે તજી દેશ નાસે,
તો જેમ તેનું તુચ્છ તેજ ભાસે. ૩
પાંચે ટકોરા ઘડીઆળ દે છે,

૧. સૂર્ય આથમતો દેખાય તે ક્ષિતિજનો ભાગ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જાણે જનોને સમશ્યા કહે છે;
સારું કમાવા ધરી સારી કાયા,
પંખો તપાસો! શુભ શું કમાયા. ૪
ઉદ્યોગી તો સૂર્ય જવા ન ઇચ્છે,
જે આળસુ તે ઉલટું જ પીછે:
સુરાજ જાતાં સજનો ન રાજી,
રાજી દિસે જેમ પ્રપંચિ પાજી. ૫
પ્રભાકરે તીવ્રપણું તજ્યું છે.
સમે ભલું શાંતપણું સૃજ્યું છે;
તે જેમ જ્યાં જોબન જોર જાય,
વૃદ્ધત્વમાં શાંતપણું સજાય. ૬
ફરે હરે છે સુખ પામિ પ્રાણી,
મટ્યો રવીનો બહુ તાપ જાણી:
તે જેમ રાજા શુભ દૃષ્ટિ ધારે,
સુખે કરે ઉદ્યમ સર્વ ત્યારે. ૭
ધીમે ધિમે જે વધનાર છાંયો,
ઉતાવળો તે વધતો જણાયો:
તે જેમ જેને શિર વ્યાજ છોટું,
પછી વધીને ઝટ થાય મોટું, ૮
પાણી પિવાને ધણ ઢોરકેરાં,
નદી તળાવે વિચરે ઘણેરાં:
ઉદાર શ્રીમંતનું સદ્મ ધારી,
જથે જથે જેમ જતાં ભિખારી. ૯
જ્યાં તે સમે પર્વત શીશ પેખું,
સોનેરી રંગે રવિ તેજ દેખું;
જાણે વડા દેવળ શીશવાળું,
સોનાનું ઇંડું ચળકે રૂપાળું. ૧૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સિપાઇઓ વ્યૂહકળા કરે છે,
મેદાનમાં સૌ મળીને ઠરે છે;
જાણે થવાને રવિના સહાઇ,
શસ્ત્રો સજીને મળિયા સિપાઇ. ૧૧
શાણા કરે શ્રાવક લોક વાળુ,
દેખાય છે જે દિલના દયાળુ;
તે જેમ રાજા શિર શત્રુ વાધે,
સ્વાર્થી પ્રધાનો નિજ અર્થ સાધે. ૧૨
નિશાળિયા જાય નિશાળ છોડી,
ભણે ભણાવે નહીં જીવ જોડી;
જવાથી ઉત્તેજન આપનારો,
વિદ્યાતણો જેમ નહીં વધારો. ૧૩

## વનનો દેખાવ.

ગાયો ચરી ગામ ભણી વળે છે,
જુદી પડેલી સમુહે મળે છે;
ઘણી નદીઓ મળિ એક રાહ,
જાણે થયો જાહ્નવિનો પ્રવાહ. ૧૪
ગોવાળ ગાયો ધણ ઘેરિ લાવ્યો,
ભાળી ભલો સૌ જન ચિત્ત ભાવ્યો;
ભગીરથે જેમ ધરી ઉમંગ,
કૈલાસથી આણી પવિત્ર ગંગ. ૧૫
ગાયોતણા વેગથી ખૂબ ખેહ,
ઉંચી ચઢી ઉડિ જણાય જેહ;
ઉદ્ધારવા દુઃખ વિચાર લાવી,
જાણે ધરિત્રિ સ્વર્ગે સિધાવી. ૧૬

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

ગોવાળિયા વાંસળિયો બજાવે,
સુણી ભલા સૌ જન ચિત્ત ભાવે;
જાણે ચડયો છે ઘન એમ જાણી,
વદે મધુરે સ્વર મોર વાણી. ૧૭
ઊંચે સ્વરે ગોપ દુહા ઉચારે,
પરસ્પરે વાદ કરી પ્રચારે;
તે જેમ મલ્લો લડતા અખાડે,
પ્રચારતા બે બહુ બૂમ પાડે. ૧૮
અજાતણાં વૃંદ દીઠાં પછી બે,
બધાં ઉચારે મુખ શબ્દ બે બે;
જાણે થશે ભાવિક તે ભણે છે,
અંતે જિવોની ગતિ ઠામ બે છે. ૧૯
ગોવાળિએ ડાંગ ખભે ધરી છે,
એ ઉપમા તો કવિ કોઇ પ્રીછે;
જાણે કપિએ પુછ ઊચું કીધું,
કુદી જવાને દિલ કાંઇ દીધું. ૨૦
ગાયો કરે છે પુરમાં પ્રવેશ,
છુટી પડી વેગ કરી વિશેષ;
સહસ્ર ધારો થૈ જેમ ગંગ,
કરે જઇ સાગરનો પ્રસંગ. ૨૧
ખેડૂ જનો ખેતરથી વળે છે,
ત્યાં આખલા આગળ ઉછળે છે;
તે જેમ સૌનાં સુખ દુઃખ ટાણે,
ઉન્મત્ત તો ચિત્ત કશું ન આણે. ૨૨
ખરા ચઢાવી પગ ચાલનારા,
ભલાં ધર્યા છે શિર ઘાસ ભારા;
કેવા દિસે સંચરતા સઊ તે,
જાણે ધર્યા પર્વત રામદૂતે. ૨૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દંતાળી ખાંધે ધરી ખેડુ કોઈ,
કવિ કરે તર્કવિતર્ક જોઇ;
ધરા રૂપી સ્ત્રી તણિ કાંશકી છે.
જાણે કૃષિકારકને જડી છે. ૨૪
કોઇ કને દાતરડું દિસે છે,
વાંકું વળેલું વળી શ્યામ તે છે;
જાણે ગરુડે લઇ વ્યાળબાળ,
ગ્રહીજ રાખ્યું ગણી પુણ્યકાળ. ૨૫

---

## આથમતો સૂર્ય.

જુઓ જુઓ આ રવિ દિવ્ય કાય,
ભૂમી ભણી તે નમતો જણાય;
જાણે ચઢેલો અમરાપુરીમાં,
પતંગ દીસે પડતો મહીમાં. ૨૬
અરે જુઓ વિશ્વ અનુભવીને,
પૂજે જનો સૌ ઉગતા રવિને;
આવી પડે અસ્ત થવાનું જ્યારે,
કોઇ ન છાંટે લઇ કંકુ ત્યારે. ૨૭
દિનેશ ડૂબ્યો પ્રતિબિંબ દીસે,
આશ્ચર્ય જોતાં ઉપજે અતીશે;
જાણે રિપુને છળવા વિચાર્યું,
ભાનુ ભુપે કૃત્રિમ રૂપ ધાર્યું. ૨૮
પછી થયું તે પ્રતિબિંબ અસ્ત,
જાણે રવિ સૈન્ય થયું સમસ્ત;
તથાપિ તેનાં કિરણો પ્રકાસે,
આતાપિનો જેમ પ્રતાપ ભાસે. ૨૯

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉદે થઇને રવિ અસ્ત થાય,
આયુષ્ય આ વિશ્વતણું હરાય;
તે જેમ ભુપાળનું રાજ ભાગે.
પ્રજાજનોને નુકસાન લાગે. ૩૦
આદિત્યને આભ જણાય રાતો,
જોતાં દિસે જ્યાં રવિ અસ્ત થાતો;
સંગ્રામ ભૂમિ રુધિરેથી રાતી,
તે હોય શું રાજ જતાં જણાતી. ૩૧
અસ્તાચળે રંગ જણાય રાતો,
એનું હશે કારણ એક કાંતો;
સાંધો નિશાવાસરનો કરાવા,
તાપે ધરેલી થિગડી તપાવા. ૩૨
રવિ કને વૃશ્ચિક રાશિ આવી,[1]
તથાપિ તે મસ્તક લે ઠરાવી;
જનોક્તિને કોણ જુઠી ઠરાવે,
અનેક દુઃખો દુખ મદય આવે. ૩૩
ઉદ્યોગીએ ઉદ્યમ છોડી દીધા,
પ્રવાસિયોએ પણ વાસ કીધા;
જો યંત્રનું ઇંજીન શાંત થાય,
તો જેમ ચક્રો સ્થિર થંભી જાય. ૩૪
ન્યાયાધિશે ન્યાય સભા ઉઠાવી,
કરે ન કોઇ ફરિયાદ આવી;
તે જેમ લોકો લડીને મરાય,
કુરાજ્યમાં કોઇ કરે ન ન્યાય. ૩૫
આવી ઉડીને મળિ પંખિ ટોળે,
ઝાડે બિરાજી બહુ શબ્દ બોલે;

---

[1] કાર્તિક મહીનામાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જાણે મળી ફોજ ઉપાય ધારે,
વિચાર સો અંતરના ઉચારે. ૩૬
સંધ્યાતણાં વંદન વિપ્ર ભાખે,
આકાશમાં અંજલિ નીર નાંખે;
ગણે પિતા સદ્ગતિ સંચરે છે,
દાધાંજળિયો પ્રિય પુત્ર દે છે. ૩૭
પઢે નિમાઝે જન જે નિમાઝી,
કહી બતાવે રૂઢિ જેમ કાઝી;
રવિ હશે કયાં ઉર એમ ભાસે,
ઉંચા નીચા થૈ સ્થળ તે તપાસે. ૩૮

---

## સમુદ્ર કાંઠો.

સિંધુ કરે છે બહુ ઘૂઘવાટ,
તરંગ આવી અથડાય ઘાટ;
જાણે જવાને રણશૂર ત્રાડે,
પૃથ્વી વિષે હાથ પુરા પછાડે. ૩૯
ઘણું ફરે ત્યાં તટ ગાડી ઘોડાં,
શોખી જનોનાં વિચરે સજોડાં;
જાણે જવા મંડપ માર્ગ ઝાલ્યો,
વિવા વિષે સાજન સાથ ચાલ્યો. ૪૦
સાહેબનાં બાળક જે કનિષ્ઠ,
તે તોડ દાસી વિચરે વરીષ્ટ;
તે જેમ કડવા કણબીની નારી,
વરાવવા જાય શિશુ શૃંગારી. ૪૧
સાહેબ ને મેમ સમુદ્ર તીર,
ફરે ઘણાકો ઉમદા અમીર;
જાણે ઘણી ભૂમિ પવિત્ર એવી,
સ્વર્ગેથી આવ્યાં બહુ દેવદેવી. ૪૨

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

## અંધારું.

રવિતણું તેજ છતે છુપાયું,
અંધારું પૃથ્વીપડમાં છવાયું;
તે જેમ જયારે શુભ રાજય જાય,
અંધેર જયાં ત્યાં નજરે જણાય. ૪૩
રવિ રહ્યો નાટક ખેલ છાનો,
હવે દિસે છે શશિ આવવાનો;
આ અંધકાર પ્રસરી અડયો છે,
શું રંગભૂમિ પડદો પડયો છે. ૪૪
કેવો દિસે છે વળિ અંધકાર,
ચોફેર જોઇ ચિત્તમાં વિચાર;
વહી જતાં રાજય દિનેશવાળું,
ધર્યું ધરાએ પટકૂળ કાળું. ૪૫
નાના વડા પર્વત જે જણાતા,
હવે નથી તે નજરેજ થાતા;
તે જેમ જયારે પરરાજ ફાવે,
ઉદાર કોઇ નજરે ન આવે. ૪૬
જોગી જનો પર્વતમાં વસે છે,
તેઓતણી તાપણીઓ દિસે છે;
જાણે નથી મેઘ તથાપિ આજે,
આકાશ મધ્યે વિજળી બિરાજે. ૪૭

### શાર્દૂલવિક્રીડિતવૃત્ત.

સંધ્યાકાળ સમે રમુજ સરખો, શું વર્ણવું વાણિયે,
ખાસો ખૂબ ખગોળ ગોળ અરિસા જેવો જુઓ જાણિયે;
રાતો રંગ સળંગ કોર ઉપરે, શું હીંગળો એ હશે,
છાયા છે વિક્ટોરિયા વદનની, કે ચાંદ વચ્ચે વસે. ૪૮

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### ઉપજાતિ વૃત્ત.

ઉદ્યોત ખદ્યોત તણા જણાય,
ઘણા સ્થળોમાં ચળકાટ થાય;
તે જેમ જ્યાં કોઇ ન પૂછનાર,
ત્યાં નામધારી કવિ ઠાર ઠાર. ૪૯
શિયાળિયાં સીમ વિષે ફરે છે,
ઉચ્ચાર ઊંચે સ્વર ઉચ્ચરે છે;
જાણે નવો જે નૃપ આવનારો,
બોલે સમીપે બહુ ચોપદારો. ૫૦
જો ઘંટ કેરા ખટ ઘોષ થાય,
જાણે જનોને શિખવે ઉપાય;
કહે જવા દ્યો નહીં કાળ ફોક,
કરો કરો રે ખટકર્મ લોક. ૫૧

### દોહરા.

પરમેશ્વરની પ્રાર્થના, દીન જનોને દાન;
પસ્તાવો કર પાપનો, ગુરુ જનથી લે જ્ઞાન. ૫૨
સદાચરણ આચાર સદા, મનમાં સમજી મર્મ;
પરમેશ્વરપર પ્રેમ કર, તે કહીએ ખટકર્મ. ૫૩

### ઉપજાતિ વૃત્ત.

અંધેર જ્યાં ત્યાં અતિશે છવાયું,
તે આંખ અંતર્પટથી સવાયું;
જનો જઈ સૌ ઘરમાંહિ બેઠા,
કારાગૃહે જેમ પુરાઇ પેઠા. ૫૪
જેમાં ધરેલાં ધન ધાન્ય લાવી,
તે પેટી કોઠી નજરે ન આવી;
સંતાઈને શું ઘર મધ્ય પેઠા,
દેવાળિયા તે જનિ જેમ બેઠા. ૫૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### દિવા સમય.

સ્ત્રીયો દિવાની દિવટો કરે છે,
હાથેળિયો બે વચમાં ધરે છે;
જાણે દિનાનાથ દુરે વસે છે,
ઘણે દુઃખે હાથ સતી ઘસે છે. ૫૬

ગુણી જનો દીપક રાગ ગાય,
દિવા થયેલા દિલમાં જણાય;
જાણે ઘણા ઘંટરવાળ[1] નાદે,
આવ્યા મૃગો[2] માધુર શબ્દસ્વાદે. ૫૭

જરી ઘરોઘેર દિવા ઉજાળે,
અંધારું તેના ઘરનુંજ ટાળે;
રાજા જતાં જેમ પુરી નિવાસી,
સૌ પોત પોતાનું રહે તપાસી. ૫૮

હિવે જુઓ આ શુભ કાચ હાંડી,
તેમાં દિસે દીપક જોત માંડી;
જાણે વસ્યો ગર્ભ પુરો પ્રતાપી,
રહ્યું જનેતા તન તેજ વ્યાપી. ૫૯

જયાં આયના ગોઠવિયા અતીશે,
ત્યાં એકના દીપ અનેક દીસે;
ત્રિલોકનો નાયક એક રામ,
ઠરી રહ્યો જેમ અનેક ઠામ. ૬૦

#### વસંતતિલકા વૃત્ત.

આ કાચની અચળ દીપક યુક્ત હાંડી,
છે ભાગ્યશાળિ જન મંદિર મધ્ય માંડી;
કે હિંચકે અધર કોશલનાથ નારી,
તેજસ્વી ગર્ભ તનમાં શિરછત્ર ધારી. ૬૧

---

૧. ઘંટરવાળ એટલે શિકારીનું વાજું.
૨. મૃગો-હિમાલયી હ[illegible]ણો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### ઉપજાતિ વૃત્ત.

સાંજે ઘરોઘર ધરાય ધૂપ,
સુગંધ એથી ઉપજે અનૂપ;
જાણે જતાં ન્યાયિક ધર્મિ ભૂપ,
સુવાસના તો રહી કીર્તિરૂપ. ૬૨

વાડા વિષે જે બકરાં પુરાયાં,
બાંધ્યા વિના બંધનમાં રખાયાં;
ગરીબને જેમ ગુના વિનાનું,
કુરાજ્યમાં કેદ વિશે જવાનું. ૬૩

આકાશ દીવો જન જે ધરે છે,
એવા જનો મારગમાં ઠરે છે;
તારા નિહાળી હરખે ન લેશ,
નવાઈથી લોક ખુશી વિશેષ. ૬૪

ગાયો ગળે બંધન બાંધિ દીધાં,
દોહી વળી દૂધ વિશેષ લીધાં;
જાણે રવિની બહુ કિંકરીને,
લુંટી લિધી બંધનમાં ધરીને. ૬૫

ગોવાલણી ગાય જુઓ દુએ છે,
દોણી ભરી ઉજ્વળ દૂધ લે છે;
તે જેમ જ્ઞાનીજન ગ્રંથમાંથી;
સારાંશ લે યોગ્ય જણાય ત્યાંથી. ૬૬

નદી તળાવે પણ નીર માટે,
જતા ન દીસે જન કોઇ ઘાટે;
જાણે ઉઠયો સંશય ઉરમાંથી,
કુરાજ્યમાં કોઈ ઉદાર ક્યાંથી ? ૬૭

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ધૂએ નહીં કોઇ કરે ન સ્નાન,
એતી કરીને પકરે ન ધાન;
ઉદ્યોગથી સૌ અળગા રહ્યા છે,
શું ઢુંઢિયા લોક સઉ થયા છે? ૬૮
બેઠા તજી સૌ જન લેણુ દેણુ,
કોને કહે કોઇ સૂણે ન વેણ;
જોયું નહીં હોય કુરાજ્ય જેણે,
તો જોઈ લેવો નિશિકાળ તેણે. ૬૯
દેવાલયે દીપકમાળ દીપે,
શોભા બની દેવ છબી સમીપે;
જાણે બીજા દેહ નવા ધરાવ્યા,
તારા ઘણા દર્શન કાજ આવ્યા. ૭૦
રાહૂ શશીની કરનાર હાની,
ડર્યો દિલે સૌ સુર એમ માની;
આવી મહીમાં સુરલોક શાળા,
કે આ રચી છે રુડિ દીપમાળા. ૭૧

---

## ધર્મક્રિયા.

જયાં દેવનાં દેવળ ઘંટ વાજે,
તથા નગારાં ઘડિયાળ ગાજે;
ચેતાવવા લોક સમે પ્રસંગી,
જાણે બજાવ્યાં બહુ વાદ્ય જંગી. ૭૨
જનો પ્રભુપ્રાર્થન જૈ કરે છે,
ઉંચે સ્વરે આરતિ ઉચ્ચરે છે;
જાણે મહા સંકટકાળ જાણી,
વદે મુખે ઈશ્વરભક્તિ વાણી. ૭૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સૌ આપનાં શાસ્ત્ર કહ્યા પ્રમાણે,
કરે ક્રિયા ધર્મની એજ ટાણે;
જાણે ઉઠેલો બળવો શમાવા,
પ્રજા મચી છે પ્રભુને રિઝાવા. ૭૪

હોમે જુઓ આહુતિ અગ્નિહોત્રી,
ગણાય છે જે ઋષિ આઠ ગોત્રી;
જાણે રવિનું ફરી રાજ્ય વાધે,
એવા વિચારે અભિચાર સાધે. ૭૫

જૈની મળ્યા શેઠ સમાગ સારું,
અપાશરામાં કરીને અંધારું;
જાણે લુટારાતણું જાણિ જોર,
સંતાઈ પેઠા કરિ અંધઘોર. ૭૬

ગંગાતણું પૂજન ભક્તિ થાય,
ગુલાલ ને ફૂલ ઘણાં ધરાય;
સેંથો પુરીને શીર ફૂલ ઘાલી,
જાણે સતી સાગર સામી ચાલી. ૭૭

વહે પ્રવાહે શુભ દીપમાળા,
દીવા દીસે છે અતિશે રૂપાળા,
જાણે થઇ સજ્જ સમુદ્ર નારી,
ઉરે મણી માણેક માળ ધારી. ૭૮

પ્રદોષ પૂજા કરી પુણ્ય ધારે,
પુષ્પાંજળી પાઠ દ્વિજો ઉચારે;
જાણે પ્રજાની કરીને અપીલો,
લડે વડી કોરટમાં વકીલો. ૭૯

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## તારામંડળ.

ઉગ્યા નભે આ અગણિત તારા,
થોડા ઘણા કોઇ પ્રકાશનારા;
ભૂપાળ મોટા તણું રાજ્ય ભાગે,
અનેક નાના નૃપ જેમ જાગે. ૮૦
જો દૂર દૃષ્ટિ કરીને નિહાળું,
ગ્રહો વિષે ભાનુપ્રકાશ ભાળું;
તે જેમ રાજા બધું ખોઇ નાંખે,
થોડા ઘણાં ગામ સ્વહસ્ત રાખે. ૮૧
જુવો વળી મંગળ રંગ રાતે,
જણાય અંગાર સમાન જાતે;
જાણે શશી સૈન્ય વિષે ખપ્યો છે,
તેથી ઘણો ક્રોધ કરી તપ્યો છે, ૮૨
શની બિચારો ગતિ મંદ ચાલે,
ડરી ડરી મારગ દૂર ઝાલે;
દુર્બિનથી તેની છબી જણાય,
કિલ્લો રચી જેમ રહેલ રાય. ૮૩
તારા દિસે છે છબિવંત છૂટા,
સાડી વિષે શોભિત જેમ બૂટા;
રાશિતણું મંડળ ત્યાં બિરાજે,
સાડી વિષે શું ભલિભાત છાજે. ૮૪
આ ઉત્તરે છે ધ્રુવ એક તારો,
તે તો તજી સ્થાન નહિ જનારો;
ખને નિશા વાસર યુદ્ધ ખાસો,
જાણે રહી સ્થિર જુએ તમાસો. ૮૫
આકાશગંગા નભમાં જણાય,
યથાર્થ તે વર્ણવી કેમ જાય;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aradhak Trust

ભાગીરથી ભૂતળમાં રહે છે,
જાણે અહીંનું પ્રતિબિંબ એ છે. ૮૬
સરોવરોમાં પ્રતિબિંબ તારા,
એતો સુશોભિત જણાય સારા;
મોતી ગણીને મુખ મધ્ય લેવા,
જતાં જુઓ હંસ ઠગાય કેવા. ૮૭
આકાશનો ભાસ જળે જણાયો,
શોભી રહ્યો તે નક્ષત્રી સવાયો;
ખગોળ વિસ્તારશ્રીએ વિચાર્યો,
ખગોળનો શું નકશો ક્રુતાર્યો, ૮૮

### મનહર છંદ.

તારા અશ્વનીના (૧) ત્રેણ, ત્રેણ તારા ભરણીના (૨),
કૃતિકાના (૩) છ છે પાંચ રોહીણી (૪) વખાણીએ;
ત્રેણ મૃગશીરતણા (૫) આરદ્રાને (૬) એક એવો,
પુનર્વસુ (૭) ચાર, ત્રેણ પુષ્યના (૮) પ્રમાણીએ;
અશ્લેષાના (૯) પાંચ પૂરા, માનીએ મઘાના (૧૦) પાંચ,
પૂરવાના (૧૧) જોડ, જોડ ઉત્તરના (૧૨) જાણીએ;
પંઆના (૧૩) તો પાંચ ચિત્રા (૧૪) સ્વાતિતણા (૧૫) એકએક,
ચાર વિશાખા (૧૬) ને અનુરાધ (૧૭) ઉર આણીએ. ૮૯
તારા તો જેષ્ઠાના (૧૮) ત્રેણ, મૂળના (૧૯) અગયાર સાર,
પૂરવા (૨૦) ઉત્તરાષાઢા (૨૧) બબ્બે પૂરા પેખીએ;
અભિજીત (૨૨) તારા ત્રેણ, ત્રેણ તારા શ્રવણના (૨૩),

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ધનિષ્ટાના[૨૪] ચાર શતભિષાના[૨૫] સો દેખીએ;
પુરવા[૨૬] ઉત્તરા ભાદ્રપદના[૨૭] પલંગ જેવા,
બબ્બે મળી ચાર પાયા જેવા જાણી લેખીએ;
રેવતી[૨૮] બત્રીશ એવી રીતે અઠાવીશ જોઇ,
જતાં થોડા રાત રુડા અંતરમાં રેખીએ. ૯૦
તુરંગનું[૧] તુંડ, ને ત્રિકોણ[૨] છે. સજાયો[૩] સારો,
ગાડી[૪] મૃગમસ્તક[૫] મણી[૬] તણે પ્રકાર છે;
ગૃહાકાર[૭] બાણાકાર[૮] મણી[૯] ને મંદિરાકાર[૧૦],
પલંગના[૧૧] પાયાસાર[૧૨] બે મળીને ચાર છે;
પંજો[૧૩] મોતી[૧૪] ને પ્રવાળ[૧૫] તોરણ[૧૬] બળદ[૧૭] તેવા
કુંડળ[૧૮] કેસરીપુંછ[૧૯] મંચક[૨૦] આકાર છે;
કરીદંત[૨૧] ત્રિકોણ[૨૨] ત્રિપદ[૨૩] તથા ઢોલકી[૨૪] છે;
ચાળણી[૨૫] ચોપાયા[૨૬] જેઠે[૨૭] મૃદંગ[૨૮] સુભાર છે. ૯૧
કૃતિકા રોહિણી અને પુષ્પ અશ્લેષા ને ચિત્રા,
શ્રવણાદિ ત્રણ રેવતી તે મધ્યચારી છે;
અશ્વિનિ ભરણી મઘા ફાલ્ગુનિ બે સ્વાતી તથા,
વિશાખા બે ભાદ્રપદ ઉત્તરે ઉતારી છે;
મૃગશીર આરદ્રા ને પુનર્વસુ હસ્ત અનુ-
રાધા જેષ્ઠા મૂળાષાઢા દક્ષિણમાં ધારી છે;
નવ મધ્યચારી છે ને નવ છે ઉત્તરચારી;
દક્ષિણચારી છે નવ, સૌની શોભા સારી છે. ૯૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ચંદ્રોદય.

### ઉપજાતિ વૃત.

ઉગ્યો શશી પૂરવ દીશ એવો,
આકાર આદિત્ય જણાય જેવો;
જાણે મહારાયનું રૂપ ધારી,
આવ્યો પ્રજાને ઠગવા રખારી. ૯૩

પાતાળમાં પન્નગરાય રાજે,
તેણે સજાવી રવિરાય કાજે;
વાળુની વેળા નજરે નિહાળી,
આ મોકલી એક સુવર્ણ થાળી. ૯૪

શશાંકનું સુંદર બિંબ જોઇ,
કહે વિચારી કવિ એક કોઇ;
પાતાળમાં શું નટવો નચાવ્યો,
તેણેજ આ થાળ ઊંચે ઉડાવ્યો. ૯૫

શશાંકનું બિંબ ઉંચું ચડે છે,
દેખાવ કેવો નજરે પડે છે;
જાણે નિરાધાર જતું નિહાળ્યું,
આકાશમાં એક બલૂન ચાલ્યું. ૯૬

શશાંકનું તેજ બધે છવાયું
જાણે હવે રાજ્ય નવું સ્થપાયું;
તારા નિહાળ્યે ન જણાય ઝાણા,
જાણે દબાયા નૃપ જોર હીણા. ૯૭

આકાશ સંપૂર્ણ [1]સુધાંશુ શોભે,
જોતાં જનોનાં બહુ ચિત્ત લોભે;
જાણે નિશાસુંદરી એક એ છે,
તેજસ્વિ તેનું મુખ સ્વચ્છ તે છે. ૯૮

---

૧ સુધાંશુચંદ્ર.

P. P. Ac. Gunratnasuri M.S.   Jin Gun Aaradhak Trust

લગાર જે તીવ્રપણું ન રાખે,
તો વિશ્વમાં તે નર કોણ ભાખે;
જો ચંદ્રમા તીવ્ર નથી લગારે,
તો પંડિતો સ્ત્રીમુખતુલ્ય ધારે. ૯૯
સુધાંશુને છે કૃતિકા સમીપે,[૧]
દેખાતિ તેની ભલિ દીપ્તિ દીપે;
જાણે હિરાનું શુભ ઝૂમખું છે,
કાને નિશાસુંદરિએ ધર્યું છે. ૧૦૦
સુધાંશુ જો આ વૃષરાશિમાં છે,
તેથી બની અદ્ભુત યુક્તિ ત્યાં છે;
જાણે શરીરે શણગાર સાજી,
માહેશ્વરી આ વૃષભે બિરાજી. ૧૦૧
રહી સમીપે વળી રોહિણી છે,
ગાડા સરીખી દિસતી ગણી છે;
જાણે ભરી જોખમવાળી ગાડી,
ચંદ્રે ચલાવી કરીને અગાડી. ૧૦૨
શીતાંશુની શીતળતા છવાઇ,
જયા જોઇએ ત્યાં જગમાં જણાઇ;
જાણે પ્રજાના ગભરાટ કાળે,
જણાવિયું શાંતપણું નૃપાળે. ૧૦૩
તારા શશીથી અતિ છેક દૂર,
તથાપિ દીસે શશિની હજૂર;
જાણે રવિને જીતવા લડીને,
આવ્યું શશીસૈન્ય બધું ચઢીને. ૧૦૪
ક્યાં સૂર્ય ને ક્યાં શશિ તે બિચારો,
તથાપિ જોજો જન સ્પષ્ટ ધારો;

૧. કાર્તિક સુદિ ૧૫ મે.

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગરીબનો કાળ બળીષ્ઠ આવે,
ગરીબને રાજ્યપદે ચઢાવે. ૧૦૫
અરે શશી તું તજ ગર્વ એવા,
ઘણા દિઠા છે સખિ તુંજ જેવા;
ગુરુ કને ચાર શશિ વિખ્યાત,
શની કને તું શશિ દેખ સાત. ૧૦૬
બે લાખને આડત્રિશે હજારે,
મૈત્રે રહે ચંદ્ર મહીથી પારે;
રવિ રહે છે નવ કોટિ દૂર,
પ્રતાપીને હોય બધું હજૂર. ૧૦૭
વળી વિધુથી વસુધા ઘણી છે
એકોનપંચાસ ગુણી ગણી છે;
સ્વામી થવાને શશિ આશ લાવે,
અજા મુખે કેમ કલિંગ[1] આવે. ૧૦૮
ઘોડી[2] દિસે છે રથ રોહિણી છે,
બલિષ્ઠ જો આ બળદે[3] તણી છે;
તારા ઘણા પેદળ રૂપ ધારી,
જાણે નિશાનાથ સજી સવારી. ૧૦૯
આકાશ કે મોટું તળાવ એ છે,
તારા હશે કે જળજાત તે છે;
અને જુઓ જે શશી આ ઉગ્યો છે,
તેજસ્વિ તે કોઇક કાચબો છે. ૧૧૦
શશાંકમાં શામળ ડાઘ જોઇ,
કહે વિચારી કવિરાજ કોઇ;
આદર્શ[4] જેવો શશી સ્વચ્છ એ છે,
તેમાં ભુમાનું પ્રતિબિંબ તે છે. ૧૧૧

---

૧. કલિંગ-કાળિંગડું. ૨. ઘોડી-અશ્વની.
૩. બળદે-વૃષભરાશિ. ૪. આદર્શ-દર્પણ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બીજો કહે છે નક્ષપત્ર આ છે,
તારા નહીં અક્ષર તે લખ્યા છે;
મહોર ઇંદુ પ્રભુની પવિત્ર,
તેમાં મૃગાકાર વિચિત્ર ચિત્ર. ૧૧૨

ત્રીજો કહે મંથિત સિંધુ જયારે,
હતો શશી સાગર મધ્ય ત્યારે;
જે ઘાવ મંથાચળથી થયેલા,
આ ડાઘ તેના શશિમાં રહેલા. ૧૧૩

ચોથો કહે છે ક્ષયરોગ એને,
વધે ઘટે છે તન રોગ તેને;
તે ટાળવા કાજ ઉપાય કીધા,
આ કોઇ વૈદે ઉર ડામ દીધા. ૧૧૪

ગ્રહો શશી તો ફરતા દિસે છે,
તારા બીજા તો સ્થિર થૈ ઠસે છે;
આકાર એથી ફરતા ધરે છે,
વિચિત્ર [1]દર્શીનલિકા ફરે છે. ૧૧૫

જે એક આદિત્યથી કમ થાતું,
શશાંક તારાથી નથી કરાતું;
કરે વડું કામ પ્રતાપિ એક,
ન થાય નિર્માલ્ય જને અનેક. ૧૧૬

## વૈતાલીય છંદ.

શશિ મંગળ કે ગુરુ શની, કદિ પૂજાય ભલે ખડા ખની;
પણ તે કદિ પામશે નહીં, તૃણ તુલ્યે રવિ તુલના કહીં.

૧. લોઢાની એક નળીમાં ઘણા રંગના કાચના કડકા ગોઠવેલા હોય છે. તે નળીને જેમ જેમ ફેરવીને જોઇએ તેમ તેમ તરેહ તરેહનાં ચિત્ર દેખાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તગતા નભ ક્રોડ તારકા, પૃથિવી પીઠ પ્રકાશકારકા;
શશિઓ શત પૂર્ણમાસિના, ન ટળે રાત્રિ કદિ રવિ વિના. ૧૧૭

શાર્દૂલવિક્રીડિત વૃત્ત.

રે રે ચંદ્ર કદાપિ તું કમળને, કોટી પ્રકારે કરી;
પ્રીતીવંત પુરાં પ્રસન્ન કરવાની ધારણાને ધરી. ૧૧૮
જો તું નિત્ય વિશેષ તેજ અરપે, થૈ શાંત સ્નેહીપણે,
જેને તોય અભાવ હોય ઉરમાં, તે તો ગુણો ના ગણે. ૧૧૯

---

## સૃષ્ટિનો દેખાવ.

ઉપજાતિ વૃત્ત.

ચકોર નેં ચિત્ત ઉમંગ વાધ્યો,
કુમુદિનીએ પણ સ્વાર્થ સાધ્યો;
નવો થતાં જેમ પતિ પ્રજાનો,
પામે પુરો હર્ષ નવા પ્રધાનો. ૧૨૦
શોભા ઘટી કંજ[1] સમૂહ કેરી,
કુમુદિની શોભિ રહી ઘણેરી;
શ્રીમંતના જેમ ગરીબ થાય,
ગરીબ શ્રીમંત બન્યા જણાય. ૧૨૧
ઝાડો તણાં પત્ર દિસે ઉદાસી,
જાણે રવિતેજ વિના નિરાશી;
શાખી નરો નાચણિયો નચાવે,
કોઈ રમૂજી રમતો રચાવે. ૧૨૨
કોઈ પીયે મદ્ય ભરાઇ ભેળા,
એવું સુજે છે અવિવેક વેળા;

---

૧. કંજ—કમળ.

P.P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

કોઇ કથા કીર્તન તો કરે છે,
પ્રભુતણું ધ્યાન હૃદે ધરે છે. ૧૨૩
વેળા કવેળા સુખ દુઃખકાળે,
ધર્મી જનો ધર્મ કદી ન ટાળે;
પડ્યું હૃદેમાં પ્રતિબિંબ જેવું,
સમે કર્યું વર્ણન શુદ્ધ તેવું. ૧૨૪
દયાળુ વિશ્વેશ્વર વિશ્વપાળ,
સુરાજ રાખો અહિં સર્વ કાળ;
સુખી રહો સૌ જન ઠામઠામે,
આશીષ દીધી દલપત્તરામે. ૧૨૫

---

## ગ્રીષ્મ ઋતુનું વર્ણન.

### તોટક વૃત્ત.

કવિતા કરવા મન કોડ કરું, ધર ઇશ્વરનું ઉર ધ્યાન ધરું;
કરુણાકર કોટિ કૃપા કરશે, ભરપૂર મનોરથ તે ભરશે. ૧

### રૌદ્ર રસ-પાત્ર પ્રવેશ.

### દોહરો.

વિશ્વ રંગભૂમિ વિષે, લાવ્યો નાટક વેષ;
કહો અરે આ કોણ છે, તાપે તપ્યો વિશેષ. ૨

### મનહર છંદ.

ક્રોધમય કાયા ધરી અરે આ આવે છે કોણ,
જેના અંગ અંગે માંથી ઉપજતી ઝાળ છે;
ભૂત જેનો ભયંકર કિંકર છે શંકરનો,
કિંવા ભયંકરી લંકા ભૂમિનો ભૂપાળ છે;
પશે વિના પાણીને ઉદ્દાળ‍ા પચી કરે,
જેને જોતાં વપુ જેનું મહા વિકરાળ છે;

P.P.AC. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સરોવર સરિતાના સલિલને શોષી લે છે,
ક્રોધી મામો કંસ છે કે ઉનો ગ્રીષ્મ કાળ છે? ૩

### વસંતતિલકા વૃત્ત.

કેવો જુઓ કઠણ આ અતિ ગ્રીષ્મ કાળ,
જયાં ત્યાં પડે જગતમાં અતિ તાપ ઝાળ;
આંબા દરાખ ફળના રસ પીગળાવા,
જાણે ધરા કરી ધરી શગડી તપાવા. ૪
અંગીઠિ કીધી ધરણી રવિરશ્મિ ઝાળ,
પાણીની કુંડી સમ સાગર આ નિહાળ,
વાયુ દિશા રૂપી રુડી ધમણે ધમે છે,
સોની પ્રભૂ અખિલનો અછતો રમે છે. ૫
પૃથ્વી બની જગત પાવક કુંડ જેવી,
પાસે સમુદ્ર પ્રણિતા[1] જળ પૂર્ણ એવી;
આદિત્ય રીત જજમાન સમાન આણી,
હોમીય દ્રવ્ય સચરાચર સર્વ પ્રાણી. ૬
પ્રાણી વિનાશન કરે રવિ કેમ આમ,
જાણે પુરાણી જન રુદ્રતણુંજ કામ;
તે વાતનો મરમ જોતિષજાણ જાણે,
ભાનુ બન્યો વૃષભ[2] વાહન આજ ટાણે. ૭
જે રોહિણી સમીપ આ રવિ દેવ આવ્યો,
તેણે ચઢાવા રવિને અતિશે તપાવ્યો;

---

૧. યજ્ઞના કુંડ પાસે ઉત્તરમાં એક જળપાત્ર મુકે છે તે પ્રણિતાપાત્ર.

૨. સૂર્ય વૃષભ રાશિએ આવે છે અને રુદ્ર પણ વૃષભવાહન છે અને તે ક્રોધી છે. પંચાંગમાં વૃષભરાશિ બેસતી હોય તેમાંથી ૨૨ દિવસ અય-નાંશના બાદ કરવા પડે છે. જેમકે ખરી મકરસંક્રાંતિ ૨૧ મી. ડીસેંબરે બેસે છે અને સૂર્ય ગ્રહણ વર્તતાં પણ એજ રીતે ૨૨ દિવસ બાદ કરવા પડે છે. દરેક ઋતુ વિષે એમ જાણવું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જાણે પ્રભાકર ઘણી રીસથી ભર્યો છે,
ક્રોધી શશાંકતણી સુંદરીએ કર્યો છે. ૮

### શાર્દૂલવિક્રીડિત વૃત્ત.

તાતા તાપ થકી તમામ તરુથી, પક્ષી બિચારાં પડે,
વૃંદો વાંદરનાં વિશેષ વિખરી, જયાં ત્યાં પછી જૈ ચડે;
પાણી ઉષ્ણ નદી તળાવ તટમાં, મચ્છો તપ્યાં તરફડે,
ભારે ભીષમ[1] ગ્રીષ્મકાળ કહિએ, નાના પ્રકારે નડે. ૯

### વસંતતિલકા વૃત્ત.

ઉંચે ઓણો પવન શીતળ તો રહે છે,
જાડો વિશેષ અવનીપર તે તપે છે;
તે જેમ ભૂપ નહિ નિર્બળને તપાવે,
જોરે કરી સબળને વધતો દબાવે. ૧૦

પૃથ્વી પરે પગ ધર્યે પગ તો દઝાય,
જોડા વિના ન જનથી પગલું ભરાય;
રાખી ક્ષમાધર ક્ષમા અતિશે રહે છે,
તે જેમ કોઇ સમયે બહુધા તપે છે. ૧૧
જો ભૂમિને અતિ પ્રહાર કરો કદાપિ,
રાખે ક્ષમા અધિક ને ન તપે તથાપિ;
તે ભૂમિનું સ્વરૂપ ખૂબ તપ્યું જણાયું,
જો વિશ્વ આજ અતિ રૌદ્ર રસે છવાયું. ૧૨

જે સૂર્ય સર્વ સુખદાયકમાં ખપ્યો છે,
તે વિશ્વ શીશ હમણાં અતિશે તપ્યો છે;
ક્રોધીપણું સુરજના મનમાં ન માયું,
જો વિશ્વ આજ અતિ રૌદ્ર રસે છવાયું. ૧૩

૧. ભયંકર.

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જે વાયુ સર્વ સ્થળ શીતળતા કરે છે,
પ્રાણી તણા તનતણા તપને હરે છે;
સંતપ્ત છેક અતિ એજ જણાય વાયુ,
જો વિશ્વ આજ અતિ રૌદ્ર રસે છવાયું. ૧૪
સંતપ્ત પાણી નદિના જળ મધ્ય જાય,
તેને સલિલ તન શાંત કરે સદાય:
એ નીર આજ નિજ અંગ તપ્યું ગણાયું,
જો વિશ્વ આજ અતિ રૌદ્ર રસે છવાયું. ૧૫
જે છાપરાં સરસ દાયક ઠંડિ છયા,
જેની મનુષ્ય સૌને મન મધ્ય માયા;
તે છાપરું પણ અતિ તપતું જણાયું,
જો વિશ્વ આજ અતિ રૌદ્ર રસે છવાયું. ૧૬
પોતા તણો નિરખિયો જઇને પલંગ,
જેને અપાય વિશવાસથી આપ અંગ;
શું કીજિએ અધિક તે પણ જો તપ્યો છે,
જ્યાં જ્યાં વિલોકું રસ રૌદ્ર બધે ભર્યો છે. ૧૭
જે પર્વતો અચળ થૈ સઘળું સહેતા,
કોઇ પ્રકારથકી ક્રોધ કદી ન લેતા;
તેઓનું આજ અતિશે તન છે તપાયું,
જો વિશ્વ આજ અતિ રૌદ્ર રસે છવાયું. ૧૮
ફૂલ્યા ઘણા સરસ પર્વતના [૧]પલાશ,
એની જણાય રચના વળિ આસપાસ;
કેવા દિસે અધિક ખાખર તે રૂપાળા,
જાણે ઉઠી અધિક પર્વત ક્રોધવાળા. ૧૯
જે જેાિરાય તપી જાય કદી ન પોતે,
સાંખે સદૈવ અપમાન પમાય તો તે;

---

૧ ખાખરા.

P.P. Ac. Gunratnasuri M.S.   Jin Gun Aaradhak Trust

તેઓતણું રુધિર તે પણ ઊકળાયું,
જો વિશ્વ આજ અતિ રૌદ્ર રસે છવાયું. ૨૦
પંચાગ્નિ તાપ વળિ જોગી જનો તપે છે,
જે નામ વિશ્વપતિનું મનમાં જપે છે;
સેવા નરેશતણું દ્રવ્ય જ તે પ્રવેશ,
મોટો ઝમોર[1] રચિ જેમ કરે પ્રવેશ. ૨૧
ક્રોધી બની ઉદધિ તો બહુ બૂમ પાડે,
ઘોંઘાટ સાથ તટ હાથ જુઓ પછાડે;
ક્રોધીપણું ઉદધિનું અતી ઓળખાયું,
જો વિશ્વ આજ અતિ રૌદ્ર રસે છવાયું. ૨૨
રસ્તો સમુદ્ર પરનો નિધિએજ લોપ્યો,
જાણે મનુષ્યશિર રાવણ રાય કોપ્યો;
રાખી દિલે હિમત કોઇથી ના જવાયું,
જો વિશ્વ આજ અતિ રૌદ્ર રસે છવાયું. ૨૩
જે સિંધુ નાવ નિજ ઉપર તારનારો,
તે ક્રોધી થૈ અધિક આજ થયો અકારો;
વિશ્વાસ આજ નિધિનો નહિ નાવ આણે,
ક્રોધી કદાપિ નિજનું પરનું ન જાણે. ૨૪
જો આ તરંગ નિધિ ઉપર ઉછળે છે,
રેલાઇ નીર વધતું રણમાં વળે છે;
રોમાંચ[2] અંગ નિધિનું અતિશે થયું છે,
પ્રસ્વેદ[3] નીર વહિને અળગું ગયું છે. ૨૫
જે લોક સૂર્યતડકે પણ પંથ જાય,
તાપે તપી વદન રક્ત થયાં જણાય;

૧. ભાટ લોકો ઝુંપ ખડકીને રાજા ઉપર ત્રાગું કરવા સારૂ બળી મારતા હતા. બાઇડીઓ કુટતી વખતે કહે છે કે હાય ઝમોરીઆ.
૨. રોમાંચ-રૂવાંટાં ઉભાં થવાં. ૩. પ્રસ્વેદ-પરસેવો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ક્રોધી નિહાળી રવિ ક્રોધિત સૌ થયા શું,
ક્રોધે તપી વદન રક્ત બની ગયા શું? ૨૬
પ્રસ્વેદ શીરપરથી મુખ ઉતરે છે,
રેલા થયા કરવડે વળિ તે લુવે છે;
તે જેમ ક્રોધ ચડતાં દગ[1] આંસુ આવે;
પ્રસ્વેદ અંગ લળિ ક્રોધ વિષે જણાવે. ૨૭
કોઈ જનો સરસ શર્બત તો પીએ છે,
કોઇ જનો બરફ કે ગુલકંદ લે છે;
કોએ લીલાગર છણી જળ સાથ લીધી,
જાણે કરોધ શમવા જડિબુટ્ટિ પીધી. ૨૮
કોઇ કરે જળવિષે જળકેલિ જૈને,
મિત્રોતણી સરસ મંડળિ સાથ લૈને;
સંસારમાંહિ અકળાઈ ઉપાય શોધી,
ગંગા પ્રવેશ કરતા જન જેમ ક્રોધી. ૨૯
પાણી તપે નદીતણું અદકું ઉનાળે,
કૂવાનું નીર અતિ શીતળ એજ કાળે;
તે જેમ દંપતિ પરસ્પર વેણ સાંખે;
જો એક જાય તપી તો બીજું શાંતિ રાખે. ૩૦
પૃથ્વી થકી જળ જુઓ રવિઅંશુ શોષે,
વર્ષા સમે વળી ધરાતળ એજ પોષે;
રાજા પ્રજાથકી કદી કર શ્રેષ્ઠ લે છે,
તે જેમ યોગ્ય સમયે જન કાજ દે છે. ૩૧
ખેંચે જમીન જળને નભ ભાનુરાય,
વાવો કુવાતણું જુઓ જળ ઊંડું જાય;
તે જેમ દેશ નૃપ કંજુસ થાય જયારે,
તેની પ્રજા સકળ કંજુસ થાય ત્યારે. ૩૨

---

૧ દૃગ-આંખ.

P. P. Ac. Gunratnasuri M.S.　Jin Gun Aaradhak Trust

જે આ તળાવ નદી નીર નહીં સમાતું,
તે આજ છેક ઘટિને તુછ છે જણાતું;
તે જેમ કોઇ સમયે અતિ રિદ્ધિ આવે,
કોઇ સમે ચપળ થૈ સઘળી સિધાવે. ૩૩

દીસે તળાવ નદિમાં જળ તો ઘટેલું,
ખારા વિશેષ રણુમાં જળ છે વધેલું;
કોઇ સમે ધન ન હોય સુપાત્ર ઘેર,
દીસે કુપાત્ર જન ઘેર વિશેષ લ્હેર. ૩૪

સૂકાં તળાવ જગ મધ્ય જણાય કેવાં,
ઓખાં પડેલ નિધિને તટ નાવ જેવાં;
કે રાજભ્રષ્ટ નૃપની નિરખો હવેલી,
કે નાથહીન જગમાં જુવતી રહેલી. ૩૫

ધર્મી જનો વન વિષે પરબો કરે છે,
પુણ્યાર્થ દ્રવ્ય ખરચી જળ મોકલે છે;
જાણે ખરીદ કરીને પરલોક માટે,
તે મોકલી ભલી વહોરત સ્વર્ગ વાટે. ૩૬

ઊંડે કુવેથી બળદો જળકોશ તાણે,
આવ્યાનું કોશ ભરિ ઢોલ[૧] ધ્વનિ જણાવે,
તે જેમ ભૂપ જીતવા પરદેશ જાતાં,
આવ્યો જણાય ફરી નોબતનાદ થાતાં. ૩૭

કુવે મળે ન જળ તો જન જાય બીજે,
બીજે મળે ન જળ તો જન જાય ત્રીજે;
ભીક્ષાર્થિ જેમ પ્રતિ મંદિર સંચરે છે,
માધુગરી ગ્રહણ જોગણીઓ કરે છે. ૩૮

---

૧ આરવાડમાં.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ભયાનક રસ.

### દોહરા.

ક્રોધ જોઇને કોઇનો, ભય ઉપજે છે બાત;
હવે ભયાનક રસ વિષે, વર્ણવીને કહું વાત. ૩૯

### ઉપજાતિ વૃત્ત.

ધીમી પડીને નદિયો વહે છે,
ધીમે ધિમે જૈ નિધિમાં રહે છે;
ક્રોધી પતીને નિરખી બિચારી,
ધીમી પડે છે ભયભીત નારી. ૪૦
સમુદ્રનું પાન કર્યું સમસ્ત,
તે તો થયો આજ અગસ્ત અસ્ત[1];
સમુદ્રને કાંઇ ન રહી બીક,
મારે ઉછાળા મદથી અધીક. ૪૧
પાણી વિના ખૂબ પિડાય પ્રાણી,
મરે બિચારા ન વદાય વાણી;
પક્ષી મરી ઝાડ થકી પડે છે,
ભોળી અતીશે ભય ઉપજે છે. ૪૩

### વસંતતિલકા વૃત્ત.

ગોરા જનોથી અતિ તાપ નહીં ખમાય,
સંસ્થાનવાસ તજી પર્વતવાસી થાય;
જાણે કુભાંડિ રિપુએ બળવો ઉઠાવ્યો,
એકાંતવાસ તન રક્ષણથી તકાવ્યો. ૪૩

### મનહર છંદ.

ગવર્નર જનરલ સીમલે સિધાવે, અને
ઉત્તરના સાહેબોએ આબુ સ્થાન ધાર્યું છે;

---

૧. આશરે તા. ૨૯ મેએ અસ્ત અને તા. ૨૫ મી અગષ્ટે ઉદય થાય છે.

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

મુંબાઇનો ગવર્નર જાય મહાબળેશ્વર,
શિવને શરણે જવા ચિત્તમાં વિચાર્યું છે;
મુંબાઇના ગૃહસ્થો ખંડાળે માથેરાન જાય,
ઘરબાર ઉપરથી અંતર ઉતાર્યું છે;
તજી અભિમાન ધનવાન વાનપ્રસ્થ[1] થયા,
હરહર ગ્રીષ્મથી આ જગત હાર્યું છે. ૪૪

વસંતતિલકા વૃત્ત.

કાં તો સરોવર વિષે વળિ કાં નિધિમાં,
જ્યાં બંગલા સરસ ઠંડકની ક્ષિતિમાં;[2]
ત્યાંના નિવાસી જન કેક જુઓ થયા છે,
જાણે ડરી વરુણ ને શરણે ગયા છે. ૪૫
નોકા વિષે સુજન કોઇક સંચરે છે,
સિંધુતણી સરસ સેલ સુખે કરે છે;
જાણે વિશેષ ભુમિમાં ભય પામી લીધો,
ભૂમી તજી શિતળ સાગરવાસ કીધો. ૪૬
તટ્ટી કરી વિરણની ધરી દ્વાર માત્રે,
છાંટે જળે જળ લઇ શતછિદ્ર પાત્રે;
જાણે નિવારણ થવા ભય સર્વ ભારી,
શંભૂશિરે જન કરે અભિષેક વારી. ૪૭
પીવા વળી બરફને જળ મધ્ય ઘોળે,
ચૂવા તથા શીતળ ચંદન એમ ચોળે;
જાણે રવીકિરણ બાણ થકી ડરે છે,
માટે જનો વિવિધ બખ્તર તો ધરે છે. ૪૮
કોઇ ધરે વિરણના જળ છાંટિ પંખા,
કોઇ ધરે કુસુમના[3] નહિ પુષ્પ સંખ્યા;
જાણે ઉતાપરૂપી અસ્રથકી ડરે છે,
તે આડી ઢાલ કરમાં લઇને ધરે છે. ૪૯

૧. વાનપ્રસ્થ-વનવાસી. ૨. ક્ષીતિ-પૃથ્વી. ૩. કુસુમ-ફુલ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ઉંચે લટકતા મોટા પંખા વિષે.

### મનહર છંદ.

સીતા માટે સંગરામ રામના રિપુથી કર્યો,
જટાયુની જ્યાં અવધ આવી રહી આયુની[1]
પાંખો તોડી પાપીએ આકાશમાં ઉડાડી દીધી,
તે ફરે છે પ્રકૃતિ સુધારવા પરાયુની[2]
ભાગ્યશાળી ભોગીના ભવનમાં ભરાઈ ભાઇ,
તાપ ટાળે વારે વારે વૃષ્ટિ મંદ વાયુની;
એજ દિસે છે આ ઠામ કહે દલપતરામ,
પંખવો નથી આ પાંખ જુઓ રે જટાયુની. ૫૦

### દોહરા.

ધુપછત્રી ને પંખવો, બાગ ફુવારા હોજ;
ખાટ અગાશી બંગલો, ચહે ઉનાળે રોજ. ૫૧

### વસંતતિલકા વૃત્ત.

ઉત્પત્તિ આજ અતિ માકણની જણાય,
જેનાથી કૈંક જન તો અતિશે મુઝાય;
ભાનૂ શશાંક ગ્રહ જે નભમાં વસ્યા છે,
જાણે જમીનપર માકણથી ડર્યા છે. ૫૨
જૈ નીર મધ્ય રણછોડજી બેટ બેઠા,
જો જૈન દેવ જઈ પર્વત માંહિ પેઠા;
શંભુ વસ્યા કંઇક તો જઇ ભોંયરામાં,
ધારેલિ ધાસ્તિ અતિ માકણની ધરામાં. ૫૩
જે છોડવા લઘુ ઘણા વનમાં ઉગેલા,
તે તો સુકાઇ પડતા વળિ ઘાસ વેલા;
જાણે વિશેષ ભય અંતર ઉપજ્યાથી,
પ્રાણાંત પામી પડિયા નબળી દશાથી. ૫૪

૧. આયુ-આયુષ. ૨. પરાયુ-પારકાનું આયુષ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વૃક્ષોતણો વિવિધ આશ્રય પ્રાણી લે છે,
છાયા વિષે વિચરીને પશુઓ વસે છે;
તે જેમ કોઈ અતિશે ભયભીત થૈને,
વાસો વસે અભય આશ્રય એક લૈને. ૫૫

અર્કેકના ઉર નીચે શિર રાખનારાં,
ઘેટાં ઘણુંક બહુ તાપ સહે બિચારાં;
તે જેમ મૂર્ખ જન છાંડી ઉપાય ત્રાસે,
સંતોષ સૌનિ* ગતિ ઉપર ઊર ભાસે. ૫૬

જોયા મદોન્મત મહા વળિ સિંહ જેવા,
તાપે તપી અજ બરાબર થાય એવા;
ઉન્મત્ત હોય જન કોઇ જુવાન જેમ,
ચિંતા પડયાથી તન નિર્બળ થાય તેમ. ૫૭

આદાશિશિથી અતિશે અકળાય વાઘ.
હાંફે પડયો પરમ જ્યાં પ્રતપે નિદાઘ;[1]
પામ્યો ગતિ અબળની વનરાજ એવી,
બીજા વનેચર તણી ગતિ શી કહેવી. ૫૮

કૂંકે દિનેશ નિજ કીરણ તીવ્ર બાણ,
પ્રાણી અનેક વનમાં ગત થાય પ્રાણ;
દીસે પડેલ મૃગ ખાઇ ઘણો પ્રહાર,
જાણે જુવાન રવિરાય કરે શિકાર. ૫૯

દૂરેથી દેખી વનમાં મૃગ ઝાંઝવાને,
પાણી ગણી ઝડપથી વિચરે પીવાને;

---

* જેમ મૂર્ખ લોકો કષ્ટની વખતે ઉપાય ન શોધતાં સૌનું થશે તે આપણું થશે એમ ધારીને બેશી રહે છે તેમજ ઉષ્ણ કાળમાં ઘેટાં એક બીજાના પેટ હેઠે માથાં સંતાડીને આંખો મીચીને તાપ સહે છે.

૧ [illegible]

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તે જેમ કોઇ કરી કંજુસ કેરી આશ,
સેવે ધનાઢય ગણીને વળતી નિરાશ. ૬૦

સંતાઇ જાય મૃગ કોઇક તો ગુફામાં,
પેસે છુપાઇ વળિ સિંહણ આ સમામાં;
જાણે શિકારી જબરા રવિરાય ત્રાસે,
પેઠા છુપાઇ નભ ભૂચર જીવ ભાસે. ૬૧

વંટોળિયા વન વિષે અતિશે ચડે છે,
ચક્રી સમાન ફરતા નજરે પડે છે;
જાણે પ્રસન્ન કરવા રવિને વિચારી,
નાચે નવીન ફુદડી ફરી રાસધારી. ૬૨

ખેડૂજનો ખચિત ખેતરમાં ફરે છે,
ખોદી મહી નરમ ખેતરની કરે છે;
જાણે પિતામહતણું ધન ખોદિ લેવા,
મંડયા ઉપાય કરવા ચિત ચાહિ એવા. ૬૩

## ઉપજાતિ વૃત્ત.

પરસ્પરે વાંસ ઘણા ઘસાય,
અગ્નિ ઝરે ને વન નાશ થાય;
કુટુંબમાં જેમ કુસંપ જામે,
પરસ્પરે તે લડી નાશ પામે. ૬૪

ન્હાવા ન પામે મરુ દેશવાસી,
પીવા ન પામે જળ ત્યાં પ્રવાસી;
તે વાતનું વર્ણન જો લખાય,
તો વાંચનારા ભયભીત થાય. ૬૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## બાપાની પીંપર વિષે

### કથાંતર અથવા ફારસ.

#### કુંડળિયા છંદ.

" વિચરીને વઢવાણથી, લીધો લીંબડી પંથ;
" વિતક વરણવતાં વધે, ગ્રીષમ વરણન ગ્રંથ;
" ગ્રીષમ વર્ણન ગ્રંથ, પંથમાં ન મળ્યું પાણી;
" તપ્યો પ્રલય સમ તાપ, રહી શિર રામ કહાણી;
" દાખે દલપત્તરામ, રામનું રટણ કરીને;
" અતિશય કર્યા ઉચાટ, વાટ મધ્યે વિચરીને. ૬૬
" લગભગ આવી લીંબડી, દોઢ ગાઉ પર દૂર;
" ત્યાં તો ઘામ ધખ્યો ઘણો, ન રહ્યું તનમાં નૂર;
" ન રહ્યું તનમાં નૂર, સૂરજે શરીર તપાવ્યું;
" છાંયો ન મળે છેક, એક પણ ઝાડ ન આવ્યું;
" દાખે દલપતરામ, ભલી જોતાં મન ભાવી;
" પીંપર બાપાતણી, લીંબડી લગભગ આવી. ૬૭
" બાપાની પીંપર ખડી, પૃથિવી પર પ્રખ્યાત;
" પ્રસિદ્ધ જેવો પ્રાગવડ, વિશ્વ વખાણે વાત;
" વિશ્વ વખાણે વાત, પીંપળો પ્રભાસ પાસે;
" કદંબ જમુના કુલ* કલ્પતરુઓ કૈલાસે;
" દાખે દલપતરામ, ઉપમા એ આપ્યાની;
" ભલે થઇ ભૂમાંહિ, ખડી પીંપર બાપાની. ૬૮
" ત્યાં બેશીને ત્રણ ઘડી, કવિએ કર્યો વિરામ;
" અતિ સુખ ઉપજ્યું એ થકી, આશીષ દીધી આમ;
" આશિષ દીધી આમ, નામ તુજ નવ જગ રહેજો;
" તુજને વાવી તેહ, લાખ સુખ સ્વર્ગે લેજો;

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"દાખે દલપતરામ, પરમ પદમાં પેશીને;
"લેજો ઉત્તમ લ્હાણ, બહુ જુગ ત્યાં બેશીને. ૬૯
"આંબા કરતાં અતિ ભલું, દીસે તારું ડોળ;
"શેલડી શા હિસાબમાં, આપે સાકર ગોળ;
"આપે સાકર ગોળ, તાપ તનનો ન મટાડે;
"સુરતરુ સ્વર્ગે વસે, ન દેખે નર કોઇ દહાડે;
"દાખે દલપતરામ, સરવ તરુના ગુણ સ્મરતાં;
"તુજમાં અમૃત તત્વ, અધિક તું આંબા કરતાં. ૭૦

દોહરો.

જાન્હવી તીરે જળતણું, દેવું સુલભ દાન;
દેજો નિર્જળ દેશમાં, કહું જળ કીમતવાન. ૭૧

કુંડળિયા.

"પ્યારી પીંપર પદમણી, શાંતિ દાન દેનારી;
"ભૂપતિ વિક્રમ ભોજસમ, તું અતિશે ઉપકારી;
"તું અતિશે ઉપકારી, તારી કીર્તિ શું કહીએ;
"જે ઉચરું તે અલ્પ, એમ અંતર ધરી રહીએ;
"દાખે દલપતરામ, કોટીધા તું ગુણકારી,
"રાખીશ તારું નામ, પૃથ્વિપર પીંપર પ્યારી. ૭૨
"આપે ગામ ગરાસ કે, દ્રવ્ય વસ્ત્ર દે દાન;
"એમાંનું એકે નહીં, શાંતિ દાન સમાન;
"શાંતિ દાન સમાન, જગતમાં કશું ન જાણું;
"તે માટે હું તને, વિશેષે કરી વખાણું;
"દાખે દલપતરામ, કષ્ટ કાયાનાં કાપે;
"દુનિયા મધ્યે દાન, કહો એવું કો આપે. ૭૩
"જ્યાં સૂધી આ જગતમાં, મુજ કવિતા કહેવાય;
"આપની પીંપર તણા, ગુણ જગમાંહિ ગવાય;

P. P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aradhak Trust

" ગુણ જગમાંહિં ગવાય, પામજો બહુ પ્રખ્યાતિ;
" કીર્તિ દેશ વિદેશ, મુલકમાં થાજો માતી;
" દાખે દલપતરામ, અરે સુખના અંબુધી;*
" જીવે તું જગમાંહિ, જીવે કવિતા જયાં સુધી. ૭૪

" ઓગણિસેં ઉપર થયે, વિક્રમ વર્ષે એક;
" વદિ દશમી વૈશાખની, વાસર શનિ વશેક;
" વાસર શનિ વશેક, પીંપરે તાપ ઉતાર્યો;
" નિશ્ચળ રહેવા નામ, આમ આ વિષય ઉચાર્યો;
" દાખે દલપતરામ, ભલે જનમી આ ભૂપર;
" વિક્રમ વર્ષ ગણાય, એક ઓગણિસેં ઉપર. ૭૫

## સવૈયો.

" કદળી તરુ તુચ્છ ગણી કહીએ,
કદિ આંચ હરે ન ઉતાપાની,
તરુ ફૂલતણાં વિરહી જનને,
બહુ વૃદ્ધિ કરેજ બળાપાની,
ધિક જન્મ ધરી જશ જો ન જપાય
છપાય ન અંદર છાપાની;
નિરભાગણી નાગરવેલ અને,
બડભાગણિ પીંપર આપાની. " ૭૬

## વસંતતિલકા વૃત્ત.

જો બાગ આદિથકી શીતળ વાયુ આવે,
રસ્તે જતા જન દિલે અતિ હર્ષ લાવે;
લાગે નવાઈ સરખો શિત વાયુ કેવો,
જાણે મળ્યો સરસ તે પરદેશી મેવો. ૭૭


P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### ઉપજાતિ વૃત્ત.

જૈ બાગમાં કોઇક લોક બેસે,
ઝાડી વિષે જેમ છુપાઇ પેસે;
જાણે થયો છે રવિ વાઘ જેવો,
છૂપાય પામી જન ત્રાસ તેવો. ૭૮

આંબા વડો પીંપર લીંબડાને,
પુષ્ટી કરે વૃક્ષ વડા વડાને;
કરે વડાને લલચાવી તાજા,
સ્વરાજ લોભે પ્રતિપક્ષિ રાજા. ૭૯

ચંબેલી ચંપા વળી જૂઇ જાઇ,
ગુલાબ સેવંતિ રહી ફુલાઇ;
જો મોગરો આ ફુલ ભાર ઝૂલ્યો,
જાણે જિતી ગ્રીષમ કાળ ફૂલ્યો. ૮૦

જુવાની ગ્રીષ્મે ગુણ શુદ્ધ જેના,
જનો વખાણે જશ યોગ્ય તેના,
દશે દિશાએ જન સર્વ દેખે,
અવાડમાં અંકુર તો અલેખે. ૮૧

ચાંપાં પપૈયા ફળ ફાલસાં છે,
શેતૂર સારાં જગમાં થયાં છે;
શ્રીમંતને દે બહુ સ્વાદ એવા,
જાણે વિચારે લલચાવી લેવા. ૮૨

કેરાં તથા જે તડબૂચ ટેટી,
ગ્રીષ્મે ધરી છે વળી ભેટ મોટી;
તથાપિ ઝાઝો પરિતાપ દાખે,
[illegible] વળી દાખ રાખે. ૮૩

P. P. Ac. Gunratnasuri M.S.　Jin Gun Aaradhak Trust

### વસંતતિલકા વૃત્ત.

દીસે સમાન પણ રાયણ ને લિંબોળી,
એના સમાન ગુણ કેમ શકાય તોળી;
બે નારિઓ સ્વરૂપથી સરખી જણાય,
જુદા જુદા જગતમાં ગુણ તો ગણાય. ૮૪
છત્રી ધરી જન જુઓ શિર ઢાંકી ચાલે,
આંખો ઉઘાડી અતિશે કરીને ન ભાળે;
જાણે જરૂર દુનિયાં વહુ જેઠ આવ્યો,
તેણે લજાવી પટ ઘુંઘટ શું તણાવ્યો. ૮૫

### દોહરો.

જરૂર છત્રી જેઠમાં, ઓઢયાનો છે ચાલ;
લાજ કાઢવી જેઠની, ખરો હવે એ ખ્યાલ. ૮૬

### વસંતતિલકા વૃત્ત.

જેના સમીપ નિજ જોર કશું ન ચાલે,
તેનો સહિ જુલમને મન લોક વાળે;
જો રોહિણી અધિક તાપ કરે અતોલે,
તો વૃષ્ટિ ખૂબ પડશે જન એમ બોલે. ૮૭
લાંબું વિશેષ વધતું દિનમાન દીસે,
ઉદ્યોગ હીન અકળામણ દે અતીશે;
શાંતિતણા હરખના દિન હોય ટુંકા,
લાંબા જણાય દિવસો, જગ મધ્ય સૂકા. ૮૮
આદિત્ય આજ નભમાં, મૃગ પાસ આવ્યો,
વાયુ વિશેષ બળથી જગમાં ચલાવ્યો;
જાણે શિકાર કરવા રવિ રાય ધાયો,
દોડયાથિ શ્વાસ ચઢતાં તનમાં ન માયો. ૮૯
વાયો હવે અધિક આ મૃગશીર વાયુ,
જો આજ જોર અતિ પશ્ચિમનું જણાયું;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જાણે સમુદ્ર તરી આરબ ફોજ આવી,
જે પીંપળા વડ વિશેષ દિધા પડાવી. ૯૦
આંબા થકી ફળ ઘણાંક પડયાં ખરીને,
વાયુતણા અતિ પ્રહાર થકી કરીને;
જાણે વિદેશી નૃપનું બહુ સૈન્ય આવ્યું,
પાકયા વિનાનું પણ ખેતર તે લુંટાવ્યું. ૯૧
આંબે સુફાલ પરિપકવ થયો રસાળો,
કોડે કરે સ્વજન સૌ મળી કેરિગાળો;
શું કલ્પવૃક્ષ ફળ ઇંદ્રપુરીથી આવ્યાં,
તે ભાગ્યશાળી જનને ભલી ભાત ભાવ્યાં. ૯૨
ઊડી વિશેષ રજ લાગતી વાયુ ચોટ,
જોઇ કહે જન થયો અતિ ધૂળ કોટ;
જાણે વિદેશી નૃપતી નિરખી હઠીલો,
રક્ષાર્થ શ્રેષ્ઠ રચિયો મજબૂત કિલ્લો. ૯૩
કોઇ સ્થળે ઘર તણાં નળિયાં ઉડાવ્યાં,
સિંધુ તટસ્થ વળી નાવ ઘણાં ભમાવ્યાં;
જાણે વિદેશી નૃપ સાથ થઈ લડાઇ,
દેશી જનો ઉપર થૈ અદકી ચડાઇ. ૯૪
નાવો તણા વળિ જુઓ શઢ તોડિ નાંખ્યા,
કોઇકના નવ રહ્યા કુપથંભ આખા;
ભાનૂ તપ્યો પવન ને નિધિ ઊછળે છે,
જાણે ત્રણે નૃપતિ સંપ કરી મળે છે. ૯૫
એથી વિશેષ જનમાં ગભરાટ ઊઠયો,
જાણે જરૂર હૃદયે અતિ દૈન્ય રૂઠયો;
નિશ્વાસ નાખી નમી ઇશ્વર પાય લાગે,
શાંતિ સ્વદેશ કરવા વરસાદ માગે. ૯૬
જે ભાનુ ઉત્તર ભણી ખટ માસ આવ્યો,
તેણે બાળ્યો ભરતખંડ ઘણો તપાવ્યો;

P. P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પાછો વળ્યો તરત આજ[1] થકી વિચારી,
ઝાઝો અમે ન પરિતાપ પ્રજા બિચારી. ૯૭

જ્યારે રવી અધિક પશ્ચિમમાં ઢળે છે,
સિંધૂ સમીપ ફરવા જન નીકળે છે,
જાણે બધા દિવસમાં રવિએ તપાવ્યા;
તે સિંધુ પાસ કરવા ફરિયાદ આવ્યા. ૯૮

ધીમે ધીમે સુરજ પશ્ચિમમાં ઢળે છે,
ઉન્હાં તથાપિ કિરણો જગમાં ભમે છે;
એથી ઉતાપ ઉપજે રવિ દેવ પાખી,
જાણે ગયો નૃપતિ તે નિજ થાણું રાખી. ૯૯

પક્ષી જુઓ ઉદધિ ઉપર આ ભમે છે;
જોતાં સમીપ ફરતાં જનને ગમે છે;
જાણે સમુદ્રતણી રીસ શમ્યાનું ધારી,
ઓવારણાં ખગ કરે ચિત્તમાં વિચારી. ૧૦૦

ભોગીજનો શયન પુષ્પતણાં બિછાવે,
તે બેરખા કુસુમ હાર તથા ધરાવે;
ગુંથે સતી સુમન[2] કોઇક ચોટલામાં,
બેસે પ્રિયા પ્રિય મળી શશિની પ્રભામાં. ૧૦૧

જેઠા સમીપ શશિ પૂર્ણ રુડો સુહાવે,
તે દેખતાં કવિતણે ઉર તર્ક આવે;
ચૂડો નવીન રજની વહુએ મગાવ્યો,
જાણે નિશાપતિ જઇ ગજદંત[3] લાવ્યો. ૧૦૨

---

૧. જુનની તા. ૨૧ મીથી.

૨. સુમન—ફુલ.

૩. જેષ્ઠા નક્ષત્રનો આકાર હાથી દાંતને આકારે છે. જેઠની પુનમે ગ્રીષ્મઋતુ પુરી થાય છે અને તે ઋતુમાં વડના ઝાડે સારો આશ્રય આપેલો માટે તે દહાડે વડસાવિત્રાનું પૂજન કરે છે. તે પુનમનું નામ વડસાંતરી કહેવાય છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મેનાં શુકો મધુર શબ્દ કરે પ્રભાતે,
મધ્યાહ્ને પીક[1] વળી બુલબુલ શબ્દ રાતે;
સાંજે અમે ચકલિયો સ્વર શુદ્ધ એમ,
શોભે વિશેષ સમયોચિત શબ્દ જેમ. ૧૦૩

દોહરા.

રહે ન સરખા દિન સદા, ચતુર વિચારો ચંત;
દિન આવ્યા વરસાદના, આવ્યો ગ્રીષમ અંત. ૧૦૪
ધીરા જન ધીરજ ધરો, ઉરમાં સમજી આમ;
રાજી રાજી નીત રહો, દિલમાં દલપતરામ. ૧૦૫

---

## વર્ષા ઋતુનું વર્ણન.

### મનહર છંદ.

સુણો સભાસદો વિશ્વરૂપી રંગભૂમિ વિષે,
સાહસિક એક શુરવીર વડો આવશે;
જગતના ઉપકાર માટે નિજ જીવનને,
કરી કૂરબાન દાન શૌર્ય દેખડાવશે;
પ્રસરશે પૃથ્વિમાં તે પામીને પ્રવાસ શૌર્ય
ગામ ગામ ઠામ ઠામ જમાવ જમાવશે;
યુદ્ધશૌય ધરી યુદ્ધ કરશે તે મહા યોદ્ધા,
હિંમતથી ગ્રીષમને હરાવી હઠાવશે. ૧

### ઇંદ્રિવજ્ર વૃત્ત.

પેખી પિડાતા મહી મધ્ય પ્રાણી,
તે ગ્રીષ્મનો જૂલમ એમ જાણી;
રુઠયો ઘણો અંતર મેઘરાય,
તે દાઝ લેવા ચિત્તમાં ચહાય. ૨

---

1 કોયેલ પક્ષી.

P.P. Ac. Gunratnasuri M.S.　Jin Gun Aaradhak Trust

ચિત્તે જનો સૌ ધનને ચહાય,
તે પૂછવા જોતિષિ ઘેર જાય;
જોષી દિલાસા બહુ જૂઠ દે છે,
વિશ્વાસ ભોળા જન તો ધરે છે. ૩

## ઉપજાતિ વૃત્ત.

છે ગ્રીષ્મનો શુષ્ક પ્રધાન નામ,
ઠરી રહ્યો ભૂતળ ઠામ ઠામ;
તેણે કર્યો હાથ હરેક કિલ્લો,
લડયા વિના તે ન હઠે ઉઠીલો. ૪

## ભુજંગી છંદ.

સુકું ગ્રીષ્મના મંત્રિનું નામ જાણું,
દિસે ઠામ ઠામે સુકાનુંજ થાણું;
જુઓ સીમમાં નીમમાં ઠામ ઠામ,
સુકાનેજ તાબે દિસે છે તમામ. ૫
ગિરી શીખરે વ્યાપિયું ખૂબ સૂકું,
સુકે કોઇએ ઠામ ખાલી ન મૂકયું;
નદી કે તળાવો જુઓ ખેતરોમાં,
જુઓ ચોક વસ્તીતણા કે ઘરોમાં. ૭
જુઓ સ્થિર જયાં ત્યાં સુકાંનો જમાવ,
કરે ભક્ષ પ્રાણીતણો એજ ભાવ;
જુઓ ઘાસ પાણી જમીં મધ્ય ખૂટયાં,
ચઢી ગ્રીષ્મની સ્વારીએ જેમ લુંટયાં.

## પંચાત અથવા વિષ્ટિ.

## વસંતતિલકા વૃત્ત.

એવે સમે પવન શીતળ કાંઇ આવ્યો,
વિષ્ટી તણી જરૂર એજ વધાઇ લાવ્યો;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દાતા નહિ તદપિ શીતળતા જમાવે,
તે લોકના મન વિષે ભલી રીત ભાવે. ૮

## ઉપજાતિ વૃત્ત.

વાયુ જુઓ નૈરૃતનો વહે છે,
વર્ષાદનું આગમ તે કહે છે;
હર્ષે ભર્યો જેમ વિદેશી આવે,
વધામણી કાંઇ ભલીજ લાવે. ૯

વાયો શિળો નૈરૃત્યમાંથી વાયુ,
જોતાં ભલું કારણ તો જણાયું,
સંધી કરાવા રિપુ ગ્રીષ્મ સાથે,
શું મોકલ્યો સાંધિક ઘનનાથે. ૧૦

ત્યાં સામ ને દામ ઉપાય કીધા,
ભલે પ્રકારે વળિ ભેદ[1] દીધા;
થાણાં ઉઠાડ્યાં નહિ શુષ્ક કેરાં,
વાનાં વિવેક કરતાં ઘણેરાં. ૧૧

નક્કી થયું દંડ ઉપાય પાખે,
તે આપણું તો નહિ માન રાખે;
માથા ફરેલો કહીએ ન માને,
કોઇ તણી વાત ધરે ન કાને. ૧૨

## દોહરો.

સામ દામ કે ભેદથી, સમાધાન જો થાય;
ધરાધણી કે ઘરધણી, કરે ન કલેશ ઉપાય. ૧૩

---

૧. ભેદ-ભીજ.

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

## ભુજંગી છંદ.

કહે ગ્રીષ્મ રાજા સુણો શુષ્ક વીર,
વડો ફોજમાં એક તું છે અમીર;
પુછું તુજને આજ હું એજ માટે,
હવે આપણે ચાલવું કેમ વાટે. ૧૪
મળું શત્રુથી કે મચાવું લડાઇ,
જીતી શત્રુને પામવી છે વડાઈ;
કહે શુષ્ક મંત્રી સુણી વેણ એવું,
વિના જુદ્ધ કીધે નથી રાજ દેવું. ૧૫
દૂતો મેઘના બિંદુ રૂપે જણાશે,
જુઓ તેહને આપણા દૂત ખાશે;
અજા જાતિ છે સિંહનો જેમ ચારો,
દૂતો મેઘના તેમ ચારો અમારો. ૧૬
ધખેલી તવીમાં પડે બિંદુ જેમ,
થશે મેઘની ફોજનો નાશ તેમ;
દિસે મેઘને શીર છે રામ રુઠયો,
લડી જીતવા આપણી સાથ ઉઠયો. ૧૭
નથી જાણતો ગ્રીષ્મનું જોર કેવું,
નથી ખાળનો ખેલ છે રાજ લેવું;
જુઓ સ્વર્ગમાં સૂર્ય ભૂપાળ જે છે,
ખરો આપણો માનિતો મિત્ર તે છે. ૧૮
રવિ મેઘના બિંદુને ચૂશી જાશે,
રહે બાકી તે આપણા દૂત ખાશે;
કદાપિ વળી જો રહી જાય બાકી,
બધાને ગ્રહીને કરે સિંધુ ફાકી. ૧૯
જુઓ આપણા મિત્ર છે સિંધુ જેવા,
કહે છે મહા જોરથી આજ કેવા;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ડરીને હઠ્યાથી અકીર્તિ પમાય,
જુઓ આપણો ક્ષત્રિનો ધર્મ જાય. ૨૦
રણે મોત જે થાય તો સ્વર્ગ જૈએ,
સદાકાળનું સ્વર્ગમાં સુખ લૈએ;
ડરીને હઠી જુદ્ધથી જે જીવે છે,
જીવે તોય લોકો મુઓ તે કહે છે. ૨૧
જુઓ વિશ્વમાં સૌ શુરાને વખાણે,
જનેતા તથા તાતને ધન્ય જાણે;
લડે એકલો જૈ શુરો લાખ સામો,
પડે દેહ તો તે ન જાણે નકામો. ૨૨
પતિ સંગ જૈને સતી દેહ બાળે,
શુરા તેમ સંગ્રામમાં દેહ ગાળે;
લડાઇ લડયાનો હૃદે હર્ષ રાખે,
ભયેભીત થૈ દીન ભાષા ન ભાખે. ૨૩

દોહરો.

ગ્રીષ્મ ભરાયો ગર્વથી, સુણી મંત્રિની વાત;
સેવે ચઢાઇ આદરી, સંગ્રામે સાક્ષાત. ૨૪

---

## વર્ષાદ આવવાનાં ચિહ્નો.

### શાલિની વૃત્ત.

ઇંડાં લૈને કીડીયો નીકળી છે,
ટોળે ટોળે એકઠી થૈ મળી છે,
જાણે એ તો લોકને ધૈર્ય દે છે,
વૃષ્ટિ થાશે એમ તે સૂચવે છે. ૨૫
પક્ષી મંડયાં ગુંથવા ઘાસમાળા,
લોકો જાણે વૃષ્ટિના એજ ચાળા;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કાચિંડાને રંગ રાતો ચડયો છે,
કંકૂપત્રી વૃષ્ટિને લાવિયો છે. ૨૬
કોઇ ઠામે દેડકાં બુમ પાડે,
લોકોને શું ધૈર્ય એ તો પમાડે;
મીઠા કેરા પાત્રમાં થાય પાણી,
લોકે લીધું વૃષ્ટિ થાવાનું જાણી. ૨૭

વસંતતિલકા વૃત્ત.

પાંખે કરી ચકલીયો રજ અંગ નાંખે,
જાણે નિમજ્જન કરે નિજ અંગ આખે;
એવે મિષે મનુષને મન ધૈર્ય દે છે,
વૃષ્ટી થવાનું શુભ કારણ સૂચવે છે. ૨૮
જાણ્યું થયું મિલન ભાસ્કર કર્કરાશિ,
છે કર્ક જાત જગમાં જળના નિવાસી;
જેવો સુસંગ કરશે શુભ તેનું કામ,
એવું વિચારી જન લે મનમાં વિરામ. ૨૯

ઇંદ્રવજ્રા વૃત્ત.

જો આ વળી આભ જણાય રાતો,
વર્ષાદ આવ્યાની નિશાની આ તો;
ઇંદ્રે કર્યો ઓચ્છવ હોય રુડો,
આકાશમાં જેમ ગુલાલ ઉડયો. ૩૦
આકાશમાં સુંદર મચ્છ તાણ્યો.
જોતાં હવે મેઘ સમીપ જાણ્યો;
શું ગ્રીષ્મના સામું ધનુષ્ય તાણ્યું,
નસાડવાને ઉર વૈર આણ્યું. ૩૧
ઉંચી જગોએ વનમાં ટિટોડી,
ઇંડાં મુકે તો નહિ વૃષ્ટિ થોડી;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શું એટલે સુધી થવાનું પાણી,
ઇંડાં મુકયાં હોય ભવિષ્ય જાણી. ૩૨
જો વીજળી આ ઝબકે ઈશાની,
તે સઘ વર્ષાદ તણી નિશાની;
જાણે થઇ ઇશ્વર કેરી દૃષ્ટિ,
તેથી થશે વિશ્વ વિષે સુવૃષ્ટિ. ૩૩
જો ચંદ્રને આ જળનું કુંડાળું,
આકાશમાં આજ દિસે રૂપાળું;
આડી રુડી સૂર્યમુખી ધરી છે,
ચઢાઇ શું મેઘ નૃપે કરી છે. ૩૪
વેપારી વિદેશ થકી વળે છે,
કુટુંબને આવી સુખે મળે છે;
જાણે સુણી બે લડનાર રાજ,
સંભાળ લીધી ઘર કેરી આજ. ૩૫

## વસંતતિલકા વૃત્ત.

આકાશ સ્વચ્છ નથી કાંઈક શ્યામતા છે,
તારા શશાંક પણ સ્વચ્છપણું તજયા છે;
જાણે વડા નરપતિતણી વ્યાપી છાયા,
ઝાંખા પડી અવર ભૂપતિઓ દખાયા. ૩૬
જો ઘંટનાદ બહુ દૂર સુધી સુણાય,
ઉંડાણથી નિકળતો સ્વર સૂક્ષ્મ થાય;
જાણે કર્યું અશન તાંબુલનું ગવૈયે,
તેથી ઝીણો સ્વર ઉઠયો મન ધારી લૈએ. ૩૭
સંચારતા જન જુઓ વળી છાપરાંને,
મંડયા નવીન ઘરને ઝટ ઢાંકવાને;
જાણે વડો નરપતિ પુરમાં પધારે,
શોભાવવા પુર વિશેષ ઘરો સુધારે. ૩૮

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## મેઘરાયની ચઢાઇ.

### ભુજંગી છંદ.

જુઓ શિખરો વાદળાંનાં ખિરાજે,
ઉડયા જાણીએ પર્વતો હોય આજે;
મહા દુઃખ પોકારવા કેરી આશે,
ગયા પર્વતો જાણીએ ઇંદ્ર પાસે. ૩૯
જુઓ વાદળાં આમથી તેમ દોડે,
મળે કોઇ તો એક બીજાની જોડે;
દિસે જાણીએ ફોજનાં જૂથ જાય,
રુઠયો ગ્રીષ્મની ઊપરે મેઘરાય. ૪૦

વળી વાદળાંની છટા કેવી છાજે,
રુડા ઇંદ્રના જેમ હાથી ખિરાજે;
નમેલાં દિસે ભૂમિની પાસ કેવાં,
સુશોભિત તે હાથીની શુંડ જેવાં. ૪૧

જતીઓ જુઓ એક ઠામે ઠરે છે,
કથા કીર્તનો લોક સૌ સાંભળે છે;
હરે ગ્રીષ્મના કષ્ટને એમ જાણે,
પ્રભુનો પુરો પાડ પ્રેમે વખાણે. ૪૨
કરે આભમાં વીજળી ચમ્મકારા,
ઝબુકે ઘણી જાણીએ શસ્ત્રધારા;
થયા આભમાં કાટકાના કડાકા,
દિસે જાણીએ તોપના તે ધડાકા. ૪૩
ઉઠી ગર્જના મેઘની ત્યાં નિશંકા,
દિધા જાણીએ નોબતે ઘાવ ડંકા;
ધ્વનીનો વળી અર્થ એવો ઠરે છે,
મહા મેઘ રાજા મુખે ઉચરે છે. ૪૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aradhak Trust

જઇ ગ્રીષ્મ સાથે કરું યુદ્ધ મોટું,
નહીં તો ન રાજા ધરું નામ ખોટું;
લડી ગ્રીષ્મના કાળને હું હઠાવું.
ચઢેલા મદે સિંધુને ઠામ લાવું. ૪૫

બધા દેશમાં ફોજ ફેલાપી મૂકું,
ચઢું ચાહીને ઠામ એકે ન ચૂકું;
કરીને પ્રતિજ્ઞા ચઢી મેઘ આવ્યો,
અસંખ્યાત સાથે સજી સૈન્ય લાવ્યો. ૪૬

સુણી મેઘવાણી થયા સજજ સર્વે,
લડી ફોજ બન્ને ચઢી ખૂબ ગર્વે;
પડ્યા મેઘના બિંદુ ત્યાં આવી તૂટી,
લીધા તેહના પ્રાણ તો સઘ લુંટી. ૪૭

લડે ખૂબ વર્ષાદ ને ગ્રીષ્મ કાળ,
ભલા શૂરવીરો દિસે બે ભુપાળ;
ગઈ મેઘની ફોજ ઝાઝી મરાઇ,
શુરા શુષ્ક વીરો ગયા ખૂબ ખાઈ. ૪૮

કરા રૂપ થૈને પડ્યા કૈ સિપાઈ,
તથાપિ ગયા ગ્રીષ્મના દૂત ખાઇ;
જુઓ નીરના ચાલિયા ખૂબ રેલા,
દિસે જાણીએ લોહિના તે બનેલા. ૪૯

ચડ્યો ક્રોધ વર્ષાદને ચિત્ત એથી,
કરી ગર્જના ખૂબ તે કાળ તેથી;
અસંખ્યાત ત્યાં સૈન્ય થૈ સજજ આવ્યું;
ધરા ઉપરે યુદ્ધ ભારે મચાવ્યું. ૫૦

જુઓ મોર કેવા ટહુકા કરે છે,
દિસે ચોપદારો નકી ઉચરે છે;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

થઇ નીરનાં બુંદની વૃષ્ટિ એવી,
દિસે યુદ્ધમાં બાણુની હોય જેવી. ૫૧
જુઓ દાદુરો શબ્દ ઝાઝા કરે છે,
દિસે આરબી બેરખો ઉચ્ચરે છે;
મહી ઉપરે નીર રેલા ચલાવ્યા,
દિસે જાણીએ મેઘના દૂત આવ્યા. ૫૨

દોહરો.

ગમત કરીને ગાય છે, ગુણીજન રાગ મલાર,
જાણે સિંધુ રાગ તે, ગાય યુદ્ધ મોઝાર. ૫૩

ઉપજાતિ વૃત્ત.

ખેડુ જનો વાવણીઓ કરે છે,
વિશેષ આશા ઉરમાં ધરે છે;
જે સ્વર્ગમધ્યે સુખને ચહે છે,
તે જેમ અન્નાદિક દાન દે છે. ૫૪

ભુજંગી છંદ.

તળાવો તથા કેક ખાડયો ભરી છે,
દિસે જાણીએ છાવણી તે કરી છે;
જુઓ નીરનાં પૂર આવ્યાં નદીમાં,
દિસે જાણીએ સૈન્ય ચાલ્યું મહીમાં.[1] ૫૫
મળી ઝર્ણ ઝાઝાં નદી દીર્ઘ થાય,
ગિરિ ભેદીને[2] ઝાડને ખેંચી જાય;
મળી જેમ ઝાઝા જનો સંપ જોડે,
મહા જોરવાળાતણું જોર તોડે. ૫૬
કહું આ નદીઓતણું પૂર કેવું,
જણાએ જુવાનીતણું જોર જેવું;

૧. મહી—પૃથ્વી. ૨. ભેદીને—તોડીને.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તટે આડને તોડતી તેવી હિંડે,
છક્યો મંત્રિ પાડોસીને જેમ પીડે.   ૫૭

દોહરો.

છાઇ ધરા નીલે તૃણે, ઘન છાયો આકાશ;
સુખકારી સહુ લોકને, સુંદર શ્રાવણ માસ.   ૫૮

ભુજંગી છંદ.

જુઓ માનવીઓ કરે ખૂબ મેળા,
ભલા લોક ભાગોળમાં થાય ભેળા;
મળી મિત્ર સાથે જનો ખૂબ ચાલ્યા,
સજી સૈન્યને યુદ્ધમાં જેમ માલ્યા.   ૫૯
જુઓ દીસતી ગાડીઓ દોડતી છે,
ઘણા ઘૂઘરાના સ્વરે ગાજતી છે;
ઘણી જુક્તિવાળો બનેલો જથો છે,
રુડા જાણીએ ઇંદ્રકેરા રથો છે.   ૬૦
જુઓ સિંહ સંક્રાતિએ ભાનુ આવ્યો,
ઘણું સાથ વૃષ્ટિતણું સૈન્ય લાવ્યો;
ડરે રેલથી સર્વ સૃષ્ટિ બિચારી,
દિઠી સૂર્ય દેવે સજી સિંહસ્વારી.   ૬૧
ચઢયો જે સમે ખૂબ વર્ષાદ ખાસો,
થયો તેથી ચૌટા વિષે તો તમાસો;
અહીંથી તહીં દોડતા લોક ભાસે,
થતા યુદ્ધમાં કાયરો જેમ નાસે.   ૬૨
કઇકે શિરે ખેસ તો ઢાંકી દીધો,
ડરી જાણીએ નારીનો વેષ લીધો;
કઇકે શિરે છત્રિઓ ઓઢી સારી,
જુઓ મેઘરાયે કર્યા છત્રધારી.   ૬૩

P. P. Ac. Gunratnasuri M.S.   Jin Gun Aaradhak Trust

### દોહરો.

નદી તળાવો નીરથી, ભરાઇને ઉભરાય;
રણસંગ્રામ પ્રવાહ તે, જોતાં છબી જણાય. ૬૪

### ભુજંગી છંદ,

સુકાં ઘાસને ધૂળ ખેંચાઇ ચાલી,
લીધા જાણીયે ગ્રીષ્મના દૂત ઝાલી;
ગિરીને શિરેથી શિલા આખડે છે,
દિસે જાણીએ મસ્તકો તે પડે છે. ૬૫

તણાયાં સુકાં કાષ્ટ ત્યાં મોભ જેવાં,
દિસે હાથ ને પાવ કે અંગ એવાં;
વડાં ઝાડ ત્યાં કોઇ ખેંચાઈ જાય,
દિસે ફોજના જેમ હાથી તણાય. ૬૬

### દોહરો.

ભૂત પ્રેત વૈતાળ ત્યાં, આવ્યા મળી અથાક;
દે બલિદાન ધુણે ભુવા, વાજે ડમરુ ડાક. ૬૭

### મનહર છંદ.

વાદળાંના ગોટેગોટા જતા આવતા ન જાણ,
મોટી જટાવાળાં તે ભુવાનાં ડોકાં ડોલે છે;
ઠંડા દિન જાણીને ઉજાણી આ ન જાણીશ તું;
ખીર વડાં બાકળાનો તે ઉતાર તો લે છે;
ચમકીશ નહિં નથી વીજળીનો ચમકાર,
મહીષને મારવાને ખડગ તે ખોલે છે;
ગાજતો નથી ગગન ઘન દલપતરામ,
ખાંખે ખાંખે ખાંખે ખાંખે ડાકલું તે બોલે છે. ૬૮

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### ભુજંગી છંદ.

ખધો દેશ પાણીથી ભીંજાવી દીધો,
દિસે ગ્રીષ્મના હાથથી દેશ લીધો;
રહ્યા છોડ લીલા બધે ઠામ જામી,
વધી જાણીએ તે પ્રજા સુખ પામી. ૬૯
બધું વિશ્વ તો નીરથી ધોઈ દીધું,
દિસે જાણીએ સૂતકી સાફ કીધું;
પડયાં ગ્રીષ્મમાં પ્રાણીનાં હાડ ચામ,
ગયાં સર્વ ધોવાઇને સિંધુ ઠામ. ૭૦
ઘણાં ઘાસ ને છોડ દિધા ઉખાડી;
ધરી જાણીએ ભૂમિએ લીલી સાડી;
લીલા રંગના આ થયા પર્વતો છે,
લીલી કાંચળી જેમ ઢાંકયા સ્તનો છે. ૭૧
જુઓ આ દિસે કેવું મોટું તલાવ,
બન્યો જાણીએ ભૂમિનાભી બનાવ;
રુડી કેવી ઝાડી ખિલી નીકળી છે,
રુડી જાણીએ અંગ રોમાવળી છે. ૭૨
ખહુ જાતિના ઉપજ્યા ખૂબ પ્રાણી,
દિસે પ્રાણીઓથીજ ભૂમિ ભરાણી;
થયો જાણીએ ભૂમિમાં ભપ સારો,
થયો તે થકી વસ્તી કેરો વધારો. ૭૩

### દોહરો.

ઉપજ્યાં ઝાઝાં અળશિયાં, બીજા જંતુ આજ;
નિર્બળ પણ સુખી થાય છે, જેમ થયે શુભ રાજ. ૭૪

### ભુજંગી છંદ.

ધરામાં દિસે ઇંદ્રગોપો અપાર,
તુટયા જેમ ગુંજાતણા હોય હાર;

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

થઇ આજ કાં તો પ્રવાળોની વૃષ્ટિ,
સજી હાર શોભી રહી સર્વ સૃષ્ટિ. ૭૫
જુઓ નિર્જળાં સ્થાનમાં નીર જામ્યાં,
જનો પામરો જાણીયે દ્રવ્ય પામ્યાં;
તળાવે બહુ દેડકાં બૂમ પાડે,
ભલી ભેંસનાં જેમ પાડાં બરાડે. ૭૬
ગયાં સારસો તો ઉડી સિંધુ તીર,
નિહાળી તળાવોતણું ડોળું નીર;
કુબુદ્ધિ તણા જેમ દેખે તરંગ,
તજે સજ્જનો સદ્ય તેનો પ્રસંગ. ૭૭
જુઓ પક્ષી કલ્લોલ કેવાં કરે છે,
અહીંથી તહીં ઊડતાં તે ફરે છે;
દિસે જેમ આકાશના કાશદો છે,
સમાચાર દેવા સુરસ્તો ગ્રહ્યો છે. ૭૮
બપૈઆ તથા કોકિલા શબ્દ બોલે,
સુણીને તપસ્વી તણાં દીલ ડોલે;
કહું ઊપમા શબ્દ કેવા ગણાય,
મધુરે સ્વરે નાયકા જેમ ગાય. ૮૯
કળા પૂરીને શોભિતા મોર કેવા,
દિસે દેવને શીર મુકુટ જેવા;
ઘણા ઊજળા આ બગો જોઈ લીધા,
દિસે જેમ સાબૂ વડે સાફ કીધા. ૮૦
જુઓ આ બગો સૌ જઇ પાસ[૧] બેઠા;
નહીં ઊતરે ઝાડથી આપ હેઠા;

---

૧. બગલો ઉંચા ઝાડ ઉપર બેસે છે તે નીચે ઉતરતો નથી અને બગલી તેને ખોરાક લાવીને ખવડાવે છે અને ચાંચો મારતી જાય છે. નરસિંહ મહેતાના પદમાં છે કે "જે રતે બગલો પારસ ચઢે."

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દિસે જાણીએ આળસુ દ્રવ્યવાન,
પીએ ખાય બેસી રહે એક સ્થાન. ८१
ખકી[1] લાવી ચારો ધરે માંની આગે,
વળી ચાંચથી મારવા કાંઇ લાગે;
રચ્યું નારીનું ખાઇને દુઃખ બોલે,
'અરે બાળ' આ સૂખને એમ બોલે. ८२
વિંટાયા તરુ ઊપરે ખૂબ વેલા;
દિસે બખ્તરો ટોપ જાણે ધરેલા;
લીલાં ઘાસ ગાયો મૃગો સૌ ચરે છે,
સુરાજ્યે પ્રજા જેમ સુખે ફરે છે. ८३
સુરાજ્યે પ્રજા વંશ વિસ્તાર જેવા,
ઉગ્યા ખેતરે અન્નના છોડ એવા;
દિસે શ્વેત ડોડા જુઓ કેવડાના,
ભલા હોય તે જેમ ભાલા શુરાના. ८४
ઉગ્યા અત્ર માંજારીના ટોપ કેવા,
રચ્યા હોય રૂપા તણા ટોપ જેવા;
હશે વેંતિયા માણસોનો મુકામ,
રચ્યાં હોય તંબુતણાં જેમ ધામ. ८५

ઉપજાતિ વૃત્ત.

કહું ભલાં સૂરજ ફુલ કેવાં,
જોતાં દિસે વતુળ ઢાલ જેવાં;
જે રંગ પીળે જગમાં જણાયાં,
જાણે રુડા વીરરસે રસાયાં. ८६

દોહરો.

ફુલ્યાં ફૂલ અનેકધા, કહું શોભા તે કાળ;
આવી અનેક અપ્સરા, વરવા લૈ ફુલમાળ. ८७

---

१. બગલી.

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

ગુલાબ ને બટમોગરો, પારિજાત ધંતૂર;
વળી ફુલ્યો વનકેસરો, પુષ્પ દિસે ભરપૂર. ૮૮
અગસ્તિયો જાસુદ વળી, કદંબ ફુલ્યાં ફૂલ;
બકુલ ચંબેલી તણાં, આપે પુષ્ય અમૂલ્ય. ૮૯

ભુજંગી છંદ.

જુઓ હારશિગાતણાં ફૂલ સારાં,
પીળી પાઘડી ઓઢણી રંગનારાં;
ધર્યો જેમ સંગ્રામનો રંગ અંગે,
દિસે અપ્સરાઓ અતીશે ઉમંગે. ૯૦
લીલા આમલીએ થયા કાતરા છે,
દિસે દેવિનાં કાંકણો જેમ આ છે,
જુઓ છોડ કેવા દિસે પુષ્પ કેરા,
દિસે પૃથ્વીએ પુષ્પના હાર પેર્યા. ૯૧
કહું શોભિતા કેળના થંભ કેવા,
જુઓ જાણીએ શોભિતા જાંઘ જેવા;
વળી એક ઊંચું જુઓ ઝાડ લાંબુ,
ફળો લાગિયાં જેહને ખૂ । જાંબૂ ૯૨
દિસે જાણી બંદૂકની ગોળિયો છે,
મહા મેઘની ફોજથી આવિયો છે;
મહા જોરથી ખૂબ મારો ચલાવ્યો,
ઋતુ ગ્રીષ્મને તે થકી શું હઠાવ્યો. ૯૩

ઉપજાતિ વૃત્ત.

રવિ શશી વાદળીઓ છવાય,
ખુલ્લા વળી તે ઘડિમાં જણાય;
સંગ્રામ મધ્યે શુરવીર જેમ,
અદૃશ્ય થૈ દર્શિત થાય તેમ. ૯૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અંધારિયાં અભ્રથી વૃષ્ટિ થાય,
બીહામણી રાત ઘણી જણાય;
તે જેમ સંગ્રામ સમે અતીશે,
સંગ્રામ ક્ષેત્રો ભયભીત દીસે. ૯૫

દોહરો.

તમરાં બોલે રાતમાં, જેમ નુપુર ઝણકાર;
જાણે રણભૂમી વિષે, ભૂત તણા ભણકાર. ૯૬

ઇંદ્રિવજ્ર વૃત્ત.

જો આગિયાના ચળકાટ થાય,
ઉડે મહી ને નભમાં ઘણાય;
જયારે છુપ્યા સૂર્ય શશાંક જેવા,
તેજસ્વી ત્યાં જીવ જણાય તેવા. ૯૭

દોહરા.

આવી શ્રાવણી પૂર્ણિમા[૧], વીતેયો વર્ષાકાળ;
નામ ફેરવી ધારશે, હવે શરદ ઋતુ હાલ. ૯૮
જેમ જુવાની જનતણી, જતાં વૃદ્ધ કહેવાય;
તે રીતે દલપત કહે, જુદું નામ જણાય. ૯૯
થાય શરદમાં દરદ ભય, મરદ મેરીને શીપ;
રક્ષાબંધન લઇ ધરે, ગુરુજનની આશીપ. ૧૦૦

---

## શરદ ઋતુનું વર્ણન.

દોહરો.

શ્રાવણ વદથી શરદ ઋતુ, કાં કન્યા સંક્રાંત;
જે ઋતુમાં જોતાં પડે, સાગર સરિતા શાંત. ૧

---

૧. અથવા સિંહ સંક્રાંતિ પૂરી થતાં વર્ષાઋતુ પૂર્ણ થાય, એમ પણ કહે છે.

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

## ઉપજાતિ વૃત્ત.

થયો અગસ્તોદય પૂર્વ ભાગે,
જેણે પીધો'તો નિધિ સર્વ આગે;
જાણે નિધિને ડર દીલ જાગ્યો,
તેથી હવે શાંત થવાજ લાગ્યો. ૨

## માલિની વૃત્ત.

ગગન સુરજ કન્યા–રાશિમાં વાસ કીધો,
નિજ પતિ તરુણીએ હસ્તમાં જેમ લીધો;
રવિથી ઘન તણું, તો થાય તોફાન થોડું,
જન મદ ઉતરે છે, જેમ થાતાં સમોડું. ૩
પવન પણ હતો જે, પ્રૌઢ તોફાનકારી,
ધરણિ ગગન ધીમી, છે ગતી આજ ધારી;
સમજુ જન વિચારી, જુક્તિથી જાણી લેશે,
અતિશય મદ નિત્યે, કોઇનો ના રહેશે. ૪
વરુણ દિશ તજીને, પૂર્વનો વાયુ[૧] આવે,
કદિ કદિ જલવૃષ્ટિ, પૂર્વમાંથીજ લાવે;
મનુષ મન તરંગો, જેમ જુદા જણાય,
કદિ કદિ ફરિ જાતાં, વેગ જુદોજ થાય. ૫

## મનહર છંદ.

મીનની સંક્રાંતિ પછી પવન પશ્ચિમતણો,
કન્યાની સંક્રાંતિથી ઇશાન તણો આવશે;
કહો એવા પવનનો ભરુંસો કરશે કોણ,
નક્કી એક રીત નિત્ય નહીં તે નિભાવશે;

૧. એને વેપારી પવન કહે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જે જનના મગજમાં પવન ભરાતો હોય,
એવાનો ભરુંસો કોણ અંતરમાં લાવશે;
કહે દલપત તેની પ્રીતની પ્રતીત નહીં,
મન તણો મર્મ કહે પછી પસ્તાવશે. ૬

## માલિની વૃત્ત.

જલધિ પણ જુઓ આ, શાંતતા સારી પામ્યો,
મદ અધિક ચડેલો, જેહનો તે વિરામ્યો;
સ્વલ્પ ભણિત વિદ્યા, જેમ ગર્વિષ્ઠ થાય,
બહુતર ભણિ આવ્યું, ગંભિરાઇ જણાય. ૭
જળપથ ગતિકારી, નાવ ચાલ્યાં વિદેશે,
સુનૃપ અમદ થાતાં, ન્યાય ચાલે વિશેષે;
નહિ જલદી ડુબાવે, એમ વિશ્વાસ આવે,
સુજનપણું નિહાળી, જેમ શંકા ન લાવે. ૮

## ઉપજાતિ વૃત્ત.

હવે જુઓ આ વળી હાથિયાએ[1],
શું ફેરવી શુંડ પ્રમત્તતાએ;
વૃષ્ટિ વિશેષે કરવા મચેલો,
સંગ્રામ તેણે કરિયો શું છેલ્લો. ૯

## માલિની વૃત્ત.

કદિક નભ ચડે છે, વાદળાં શ્વેત રંગે,
શરદ જલદ છાઈ, વૃદ્ધતા જેમ અંગે;
કદિક જલદ વૃષ્ટિ, સર્વડાંની કરે છે,
મિત ધન પણ દાતા, દાન તો જેમ દે છે. ૧૦

---

૧. સપ્ટેમ્બર બેસતાં જે ૧૩ દહાડામાં વરસાદ થાય તે. પછી ચિત્રાનો તાપ પડે તે પછી છેલ્લો વરસાદ સ્વાતિનો અકટોબરના પહેલા અઠવાડિયા સુધીમાં થાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નભ પર વિલસે છે, વાદળાં શ્વેત કેવાં,
હિમગિરિ શિખરો તે, શોભતાં હોય જેવાં;
કદિ કદિ રવિ તેમાં, ગુપ્ત થૈને જણાય,
મિત ધન અતિ દાતા, જેમ દેતાં લજાય. ૧૧

દોહરો.

શરદતણો સુરજ સજે, અંગે વેષ અપાર;
કોઇ સમે શોષે સલિલ, આપે બની ઉદાર. ૧૨

મનહર છંદ.

કોઇ સમે કાળાં વાદળાં સમાન વસ્ત્ર ધરે,
કોઈ સમે શ્વેત વસ્ત્ર વાદળાં સાજે છે;
કોઇ સમે રાતાં ધરે કસુંબાના રંગ જેવાં,
કોઇ સમે પીળાં પણ છતે જોતાં છાજે છે;
કોઇ સમે ઢાંકે મુખ કોઈ સમે ખુલે મુખ,
કોઇ સમે ચૂપ રહે કોઇ સમે ગાજે છે;
શાંતપણું તીવ્રપણું સમે આ તે શરદનો,
રવિ રાય છે કે બહુરૂપી આ બિરાજે છે. ૧૩

માલિની વૃત.

શરદ ઋતુ સભામાં, સ્વચ્છ આકાશ દીસે,
દરપણ શુભ માંજ્યું, જેમ ઓપે અતીશે;
ચળક ચળક થાતું, ચંદ્રનું બિંબ ચારુ,
અથળ કમળ ઓપે, નીરમાં જેમ સારુ. ૧૪
ચળક ચળક થાતું, ચંદ્રનું બિંબ કેવું,
સરસ વદન શોભે, રાત્રિ રાણીનું જેવું;
વળી ગગન વિષે આ, સ્વચ્છ તારા ઘણા છે,
રજનિ તરુણિના શું, હાર હીરાતણા છે. ૧૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શશિ સનમુખ ભાળે, ચાહિ ચાહિ ચકોરી,
જનમથકીજ બાંધી, પ્રેમની જેમ દોરી;
પ્રભુ પદ પર પ્રેમી, જે રીતે પ્રેમ આણે,
અવર સકળ મિથ્યા, જીવમાં એમ જાણે. ૧૬
કુમુદિનિ રજનીમાં, ચંદ્ર દેખી ખીલે છે,
દિવસપતિ નિહાળી, દુઃખ પામી લળે છે;
મુરખ મનુષ્ય ઢોંગી-ને સદા સ્નેહિ જાણે,
પરમ પુનિતને તો, દેખિને દુઃખ આણે. ૧૭
કુમુદ કમળ સાથે, જન્મીને ઉછરે છે,
પણ શશિ રવિ પોતે, સ્નેહ જૂદા કરે છે;
જનમ જનનિ એકે, તોય જુદા સ્વભાવ,
વિબુધ જન વિલોકો, ઇશ્વરી એ બનાવ. ૧૮
અધિક વિમળ ઓપે, આજ આકાશગંગા,
ગગન મકરરાશિ[1] મધ્ય ભાગે પ્રસંગા;
લઘુ લઘુ બહુ તારા, કેરિ તે છે પ્રભાય,
વિગતિ સરવ જોતાં, દુર્બિને તે જણાય. ૧૯

---

## ભૂભામિની વિષે.

### ભુજંગી છંદ.

લીલાં ચીર ચોખાં ધર્યાં આપ અંગે,
જુઓ જાણિયે જે ભરાણી ઉમંગે;
રસીલી રચ્યો વેષ રુડો રૂપાળો,
ભલી ભૂમિકા ભામિની રૂપ ભાળો. ૨૦

---

૧. પૂર્વાર્ધ ખગોળ ને ઉત્તરાર્ધ ખગોળની હદમાં, તે બંનેને જુદા પાડનારી આકાશગંગા છે. તે મકરરાશિમાં થઇને મિથુન ને કર્ક રાશિની વચ્ચે નીકળે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છવાઇ રહ્યા અન્નના છોડ છાજે,
રુડી રીત રોમાવળી જેમ રાજે;
નિચી નીરનો નાભિ જેવો નિહાળો,
ભલી ભૂમિકા ભામિની રૂપ ભાળો. ૨૧
ભલો ઠામ ઠામે દિસે ભેજ કેવો,
વળ્યો જાણીયે પંડ માંહી પ્રસેવો;
નદી નીર રેલા તણો છે ઉછાળો,
ભલી ભૂમિકા ભામિની રૂપ ભાળો. ૨૨
ફુલ્યાં ફુલના ઝાડના ક્યારડા છે,
ધર્યા જાણીએ હોંશથી હારડા છે;
મણિ શ્વેત માળા સમાને મરાળો,
ભલી ભૂમિકા ભામિની રૂપ ભાળો. ૨૩
રુડા મોરના શોર શા હું વખાણું,
સતી જાણીએ ગાય છે શુદ્ધ ગાણું;
રુડો કંથ દેખી દિલેથી ઉછાળો,
ભલી ભૂમિકા ભામિની રૂપ ભાળો. ૨૪
ગિરી શીખરે વાદળાંની ઘટા છે,
છુટેલા ભલા ચોટલાની છટા છે;
લઘુ પર્વતો તે ધરે કુચ ઢાળો,
ભલી ભૂમિકા ભામિની રૂપ ભાળો. ૨૫
ધ્વજા દેવળો ઉપરે ખેલ ખેલે,
છબીલી છુટા છેડલા જેમ મેલે;
જુઓ તેમનો કુંભ ત્યાં જુક્તિવાળો,
ભલી ભૂમિકા ભામિની રૂપ ભાળો. ૨૬
થઇ ધૂળ ધોવાઇને સ્વચ્છ સારી,
કરી સ્નાન જાણે બની શુદ્ધ નારી;
ઝગે છીપ જાણે કરે ચક્ષુ ચાળો,
ભલી ભૂમિકા ભામિની રૂપ ભાળો. ૨૭

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચક્ર પાસ પંખી ઉડે આસપાસે,
ભલો અંધ લેવા ભમ્યા ભંગ ભાસે;
વિશેષે દિસે વેષ પેટે રસાળો,
ભલી ભૂમિકા ભામિની રૂપ ભાળો. ૨૮
રવી અસ્ત ટાણે મળી જુક્તિ મોટી,
ધરી બ્રાહ્મણીએ કાનમાં બે અકોટી;
ધર્યો સાડલો રંગ રાતે પનાળો,
ભલી ભૂમિકા ભામિની રૂપ ભાળો. ૨૯
પતી મેઘ આકાશ ચોપાસ આવ્યો,
મણી મોતી તે કેટલાંએક લાવ્યો;
સતીનો થયો દેહ દેખી સુખાળો,
ભલી ભૂમિકા ભામિની રૂપ ભાળો. ૩૦
પતી મેઘરાજાતણો પામી પ્યાર,
સજાવ્યા પતીદેવ શૃંગાર સાર;
પુરો હર્ષ પામી પ્રિયા પૃથ્વિ નામે,
દિઠી દેવી જેવીજ દલપત્તરામે. ૩૧

### દોહરો.

અંધારું અરધાંગના, અરધે અંગ ઉજેશ;
જાણે પર્વત લાવિયો, અર્ધ નારિનો વેશ. ૩૨

### માલિની વૃત્ત.

નદિ જળ મળ છાંડી, વેગ ધીમો જણાય,
મનુષ ગત જુવાની, શાંત તે જેમ થાય;
તટ સમિપ તરુઓ, નિર્ભયે છે નિહાળો,
સુજન સમિપવાસી, તે સુખી જેમ ભાળો. ૩૩
સરિત સર સુશોભે, નિર્મળાં નીરવાળાં,
કમળ સરસ રંગી, ત્યાં દિસે છે રૂપાળાં;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નિરમળ મન મધ્યે, ધર્મનો ભાવ જેમ,
પ્રગટ સરસ શોભે, સ્વચ્છતાયુક્ત નેમ. ૩૪

ભ્રમર બહુ ભમે છે, ફૂલનો ગંધ લેવા,
ગુણ ગ્રહણ કરે છે, ગ્રાહકો સુજ્ઞ જેવા;
ભ્રમર રવ કરે છે, પામી આનંદ અંગે,
કવિજન શુભ કીર્તિ, જેમ બોલે પ્રસંગે. ૩૫

પવનતણી લહેરે, પદ્મનાં વૃંદ હાલે,
કરતી સુરત કેલી, અપ્સરા જેમ મ્હાલે;
સરિત સર તરંગો, ચાલતા મંદ મંદ,
સ્થિર મન જન ચાલે, જેમ છુટે સ્વચ્છંદ. ૩૬

સર સરિતથકી જો, વાણિયા ઊડિ જાય,
બહુ રવ કરનારાં, દેડકાં ના જણાય;
નિરમળ મનવાળા, ભૂપને જેમ છોડી,
કપટિ જન ખસે છે, સ્વારથી સ્નેહ તોડી. ૩૭

જલદ ઋતુથી જૂદો, વેષ ધાર્યો નહીએ,
શિશુ વય શણગારો, ફેરવ્યા જેમ સ્રીએ;
હરિત તૃણ હતાં ત્યાં, શેરડા થૈ ગયા છે,
ધરણિ શરીર સાડી, ધારિ જૂદી શું આ છે. ૩૮

અવનિ ઉપર રુડા, સાફ રસ્તા પડયા છે,
કવિજન મનમાં તે, દેખી કેવા ચડયા છે;
હતી તનપર સાડી, જે લીલા રંગ ભીની,
બદલી નવીન ધારી, આજ પટ્ટાપટીની. ૩૯

સરિત સર તટે છે, હંસ ને ચક્રવાક,
મધુર સ્વર ઉચારી; હર્ષ પામે અથાક;
વિમળ જળ વિલોકી, આવિયાં પક્ષિ એવા,
સુજન આમલ સારે, જેમ આવે રહેવા. ૪૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### ઉપજાતિ વૃત્ત.

પ્રસન્ન થૈ પોયણી ચંદ્ર પેખી,
પ્રસન્નતાનો શુભ કાળ લેખી;
આપે જનોને ફળ તે [1]ધિતેલાં,
શિશુ દિસે તેથી ખુશી થએલાં. ૪૧
તુલા સમીપે રવિ આજ આવ્યો,
ભલી વિધે શું ઇનસાફ લાવ્યો;
તોળી કર્યાં છે દિન રાત્રિ તૂલ્ય,
ભાસે ન તેમાં પણ માત્ર ભૂલ્ય. ૪૨

### માલિની વૃત્ત.

પ્રતિ વનવન દીસે, અન્નનો પાક સારો,
પલટણ સમ ઊભી, છોડની સીધી હારો;
સરસ સરસ ક્ષેત્રો, જારનાં જે જણાય,
હય સહિત ન દીસે, સ્વાર જો માંહિ જાય. ૪૩
સુકણ કણસલામાં, રુડી રીતે રચાણા,
ધવલ નવલ દીસે, જાણિયે મોતિદાણા;
વળિ અધિક વિલોકયાં, ખેતરો બાજરીનાં,
ફળિત ફળ દિસે છે, તે કૃપા ઇશ્વરીનાં. ૪૪
મગ મઠ અડદોની, શિંગ ચોળાની સારી,
પૃથક પૃથક રંગે, બીજ તે મધ્ય ધારી;
પૃથક પૃથક ગુણો, ઇશ્વરે ઉપજાવ્યા,
જન મન નવ જાણે, વસ્તુ શીના બનાવ્યા. ૪૫
કૃષિક પુરુષ નારી, ક્ષેત્રમાં ગીત ગાય,
અધિક કણ થએલાં, અન્ન તે ત્યાં જણાય;
જગતપતિ પ્રભૂએ, અન્ન ભંડાર આપ્યો,
અધિક હરખ એથી, વિશ્વમાં જેમ વ્યાપ્યો. ૪૬

[1] ગોવાળીનાં ફૂલનો નીચેનો ગર.

P. P. Ac. Gunratnasuri M.S.　Jin Gun Aaradhak Trust

તિતિર ચકલિ સુડા, આવતાં અન્ન ખાવા,
કૃષિક પથર નાંખે, ગોફણે તે ઉડાવા;
ધરરર ગરજંતી, જેમ બંદુક ગોળી,
નિરખિ વિહગ નાસે, શત્રુની જેમ ટોળી. ૪૭
કૃષિ જન ચઢિ માળે, જોરથી બૂમ પાડે,
વિચરિત વિહગોની, ટોળીને તે ઉડાડે;
સકળ વન રહ્યું છે, તે સ્વરે ખૂબ ગાજી,
નિરખી જન પ્રવાસી, ચાલતાં થાય રાજી. ૪૮

મનહર છંદ.

એક ભોળો ભાભો મોટા ખેતરમાં માળે ચડી,
હરણને હાંકે અને પક્ષીને ઉડાડે છે;
જંગલી જનાવરોને બહુ બીવરાવવાને,
થીર રહી પોતે એક થાળી લૈ બજાવે છે;
એવે સમે ઊંટ આવી ખેતરમાં ખાવા લાગ્યો,
ભોળો ભાભો થાળી ઠોકી તેને બીવરાવે છે;
ત્યારે બોલ્યો ઊંટ મારે માથે તો ત્રંબાળુ ગાજે,
ઠાલો થાળી ઠોકે તે લેખામાં કોણ લાવે છે. ૪૯

## માલિની વૃત્ત.

ખરડ કરી ખડીનો, ઠીકરાના ઘડાને,
લકુટિ ઉપર રાખે, માનવીના સમાને;
નિરખી હરણ નાસે, માનવી એમ જાણી,
અબળ જન[1] નકામું, તો કહે કોણ વાણી. ૫૦
તરુ પર ખગ વૃંદો, શબ્દ સારા કરે છે,
જગતપતિતણી શું, કીર્તિ તે ઉચ્ચરે છે;

---

૧ માણસના આકારના ચાડીઆ પણ પશુ પક્ષીથી ખેતરનું રક્ષણ કરે છે, તો નિર્બળ માણસ નકામું કેમ કહેવાય ?

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જમણુ જમી જુવંતી, જાનમાં જેમ થાય,
કણ ચરિ ખગ ટોળી, એમ ગાતી જણાય. ૫૧

ઇંદ્રવજ્રા વૃત્ત.

ચિત્રાતણો તાપ અમાપ આવ્યો,
સંગ્રામ ગ્રીષ્મે ફરિ શું મચાવ્યો;
તેથી તપ્યા ખેડુત તો અથાગ,
તે કેક નાઠા તજી ભાગ લાગ. ૫૨
તપસ્વિયો જે તપ સાધનારા,
પંચાગ્નિનું તાપ્રન તાપનારા;
ચિત્રાતણા તાપથી તાપ પામી,
જઈ રહ્યા તે તરુ હેઠ જામી. ૫૩

માલિની વૃત્ત.

પ્રભુકૃત નિયમો છે, તે ઘણા ઉપયોગી,
મરમ મન વિચારે, ભોગી કે કોઈ જોગી;
તપ વિણ નવ પાકે, અન્ન ક્ષેત્રો વિષે તો,
તપ વિણ ગુણ કોઇ, જેમ દીઠો ન લેતો. ૫૪
નવિન નવિન અન્ને, પૂર્વજોને પુજે છે,
જન મન મુદ પામી, શ્રાદ્ધ કૃત્યો સૂજે છે;
નિજ બળથી કમાઇ, પામીને ખાનપાને,
સપુત જનમદાતા, પિતૃનો પાડ માને. ૫૫
કદળિ ફળ વિશેષે, આ ઋતુમાં મળે છે,
અશન સરસ લાગે, ખાંડ ઘી જો ભળે છે;
કુળ ધન વળિ વિદ્યા, તે ત્રણે યુક્ત થાય,
જન જગત વિષે તે, જેમ રુડો જણાય. ૫૬

ઉપજાતિ વૃત્ત.

ભીંડા મચ્યા છે બહુ ભાદ્રવાના,
છકેલ જેવા ધનવંત નાના;

P. P. Ac. Gunratnasuri M.S.    Jin Gun Aaradhak Trust

નહિં ભૂમિમાં મજબુત મૂળ,
પછી વધી કેમ થશે પ્રથૂલ. ૫૭

કુંડળિયો.

ભીંડો ભાદરવા તણો, વડને કહે સૂણ વીર,
સમાઉં નહિં હું સર્વથા, તું જા સરવર તીર;
તું જા સરવર તીર, સૂણી વડ ઉચાર્યો વાણી,
વીતે વર્ષા કાળ, જઇશ હું બીજે જાણી;
દાખે દલપતરામ, વિત્યો અવસર વર્ષાનો,
ગયો સુકાઈ સમૂળ, ભીંડો તે ભાદરવાનો. ૫૮

માલિની વૃત્ત.

નવલ ધવલ રંગે, કાશ્ય[1] પુષ્પો દિસે છે,
ચમર ધરણિ વીરે, વારુ શું વીલસે છેઃ
સરિત તટ ખડોની, પંકિત દેખાય કેવી,
ધવલ નવલ રંગે, હાથિના દાંત જેવી. ૫૯
ફુલ શુભ પચરંગી, થાય ગુલ્બાસ કેરાં,
નિશિ મુખ સમ એ તો, શોભિ ઉઠે ઘણેરાં;
ભિન ભિન પ્રતિશાખા. રંગનાં ફૂલ ફૂલે,
જગતપતિની માયા, દેખીને દીલ ભૂલે ૬૦
બહુ બહુ વળિ રાતાં, ફૂલ બપ્પોરિયાનાં,
જળધિસુત પ્રવાળાં, તુલ્ય દીસે મજાનાં;
વિબુધ કવિ વખાણે, આઠનો રંગ જેવો,
અતિ અચરજકારી, ઇશ્વરી ખેલ એવો. ૬૧

ઇંદ્રિવજ્રા વૃત્ત.

લીધાં જુઓ ધંતુર પુષ્પ ધારી,
જાણે રૂપાની શરણાઇ સારી;

---

1. કાસની માંજર.

P. P. Ac. Gunrathasuri M.S. Jin Gun Aaradhak Trust

ઝેરી ફળો કંટક યુક્ત દેખો,
જાણે લગાવી મજબૂત મેખો. ૬૨

દોહરા.

સમજે તે સૃષ્ટા તણો, કાઢે વાંક ન કોય;
કેરીને કાંટા નહીં, ધંતુર ફળને હોય. ૬૩
ખેતર પાકે ખેડુને, જેમ કમાણી થાય;
વધે કમાણી વૈદને, શરદે તેમ સદાય. ૬૪

ઉપજાતિ વૃત્ત.

ઠંડે સમે જો જન પંથ જાય,
નીરોગી કાયા જનની જણાય;
એવું વિચારી તન સાફ થાવા,
ગર્બો ઠરાવ્યા નવરાત્રિ ગાવા. ૬૫
અખંડ દીવો ઘરમાં રખાય,
વાવે જવારા વળિ હોમ થાય;
તો ત્યાં જુઓ સ્વચ્છ હવા થવાની,
ભલા કહે પૂજન તે ભવાની. ૬૬

માલિની વૃત્ત.

રસભર નવરાત્રી, ગાબયો ગાય બાળા,
મધુર મધુર શબ્દો, ઉચ્ચરે તે રસાળા;
મધુર સ્વરથી ગાતી, એ રુડી કોવિયો છે,
સુરભવનથકી શું, સંચરી દેવિયો છે. ૬૭
દિન શુભ દસરાનો, ભૂમિ મધ્યે ભજે છે,
સમડી પુજન સારુ, રાય સ્વારી સજે છે;
પરમુલક લડીને, જીતવા ફોજ જાય,
અધિક સરસ શોભા, એવી એની જણાય. ૬૮

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ભ્રાંતાપહ્નુતિ અલંકાર.

### ઇંદ્રવિજય છંદ.

જો સખિ આ ચપળા ચમકે,
ચપળા નહિ શસ્ત્રતણી ચમકારી;
વાદળ વૃંદ ધસ્યાં ધરણીપર,
ના સખી છે ગજ જો નિરધારી;
શોર કરે સુણ દાદુર મોર,
નહિ સખિ શોર કરે નરનારી;
જો પરજન્ય ચડયો દલપત્ત,
નહીં પરજન્ય નરેશની સ્વારી. ૬૯

### માલિની વૃત્ત.

શરદ પુનમ સાંજે, ચંદની ખૂબ ખીલી,
પતિ સહ વન જોવા, જાય રામા રસીલી;
સજન હળી મળીને, આજ બેસે અગાશી,
ઉડગણ સમ શોભે, સ્વચ્છતા સુપ્રકાશી. ૭૦
શરદ પુનમ રાત્રી, નામ માણિક્યઠારી,
સકળ જન કહે છે, સીપ લે મોતી ધારી;
સુવચન ઉપદેશી, નિત્ય જે સાંભળે છે,
કદિક વચન તેનું, જેમ ચિત્તે ઠરે છે. ૭૧
શશિ સમીપ નિહાળો, અશ્વની છે અનૂપ,
ચપળ થઇ ચડયો શું, ઘોડિયે રાત્રીભૂપ;
હરણતણિ નિશાની, ચંદ્રમાં ચિત્ર જેવી,
શશિ નૃપતિ શિકારી, પામિયો પ્રાપ્તિ એવી. ૭૨

### દોહરો.

શરદ પુનમ સોહામણી, શરદ ઋતુનો અંત;
પૈઆ દૂધ અશન કરે, પ્રીતે કાંતા કંથ. ૭૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## હેમંત ઋતુનું વર્ણન.

[ તા. ૧૦ મી. અકટોબરથી ૯ મી. ડિસેંબર સુધી. ]

### દોહરા.

શરદ તણી શરદી ગઇ, હવે થયો હેમંત;
પરોઢિયે ઠંડક પડે, ઘટે સૂક્ષ્મ જીવજંત. ૧
કચરા ને કાદવ મટે, દિસે સ્વચ્છ આકાશ;
હિમાળુ વાયુ વહે, આપે ચંદ્ર ઉજાશ. ૨

## દિવાળી.

### માલિની વૃત્ત.

અધિક હરખ આપે, આજ આવી દિવાળી,
જન ઘર શણગારે, વસ્તિ દિપે રૂપાળી;
મધુર સ્વર સુવાજાં, મંડળીમાં બજાવે,
જગપતિ ગુણ ગાઈ, ભાવ રુડા ભજાવે. ૩

### ઉપજાતિ વૃત્ત.

સ્ત્રીઓ નરો સૌ શણગાર સાજી,
ફરે હરે અંતર થાય રાજી;
જાણે પ્રભુની બહુ પ્રીત જામી,
પ્રજા નવો શું શિરપાવ પામી. ૪
રામા રુડા આંગણુ ચોક પૂરે,
ખડી ગુલાલે હળદી સિંદૂરે;
લક્ષ્મી નહીં શું ઘરમાં સમાઈ,
આવી દિસે આંગણુ ઉભરાઇ. ૫
કંદોઇ પાડે ફૂળ ચાસણીનાં,
ભલી ભલી ભાત જુદી ઘણીનાં;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જોતાં દિસે ઘાટ ઘણા રૂપાળા,
જાણે કરે ઇશ્વર-કૃત્ય ચાળા. ૬

### માલિની વૃત્ત.

નગર સરસ નિરમ્યાં, જેમ આપે નવીન,
સરવ ઉપરિ ઓપે, આજનો શ્રેષ્ઠ દીન;
ઘર ઘર પ્રતિ દીસે, દીપતી દીપમાળા,
અવનિ કરતી હોયે, વ્યોમના જેમ ચાળા.

### ઉપજાતિ વૃત્ત.

જુઓ બની આતસકોર બાજી,
જોઇ હૃદેમાં જન થાય રાજી;
જોતાં દિસે પા ઘડી ખેલ ખાસો,
એવોજ છે આ જગનો તમાસો. ૮
કોઠીથી દારૂ સળગી ઉઠે છે,
જાણે ઉગ્યું કાંચન ઝાડ એ છે;
શાખા દિસે પત્ર ફુલો ખરે છે,
જોવા થકી માત્ર ખુશી કરે છે. ૯
તે ફુલ ને જે ફુલ બાગ કેરાં,
છે એક નામે ગુણ તો જુદેરા;
એવીજ રીતે જગમાં પ્રમાણો,
જનો જનોમાં પણ ફેર જાણો. ૧૦
આકાશમાં ઉંચી ચઢે હવાઇ,
તારા ખરે તે નિરખો નવાઇ;
જાણે ભલું બાણ તહાં ચલાવ્યું,
તારા નભેથી જઇ પાડી લાવ્યું. ૧૧
પ્રભા જુઓ પૂર્ણ ખપોરિયાની,
ભાસે ભલી તે પણ છે કહ્યાની;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જો આવી રીતેજ બપોર થાત,
તો સૂર્યની પૂછત કોણ વાત. ૧૨
ફટાકિયા તો બહુ ઠામ ફૂટે,
જાણે કઢેલા પર ધાણી ફૂટે;
અનેક આકાર બીજા કર્યા છે,
ખજૂરી ને ચાદર ફાળકા છે. ૧૩
વળી પુજી સાકર પાન વેંચે,
નામાં નવાં ખૂબ ખુશીથી ખેંચે;
દેવાલયોમાં અનકૂટ થાય,
જનોવિષે હર્ષ ઘણો જણાય. ૧૪

---

## નવા વર્ષવિષે પ્રભુસ્તુતિ.

### દોહરો.

નૃપ વિક્રમના શકતણું, વંચાયું નવું વર્ષ;
આપો પ્રભુ આ વર્ષમાં, હર્ષ અધિક ઉત્કર્ષ. ૧૫

### ભુજંગી છંદ.

અહો નાથ હેતે હવે હાથ ઝાલો,
પ્રભૂ પાઇ દો પ્રેમનો પૂર્ણ પ્યાલો;
કૃપા દ્રષ્ટિથી બુદ્ધિ દૈ કષ્ટ કાપો,
નવા વર્ષમાં હર્ષ ઉત્કર્ષ આપો. ૧૬
જજો રોગ ને દોષ સર્વે જનોના,
તથા તાપ ને ત્રાસ નાસો તનોના;
બધી બીક ટાળી મટાડો બળાપો,
નવા વર્ષમાં હર્ષ ઉત્કર્ષ આપો. ૧૭
પ્રજા સર્વ સંપી વસે થૈ સુખાળી,
દશે દિશમાં નિત્ય દેખે દિવાળી;

P. P. Ac. Gunrathasuri M.S. Jin Gun Aaradhak Trust

જપે તાહરા નામના સર્વ જાપો,
નવા વર્ષમાં હર્ષ ઉત્કર્ષ આપો. ૧૮
સદા વસ્તુ સર્વે મળે મૂલ સસ્તે,
રહો શુભ શોભા બની સર્વ રસ્તે;
છજે માળિયે છત્યની છાપ છાપો,
નવા વર્ષમાં હર્ષ ઉત્કર્ષ આપો. ૧૯
મહીમાં ભલા વર્ષજો મેહ માગ્યા,
રહે લાભને લક્ષમાં લોક લાગ્યા;
જજો અંગમાંથી મટીને ઉતાપો,
નવા વર્ષમાં હર્ષ ઉત્કર્ષ આપો. ૧૯
વિવાનાં અહર્નિશ વાજીંત્ર વાગો,
ભલા લોકની ભ્રાંતિ ને ભીતિ ભાગો;
સ્થિતિ સારીમાં સર્વને સ્થિર થાપો,
નવા વર્ષમાં હર્ષ ઉત્કર્ષ આપો. ૨૧
દિનાનાથજી દ્રવ્યની છૂટ દેજો,
બધા લોક લાખોતણો લાભ લેજો;
પ્રજાનાં પ્રલે થૈ જજો સર્વ પાપો,
નવા વર્ષમાં હર્ષ ઉત્કર્ષ આપો. ૨૨
સુખે સંપડાવે સુલોકો સમૃદ્ધિ,
વળી વંશની આપજો આપ વૃદ્ધિ;
લડાવે ભલાં પુત્રને લાડ બાપો,
નવા વર્ષમાં હર્ષ ઉત્કર્ષ આપો. ૨૩
દહીં દૂધ ઘી ગોળ ને માલ મેવા,
મળે અલ્પ મૂલ્યે ઉદે થાય એવા;
અને અન્ન સસ્તાં મળે માંડી માપો,
નવા વર્ષમાં હર્ષ ઉત્કર્ષ આપો. ૨૪
સુખી રાય રાણા પ્રજા સૌખ્ય પામો,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જનો મધ્ય આનંદ આનંદ જામો;
વળી સર્વ સંસારમાં શાંતિ વ્યાપો.
નવા વર્ષમાં હર્ષ ઉત્કર્ષ આપો. ૨૫
રહો ક્ષેમ મનુષ્ય ને ઢોર જાતે,
ક્ષિતી મધ્ય ખૂટે નહીં અન્ન ખાતે;
તમો પાર ઉતારજો તારી ત્રાપો,
નવા વર્ષમાં હર્ષ ઉત્કર્ષ આપો. ૨૬
કીધી પ્રાર્થના તે પ્રજા લોક કામે,
રૂડી રીતથી આજ દલપત્તરામે;
સુણીને પ્રભૂજી કરો માફ શાપો,
નવા વર્ષમાં હર્ષ ઉત્કર્ષ આપો. ૨૭

દોહરો.

હર્ષ અધિક ઉત્કર્ષ દો, સુખ સુર લોક સદર્શ;
વસ્તિતણા આ વર્ષમાં, અવગુણ થજો અદર્શ. ૨૮

---

## કાર્તિક માસ.

### ઉપજાતિ વૃત્ત.

અહો જુઓ આ વછિયાત્ત એક,
લાવ્યો દિસે અન્ન ભરી અનેક;
છએ ઋતુનું પય હોય ધાવ્યો,
એવો જુઓ કાર્તિક માસ આવ્યો. ૨૯
ભલે રહ્યા સૌ મળી બાર ભાઈ,
કીર્તિ દિસે કાર્તિકની સવાઇ;
સુપુત્ર વિશ્વેશ્વરનો[1] ઠરાવ્યો,
એવો જુઓ કાર્તિક માસ આવ્યો. ૩૦

---

૧. કાર્તિકસ્વામી શિવનો પુત્ર કહેવાય છે. તે ૭ મુખે કરીને ૭ માતાઓને ધાવ્યા હતા. તે ૭ ઋતુઓને ધાવેલો એજ કાર્તિક ગણ્યો છે.

P. P. Ac. Gunratnasuri M.S.   Jin Gun Aaradhak Trust

સેના સજે ભૂપતિ ઠામ ઠામ,
ગ્રામાંતરે જૈ કરવા મુકામ;
સેનાપતીનું પદ હોય લાવ્યો,
એવો જુઓ કાર્તિક માસ આવ્યો. ૩૧
તંબૂ વિષે રાજ જનો વસાયા,
જાણે નહિ તે પુરમાં સમાયા;
કે વસ્તિનો સાગર ઉભરાયો,
જમાવ તેનો વનમાં જમાયો. ૩૨
વેપારી લોકો વિચરી વિદેશે,
વેપારથી લાભ વિશેષ લેશે;
પ્રભાત થાતાં ખગ પંખી જેમ,
આહાર લેવા ઉડી જાય તેમ. ૩૩
જતી તજી સ્થાન વિદેશ જાય,
વર્ષા ઋતુમાં સ્થિર જે જણાય;
સંસારી લોકો વળી સર્વ જોગી,
પ્રવાસમાં થાય ઘણા ઉદ્યોગી. ૩૪
જાત્રા નિમિત્તે જન જૂથ જાય,
મેળા ઘણા તીર્થથળે ભરાય;
હળી મળી હેત વધારવાને,
જાણે મળ્યા છે જનતીર્થ બાને. ૩૫
કહું ભલો આ દિન કાર્તિકીનો,
ખરેખરો તે પણ છે ખુશીનો;
વિજોગિયા મિત્ર વિદેશવાસી,
તીર્થે મળે છે ચૈને પ્રવાસી. ૩૬
વિશ્રામના માસ વિતી ગયા છે,
ઉદ્યોગના માસ હવે થયા છે;
શિશુપણાના દિન જેમ જાય,
ઉદ્યોગને યોગ્ય જુવાન થાય ૩૭

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પરોઢિયે ટાઢ વિશેષ પાડે,
હેમંત સૂતા જનને જગાડે;
જાણે કહે છે જન સર્વ જાગો,
પ્રભાત થાતાં પ્રભુભક્તિ માગો. ૩૮
પૂર્વે ઉગે છે શુભ શુક્ર તારો,
પ્રભાતનું ચિન્હ જણાવનારો;
વધામણીઓ જન જેમ આવ્યો,
વધામણી સૂરજ કેરી લાવ્યો. ૩૯

## દોહરા.

ઓપે બિંદુ ઓસનાં, ચળકે મોતી સમાન;
સૂર્ય ઉગે સૂકાય છે, જોઇ જ્ઞાની લે જ્ઞાન. ૪૦
ધન જોબન ને જીવતર, જોવા માત્ર જણાય;
ઓસ બરાબર ઉપમા, જ્ઞાની કવિયો ગાય. ૪૧
અનાજ લણતાં ખેડુઓ, ગીતો ગાતા જાય;
લણી ખળામાં લાવતાં, હઇડામાં હરખાય. ૪૨

## ઉપજાતિ વૃત્ત.

ખેડૂ જનો ખેતરથી ઉઠાવી,
ભરે ખળામાં સઉ અન્ન લાવી;
જાણે બહુ બંદર નાવ આવ્યાં,
ખોરાકનો માલ અથાક લાવ્યાં. ૪૩
ડુંડાં કણોનાં બળદો પિલે છે,
તેને મુખે શીકલી બાંધી લે છે;
જાણે ક્રિયા જૈનમતી સ્વિકારી,
તેથી મુખે મૂમતિ હોય ધારી. ૪૪
ખેડૂ જનો જે કણ ઊપણે છે,
છોડાં અને અન્ન જુદાં પડે છે;

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

સંગ્રામનો સંચર જેમ થાય,
શૂરા રહે કાયર દૂર જાય. ૪૫
ભૂપાળનો ભાગ પ્રધાન માગે,
ત્યાં લેણદારો વળો આવી લાગે;
ખેડૂ બિચારા બની જાય કેવા,
જેવા હતા ગ્રીષ્મ કાળ તેવા. ૪૬
એવી રીતે કાર્તિક તો સિધાવ્યો,
હવે જુઓ આ મૃગશીર્ષ આવ્યો;
જે ધામ સૂર્યે ધનુ રાશિ ધાર્યું,
જાણે ધર્યું ચાપ શિકાર સારુ. ૪૭
રાત્રી વધી લાંબી ઘણી જણાય,
જે છેક ટુંકું દિનમાન થાય;
કોઈ સમે જેમ ઘટે સુધર્મ,
વળી વધી જાય અધર્મ કર્મ. ૪૮
વાડી વિષે થાય હજારી ગોટા,
માણે ફુલોનું સુખ લોક મોટા;
ધરે ગળે માળ રચી વિશાળ,
જાણે ધરી છે હર રુંઢ માળ. ૪૯
સીતાફળીનાં ફળ ખૂબ પાકયાં,
લેતાં વિણીને જન જૂથ થાકયાં;
જાણે શિયાળો પરદેશી આવ્યો,
મનુષ્ય માટે ફળ મિષ્ટ લાવ્યો. ૫૦

દોહરો.

નટ હેમંતે એ રીતે, કીધો ખેલ અનૂપ;
ધરશે સ્વાંગ શિશિરતણો, બદલીને નિજ રૂપ. ૫૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## શિશિર ઋતુનું વર્ણન.

(તા. ૧૦ મી. ડિસેમ્બરથી તા. ૯ મી. ફેબ્રુઆરી સુધી.)

### વસંતતિલકા વૃત્ત.

આવ્યો રવી મકર* રાશિ સમીપ આજ,
જાણો થયું શિશિર નામ ઋતુનું રાજ;
ટાઢે વિશેષ સઉના તનને ધ્રુજાવ્યાં,
જાણે શરીરધરને શિશિરે ડરાવ્યાં. ૧

ઓઢે જનો શરીર ઉપર તો દુશાલ,
લીલી પીળી ધવળ કે વળી રંગ લાલ;
જાણે શિશીર ભૂપથી ભય પામી ભારી,
ધર્યો સુવેષ પુરુષે પણ અર્ધ નારી. ૨

અંગીઠિ[૨] તાપ નિજ આગળ આ ધર્યો છે,
જાણે પ્રભૂ રિઝવવા જપ આદર્યો છે;
સીત્કાર શબ્દ સઉને મુખ નીકળે છે,
જાણે સુમંત્ર પ્રભુનો મુખથી જપે છે. ૩

ઝીણાં તજી શરીરમાં ડગલી ધરે છે,
જાણે ધર્યાં જરૂર બખ્તર અંગ એ છે;
ફાટે ગરીબ જનના પગ ઓઠ હાથ,
જાણે થયા જખમી તે લડી શીત સાથ. ૪

ખાંતે અનેક વિધિના કરી પાક ખાય,
આયું વધારી બળને તન પુષ્ટ થાય;
જાણે શિશીર ઋતુને જીતવા વિચારે,
માટે ઉપાય કરીને બળને વધારે. ૫

---

* ખરી મકરસંક્રાંતિ તા. ૨૨ મી. ડિસેમ્બરે બેસે છે પણ તેના ૧૨ દિવસ પહેલાં ઋતુનો ફેરફાર જોવામાં આવે છે. ૨. રાયડી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઊની પીએ અધિક ચાહ ઉનું ગમે છે,
અંઘોળ ઉષ્ણ જળ, અન્ન ઉનું જમે છે;
ઠંડે સમસ્ત જગ ઉપર દુઃખ નાખ્યું,
શું તેથી વેર અતિ ઠંડક સાથ રાખ્યું. ૬
રાતે પડે અવનિમાં અતિ હીમ આજે,
ખેત્રો વિષે [1]વંણુતણા બહુ છોડ દાઝે;
લોકો તણા તનતણી પણ ટાઢ ટાળે,
તે જાણી એમ તૃણને પણ હીમ બાળે. ૭

દોહરો.

જે અટકાવે જુલમ તો, જુલમી દેશે ત્રાસ;
કપાસ ટાળે ટાઢને, બાળે ટાઢ કપાસ. ૮

વસંતતિલકા વૃત્ત.

ઘૌંમાં પડે હિમ ઘણો નુકસાનકારી,
વંતાકડી પ્રથમથી પ્રજળે બિચારી;
ખોરાક એમ જન જાતિતણો બગાડયો,
જયાં ત્યાં હિમે જગતમાં ઝગડો જગાડયો. ૯
પ્રાણી અનેક બહુ ટાઢથી દુઃખ પામે,
પૃથ્વી વિષે કહીં કહીં વળી બર્ફ જામે;
કોપ્યો જણાય જગ ઉપર શીતકાળ,
પીડે વિશેષ જળને ગણી વિશ્વપાળ. ૧૦
જયાં ત્યાં જણાય પસર્યું બળ શીત કેરું,
નીરે સ્થળે ગગનમાં પણ તે ઘણેરું;
અત્યંત જોર શિતનું ટળી જાય કયારે,
મુંઝાઇ એમ મનમાં જન સૌ વિચારે. ૧૧
ઓઢાંની વાળી વળી ગાતડી ભીડી લૈને,
વેચે અનાજ કૃષિકો પુર મધ્ય જૈને;

---

૧ કપાસ.

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શું શીત સાથ જબરું કરી જુદ્ધ આવ્યા,
ગાડાં ભરી સરસ સંપત્તિ લુંટી લાવ્યા. ૧૨
ઝાડો તણાં જિરણ પત્ર ખરી પડે છે,
કાષ્ઠ પ્રમાણ નિરખી મજરે ચડે છે;
જાણે શીતે તરુવરો બહુ લુંટી લીધાં,
પત્રો રહીત તરુઓ કરી ક્રોધ કીધાં. ૧૩
શીયાળિયાં વન વિષે બહુ બૂમ પાડે,
રાત્રી વિષે વળી જુઓ ઉગતે દહાડે;
જાણે પડી પ્રબળ ત્યાં હિમ કેરિ ધાડ,
તેણે વિશેષ વન મધ્ય પડાવી રાડ. ૧૪
ઓઢે ગ્રિમંતજન તો સુજની રજાઇ,
પોઢે બિછાવી ઉનની ઉમદા તળાઇ;
પોઢયા હતા ઘન સમે જગદીશ જેમ,
પોઢયા દિસે શિશિરમાં નર લોક તેમ. ૧૫

દોહરો.

તેલ તાપ તાંબુલ તથા, તરુણિ ડગલી તળાઇ;
તેજાને તાતાં જમણ, શીત રતે સુખદાઇ. ૧૬

ઉપજાતિ વૃત્ત.

રુડાં જુઓ આ ચણિબોર રાતાં,
તે ઝાડને શીશ નથી સમાતાં;
કેવી દિસે જંગલ બોરડીઓ,
ઓઢી ઉભી ચુંદડી ભીલડિઓ. ૧૭

શાર્દૂલ વિક્રીડિત વૃત્ત.

વીતે છે પરિપૂર્ણ તે, શિશિર તો માઘી તિથિ પૂનમે
આવે છે દિવસો વસંતઋતુના, એમાં નહીં ઊનમે;

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

એનો હર્ષ અગાઉથી અતિ ઘણો, માને ઘણું માનવ;
માઘી પંચમીને દીને જન કરે, તેથી વસંતોત્સવ. ૧૮

## આખા શિયાળા વિષે.

### દોહરો.

શિયાળિયો સરદાર છે, જલદ તણો રિપુ જેહ;
દીઠો તારિખ દશમીએ, અકટોબરથી એહ. ૧૯

### ભુજંગી છંદ.

સખી એક બીજી સખીને કહે છે,
અરે આવિયો શીતનો કાળ એ છે;
અનંતા જિવોને ભરાવ્યો ઉચાળો,
સખી સજ્જ થૈ આજ આવ્યો શિયાળો. ૨૦
શિળા વાયુના સૈન્યને સાથ લાવ્યો,
હણી બાણ વર્ષાદને તો હઠાવ્યો;
અરે નાસતો નીરદાતા નિહાળો,
સખી સજ્જ થૈ આજ આવ્યો શિયાળો. ૨૧
દિસે જેમ વસ્ત્રે લુંટાઇ ગયાથી,
થયું એમ આકાશ અભ્રો* જવાથી;
ગયું ઇંદ્રનું ચાપ એ તો સમાળો,
સખી સજ્જ થૈ આજ આવ્યો શિયાળો. ૨૨
તળાવો નદીઓ તણાં પૂર તૂટે,
ખજાના તણાં દ્રવ્ય તે જેમ ખૂટે;
હઠાવે કિનારા બધાને હઠાળો,
સખી સજ્જ થૈ આજ આવ્યો શિયાળો. ૨૩

* વાદળાં.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લીલી સાડિયો જે ધરાએ ધરેલી,
દિસે સર્વ તે કાપી ચૂરા કરેલી;
મટયો રાજવી વેષ રુડો રૂપાળો,
સખી સજ્જ થૈ આજ આવ્યો શિયાળો. ૨૪
સહુ ઠામથી નીર સુકાવી દે છે,
રિપૂ જેમ લોહી ઘણું ચૂસી લે છે;
શિલાએ ઉઘાડી દિસે હાડમાળો,
સખી સજ્જ થૈ આજ આવ્યો શિયાળો. ૨૫
કંઈ જીવજંતુ ગુફા મધ્ય પેસે,
ડરી શત્રુથી જેમ સંતાઇ બેસે;
કરે લોકના મુખનો રંગ કાળો,
સખી સજ્જ થૈ આજ આવ્યો શિયાળો. ૨૬
કંઇ તો તપસ્વી થઈ તાપ તાપે,
કંઇ લોક અગ્નિ વિષે હોમ આપે;
કરે યજ્ઞનો ચાહિને એમ ચાળો,
સખી સજ્જ થૈ આજ આવ્યો શિયાળો. ૨૭
ધર્યાં બખ્તરો તુલ્યનાં વસ્ત્ર જાડાં,
થશે શત્રુના શસ્ત્રને જાણી આડાં;
છબે તોય ઓઠે કરીને ઉછાળો,
સખી સજ્જ થૈ આજ આવ્યો શિયાળો. ૨૮
થઈ શેલડી તો વડી સુર સાળા,
રિપૂ ભૂપના ભાળિયે જેમ ભાલા;
સુખે ભોગ્ય શ્રીમંતને તો રસાળો,
સખી સજ્જ થૈ આજ આવ્યો શિયાળો. ૨૯
વધી રાત્રિકા ને થયો દીન છોટો,
બુરા રાજમાં જેમ અન્યાય મોટો;
વધે કૈકના કાળજામાં કંટાળો,

P. P. Ac. Gunratnasuri M.S.     Jin Gun Aaradhak Trust

સખી સજજ થૈ આજ આવ્યો શિયાળો. ૩૦
વિના પાનવાળાં કર્યાં ઝાંડવાંને,
રિપૂ ભૂપતિ જેમ લુંટે પ્રજાને;
દિસે પ્રાણિયોના જથો દુઃખવાળો,
સખી સજજ થૈ આજ આવ્યો શિયાળો. ૩૧

દોહરો.

કૈક કહે કયારે ટળે, શિયાળો સરદાર;
આવે વળી વસંત તો, વરતે જેજેકાર. ૩૨

---

## વસંત ઋતુનું વર્ણન.

( તા. ૧૦ મી. ફેબ્રુઆરીથી તા. ૯ મી. એપ્રિલ સુધી. )

ઉપજાતિ વૃત્ત.

રુડો જુઓ આ ઋતુરાજ આવ્યો,
મુકામ તેણે વનમાં જમાવ્યો;
તરુવરોએ શણગાર કીધો,
જાણે વસંતે શિરપાવ દીધો. ૧
જુનાં જુનાં પત્ર ગયાં ખરીને,
શોભે તરુ પત્ર નવાં ધરીને;
જાણે નવાં વસ્ત્ર ધર્યાં ઉજાળી,
સમીપમાં લગ્નસરા નિહાળી. ૨
આંબે જુઓ મ્હોર અપાર આવ્યો,
જાણે ખજાનો ભરી મ્હોર લાવ્યો;
જે કોકિલા ગાન રુડું કરે છે,
વસંતના શું જશ ઉચ્ચરે છે? ૩
બોલે મીઠું કોકિલ એક જયારે,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વાદે બીજા એથી મીઠું ઉચ્ચારે;
વિવાદ જાણે કવિયો કરે છે,
વખાણુ લેવા સ્પરધા ધરે છે. ४
ચોપાનિયાં પુસ્તક જે પ્રકાસે,
ભલુંજ તેથી નૃપરાજ્ય ભાસે;
[१]તથા તરુ શોભિત પુષ્પ ભારે,
તો કેમ આંબા નહિ પુષ્પ તારે ? ५
સુશોભિતો થા હરિને પ્રતાપે,
પ્રભુ તને ઉત્તમ પુષ્પ આપે;
સ્તુતિ કરી ભાગ્ય પ્રભુ સમીપે,
સુપુષ્પથી સુંદર દેહ દીપે. ७

### વિધાતાને ઠપકો.

અરે ન કીધાં ફુલ કેમ આંબે,
કર્યાં વળી કંટક શા ગુલાબે;
સુલોચનાને શિર અંધ સ્વામી,
ખરે વિધાતા તુજ કૃત્ય ખામી.

## વનનો દેખાવ.

### શાર્દૂલવિક્રીડિત વૃત્ત.

આંબા આંબલી લીંમડા વડવડા, ઝુંડે ઝુકયાં ઝાડ છે,
છત્રોની છબિ છાઈ હોય છતમાં, તેવા ઉંચા તાડ છે;
ગાયો વૃંદ હરે ફરે તૃણ ચરે, ગોવાળિયા ગાય છે,
જોતાં આ વનને જરૂર ઉરમાં, આનંદ સંધાય છે. ८

१ જે રાજાના રાજ્યમાં ચોપાનિયાં કે પુસ્તક પ્રગટ થતાં નથી તેને ઉદ્દેશીને આંબા પ્રતિ અન્યોક્તિ કહે છે.

P. P. Ac. Gunratnasuri M.S.　Jin Gun Aaradhak Trust

ઉપજાતિ વૃત્ત.

વાએ નવાં પલ્લવ ઝાડ ડોલે,
તે જેમ નાચે નટ તેની તોલે;
વસંત દેખાવ દિલે રિઝાવે,
આશ્ચર્ય પામી શિર શું ધુણાવે. ૯
ટોચે નવાં પલ્લવ લૂમખાં છે,
દીસે વળી સુંદર ડોલતાં છે;
કહે રુડાં ચામર તે કવીશ,
જાણે ફરે છે વનરાય શીશ. ૧૦

દોહરો.

પલાશનાં પલ્લવ નવાં, શોભે તથા તમાલ;
વસંતમાં વનની છબી, વિલોકી ઉપજે વહાલ. ૧૧
શેલડી પણુ પાકે સરસ, લવીંગ લુમખાં થાય;
સાગ તથા સામેરની, શોભા કહી નવ જાય. ૧૨

ઉપજાતિ વૃત્ત.

અનેક જાતી તરુ ફૂલ ફૂલ્યાં,
તે ફૂલ ભારે નમી ખૂબ ઝૂલ્યાં;
જાણે નવી દોલત તે કમાઇ,
અન્યો અન્ય ચેષ્ટાઇ કરે ફુલાઇ. ૧૩
અનેક જાતી બહુ ફૂલ ફૂલ્યાં,
ઝાઝાં સુગંધીમય ખૂબ ઝૂલ્યાં;
પામી સમૃદ્ધિ સુખ તો અતુલ્યે,
કહો ખુશીથી નહિ કોણ ફૂલે. ૧૪
કેવાં જુઓ આ ફૂલ કર્ણિકાનાં,
રાતાં તથા શ્વેત દિસે મઝાનાં;
પ્રીતી તણા રંગથી હોય રાતાં,
સુકીર્તિથી શ્વેત હશે જણાતાં. ૧૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કહું ભલાં ચંપક પુષ્પ જેવાં,
જોતાં દિસે કાંચનપુષ્પ જેવાં;
કારીગરીના કરનાર ધન્ય,
કોઇથી એવું ન કરાય અન્ય. ૧૬
ગુલાબના ગુચ્છ સુગંધિમાન,
વસંતમાં તે વિકસે નિદાન;
જો અન્ય ટાણે ઉપજે અનેક,
વસંતની વાતજ ન્યારિ છેક. ૧૭

### દોહરા.

પારિજાત ને કેવડો, જૂઇ ને વળી જાય;
બકુલ મોગરો થળકમળ, કુસુમ કડાનાં થાય. ૧૮
કેસુડાં ને કરમદી, બપોરિયો મુચકંદ;
અનેક એવાં પુષ્પના, ઉપજે વૃંદે વૃંદ. ૧૯

### ઉપજાતિ વૃત્ત.

ન કીચ કે કાદવ ટાડ તાપ,
ન ધૂળ ઊડે નહિ અભ્ર વ્યાપ;
વસંત વેળા સુખકારી જેવી,
એકે ઋતુની ન ગણાય એવી. ૨૦

### ધનાક્ષરી છંદ.

નવાણનાં નીર પ્રતિદિન ન્યૂન થતાં જાય,
પરદેશી રાજયે જેમ દ્રવ્ય પરદેશ જાય;
પણ તાપ ટાઢ કીચ કાદવનાં કષ્ટ નહિ,
સ્વતંત્રપણાથી સર્વ સંચરે ને સુખી થાય;
અન્ય ઋતુઓ તમામ સાથે તોળી જોતાં સુખ,
વસંત ઋતુનું સુખ જરૂર ઘણું જણાય;
જેમ અન્ય રાજય સાથે મેળવીને જોતાં સુખ,
અંગરેજી રાજયનું જરૂર અધિકું મનાય. ૨૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### દોહરો.

જળરૂપી જર તો ઘટે, ફૂલ અધિક ફેલાય;
વૈભવ તો આ વખતનો, વિશ્વ વિષે વખણાય. ૨૨

### ઉપજાતિ વૃત્ત.

નવાણમાં નિર્મળ નીર દીસે,
આકાશમાં નિર્મળતા અતીશે;
સર્વ પ્રકારે સુખકારી આમ,
માટે કહે છે ઋતુરાજ નામ. ૨૩

વાયુ* દિશાથી શુભ વાયુ વ્હાય,
તેની વળી રીત નવી જણાય;
નહીં હિમાળુ નહિ તે ઉનાળુ,
દુભાશિયાની ભલી યુક્તિ ભાળું. ૨૪

હેતે કરે છે જન હોરી ગાન,
વાજાં બજાવે વળિ તોડિ તાન;
આનંદના શું ઉદગાર થાય,
ડોકાં હલાવી જન એમ ગાય. ૨૫

ભક્તો પ્રભુના ગુણ ગાય પ્રીતે,
નઠોર તો ગાય નઠારી રીતે;
સારા નઠારા જનની જુદાઈ,
વસંત ટાણે સમજાય ભાઈ. ૨૬

અસંત ને સંત વસંત ટાણે,
ઉમંગ તો અંગ અભંગ આણે;
તે જેમ પાંડિત્ય કવિત્વ પામી,
ખીલે ભલા લોક તથા હરામી. ૨૭

---

* વાયવ્યકોણમાં.

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### ઇંદ્રવિજય છંદ.

ચિત્ર ઘણાં અપવિત્ર રચે,
અપવિત્રજ મિત્રતણા કરી મેળા;
ધાણી જમે રંગ પાણી ગમે,
વદિ વાણિ બીભત્સ ભમે થઇ ભેળા;
કેકતણાં તન કાદવ ચર્ચિત,
રાખવડે થઉં જેમ રખેળ્યા;
એમ અસંત કરે, પણ સંત-
ભજે ભગવંત વસંતની વેળા. ૨૮

### ઉપજાતિ વૃત્ત.

વાસંતી વસ્રો તન ધારી બાળા,
સજે જુઓ વેષ રુડા રૂપાળા;
ટાણું ભલું લગ્નતણું વિચાર્યું,
જાણે સુપાનેતર અંગ ધાર્યું. ૨૯
બજાવી રુડાં ડફ ખંજરીઓ,
હોરી કરે ગાયન લાલજીઓ;
આનંદનો શું ઉભરો ન માય,
જુઓ મુખેથી ઉભરાઇ જાય. ૩૦
વાજે વળી આજ મૃદંગ તાલ,
હોરીતણા રાગ સુણો રસાળ;
ભુંડાં ભલાં આગળ ઉચ્ચરે છે,
મૃદંગને તો મુખ એમ બે છે. ૩૧

---

## ગાયક ઉક્તિ.

### દોહરો.

કાવ્ય કળા કવિજન કરે, શ્રમ લઇ સર્વ પ્રકાર;
પણ ગાયકના ગુણ વડે, કવિતા શોભે સાર. ૩૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### સ્રગ્ધરા વૃત્ત.

બ્રહ્માએ ભાત ભાતે, ભલીજ રચી ઋચા નારદે ગાન ગાયું,
વાલ્મીકે કાવ્ય કીધું, લવકુશ લઇને ગાયું તેથી સુહાયું:
કષ્ટે કાવ્યો કવિઓ, સરસ રચિ મરે ગાયકો જોગવે છે,*
ઓઠે છે ઉંદરોને ડર, તરુ ફળ તે ભોગિગો ભોગવે છે. ૩૩

---

## કવિ ઉક્તિ.

### વસંતતિલકા વૃત્ત.

વિદ્યારથી ગુરુથકી ગુણ શાખો લેને,
રાખે ન આપ અભિમાન કૃતઘ્ન થૈને:
જે ગાયકો જગત મધ્ય ગુણજ્ઞ સારા,
તે તો કદી ન કવિના ગુણ ભૂલનારા. ૩૪

### ઉપજાતિ વૃત્ત.

જેને અનીતિ ઉર મધ્ય આવે,
તે નિર્લજ્જો નિર્લજ સ્ત્રી નચાવે;
ગમે ફદેમાં સુણું તેનું ગાન,
કરે કુછંદે અપવિત્ર કાન. ૩૫

### ચોપાયા છંદ.

નરક પતિત નર નરક પતિત નર, નરથે જયાં સ્વર પુર્યો,
કુણ કુણ કુણ કુણ એમ કહે છે સતાર ને તંબુરો,
તેરણા વળતી કર લાંબો કરી, સુંદર સ્વર આલાપે:
આ આ આ કહી શ્રોતાઓને, એજ બતાવી આપે. ૩૬

---

* ભોગવે છે-ગાવાનો લ્હેરા મેળવે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### ચંદ્રાવળા છંદ.

ફૂલ્યો માઘ સરસ જ્યાં ફાગણ, ફુલી ગાજે ફાગ;
પણ ડહાપણ આપણમાં આવે, રસિક સુણીને રાગ;
રસિક સુણિને રાગ રૂપાળો, કોમળ થાય સ્વભાવ કૃપાળો;
 એજ અરથ ગાજે ઘર આંગણ,
ફૂલ્યો માઘ સરસ જ્યાં ફાગણ. ૩૭

ભોળી દુનિયાં હોળી ટાણે, ઝોળીમાં ધરિ ધૂળ;
ટોળી મળી તોફાન કરે છે, મૂર્ખાઇનું એ મૂળ;
મૂર્ખાઇનું એ મૂળજ મોટું, ખાનદાન થઇ ઉચરે ખોટું;
વાયલ થઇ ઘેર ટોળી આણે,
ભોળી દુનિયાં હોળી ટાણે. ૩૮

મગરમસ્ત થઈ વગર વિચારી, બોલીશ હલકા બોલ;
ગણશે ગુણી નર નારિ નઠારો, તારો ઘટશે તોલ;
તારો ઘટશે તોલ તતક્ષણ, વળી તું નહિ કહેવાય વિચિક્ષણ;
લાજ તજી નહિ કરીશ લવારી,
મગરમસ્ત થઇ વગર વિચારી. ૩૯

કોકિલ કાક તણા વસી કુળમાં, કથન કથે નહિ કદીએ ક્રૂર;
હંસ વસી બકવંશ વિષે નહિ, જળચર ભરખે જરૂર;
જળચર ભરખે જરૂર ન જાણી, પંડિત દે દષ્ટાંત પ્રમાણી;
નિર્લજ વચન ન લે મુખ મુળમાં,
કોકિલ કાકતણા વસી કુળમાં. ૪૦

## ઉપસંહાર.

### દોહરા.

ખટ ઋતુનું વર્ણન કર્યું, અલ્પ બુદ્ધિ અનુસાર;
ચતુર લોકના સજ્જનો, વાંચી કરો વિચાર. ૪૧

P. P. Ac. Gunratnasuri M.S.  Jun Gun Aradhak Trust

જુઓ જુઓ સ્થિતિ જગતની, ફરતી આવે જેમ;
મનુષ્યની સ્થિતિ પણ ફરે, ઉંમર મધ્યે એમ. ૪૨
હરખ શોક ને દુઃખસુખ, હાનિ વૃદ્ધિ પણ હોય;
ધીર જનો ધીરજ ધરો, ક્લેશ ન કરશો કોય. ૪૩
રાખે પ્રભુ તેમજ રહો, તજો ઉદાસી ગર્વ;
પ્રેમ ધરીને પરસ્પર, સંપી ચાલો સર્વ. ૪૪
ઇશ્વરને અરજી કરો, અનાથનો છે નાથ;
અવશ્ય છે સૌ આપણું, સુખ દુઃખ તેને હાથ. ૪૫

## ફેરફાર થવા વિષે.

### ઉપજાતિ વૃત્ત.

કુંભારનું ચક્ર જુઓ ફરે છે,
દૃષ્ટિ ભણી ભાગ જુદો ધરે છે;
ક્ષણે ક્ષણે આ જગમાં લગાર,
થતો દિસે તેમજ ફેરફાર. ૧

પૃથ્વીતણી નિત્ય ગતિ વિચારો,
તેથી નિશા વાસર છે થનારો;
ક્ષણે ક્ષણે થાય નવો પ્રકાર,
થતો દિસે તેમજ ફેરફાર. ૨

રવી ઉગીને ચઢતો જણાય,
સાંજે જુઓ તે વળિ અસ્ત થાય;
સ્થિતી જણાયે ફરતી અપાર,
થતો દિસે તેમજ ફેરફાર. ૩

જે જે ચીજો આ નજરે જણાય,
ક્ષણે ક્ષણે કાંઇક તે ઘસાય;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અંતે પછી નાશ નકી થનાર,
થતો દિસે તેમજ ફેરફાર. ૪
જે ચાલતા કે સ્થિર જીવ જામે,
વધી વધીને પરિણામ પામે;
પછી થવાનો ક્ષયનો વિકાર,
થતો દિસે તેમજ ફેરફાર. ૫
પૃથ્વી વિષે જે બહુ પર્વતો છે,
થતા દિસે તે પણુ માપ એ છે;
વિદ્વાન જાણે મનમાં વિચાર,
થતો દિસે તેમજ ફેરફાર. ૬
વડી વડી જે નદિયો વહે છે,
તે સર્વદા ઓછી થતી રહે છે;
સદૈવ ચાલે નહિ એક ધાર,
થતો દિસે તેમજ ફેરફાર. ૭
સમુદ્ર પાછો હઠતો જણાય,
કોઇ સ્થળે તે વધતોજ જાય;
જયાં પૃથ્વિ છે ત્યાં જળ કોઇ વાર,
થતો દિસે તેમજ ફેરફાર. ૮
જયાં વસ્તિ છે ત્યાં વન તો થવાનું,
અરણ્યમાં પૂર થશે પ્રજાનું;
બની રહે ઉત્તમ ત્યાં બજાર,
થતો દિસે તેમજ ફેરફાર. ૯
જે કાળથી આ જગ નીપજ્યું છે,
નવું નવું રૂપ સદા સજર્યું છે;
રહે ન એક સ્થિતિ માસ બાર,
થતો દિસે તેમજ ફેરફાર. ૧૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જે જાતનાં ઝાડ અગાઉ થાતાં,
તે જાતનાં આજ નથી જણાતાં;
થયાં દિસે પથ્થરનો પ્રકાર,
થતો દિસે તેમજ ફેરફાર. ૧૧

હતા જીવો હાથી થકી ઉતંગ,
પીરેમમાં[1] પથ્થર રૂપ અંગ;
જોતાં જડે છે કદિ કોઇ ઠાર,
થતો દિસે તેમજ ફેરફાર. ૧૨

પૂર્વે હતી વસ્તિજ મચ્છ કેરી,
વનસ્પતી તે પછિ થૈ ઘણેરી;
પક્ષી પશૂ તે પછિ બેસુમાર,
થતો દિસે તેમજ ફેરફાર. ૧૩

## દોહરા.

મનુષ્યની વસ્તી થઈ, પ્રથમ જંગલી જાત;
સુધરી જાતે સુધરતાં, ભાસે ઉત્તમ ભાત. ૧૪

સુધારવાને નિજ પ્રજા, કરો પ્રયત્ન પ્રકાર;
તો સુધરી ઉત્તમ થશે, નહિ તો નીચ થનાર. ૧૫

પોષણ રક્ષણ કીજીએ, વધે બુદ્ધિ તન હાડ;
બેદરકારે નવ બને, જેમ બાગનાં ઝાડ. ૧૬

સુધરે તન મન સુધરતાં, ઘટતાં કદ ઘટી જાય;
કાસ[2] સુધરી થઇ શેલડી, વળી કાસ તે થાય. ૧૭

---

૧. પીરમના બેટમાં.

૨. કાસના ઝાડને કેળવતાં કેળવતાં તેની શેલડી થાયછે; અને શેલડી વતરી જાય તો પાછો કાસડો થઇ જાય. ભોંયરીંગણીના ઝાડ સુધરતાં સુધરતાં વંતાકડી થાય છે. તેમજ ઘઉં ડાંગર વગેરે અનાજ પણ કેળવવાથી સુંદર થાય છે અને વતરી જાય તો પાછું ઘાસ થઇ જાય. તેમજ માણસ પણ જંગલી જાતિમાંથી કેળવાઇને ઉત્તમ થાય છે, અને વતરી જાય તો કેટલીક પેઢીએ જંગલી જેવું થઇ જાય.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તે માટે જન કેળવા, સુખ પામે આ સ્થાન;
પરલોકે સુખ પામવા, ભજો સદા ભગવાન. ૧૮

ઇશ્વરની આશા ગણી, કરો સદા આ કામ;
સમજો તો શુભ બોધ આ, દે છે દલપતરામ. ૧૯

રાત દિવસ ઋતુભેદ છે, મુખ્ય મુખ્ય શણગાર;
પ્રથમ એજ નજરે પડયાં, વરણન કીધું સાર. ૨૦

હવે કહું હું શા વિષે, એમ વિચાર્યું આજ;
ચિત્ત વિષે આવી ચડયું, આ અંગ્રેજી[1] રાજ. ૨૧

જેના પ્રતાપથી વધી, વિદ્યાકળા વિશેષ;
જુલમ મટયો જુલમીતણો, દિસે સુખી આ દેશ. ૨૨

ઋતુવર્ણન પ્રકરણ સમાપ્ત.

૧. અંગ્રેજી રાજ્ય વિષેનું વર્ણન બીજા ભાગમાં છે.

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

## प्रकरण ३ जुं.

### ઇશ્વર તથા ધર્મ સંબંધી.

### ઇશ્વર છે તે વિષે.

દોહરા.

પ્રભુ નજરે તો નવ પડે, ઉચરે નહિ ઉચ્ચાર;
જગરચનાથી જાણિયે, જે છે જગકરતાર. ૧
ઉપરી વિના નિશાળનો, રહે ન બંદોબસ્ત;
કેમ નિભે તો પ્રભુ વિના, આ બ્રહ્માંડ સમસ્ત. ૨
અચરજ મોટું ઉપજે, કરતાં ચિત્ત વિચાર;
દૃષ્ટિ થકી દેખાય છે, ઇશ્વર શક્તિ અપાર. ૩
જેણે પ્રાણી જનમતાં, પહેલું પ્રગટયું દૂધ;
એ પ્રભુને નહિ ઓળખે, એથી કોણ અબુધ. ૪
ઇશ્વર કૃતની તુલના, કરી શકે કો અન્ય;
સો કોસે ન ભરાય તે, પળે ભરે પરજન્ય. ૫

મનહર છંદ.

પવન પ્રગટ નહીં પેખવામાં આવે પણ,
ઝાડોને હલાવે તેથી પવન જણાય છે;
નદી મધ્યે નીરતણું નિરખી નવીન પૂર,
દૂર વરસાદ થયો દિલમાં મનાય છે;
દૂર દિસે દેવતા તે દૃષ્ટિએ દેખાય નહિ,
ધૂમાડો દેખીને દૂર દેવતા ધરાય છે;
તેમ કરતાર તણાં કામ દલપતરામ,
દેખી કરતાર છે એવું કે શકાય છે. ૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કોઇ પણ કારખાનું કદાપિ ન નભી શકે,
જો તેને સંભાળનાર હોય નહીં કોઇએ;
આ અનંત કોટી અંડતણા કારખાનાતણો,
જરૂર સંભાળનાર કોઇ પણ જોઇએ;
એથકી જણાય છે જે એવો એક ઇશ્વર છે,
તે પ્રભુના ચરણમાં પ્રેમે ચિત્ત પ્રોઇએ;
કહે દલપતરામ તેનાં કામ ઠામ ઠામ,
જોઇને જરૂર ખોટો સંશય તો ખોઇએ. ૭

ભુજંગી છંદ.

અહો પંડિતો પૃથ્વી આકાશ પેખો,
લખેલા રુડા અક્ષરો સર્વ લેખો;
વિચાર્યાથી વંચાય તે તો તમોથી,
પ્રજાનાથના હાથની શુદ્ધ પોથી. ૮

છપ્પો.

એક તરખલું આજ, હાથમાં લીધું હરખી,
જગકર્ત્તાની જુક્તિ, નજરથી તેમાં નીરખી;
નસો નળી નવરંગ, ગાંઠ તેમાં ગંઠાઇ,
સરખું વચે સળંગ, સરસ તેમાં શફાઇ;
નરથી એવું નવ બની શકે, કરે ક્રોડ કારીગરી,
અદ્ભુત એમાં દલપત કહે, હિકમત તે હરિએ કરી. ૯

મનહર છંદ.

હાથી રચતાં વિચાર હૈયામાં કર્યો હશે જે,
શુંઢ વિના પાણી હાથી શી રીતે પીનાર છે;
પળે પળે પીવા છોટાં છોકરાંને માટે માતા,
સ્તનમાંહી તાજાં તાજાં દૂધ તો તૈયાર છે;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ક્યાંથી આવ્યું કેમ થયું કેમ તે સુકાઈ ગયું,
ચિત્તમાં વિચારો તે કેવો ચમતકાર છે;
વિચારીને કરનાર કહે દલપતરામ,
જાણીએ જરૂર જે જગત કરનાર છે. ૧૦
કોળાં તથા કાલિગડ કાકડીના વેલા કીધા,
જેનાં ફળો વાગે તો જનોને દુઃખદાઇ છે;
પીંપળા, પીંપરો, વડ, લીંબડા ને વડા કીધા,
જેની છાયા છે તે સૌને શીતળ જણાઇ છે;
બાવળ ને બોરડીની ઘટાની છટા નથી તો,
કહે દલપત ત્યાં કાંટાની છટા છાઇ છે;
ચતુર દિશામાં ચાહી ચિતવો ચતુર, કેવી–
ચતુર ચતુરમુખતણી ચતુરાઈ છે. ૧૧

## નાસ્તિક મત ખંડન વિષે.

### દોહરા.

પાટણને પાટે હતો, આસ્તિક રાજા એક;
હતો એક તે આગળે, નોકર નાસ્તિક છેક. ૧
પણ તે હતો પ્રવીણ બહુ, રાજ કાજ શુભ રીત;
તેથી હતી તે ઉપરે, પૃથ્વિપતિની પ્રીત. ૨
એક સમે એને કર્યો, પૂરનો ઇજારદાર;
બાંધી અવધ બે વર્ષની, કર્યો કબૂલ કરાર. ૩
એક સમે રાયે કહ્યું, નાસ્તિકને કરી પ્રીત;
શક્તિમાન પ્રભુનું સ્મરણ, નિશ્ચે કરવું નિત્ય. ૪
નમ્ર થઇ નાસ્તિક કહે, રીસ ન કરશો રાય;
પ્રભુ કરતાં મુજ પગરખાં, શક્તિમાન દેખાય. ૫
કહો તો કરીએ પારખું, ખરા બપોરે આજ;
ચાલો ધીકતી રેતીમાં, પ્રભુ ગંમરી મહારાજ. ૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હું તો પહેરી પગરખાં, ચાલીશ રેતી માંય;
પ્રભુ સમર્થ કે પગરખાં, તરત જણાશે ત્યાંય. ૭
રાજા સુણીને ચુપ રહ્યો, ગત નાસ્તિક નિજ ઘેર;
રાજાએ તદબીર કરી, પાછળથી શુભ પેર. ૮
નાસ્તિક તણું કબજ કર્યું, ઇજારદારી કામ;
એ અવસર આવી ચડયો, તે નાસ્તિક તે ઠામ. ૯

દીલ દુખાઇ દીલગીર થઇ, બોલ્યો જોડી હાથ;
હાથ ધર્યો મુજ કામમાં, ન ઘટે તમને નાથ. ૧૦
વણ તકસીરે છિનાવિયો, આપેલો અધિકાર;
તમે પ્રમાણિકતા તજી, સૌ કહેશે સંસાર. ૧૧

કેમ બીજા જન રાખશે, આપતણો વિશ્વાસ;
આપેલો અધિકાર જો, ખેંચી લેશો પાસ. ૧૨
રૂડા જનની રીત નહિ, હલકાની તો હોય;
ન્યાયી તે નિશ્ચે કહી, કરે ન એવું કોય. ૧૩
ભૂપ કહે તુજ પગરખાં, પામ્યાં જે અધિકાર;
તેનું કામ પ્રભુ નવ કરે, તો તું કેવું ધાર. ૧૪
તેમજ તારા કામમાં, હું નવ ઘાલું હાથ;
તો અશક્ત મુજને કહે, નાસ્તિક જનનો સાથ. ૧૫
મશાલચીનું ભીસ્તિનું, હરેક જનનું કામ;
જો નરનાથ નહીં કરે, કહે તુજ સરખા આમ. ૧૬

પૃથ્વી, પાવક, પવન, જળ, આદિક વસ્તુ અનેક;
હાથ કોઇના કામમાં, પ્રભુ નવ ઘાલે છેક. ૧૭
સઘળું કરવા શક્ત છે, ત્રિભુવન કેરો રાય;
પણ અધિકાર છિનાવતાં, જાણે છે અન્યાય. ૧૮

ઘાસતણા ટુકડાતણું, કરે ન ઇશ્વર કામ;
જે જેનો અધિકાર છે, તે નવ કરે તમામ. ૧૯

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કરે પ્રભુની પ્રાર્થના, તો કરતાં ઉદ્યોગ;
ઇશ્વર એને મેળવે, એવાનો સંજોગ. ૨૦
તરશો માગે નીર તો, પ્રભુ ન પાણી પાય;
પાણી મેળવવા તણો, સૂઝાડે ઉપાય. ૨૧
ટાઢે મરતો વસ્ત્ર જો, માગે ઇશ્વર પાસ;
નાખે નહિ આકાશથી, પણ પુરે મન આશ. ૨૨
કોઇ કહે પ્રભુએ કર્યાં, રૂપ ધરીને કામ;
તે તો સઘળી કહાણિયો, કવિયે કરી તમામ. ૨૩
સુણીને નાસ્તિક સમજીયે, મનમાં રુડો મર્મ;
નાસ્તિક મટી આસ્તિક થયો, ધાર્યો રુડો ધર્મ. ૨૪
નાસ્તિક કે આસ્તિક થવું, શોધ્યો શુદ્ધ ઉપાય;
આસ્તિકને નુકસાન શું, નાસ્તિક માર્યો જાય. ૨૫
આસ્તિક ધારે ધર્મ શુભ, મળવા મુક્તિ દાન;
જો કદી સ્વર્ગ ન હોય તો, તેને શું નુકશાન. ૨૬
નાસ્તિક સ્વર્ગ નથી કહી, પ્રૌઢાં કરશે પાપ;
જો પછી નરક નકી ઠર્યું, માર્યો જાશે આપ. ૨૭
કોઇ મુસાફરને કહે, નથી ચોરની બીક;
તોપણ ચેતી ચાલવું, ઠરાવ છે તે ઠીક. ૨૮
તેમજ સંશય હોય પણ, ધરવો રુડો ધર્મ;
આ લોકે પરલોકમાં, ધર્મ થકી સુખ પર્મ. ૨૯
નાસ્તિક સાથે વાદ જે, ટુંકો કરવા ચહાય;
તો તેને સમજાવવા, આ સહેલો ઉપાય. ૩૦
પાપ પુણ્ય માને નહીં, સ્વર્ગ નરક નહિ ઠામ;
આત્મા અમર ગણે નહીં, નાસ્તિક તેનું નામ. ૩૧
શરીરને સુખ સાંપડે, એજ કરે ઉપાય;
કહો પછી શું નહિ કરે, અઘટિત કે અન્યાય. ૩૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાખે ડર રાજાતણો, કે બળિયાની બીક;
ઇશ્વરનો ડર દિલ નહીં, ઠરાવ કીધો ઠીક. ૩૩

એવા પણ આ દેશમાં, પંડિત થયા અપાર;
ચારવાક આદિક નરો, પુસ્તકના રચનાર. ૩૪

કોઇ સમે નાસ્તિકતણા, પુસ્તકનો કરી નાશ;
રાજાએ શિક્ષા કરી, ગણ્યો પાપનો પાશ. ૩૫

ચિત અવળે રસ્તે ચડે, કરતાં તર્ક વિતર્ક;
તો નર નાસ્તિક નીપજે, થાય પાપમાં ગર્ક. ૩૬

અલ્પ બુદ્ધિ પોતાતણી, સમજે હુંજ સુજાણ;
દિવાની દુનિયા ગણે, મોટી એ મોંકાણ. ૩૭

સદ્ગુરુ કોઇ ન સાંપડયો, સંશયનો હરનાર;
નર તેથી નાસ્તિક થયો, અલ્પ બુદ્ધિ આધાર. ૩૮

તેની આગળ જો કહે, કોઇ પ્રભુનું નામ;
ક્યાં છે દેખાડો મને, એમ કહે તે ઠામ. ૩૯

શા સારું મોટે સ્વરે, કરે ફકિર પોકાર;
કોઇ તને આકાશથી, નથી ઉત્તર દેનાર. ૪૦

નાસ્તિકના બે ભેદ છે, સર્વેશ્વરવાદી એક;
કહે જગકર્તા હશે, પણં આત્મા નથી છેક. ૪૧

બીજો નિરીશ્વરવાદી છે, એની એવી રીત;
નથી ઇશ્વર આત્મા નથી, ચોંટયો પથરો ચિત. ૪૨

મુખથી નિત્યે માગિયે, પ્રભુને કરી પ્રણામ;
પ્રસંગ નાસ્તિક જનતણો, થશો ન કોઇએ ઠામ. ૪૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## પ્રભુ પ્રાર્થના

### દોહરો.

પ્રથમ કરું પ્રભુપ્રાર્થના, દોષ ક્ષમણ દે દાન;
તજ્યો નથી તનવાસના, ભજ્યો નથી ભગવાન. ૧

### વૈતાળીય છંદ.

નથિ હું તન વાસના તજ્યો,
નથિ હું નમ્રપણે પ્રભુ ભજ્યો:
કરુણાનિધિ તું કૃપા કરી,
હરજે કલેશ હમેશ હે હરિ. ૨

નથિ મેં વ્રત દાન આદર્યાં,
નથિ મેં કામ રુડાં કશાં કર્યાં;
ખળતા કરી મેં ખરેખરી,
હરજે કલેશ હમેશ હે હરિ. ૩

ન પડ્યો શુભ માર્ગ શોધમાં,
ન પડ્યો હું બહુ જ્ઞાન બોધમાં;
અવળી ગતિ નિત્ય આચરી,
હરજે કલેશ હમેશ હે હરિ. ૪

ન રહ્યો કદિ હું વિવેકમાં,
ન રહ્યો હું તલભાર ટેકમાં;
ડગલાં ન ભર્યાં ડરી ડરી,
હરજે કલેશ હમેશ હે હરિ. ૫

પડિને અતિ પ્રૌઢ પાપમાં,
તક ખોઇ ત્રણ ભાત તાપમાં;
દિક થૈ ન વસ્યો કદી ઠરી,
હરજે કલેશ હમેશ હે હરિ. ૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કરજે દુર બંધ કર્મના,
    ધણિ ધિંગા પ્રભુ બેલી ધર્મના:
જગ સાગર તર્ત તો તરી,
    હરજે કલેશ હમેશ હે હરિ. ૭
બહુ સંશય સાથ બોલિયો,
    ભ્રમણામાં ભમિ ભૂલિ ડોલિયો;
દ્રઢતા નહિ ધ્યાનમાં ધરી,
    હરજે કલેશ હમેશ હે હરિ. ૮
ગણિ સ્વારથ અર્થમાં ફસ્યો,
    અતિશે વ્યર્થ અનર્થ તો કર્યો:
તજી પુણ્યની વાત તો પરી,
    હરજે કલેશ હમેશ હે હરિ. ૯
શુભ કારજ જાણિ સાધિયાં,
    ઉલટાં કષ્ટ અનંત વાધિયાં:
ફિટકાર મળ્યો ફરી ફરી,
    હરજે કલેશ હમેશ હે હરિ. ૧૦
સુખકારિ કથા ન સાંભળી,
    સુણિ મેં ગ્રામ્ય કથા ગણી ગળી;
ભગતી નહિ ભીતરે ભરી,
    હરજે કલેશ હમેશ હે હરિ. ૧૧
પ્રભુ તું ભવ તારનાર છે,
    અધમોદ્ધાર અને ઉદાર છે;
અતિ તે ગુણને અનુસરી,
    હરજે કલેશ હમેશ હે હરિ. ૧૨
હૃદયે દલપત્તરામને,
    ઠરજે ઠીક ઠરાવિ ઠામને;
જનપાળપણું ધરી જરી,
    હરજે કલેશ હમેશ હે હરિ. ૧૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દોહરો.

હે હરિ કલેશ હંમેશ હર, કર સુખ પૂરણ કામ;
એ માગે તુજ આગળે, દિન દિન દલપતરામ. ૧૪

## સેવાસ્તોત્ર.

### વસંતતિલકા વૃત્ત.

હે દીનબંધુ જગદીશ્વર વિશ્વપાળ,
દીસો તમે પ્રભુ સદા દિલના દયાળ;
માટે કૃપાથી પકડો પ્રભુ હાથ મારો,
હે સ્વામિનાથ હરિ સેવક હું તમારો. ૧
કેવી રીતે સ્તવન કીર્તન થાય તારું,
કેવી રીતે વિનયનાં વચનો ઉચારું;
ભક્તિની જુક્તિ નહિ ઉત્તમ જાણનારો,
હે સ્વામિનાથ હરિ સેવક હું તમારો. ૨
સંતુષ્ટમાન થઇ સેવક કષ્ટ કાપો,
ભક્તી તથા અભય ઉત્તમ ભાવ આપો;
નિઃશેષ કલેશ પરમેશ તમે નિવારો,
હે સ્વામિનાથ હરિ સેવક હું તમારો. ૩
હું ભક્તિ ભૂલિ ભટકયો ખરી ભૂલ ખાધી,
લેવા ભવિષ્ય ભવ મુક્તિ ન જુક્તિ લાધી;
આપી અખંડ પદ આપદથી ઉગારો,
હે સ્વામિનાથ હરિ સેવક હું તમારો. ૪
કષ્ટો જવા સરસ સાધન મેં ન કીધાં,
દેખી ગરીબ જનને નહિ દાન દીધાં;
પ્યારા પ્રભૂ પ્રણતપાળપણું વિચારો,
હે સ્વામિનાથ હરિ સેવક હું તમારો. ૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પાતે કદાપિ પરમાર્થ કરી ન જાણ્યો,
ચિત્તે સદા સમય કેવળ સ્વાર્થ આણ્યો;
તેવો તથાપિ નિજ દાસ કરી સ્વિકારો,
હે સ્વામિનાથ હરિ સેવક હું તમારો. ૬
હું જ્ઞાનવાન નથિ ને અભિમાનવાન,
છું ખાન પાન રસ લોભ ભર્યો નિદાન;
તૃષ્ણા સમુદ્ર જળ પાર તમે ઉતારો,
હે વિશ્વનાથ હરિ સેવક હું તમારો. ૭
કાપી કચાશ પદ પાસ નિવાસ આપો,
માથે મહા પ્રભુ કૃપા કરી હાથ થાપો;
નાના પ્રકાર નબળાં કરમો નિવારો,
હે વિશ્વનાથ હરિ સેવક હું તમારો. ૮
જે તારનાર ન મળ્યા જગદીશ જેને,
તૈયાર ત્રાસ જમનો નજરેજ તેને;
એ વાતમાં નથી અરે પળનો ઉધારો,
હે વિશ્વનાથ હરિ સેવક હું તમારો. ૯
સર્વાર્થ કાર્ય સુધરે તુજ પાદ સેવી,
દેખું ન અન્ય સુખદાયક દેવદેવી;
પ્રેમે પ્રભુજી પદપંકજ પૂજનારો,
હે વિશ્વનાથ હરિ સેવક હું તમારો. ૧૦

### શાર્દૂલવિક્રીડિત વૃત્ત.

સ્વામી સેવક હું થયો તમતણો, ખામી ખરી ખોઇ મેં,
પામી નિશ્ચયતા તમારી ભગતી, જામી દીલે જોઇ મેં;
ધામી અક્ષર ધામના હરિ બહુનામી મળ્યા આ ભવે,
નામી હે ભવવેદના હરખથી, હામી ભરું શું હવે. ૧૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## બ્રહ્મદેવની સ્તુતિ.

### દોહરો.

અહો દેવના દેવ પ્રભુ, અખિલ જગત આધાર;
તત્વ પ્રકટ કરીને તમે, રચ્યો સર્વ સંસાર. ૧

### ભુજંગી છંદ.

તમે સર્વ સંસાર વિસ્તાર કીધો,
તમે સર્વને સુખનો સાજ દીધો;
તમે વિશ્વ વિશ્રામના ઠામ જેવા,
દયાળુ તમોને નમું બ્રહ્મદેવા. ૧

તમે ભૂ અને આ સૃજયાં સર્વ પ્રાણી,
તમે વેદ વિદ્યા વિશેષે વખાણી;
તમે માણસોને દીધા મિષ્ટ મેવા,
દયાળુ તમોને નમું બ્રહ્મદેવા. ૨

ભજે જે તમોને તજે તે કુબુદ્ધિ,
ભજે જે તમોને સજે સર્વ શુદ્ધિ;
ન ભકતો થશે તે હશે લોક કેવા,
દયાળુ તમોને નમું બ્રહ્મદેવા. ૩

તમારા ગુણો શેષ માહેશ ગાવે,
તમારા પુરા પાડનો પાર નાવે;
તમે છો ત્રિલોકી તણા તાત તેવા,
દયાળુ તમોને નમું બ્રહ્મદેવા. ૪

તમે વિશ્વમાં નીર વૃષ્ટિ કરો છો,
તમે સર્વદા સર્વ સંભાળ લો છો;
તમે દેવ દાતાર ઉદાર એવા,
દયાળુ તમોને નમું બ્રહ્મદેવા. ૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભુંડા લોક જે આપનો પાઠ ભૂલે,
નકી દુઃખ દાવાનળે સદ્ય ફૂલે;
ન પામે પછી તે કશો લાભ લેવા,
દયાળુ તમોને નમું બ્રહ્મદેવા.　　૬
ભજે શેષ ને શારદા ચંદ્ર[૧] ઇંદ્ર,
ભજે આપને નિત્ય મોટા મહીંદ્ર;
સદાશીવ જેવા સજે નિત્ય સેવા,
દયાળુ તમોને નમું બ્રહ્મદેવા.　　૭
કૃપાળુ તમે દેવ કલ્યાણકારી,
અતિ આપદા દેખી લો છો ઉગારી;
હમેશાં તમારો દિસે એજ હેવા,
દયાળુ તમોને નમું બ્રહ્મદેવા.　　૮

### માલિની વૃત્ત.

સ્તુતિ અવિક ઉચારે, એ રીતે છંદ આઠે
પુનિત મનની પ્રીતે, જે પઢે નિત્ય પાઠે;
ધન તન સુખ શાતા, પૃથ્વીમાં પૂર્ણ પામે,
પ્રભુ પદ પરતાપે, વેદના સર્વ વામે.　　૯

---

## પ્રભુ સ્તુતિ કટાવ.

### અમૃતધ્વનિ છંદ.

જય જય જન અંતર જામી,
નિર્મળ ગુણમય બહુ નામી;
ખુદમાં ન મળે કશી ખામી,
છો સકળ જગતના સ્વામી.
પ્રભુ છો જગસ્વામી શુભગતિગામી,
ધીરજ ધામી, નહિ તુજ દામી;

---

૧ જેનાથી ચંદ્રવંશ ચાલ્યો તે.

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

તુજ પદ પામી જન નિષ્કામી,
થઇ સ્થિર ઠામી, વિપત્તિ વામી.
જય દિલ દરિયા અમૃત ભરિયા,
તેં ભય હરિયા નિર્ભય કરિયા;
તુજ અનુસરિયા, તે ભવ તરિયા,
અંતર ઠરિયા જશ ઉચ્ચરિયા.
નાથ નિરંજન ભવભય ભંજન,
ગર્વા ગંજન, જન મન રંજન;
મળ હર અંજન, સુખદ પ્રભંજન.
વાહક વ્યંજન, સ્વયંજન.
તુજ મત ધરશે, કૃત શુભ કરશે,
તે ભવ તરશે, ફરી નહિ મરશે;
નહિ અવતરશે સ્થિર થૈ ઠરશે,
દિલ નહિ ડરશે, સઉ સુખ ભરશે.
ધન્ય ધરમ ધર, અકળ કરમ કર,
સકળ સુખદતર, પ્રબળ પરમ પર;
અબળ સબળ નર, જળ થળ નભચર,
ઉર અભરણ ભર હરગિસ ભય હર.
કહું તુજ કરણી, વિધવિધ વરણી,
ધરી તેં ધરણી, ગિરિજળ ઝરણી;
અશ્વિનિ ભરણી, રોહિણિ હરણી,
શશાંક તરણી, સઉ તુજ શરણી.
મરુડ ગગન ઘન, સકળ સઘન વન,
ભગત જગત જન, તરુણ વરધ તન;
ધનપતિ ગૃહ ધન, મનુજ દનુજ મન,
કંકર કંચન, તુજ સંપાદન.
દેશ દિગંતર, તુજ કૃત તંતર,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જગમય જંતર, તુંજ ગિરંતર;
નહિ તદનંતર, ભળિ અભ્યંતર,
સદા સ્વતંતર, દલપત અંતરજામી.
જય જય જન અંતરજામી,
નિર્મળ ગુણમય બહુ નામી;
ખુદમાં ન મળે કશી ખામી,
છો સકળ જગતના સ્વામી.

---

## નવા વર્ષવિષે ઇશ્વરસ્તુતિ.

### દોહરા.

આ અરજી ઉરમાં ધરી, નવા વરસ મોઝાર;
સુખ સઘળાં સંસારીને, કરજે જગકર્ત્તાર. ૧
ખારે દરિયે ખલકથી, જજો ખેદ ને ખાર;
સંપ અમારા સ્નેહિમાં, કરજે જગકર્ત્તાર. ૨
સંકટ કોઇ પ્રકારનું, લાગે નહીં લગાર;
ઉત્તમ દિન આનંદના, કરજે જગકર્ત્તાર. ૩
વિદ્યાની વૃદ્ધિ થજે, હજો વિવેક વિચાર;
અતિ નિર્મળ મન મનુષ્યનાં, કરજે જગકર્ત્તાર. ૪
વળિ વધજો નર વિશ્વમાં, હિંમતવાન હજાર;
જશ મેળવનારા જનો, કરજે જગકર્ત્તાર. ૫
તનમન તાપ ટળી થજો, ઠંડક ઠારો ઠાર;
આબાદી આ દેશની, કરજે જગકર્ત્તાર. ૬
શ્રીમંતોનાં શુભ થજો, અંતઃકરણ ઉદાર;
વળી વૃદ્ધિ ધન ધાન્યની, કરજે જગકર્ત્તાર. ૭
દુખ દરિયે ડૂબ્યાં હશે, એનો થશે ઉદ્ધાર;
કોપ તજી કરુણા ઘણી, કરજે જગકર્ત્તાર. ૮

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રાણી સૌને પરસ્પર, પૂરણ વધજો પ્યાર;
દોસ્ત સરવનાં એક દિલ, કરજે જગકર્તાર. ૯
દુર્ગુણ દૂર થઇ જજો, સદ્‌ગુણના શણગાર;
સૌ જનને શોભિત સદા, કરજે જગકર્તાર. ૧૦
પ્રલય કરીને પાપનો, ભૂનો હરજે ભાર;
સૃષ્ટિમાં વૃષ્ટિ ભલી, કરજે જગકર્તાર. ૧૧
દિલમાં દલપતરામને, વધે ઉમંગ અપાર;
એવું શુભ આ વર્ષ તું, કરજે જગકર્તાર. ૧૨

---

## બહુરૂપી ઇશ્વરની સ્તુતિ.

### દોહરો.

બ્રાહ્મણ ક્ષત્રી વૈશ્યનું, કરે શૂદ્રનું કામ;
બહુરૂપી બહુ નામિને, પ્રેમે કરું પ્રણામ. ૧

### મનહર છંદ.

સમશ્યામાં સૌને ઉપદેશ જે હમેશ દે છે,
ધર્મને અધમ તણો મર્મ જેથી ધરું છું;
ઉજ્જવળ આકાશગંગા જેવી છે જનોઈ જેની,
એનાજ આશીરવાદ થકી હું ઉગરું છું;
પુસ્તક અનેક તણાં પડ[1] ફેરવતો રહે,
અક્ષર એમાંથી વાંચી વાંચી હું ઉચરું છું;
હજારો છે જેને ઘેર કુંડ [2]અગ્નિહોત્ર તણા,
એવા એક બ્રાહ્મણનું ભજન હુ કરું છું. ૨
વેદ વિદ્યા આદિમાં વિચક્ષણ સુલક્ષણ છે,

---

૧. પડ-અનેક ગોળાનાં પડ ફેરવતો રહે છે તે.
૨. અગ્નિકુંડ-અનેક સૂર્ય છે તે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રક્ષણ કરે છે સદાચારનું સુરીતથી;
કરે ખટકર્મ મનમાં જાણે છે બધા મર્મ,
પાળે છે પોતાનો ધર્મ પરિપૂર્ણ પ્રીતથી;
કરે છે ત્રિકાળ સંધ્યા તર્પણ કરે છે તથા,
અર્પણ કરે છે ભૂત બલિ ચાહિ ચિત્તથી;
કહે દલપતરામ એવા વિપ્રને પ્રણામ,
કર જોડી કરું વળી ગાઉં ગુણ ગીતથી.　　૩

### ક્ષત્રિય રૂપ.

જેના તાબામાં અનેક જીલ્લાઓ જણાય જોતાં,
તે જીલ્લામાં [1]રાજધાની [2]નગરો ને [3]ગામ છે;
પવન વરુણ મેઘ પાવક જેવા પ્રતાપી,
સારા સરદારો જેના તાબામાં તમામ છે;
ફરે જેનો હુકમ તે કોઇ ફેરવી ન શકે,
ઠરેલાં જણાયે તેનાં થાણાં ઠામોઠામ છે;
કરજોડી કરગરી કહે દલપતરામ,
પરાક્રમી એવા રાજાને મારા પ્રણામ છે.　　૪

### વાણિયા રૂપ.

શિયાળે ઉનાળે માલ[4] સંઘરે વકરો કરી,
ચોમાસે વિશેષ વસ્તુનું વેચાણ કરે છે;
માગતો નથી તે મૂલ આપે છે ઉધારે માલ,
વેપાર અપાર કરી વિશેષ વાવરે છે;
દેશોદેશમાં છે દોશી ગાંધીની દુકાનો જેની,
વિવિધ વસાણાની વખારો ઘણી ભરે છે;

---

૧. રાજધાની સૂર્ય. ૨. નગરો-ગ્રહો. ૩. ગામ ઉપગ્રહો.
૪. પૃથ્વી ઉપરથી જળ ખેંચીને એકઠું કરે છે તે.

P. P. Ac. Gunrathasuri M.S.　Jin Gun Aaradhak Trust

પ્રેમથી કરી પ્રણામ દ્વિજ દલપતરામ,
એવા એક વાણિયાનું દિલે ધ્યાન ધરે છે. ૫

### કણબી રૂપ.

સર્વથી પ્રથમ જેણે સૃષ્ટિમાં અનાજ વાવ્યાં,
જેના ખેતરનું અન્ન જુક્તિથી હું જમું છું;
ઉપજાવે શેલડી ને સ્વાદીષ્ટ સાકર ખાંડ,
ભોજન કરીને હું સદૈવ સુખે ભમું છું;
કરે છે કપાસ પેદા કાપડ બને છે જેનાં,
સારો સજી શણગાર રંગભર રમું છું;
કરે છે ખેતીનું કામ કહે દલપતરામ,
એવા એક કણબીને નિત્ય નિત્ય નમું છું. ૬

### માળી રૂપ.

સૃષ્ટિ રૂપી બાગને બનાવ્યો જેણે બહુ સારો,
વિધવિધ વૃક્ષ વેલ વાવી હદ વાળી છે;
કેવા કેવા મેવા ઉપજાવ્યા છે અમૃત જેવા,
રંગ રંગ ફૂલ તણી રચના રૂપાળી છે;
પાણીના પ્રવાહ તો ચલાવ્યા છે અથાહ વાહ,
આળસ તજીને સદા વાડીને સંભાળી છે;
કહે દલપતરામ કીધું છે સરસ કામ,
એ તો મારો ઈષ્ટદેવ એક વનમાળી છે. ૭

### કુંભાર.

કહો રે કુંભાર લોકો તમે તે શા કસબી છો,
કસબી અમારા દેશમાં રુડો કુંભાર છે;
નાનાં મોટાં રાંધવાના કામનાં તે ઠામ ઘડે,
ચડે એક કણથી અનંત ને સુમાર છે;
ચુલે મૂકવું ન પડે ફૂંકે ફુંકવું ન પડે,
તાપ ને ધમણ તો તે ઠામમાં તૈયાર છે;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એ થકી અનેક કામ સરે દલપતરામ,
એવા એના ઠામમાં કોટી ચમતકાર છે. ૮

દોહરો.

ઘાટ ઘડી માટી તણા, કરે સજીવન સાર;
એ તો ઇશ્વર આપણો, કહું ભલો કુંભાર. ૯

હજામ રૂપ.

મનહર છંદ.

મશાલ ધરીને સર્વ આગળ ઉજેસ કરે,
તદબીર કરીને અંધારું ઘોર ટાળે છે;
કોણ જાણે કેવી રીતે તેમાં તે પુરે છે તેલ,
બુઝાઇ ન જાય તેમ મશાલ તે બાળે છે;
કોઇ સમે અનુભવ આરશી દેખાડે વળી,
કોઇ સમે નવરાવા નીરને ઉકાળે છે;
કહે દલપતરામ એવો એક છે હજામ,
તે સદૈવ સૌને ઘણા સ્નેહથી સંભાળે છે. ૧૦

બાજીગર રૂપ.

અદર્શ રહીને કરે એકલો અપૂર્વ ખેલ,
જોનારા જનોની જુઓ નજર ચુકાવે છે;
ધૂળમાંથી ધાતુ કરે પાણીમાંથી પ્રાણી કરે,
દેખાડી દેખાડી આપ કળાથી ઉડાવે છે;
વિવિધ પ્રકાર વસ્તુ નવી નવી ઉપજાવે,
કોણ જાણે કયાં સંતાડે છે ને કયાંથી લાવે છે;
એવા બડા બાજીગર પદે દલપતરામ,
નમ્રતાથી નિત્ય નિત્ય મસ્તક નમાવે છે. ૧૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ધર્મ સિદ્ધાંત વિષે.

### દોહરા.

મુજ કવિતા મનમાં ધરી, વાંચે વર્ણ અઢાર;
તે માટે સૌ આગળે, એવા વદું વિચાર. ૧
પક્ષપાત જેને નહિ, તે સુણી રાજી થાય;
દુરાગ્રહીને નહિ ગમે, તેનો નથી ઉપાય. ૨
ધર્મ વિના ધરણી વિષે, રહે ન નીતિ લેશ;
જુલમ વધે જગમાં ઘણો, વધે કોટિધા કલેશ. ૩
જો ઇશ્વરનો ડર મટે, થાય સત્યનો નાશ;
કોઇ ન રાખે કોઇનો, વિશ્વ વિષે વિશ્વાસ. ૪
જેવી જરૂર રાજની, તેવી ધર્મ તણીજ;
રાજ વિના ને ધર્મ વિણ, ઘાતો થાય ઘણીજ. ૫
આખી પૃથ્વીમાં કદી, થાય ન રાજા એક;
તેમજ એકજ ધર્મ પણ, કદી ન ચાલે છેક. ૬
જુદા પંથ જગત વિષે, ઇશ્વર ઇચ્છાથીજ
ઇશ્વરની ઇચ્છા વિના, રહી શકે ન નકીજ. ૭
મમત નથી મન માહરે, નથી મેળવવું માન;
પગાર પણ ખાવો નથી, ધર્મ તણું દે દાન. ૮
માટે મારા મન તણો, કહું સત્ય સિદ્ધાંત,
મનાય તો તે માનજો, મનનો તજી મતાંત. ૯
ચોરી જારી જૂઠ વળી, પરને દેવું દુઃખ;
એનું નામ અધર્મ છે, સમજી પામો સુખ. ૧૦
અસત્ય ભાષણ અદયતા, ચોરી વ્યસન વ્યભિચાર;
પ્રબળ પાપ એ પાંચ છે, સો સમજે સંસાર. ૧૧
પરોપકાર સુધર્મ છે, સુધર્મ બીજું સત્ય;
જગમાં એવા ધર્મની, અતિશે દિશે અગત્ય. ૧૨
તે આશા કે ત્રાસથી, પ્રીતે ધર્મ પળાય;
પરમેશ્વર પર પ્રેમથી, સુધર્મ પંથ ચલાય. ૧૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ધર્મ નિયમ પાળ્યા વિના, પ્રભુ ભજવા તે વ્યર્થ;
ઓસડ સેવ્યે શું થશે, પળાય નહિ જો પથ્ય. ૧૪
સાર એટલો સમજવો, જગમાં એકજ ધર્મ;
વિશેષ વદતાં એ થકી, પડયાં જુદાં ખટકર્મ. ૧૫
ધમ ઇશ્વરી એક છે, જન કૃત જુદા હોય;
આંખે કોઇ ન સાંભળે, કાને ન જુએ કોય. ૧૬
વેષ ફેરવીને નવા, કર્યા પંથના ગ્રંથ;
પણ કાને ખાવાતણો, કોઇએ ન કર્યો પંથ. ૧૭
દેવાતણુ દેવોતણું, પીરોની પીરાઇ;
માનનારને મન ગમી, તેવી તેણે ગાઇ. ૧૮
સોનાના સૂરજ ઉગે, મોતી ચોક પુરાય;
ભીતર જેવી ભાવના, ગીતો તેવાં ગાય. ૧૯
જગમાં પંથ અનેક છે, લોકો એમ કહેજ;
હું તો દેખું દ્રષ્ટિએ, આસ્તિક નાસ્તિક એજ. ૨૦
જે મધ્યે નીતિ દયા, ધમ ભલો સૌ કોય;
ચાંદીના સિક્કા બને, છાપ ગમે તે હોય. ૨૧

ઇંદ્રવિજય છંદ.

ધર્મ ધુરંધર જે ધરણી પર,
પાપ પથે પગલું નથી દેતા;
પારકી નારી અને ધન પારકું,
તે લલચાઇ કદી નથી લેતા;
કેક દિઠા કળિ કાળ વિષે પણ,
કોણ ગણે કૃત દ્વાપર ત્રેતા;
સત્ય સદૈવ ધરી દલપત્ત,
પ્રભુ ભજી પ્રૌઢ બન્યા બ્રહ્મવેત્તા ૨૨

દોહરા.

જન આસ્તિક છે જેટલા, સ્વધર્મિ મારા સર્વ;
કેમ કહું પરધર્મના, જ્ઞાનતણો ધરી ગર્વ. ૨૩

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

નવ નિંદુ પરધર્મને, નિંદું દુર્ગુણ દોષ;
સુખ માગે પરલોકનું, સુણી પામુ સંતોષ. ૨૪
વેદાંતી ને જૈન પણ, ઇચ્છે પદ નિર્વાણ;
માટે તે નાસ્તિક નથી, આસ્તિક એ છે જાણ. ૨૫
બ્રહ્મોસમાજ ને વળી, ઉત્તમ આર્ય સમાજ;
પાવન સમાજ પ્રાર્થના, સૌ ભક્તિને કાજ. ૨૬
ભલે ભજે ભગવાનને, જે જેની રુચિ જેમ;
ગુણ ઇશ્વરના ગાય સૌ, કહિયે જુદા કેમ. ૨૭
આખા જગમાં એક મત, કદી નથી થાનાર;
સંપ વિનાશક સર્વથા, ધર્મતણી તકરાર. ૨૮
મૂર્તિ પૂજે નહિ પૂજે, ઉભય ધર્મ અંગ્રેજ;
વાદ વદીને નવ લડે* અચરજ નિરખો એજ. ૨૯
દેખી તેનો દાખલો, શિખો સ્વદેશી લોક;
સંપ વધે તેવું સજો, તજો ફજેતી ફોક. ૩૦
જે જે આચાર્યો થયા, એણે ધાર્યું ઊર;
આખા જગમાં પ્રસરશે, મારો પંથ જરૂર. ૩૧
યુરોપમાં નહિ થઇ શક્યો, ધર્મતણો મતએક;
માટે એકજ મત થવા, છાંડો મમતા છેક. ૩૨
પૂછે તેને પીછવો, આપતણો અભિપ્રાય;
પણ કડવાં કથનો કહી, ન કરો કલેશ ઉપાય. ૩૩
થઇ છે ધર્મના દ્વેષથી, ઘણા જનોની ઘાત;
તે માટે ટુંકી કરો, એ તકરારી વાત. ૩૪

* મુંબઇ સુરત અમદાવાદ વગેરેમાં મૂર્ત્તિ માનનારા અંગ્રેજો અને નહિ માનનારા અંગ્રેજો એ બંને પંથનાં દેવળો છે. પણ તેઓ એકબીજાને જુદા પાડવા સારૂ માંહોમાંહે તકરાર ઉઠાવીને લડે અને આપણા લોકો તમાસો જુએ, એવો દહાડો આવનાર નથી, માટે આપણે પણ દેશમાં સંપ થવા વાસ્તે એવું શીખવું જોઇએ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માણસની મુઠી વિષે, વસ્તુ નહિ વરતાય;
તો જગદીશ્વરની કળા, અકળિત કેમ કળાય. ૩૫
મન કલ્પિત કરી કલ્પના, લડી મરે છે લોક;
ઠાલું વેર વધારીને, ફજેતી પામે ફોક. ૩૬
હું તો હરખું જોઇને, સ્વદેશિયોમાં સંપ;
કુસંપનાં કથનો સુણી, અંગે ઉપજે કંપ. ૩૭
ચોરી, જારી, જૂઠ કે, વ્યસન ગણે જે ધર્મ;
ખચીત તે પાખંડ મત, મનમાં સમજો મર્મ. ૩૮
અમર ન માને આતમા, સુનીતિ ચાહે ચિત્ત;
તે પણ છે પાખંડ મત, વણ પાયાની ભીંત. ૩૯
દુર્ગુણની નિંદા કરો, દેશથી કરવા દૂર;
નામ લઈ જન કોઇનું, નિંદા નહિ જરૂર. ૪૦
એકજ નદી તળાવ નહિ, દુકાન પણ નહિ એક;
ધરણી ઉપર ધર્મના, એમજ પંથ અનેક. ૪૧
જે ગુરુના ઉપદેશથી, મન ઇંદ્રિય વશ થાય;
શુદ્ધ પંથ સર્વોપરિ, ગણતાં એજ ગણાય. ૪૨
સો વસ્તુની સ્વચ્છતા, રાખે રુડે પ્રકાર;
ઉપજે તન આરોગ્યતા, એ કહિયે આચાર. ૪૩
મુસલમાન ને પારસી, હિંદુ ખ્રિસ્તી હરેક;
જુદા જુદા મત તજી, કેમ થાય મત એક. ૪૪
સૌના મત સાચા કહો, એક સર્વનો દેવ;*
એમ ગણે સૌ તો ટળે, તે ટંટા તતખેવ. ૪૫
સરસ જડે નહિ શોધતાં, એથી અન્ય ઉપાય;
જેથી કુસંપ જાય ને, સલાહ સંપ સજાય. ૪૬
મને ગમ્યું તે મેં કહ્યું સુજને સૂજયું જેમ;

---

* सर्वदेव नमस्कारः केशवं प्रति गच्छति ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તો પણ જે તમને ગમે, કરો સજ્જનો તેમ. ૪૭
નથી દુરાગ્રહ મુજ દિલે, નથી રાગ કે દ્વેષ;
મુજ મત ખંડનથી મને, દુઃખ નથી લવલેશ. ૪૮
હરેક પંથ વિષે હતા, વડા વડા વિદ્વાન;
કેનામાં કહિયે કહો, હતું ન પૂરું જ્ઞાન. ૪૯
ગ્રંથો તેના વાંચતાં, અચરજ ઉપજે આજ;
આપણથી નવ બની શકે, કીધાં એવાં કાજ. ૫૦
વેદ પુરાણ કુરાન ને, જુઓ જૈનનાં સૂત્ર;
કરી શકે આ કાળમાં, કોણ માઇનો પુત્ર. ૫૧
શાસ્ત્ર વિવિધ વાંચ્યા વિના, જ્ઞાન ન પામે કોય;
જે જન બહેરો જન્મથી, તે મુંગો પણ હોય. ૫૨

### ઇંદ્રવિજય છંદ.

વેદ પુરાન કુરાન કુડાં ન,
કુડાં ન રુડાં પદ ગદ્ય અપારાં;
લાયક લોકને વાંચન લાયક,
બુદ્ધિ પ્રદાયક વાયક સારાં;
તે સમજે સમજુ જન જે,
સમજૂજ વિના સમજે ન બિચારાં;
વાદ વિવાદ અનેક દિસે પણ,
એકજ ધર્મ તણાં કહેનારાં. ૫૩

### દોહરો.

માટે એકે પંથને, વ્યર્થ કેમ કહેવાય;
જુઠો કહેતાં કોઇને, મુજ મતિ તો મુઝાય. ૫૪

### ઇંદ્રવિજય છંદ.

તીર્થ સમીપ જડે જન કોણ,
ચડે ગિરનાર સિધાચળ આબુ;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aradhak Trust

ભક્તિની જુક્તિ જડે ભલી કોણ,
ભભૂત ધરે ભિખવા ઘર બાણુ;
પામી સુજ્ઞાન પઢો ન પઢો,
પછિ વેદ પુરાણુ કુરાન કિતાબુ;
ઉજ્જવળ અંચળ જો જળથી થયું,
શું કરવા ઘશિયે પછી સાબુ. ૫૫

### મનહર છંદ.

માનું જયારે વેદ મત જૈની જાણે મિથ્યાત્વિ છે,
જૈની બન્યે બીજા જાણે નાસ્તિકનો ભાઈ છે;
પઢું જો પુરાણ તો કુરાની કહે કાફર છે,
કુરાની બનું તો હિંદુ કહે કે મ્લેચ્છાઇ છે;
દ્વૈત માનું તો અદ્વૈતવાદી કહે અજ્ઞાની છે,
અદ્વૈત માનું તો દ્વૈત તણી અદેખાઇ છે;
સર્વને રિઝાવી કેમ શકું દલપત કહે,
સર્વજન સાથે મારે મન તો મિત્રાઈ છે. ૫૬

### દોહરો.

ચાલે બળદ ઇશારતે, હાંકનારની જેમ;
સૃષ્ટિના નિયમો થકી, સ્વધર્મ સમજો તેમ. ૩૭

### મનહર છંદ.

બળદની બા બોલી કે બળદ તું બચ્ચા સુણ,
બાવિંદ ખેડુની બેશ નોકરી બજાવજે;
રાશનો તપાસ રાખી ચાલજે તે ભણી ચાલ,
પરણે પ્રહાર પડે તે ગતિ તજાવજે;
વાંકા ચુંકા ચાલ્યા વિના વહી છુટવી છે વેઠ,
ઠેઠ સુધી એવો ઠીક ઠરાવ ઠરાવજે;
ભણ્યો નથી તેની ભાષા સાનમાં સમજી લેજે,
કહે દલપત અંતે ઘેર ચાલ્યો આવજે. ૫૮

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ખેતરને કાંટાવાળી વાડ દેખી જાણવું જે,
પેસવાની ખેતરમાં તે ધણી ના પાડે છે;
વાડ વિના કુએ કે અવાડો ભર્યો ભાળિયે તો,
જાણવું જે પાણી પીવા રસ્તો તે દેખાડે છે;
સુખ દુઃખતણો તેમ સંભવ જણાય જેથી,
ઇશ્વરી વિધિનિષેધ લક્ષમાં લગાડે છે;
કહે દલપતરામ ધર્મને અધર્મ પણ,
સમજી સુજાણ જન સંશય મટાડે છે. ૫૯
દેવે નિજ બાગ દેખી રાખે દલપતરામ,
ઉત્તમ તરુને તો દયા કરી ઉતારથી;
બોલવાની ચાલવાની ઝાલવાની કળા આપી,
સ્થિતિ સારી ધારી શકે બુદ્ધિના આધારથી;
તોડી લેશે ફળ ફૂલ કાપી લેશે કાષ્ટ એમ,
ઝાડે તો વિચાર્યું ચિત્ત ઉલટા વિચારથી;
પોષણ ન લેવું પંડ શોષણ થવાજ દેવું,
પાય પણ પુરું પાણી પીવું નહિ પ્યારથી. ૬૦

દોહરો.

તેમ સૃષ્ટિના નિયમથી, જે ચાલે વિપરીત;
ઇશ્વરની ઇચ્છા થકી, વિરુદ્ધ એજ ખચીત. ૬૧

મનહર છંદ.

મતભેદ પડવાથી વેદની શાખાઓ પડી,
ખટ દરશન ચાલ જુજવા ચલાવિયા;
બ્રાહ્મણોમાં એવી રીતે બહુધા કુસંપ થયો,
ફાટફૂટ દેખી બૌધ મતવાળા ફાવિયા;
એવામાં શંકર સ્વામી પૃથ્વીમાં પ્રગટ થયા,
સર્વ બ્રાહ્મણોના મતોને સાચા ઠરાવિયા;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિપ્રોમાં સજાવી સંપ સંન્યાસીઓ સાથે લઇ,
હિમ્મતથી પછી બૌદ્ધ મતીને હઠાવિયા. ૬૨

દોહરા.

સ્થાપક[1] ખટ દર્શનતણા, આચાર્યજ ધરી નામ;
વિચરી આખા દેશમાં, કીધું મોટું કામ. ૬૩
ખંડન દ્વિજમત કોઇનું, જો કરવાને ચહાત;
જાત ઉપર તકરારમાં, ધાર્યું કામ ન થાત. ૬૪
ઉપનિષદો વિષે લખ્યો, અહંબ્રહ્મનો ઠાઠ;
પંચ દેવનાં પણ વળી, રચ્યાં સ્તોત્ર ને પાઠ. ૬૫

ઉપજાતિ વૃત્ત.

ધાત્વાદિ દ્રવ્યો રજબુદ્ધ દેખે,
અનેક આત્મા ચિદબ્રહ્મ લેખે;
દષ્ટી વિકારે જુજવા જણાશે,
અજ્ઞાનીને ભેદ અનેક ભાસે. ૬૬

દોહરા.

કર્મકાંડ નિંદ્યા નહીં, ઉપાસના પણ એમ;
ચતુરે દીધાં ચાલવા, જેને ફાવે જેમ. ૬૭
કરતાં કર્મ ઉપાસના, પછી પામશો જ્ઞાન;
એમ કહી સમજાવિયા, ધન્ય સુબુદ્ધિ નિધાન. ૬૮
આ અવસર પણ એ રીતે, સંપ સજો સૌ ઠાર;
વિદ્યાની વૃદ્ધિ કરો, તજી બીજી તકરાર. ૬૯
વિદ્યાની વૃદ્ધિ થયે, વધશે સત્ય વિચાર;
આપ આપની અકલથી, શોધી લેશે સાર. ૭૦
આપે જુદું આપનું, કોઇ ન આડે ચિત્ત;
સૌ ઇચ્છે સ્વર્ગે જવા, નહિ કો નરક નિમિત્ત. ૭૧

---

૧. ષડ્દર્શન સ્થાપનાચાર્ય, મતલબ કે એકે દર્શનનું ખંડન કરનાર નહિ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### મનહર છંદ.

વિપત્તિ[1] વિનાશ થવા, શાણી સરકાર જુઓ,
સર્વ પ્રજાને કહે છે દેવળમાં સંચરો;
પોત પોતાના પ્રભુની પ્રેમે કરો પ્રાર્થના,
હાથ જોડી માગો કે આ વિપત્તિ હવે હરો;
જો તે સરકાર પરધર્મને જુઠા ગણત,
તો શા માટે કહેત જે એવી રીતે આચરો;
તેમજ સ્વદેશનું સદૈવ શુભ ઇચ્છનારા,
ધર્મદ્વેષ દિલમાં કદાપિ કાળે ના ધરો. ૭૨

### દોહરા.

દુર્ગુણની નિંદા કરો, દુર્ગુણથી પ્રભુ દૂર;
ઉપાય સંપ સજ્યાતણો, જાણો એજ જરૂર. ૭૩
અંગ્રેજો બે પંથના, લડીને[2] મુઆ અપાર;
રાજ્ય જવા બેઠું પછી, સંપ સજ્યો તે વાર. ૭૪
એ રીતે ગુજ દેશિયો, સંપ સજો સૌ ઠાર;
જુદા જુદા ધર્મની, તજો તમે તકરાર. ૭૫
અસલ થકી અદ્યાપિનો, જુઓ જગત ઇતિહાસ;
ધર્મ તણી તકરારથી, થયા વિશેષ વિનાશ.[3] ૭૬
દેશ તણી પડતી દશા, જ્યારે હોય થનાર;
ઉપજે માંહો માંહિ ત્યાં, ધર્મ તણી તકરાર. ૭૭

---

૧. ૧૮૫૭ ના બળવાની વખતે તથા શાહજાદાને રોગ થયો હતો ત્યારે સરકારે જાહેરનામું કર્યું હતું કે દરેક ધર્મના લોકોએ પોતપોતાના દેવની પ્રાર્થના કરવી.

૨. સોળમા સૈકામાં પાંચમા ચાલર્સ પાદશાહના વખતમાં બે પંથો લડતા હતા તેથી તુર્કસ્તાનના મુસલમાનો ફાવતા હતા.

૩. તુર્કસ્તાન ને રૂશિયા વચ્ચે મોટી લડાઇ હતી, અને લાખો માણસ કપાઇ ગયાં તેનું મૂળ પણ જુદી જુદી ધર્મનીજ તકરાર છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બુદ્ધિશાળી જન હોય બહુ, સ્વદેશનું શુભ ચહાય;
એવાને પણ અંતરે, અવળા સુઝે ઉપાય. ૭૮
કેમ મૂકિયે શિર કોઇને, દોષ તણો આરોપ;
દિલ જાણો તે દેશ પર, દિસે દૈવનો કોપ. ૭૯
દેશ તણી ચઢતી દશા, થવાની જ્યારે હોય;
સંપ તુટયાનાં સર્વથા, કહે ન કથને કોય. ૮૦
નિંદા કોઇ ધર્મની, સંપ વિનાશક વેણ;
તે સુણતાં મુજ અંતરે, અતિ લાગે દુઃખદેણ. ૮૧
જે મત પોતાને ગમે, તેનાં કરો વખાણ;
પણ નિંદા પરધર્મની, તજો એદની ખાણ. ૮૨
ઓ ઇશ્વર મુજ દેશ પર, કરુણા કરો અપાર;
સંપ વિનાશક નાશકર, ધર્મ તણી તકરાર. ૮૩
જોરાવરના ધર્મની, કરે ન નિંદા કોય;
નિંદે ધર્મ ગરીબનો, પક્ષપાત તે હોય. ૮૪

## મનહર છંદ.

જુદા જુદા ધર્મની જુવતી વાંદ વદી કહે,
અમારાજ દેવમાં દેવાતણ જણાય છે;
માનતા કર્યાથી મનધાર્યું કામ સિદ્ધ થાય,
નિંદા કરે તો તે પ્રાણી પંડમાં પીડાય છે;
પુછયું પછી કવિને તો કવિએ કહ્યું કે આજ,
પારસી ને મહમદી ધર્મ બે પંકાય છે;
તેઓની નિંદા લખે તેને પુરું પસ્તાવું પડે,
દેવાતણ તેઓનાજ દેવમાં દેખાય છે. ૮૫

## દોહરા.

ન્યાય સભામાં પંચજન, ઉચરે ભિન્ન વિચાર;
દ્વેષ ન રાખે પરસ્પર, કરે નહિ ધિક્કાર. ૮૬

P. P. Ac. Gunratnasuri M.S.    Jin Gun Aaradhak Trust

અકળિત ઇશ્વર મત વિષે, મત જુદાં સુણી એમ;
સત્ય ગમે તે માનિયે, કુવચન કહિયે કેમ. ૮૭
અધિકારી સરકારના, તે કહિયે સરકાર;
રામ કૃષ્ણ મહમદ ઇસુ, એમ દેવ અવતાર. ૮૮
તેની પ્રતિમા કે કબર, માને પૂજ્ય પ્રકાર;
કોઇ પાવક કે પાણીને, પૂજે છે ધરી પ્યાર. ૮૯
કેમ તજે નિજ ધર્મ તે, કેમ એક મત થાય;
સૌ મતને સાચા કહો, એજ સંપ ઉપાય. ૯૦

---

## સ્વર્ગે કે નરકે કોણ જવાના.

### દોહરો.

ફાંફાં મારે માનવી, જવા પ્રભુની પાસ;
કોઈ કરે ઉપવાસ ને, કોઇ કરે વનવાસ. ૧

### કંદવિજય છંદ.

કોઇક તો વનવાસ કરે,
ઉપવાસ કરે પ્રભુ પાસ સિધાવા;
કોઇક સુમતી મૂખ ધરે,
બહુ સુક્ષમ જંતુ જરૂર બચાવા;
કોઇક માંસ અને મદિરા,
બલિદાન કરે નિજ દેવિ રિઝાવા;
કોણ હશે સ્વરગે દલપત્ત ને
કોણ હશે નરકે જન જવા. ૨
કોઇક સ્નાન ત્રિકાળ કરે,
જઇ પાવન તીરથ પાવન થાવા;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કોઇ મનુષ્ય મલીન[1] રહે,
પ્રતિવાસર પાપથી આપ મુકાવા;
એક બીજાથી વિરુદ્ધ કરે,
વરતા દિલ સ્વર્ગ જવા સહુ દાવા;
કોણુ જશે સ્વરગે દલપત્ત ને
કોણુ હશે નરકે જન જાવા. ૩
કોઇક વેદ તણા ભણી ભેદ,
ઉમેદ ધરે ઉર સ્વર્ગ તકાવા;
કોઇક રામનું નામ રટે નિત્ય,
આપ તણું બધું પાપ પતાવા;
કોઇક શંકર શંકર નામ,
સદૈવ જપે અઘઓઘ શમાવા;
કોણ જશે સ્વરગે દલપત્ત ને
કોણ હશે નરકે જન જાવા. ૪
કોઈક જાય પ્રભાત સમે ઉઠી,
પીર તણે શિર પુષ્પ ચડાવા;
કોઇ પ્રભાત સમે ઉઠી જાય,
પડીકમણું કરી કર્મ ખપાવા;
કોઇક જાય પ્રભાત સમે ઉઠી,
નોળિક્રિયા[2] કરી નિર્મળ થાવા;
કોણુ જશે સ્વરગે દલપત્ત ને
કોણુ હશે નરકે જન જાવા. ૫
કોઇ કરે બકરી ઇદ ને વળી,
કોઇ શિખે સોમયાગ કરાવા;
કોઇક તો વ્યભિચાર[3] કરે,

૧. ઢુંઢિયા. ૨ નોળીક્રિયા—નાકે પાણી પાએ અને પુંઠ કાઢે, ઈત્યાદ.
૩ વામમાર્ગી.

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

શિવ શક્તિતણું મન સદ્ય મનાવા;
કોઇક ભાંગ પિયે ભલિ ભાતથી,
ભોગિ નહીં પણ જોગિ જણાવા;
કોણ જશે સ્વરગે દલપત્ત ને,
કોણ હશે નરકે જન જાવા. ૬
કોઇક શીશ જટા નખ વર્ધન,
કોઇ ખુશી મન મુંડ મુંડાવા;
કોઇક મુખ મુનિવ્રત ધારી,
બહુ રખડે પુરમાં બની બાવા;
કોઈકને વળિ કંઠ ઉંચેથી,
ગમે બહુ ગોવિંદના ગુણ ગાવા;
કોણ જશે સ્વરગે દલપત્ત ને,
કોણ હશે નરકે જન જાવા. ૭
કોઇક સૂરજનેજ સદૈવ,
જપે દિલ જ્યોત ઉદ્યોત જણાવા;
કોઇક ભૈરવનેજ ભજે,
દિલ શુદ્ધપણે મહા દુઃખ મટાવા;
કોઇક એકજ ટેકજ ધારિ,
અનેક ઉપાય કરે વળિ આવા;
કોણ જશે સ્વરગે દલપત્ત ને,
કોણ હશે નરકે જન જાવા. ૮
કોઇક એકજ બ્રહ્મ ભજે,
જીવ રૂપ મટી શિવરૂપ શમાવા;
કોઇ કહે ભલી ભક્તિ ભર્યા થકી,
ખૂબ મળેજ પિવા અને ખાવા;
કોઇ કહે કશુએ પછિથી નથી,
ભોગવ ભોગ ભલા મન ભાવ્યા;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કોણ જશે સ્વરગે દલપત્ત ને
કોણ હશે નરકે જન જાવા. ૯

### દોહરો.

જે ચોરી જારી તજી, તજે જૂઠ જન જેહ;
જરૂર ભજે જગદીશને, ઉત્તમ સુખ લે એહ. ૧૦

### મનહર છંદ.

દિલમાં દયા ધરીને જેણે પરદુઃખ છેદ્યાં,
પાપથી જે ડર્યો પોતે વખત તમામમાં;
સર્વ સાથ સ્નેહ રાખી સાચવ્યું સદાચરણ,
મુઆ પછી જેના ગુણ વખણાય ગામમાં;
પ્રભુ પર પ્રીતિ રાખી કોઇને ન કષ્ટ કર્યું,
કાઢી જેણે ઉમર પરોપકારી કામમાં;
સત્યવાદી ગ્રાહિત જનોનાં મન સાક્ષી પુરે,
તો જરૂર જાણવું તે ગયો પ્રભુ ધામમાં. ૧૧

### દોહરો.

મુઆ પછી ફટ ફટ કરે, સૌ જેને સંસાર;
પુરો પુરાવો એજ છે, ગયો નરક મોઝાર. ૧૨

---

## ચતુર્થા મુક્તિ વિષે.

### દોહરા.

પ્રેમ ધરીને પ્રભુ ભજે, વળિ પાળે સદ્ધર્મ;
કેમ જાય જન નરકમાં, કરતાં તે સત્કર્મ. ૧૩
અસંખ્ય લોકો થઈ ગયા, મત જુઠા ધરનાર;
નથી ગયા સૌ નરકમાં, કરતાં પરોપકાર. ૧૪
કેમ વાંક જનનો કહું, ઇશ્વર અદર્શમાન;

P. P. Ac. Gunratnasuri M.S.          Jin Gun Aaradhak Trust

જેની બુદ્ધિ જેટલી, એમ કરે અનુમાન. ૧૫
જુઓ લખ્યા છે મુક્તિના, શાસ્ત્રે ચાર પ્રકાર;
જેવી ઇચ્છા જેહની, પ્રભુ તેવી દેનાર. ૧૬
તે માટે તકરાર તજી, ધર્મ ધરો ભલી વિધ;
પ્રભુને ભજતાં પ્રેમથી, થશે મનોરથ સિદ્ધ. ૧૭
મનાય છે વિશ્વાસથી, સ્વર્ગ અને વળી નર્ક;
એમાં સંશય ઉપજે, કહિયે તેજ કુતર્ક. ૧૮

**મનહર છંદ.**

નિરાકાર ધારી તેજમાં જે લીન થવા ઇચ્છે;
તેને પ્રભુ લીન કરશે પોતાના નૂરમાં;*
ગુરુ જેવો જાણી સેવા ઇચ્છશે સમીપ રહી,
તેને તો હમેશાં તેમ રાખશે હજૂરમાં+;
રાજા જેવો જાણી તેની રૈયત થવાને ઇચ્છે,
તેને પ્રભુ રાખશે અખંડ નિજ પૂરમાં §
જેવું રૂપ પ્રભુનું ધારીને તેની ભક્તિ કરે,
પ્રભુ તેનું રૂપ+ આપે ઇચ્છે જેવું ઉરમાં. ૧૯

પળિયેલ પતિને બે પતનીઓ હતી તેમાં,
એક વય વૃદ્ધમાં ને બીજી વય બાળમાં;
વૃદ્ધ વયવાળી તો વૃદ્ધાઇ પતિની વખાણે,
ચુંટી કાઢે કાળા વાળ જોઇ ધોળા વાળમાં;
જુવતીએ જોઈ જોઇ ધોળા વાળ ચુંટી કાઢયા,
કર્યું માથું પતિનું જેવી જગા કપાળમાં;
એજ રીતે એક બીજા તણો ધર્મ ઉચ્છેદતાં,
ઉપજે કુતર્ક થાય નાસ્તિક તે કાળમાં. ૨૦

* સાયુજ્ય મુક્તિ. + સામિપ્ય મુક્તિ.
§ સાલોક્ય મુક્તિ. + સારૂપ્ય મુક્તિ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કવિત.

જેનાં મૂળ જમીનમાં ઉંડાં નહીં એવા છોડ,
ઉપાડીને બીજે રોપતાં સુખે રોપાય છે;
અતિ મૂળ ઉંડાં ઘાલી મોટું વધ્યું એવું વૃક્ષ,
ઉખડે ન ઉખાડે તો ત્યાંજ તે સુકાય છે;
તેમ જેને ધર્મ તણી ઉપલી અસર હોય,
તેને બીજો સમજાવે તેમ સમજાય છે;
પણ જેને રગે રગે વ્યાપી રહ્યો ધર્મ રંગ,
ઉખડે ન, ઉખડે તો નાસ્તિક તે થાય છે. ૨૧

દોહરા.

તન પર ચાલે હુકમ પણ, મન પર હુકમ ન થાય;
સંશય ભાગે સર્વથા, મનથી તોજ મનાય. ૨૨
આશ, ત્રાસ કે શરમથી, કરશે ભલે કબૂલ;
પણ મન તો ખાત્રી વિના, માને નહિ ખિલકૂલ. ૨૩

## અયોગ્ય વિચાર વિષે.

કવિત.

ભંગી જન જાણે ભગવાન રોજ ભાંગ પીએ,
જાર જન જાણે પ્રભુ રોજ જાર રમે છે;
બેસી રહેવું ગમે તે જાણે છે પ્રભુ બેસી રહે;
ભમવું ગમે તે જાણે પ્રભુ રોજ ભમે છે;
સ્વાંગ ધરવો ગમે તે જાણે પ્રભુ સ્વાંગ ધરે,
જમવું ગમે તે જાણે પ્રભુ રોજ જમે છે;
તેવું રૂપ તેવી ક્રિયા માને દલપતરામ,
જેવું રૂપ જેવી ક્રિયા જેને મન ગમે છે. ૨૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### દોહરા.

ગોળ ટોપરું રાંકને, મળ્યું છતાં બહુ રોળ*;
તેણે જાણ્યું ખાય નૃપ. રોજ ટોપરું ગોળ. ૨૫
તેમજ જેને જે રુચે, એવો કરે વિચાર;
ઈશ્વર પણ કરતો હશે, એજ નિત્ય આહાર. ૨૬
વિવેકવંત વિચારીને, જાણો સર્વ જરૂર;
દુર્ગુણ ન ગમે દેવને, દુર્ગુણથી પ્રભુ દૂર. ૨૭

## ધર્મચુસ્ત દુરાગ્રહી વિષે.

### દોહરા.

ધર્મચુસ્ત ધરણી વિષે, વદિયે તેની વાત;
એવાથી પણ ઊપજે, ઘણાક જનની ઘાત. ૧
કલ્પિત મત નિશ્ચય કરી, મનમાં ધરે મમત્વ;
જાણે આખા જગતને, તેજ મનાવું તત્વ. ૨
નવ માને તે ઉપરે, અતિશય ઉપજે ક્રોધ;
દ્વેષભાવ દિલમાં વધે, વળી બહુ કરે વિરોધ. ૩
લાલચ આપી લોકને, કબુલાવે નિજ ધર્મ;
માન મેળવું મુલકમાં, મનમાં એવો મર્મ. ૪
કટુ ભાષણ મુખથી કરે, કરી પરમત ધિક્કાર;
દહન થાય દિલ પારકાં, એમ કરે ઉચ્ચાર. ૫
જો ચાલે તો જન તણાં, ખૂબ કરે તે ખૂન;
પરમત જનના પ્રાણ લૈ, માને મોટું પુણ્ય. ૬
ભૂંડા તે ભૂતળ વિષે, નાસ્તિક થકી નિદાન;
તેના સરખું નથી થયું, નાસ્તિકથી નુકશાન. ૭
જાણે હું જ્ઞાની થયો, ભજન કરે ભ્રતિભાત;
પણ માણસના પ્રાણની, ઘડે ઘડિકમાં ઘાત. ૮

* દંગાલ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દુનિયાં વિષે દુરાગ્રહી, અજ્ઞાની જન એજ;
ચાલ્યો લેવા લાભ પણ, ઉલટો ગયો અવેજ. ૯
ધર્મી ભૂલે ધર્મ નિજ, જ્ઞાની ભૂલે જ્ઞાન;
દુષ્ટ દુરાગ્રહ તો દિસે, મદકર મઘ સમાન. ૧૦
તીર્થ વડું હરદ્વારનું, એક સમે તે ઠાર;
પર્વણી દિન મેળો થયો, માણસ મળ્યા અપાર. ૧૧
વૈષ્ણવ શૈવી બહુ મળ્યાં, પંડે થવા પવિત્ર;
ગોસાંઇ ને વૈરાગીનો, ધરિયો વેપ વિચિત્ર. ૧૨
પછી માંહોમાંહી લડયાં,× કીધાં ખૂન અમાપ;
પુણ્ય પામવા આવિયા, પણ બહુ પામ્યા પાપ. ૧૩
ધર્મચુસ્ત એવા ઘણા, હરેક મતમાં હોય;
વચન થકી વરતાય છે, કળી શકે સૌ કોય. ૧૪
આંસુ લાવી આંખમાં, ભજન કરે ધરી ભાવ;
પણ પરમત જન પ્રાણ લે, જો તે પામે દાવ. ૧૫
જુઓ તપા ને ઢુંઢિયા, જીવ દયા પ્રતિપાળ;
લડે પરસ્પર તો પછી, જનનો આણે કાળ. ૧૬
સોરઠ વાંકાનેરમાં, પ્રસિદ્ધ છે આ વાત;
કરી પચુસણ દિવસમાં, તરવારે જન ઘાત. ૧૭
નાસ્તિક થકી દુરાગ્રહી, ભુંડા ભૂતળમાંઇ;
વિચાર ન કરે વેગમાં, પાપ પુણ્યનો કાંઇ. ૧૮

### મનહર છંદ.

એક કહે તારો દેવ ખાતો નથી પીતો નથી,
રાંધીને રસોઇ એની આગળ શી ધરવી;
બીજો કહે તારો દેવ બધીર ને મુંગો છે તે.
ઉત્તર ન આપે એની પ્રાર્થના શી કરવી;

× ઇસ્વીસન ૧૮૦૨ માં.

P. P. Ac. Gunrathasuri M.S.     Jin Gun Aaradhak Trust

બંને જણા જગતના નાથનેજ ભજનારા,
નથી જાણતા જે નિંદા કેની આ ઉચરવી;
કહે દલપતરામ જેમ સગા ભાઇ શીશુ,
એક બીજાની માને તે ગાળો દે છે ગરવી. ૧૯

દોહરો.

નિરાકાર સાકારના, માનનાર બે મિત્ર;
વાદ વદીને પરસ્પર, ઉચરે વચન વિચિત્ર. ૨૦

મનહર છંદ.

તારો દેવ કલ્પિત છે, તારો દેવ કલ્પિત છે,
તારો ક્યાં દેખાડ દેવ, તારો ક્યાં દેખાય છે;
છાતીપર ચઢીને સલાટે તારો દેવ ઘડયો,
તારા દેવતાની પર લોક આડે જાય છે;
તારાનું ઘરાણું ગયું, તો તારાનું ઘર પડયું,
તારા પંથી લુચ્ચા, તારા લુચ્ચાઓ ગણાય છે;
એમ એક બીજા તણા મતનું ખંડન કરે,
સોકયને વિધવા કહી, પોતે તેવી થાય છે. ૨૧

દોહરા.

જેનું હારદ નવ જડે, તેની શી પંચાત;
કાળ અને આકાશના, છેડાની શી વાત. ૨૨
પ્રણમે એક પૂરવ ભણી, બીજો પશ્ચિમ માંહિ;
સાહિબ બેનો સર્વ દિશ, મમતે મરે કપાઇ. ૨૩
જે ટોળીને જે ગમ્યું, તે તેનો આચારઃ
ધર્મ ગણી દેવી કને, કરે મનુષ સંહાર. ૨૪
રુચિ પ્રમાણે મનુષ્યની, ઉપજ્યા ધર્મ અનેક;
એક અહિંસાને ભજે, અશ્વમેધને એક. ૨૫
ઇશ્વરને ગમતું ગણે, જે ગમતું નિજ ચિત્ત;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એક મૂર્તિ સ્થાપન કરે, બીજો કરે ખંડિત. ૨૬
ન ગમ્યું તે અપવિત્ર ગણી, ગમતું ગણ્યું પવિત્ર;
જુવો-ન ગણ્યું હાડકું, જગત વિચાર વિચિત્ર. ૨૭
દયા ધર્મનું મૂળ છે, ભક્તિ જળ સિંચાય;
દયા વિના ભક્તિ કરે, ધર્મ વૃક્ષ નહિ થાય. ૨૮
મળે ન તેથી મોક્ષફળ, વ્યર્થ સકળ શ્રમ જાય;
વારી જેમ વલોવીને, માખણ કોઇ ન ખાય. ૨૯

## સૌનો ઇશ્વર એક છે તે વિષે.

**દોહરા.**

એકજ છે અવિનાશ તે, ઇશ્વરનો હું દાસ;
બીજો કહે તે બે થયા, ઇશ્વરને અવિનાશ. ૧
એ રીતે ઇશ્વરતણાં, જુદાં નામ અનેક;
પણ જરૂર તે જાણજો, ઇશ્વર સૌનો એક. ૨

**મનહર છંદ.**

અંગરેજો કહે ઇશુખ્રિસ્ત ખરો તારનાર;
પ્રભુનો છે પુત્ર અમે ભાવે તેને ભજિયે;
આર્ય જનો કહે ખરા ઇશ્વરી અંશાવતાર,
રામ કૃષ્ણાદિક અમે તેને કેમ તજિયે;
મહમદીય કહે મહમદ એજ ખરો,
પારસીઓ કહે અમે પાવકને પૂજિયે;
શી રીતે મમત તજી સર્વ એક મત થાય,
સૌને સાચા કહ્યા વિના સંપ કેમ સજિયે. ૩
કોઇ કહે મહમદ સાથે ખુદા બોલતો ને,
કોઇ કહે જરથોસ્ત સાથે વાત કરતો;
કોઇ કહે ઇશુ સાથે કરતો અનેક વાતો,
કોઈ કહે રામ કૃષ્ણ રૂપે તે વિચરતો;

P. P. Ac. Gunratnasuri M.S.   Jin Gun Aaradhak Trust

કોઇ કહે આરબી લિપિમાં લખતો તે લેખ,
કોઇ કહે એ તો વાણી વેદની વાપરતો;
કોઇને ન જુઠા કહું કહે દલપતરામ,
દિલ કોઇનું દુખાવવાથી રહું ડરતો. ૪
બૌદ્ધ મતવાળાને કહીએ જો બુદ્ધિહીણું,
તેતરીશ કોડ ચીના શું પશુ પ્રમાણ છે?
મુસલમાની ઇરાની આરબો માને છે મત,
યુરોપ આખો તે ખ્રિસ્તી ધરમની ખાણ છે;
હિંદુ છે હજારો લોક, જરથોસ્તી જન ઘણા,
કેને કેને કહીએ કે આ બધા અજાણ છે;
કહે દલપતરામ જુદાં જુદાં પડયાં નામ,
સર્વનો પ્રભુ છે એક ખાલી ખેંચાતાણ છે. ૫

ચોપાઇ.

ગામ વચે ખોદાવ્યો કુઓ, સૌના મનની મરજી જુઓ;
કોઇ ઉંડો કે ઉતળો કહે, સૌનું મન રાજી નહિ રહે. ૬

મનહર છંદ.

કોઇ કહે સાકાર ને કોઇ કહે નિરાકાર,
નિરાકાર સાકારનો નિશ્ચય શાથી થશે;
પાટિયાની પેટી તેને તાલવાળું તાળું મારી,
પુછે આમાં શું છે તે તો હરિ જાણે શું હશે;
જોયા વિના જે કહે તે જોશિયોના જોશ જેવું,
કહો તે ખચીત કેમ કથતાં કથ્યું જશે;
અકલિત કળા જેની કહે દલપતરામ,
કળી ન શકાય તે ઉપાય કીધાથી કશે. ૭
કેવો છે ને કયાં રહે છે કેવી રીતે કરે કામ,
ખાવિંદની ખુબી કહો કોઇને દેખાય છે;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આશરે આચાર્ય ગુરુ ઉચારી ગયા છે અને,
જેવી સમજાઇ તેવી ગ્રંથમાંડી ગાઈ છે;
અંધે હાથીનો આકાર જુદો જુદો જાણ્યો તેમ,
જેણે જેમ માની લીધી તેમ તે મનાઇ છે;
દીઠા વિના 'દીઠી દીઠી' કહે દલપતરામ,
ઠગવાની ઠગારાની ઠાલી તે ઠગાઇ છે. ૮

નોકરી કરવા માટે નૃપના નોકરો મળ્યા,
નોકરી તજીને પડયા બીજી તકરારમાં;
નૃપ નીરખેલો નહીં તે વિષે ચલાવ્યો વાદ,
કેવે રૂપે રંગે છે ને કેવો છે આકારમાં;
એવો વાદ વદી લડી વાસર ગુમાવી દીધા,
કહો પછી પૈસા કેમ પામશે પગારમાં;
કહે દલપત પ્રભુ વિષે તેવા વાદ તજી,
સારાં કામ કરો પ્રભુ રિઝાવા સંસારમાં. ૯

## દોહરા.

એક કહે આકાર નહિ, બીજો કહે સાકાર;
અકલિત ઈશ્વરના જુઓ, બેય થયા કળનાર. ૧૦

હું તો નહીં ન કહી શકું, કેવો જગકર્ત્તાર;
અકલિત જાણું ઇશને, કેમ કરું તકરાર. ૧૧

જુએ તમાસો જગપતિ, અણબોલ્યો આ ઠામ;
શો શાં ફળ શું જાણિયે, દેશે દલપતરામ. ૧૨

વ્યાપક પ્રભુ સર્વત્ર છે, જીવ શરીરમાં જેમ;
આત્મા ને પરમાત્મા, નિરાકાર છે એમ. ૧૩

અકલિત ઇશ્વરની ગતિ, માનો તેમ મનાયે;
અદર્શ ને અનુમાનથી, નહી કેમ કહેવાય. ૧૪

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

### મનહર છંદ.

કોઈ કહે મગજમાં આત્માનો છે મુકામ,
જ્ઞાનતંતુ વડે આખું શરીર સંભાળે છે;
ઇશ્વર સદૈવ એમ રહી એક સ્થળ વિષે,
સર્વ શક્તિમાન સર્વ પ્રદેશને પાળે છે;
ગલીચ વસ્તુમાં કેમ ગણીયે વિભુનો વાસ,
પોતે અળગો રહીને નજરે નિહાળે છે;
કહે દલપતરામ ઉચરે જો કોઇ આમ,
કહો આજ કોણ તેના સંશયને ટાળે છે. ૧૫

### દોહરા.

જુદી જુદી લિપિમાં, લખ્યો એક ઉચ્ચાર;
તેમજ જુદા માનિયા, ઇશ્વરના આકાર. ૧૬

ઇશ્વર અક્ષરથી લખ્યો, કે મૂર્તિ આકાર;
બેની મતલબ એક છે, નામ સ્મરણ દેનાર. ૧૭

### મનહર છંદ.

રાજા દેખતાં જો રાજાના લખેલા નામપર,
ખાસડું મારે તો રાજા ખેદ ઉર આણશે;
કચેરીના જન સર્વ જરૂર ધિક્કાર કરે,
રાજાને ન વાગ્યું એવો વાદ કોણ તાણશે;
રાજાનું લખેલું નામ હૃદયે લગાવી પ્રીતિ,
ચુંબન કરે તો રાજા સુપ્રેમી પ્રમાણશે;
રાજા કરતાં તો ઘણો જાણ છે રાજાધિરાજ;
જનના મનનો ભાવ કેમ નહિ જાણશે. ૧૮

### દોહરા.

નામ લખેલું દેવનું, નિરખી અવશ્યમેવ;
ન ભણેલો લીટા કહે, કહે ભણેલો દેવ. ૨૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સર્વ વ્યાપક છે પ્રભુ, જો જાણો સૌ ઠામ;
તો આ તેની મૂર્તિઓ, તરુ ગિરિ આદિ તમામ. ૨૧
છો તેને તે પૂજતા, જેને જ્યાં વિશ્વાસ;
નિંદા કરતાં કોઈની, નિંદાશે અવિનાશ. ૨૨
કહેવા ઇચ્છે રોટલો, પણ 'તાતા' કહે બાળ;
એમ કહ્યું ભટ વલ્લભે, મા સમજે તતકાળ, ૨૩
તેમજ જગકર્ત્તારને, માતા કહું છું હુંય;
અહો જગતકર્ત્તાર તે, સમજી લેજે તુંય. ૨૪

### મનહર છંદ.

નિરાકાર માનીને વેદાંતીવાળે ઇશ્વરનું,
નાન્યતર જાતિ નામ બ્રહ્મ નિરધાર્યું છે;
પુરુષમાં પરાક્રમ પૂર્ણ પેખી પુરાણીએ,
પુરુષ આકાર પ્રભુ સ્વરૂપ વિચાર્યું છે;
જગત અનેક જેના અંગમાંથી ઉપજ્યાં છે,
શક્તિમતવાળે નામ માતાજી ઉચાર્યું છે;
કહે દલપતરામ ઇશ્વરનાં સર્વ નામ,
મેં તો એમ સમજીને અંતરે ઉતાર્યું છે. ૨૫

આંધળાઓ હાથી દેખી લડે સર્વ સાથી સાથે,
કાન જોયો તે તો કહે સૂપડા આકારે છે;
પગ જોયો તે તો કહે થંભ જેવો હોય હાથી,
દંતુશળ જોઈ સાંબેલા જેવો ઉચ્ચારે છે;
પુંછ જોયું તે તો કહે સાવરણી સમો હાથી,
વાંસો દીઠો તે તો ટેકરાની તુલ્ય ધારે છે;
એજ રીતે ઇશ્વરને જુદી રીતે જાણે જન,
સૌને સાચા ગણી સુજ્ઞ અંતરે ઉતારે છે. ૨૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### ગીતિ વૃત્ત.

જો શિશુની જનિતાને, સાસરિયાં સૌ વહૂ વહૂ કહે છે;
શિશુ પણ વહુ કહી બોલે, પ્રસૂતા સમજી મનોરથ પૂરે છે. ૨૭
તેમજ જેને જેવા, ઉપદેશકથી મળે પ્રભુ જ્ઞાન;
તે નામે તે રૂપે, ભજતાં કેમ ન ભજાય ભગવાન? ૨૮
ફરી ફરી ફાંફાં મારે, કરે ઉપાયો અનેક શિરસાટે;
જગપતિ શું નહિ જાણે, જનો બિચારા ઠગાય મુજ માટે. ૨૯

---

## સૌનો ઇશ્વર એક છે.

### દોહરો.

ઇશ્વર સૌનો એક છે, ઠરી રહ્યો સૌ ઠામ;
કોઇ રામ ને કોઈ તો, લેશે અલ્લા નામ. ૧

### ઉધોર છંદ.

લેશે કોઇ અલ્લા નામ, રટશે કોઇ મુખથી રામ;
હિંદુ મુસલમાન હરેક, ઇશ્વર સર્વનો છે એક. ૨
વૉટર આબ જળ કહેવાય, જુદાં નામ માત્ર જણાય;
અળગી વસ્તુ નહિ અકકેક, ઇશ્વર સર્વનો છે એક. ૩
સાધુ શેવડા[1] દરવેશ,[2] દે "મોબેદ"[3] બહુ ઉપદેશ;
અળગા ધર્મ પંથ અનેક, ઇશ્વર સર્વનો છે એક. ૪
આદિમ[4] એકની ઓલાદ, આખા જગતમાં આબાદ;
ઘર કરી રહે દેશ ઘણેક, ઇશ્વર સર્વનો છે એક. ૫
વસવા એક પૃથ્વી વાસ, ઉપર એક છે આકાશ;
છૂટા કેમ પડશો છેક, ઇશ્વર સર્વનો છે એક. ૬
માતા પીર કે મહાદેવ, સજશે કોઇ જિનની સેવ;
પ્રભુ જુદો નથી પ્રત્યેક, ઇશ્વર સર્વનો છે એક. ૭

---

૧. શેવડા—જૈનના ગોરજી. ૨. દરવેશ—ફકીર. ૩. મોબેદ—પારસીઓના ગોર. ૪. આદિમ—અહ્મા.

P. P. Ac. Gunrathasuri M.S. Jin Gun Aaradhak Trust

જગમાં એક જનની જાત, નોખી નોખી બાંધી નાત;
ટક ટક કરે રાખી ટેક, ઇશ્વર સર્વનો છે એક. ૮
સૃષ્ટિ નિયમ છે સરખાજ, અળગાબ્ધમ તો ઉપલાજ;
વિગતે જુઓ રાખી વિવેક, ઇશ્વર સર્વનો છે એક. ૯
ખાણું મુખ થકીજ ખવાય, શબ્દો શ્રવણથીજ સુણાય;
વિધવિધ વેષ માત્ર વિશેષ, ઇશ્વર સર્વનો છે એક. ૧૦
સૌનો એક છે સૃજનાર, કહિએ એક પાળનહાર;
નહિ બે ત્રણ કે ચારેક, ઇશ્વર સર્વનો છે એક. ૧૧
દાખે એમ દલપતરામ, અંતરમાં સમજવું આમ;
સઘળા મુલકનો માલેક, ઇશ્વર સર્વનો છે એક. ૧૨

### ભુજંગી છંદ.

સદાશીવ એ છે અને એજ અલ્લા,
પ્રભુ એજ પોતે અને એઇલલ્લા;
કદી વિશ્વ કર્ત્તાર જુદો ન જાણો,
તમે મિત્ર મારા વૃથા વાદ તાણો. ૧૩
ભજો કૃષ્ણ કે ખ્રિસ્તને સ્નેહ સાથે,
નકી જાણું જુદો નથી પાર્શ્વ[1] નાથે;
પ્રભુ એક ને નામ જુદાં પ્રમાણો,
તમે મિત્ર મારા વૃથા વાદ તાણો. ૧૪

---

૧. જેમ વેદાંતમાં છે કે સ્થાવર જંગમ વગેરે પ્રાણી કર્મબંધનથી મુક્ત કૈવલ્ય થાય તે જ્યોતિરૂપ પરમેશ્વરમાં ભળી જાય છે; તેમજ જૈન મતમાં પણ લખ્યું છે કે જે પ્રાણી કૈવલ્યરૂપ થાય, અને જ્યોતિરૂપમાં ભળી જાય તે પરમેશ્વર કહેવાય, અને જ્યોતિરૂપ પરમેશ્વર એકજ છે, તે સર્વ શક્તિમાન છે. પણ કંઇ કામ કરતો નથી, સૃષ્ટિના નિયમો પ્રમાણે સૃષ્ટિ થતી આવે છે, તે નિયમો અનાદિ કાળના છે, કોઇએ નવા કર્યા નથી.

P. P. Ac. Gunratnasuri M.S.    Jin Gun Aaradhak Trust

કહે આખ કાં તો કહે કોઇ પાણી,
સુજાણે સુણી વસ્તુ જુદી ન જાણી;
અજાણ્યા કુટે શીશ લ પ્રૌઢ પાણો,
તમે મિત્ર મારા વૃથા વાદ તાણો. ૧૫
નિરાકાર સાકાર કોઇક ગાતાં,
કહે કોઈ તો તાત કે કોઈ માતા;
મને માનિયો જેમ જેને મનાણો,
તમે મિત્ર મારા વૃથા વાદ તાણો. ૧૬
પ્રભુ કોઇ છે કલ્પના એવી કીધી,
નથી વસ્તુ તે દૃષ્ટિએ દેખી લીધી;
લડે આંધળા દાખલો એજ આણો,
તમે મિત્ર મારા વૃથા વાદ તાણો. ૧૭
જુઓ દેશની તો જુદી જેમ ભાષા,
જુદાં શાસ્ત્રમાં શબ્દ જુદા પ્રકાશ્યા;
વળી જેમ જેને ગમે તે વખાણો,
તમે મિત્ર મારા વૃથા વાદ તાણો. ૧૮
ભલે જો જુદા દેશને વાસ જૈયે,
બધાએ સગા બાપનું પેટ છૈયે;
બધી બાજરી બીજ તો એક દાણો,
તમે મિત્ર મારા વૃથા વાદ તાણો. ૧૯
નથી જન્મ કે મોતની રીત જુદી,
ભલે હોય હિંદુ ચીના કે યહુદી;
તજો દ્વેષ ને ક્લેશ તે સૌથી શાણો,
તમે મિત્ર મારા વૃથા વાદ તાણો. ૨૦
નથી સ્વર્ગ કે નર્ક જુદાં સહુનાં,
નથી આપણાં વિશ્વ જુદાં બહુનાં;
જુદા ક્યાં જશો એક ગોળો ગુંથાણો,
તમે મિત્ર મારા વૃથા વાદ તાણો. ૨૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જુઠો ચોર કે ઘાતકી તે અધર્મી,
દયાવંત ને સત્યવાદી સ્વધર્મી;
કહે ચંદ્ર બે જે હશે આંખ કાણો,
તમે મિત્ર મારા વૃથા વાદ તાણો. ૨૨
નથી પુણ્ય કે પાપની રીત બીજી,
નરો નારિયોથી નથી જાત ત્રીજી;
મળી સંપ માંહી મહા સુખ માણો,
તમે મિત્ર મારા વૃથા વાદ તાણો. ૨૩
રચ્યા છંદ છે શુદ્ધ દલપત્તરામે,
પઢી પાઠ આ જે પુરું જ્ઞાન પામે;
રૂદે રાજી રાજી રહે વિશ્વ રાણો,
તમે મિત્ર મારા વૃથા વાદ તાણો. ૨૪

મનહર છંદ.

એકજ પ્રભુ છે જે જગત ઉપજાવનાર,
ભાષાઓ અનેકમાં અનેક એનાં નામ છે;
સૂરજ, શશાંક, શૈલ, સાગર ને ગ્રહ ધરા,
કોટી કોટી એવાં તો કરેલાં એનાં કામ છે;
મોટાથી માંડીને જોતાં ઝીણાથી જે ઝીણા જીવ,
તે તો આ ત્રિલોકીમાં રચાયલા તમામ છે;
ઠરેલો છે ઠામ ઠામ કહે દલપતરામ;
પ્રતિ દિન પ્યારા એવા પ્રભુને પ્રણામ છે. ૨૫

## ધણીનું ધાર્યું થાય.

દોહરા.

માણુસ જાણે મેં કર્યું, મન મિથ્યા મલકાય;
નરનાથી શું નિપજે, ધણીનું ધાર્યું થાય. ૧
અખિલ જનોને અંતરે, રુચે થવાને રાય;
કાંઇ મારે કરી કરી, ધણીનું ધાર્યું થાય. ૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વહાણ ચડીને વણિયા, ધન લેવાને ધાય;
લાવે કે આવે નહીં, ધણીનું ધાર્યું થાય. ૩
કર્તાની કરુણા વિના, કશું કરી ન શકાય;
ધરી રહે સૌ ધારણા, ધણીનું ધાર્યું થાય. ૪
ભર્યું સરોવર જળ ભર્યું, સંમુખથી સૂકાય;
પીવા જંતો પાછો ફરે, ધણીનું ધાર્યું થાય. ૫
કાપે ઉંદર કંડિયો, સાપ ઉંદરને ખાય;
ઉઘોગે અવળો પડે, ધણીનું ધાર્યું થાય. ૬
જયાં સરવે સવળું પડે, ગર્વે નિજ ગુણ ગાય;
જડ બુદ્ધિ જાણે નહિ, ધણીનું ધાર્યું થાય. ૭
પ્રભાતથી સૌ પરવરી, જર લેવાને જાય;
અદકું કે ઓછું મળે, ધણીનું ધાર્યું થાય. ૮
ભાણે ભરિયાં ભોજનો, જમ્યા વિના રહી જાય;
આશા અંતરમાં રહે, ધણીનું ધાર્યું થાય. ૯
ઇશ્વરની ઇચ્છા વિના, કદી ન કદમ ભરાય;
વિચાર સૌ વાંકા પડે, ધણીનું ધાર્યું થાય. ૧૦
જંગમ જાતિ જીવને, આપ્યા છે ઉપાય;
કરિયે પણ ધરિયે નહી, ધણીનું ધાર્યું થાય. ૧૧
અરે અલ્પ બળ આદમી, ફોકટ શિદ ફૂલાય,
દુનિયામાં દલપત કહે, ધણીનું ધાર્યું થાય. ૧૨
પુરુષાર્થ પરિપૂર્ણતા, કરી શકે નહીં કોય;
સકળ મનોરથ સફળતા, હરિ કરુણાથી હોય. ૧૩
જયાં લગી જગપતિની દયા, રહે સુજશ પસરેલ;
જયોત ઝગમગે જયાં લગી. દીવામાં દીવેલ. ૧૪
એ જગદીશ્વર જગતની, ચિંતા ન ધરે ચંતઃ
મનુષ બિચારું શું કરે, ઉચાટ કરી અત્યંત. ૧૫
પ્રાણી કરે પ્રયત્ન પણ, અને અદષ્ટ બનાવ;
સવળા કે અવળા પડે, પાસા કેરા દાવ. ૧૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિશ્વપતિની કૃપા વિના, કામ ન સિદ્ધે કોય;
ખાંતે ખેડે ક્ષેત્ર પણ, હરિ કરે તે હોય. ૧૭
કર્તાની કરુણા થકી, સફળ થાય સૌ કાજ;
વરસે જો વરસાદ તો, ઉપજે છોડ અનાજ. ૧૮
પ્રભુ પડવા દેશે નહિ, ત્રિભુવનમાં કશી તાણુ;
ખળતણુનો ખપ ખહુ પડે, ખોદે નિકળી ખાણ. ૧૯

## પ્રાર્થના તથા ભજવાની રીત.

### દોહરો.

પ્રભુપદ પ્રણમું પ્રથમથી, ઉર ધરી હરખ અત્યંત;
કરુણાકર કરુણા કરો, અશરણ શરણ અનંત. ૧

### છપ્પો.

અશરણ શરણ અનંત, સંત જન સતત સેવે,
ભય ભંજન ભગવંત, અંત દુર્લભ પદ દેવે;
કષ્ટહરણ સુખકરણ તરણ તારણ જગ કારણ,
અતિ ઉત્તમ આચરણ, શરણ જન કાજ સુધારણ;
પ્રતિદિનજગપાળ કૃપાળ પ્રભુ, કાળવ્યાળ વિખઝાળ હર;
વદિ દીન વાણી દલપત કહે, જય જય જગ જંજાળ હર. ૨

### ગાયત્રીના અર્થનો સોરઠો.

જે ભાનૂ ભગવાન, બુદ્ધિ અમારી ઉદય કરે;
ધરિયે તેનું ધ્યાન, વરણુન લાયક શક્તિ ધરે. ૩

### મનહર છંદ.

પૃથિવી આદિક ભૂત પંચના પ્રપંચથી તું,
પ્રાણિયોના પિંડરૂપી પૃથ્વિઓ ઘડે છે;
પ્રભાકર પ્રભા પેઠે પ્રભુ તારી પ્રભુતાથી,
કૃપા રૂપી પ્રભા પછી તે ઉપર પડે છે;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રાણીઓના પાપ રૂપી ચંદ્ર ચારે પાસ ફરે,
વચ્ચે ઘડીઘડી નઠી આવી આવીને નડે છે;
પ્રાર્થના કરીને કહું કહે દલપતરામ,
સૂરજ ગ્રહણ ટાળ શોભા તુજ વડે છે. ૪

### શાર્દૂલવિક્રીડિત વૃત્ત.

હે પ્યારા હરિ હું હમેશ હઠથી, ફૂલ્યો ફુડાં કર્મમાં,
પામી પિંડ પવિત્ર પાંચ પગલાં, ધાર્યાં નહીં ધર્મમાં;
પાપી સાથ પ્રપંચ પાપ પડમાં, ભૂલ્યો ભમ્યો આ ભવે,
તારી સાથ અનાથ નાથ મુજને, લે હાથ ઝાલી હવે. ૫

### દોહરા.

માગો કે માગો નહીં, પ્રભુ વખતે દેનાર;
ચોમાસાની રત થયે, વરસે વરષાધાર. ૬
પણ ઉપકાર ન માનશે, કહું કૃતઘ્ની એજ;
માટે પ્રભુની પ્રાર્થના, કરવી લાયક છેજ. ૭
અજ્ઞાને ઈશ્વર ભજે, તોપણ ફળ અણતોલ;
અંધારે આરોગતાં, ગળ્યોજ લાગે ગોળ. ૮
ફાવે તે સ્થાને જઈ, ભજવા શ્રી ભગવાન;
નદિયે કે વાવે કુવે, જઇ કરવું જળપાન. ૯

### મનહર છંદ.

ભેદ જાણ્યા વિના દેખાદેખી જે ભજન કરે,
તેથી તો પરમ પદ પામે નહીં કોઇએ;
સમજ્યા વિનાનો શુક રટે જેમ રામ નામ,
આમ કરવાથી તો વખત ખાલી ખોઇએ;
જેમ એક શ્વાન રોતું દેખી બીજાં શ્વાન રુએ,
હૃદયમાં જાણે નહીં જે આ કેને રોઇએ;
દાખે દલપતરામ રામ નહીં રીઝે આમ,
જો વિચારશક્તિ હોય તો વિચારી જોઇએ. ૧૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### દોહરા.

પરલોકે સુખ પામવા, કર સારો સંકેત;
હજી બાજી છે હાથમાં, ચેત ચેત નર ચેત. १
જોર કરીને જીતવું, ખરેખરું રણુ ખેત;
દુશ્મન છે તુજ દેહમાં, ચેત ચેત નર ચેત. २
ગાફ્લ રહી ગમાર તું, ફોગટ થઇશ ફજેત;
હવે જરૂર હુશિયાર થૈ, ચેત ચેત નર ચેત. ३
તન ધન તે તારાં નથી, નથી પ્રિયા પરણેત;
પાછળ સૌ રહેશે પડયાં, ચેત ચેત નર ચેત. ४
પ્રાણ જશે જયાં પિંડથી, પિંડ ગણાશે પ્રેત;
માટીમાં માટી થશે, ચેત ચેત નર ચેત. ५
રહ્યા ન રાણા રાજીયા, સુર નર મુનિ સમેત;
તું તો તરણા તુલ્ય છે, ચેત ચેત નર ચેત. ६
રજકણ તારાં રખડશે, જેમ રખડતી રેત;
પછી નર તન પામીશ કયાં, ચેત ચેત નર ચેત. ७
માટે મનમાં સમજીને, વિચારીને કર વેંત;
કયાંથી આવ્યો કયાં જવું, ચેત ચેત નર ચેત. ८
શુભ શિખામણ સમજ તો, હરિ સાથે કર હેત;
અંતે અવિચળ એજ છે, ચેત ચેત નર ચેત. ९
કાળા કેશ મટી ગયા, સર્વે બનિયા શ્વેત;
જોબન જોર જતું રહ્યું, ચેત ચેત નર ચેત. १०
તે ઇશ્વર બુદ્ધિ તને, દિલમાં જો નહિ દેત;
તું સૃષ્ટિમાં શું કરત, ચેત ચેત નર ચેત. ११
દયાળુએ દીધા વિના, સુખ લવ માત્ર ન લેત;
દિલ સમજી દલપત કહે, ચેત ચેત નર ચેત. १२
જે ચેતે નહિ પ્રથમ તે, પશુ પક્ષીથી હીણ;
ઘન પહેલાં માળા રચે, પક્ષી જુઓ પ્રવીણ. १३

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### શાર્દૂલવિક્રીડિત વૃત્ત.

જો થાતા ઘડિ એકમાં વિલિન આ વર્ષાદ કેરા કરા,
જાણો એજ રીતે જરૂર જગના, છે ખેલ ખોટા ખરા;
સાચાં ધર્મ અધર્મ કર્મ સઘળાં, ટાળ્યાં નહિ તે ટળે,
ચેતી લે દલપત ચિત્ત નહિ તો, તે ખોટ ખાશે ખળે. ૧૪

### દોહરો.

દરદ લગારક દેખીને, ચેતે ચતુર સુજાણ;
મૂરખ મન સમજે નહિ, પડતા સૂધી પ્રાણ. ૧૫

---

## પાણી પહેલી ચણીએ પાળ.

### ચોપાઈ.

કરિયે દિવસે એવું કામ, રાતે રહિયે કરી વિરામ;
સાલે નહિ અંતરમાં સાલ, પાણી પહેલી ચણિયે પાળ. ૧
જોબનમાં રાખીને જોર, કરિયે ઉદ્યમનો અંકોર;
હોય ન વૃદ્ધપણે બેહાલ, પાણી પહેલી ચણિયે પાળ. ૨
જીવ શરીરનો છતાં જોગ, એવો કરિ લઇએ ઉદ્યોગ;
સ્વર્ગ વિષે સુખ મળે વિશાળ, પાણી પહેલી ચણિયે પાળ. ૩
ઉનાળે શિયાળે એમ, તેવો ઉદ્યમ કરિયે તેમ;
વસિયે સુખમાં વર્ષાકાળ, પાણી પહેલી ચણિયે પાળ. ૪
લાગે જયારે ઘરમાં લ્હાય, ખોદે કુવો નહિ ખોદાય;
સદા પ્રથમ કરિયે સંભાળ, પાણી પહેલી ચણિયે પાળ. ૫
ચોમાસે પાસે ને દૂર, પ્રવાહ પાણી ચાલે પૂર;
તે ટાણે ખોદાય ન ખાળ, પાણી પહેલી ચણિયે પાળ. ૬
શિયાળે રજનીને અંત, તાઢ પડે તે તો અત્યંત;
વણાય ના તે વખતે શાલ, પાણી પહેલી ચણિયે પાળ. ૭

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉનાળે વનમાં આથડે, પછી પુરો તડકો જ્યાં પડે;
ત્યાં ન મળે છત્રીનો તાલ, પાણી પહેલી ચણિયે પાળ. ૮
આમ કર્યાથી થાશે આમ, એમ વિચારી કરિયે કામ;
એકે તરફ ન આવે આળ, પાણી પહેલી ચણિયે પાળ. ૯
અવસર ચુકયો આવે નહીં, વેળાનાં ફળ મળવાં કહી;
ફેર રતે ફાલે નહિ ફાલ, પાણી પહેલી ચણિયે પાળ. ૧૦
રગ રગમાં રુંધાણો રોગ, જાય નહિ ઓષડ સંજોગ;
કરિયે આગળથીજ નિકાલ, પાણી પહેલી ચણિયે પાળ. ૧૧
પછી થશે કેવો પરિણામ, દિલમાં દેખી દલપતરામ;
ગતિ કરિયે તો નાવે ગાળ, પાણી પહેલી ચણિયે પાળ. ૧૨

## પ્રથમ પોતાનું સંભાળવા વિષે.

### દોહરા.

પોતાનું ઘર પરજળે, તે તો પીડા ટાળ;
પરની તારે શી પડી, તું તારું સંભાળ. ૧
વખત જશે વહી વાતમાં, કાલ ઝડપશે કાળ;
ચતુર હોય તો ચેતીને, તું તારું સંભાળ. ૨
જળ લઈ જોઇએ તેટલું ગરણું લઇને ગાળ;
નદી તળાવ ગણાય નહિ, તું તારું સંભાળ. ૩
તુંજ ઘરપર પાણી પડે, પરઠવ ત્યાં પરનાળ;
નભ સઘળું ઢંકાય નહિ, તું તારું સંભાળ. ૪
પગે પગરખાં પહેરીને, તાપ તપે તો ચાલ;
મેદનિ બધી મઢાય નહિ, તું તારું સંભાળ. ૫
પેખી જો તુજ પગ વિષે, ઝાઝી લાગી ઝાળ;
શું બીજાને શિર જુએ, તું તારું સંભાળ. ૬

P. P. Ac. Gunratnasuri M.S.　Jin Gun Aaradhak Trust

જળાય પાપ ન જગતનું, તારું પાપ પ્રજાળ;
બીજાને પછી બોધ કર, તું તારું સંભાળ. ૭
જળ તુજ ઘરથી વહી જવા, ખોદ પ્રથમથી ખાળ;
વળતી બીજી વાત કર, તું તારું સંભાળ. ૮
પ્રથમ પેખ ઘર ને પછી, જો આકાશ પતાળ;
પાર ન આવે પર તણો, તું તારું સંભાળ. ૯
કર તું તારા બાગને, પાણી પહેલી પાળ;
ડરશે તો કરશે બીજા, તું તારું સંભાળ. ૧૦
પેખી ચલગત પારકી, અમથો અંતર બાળ;
કરશે તે ફળ પામશે, તું તારું સંભાળ. ૧૧
પાપ ન પેખીશ પારકું, નિજ ગુણ દોષ નિહાળ;
દુનિયામાં દલપત કહે, તું તારું સંભાળ. ૧૨
સમજુ સમજેલા સદા, અણસમજુને અભોગ્ય;
શિક્ષક શિખામણ લખે, જાણી નિજ મન યોગ્ય. ૧૩

---

## પ્રભુ મહિમાનો ઉપદેશ.

### વિશેષક છંદ.

મેલ મહા અભિમાન પ્રભુ પદ ધ્યાન ધરી,
તારણ તે ભવ તીર ઉગારણ એજ હરિ;
એતુંજ જોર અનંત બીજો બળવંત નથી,
એક સરે નહિ અર્થ મરે શિદ વ્યથ મથી. ૧
જે જુગતિ બની બેશ દિસે લવલેશ કહી,
નિશ્ચય તે નિરધાર બીજો રચનાર નહી;
છાનિજ જો કદિ છેક કથા કશી એક કહે,
એ પણ અંતર જાણ જરા ન અજાણ રહે. ૨
ઓ નર તું ઘડિ એમ દિલે નહિ કેમ ડરે,
અંત થશે ઇનસાફ ગુના નહિ માફ કરે;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આજ તણું સુખ અલ્પ પછી બહુ કલ્પ થવા,
ભોગવવા દુખ ભોગ જડે નહીં જોગ જવા. ૩
સારી શિખામણ માન કહું સુણ કાન ધરી,
તો ભજ તું ભગવાન ગણી ગુણ ગાન કરી;
પાપ થકી ડર આપ પવિત્ર બનીશ પુરો,
સદ્ગુણનાં ઘર શસ્ત્ર થઇ ધીર વીર શુરો. ૪
સત્ય દયા સતસંગ અભંગ સમે સજવા,
તુચ્છ ગણી તતકાળ કુડા ગુણ તો તજવા;
સેવીશ આ ભવ સુખ સદા પરલોક સુખી,
દુષ્ટ ગુણે દિન રાત દિઠા જન જાત દુખી. ૫
કીર્તિ વિનાશક કમ કદાપિ નહીં કરવું,
નિલજ નામ થવા થકી માન ભલું મરવું;
તુચ્છ વિષે[૧] સુખ ધાર દિસે દિન ચાર તણું,
ચિત્ત લગાડિશ તો તું બગાડિશ કામ ઘણું. ૬
રંક અને વળિ રાય ગણાય સઉ સરખા,
પાપ તજી પુણ્યવંતની પંક્તિ વિષે પરખા;
કાળ મહા વિકરાળ ભુલે નહિ ભોળપણે,
લક્ષ ધરી લવલેશ હિસાબ હમેશ ગણે. ૭
રાવણનું પણ રાજ રહ્યું નહિ આજ લગી,
ઓ નર તું પણ એમજ કેમ ન જૈશ ઠગી;
સદ્ય જશે વય વીતી પછિ સ્થિતિ કેવી થશે,
બાજી જિતી છતિ નાહક ખેલ ખરાબ જશે. ૮
પાણીની આગળ પાળ ચણી શકું તો ચણજે,
લાગી ભયંકર લાહ્ય પછી ન કુવો ખણજે;
જેમ બને શુભ કાજ ઉપાયજ આજ કરો,
ઉદ્યમ મેલિ અશુદ્ધ, શિખામણ શુદ્ધ ધરો. ૯

૧ વિષય.

P. P. Ac. Gunratnasuri M.S.   Jin Gun Aaradhak Trust

જાય ઘડી પળ એક વિવેકમાં વાવરવી,
ભાવ ધરી ભલિ ભક્તિ કૃપાનિધિની કરવી;
સત્યપણું ધરી શુદ્ધ અસત્ય ન ઉચરવું,
દોષ થકી રહી દૂર સદા દિલમાં ડરવું. ૧૦

ભૂધરનો ભય રાખી ભલાં પગલાં ભરિયે,
નિર્ભયથી ભવનીર તતક્ષણ તો તરિયે;
રાજી રહે બહુ રામ તમામ ઉતાપ ટળે,
જ્યાં જગદીશનું ધામ ઇનામ અનેક મળે. ૧૧

કારણ તે ભવ તારણ ભક્તિ ભલી કરજે,
અંતર આવી શિખામણ ધીરજથી ધરજે;
જો જિવતું સુખ ઇચ્છે રુડો થઈ રોજ રહે,
મેલ થવું ઉન્મત્ત કથા દલપત્ત કહે. ૧૨

### મનહર છંદ.

પૈસાથી પંકાયો પણ પાપથી મુકાયો નહિ,
ખજાનો રખાયો ખરો ખેલ ન રખાયો તે;
દુષ્ટ તું દેખાયો ચાહી સ્વાદ તો ચખાયો પણ,
ધર્મમાં ન ધાયો ગુણ પ્રભુનો ન ગાયો તે;
ઠગથી ઠગાયો ને ડગાવતાં ડગાયો મૂર્ખ,
મોક્ષ ન મગાયો માલ માયિક મગાયો તે;
ગૃહસ્થ ગણાયો મોટો મહેલ ચણાયો પણ,
પડે નહિ પાયો એવો કિલ્લો ન કરાયો તે. ૧

મોજ ભલે માણો જ્યાં સુધી લખાણો દાણોપાણી,
દાણોપાણી ખુટે જવાનું છે તે તો જાણો છો;
તત્વતણો તાણો વાણો, તૂટશે અજાણ્યો જ્યારે,
રાખે કોયો રાણો એવું અંતરમાં આણો છો ?

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તાકે છે સિચાણો[1] પંખી જાળમાં ઝલાણો તોય,
લોભમાં લેવાણો એવી વ્યવસ્થા વખાણો છો?
કોટે બાંધ્યો પાણો એ ઉખાણો ખરો જાણો ખૂદ,
શોધો શાણો સંત ખાલી તંત શીદ તાણો છો? ૨
કાયાની શી માયા કાયા વાદળીની છાયા જેવી,
રેતીના રચાયા પાયા એવી કાચી કાયા છે;
દહન થતા દેખાયા રાંક અને રાણીજાયા,
માયા મેલી મુએલા ગણાયામાં ગણાયા છે;
ધન માટે ધાયા ને કમાયા ન કમાયા કોઈ,
બંધને બંધાયા કાળ ઝાળમાં ઝલાયા છે;
લાલચે લોભાયા પણ સ્થિર ન થોભાયા ભાઈ,
સૌ અહીં સમાયા એવી ઈશ્વરની માયા છે. ૩
કુથલી નકામનીમાં તૃષ્ણા દામ ચામનીમાં,
જારી કરી જામનીમાં ખૂબ બેઠા ખોઇને;
બીજાનું બગાડવામાં દોલત ઉડાવવામાં,
જમવા જમાડવામાં બેઠો ધુળ ધોઇને;
ખાનારા મફતીયામાં લુંટાયો મળતિયામાં,
ભારના ભરતિયામાં જુત્યો જાણી જોઇને;
કદી કષ્ટ કાપવામાં, કે સુનીતિ સ્થાપવામાં,
એક પૈસો આપવામાં આવ્યો નહિ કોઇને. ૪
જાય જાય જેને તારું જીવતર જેવી રીતે,
જળ વહ્યું જાય સાથે જંતુઓ બીજાય જાય;
ખાય ખાય ખલકને ખોતરી ખચીત કાળા,
નખ ખાય નેણ ખાય શીરની શિખાય ખાય;
થાય થાય થાવર ને જંગમ જરૂર નાશ,
કૈક ગયા તેની કેવી કામ કથાય થાય;

[1] બાજ પક્ષી.

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હોય હોય કદી હૈયું ફૂટશે હેતુઓ તારાં,
હાજરી છતાં તું હૈયે ચેત્યો નહિ હાયહાય. ૫

ભાઇ તેં ભલાઇ ન લેવાઇ ને ભુંડાઈ લીધી,
લુચ્ચાઇ ઠગાઇ તોછડાઈ ન તજાઇ તેં;
ખાઇ મોરખાઇ મૂરખાઇ તો રખાઇ ખૂબ,
નીતિ ન રખાઇ ન રખાઇ ચતુરાઇ તેં;
કરી સરસાઇ પીતરાઈથી કવાઇ કરી,
પુંજી વધરાઇ પુણ્યે પાઇ ન અપાઇ તેં;
ધાઈ ધાઇ કરી જે કમાઇ ખાઇમાં સમાઈ,
પાઇ ન ખવાઇ ન લેવાઇ ન દેખાઇ તેં. ૬

સારી સારી મારી શીખ ધારી લે વિચારી ચિત્ત,
નથી રે નઠારી તે તો તારી હીતકારી છે;
પોકારી પોકારી કહું જરૂર સ્વીકારી લેજે,
પ્રચારી પ્રચારીને વિચારી મેં ઉચારી છે;
ઠગે છે ઠગારી માયા ધારી લે ધુતારી ધીર,
પ્યારી પ્યારી લાગે પણ ખરેખરી ખારી છે;
તારી તેં તો ધારી પણ તારી તેને ચારી નથી,
વ્યર્થ કહે વારી વારી માયા મારી મારી છે. ૭

અરે અપરાધી ખાધી ખોટ તેં ઉપાધી સાધી,
ઠગવા લોકોને કામ કીધું જે ઠગાઇનું;
જરૂર આ વાત તારા જીવમાં તું જાણી લેજે,
કહે દલપત ફળ દેખીશ કમાઇનું;
છુપાવી છુપાવી છળ કપ-ટથી કીધું છેક,
લંપટ તેં કામ લાંચ ચોરી ને લુચ્ચાઇનું;
નથી મળ્યો પૂછનાર નરલોકમાં તોપણ,
પરલોકમાં તો નક્કી રાજ પોપાંબાઇનું. ૮

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કનક કમાયા ન પમાયા તો કશી ફીકર,
કીરતી કમાયા તો કમાયા ભલી ભાતથી;
પુત્ર જો પમાયા ન પમાયા તો પીડાજ ઓછી,
પ્રભુજી પમાયા તો પમાયા પૂરી પાંતથી;
સેજમાં સમાયા ન સમાયા તો શી શોચના છે,
સ્વર્ગમાં સમાયા તો સમાયા સુખ શાંતિથી;
રંગ જો રમાયા ન રમાયા દલપતરામ,
તજી નરમાયા તો રખાયા ખેલ ખાંતથી. ૯

**ઇંદ્રવિજય છંદ.**

દેહ દિધો નરનો હરિયે,
હરિ મૂરતિ સાથ ન સૂરતી સાંધી;
દાયકની કદિ ખોજ કરી નહિ,
રોજ રસોઈ જમ્યો રુડી રાંધી;
ફેલી ફર્યો સુખ પામી સ્વતંતર,
અંતર આંખ વિષે વસી આંધી;
શું પસતાય પછી દલપત,
ન પાણીથી આગળ પાળજ બાંધી. ૧૦

**દોહરો.**

અવયવ શ્રી ઇશ્વરતણા, આ અનેક બ્રહ્માંડ;
મૂર્તિ મહા પ્રભુતણી, આ આકાશ અખંડ. ૧૧

**ઇંદ્રવિજય છંદ.**

રાખ થશે રણમાં બળીને બધી,
કંચનના સરખી શુભ કાયા;
જાણ જશે જુવતી જર જોબન,
છે ઘડિવારની વાદળ છાયા;
મંદિર માલ મજૂસ મનોહર,
મેલી જવી જગમાં બધી માયા;
પ્રિય સુણો દલપત્ત કહે,
શુભ કામ કર્યું નર તેજ કમાયા. ૧૨

P. P. Ac. Gunrathasuri M.S.     Jin Gun Aaradhak Trust

## અયોગ્ય ન કરવા વિષે.

### સોરઠા.

ઉચ્ચરિયે ઉચ્ચાર, પ્યાર વધે જેથી પુરો;
ભુંડાપે ભંડાર, ભરવાથી મરવું ભલું. ૧
તજી નિજ દેશ તમામ, નામ ન જાણે ત્યાં જવું;
કુળ લાજે તે કામ, કરવાથી મરવું ભલું. ૨
વનમાં કરી વિશ્રામ, દિન નિર્ગમિયે દોહલા;
ઠગ જન જયાં તે ઠામ, ઠરવાથી મરવું ભલું. ૩
ન મળે જો નર માંહિ, પુરુષાતન તે પરમ શુભ;
ગુણકાના ઘરમાંહિ, ગરવાથી[1] મરવું ભલું. ૪
જીવ જવાનો જેમ, દરિયામાં ડૂબે તરે;
તો તે જળમાં તેમ, તરવાથી મરવું ભલું. ૫
સજજનનો સજી સંગ, સદ્‌ગુણ સજીએ સર્વદા;
ધૂતારાના ઢંગ, ધરવાથી મરવું ભલું. ૬
લાયક ન ગણે લોક, તો જીવતર તેનું કશું;
ફેલી થઇને ફોક, ફરવાથી મરવું ભલું. ૭
જે નારીને નાથ, ગમતે ગમતાં તે ભલું;
વણ ગમતા વર સાથ, વરવાથી મરવું ભલું. ૮
થાય નાશ કે ક્ષેમ, ધીરજ ધરિયે ધર્મથી;
હેતૂ જનનું હેમ, હરવાથી મરવું ભલું. ૯
ઘણી કુટુંબી ઘેર, રિદ્ધિ દેખી રાચવું;
ઉલટું આંખે ઝેર, ઝરવાથી મરવું ભલું. ૧૦
અણબનતી ત્યાં આપ, વાસ કરી વસીએ નહીં;
સદા ઉઠે સંતાપ, સ્મરવાથી મરવું ભલું. ૧૧
સજવો નહિ સંગ્રામ, સજવો તો સજવો પછી-
દિલમાં દલપતરામ, ડરવાથી મરવું ભલું. ૧૨

૧. ગેરવાથી.

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દોહરો.

માથે પ્રાણી માત્રને, મેલે છે પગ મોત;
ભૂતળમાં મરવું ભલું, જે શાબાશી સોત. ૧૩

## મોત વિષે.

ભુજંગી છંદ.

તજી મંદિરો માળિયાં ગોખ મેડી,
તજી બાગ ને બંગલા પ્રૌઢ પેઢી;
સ્મશાને સુકા કાષ્ઠમાં વાસ લેવો,
અરે આવશે એક તો દીન એવો. ૧
ઘણા ઘેર મેના ઘણા હાથી ઘોડા,
ઘણા જુક્તિવાળા બન્યા બેલ જોડા;
ઘડીમાં થશે સ્વપ્નના સાજ જેવો,
અરે આવશે એક તો દીન એવો. ૨
હશો ગામમાં સીમમાં કે કૃપીમાં,
હશો ખેદમાં કે હશો જો ખુશીમાં;
કહો કોણ જાણે હશે કાળ કેવો,
અરે આવશે એક તો દીન એવો. ૩
નહીં આગળે કાગળેથી જણાવે,
નહીં કોઇ સાથે સંદેશો કહાવે;
અજાણ્યો અકસ્માત આશ્ચર્ય જેવો,
અરે આવશે એક તો દીન એવો. ૪
પુરાં થૈ શક્યાં તે થશે કામ પૂરાં,
અધૂરાં રહ્યાં તે રહેશે અધૂરાં;
તડાકો તમે તોપનો જેમ ટેવો,
અરે આવશે એક તો દીન એવો. ૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ન દે એ પછી આંખ ઉઘાડવાને,
ન દે દ્રવ્ય દાટેલું દેખાડવાને;
ન દે બોલવા તે તથા શબ્દ તેવો,
અરે આવશે એક તો દીન એવો. ૬
રહ્યા મિત્ર સંબંધી તે સવ રોશે,
જરી જોર ચાલે નહીં દૃષ્ટિ જોશે;
જશે ખાખ થૈ ઉડી આ તો અવેવો,
અરે આવશે એક તો દીન એવો. ૭
હશે આજથી વષ બારે અગ્યારે,
કદાપિ હશે આજ કે કાલ કયારે;
નકી તો નથી શો ભરુંસો રહેવો,
અરે આવશે એક તો દીન એવો. ૮
લતે લાગી લાગી કરે લક્ષ લાંબાં,
ઉછેરે અભીલાખના લાખ આંબા;
કહો કોણ ખાશે મહા મિષ્ટ મેવો,
અરે આવશે દીન તો એક એવો. ૯
ન જાણે અધૂરું રહ્યું કાંઇ કૃત્યે,
ન જાણે કશી આપટી કે અગત્યે;
ચડી ચોટમાં પાંશરો પ્રાણ દેવો,
અરે આવશે એક તો દીન એવો. ૧૦
ભર્યાં પેટીમાં રાચ રુડાં રૂપાળાં,
રહે તેમનાં તેમ દીધેલ તાળાં;
નથી કુંચીનો લૂમખો સાથ લેવો,
અરે આવશે એક તો દીન એવો. ૧૧
ચિતે ચેતજો સઘ ચેતી શકો તો,
પુરા શોધથી બોધ પામો પકો તો;

૧. અવયવો.

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aradhak Trust

સદા કાળ દલપત્તનો દેવ સેવો,
અરે આવશે એક તો દીન એવો. ૧૨

દોહરા.

મોત ન મેલે કોઇને, ખુશી ધરો કે ખેદ;
તો દિલગિર દિલ શિદ થવું, ઉરમાં ધરો ઉમેદ. ૧૩
પડયું જગત મુખ કાળને, કેડા મોર જનાર;
ઘંટીને ગાળે પડયા, દાણા લોટ થનાર. ૧૪
ઘાણી ફૂટે તાવડે, ઘાણી તલ પીલાય;
પ્રાણી એમ પલક પળે, જાણો છે મરી જાય. ૧૫
ખાતા ભોજન ભાવતાં, રાતા માતા રૂપ;
જાતા જોયા જમપુરે, ભાથા વિણ બહુ ભૂપ. ૧૬

શાર્દૂલવિક્રીડિત વૃત્ત.

ખાતા જે ઘૃત ખીર ખાંડ ખુશીથી થાતા છટાથી છતા–
ગાતા'તા ગુણી લોક ગીત ગુણનાં દાતા દયાળુ હતા;
માતા ને પિતુના પવિત્ર કુળ દેખાતા હતા દીવડા,
તાતા અગ્નિ વિષે તજી સ્વતનને, જાતા રહ્યા જીવડા. ૧૭

શિખરણી વૃત્ત.

સુતે સુજ્ઞો પાસે, વિદિત કૃત વ્યાસે વરણવ્યા,
કહો કેવા કેવા, અધિક વળી એવા નર ચવ્યા[૧];
અરે એવું જાણી, પ્રતિ દિવસ પ્રાણી પ્રભુ ભજ,
વૃથા વાણી આણી, તન ગરવ તું આ તક તજ. ૧૮

દોહરો.

મનુષ દેહ મહિમા ઘણો, અરે જીવ તું જાણ;
તે પામી પરલોકનું, કર નિશ્ચલ રહેઠાણ. ૧૯

---

૧. ચવ્યા-પડયા.

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

रे
क
र तुं रे
ઠા ણુ म હ त
म હિ મા क्य મ ખો તું
स દા સુ ખી થા સુ ઘ ડ र
ही મ ળી આ त क જો તું સ્વ ર ग
ઠ રે જ ઇ સ દા म હા સુ ખ મા ણે સા
र જ ડો ડે એ વાં ક र મ ઠ રી લે આ ભ व
वा ર જ વ દ સ ત્ય વા क દ લ પ ત વ દે તો भ
णुं
त

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### છત્રપ્રબંધ—છપય છંદ.

રે કર તું રેઠાણ, મહત મહિમા કયમ ખો તું,
સદા સુખી થા સુઘડ, રહી મળી આ તક જો તું;
સ્વર્ગ ઠરે જઇ સદા, મહાસુખ માણે સારજ,
કોડે એવાં કરમ, કરી લે આ ભવ વારજ;
વદ સત્ય વાક દલપત વદે, તો ભવસાગર તું તરે,
કર ઠામ સહી ઠરવાતણું, કરમકથા કયમ તું કરે. ૨૦

### ઝુલણા છંદ.

જગત પ્રતિપાળને જાણ રે જીવ તું,
તે વિના તુચ્છ છે જ્ઞાન તારું;
અધિક ઉપકાર કરતારનો માનજે,
માનજે સત્ય આ વેણ મારું;
આળ પંપાળ વાચાળ થૈ આચરે,
જગત પ્રતિપાળને જો ન જાણે;
એ થકી અબુધ તે કોણ આ કાળમાં,
વ્યાલના વદનનો વાળ તાણે. ૨૧
ખરચતાં મૂલ જગતમાં ન ખોળ્યું જડે,
શોભતું શરીર અમૂલ્ય આપ્યું;
અન્ન જળ વસ્ત્ર ઉપયોગી વસ્તુ રચી,
ઇષ્ટ દેવે મહા કષ્ટ કાપ્યું;
આજ પણ તું વસે તેહના રાજમાં,
અંત ભગવંતની પાસ જાવું;
એમ વિચાર નહિ કેમ વિચારિયે,
સ્થૂળ[1] તજી ક્યાં જઈ સ્થિર થાવું. ૨૨

---

૧. સ્થૂલ-શરીર.

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

## વૈભવ દેખી રીઝવું નહિ.

### ભુજંગી છંદ.

કહે શું થયું જો ઘણું તું કમાયો,
કહે શું થયું પૂર્ણ પૈસો જમાયો;
અરે અંતકાળે જવું ઉછળીને,
રખે રીઝતો રિદ્ધિ સિદ્ધિ રળીને. ૧
ઉંચા વાસ ચોખા ચુનાથી ચણાવ્યા,
તજી સર્વ તે સ્વર્ગ વાટે સિધાવ્યા;
વડા વાસ જેવા ન આવ્યા વળીને,
રખે રીઝતો રિદ્ધિ સિદ્ધિ રળીને. ૨
હીરા મોતીના હાર હૈયે ધરીને,
સદા શોભતા જે ગયા તે મરીને;
બની રાખ તેની ચિતામાં બળીને,
રખે રીઝતો રિદ્ધિ સિદ્ધિ રળીને. ૩
જીતી જુદ્ધમાં રાજ જેણે જમાવ્યાં,
મહા શત્રુનાં શીશ નીચાં નમાવ્યાં;
પડયા તે પ્રતાપી ધરામાં ઢળીને,
રખે રીઝતો રિદ્ધિ સિદ્ધિ રળીને. ૪
ન રાચીશ તું પુત્ર પૌત્રાદિ પામી,
ન રાચીશ સૌની લઇને સલામી;
ન રાચીશ કાયા અતિ ઉજળીને,
રખે રીઝતો રિદ્ધિ સિદ્ધિ રળીને. ૫
કદાપિ ન માનીશ જે દેહ મારો,
ટકીને રહ્યો જેહમાં જીવ તારો;
નકી જાણ ત્યાંથી જશે નીકળીને,
રખે રીઝતો રિદ્ધિ સિદ્ધિ રળીને. ૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મહા સિંધુ સુદ્ધાંનું બ્રહ્માંડ મોટું,
ખરેખાત જોતાં દિસે સર્વ ખોટું;
ટકેલું ભલું તે જવાનું ટળીને,
રખે રીઝતો રિદ્ધિ સિદ્ધિ રળીને. ૭
ઘણા વેગવાળી જુઓ કાળ ઘંટી,
બધું વિશ્વ તેમાં પડયું જેમ ખંટી;
દમી મારશે દેહ સૌના દળીને,
રખે રીઝતો રિદ્ધિ સિદ્ધિ રળીને. ૮
મચ્યા પ્રાણિયો સૌ રસસ્વાદ માટે,
વડી આશથી વીચરે વાટ ઘાટે;
મરે છે જુઓ મસ્ત ગોળી ગળીને,
રખે રીઝતો રિદ્ધિ સિદ્ધિ રળીને. ૯
ઘણા ગર્વમાં તું ફરે જેમ ઘેલો,
દીસે શ્રાવણે સાંઢ માતો થએલો;
છકેલો ફરે શીદ સૌને છળીને,
રખે રીઝતો રિદ્ધિ સિદ્ધિ રળીને. ૧૦
થયું દ્રવ્ય ભેગું ગયું બાર વાટે,
દળે આંધળી ને વળી શ્વાન ચાટે;
અરે તોય સૂજે નહીં આંધળીને,
રખે રીઝતો રિદ્ધિ સિદ્ધિ રળીને. ૧૧
અરે જીવ જો તું તને આજ આમે,
દીધી દેશના[1] શુદ્ધ દલપત્તરામે;
હવે સત્ય સંભાળ આ સાંભળીને,
રખે રીઝતો રિદ્ધિ સિદ્ધિ રળીને. ૧૨

દોહરો.

પરણ્યો લાડી મગાવીને, મળ્યા દીકરા રોક;
સુખા શરીર મહાલના, પણ ફૂલીશ માં ફોક. ૧૩

૧. દેશના-ઉપદેશ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust



## ત્રિશૂળબંધ છંદ.

### ચામર છંદ.

રોકડમાં મગાવી લાવિ,
લાવિ ગામમાં ફેરો,
રોકડ ખરા કદીક,
દીકરા ખડા કરો.

રોસનું અનેક જોર,
જો કને અનુસરો;
રોધશે મહાલ કાલ,
કાલ હામ શે ધરો.

## મોતના ભય વિષે–કુંડળિયા.

ડરરે દુનિયાદાર નર, ગાફલ ન ફર ગમાર,
કાળ મહા વિકરાળ છે, ખુદ તુજને ખાનાર;
ખુદ તુજને ખાનાર, જાણ ખાધો કે ખાશે,
નાસી શકે તો નાશ, પછી પસ્તાવા થાશે;
દાખે દલપતરામ, રામ ભજી આજ ઉગર રે,
શ્રી હરિનું લે શરણ, મારણથી મનમાં ડર રે. ૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બાધા પૂર્વજ પુરુષને, તું ગણુ તેનાં નામ,
પિતા પિતામહના પિતા, તે કયાં ગયા તમામ;
તે કયાં ગયા તમામ, જબર થઇ કોઇ ન જીત્યા,
પચ્યા કાળને પેટ, હતા નહતા થઈ વિત્યા;
દાખે દલપતરામ, નહીં રહિયા નિર્બાધા,
કાળે એમ કરોડ, પુરુષ પૂર્વજને બાધા. ૨
તારા તારી હેડીના, મિત્ર ગયા કઇ મરદ,
તોપણુ તું તેનું કશું, દિલમાં ન ધરે દરદ;
દિલમાં ન ધરે દરદ, ગરદ થઇ ગયો ગુમાને,
ભૂલી ગયો નિજ ભાન, વિષય રસ વારુણિ[1]પાને;
દાખે દલપતરામ, માની મન બોધ અમારા,
સ્નેહી ગયા સંભાર, તારી હેડીના તારા. ૩
કંઇ રાજા રાણા ગયા, ગયા કંઇક કંગાલ,
કઇ પૂરા પંડિત ગયા, ગયા મૂર્ખ નિર્મોલ;
ગયા મૂર્ખ નિર્મોલ, રહ્યા તે નહિ રહેવાના,
એક દિવસ અણુચિત, જગત છોડી જવાના;
દાખે દલપતરામ, હોય દુર્બલ કે તાજા,
સરખે માથે સર્વ, કોણુ રાણા કે રાજા. ૪
સુખમાં કાઢયા સર્વ દિન, કે દુઃખમાં દિનરાત,
સપનાંતર સમ સર્વ તે, વિસરી જાશે વાત;
વિસરી જાશે વાત, વિત્યા દિન જુઓ વિચારી,
કદી કીધો ઉપવાસ, જમ્યા કદી સુખડી સારી;
દાખે દલપતરામ, આજ ન મળે રસ સુખમાં,
તેમ ગયા તે ગયા, દિવસ દુઃખમાં કે સુખમાં. ૫
સુખે ગયેલા સમયનું, તજો અહંપદ આપ,
દુખે ગયેલા દિવસનો, શો કરવો સંતાપ;

---

૧. વારુણી—દારૂ.

P. P. Ac. Gunratnasuri M.S.    Jin Gun Aaradhak Trust

શો કરવો સંતાપ, પાપ કે પુણ્ય પકડશે,
જેનો જરૂર જવાબ, પૂછતાં દેવો પડશે;
દાખે દલપતરામ, લેખી દિન તેજ લખેલા,
નહિ બીજા નોંધાય, દુખે કે સુખે ગએલા. ૬
સરજ્યો રાજા સ્વપ્નમાં, ભોગવિયા ઉપભોગ,
હાકમ થઇ હકુમત કરી, પામી જર બળ જોગ;
પામી જર બળ જોગ, મોજ મન ગમતી માણી,
જ્યાં જાગીને જુવે, રૂએ થઇ પામર પ્રાણી;
દાખે દલપતરામ, આપ સંસાર સમરજો,
જન ભિખારી જેમ, સ્વપ્નમાં રાજા સરજ્યો.
એક ઘડીનું સ્વપ્ન છે, જુગ ઘડીનું પણ જાણ,
વડું સ્વપ્ન સો વર્ષનું, તે પણ તેજ પ્રમાણ;
તે પણ તેજ પ્રમાણ, જાણવું જે વહી જાશે,
સુખ દુખ દીઠું સર્વ, જુઠ જેવુંજ જણાશે;
દાખે દલપતરામ, તુલ્ય જળ ઝરણ ઝડીનું,
તેમજ સ્વપ્નું તુલ્ય, ઘણું કે એક ઘડીનું. ૮
એ સુખ કારણ એવડો, કરો હરખ કે શોક,
રાત દિવસ રઝળી મરી, ફાંફાં મારે ફોક;
ફાંફાં મારે ફોક, લોકમાં અપજશ લઇને,
કરે નઠારાં કામ, કષ્ટ આપે જન કઇને;
દાખે દલપતરામ, ભજે નહિ તું ભવતારણ,
કપટ ભરેલાં કૃત્ય, કરે શિદ એ સુખ કારણ. ૯
આદરવો ઉદ્યોગ પણ, ઇશ્વરપર આધાર,
રાખીને રહેવું ખુશી, લલચાવું ન લગાર;
લલચાવું ન લગાર, ધારવી ધીરજ ધરથી,
સજી સંતોષ સદૈવ, ન ડરવું જોખમ ડરથી;
દાખે દલપતરામ, કલેશ લવલેશ ન કરવો,
ઇશ્વરપર આધાર, ધરી ઉદ્યમ આદરવો. ૧૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aradhak Trust

### ઇંદ્રવિજય છંદ.

રાય ગયા ખહુ રાંક ગયા,
ને રહ્યા થકિ કોઇ નથી રહેવાનો;
ભારતખંડ સહિત અખંડ,
ભૂગોળ ભલો પણ ભાગી જવાનો;
સવ ગ્રહોપગ્રહો ગ્રહનાથ,
વિનાશ સમે નકી નાશ થવાનો;
કોણ હિસાખ કહે દલપત્ત,
હયાત દિસે પણ રંગ હવાનો. ૧૧

### દોહરા.

સુખ દુઃખ જુઠા સ્વપ્નનાં, સાચો સ્વપ્ન વિલાપ;
સ્વપ્ન તુલ્ય સંસારમાં, સત્ય પુણ્ય ને પાપ. ૧૨

દુખમય આ સંસાર છે, સુખ તો સ્વલ્પ જણાય;
અજ્ઞાની જન વિષયની, લાલચથી લલચાય. ૧૩

તાણો કાચા તંતુનો, સઘળો છે સંસાર;
સાત તાંતણા સાંધતાં, બીજા તૂટે બાર. ૧૪

### ઝુલણા છંદ.

તંતુ કાચાતણો તાણો સંસાર છે,
સાંધિયે સાત ત્યાં તેર તૂટે;
શરીર આરોગ્ય તો યોગ્ય સ્ત્રી હોય નહી,
યોગ્ય સ્ત્રી હોય ખોરાક ખૂટે;
હોય ખોરાક તો ન્હોય સંતાન ઉર,
હોય સંતાન રિપુ લાજ લુંટે;
કોય જો શત્રુ નહિ હોય દલપત્ત કહે,
સમિપ સંબંધીનું શરીર છૂટે. ૧૫

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

સમુદ્ર પ્રબંધઃ—

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સા | ગ | ર | નું | ક | હે | ક | દી | પા | ણી | ગ | ણી | જ્યા | જુ | એ | ત્યાં |
| ગ | ણિ | ત | ક | રે | તો | પ | ત્ર | મા | પી | આ | પે | વ | ન | ના | ભુ |
| ર | ધુ | રા | જા | જ | શ | જે | વે: | પા | મ્યા | પ્રો | ઢ | સે | ના | સ | જી |
| સ | જે | વા | ણી | કે | ક | મા | ણી | પિ | તા | થ | કી | ક | રે | ધ | ણી |
| મ | જા | ક | રે | ફ | રે | મો | તી | મા | ણ | ક | મા | ળા | ઓ | ધ | રે |
| સં | સા | ર | માં | જે | ક | ર્યું | તે | પા | પ | પુ | છા | વિ | લે | એ | વો |
| સા | રો | વા | યુ | ઘ | ર્યો | ત | પે | પિ | ગ | ળ | તાં | શો | ખી | રા | ખી |
| ર | ક્ષા | અ | ગ | ણિ | ત | તે | નો | મેં | ન | પા | ર | શ | કા | ય | જ |
| છે | લી | વા | રે | ઘ | ર | છો | ડી | પા | પી | પો | તે | જે | ન | ર | ક |
| નૈ | કા | ને | મા | ટે | પ | છી | ક્ષ | મા | મે | લી | ને | જ | ખ | મા | રે |
| ક | ણું | જે | કા | જ | ળ | જે | તું | પા | સે | નૃ | પ | રૂ | પ | પે | ખી |
| હ | મે | શાં | અ | નુ | ધ | પા | મ્યો | પી | ડા | અ | પ | ર | મ | પા | ર |
| રિ | દ્ધિ | ને | સિ | દ્ધિ | માં | મો | હ્યો | મા | ન | ની | નું | જો | ઇ | મૂ | ખ |
| નં | ત | ન | રી | તે | તું | ચા | હ્યો | પો | ટા | યો | સ | ઉ | પ્યા | ર | થી |
| ના | ત | ને | જા | ત | માં | ખ્યા | ત | પા | મ્યો | પૂ | રી | પે | શ | ર | હી |
| મ | હા | માં | ઉ | ણી | ત | બે | લા | મા | ન | થી | વિ | શ | દ | ર | ચિ |
| જો | જે | ભા | ઇ | અ | ગ | ણી | ત | પા | પ | માં | છે | ણ | વો | સા | ર |
| ના | સ | વા | નો | સુ | જ | શે | ન | મા | ગ | ભો | ગ | વો | શ | ડુ | ખ |
| વિ | ક | ટ | છે | ખ | રે | ખ | રી | મા | ન | જે | વિ | ચા | રી | વા | ત |
| ક | હ્યું | મા | ની | થા | ને | ડા | હ્યો | થા | ને | હે | તે | હ | રિ | જ | ન |
| ગુ | ણી | જ | ન | ય | થા | ર | થ | પી | છા | ણ | થી | ઉ | ર | ધ | ર |
| રુ | ડો | થા | રે | ઉ | મ | ર | નાં | ત્રે | પ | ન | વ | ર | સ | વી | ત્ય |
| જી | વ | જે | થી | લ | ક્ષ | વા | સા | સ્ત | મ | જ | ણ | ધા | રે | શુ | દ્ધ |
| જ | ર | ર | તું | હું | કે | ક | ળે | ટા | ઉ | કું | ક | ર | જે | કા | મ |
| હે | લી | મે | ડી | સુ | ખ | આં | હી | થી | ન | સા | થે | જા | ય | આ | ધું |
| મે | લી | જ | વું | જે | ક | ન | કે | અ | યુ | ત | પ્ર | યુ | ત | ને | વિ |
| લે | જે | વિ | જ્ઞા | ન | શો | ધી | વી | ઘા | થી | રૂ | ડી | રો | ક | ડ | તે |
| ઠે | ઠ | સુ | ઠે | કા | ણે | ઠ | રે | પી | ડા | ખ | ધી | પ | ડી | મુ | કી |
| ઠ | ગ | સા | ચું | મ | નુ | ષ્ય | ન | થી | જ | જા | ણે | પ | ક | છે | ક |
| મુ | ઢ | માં | ક | સૂ | ર | ને | ચ | સૂ | ર | જે | વો | ક | હે | વા | ય |
| કા | ન | ધ | રે | લ | ખાં | ડી | ઉ | ધા | ડી | ઘ | ણી | વા | તો | વિ | વે |
| મ | ન | તે | નું | હુ | કું | દ | લ | પ | ત | ક | હે | ર | હે | ને | દ: |

આ સમુદ્ર પ્રબંધમાં આવેલા શબ્દો સહેલાઇથી વાંચવ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ધનાક્ષરી છંદ.

| | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| મા | સં | વ | ળી | વિ | વ | ધ | ના | જે | વિ | ચા | ર | આ | પ | ઉ | ર; |
| વ્ર | ન | માં | વિ | દ્ધા | ન | જ્ઞા | ની | નો | શ્રે | સ | ર | સ | જ | રૂ | ર; |
| લૈ | લે | જ | સ | ને | સા | રી | સ | જા | વે | સિ | ધુ | પા | જ | પૂ | ર; |
| મે | ગી | ભ | ક્તિ | વ | ના | સ | ત્ય | ત | ત્વ | તે | થી | સ | દા | દૂ | ર. |
| ગ | મ | ત | માં | હિ | જો | રી | એ | તો | રૂ | પે | આ | આ | પે | ગ | ણી |
| નો | એ | ન | થી | જ્ઞા | ણે | ન | ર | ના | રી | ર | ક્ષા | કા | રી | ધ | ણી; |
| મૂ | મિ | ભ | ણી | ના | ઠા | પા | મ્યો | જો | શ્ર | સ | ન | સ | ઠા | ધ | ણી |
| કો | ણ | ગ | ણ | તિ | માં | ગ | તિ | ઈ | શ | અ | ભિ | માં | ન | ત | ણી. |
| ઘા | ટે | પા | ર | વિ | ના | ધ | રે | કા | ળ | ઠો | ટિ | અં | ગ | દુઃ | ખ; |
| લી | ધાં | નાં | ત | દ્ર | ત | પુ | રાં | હે | ખ | રાં | ને | ત | પી | ફૂ | ખ; |
| નેં | ણ | મ | લ | જ્ઞ | ઢી | ણ | તું | ત્રા | રી | ભ | રે | ર | ટી | ભૂ | ખ; |
| વા | યે | ચ | ઢી | ન | ર | તું | તો | ત | જો | મ | ન | માં | ન્યુ | સુ | ખ. |
| ટ | ઠી | પ | ડયે | પ | ણ | ખો | યું | તે | જ | ત | ન | આ | દિ | વ | ળિ; |
| જે | વે | પા | પે | રિં | એ | મ | ન | ની | શ | દી | ન | ભા | વે | ભ | ળિ; |
| ઘ | રાં | ખા | રાં | શ્ર | દ્ધા | ધ | રી | કો | ટિ | ઠી | ધાં | સ | વે | ર | ળિ; |
| હે | લા | માં | તે | મં | દ | મ | તી | ઇ | ર | શા | ની | ઘા | ળી | સ | ળિ. |
| તે | તો | ત | ને | ન | ર | ઠ | મ | દો | ખ | વ | શે | સ | દા | ઠા | ળ; |
| ધં | ધ | માં | આં | ત્રં | શ | ત્રુ | ની | ખ | ચી | શ | એ | ચા | ઢી | ચા | ળ; |
| ઘો | ખો | રે | પે | ઘ | ડ | તાં | ત | ને | તે | થી | ઠ | સ | ર | ટા | ળ; |
| થા | જિ | જ્ઞા | સુ | યા | ની | જ્ઞા | ની | તિ | મિ | ર | અ | નો | તિ | ખા | ળ. |
| ય | થા | ર | થ | વિ | વે | ઠ | ત | ને | તે | તે | ત | પા | સે | થા | ય; |
| છું | લી | વા | યે | જ્ઞા | ચઃ | ખી | લે | તિ | થે | તુ | લ્યુ | સ | દિ | ધા | ય; |
| તું | ઠી | વ | ય | ના | તું | ર | એ | વે | ગે | બી | જે | પ | ક્ષે | જા | ય; |
| કો | ઇ | ત | ને | તિ | ખાં | અ | ને | દ | હ | ન | વે | ણ | ન | ગા | ય. |
| પ | ડ | શે | લા | ગુ | તો | પા | પ | મ | ર | જો | તુ | વિ | ચ | રી | શ; |
| સ્તા | ર | નાં | ઋ | વિં | દ | શે | સુ | ખે | ગે | બી | અ | શ્વ | એ | ડી | શ; |
| ષા | વ | ર | ત | પ્ર | ગ | ટ | સ | કો | ચ | ન | હિ | અ | ણે | ની | શ; |
| માં | ગ | ળિ | ઠ | સ | દા | જ્યાં | ભ | ણ | ઠ | ન | હિ | ધિ | ઠ | દી | શ. |
| પ | છી | સા | ચુ | વ | ચ | ન | પો | તે | ઠ | હી | ન | શ | કે | સા | ર; |
| છી | તા | ધ | રા | વે | ને | તે | નો | નો | ખો | મ | ન | નો | ઠ | રા | ર; |
| પ | કે | ઠ | રી | દ | ગો | ભ | રે | મે | ળો | પા | પ | વા | ળો | ભા | ર; |
| હે | લ | ખ | ની | નાં | ખે | તે | સ | દ | ન | ની | જ | સ | દા | છા | ર. |

સાર છૂટા શબ્દો પાડીને આ નીચે લખ્યા છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સાગરનું કહે કદી પાણી ગણી જયાં જુએ ત્યાં,
ભાસે વળી વિવિધના જે વિચાર આપ ઉર;
ગણિત કરે તો પુત્ર માપી આપે વનમાં;
ભુવનમાં વિદ્વાન જ્ઞાની નિશ્ચે સરસ જરૂર;
"રઘુ રાજા" જશ જેવો પામ્યા પ્રૌઢ સેના સજી,
લે લે જશ ને સારી સજાવે સિંધુ પાજપૂર;
સજે વાણી કે કમાણી પિતા થકી કરે ઘણી,
ભેગી ભક્તિ વિના સત્ય તત્વ તેથી સદા દૂર. ૧
મજા કરે ફરે મોતી માણક માળાઓ ધરે,
ગમત માંહી જો રીઝે તો રૂપૈઆ આપે ગણી;
સંસારમાં જે કર્યું તે પાપ પુછાવી લે એવો,
નોખો નથી જાણે નર નારી રક્ષાકારી ધણી;
સારો વાયુ ધર્યો તપે પીગળતાં શેખી રાખી,
ભૂમિ ભણી નાઠો, પામ્યો જો શ્વસન[1] શંકા ઘણી;
રક્ષા અગણિત તેનો મેં ન પાર શકાયજ,
કોણ ગણુતિમાં ગતિ ઇશ અભિમાન તણી. ૨
છેલીવારે ઘર છોડી પાપી પોતે જૈ નરક,
ઘાટે પારવિના ધરે કાળ કોટી અંગ દુઃખ;
નોકાને માટે પછી ક્ષમા મેલીને જખ મારે,
લીધાં ન તદ્દત્ત[2] પૂરાં ઢેખરાં ને તપી કુખ;
કાળું જે કાજળ જેવું પાસે નૃપ[3] રૂપ પેખી,
નેણમાં લજ્જાહીણ તું વારી ભરે રટી ભુખ;
હમેશાં અશુધ પામ્યો પીડા અપરમપાર,
ધાયો ચઢી નર તું તો તજ્યો મન માન્યું સુખ. ૩
રિદ્ધિ ને સિદ્ધિમાં મોહ્યો માનનીનું જોઇ સુખ,

---

૧. શ્વસન-પવન. ૨. તદ્દત્ત-તે રસ્તે લેવએ તેટલાં. ૩. નૃપ-જમરાજા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ટકી પડયો પણ ખોયું તેજ તન આદિ વળિ;
નૂતન[1] રીતે તું ચાલ્યો પિટાયો સઉ પ્યારથી,
જેવે પાપે રીઝે મન નીશ દીન ભાવે ભળિ;
નાત્ય ને જાત્યમાં ખ્યાત પામ્યો પૂરિ દેશ રહિ,
ઘરાં બારાં શ્રદ્ધા ધરી કોટિ કીધાં સર્વ રળી;
મહા માંડણી તબેલા માનથી વિશદ[2] રચિ;
ડેલામાં તેં મંદમતિ ઇરશાની ઘાલી સળી. ૪

જોજે ભાઇ અગણીત પાપમાં છે એવા સાર,
તે તો તને નરકમાં દાખવશે સદા કાળ;
નાસવાનો સૂજશે ન માર્ગ ભોગવીશ દુઃખ.
ધંધમાં[3] આંહી શત્રુની ખેંચી રાખે ચાહી ચાળ;
વિકટ છે ખરેખરી માનજે વિચારી વાત,
ધોખો રહે વડતાં તને તેથી કસર ટાળ;
કહ્યું માની થાને ડાહ્યો થાને હેતે હરિ જન,
થા જિજ્ઞાસુ, ધ્યાની, જ્ઞાની, તિમર અનીતિ બાળ. ૫

ગુણી જન યથારથ પિછાણથી ઉર ધર,
યથારથ વિવેક તને તો તે તપાસે થાય;
રુડો થા રે ઉંમરનાં ત્રેપન વરસ વીત્યાં,
છેલી વારે જા ચાખી લે તીર્થ તુલ્ય સદ્વિવાય;
જીવ જેથી લક્ષવસા સમજણ ધારે શુદ્ધ,
ટુંકી વયના તું રખે વેગે બીજે પક્ષે જાય;
જરૂર તું ટુંકે કાળે ઠાઉકું કરજે કામ,
કોઈ તને તીખાં અને દહન વેણ ન ગાય. ૬

ડેલી મેડી સુખ આંહિથી ન સાથે જાય આવું,
પડશે લાગુ તો પાપ ભાર જ્યાં તું વીચરીશ;

૧ નૂતન–નવી. ૨. વિશદ–ઉજળા. ૩. ધંધ–લડાઇ.

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

મેલી જવું જે કનક અયુત[1] પ્રયુત[2] ને, વિસ્તા-
રનાં અર્વિંદ[3] શે સુખે ગેબી અશ્વ ખેડીશ;
લેજે વિજ્ઞાન શોધી વિદ્યાથી રુડી રોકડ તે,
વાવરતાં પ્રગટ સંકોચ નહિ અહોનિશ;
ઠેઠ સુ ઠેકાણે ઠરે પીડા બધી પડી મૂકી.
માંગલિક સદા જ્યાં ભણુક નહિ ધીક દીશ[4]. ૭

ઠગ સાચું મનુષ્ય નથીજ જાણે એક છેક,
પછી સાચું વચન પોતે કહી ન શકે સાર;
મૂઢમાં કસૂર ને અસૂર જેવો કહેવાય,
છીત ધરાવે ને તેના નોખો મનનો કરાર;
કાન ધરે લબાડી ઉઘાડી ઘણી વાતો વિષે,
પકો કરી દગો ભરે ભેળો પાપવાળો ભાર;
મન તેનું ટુંકું દલપત કહે રહે, ને દં-
ડેલ બની નાંખે તે સદન નિજ સદા છાર. ૮

દોહરા.

સમુદ્રની વસ્તુતણો, છેહ ન આવે છેક;
એમ સમુદ્ર પ્રબંધથી, ઉપજે અર્થ અનેક. ૯

પ્રભુ કૃત સમુદ્રથી થયાં, રત્ન રુડાં દશ ચાર;
કવિ કૃત સમુદ્રથી થયાં, એમજ રત્ન અઢાર. ૧૦

સમુદ્ર પ્રબંધમાં પહેલા અક્ષરની ઉભી લીટી વાંચતાં વંચાય છે તેઃ- દોહરો.

સાગર સમ સંસાર છે, નૌકા હરિનું નામ;
જો નાવિક ગુરુજી જડે, મેલે ઠેઠ મુકામ. ૧૧

પાંચમા અક્ષરો વાંચતાં-પ્રમાણિકા છંદ.

કરેજ ડેક જે ઘણી, ઘટેજ બુદ્ધિ તે તણી;
અસુખ થાય ઉલટું, સૂજે ન કામ સૂલટું. ૧૨

૧. અયુત-દસ હજાર. ૨. પ્રયુત-દસ લાખ. ૩. અર્વિંદ-પુત્રપુત્રાદિક વિસ્તારરૂપી કમળ તે પણ મુકીને જવું છે. ૪. ધિક્કાર તરફ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નવમા અક્ષરો વાંચતાં--**શીર્ષા છંદ.** દ્વિઅર્થી.

પામા[1] પાપીમાં પાપી, મેં મામા પાપી માપી;
પામા પામામાં થાપી, ત્રેસઠયાથી અઘાપી.　　૧૧

એમાં મતલબ એવી છે કે સને ૧૯૬૩ થી અંગ્રેજી વર્ષ પોસ મહિનામાં અને માગશર મહિનામાં એ છંદમાં બતાવેલા અક્ષર પ્રમાણે ઓગણીસ વર્ષ સુધી બેસે, અને પછી પણ એજ અનુક્રમે આવે; તેમાં પપે પોસ અને મમે માગશર સમજવો.

તેરમા અક્ષરોમાંથીઃ--**સમાનિકા છંદ.**

જયાં વસે કળા વિશેષ, જૈ જરૂર જોવું દેશ;
એવી ચાહ ઉર ધાર, જા યુરોપ એક વાર.　　૧૨

સત્તરમા અક્ષરોમાંથીઃ--**અનુષ્ટુપ છંદ.**

ભાવ લૈ ભેગનો ભૂંડો, 'ઘાલીને ઘાટ જે ઘડે;
તે ધંધો થાય છે ટૂંકો, પસ્તાવામાં પછી પડે.　　૧૩

એકવીસમા અક્ષરોમાંથીઃ--

विद्वानेव हि जानाति । विद्वज्जनपरिश्रमं ॥
नहि वंध्या विजानाति । गुर्वी प्रसववेदनां ॥१४॥

પચીસમા અક્ષરોમાંથીઃ--**ઉધોર છંદ.**

જેની જાત તો ના જોઇ, કાઢે વાત તેની કોઇ;
દાખે નેતિ નેતિ વેદ, ભાખે કોણ તેનો ભેદ.　　૧૫

ઓગણત્રીસમા અક્ષરમાંથીઃ—**દોહરો.**

આસપાસ આકાશમાં, અંતરમાં આભાસ;
ઘાસ આસની પાસ પણ, વિશ્વ અધિશનો વાસ.　　૧૬

---

૧. પામા—ખસનો રોગ.

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

ડાબી બાજુના ઉપલા ખુણાથી જમણી બાજુના નીચલા ખુણા સુધી વાંચતાં:--દોહરો.

શાણી રાણી ફક્તનો, પામે નૃપ જો પ્યાર;
ચિતે ધરે સુવિચારને, ભાગે નહિ શક ભાર. ૧૭

ડાબી બાજુના નીચલા ખુણાથી જમણી બાજુના ઉપલા ખુણા સુધી વાંચતાં:--દોહરો.

મનમાં ચુંકાશો નહીં, ઠામ નથી હરિ દૂર;
દેરાં પાડયે[1] નહિ પુરે, ઇશ્વર આશ જરૂર. ૧૮

---

## હરિ ભજવાનો ઉપદેશ.

### દોહરો.

અરે જીવ તેં જન્મિને, શોધી ન લીધો સાર;
ભ્રમણામાં ભૂલ્યો ભમી, ભર્યા પાપના ભાર. ૧

### ભુજંગી છંદ.

ભર્યા પાપના ભાર સંભાર ભાઇ,
કુડાં કર્મની ખૂબ કીધી કમાઇ;
મળ્યો માલ મેલી જવું છે મરીને,
હવે જીવ હેતે ભજી લે હરીને. ૨
બહુ જુક્તિએ જીભથી જૂઠ બોલ્યો,
ખરો સત્યનો તેં ખજાનો ન ખોલ્યો;
અરે તું ન ચાલ્યો રુડું આચરીને,
હવે જીવ હેતે ભજી લે હરીને. ૩

---

૧. મુસલમાનો હિંદુઓનાં દેરાં પાડીને ધારતા હતા કે આમ કરવાથી ખુદા અમારી આશા પુરી કરશે, તેઓને શિખામણનો આ દોહરો છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દયા છોડિને કૈંકને કષ્ટ દીધાં,
લુચાઇ કરી કૈકનાં દ્રવ્ય લીધાં;
દિલે દૈવથી દોષ દેખી ડરીને,
હવે જીવ હેતે ભજી લે હરીને. ૪
કહે ભાઇ કાયા ધરી શું કમાયો,
ગયો લાભ ને ઊલટો તું લુંટાયો;
ઠર્યો કાચમાં ઠેઠ સૂધી ઠરીને,
હવે જીવ હેતે ભજી લે હરીને. ૫
જનો કૈક જોને ગયા તૂજ જોતાં,
સગાં ને સબંધી રહ્યાં સર્વ રોતાં;
ધિખાવી દિધા ધોમ આળે ધરીને,
હવે જીવ હેતે ભજી લે.હરીને. ૬
હતી હામ હૈયે થતી છત્રછાયા,
જમીમાં સમાયા રુડા રાણિજાયા;
ન કોઇ બચ્યા તે ઉપાયો કરીને,
હવે જીવ હેતે ભજી લે હરીને. ૭
અરે તારું આયુષ્ય તો ઉડી જાશે,
સમો આવશે કાલ શા હાલ થાશે;
અભીલાખ ઊંડો રહ્યો આદરીને,
હવે જીવ હેતે ભજી લે હરીને. ૮
દિસે પુત્ર ને સ્ત્રી દિસે દાસ દાસી,
તથાપી અરે જીવ જો તું તપાસી;
તને મોતથી તારશે તે તરીને.
હવે જીવ હેતે ભજી લે હરીને. ૯
ઘણું ખાધું પીધું ઘણા ખેલ ખેલ્યો,
અબોટ્યો કશો સ્વાદ એંઠે ન મેલ્યો;
ફસાયો પુરો દેખ પાછું ફરીને,
હવે જીવ હેતે ભજી લે હરીને. ૧૦

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

કર્યાનું હતું શું અને શું કર્યું તેં,
ધર્મ્યું સોનું લૈ ધૂળ મધ્યે ધર્યું તેં;
ભમ્યો ભૂલમાં ભાર ભુંડો ભરીને,
હવે જીવ હેતે ભજી લે હરીને. ૧૧

વળી જો વિચારી ગયાં વર્ષ વ્હેતાં,
મટ્યા કેશ કાળા કહેતાં કહેતાં;
જરા આવી ઝાંખો થયો તું ઝરીને,
હવે જીવ હેતે ભજી લે હરીને. ૧૨

દિશા ભૂલી દિગ્મૂઢની પેર ડોલ્યો,
બકે તેમ આ તું ગમે તેમ બોલ્યો;
સજી શુદ્ધ વાણી તજી વૈખરીને,
હવે જીવ હેતે ભજી લે હરીને. ૧૩

ધખેલી તવીમાં ફૂટે જેમ ધાણી,
ફૂટે વિશ્વ મધ્યે ફટોફટ્ટ પ્રાણી;
અરેરે ન કોઇ રહ્યો ઊગરીને,
હવે જીવ હેતે ભજી લે હરીને. ૧૪

હજી ચેત બાજી બધી હાથમાં છે,
દયાળુપણું તો દિનાનાથમાં છે;
વિચારો વિવેકે મતી વાવરીને,
હવે જીવ હેતે ભજી લે હરીને. ૧૫

તજી ગર્વ આ સર્વ મિથ્યા તપાસી,
રહે આપને અંતરે જે ઉદાશી;
કહ્યો મોક્ષનો લક્ષ તે લોક કામે,
દિધી દેશના શુદ્ધ દલપત્તરામે. ૧૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## દોહરા.

અતિ ચિંતા ઉરમાં ધરે, મૂરખ વંશ નિમિત્ત;
બીજ જવાની આગ પતિ, ચિંતા ધરશે ચિત્ત.

પ્રભુએ પૃથ્વી જે રચી, અચરજ એહ અથાગ;
શીતળતા ઉપર દિસે, અંતર બળતી આગ.[1]

આ દુનિયામાં આપણું, નથી સરીગત કોઈ;
વેઠ પડી તે વેઠવી, કાં હરખી કાં રોઇ.

જનો આ સંસાર છે, સાગર વડા સમાન;
કાંઠા બે તેના કહું, જન્મ સ્થાન શમશાન.

સ્વપ્ન તુલ્ય સંસાર છે, પાપ પુણ્ય છે સત્ય;
તી શકો તો ચેતજો, દે શિક્ષા દલપત્ત.

## ઉપેંદ્રવજ્રા છંદ.

જથાતથા વાદ વૃથા વિસારી, કથા તથા કીર્તનને ઉચારી;
ધીરે રહી ધ્યાન ધરી ધરીને, હરી હરી બોલ ફરીફરીને. ૧

ઉચ્ચારનો ઉર વિચાર આણી, સુકર્મનો મારગ સત્ય જાણી;
કુકર્મને દૂર કરીકરીને, હરી હરી બોલ ફરીફરીને. ૨

ઉજાસથી અંતરને ઉજાળી, અનાડી ઉન્મત્તપણું પ્રજાળી;
ઠરેલ થૈ ઠીક ઠરી ઠરીને, હરી હરી બોલ ફરીફરીને. ૩

પવિત્રતા મિત્ર વિચિત્ર પાળી, હરામની હામ તમામ ટાળી;
દગાથકી દીલ ડરી ડરીને, હરી હરી બોલ ફરીફરીને. ૪

ચડીશમાં ચૂકી કુચાલ ચાલે, કરીશમાં ક્રોધ કદાપિ કાળે;
ભલાઇ ભંડાર ભરી ભરીને, હરી હરી બોલ ફરીફરીને. ૫

---

૧. આગ–મતલબ કે સંસારમાં ઉપર ઉપર સુખ દેખાય પણ અંતરમાં ભડકો હોય.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સુભાષણો સર્વસ સાંભળીને, ભલાભલા શોધકમાં ભળીને;
ખુશીથી લે વાત ખરીખરીને, હરી હરી બોલ ફરીફરીને. ૬
સુસંગતીની કર નિત્ય સેવા, લજાય શું લાભ અલભ્ય લેવા;
ગુણી સભા મધ્ય ગરીગરીને, હરી હરી બોલ ફરીફરીને. ૭
સુધર્મનો સ્વાદ સદૈવ સારો, ગણાય ચોખો ગુણવાન ધારો;
ચરાય તો નિત્ય ચરીચરીને, હરી હરી બોલ ફરીફરીને. ૮
ભલાં ભુંડાં ભાષણ મુખ ભાખે, ગણીગણી ઇશ્વરયાદ રાખે;
જરૂર ભૂલે ન જરીજરીને, હરી હરી બોલ ફરીફરીને. ૯
કરેલ કાયા ઘટ જેમ કાણો, ભરેલ આયુષ્ય જળ પ્રમાણો;
જશે બધું નીર ઝરીઝરીને, હરી હરી બોલ ફરીફરીને. ૧૦
અપાર સંસાર સમુદ્ર આ છે, સદાય તે સંકટની સિમા છે;
તઠાવ તું પાર તરીતરીને, હરી હરી બોલ ફરીફરીને. ૧૧
ધુમાડીનો ધૂમ્ર અનિત્ય એ છે, સુબોધ શિક્ષા દલપત્ત દેછે;
મનુષ્ય તો જાય મરીમરીને, હરી હરી બોલ ફરીફરીને. ૧૨

---

## ઇશ્વર ભજવાનો ઉપદેશ.

### લક્ષ્મીપર છંદ.

ઠીક થૈ જે ઠરેલો બધે ઠામ છે,
નાથ તે એક તેનાં ઘણાં નામ છે;
સર્વદા જો તમે કામ સાદાં સજો,
ભૂપના ભૂપને ભક્ત થૈને ભજો. ૧
જાણજો જ્ઞાન અજ્ઞાનને જુદ્ધ છે,
સેવવા જોગ તો શ્રીહરી શુદ્ધ છે;
ભૂત ને પ્રેતને તૂત જાણી તજો,
ભૂપના ભૂપને ભક્ત થૈને ભજો. ૨
કોટિ બ્રહ્માંડનો એજ કર્ત્તાર છે,
કામ જેનાં જુઓ સર્વ શ્રીકાર છે;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હે જનો હેતથી હેતુ તેના હજો,
ભૂપના ભૂપને ભક્ત થૈને ભજો. ૩
ઇંટ જેવાં જુઓ બિંબ આકાશમાં,
ભાળિયે આપણે ઇંદુ આભાસમાં;
સ્થાપનારાતણા આપ મિત્રો થજો;
ભૂપના ભૂપને ભક્ત થૈને ભજો. ૪
પાણી ને પૃથિવ પોતેજ પેદા કર્યાં,
ધ્યાન દે માનવીને રચીને ધર્યાં;
સર્જનારો હરી કોણ તે શોધજો,
ભૂપના ભૂપને ભક્ત થૈને ભજો. ૫
આપણે કાજ જે અંન પાણી ધરે,
કષ્ટ કાળે વળી તેજ રક્ષા કરે;
માનવી માત્ર જેથી કરે છે મજો,
ભૂપના ભૂપને ભકત થૈને ભજો. ૬
સિદ્ધિ જેની મહા શક્તિ દીસે સદા,
કોડ કાળે નહીં નાશ જેનો કદા;
વિશ્વના વાસિ સૌ વાલપે વંદજો,
ભૂપના ભૂપને ભકત થૈને ભજો. ૭
આદિ કે અંત જેનો નથી આવતો,
ભૂધરો એજ છે ભકતને ભાવતો;
ચાતુરી તેતણી ચિત્ત વિચારજો,
ભૂપના ભૂપને ભકત થૈને ભજો.
રોમમાં કોટિ બ્રહ્માંડ છે રાજતાં,
છેક ઝીણાંજ છે છિદ્રમાં છાજતાં;
રે તમે દીલમાં દાખલા રાખજો,
ભૂપના ભૂપને ભકત થૈને ભજો. ૯

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

લાખ વાતો તણો એક આલેખજો,
પ્રાણીના નાથને પ્રેમથી પેખજો;
મુક્તિનો માર્ગ તે મુખથી માગજો,
ભૂપના ભૂપને ભક્ત થૈને ભજો.
અંતરે ઇચ્છશો એ પ્રભૂ આપશે, ૧૦
સ્થિરતામાં સદા શોભીને થાપશે;
ભક્તિની વાત આ વેતથી વાંચજો,
ભૂપના ભૂપને ભક્ત થૈને ભજો. ૧૧

દોહરો.

ભજો ભક્ત થૈ ભાવથી, કૃપાળુ જન કરતાર;
રુડી દલપતરામની, સરવ કથાનો સાર. ૧૨

---

## પ્રભુ ભજવાનો ઉપદેશ.

ચંદ્રાવળા છંદ.

પ્રભુ ભજિયે તજિયે મન મમતા, સજિયે કારજ શુદ્ધ;
સકળ કળાનો સાર સમજિયે, તજિયે વચન વિરુદ્ધ,
તજિયે વચન વિરુદ્ધ વિચારી,
અમૃત સમાન વચન ઉચ્ચારી;
દલપતરામ કહે સજિ શમતા,
પ્રભુ ભજિયે તજીયે મન મમતા. ૧
કીર્તિ વધે તેવાં કૃત કરિયે, ડરિયે દેખી દોષ;
ભલી શિખામણ ભીતર ભરિયે, હૃદય ન ધરિયે રોષ;
હૃદય ન ધરિયે રોષ કદાપી,
કઠણ કથન કો કહે તદાપી;
દલપતરામ કહે દિલ ડરિયે,
કીર્તિ વધે તેવાં કૃત કરિયે. ૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શા માટે અપજશ સંઘરિયે, ભરિયે શિદ શિર ભાર;
મિત્રપણું અધિકું આદરિયે, મરિયે વળી જે વાર;
મરિયે વળી જે વાર વખાણે,
અંતરમાં પ્રીતિ સૌ આણે;
સહસ્ર વર્ષ સુધી સાંભરિયે,
શા માટે અપજશ સંઘરિયે. ૩

પરમ ધરમનાં કરમ કરીને, ભરમ ભાગી ભય છોડ;
મર્મ સમજ સજ શરમ સર્વદા, પ્રભુમાં પ્રીતિ જોડ;
પ્રભુમાં પ્રીતિ જોડ જરૂરથી,
સદગુણ સજ દુર્ગુણ તજ દુરથી;
હરઘડિયે સંભાર હરીને,
પરમ ધરમનાં કર્મ કરીને. ૪

વાયક શુભ સાંભળ સુખદાયક, લાયક થઇ લે લાણ;
ગણી ગણીને ગુણ નરનાયકના[1], ગાયક થઇ કર ગાન;
ગાયક થઇ કર ગાયન ગરજી,
મનમાં તેની સમજી મરજી;
દલપતરામ કહે દુખ ઘાયક,
વાયક શુભ સાંભળ સુખદાયક. ૫

ધર્મધુરંધરતા ધીરજ, ધર ધરણી ધ્યાન,
તુચ્છપણાની ટેવ તુરત તજ, ભજ ભાવે ભગવાન;
ભજ ભાવે ભગવાન ભજનથી,
સજ અંતરમાં સ્નેહ સજનથી;
દલપત કહે સદા સુકૃત કર,
ધર્મધુરંધરતા ધીરજ ધર. ૬

અખિલ ખખિલ દાતાનું અંતે, ઠરવાનું એ ઠામ;
તે માટે મહિનાના ત્રીસ દિન, નિશદિન રટિયે નામ;

૧. નરનાયક--પુરૂષોત્તમ અથવા પરમેશ્વર.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નિશ દિન રટિયે નામ ન ભૂલી,
કેલ કરી ફરિયે નહિ ફૂલી,
દલપત કહે કહ્યું સૌ સંતે;
અખિલ અખિલ દાતાનું અંતે. ૭

સુધર સુધર નર તું સુધરીને, સુધાર સૌ સંસાર;
આળસ સઉ તજી ઉદ્યમ રૂપી, કાં ન જમે કંસાર;
કાં ન જમે કંસાર સરસ તે,
તૃષિત મરે શિદ વારિ વરસતે,
કહે દલપત દિલ દીપ્ત કરીને,
સુધર સુધર નર તું સુધરીને. ૮

---

## ઉપદેશી સિંહાવલોકન.

### સવૈયા.

કરવા સુ વિચાર સદા દિલમાં,
ભવસાગર ભક્તિ કરી તરવા;
તરવાર બહાદુર તેજ ખરો,
દિલને નહિ દે દુખથી ડરવા;
ડરવાનું ગણે દિલ દુર્ગુણથી,
હરખાય પરાઈ પીડા હરવા;
હરવા પરદ્રવ્ય કહે દલપત્ત,
ચહે નહિ ચિત્ત બુરું કરવા. ૧

કરિયે પરમારથ પ્રીત સહીત,
અને કૃતિ ઉત્તમ આદરિયે;
દરિયે દુખને દુખતો જન દેખી,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દયા દિલમાં ધરથી ધરિયે;
ધરિયે રથ ચક્ર ફરે ધરણીપર,
તેમ દયા ગુણ વાવરિયે;
વરિયે વર અન્ય નહીં દલપત્ત,
પતિ જગ કારકને કરિયે. ૨
મળશે નહિ જન્મ મનુષ્યતણો,
અઘટિત કર્યાં કૃત ઉબળશે;
બળશે નહિ પાપ પછી સઘળાં,
તુજ સંકટ કોઇ ન સાંભળશે;
ભળશે દુખ આવી અનેક બીજાં,
ઉભરાની પેઠ અતિ ઉછળશે;
છળશે જમદૂત કહે દલપત્ત,
પછી તુજ પાપ પુરાં મળશે. ૩
ધરથી શુભ ધર્મ વિચાર ધરો,
ડરવું ન પડે જમના ડરથી;
ડરથી તજી ધર્મ ન દોષ કરો,
નિપજે નહિ કાંઇ કદી નરથી;
નરથી નીપજે સુખ કે દુખ તો;
પછી સર્વ પીડાય પરસ્પરથી;
પરથી ન બને કશુંએ દલપત્ત,
બનેજ બધું ધરણીધરથી. ૪
ધનમાં મન ધારી ધમાધમ કીધ,
રહ્યો નહીં નેહ નિરંજનમાં;
જનમાં ધરી જન્મ જનાવર જેમ,
ન કાઢી ઘડી કદી કીર્તનમાં;
તનમાં તરુણાઇ ઘટી દલપત્ત,
ઠરી વય વર્ષ અઠાવનમાં;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વનમાં પકડે પશુ પારધી તેમ,
અખીલ પડયો જમ બંધનમાં. ૫

મુખમાં મહારાજનું નામ ન લે,
સુખિયો થઇ શેખી કરે સુખમાં;
સુખમાં તુજ ધાર ધિકાર પડયો,
ધિક માત તને ધરિયો કુખમાં;
કુખનાં ભરી ભોજન પાન ભમે,
દીન નાથ સહાય કરે દુખમાં;
દુખમાં ન ધર્યો દલપત કહે,
પડી ચૂક અચૂક ચતુર્મુખમાં. ૬

મજમાં ગુણ કે ગણ દોષ ભલે પણ,
દાખીશ દેખીશ તે તજમાં;
તજમાં પચી પાન ઇલાઇચીમાં,
ખરચ્યા ખુરદા રદ કારજમાં;
રજમાં ગયું તારું રચ્યું શુભમાં,
ઉચર્યા થકી ઓછું ભર્યું ગજમાં;
ગજમાં હયમાં દલપત્ત કહે,
દિલ દાખ્યું નહીં હરિ નામજમાં. ૭

પળિયે તુજ શીશ સપેત થયું,
જેમ ફુલ સુકાય ફુલી કળિયે;
કળિયે તુજ પંડ પ્રવેશ કર્યો,
ધુર ધર્મની ધોરી તજી ગળિયે;
ગળી એજ રીતિ ગણી તે ગણતાં,
પણ આશ જે પત્ર ફળે ફળિયે;
ફળિયે જન દીન દીઠો દલપત્ત,
ન પાણીજ પાયું કદી પળિયે. ૮

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઘટમાં ઘણી ઘાત અઘાત ભરી,
છળ ભેદ કરે પછી છેવટમાં;
વટમાં ન રહ્યો જન જાતિ તણી,
લલચાઇ રહ્યો જન લંપટમાં;
પટમાંહિ મનોહર પેચ રચી,
શણગાર સજે અતિ ઉલટમાં;
લટમાંહિ ફુલેલ ધરી દલપત,
ઘુંમે પછી સુંદર સંઘટમાં. ૯
કર વાવરિયે શુભ કામ વિષે,
ધરી હામ પરાઇં પીડા હરવા;
હરવાતતણું સમજી મન હારદ,
જ્ઞાની થવું ગુણ સંઘરવા;
ઘર વાસ વસી ઘણી પુંજી કરો,
પરલોક વિષે પછી વાવરવા;
પરવાર મળે પળ પાંચતણો,
કરિયે મન જ્ઞાન કથા કરવા. ૧૦

---

## ઉદારતા વિષે.

### વસંતતિલકા વૃત્ત.

જો ઇશ્વરે અતિ ઘણું ધન ધાન્ય આપ્યું,
કંગાલતા કુભવતા તણું કષ્ટ કાપ્યું;
પૃથ્વી વિષે દશદિશે જશ પાથરો રે,
ઔદાય કાય કરવા કર વાવરો રે. ૧
પ્રત્યક્ષ ભક્ષ નવટાંકજ નિત્ય પામો,
તો રાંકને તુરત તેથકિ ટાંક વામો;

P. P. Ac. Gunratnasuri M.S.    Jin Gun Aaradhak Trust

હે વૃદ્ધ બાળ તરુણા કરુણા કરો રે,
ઔદાર્ય કાર્ય કરવા કર વાવરો રે. ૨

રે માનવી સરવ માનવો વાત મારી,
છે અર્થની નથિ અનર્થની કે નઠારી;
શાસ્ત્રોવિષે લખત છે મત છે ખરો રે,
ઔદાર્ય કાર્ય કરવા કર વાવરો રે. ૩

જે વાવર્યું સુકૃતમાં વર્યું તે તમારું,
દાટેલ જે ઘરજમાં રજમાં જનારું;
ધીમંતતા કથનમાં મનમાં ધરો રે,
ઔદાર્ય કાર્ય કરવા કર વાવરો રે. ૪

જો રોધ કીધ જળપૂર જતાં સુપંથે,
તો પ્રૌઢ પૂર પછી તે પ્રસરે કુપંથે:
ઉભો રહે નહિ અહર્નિશ ઉભરો રે,
ઔદાર્ય કાર્ય કરવા કર વાવરો રે. ૫

હાથી હજાર પતિ હાકમ જે હતા તે,
છે કોઇ છેવટ સુધી છતમાં છતા તે;
ઉચ્ચાર એમ ગણના ગણી ઉચ્ચરો રે,
ઔદાર્ય કાર્ય કરવા કર વાવરો રે. ૬

થોકે મળી સ્થિર કદી સ્થળમાં થવાના,
પૈસા પછીથી પળમાં જળમાં જવાના;
એ કારણે અતિ રુડાં કૃત્ય આદરો રે,
ઔદાર્ય કાય કરવા કર વાવરો રે. ૭

તે ધન્ય ધન્ય ધરણીપર પીંડ ધારી,
જે ખાંત રાખી ખરચે વિતને વિચારી;
પોતે સુપંથ સમજે પણ પાંશરો રે,
ઔદાર્ય કાર્ય કરવા કર વાવરો રે. ૮

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જે દીનને પ્રતિદિને સુખ દાન દાતા,
તે ધન્ય તેમજ મહા ધન તાત માતા;
એવું વિચારી શુભ સાધન સંઘરો રે,
ઔદાર્ય કાય કરવા કર વાવરો રે. ૯
જો ખાન પાન સનમાનનું દાન દેશો,
તો જ્ઞાનવાન ભગવાનથી માન લેશો;
અંતે અભિષ્ટ મળી કષ્ટથી ઉગરોરે,
ઔદાર્ય કાય કરવા કર વાવરો રે. ૧૦
જો લાખ લાખ અભિલાખ અખંડ રાખો,
તો ટાળીને અશુભતા શુભ ભાવ ભાખો;
પાપીષ્ટ છે કઠણ બોધ કરો પરો રે,
ઔદાર્ય કાર્ય કરવા કર વાવરો રે. ૧૧
કીધો પ્રસિદ્ધ પરિપૂરણ પાઠ આ મેં,
રુડો વિચાર રચિને દલપત્તરામે;
લોકોપકાર કરતાં દિલ ના ડરો રે,
ઔદાર્ય કાર્ય કરવા કર વાવરો રે. ૧૨

દોહરા.

ઉદાર જન ને ઇંદુથી, બહુનું પોષણ થાય;
જેની જગમાં ઝગમગે, સોળે કળા સદાય. ૧૩
ઉદાર પુરુષ ઉદારતા, તજે ન સહી પરિતાપ;
આંબાને પથરો હણે, પણ આપે ફળ આપ. ૧૪

ઇન્દ્રવિજય છંદ.

વાંસ બળી રૂળી જાય ભલે પણ,
મોભ તણો કદિ ક્ષોભ ન થાશો;
ડાળખી પાન ખવાય ભલે,
અડ મૂળ ખચીત કદી ન ખવાસો;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કોઇક અંગ કપાય કદી પણ,
મસ્તક એક કદી ન કપાશો;
સોય જશે દલપત્ત કહે,
પણ સો જણનો સરદાર ન જશો. ૧૫

---

## સારું કામ કરવા વિષે.

### ઉપજાતિ વૃત્ત.

અરે રુડો માનવ દેહ આવ્યો,
બહુ પ્રતાપી પ્રભુએ બનાવ્યો;
તમે વિચારો હિત જો તમારું,
કરો કરો કાંઇક કામ સારું. ૧
ન કાઢશો કાળ કદી નકામો,
પરોપકારી શુભ નામ પામો;
દગાઇથી નામ ઠરે નઠારું,
કરો કરો કાંઇક કામ સારું. ૨
સુકીર્તિનો સ્વાદ સદૈવ ચાખો,
આલોકમાં નામ અખંડ રાખો;
તો વાગશે નિર્ભયનું નગારું,
કરો કરો કાંઇક કામ સારું. ૩
જગત્પતિ ને પ્રિય કામ જે છે,
આલોકમાં ઉત્તમ કામ તે છે;
બીજું બધું માલ વિના બિચારું,
કરો કરો કાંઇક કામ સારું. ૪
હેતે કરો પુણ્ય પવિત્ર હાથે,
હાથે કર્યું તેજ સદૈવ સાથે;
બીજું નહીં એક મળે બુઆરું,
કરો કરો કાંઇક કામ સારું. ૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દુષ્ટો મરીને અતિ દુઃખી થાય,
જે દુઃખ જીભે ઉચર્યું ન જાય;
ચિત્રો વિષે કેમ કરી ચિતારું.
કરો કરો કાંઇક કામ સારું. ૬
જરે કરી ઉન્મતતા ન આણો,
જરે કરીને નહીં શ્રેષ્ઠ જાણો;
જરે કરીને ન રમો જુવારું,
કરો કરો કાંઇક કામ સારું. ૭
આયુષ્યમાંથી પળ ઓછી થાય,
મહા મુલી તે નહિ મેળવાય;
જરૂર આ જીવન છે જનારું,
કરો કરો કાંઈક કામ સારું. ૮
મહીપતીઓ પણ રાજ મેલી,
ખપી ગયા ભૂપર ખેલ ખેલી;
વિશેષ શું વર્ણન હું વધારું,
કરો કરો કાંઇક કામ સારું. ૯
નથી નથી નિશ્ચળ દ્રવ્ય દેહ,
નથી નથી નિશ્ચળ નારિ નેહ;
અંતે થશે તે સઘળું અકારું.
કરો કરો કાંઈક કામ સારું. ૧૦
સંસારનું સુખ સુધા સમાન,
નિશ્ચે તમે માની રહ્યા નિદાન;
ખચીત થાશે અતિ એજ ખારું,
કરો કરો કાંઈક કામ સારું. ૧૧
મનુષ્ય કાયા નથી મોજ માટે,
ઘડી નથી તે પશુ પક્ષિ ઘાટે;
અખંડ સ્વર્ગે સુખ આપનારું,
કરો કરો કાંઇક કામ સારું. ૧૨

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

### શાર્દૂલવિક્રીડિત વૃત્ત.

કોડે કામ કરો કૃપાળુ બનીને, સૌ શાસ્ત્ર શિક્ષા કહે,
જેથી શ્રી જગદીશ રીસ તજીને, રાજી હૃદેમાં રહે;
આ શિક્ષા સુણીને સુબોધ ગણીને, સુસ્નેહ સંભારજો,
દાખે છે દલપત્તરામ દિલમાં, ધીરા જનો ધારજો. ૧૩

### દોહરા.

જો સુખ ઇચ્છો જગતમાં, કરો સદા શુભ કામ;
એ શિખામણ અહરનિશ, દે છે દલપતરામ. ૧૪
સરસું કરતાં વાર બહુ, નરસું તરત કરાય;
સાકર ગંધક તેલથી, તરત કોયલો થાય. ૧૫
જેવા તેવા નર કહે, તે નવ કરીએ કામ;
જે વાતે વાનર કહે, તે નવ કરીએ કામ. ૧૬
સારું નરસું કામ કરી, પછી જુઓ પરિણામ;
વિખ અમૃત વાવી જુઓ, દાખે દલપતરામ. ૧૭

### મનહર છંદ.

સારું કામ કરે તેની ખામીઓ ન ખોળી જોવી,
સારા સારા ગુણ જોઇ કહેવું જે સારું છે;
શાણપણે શાણા જનો સજે કામ તોય તેમાં,
નક્કી જાણો કશું કહેવાનું રહેનારું છે;
ઇશ્વરના કામમાં અનેક રીતે ખામી ભાસે,
મહિમાં મિઠાશ નહિ નિધિ જળ ખારું છે;
કહે દલપત કોટી ભાનુનો આભાસ છતાં,
આશમાની રંગ આ આકાશમાં અંધારું છે. ૧૮

### દોહરો.

સૌ વાતે પડદો ભલો, ખુલ્લે દિસે બગાડ;
ત્વચા મઢયું શોભે શરીર, વસે માંહિ ગંદવાડ. ૧૯

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## પોતે પોતાનું કામ કરી લેવા વિષે.

### દોહરા.

અંતરમાં ઇશ્વર ધરી, પ્રેમે કરી પ્રણામ;
શુભ ભાસે તે સર્વદા, કર તું તારું કામ. ૧
કોઇ વખાણે વિશ્વમાં, કોઈ કરે બદનામ;
તેની તો ચિંતા તજી, કર તું તારું કામ. ૨
પ્રથમ વિચારી તપાસી જો, પોતે તું પરિણામ;
શુભ ફળદાયક સંભવિત, કર તું તારું કામ. ૩
સ્વભાવ જુદા સર્વના, તે નહિ મળે તમામ;
કો સારું નરસું કહે, કર તું તારું કામ. ૪
બહુ ધન ખરચી બાંધીએ, ધરણી ઉપર ધામ;
કોઇ ઉંચું નીચું કહે, કર તું તારું કામ. ૫
ભલા કુવાને પણ ભલો, ગણે ન સઘળું ગામ;
કે' કો પહોળો સાંકડો, કર તું તારું કામ. ૬
સજ્જન તણી સલાહ લઇ, ઠીક ઠરી મન ઠામ;
ભાસે જે તુજને ભલું, કર તું તારું કામ. ૭
પ્રારંભ્યું પૂરું કરી, વળતી લે વિશ્રામ;
વચમાં વાત ન સાંભળીશ, કર તું તારું કામ. ૮
આળસ તજી અહોનિશ, હઇડે રાખી હામ;
સર્વેનું શુભ ચાહીને, કર તું તારું કામ. ૯
કોઇ સુરખ્ખી માનશે, કોઇ ગણશે ગુલામ;
હરખ શોક તેનો તજી, કર તું તારું કામ. ૧૦
જે માટીના માનવી, તે શું દેશે દામ;
ઇશ્વરની આશા ધરી, કર તું તારું કામ. ૧૧
સલાહ સારી સર્વદા, દે છે દલપતરામ;
નિર્મળ મન નિશ્ચય કરી, કર તું તારું કામ. ૧૨
તેજ તમારું જાણજો, કીધું જે શુભ કામ;
બાકી બીજા પૃથ્વી વિષે, ઘટયા રહેશે દામ. ૧૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aradhak Trust

પ્રભુની ચહાય પ્રસંનતા, કરે તેજ શુભ કામ;
કાં કીર્તિ ભૂખ્યો કરે, નિશ્ચળ રહેવા નામ. ૧૪
નિંદા સ્તુતિ નવ ગણો, કરો આપ શુભ કાજ;
કયાં જાય છે કામ નિજ, જેમ મેહ રવિરાજ. ૧૫

## ચોકીબંધ સવૈયો.

વાર તમે તલભાર કરો ન, સદા શુભ કામ ધરો કરવા,
વાર કરો ધસી દીન જનોની, કરો જન કષ્ટથકી નરવા;
વાર નકી થઇ છે વચમાં તઈયારી થઇ ફરવા મરવા,
વારમવાર કહે દલપત્ત, ચઢો ભવતીર તમે તરવા. ૧૬



ઇંદ્રિવિજય છંદ.

પ્રાણી વિચાર વિલંબ કરીકરી,
કામ ઘણાં કરવા ઉર ધારે;
આયુષ આમ તમામ જશે વહિ,
કામ કર્યાનું કરીશજ ક્યારે;
જાવું પડે પછી રાત પ્રભાત,
જમાત મળે જમદૂતની જ્યારે;
કામ ભલાં દલપત્ત કહે કર,
જે કરું તે કર આજ અત્યારે. ૧૭

દોહરો.

નામ કામનાં શું ગણો, કરી બતાવો કામ;
પુત્ર હજી તો પેટમાં, આગળથી શું નામ. ૧૮

મનહર છંદ.

ઢોંગ ધરી દુનિયામાં દેખાડવું ભલું ડોળ,
એવી તો સંસાર વિષે સૌને સમજણ છે;
પોતાની તપાસ્યા વિના ભાખવી બીજાની ભૂલ,
એ વિદ્યાથી ભૂતળમાં ભાગ્યેજ અભણ છે;
ભલાં ભલાં ભાષણોથી ભાખી તો શકાય પણ,
કરી ન શકાય એજ એક અડચણ છે;
કહે દલપતરામ કહેવું સરસ કામ,
કહેવું તેવું કરી દેખાડવું કઠણ છે. ૧૯

---

## પરોપકાર કરવા વિષે.

કુંડળિયા—ભુજંગી છંદ.

રાખી દયા હૃદય વિષે, કરો લોક ઉપકાર,
ઉત્તમ કારજ એજ છે, સર્વ ધર્મનો સાર;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બધા ધર્મનો સારમાં સાર એ છે,
કથા વારતા ગ્રંથકારો કહે છે;
શિખી સાંભળીને જુઓ શબ્દ સાંખી,[1]
બનો ઉપકારી, દયા દીલ રાખી. ૧
સર્વે લોકો છે સગા, પિતા એકનું પેટ,
એ સઉમાંથી એક પણ, નથી પરાયો નેટ;
પરાયો નથી નેટ એ મહ્ય એકે,
વડી બુદ્ધિ લાવી વિચારો વિવેકે;
ગયું જ્ઞાનનું ભાન અત્યંત ગર્વે,
સગાઇ જુનીથી ગયા લોક સર્વે. ૨
પ્રીતિ જેવી પુત્ર પર, ભ્રાત ઉપર જે ભાવ,
સ્નેહ તેહવો સર્વ પર, ઠરવા કરો ઠરાવ;
ઠરાવો સદા સ્નેહ સૌ લોક સાથે,
મયા રાખજો માનવી માત્ર માથે;
રુડી જાણજો અંતરે એજ રીતિ,
પુરી રાખજો પુત્રની તુલ્ય પ્રીતિ. ૩
પામે પીડા પુત્ર તો, તાત ધરે સંતાપ,
પિતા અધિક પસ્તાય જો, પુત્ર કરે બહુ પાપ;
બહુ પાપ જો આદરે પુત્ર પાપી,
તજી દે નહીં તાત તેને તથાપિ;
રુડું એહનું ઇચ્છશે સર્વ ઠામે,
પિતા શોચશે જો પીડા પુત્ર પામે. ૪
એજ રીતે જન અખિલનું, ઇચ્છો રુડું આપ,
તરત કરો જયમ તેહના, સર્વ ટળે સંતાપ;
ટળે સર્વ સંતાપ સર્વે પ્રજાના,
મહા વૈભવો ભોગવે તે મજાના;

૧. સાંખી-માની.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સદા કાળ શોભે સમૃદ્ધિ સહીતે,
રુડું અંતરે ઇચ્છજો એજ રીતે. ૫

દુઃખ દેખી દિલ ધરી દયા, દેવું સુખનું દાન,
તન મન ધન તે કારણે, કરો સકળ કુરબાન;
કરો સર્વ કુરબાન ને કષ્ટ કાપો,
નિરાશ્રીતને આશરો નિત્ય આપો;
રુડા જન્મનો સારમાં સાર લેખી,
દયા રાખજો દીલમાં દુઃખી દેખી. ૬

આપ વિચારો આપનું, દેહતણું જે દુઃખ,
સમજો તેવું સર્વને, દેહ દુઃખ કે સુખ;
અરે દુઃખ કે સુખ સર્વેનું એવું,
લગારે નહીં ન્યૂન ધારીજ લેવું;
તથા ચિત્ત ચાતુરી ધિક્કાર વ્યાપે,
વિચારી જુઓ આપનું ચિત્ત આપે. ૭

સદા સર્વને માન દ્યો, કદિ ન કરો અપમાન,
આપે જે અપમાન નર, નકી એજ નાદાન;
નકી એજ નાદાનની જાત નીચી,
મુખે બોલશે બોલ જે આંખ મીચી,
નહીં લાયકી એ થકી લેખી લેજો,
સદા સર્વને આપ સન્માન દેજો. ૮

જુઓ સર્વ સૃષ્ટિ વિષે, નજર કરીને નિત્ય,
મનુષ્યપર મહારાજની, સૌથી પુરી પ્રીત;
પુરી પ્રીત સૌથી મનુષ્યોજ પામ્યાં,
જુઓ જે થકી જુક્તિએ ખૂબ જામ્યાં;
દયાવંત તે ઉપરે દેવ દૃષ્ટિ,
તપાસી તમે તો જુઓ સર્વ સૃષ્ટિ. ૯

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aradhak Trust

તે માટે સજ્જન તમે, જનપર પૂરણ પ્યાર,
રાખો તો પ્રભુ રીઝશે, કૃપાસિંધુ કર્તાર;
કૃપાસિંધુ કર્તાર ભર્તાર રીઝે,
નહીં તો ખરેખાત તે ખૂબ ખીજે;
કહું છું કથા તે વૃથા જાય વાટે,
સુણો સજ્જનો સૌ તમો તેજ માટે. ૧૦
તમે પ્રીત તે ઉપરે, રાખો રુડી રીત,
તો તે જન તમ ઉપરે, પુરી રાખશે પ્રીત;
પુરી રાખશે પ્રીત તે રીત રુડી,
કશી એ વિષે વાત એકે ન કૂડી;
ચતુરાઇથી પ્રીતનો સ્વાદ ચાખો,
તમે પ્રીત તે ઉપરે રોજ રાખો. ૧૧
ઇચ્છે ભુંડું આપણું, કદિ અજ્ઞાની કોઇ,
તોપણ તે જનનું તમે, જરૂર રીઝો સુખ જોઇ;
રીઝો સુખ જોઇ તથા તોય તેનું,
કદી ઇચ્છશો માં દિલે કષ્ટ કેનું;
પુરા હોય તે તો નકી એમ પ્રીછે,
ભલે કોઇ જો આપણું ભુંડું ઇચ્છે. ૧૨
સુખ પામે સઘળી પ્રજા, ઓ ઇશ્વર એ આપ,
હેતૂ કે શત્રુ હજો, પણ થાજો નિષ્પાપ;
થજો સવ નિષ્પાપ સત્કર્મ પામી,
કશી વાત કોરી રહેશે ન ખામી;
હૃદેની રુચિ બોલી દલપત્તરામે,
પ્રજા સર્વ સારી રીતે સુખ પામે. ૧૩

**સર્વતોભદ્ર ચક્ર પ્રબંધ—સવૈયા ૪૮.**

પર કામ કરો મન પ્રેમ ભરી,
ભજી પ્રાણપતી શૂરવીર ઠરી;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નર હામ ધરો જન એમ કરી,
સજિ જાણુ મતી દૂર શીર કરી;
થર ઠામ ઠરો ઘન જેમ ઝરી,
ગજિ ભાણુ ગતી પુર નીર તરી;
કર આમ ભરો તન નેમ ધરી,
તજિ તાણુ અતી ઉર ધીર ધરી. ૧૪




P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સવૈયા ૨ જો.

ઠામ કરો મન પ્રેમ ભરી;
ભજિ પ્રાણપતી શૂરવીર ઠરી;
નર હામ ધરો જન એમ કરી,
સજિ જાણુ મતી દુર શીર કરી;
થર ઠામ ઠરો ઘન જેમ ઝરી.
ગજિ ખાણુ ગતી પુર નીર તરી;
કર આમ ભરો તન નેમ ધરી,
તજિ તાણુ અતી ઉર ધીર ધરી. ૨

૩ જો.

પર કામ કરો મન પ્રેમ ભરી ભજિ,
પ્રાણુ પતી શૂરવીર ઠરી નર હામ
ધરો જન એમ કરી સજિ,
જાણુ મતી દુર શીર કરી થર ઠામ
ઠરો ઘન જેમ ઝરી ગજિ,
ખાણુ ગતી પુર નીર તરી કર આમ
ભરો તન નેમ ધરી તજિ
તાણુ અતિ ઉર ધીર ધરી પર કામ. ૩

૪ થા.

મન પ્રેમ ભરી ભજિ પ્રાણપતી,
શૂર વીર ઠરી નર હામ ધરો;
જન એમ કરી સજિ જાણુ મતી,
દુર શીર કરી થર ઠામ ઠરો;
ઘન જેમ ઝરી ગજિ ખાણુ ગતી,
પુર નીર તરી કર આમ ભરો;
તન નેમ ધરી તજિ તાણુ અતી,
ઉર ધીર ધરી પર કામ કરો. ૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અર્થ.

ઉપર લખેલા પહેલા સવૈયાનો અર્થ આ નીચે લખ્યો છે; તેના આધારથી તેમાંના બીજા સવૈયાનો અર્થ પણ સમજનારથી સમજી શકાશે:—

મનમાં પ્રેમ ભરીને પારકાં કામ એટલે પરોપકારી કામ કરો; વળી શૂરવીર કરીને પ્રાણના પતિ જે પરમેશ્વર તેને ભજીને હે માણસો ! જનજાતિ પામીને એમ એટલે બતાવ્યા પ્રમાણે કરીને હિંમત ધરો; અને સુજાણબુદ્ધિ સજીને, માથું દૂર મૂકીને, હિંમતનું કામ કરો; મતલબ કે માથાની ફીકર રાખ્યા વગર લડે છે, તેમ વળી વરસાદની પેઠે ઉદારતાથી ઝરીને એટલે દાન કરીને થર એટલે સ્થિર અચળ ઠેકાણે સ્વર્ગમાં ઠરો; અને આ-લુના જેવી ગતિથી ભર્જના કરીને સંસાર સમુદ્રના નીરનું પૂર તરીને "અચળ થાઓ." શરીર નિયમ ધરીને, આવી રીતનો ઇશ્વરી કર એટલે વેરો ભરો, બીજી ઘણી તાણખેંચ તજીને મનમાં ધીરજ ધરીને એમ કરો.

દોહરા.

એજ વિચાર ઘણો વડો, એજ વડો આચાર;
માણસ માત્રે મન ધરી, કરવો પરોપકાર. ૧૫
પરમેશ્વરને પામવા, ઇચ્છો પ્રેમ અપાર;
નેહ ધરી નર નારિયો, કરો ગુપ્ત ઉપકાર. ૧૬
જપ તપ તીરથ વ્રત નિયમ, સૌ સાધારણ ધર્મ;
પરોપકાર કરો સદા, એજ ધર્મનો મર્મ. ૧૭
લાયક આશિષ લોકની, વિશેષ જાય ન વ્યર્થ;
આશિષ આસડ ફારશી, એક શબ્દનો અર્થ. ૧૮

છપ્પા.

અતિશય બની ઉદાર, કરો પ્રીતે પરમારથ,
વ્યર્થ બીજો વ્યવહાર, એજ સાચો છે સ્વારથ;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રીઝે જગનો રાય, થાય નાણું જો થોકે,
નહીં રહે કશું ન્યૂન, પુણ્ય ફળશે પરલોકે;
ટપકે ટપકે સરવર ભરે, પાળ કાંકરે કાંકરે,
હિંમત ધરી હાથો હાથથી, નાખો કણ નવ ટાંક રે. ૧૯

દોહરા.

લાભ લીધો પર લોકનો, ધર્યું અવિચળ ધામ;
પ્રીતે પર ઉપકારનાં, કીધાં જેણે કામ. ૨૦
માન તરત કદિ નવ મળે, તો તેથી શું થાય;
ખેડ કરી શુભ કામની, તે નિષ્ફળ નવ જાય. ૨૧

---

## કોઇનું ભલું કરવાથી પ્રભુ રીઝે છે.

દોહરા.

કરીએ સારું કોઇનું, એજ ધર્મનું કર્મ;
બીજા કલ્પિત ધર્મ છે, મનમાં સમજો મર્મ. ૧
તે માટે મનમાં તમે, કરજો પ્રથમ વિચાર;
આ કરવાથી કેટલો, થાશે પરોપકાર. ૨

હરિગીત છંદ.

તું તીર્થમાં જયાં ત્યાં વિચરતો ધર્મ જાણિને ધસ્યો,
વૈરાગ્યથી વસ્તી તજીને વન વિષે જઇને વસ્યો;
ભગવાં ધરીને ભટકતો રહી પેટ ભીખીને ભર્યું,
શી રીત ઇશ્વર રીઝશે તેં સારું કોનું શું કર્યું? ૩
તેં નિત્ય સ્નાન ત્રિકાળ કીધું આહિ ગોમય ચોળીને,
તેં પંચ ગવ્ય વિશેષ પ્રાશન કીધ ઘોળી ઘોળીને;
આહાર એકજ વાર કરવો એવું વ્રત તેં આચર્યું,
શી રીત ઇશ્વર રીઝશે તેં સારું કોનું શું કર્યું? ૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેં હોમ હવન ઘણા કર્યા, ઘી હવનમાં હોમ્યાં ઘણાં,
તેં ચાલતી નદિને ચઢાવ્યાં દૂધ દહિં ગાયો તણાં;
તેં ઠીક તુજ મન મારીને બહુ વર્ષ મુખ મુનિવ્રત ધાર્યું,
શી રીત ઇશ્વર રીઝશે તેં સારું કોનું શું કર્યું? ૫
તેં નવ નવાં નૈવેદ્ય કરિને તે પ્રસાદી તું જમ્યો,
ઉપવાસ ને એકાસણાં કરી દેહને બહુ તે દમ્યો;
ખાડો ખાણીને ડાટિયું જે અન્ન જમતાં ઉગર્યું,
શી રીત ઇશ્વર રીઝશે તેં સારું કોનું શું કર્યું? ૬
તેં પ્રાર્થના પ્રભુની કરી મુખ વિવિધ વેણ ઉચારીને,
તેં સ્તોત્ર પાઠ ઘણા કર્યા નિત નિત્ય નિયમો ધારીને;
ગદગદ સ્વરે ગુણ ગાન કરતાં આંખથી આંસુ ઝર્યું,
શી રીત ઇશ્વર રીઝશે તેં સારું કોનું શું કર્યું? ૭
ભગવાન લૂખી ભક્તિથી રીઝે નહીં રજ માત્ર તે,
પણ ભક્તિપર ઉપકાર સાથે થાય પ્રભુ પ્રિયપાત્રને;
તેં વગર વિચારે વિવાદ કીધા કામ તેથી શું સર્યું,
શી રીત ઇશ્વર રીઝશે તેં સારું કોનું શું કર્યું? ૮

દોહરા.

સારું કોનું શું કર્યું, એ ઉર વિષે વિચાર;
ઊંડા ઊંડા ભેદની, તજ બીજી તકરાર. ૯
કરો સુધારો દેહનો, જન સુખ લે સૌ ઠામ;
ધર્મ જાણી મનમાં ધરો, એવું ઉત્તમ કામ. ૧૦

P. P. Ac. Gunratnasuri M.S.     Jin Gun Aaradhak Trust

# प्रकरण ४ थुं.

## संस्थान सुधारा विषे.

दोहरो.

जे संस्थानो चित चडयां, हवे कहुं आ ठाम;
संक्षेपे वर्णन करुं, सहित सुधारा काम. १

हरिगीत छंद.

वढवाण रणमलसर तथा, मेवास मोटुं रान छे,
वळी कहुं अमदावादमां, जे जे सुधारा स्थान छे;
वळी गुर्जरी वाणी विलापन, कोडथी तेमां कहुं,
शुभ भरुच संग्रहस्थान, मुंबइ सहित सागर वर्णवुं. २

वढवाण विषे.

उपजाति वृत्त.

श्री वर्धमानाधिपराजसिंहो,
योसौ महाराणपदं बिभर्ति ।
स चंद्रसिंहनेन सुतेन सार्द्धं,
बुधेन पूर्णेन्दुरिवास्त राज्ये ॥ १ ॥

चंद्रावळा छंद.

सोरठ देशतणे सीमाडे, वडुं शहेर वढवाण,
राजसिंहजी राज करे छे, महीपति ते मकवाण;
महीपति ते मकवाणजवंशी, चंद्रसिंह सुत सूरज अंशी;
वास कविनो नागरवाडे, सोरठ देश तणे सीमाडे. २

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભાગોળે નદિ ભોગવતી છે, તેને દક્ષિણ તીર;
જૈનધરમના જયાં મહાજોગી, વિચર્યા શ્રી મહાવીર;
વિચર્યા શ્રી મહાવીર વખાણી, સતી થઇ રાણકદેતડિરાણી,
જયાં જુક્તી બહુ જોગવતી છે, ભાગોળે નદિ ભોગવતી છે. ૩

પાટણ પુરથી પ્રથમ વસેલું, વલ્લભિપુરની વાર;
રા ખેંગાર જીરણઘડ રાજા એનો ત્યાં અધિકાર:
એનો ત્યાં અધિકાર બિરાજે, રાડ કરી લીધું સિદ્ધરાજે;
કિલ્લાવાળું તેણે કરેલું, પાટણપુરથી પ્રથમ વસેલું. ૪

વળતી રાય કરણવાઘેલે; પાટણને પૃથિવીશ;
હરપાળ મકવાણાને દીધાં, બહુ ગામો બક્ષીશ;
બહુ ગામો બક્ષીશજ આપી, પ્રથમ ગાદિપાટડિએ સ્થાપી;
ભલું વઢવાણ દીધું તે ભેળે, વળતી રાય કરણ વાઘેલે. ૫

માધાવાવ મનોહર મોટી, પુરમાં પશ્ચિમ પાસ;
જન પરદેશી આવે જોવા, પ્રસિદ્ધ નામ પ્રકાશ;
પ્રસિદ્ધ નામ પ્રકાશપણે છે, ગણતીમાં જન જુની ગણે છે:
છે વાવો બીજી પણ છોટી, માધવવાવ મનોહર મોટી. ૬

કુળ દીપક દુર્લભજી ઠેરો, નારદ જેનું નામ;
કારભાર શ્રીકાર કરે છે, ગુણિયલ કીધું ગામ;
ગુણિયલ કીધું ગામ સુધારી, વસ્તી વળી વિશેષ વધારી;
ઘાટ રચાવે સરસ ઘણેરો; કુળદીપક દુર્લભજી ઠેરો. ૭

દોહરા.

મહાવીરની વારનું, ભોગાવાનું દુઃખ[1];
પૂલ રચાવી ટાળિયું, સૌને કીધું સૂખ; ૮

---

૧. ભોગાવાની રેતીમાં ભાર ખેંચવાથી બળદો મરી જતા હતા, તેનો દાખલો આજથી ૨૨૦૦ વર્ષ ઉપર થયેલા મહાવીર સ્વામિના વખતનો જૈનશાસ્ત્રમાં લખેલો છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વળી કરાવ્યું સ્કૂલનું, મોટું સરસ મકાન;
બીજી ઇમારત બહુ કરી, શોભાવ્યું સંસ્થાન. ૯

### ચંદ્રાવળા છંદ.

સામવેદિ બ્રાહ્મણ શ્રીમાળી, ઠીક વસે તે ઠામ;
જન્મથકી વસિયો નિજ જાતે, ત્યાં દ્વિજ દલપતરામ;
ત્યાં દ્વિજ દલપતરામ સુમારે, વર્ષ વીશ વળી આઠ વધારે;
એટલી ઉમર એ સ્થળ ગાળી, સામવેદિ બ્રાહ્મણ શ્રીમાળી.

### મનહર છંદ.

અરે માધાવાવ તારું વિશ્વમાં વધાર્યું માન,
શોભિતી બનાવી તને સારી શણગારી છે;
લાખ ધન ખર્ચી તને લાયક લાખેણી કરી,
તેણે જાણ્યું હશે જે જરૂર તું તો સારી છે;
કેટલાંક વષ જતાં નીવડી તું એવી કેવી;
ખારીલી જણાઇ ને ગણાઇ ખૂબ ખારી છે;
કહે દલપતરામ ખચત ન વ્યર્થ દામ,
ખર્ચનારે જાણ્યું હોત ખારી તું થનારી છે. ૧૧

### દોહરા.

વડું ખ્યાત વઢવાણ છે, સાગર સરખું શહેર;
ઉપજી એમાં એક દિન, આ આનંદ લહેર. ૧૨
બકરાને પાડા તણું, દેવોને બલિદાન;
દેવા'તું દસરા દિને, બંધ [1]કર્યું તે સ્થાન. ૧૩
મહીપતિ મકવાણા કુળે, રુડા દાજીરાજ;
કુમાર વયમાં કોડથી, કીધું ઉત્તમ કાજ. ૧૪
રૈયત રાજી રાખવા, વ્હેમ તજ્યો આવાર;
બહુ રાજી થૈ બોલિયા, જન સૌ જેજેકાર. ૧૫

---

૧. સને ૧૮૭૬ માં.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કાલૂભા નામે કહું, ભલા અવસર છે ભાઇ;
લાયક લક્ષ્મણ-રામ સમ, ગુણિયલ જોડ ગણાઇ. ૧૬
પાપ કર્મને પરહરે, ધરે ધર્મ ધરી ધીર;
સદા કરે સત્કર્મ તે વહેમ ન રાખે વીર.
કરે પ્રભુ ચડતી કળા, પામો સુજશ પ્રકાશ;
રૈયત ને રાજાતણી, ઈશ્વર પૂરો આશ. ૧૮

નારાચ છંદ.

કરે રવી વિનાશ જેમ ઓસ અંધકારનો,
પડે પ્રકાશ તેમ જો વિદ્યાતણા વિચારનો;
વહેમનો વિનાશ થાય છેક અલ્પ વારમાં,
સુરીતથી જણાય ભેદ સાર ને અસારમાં.
થયો નરેશ જ્ઞાનવાન વધ માનપૂરનો,
સુબુદ્ધિથી તજ્યો વહેમ ધારિ ધર્મ શૂરનો;
પ્રતાપવંત આપ તે પ્રજાની પ્રીત પામિયો,
સુકીર્તિનો પ્રકાશ આસપાસ દેશ જામિયો. ૨૦
નરેશ દાજીરાજ આજ કાજ જે રુડું કર્યું,
વધી વિશેષ લાજ ચિત્ત સૌ સમાજનું ઠર્યું;
સુણો પ્રજાજનો કૃપાળુ દેવ પાસ સૌ કહો,
સુપુત્ર ચંદ્રસિંહજી તણા સદાસુખી રહો. ૨૧

હરિગીત છંદ.

હણી વ્હેમરૂપી વાઘ ઉન્મત, ત્રાસ ટાળ્યો અજાતણો,
તેમજ ગરિબના ત્રાસ ત્રાસ ટાળી, જુલમને જલદી હણો;
જે જે વિચારી તે તમારી, પ્રભુ પુરે મન કામના,
સુખ સાજને બહુરાજ પામો, રાય દલપતરામના. ૨૨

મનહર છંદ.

વિમળ વાધેલા વંશ કહિયે કૈલાશ જેવો,
એથી ઉપજેલી જે ગંગાજી જેવી આજ છે;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મકવાણા વંશ રૂપી મળી મહાસાગરમાં,
લાખ ગણી લોકમાં વધારી વડી લાજ છે;
ચોખું નિરમળ ચિત્ત પુણ્ય દાનપર પ્રીત,
કોડથી કરેલાં જેણે ધરમનાં કાજ છે;
ભૂપ ભાવસિંહતણાં પરમ પવિત્ર પુત્રી,
સતી શિરતાજ આજ રુડાં માજીરાજ છે. ૨૩
મોટી મહેરાણતણાં મુલકમાં માન પામે,
મોટી કીર્તિ તો તેથી દિસે છે મેહેરાણની;
હીરા જો હજાર ગાઉ હેમમાં જડાય જઇ,
ખરેખરી કીર્તિ તો તેથી હીરાની ખાણની;
ભાણનાં કિરણ ભૂમિ મંડળમાં ભાસે ભલાં,
ભલાઇ તો તેથી ભાસે છે વિશેષ ભાણની;
દેશમાં વિશેષ માન પામે દલપત તેથી,
વઢવાણનાથની વડાઈ વઢવાણની.

**દોહરા.**

ચિતમાં નિત ચિંતન કરું, ધરી ઉર હરિનું ધ્યાન;
દિન દિન દાજીરાજનું, ભલું કરે ભગવાન. ૨૫
જશ પામો જીવો ઘણું, કરો સુધારા કાજ;
કરે કૃષ્ણ ચઢતી કળા, દિન દિન દાજીરાજ. ૨૬

**ઉપજાતિ વૃત્ત.**

વધી વિશેષે પસરાય વેલો,
આધાર રાખે સ્થળ જયાં ઉગેલો;
ભૂલું નહિ તેમજ જન્મભૂમિ,
ઘણે સ્થળે ઉદ્યમ કાજ ઘૂમી. ૨૭

**મનહર છંદ.**

અરે આંબલી હું તારી છાયા તળે અવતર્યો,
તારી છાયા તળે એજ છાપરીમાં ઉછર્યો;

P. P. Ac. Gunrathasuri M.S. Jin Gun Aaradhak Trust

દેવળમાં દેવ તારી પાસે છે પારશનાથ,
શ્યામ રંગ શરીરે વિશેષ વેષ છે ધર્યો;
લાખુ વાવ લાખેનું પ્રતિ દિન પાણી પીધું,
વિસર્યું નથી મને હું જો વિદેશ વિચર્યો;
કહે દલપતરામ ગામ વઢવાણ સદા,
ઇશ્વર આબાદ રાખે આશીષ હું ઉચર્યો. ૨૮

## રણમલસરનું વર્ણન.

### દોહરા.

જે જગદીશે જગતમાં, રચ્યાં રુડાં નર રત્ન;
કવિ વંદન તેને કરું, પ્રબંધ રચન પ્રયત્ન. ૧
ધણી ધરાંગધરાતણો, "રણમલ" રુડું નામ;
રણમલસર તેણે રચ્યું, પરોપકારી કામ. ૨
રચે બાગ કે બંગલા, રચે મહેલ નિજ માટ;
નવાઇ એમાં કાંઇ નહિ, એ તો વહેતી વાટ. ૩
સો જનના સુખ કારણે, કીધું જે કંઇ કામ;
ધરણી તળમાં ધન્ય તો, નિર્મળ તેનું નામ. ૪
એવા જનનો જગતમાં, કરવો જશ વિસ્તાર;
આપ્યો સુજને ઇશ્વરે, એ માટે અવતાર. ૫
સમીપ ધરાંગધરાપુરી, ઠાઠ બનાવ્યો ઠીક;
ઉત્તર દિશામાં ઓપતું, રણમલસર રમણીક. ૬
દુર્ગતણા તે દ્વારથી, દિસે કેટલે દૂર;
પૂર્ણ ફૂટ પાંત્રીશસેં, જાણો જનો જરૂર. ૭
ખરચ્યું નાણું ખાંતથી, લેખે ગણી અધલાખ;
તે પરમારથ કારણે, સો જન પૂરે સાખ. ૮
કરી સારી કારીગરી, કીધું એવું કામ;
રચના રણમલસરતણી, રાચે દેખી રામ. ૯

P. P. Ac. Gunratnasuri M.S.    Jin Gun Aaradhak Trust

ભુજંગી છંદ.

જઇ આજ સારી સરે[1] યુક્તિ જોઇ,
કહું તે હવે જો ધરો કાન કોઈ;
થશો મગ્ન આનંદમાં તૃપ્ત થાશો,
ચિતે નિત્ય તે વાંચવાને ચહાશો. ૧૦
ભલા પુણ્યના કામમાં રાખી ભાવ,
રચ્યું રાજસાહેબ રુડું તળાવ;
પુરા પુણ્યનું કામ તે જેમ જાણી,
રચે પર્વ પુણ્યાર્થ પુણ્યાત્મ પ્રાણી, ૧૧
વિશેષે કરી કામ તે હું વખાણું,
જગાધિપતી રીઝશે એમ જાણું;
વડી પુણ્યની વાત કોઇ વખાણે,
ટળે પાપ તેનું પ્રભુ પ્રીત આણે. ૧૨
દયાથી પ્રભુએ દીધી કાવ્ય શક્તિ,
ભલા ભાવથી તો કરું એવી ભક્તિ;
કરે પુણ્યનું કામ કોઇ વિચિત્ર,
વખાણી કરું મારી વાણી પવિત્ર. ૧૩
રચ્યું ઇશ્વરે શ્રેષ્ઠ બ્રહ્માંડ આખું,
જુઓ કામ તેમાં બહુ બાકી રાખ્યું;
દિસે જ્યાં ઘણાં માણસોનો જમાવ,
ન કીધાં ઘણાં ત્યાં કુવા ને તળાવ. ૧૪

દોહરા.

તે તો પરોપકારિ જન, કરે રીઝવવા રામ;
કવિજન પણ કિરતી કરે, અવલોકી એ કામ. ૧૫
વર્ણન કરવા મન વધ્યું, તાજું કોઇ તળાવ;
રણમલસર નજરે પડયું, ભાળી ઉપજ્યો ભાવ. ૧૬

---

[1] સરે-તળાવે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વીરમગામે મૂનસર, છે ધોળકે મલાવ;
કાંકરિયા નામે કહું, અમદાવાદ તળાવ. ૧૭
જોયાં તે જીરણ ઘણાં, ફાટયાં તૂટયાં તેમ;
વર્ણન એવાં વૃદ્ધનું, કરવું રુચે કેમ. ૧૮
સરસ સરોવર આ સમે, સૌ જનના સુખ કાજ;
ધર્મ નિમિત બંધાવિયું, રુડા રણમલરાજ. ૧૯
વર્ણન કરવા મન વધ્યું તે નિરખી તતખેવ;
કોડે શું વર્ણન કરું, દેશે વાચા દેવ. ૨૦
સંવત મુનિ[૭] શશિ[૧] ભક્તિ[૯] ભૂ.[૧] માઘ માસ સુખકાર;
રણમલસર રુડું રચ્યું, વદિ દ્વાદસી કવિ[૧] વાર. ૨૧

દૂરથી દેખાવ-ભુજંગી છંદ.

જુઓ દૂરથી યુક્તિ કેવી જણાય,
ગિરી રાજની તુલ્ય શોભા ગણાય;
ઘણાં ઝાડનાં ઝુંડ ઉંચાં વધેલ,
દિસે જેમ માહેશ્વરીનો મહેલ. ૨૨
વિશેષે જુઓ આ વડોની ઘટા છે,
તથા તાડની છત્ર જેવી છટા છે;
કહું કેળની કાંતિ કેવી કરી છે,
ધજાઓ રુડી આંગણે શું ધરી છે. ૨૩
નમે ને ઊંચી થાય આકાશમાંહી,
કરી હાથ ચાળા કહે જેમ કાંહી;
કહે સાનમાં સર્વને મર્મ એવા,
અહો પ્રાણી આવો અહિં દાન લેવા. ૨૪
બીજા ઝાડનાં પાંદડાં ખૂબ ઝૂમે,
રુડાં બારણે તોરણો જેમ લૂમે;
સુગંધી શિળો વાયુ સંમુખ આવે,
તહાં માનથી તેડવા જેમ ધાવે. ૨૫

૧. કવિ-શુક્ર.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જુઓ કોકિલા બોલ મીઠા કહેતી,
જનારા જનોને દિસે માન દેતી;
જિણા શબ્દ બીજા ખગો ઉચ્ચરે છે,
દિસે જેમ તે વાત કાંઇ કરે છે. ૨૬
તહાં રંગ લીલે તૃણો ઉગિયાં છે,
બિછાનાં બિછાવેલ શું શોભિયાં છે;
સુશોભીત ઝાડો રહ્યાં ખૂબ ઝૂમી,
રુડી જાણિયે તે રચી રંગભૂમિ. ૨૭
જુઓ પાણિયારી સ્ત્રીઓ કેવિયો છે,
દિસે શિર ગર્બો ધરી દેવિયો છે;
ઘણા લોકના થોક જાતાં જણાય,
જનો જેમ તીર્થે મળી સંઘ જાય. ૨૮
જુઓ કોઈ તો કાવડે નીર લાવે,
નિહાળી કવિને ઉરે તર્ક આવે;
દિસે તીર્થ વાસી કરી તીર્થ આવ્યો,
જુઓ કાવડે નીર ગંગાનું લાવ્યો. ૨૯
પશૂ વૃંદ પાણી પિવા કાજ જાય,
મળે વૃંદમાં વૃંદ તો ભીડ થાય;
દિસે જેમ દાતારના દ્વાર પાસે,
રહે ભીડ ભિખારીની દાન આશે. ૩૦
જુઓ એક રસ્તેથી ગાયો અનેક,
દિસે આવતો ઘેરિ ગોવાળ એક;
ઘણા લોકનો એક આચાર્ય જેમ,
ચલાવે જુઓ ધર્મનો પંથ તેમ. ૩૧
વળી વીચરે ને કરે શબ્દ આયો,
સુણી શબ્દ તે તો વિશેષે સુહાયો;
તૃષા તો ટળી પૂર્ણ જેને પ્રતાપે.
મહારાજને ગાય આશીષ આપે. ૩૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### પાળનો દેખાવ.

અધી બાજુએ પાળ બાંધેલ કેવી,
સિમા સર્વ દીસે સજી હોય જેવી;
સિમા દેશ નેપાળની સૌથી સારી,
હિમાદ્રી શિવાલીકની જેમ ધારી. ૩૩
દિઠાં ઉપરે દેવળો દીપતાં છે,
તથા શીખરો શીર શોભી રહ્યાં છે;
જગા જોઇ જોનારનું ચિત્ત લોભે,
હિમાળા શિરે શીખરો જેમ શોભે. ૩૪
પડે પાણીમધ્યે પ્રતીબિંબ કેવાં,
યથાર્થ પ્રમાણે બીજી જોડ જેવાં;
રુડાં દેવળો દેખીને દીલ ભાવ્યાં,
બીજાં જાણિએ શેષનાગે બનાવ્યાં. ૩૫
દિસે દેવળોનાં પ્રતીબિંબ કેવાં,
નિધી તીર નાવો રહે સ્થિર એવાં;
ધજાઓ દિસે નીરમાં દેવળોની,
સજી જેમ સાક્ષાત શોભા સઢોની. ૨૬

### મનહર છંદ.

ઉત્તર ને દક્ષિણ કિનારા સીધી લીટીમાં છે,
બસેં ને સિત્તેર ફુટ લંબાઇ પ્રત્યેકની;
પૂરવ ને પશ્ચિમ કિનારા લંબગોળાકાર,
આકૃતિ મધપૂડાના છિદ્રના વિવેકની;
ચોખ્ખા તે દિશાઓમાં દેખાય છે ચચ્ચાર ખૂણા,
એકસો સિત્તેર ફુટ લંબાઇ હરેકની;
વિશ્વ વશીકરણ શું અષ્ટ કોણ જંત્ર રચ્યો,
એવી યુક્તિ જોઇ રણમલસર એકની. ૩૭

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### દોહરા.

ઘેરાવો તટ ઘાટનો, ઠીક બન્યો છે ઠાઠ;
ફુટ ગણતાં પૂરા થયા, પંદરસેં ને આઠ. ૩૮
પૂર્વ દિશે નથી પગથિયાં, ત્રણ દિશમાં છે તેહ;
પણ યુક્તિ પરિપૂર્ણ છે, જોવા લાયક જેહ. ૩૯
નૈઋત વાયુ ખૂણમાં, જળની આવક જાણ;
દીઠી ત્યાં શુભ દેરિયો, તેનાં કહું પ્રમાણ. ૪૦
ત્રણ દેરા દક્ષિણ તટે, ઉત્તરમાં બે એમ;
પશ્ચિમ તટપર એક છે, પૂર્ણ તટે બે તેમ. ૪૧

### મનહર છંદ.

દક્ષિણમાં પૂર્વભણી ભંડારી કુબેર ભલા,
આથમણે રામેશ્વર તથા હંસા દેવી છે;
ઉત્તરમાં પૂર્વભણી ભક્તિ તણું દેરું શોભે,
પશ્ચિમ તરફ દેવી બહુચરાજી તેવી છે.
પૂર્વ તટે દક્ષિણમાં દેવી મહાલક્ષ્મિ દીસે,
ઉત્તર ગણેશદેવતણી દેરી એવી છે;
પશ્ચિમ તટે તો જળ દેવકીની જોઇ દેરી,
કહું છું વિગત તેની દેરી કેવી કેવી છે. ૪૨

### દોહરા.

લાંબું ઉંચું બાર ફૂટ, હંસાનું આગાર;
સવા આઠ ફુટ પહોળું છે, સરવરનો શણગાર. ૪૩
લાંબી પહોળી ફુટ ત્રણ, ઊંચી નવ ફુટ એમ;
જળદેવીની દેરી છે, તે પણ શોભે તેમ. ૪૪
લાંબાં સાડીઓગણિસ, પહોળાં તે ફુટ બાર;
ઉંચાં પંદર ફુટ છે, અવર દેવ આગાર.[૧] ૪૫

૧. આગાર-ઘર.

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તે તળાવનું ક્ષેત્રફળ, ગણિયે પાળ સિવાય;
૭　　５　 ૨　 ૨　 ૪　 ૩
*મુનિ સર ભુજ દગ વેદ ગુણ, ફુટની સંખ્યા થાય. ૪૬
પાળ ઉપર ફુલ ઝાડના, બાગતણો છે ઠાઠ;
માપ્યો તે પહોળે પને, સર્વ દિશે ફુટ સાઠ. ૪૭

### હરિગીત છંદ.

વડ પીંપળાને પીંપળો, ગુંદિયો વડગુંદા દિઠા,
પરદેશી દેશી બાવળો, લીંબડા કડવા ને મિઠા;
મહુડા[૨] પલાશ પલાંશી ખેર, અશોક પલ્લવ આંબલી,
છે બોરસલિ ને બોરડી, કાંચક અને બીલી ભલી. ૪૮
અરિઠી સરગવા વાંસ છે, ત્યાં અધિક ઉંચા તાડ છે,
રાજાંબુ જાંબુ નાળિયેરી, આમ્રનાં પણ ઝાડ છે;
અનાસ અંજીર દ્રાખ દાડમ. કેળ દેશી ફૂંકણી,
શેતૂર ને સીતાફળી, વળી જામફળી પણ છે ઘણી. ૪૯
ખિજૂરી તેમ બદામડી, છે કરમદા સારા કહું,
ગુલદાઉદી ને ગુલછખા, ગુલતોર પણ ત્યાં છે બહુ;
ગોટા હજારી હારસિંગા, જુઇ કરેણી કેતકી,
ચંપો અને છે અગથિયો, નિર્ખતાં મન લોભે નકી. ૫૦
તુળસી સ્વદેશી વિલાયતી, છે નોળગુડ ને લેસ્પતી,
આસુંદરો મેંદી કુંવર ફુદિના આદિક છે અતિ;
શોભા નિહાળી શી કહું, ઉપમા સરસ આભાસની,
ઝુંમી રહી છે ઝાડી તે, કહિયે રુડી કૈલાસની. ૫૧

### ભુજંગી છંદ.

રહી ઝુંમી ત્યાં જેમ કૈલાસ ઝાડી,
ગુણી ગંગ શું નીર આપે અગાડી;
વળી ઝાડી તે જેવી શંભુ જટા છે,
અને એથકી ઉતરી ગંગ આ છે. ૫૨

---

*૩૪૨૨૫૭. ૩, પલાશ-ખાખરો.

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

ફુલ્યાં ફૂલ તેમાં રુડાં પંચરંગી,
રહે લોક જોવા અતીશે ઉમંગી;
બન્યો શોભિતો ઇંદ્રનો બાગ જેવો,
દિસે દેખતાં સાફ દેખાવ એવો. ૫૩
રુડી પાળ જોવા ઘણું ચિત્ત લોભે,
સુસિંહાદ્રિ સિંધુ તટે જેમ શોભે;
રચી છે નિચે ચાલ ચોખ્ખી વિશાળ,
દિસે દુર્ગ હૈયારખી તુલ્ય તાલ. ૫૪

## પગથિયાં.

સજયાં શોભિતાં સ્વચ્છ સોપાન[1] સારાં,
દિલે હર્ષ પામે જનો દેખનારાં;
જુએ જેવી દીપે મણી પાર્શ્વ જાતી,
ભલી એવી પાષાણની શુદ્ધ ભાતી. ૫૫
ધસે કે ખસે તે નહિ કોઇ કાળે,
કરી કીર્તિ છે સ્થીર જાણે ભુપાળે;
ઘણા કાળ સૂધી ટકી તે રહેશે,
જનો રાજની કીર્તિ તેથી કહેશે. ૫૬
કહું સાત સોપાનની જુક્તિ કેવી,
જઇ સજ્જનોએ લીલા જોઇ લેવી;
નીચે એકથી એક છે એમ થોક,
દિસે જેમ બ્રહ્માંડના ઉર્ધ્વ લોક. ૫૭
જુઓ નારિયો નીર જૈને ભરે છે,
ઘડા નીરમાં ધીર ધારી ધરે છે;
બહુ શબ્દ જે જે મહારાજ બોલે,
કહે દાન દાતા નહીં આપ તોલે. ૫૮

---

૧. સોપાન—પગથિયાં.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પડે છે પ્રતીબિંબ ત્યાં નારિકેરા,
ઘણા નીરમાં સ્વચ્છ શોભે ઘણેરાં;
દિસે જેમ પાતાળની પદ્મણી છે,
મહારાજનું પુણ્ય તે પુછિ પ્રીછે. ૫૯

જળ વર્ણન-દોહરો.

રુડા રણમલસર વિષે, જીવન છે તે જાણ;
જીવન રણમલસિંહનું, આ પ્રત્યક્ષ પ્રમાણ. ૬૦

ભુજંગી છંદ.

જુઓ નિર્મળું છે ભર્યું નીર કેવું,
દિસે સજ્જનોનું ભલું ચિત્ત જેવું;
અતી લાયકી વાળિ જો લેર આવે,
રુડી સાગરે લેર જેવી સુહાવે. ૬૧
કહું શું વળી તે દિસે લેર કેવી,
કવીને દિલે કાવ્યની લેર જેવી;
વળી તે થકી હું વખાણું વધારે,
કહે દાન લ્યો હાથ લાંબા પસારે. ૬૨
કહે લોક છે તે સરે[૧] નીર કેવું,
અમે સાંભળ્યું છે ઘણી વાર એવું;
જનો વિશ્વમાં જે ન આ નીર જાણે,
વધૂ નીર ગંગાતણું તે વખાણે. ૬૩
પિએ નીર ત્યાં કોઇ ઝાઝે પ્રસંગે,
હરે રોગ આરોગ્યતા થાય અંગે;
સદા એ મહા ઔષધી જેમ સેવી,
નિરોગીષ્ટ કાયા કરે શુદ્ધ એવી. ૬૪
ભલે દેવ લોકે સુધા ખૂબ હોય,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કદી પૃથ્વીના લોક પામે ન કોય;
સુધાથી ઘણું આ દિસે નીર સારું,
તૃષાતૂરની છે તૃષા ટાળનારું. ૬૫
સુધા જૈ પિએ જે કરે સ્વર્ગવાસ,
અહીં જીવતાં કોઇ રાખે ન આશ;
ઉધારે હજારો તણી છાપ છાપે,
ભલો એથી જે રોકડો એક આપે. ૬૭
ભલે હોય ભાગીરથી સૌથી મોટી,
ન આપે મને નિત્ય તે નીર લોટી;
પિએ મૂજ દેશી જનો પાણી જેનું,
વખાણું વિશેષે વડું માન તેનું. ૬૭
રુડે તે તળાવે રહ્યું નીર એમ,
જુઓ અક્ષરોમાં રહે અર્થ જેમ;
કહું શોભિતા નીર કલ્લોલ કેવા,
બંને વાણી કેરા બહુ છંદ જેવા. ૬૮
વળી સ્વચ્છ ભાસે ભર્યું નીર એમ,
ભરી વિશ્વમાં રાજની કીર્તિ જેમ;
તરંગો ઉઠે સ્વચ્છ તે મધ્ય કેવા,
જુઓ રાજની કીર્તિનાં કાવ્ય જેવા. ૬૯
હશે નીર કે આ હશે કાચ ઢાળ્યો,
ટળે શી રીતે એહ સંદેહ ટાળ્યો;
રચેલો મયે દાનવે જેમ સ્વસ્થે,
અતી ઓપતો ચોક શ્રી ઇંદ્રપ્રસ્થે. ૭૦
ઉઠે નીરમાં ઉજળા જે તરંગ.
વધે દેખતાં અંતરે ઉછરંગ;
જુઓ યજ્ઞ ભૂમિ વિષે ઉજળીઓ,
ભલી ભાત લીપી કરી ઓકળીઓ. ૭૧

૧. સરે-તળાવે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## જળ જંતુ વિષે.

વસે મચ્છ ને કચ્છ કચ્છો[1] વસે છે,
મીઠા નીરનું તે સદા સૂખ લે છે;
નિધિનું ગણી નીર તો ખૂબ ખારું,
વસ્યા સિંધુવાસી પીવા નીર સારું. ૭૨
જુઓ ઇશ્વરે શક્તિ આપેલી જેવી,
જુદા પ્રાણિઓમાં દિસે શક્તિ તેવી;
સહુ પોતપોતાની શક્તિ પ્રમાણે,
ગતી તેવી ને કામ તેવુંજ જાણે. ૭૩
જૂઓ મચ્છ તો નીરમાં ખુબ દોડે,
જનાંનાં નહિ જે શકે કોડિ જોડે;
જુઓં સાપ ને કાચબા જાતિ જે છે.
મહીમાં તથા નીર મધ્યે ફરે છે. ૭૪
જુઓ નીરની કૂકડી જેનું નામ,
ફરે પાણીમાં પૃથ્વિ આકાશ ઠામ;
ઉડી ઊંચો આકાશની વાટ જાય,
તદા પક્ષિણી તેનિ જાતી જણાય. ૭૫
જુઓ ભૂમિમાં આજ જયારે ફરે છે.
ભલી ભાતની ભૂચરી તે ઠરે છે;
જળે ડૂબિને ઉડિ અત્યંત જાય,
તદા પાણિનો પ્રાણિ તે તો ગણાય. ૭૬
પ્રભૂ માનવીને મતી તેમ આપે,
બધાં કામ સાથે પ્રભુને પ્રતાપે;
પ્રભૂદત્ત શક્તિ ન જેને જણાય,
સદા કામ તેના થકી એક થાય. ૭૭

---

૧. કચ્છા–એક જાતની માછલી, જેની પુંછડી પાતળી હોય છે, અને એને મુછો હોય છે.

P. P. Ac. Gunratnasuri M.S.　Jin Gun Aaradhak Trust

બીજા કામમાં બુદ્ધિ તેની ન પેસે,
બતાવે બીજું કોઇ તો હારિ બેસે;
વિચારી ભલા[1] દીનતા મૂખ ભાખે,
મહા મૂર્ખ મિથ્યા અભીમાન રાખે. ७८
નદી પારધી જાળ તેમાં ન નાંખે,
રહે પ્રાણિયો તે નહીં બીક રાખે;
જડે જાન્હવી તીરમાં વાસ જેને,
નહીં ધર્મના દૂતનો ત્રાસ તેને. ७૯

જળ ઉપરનો દેખાવ.

જુઓ પાનડાં પાણી મધ્યે તરે છે,
દિસે તે નિધી મધ્ય નૌકા ફરે છે;
દિસે દીઠડાં જેમ શોભે સુકાન,
ચડયા જીવ જંતૂ ઉતારૂ સમાન. ૮०
બહુ પોયણી પદ્મ પત્રો બિરાજે,
ભમે ભૃંગ તેની છબી ખૂબ છાજે;
બીજા પક્ષિઓ ઉડતા આવી બેઠા,
બહુ જાણિએ આવિને હંસ બેઠા. ૮૧
બગોની જુઓ પંકિત કેવી બની છે.
ધરે ધ્યાન ને ઝાલવા મત્સ ઇચ્છે;
ઠગો વેષ આચાર્યનો જેમ ધારી,
ઠગે લોકને તે બની બ્રહ્મચારી. ૮२
વળી આ જુઓ જોડ છે ચક્રવાક[2],
જુદાં ના પડે પ્રેમ એવો અથાક;
દિસે જાણિયે કોઇ છે દેવ દેવી,
શિવા શાપથી પામિયાં કાય એવી. ૮૩

૧. ભલા-સારા જનો. ૨. ચક્રવાક-સારસાં.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### ત્રિવેણીનો આભાસ.

સદા નીર મોતી સમું સ્વચ્છ જે છે,
ગણે લોક ગંગાતણું નીર તે છે;
ચઢે મેઘ તો શામળું તે દિસે છે,
તદા લોક કાલિંદિ કેરું કહે છે. ૮૪
કદી આભ તારાથી રાતું જણાય,
નદી બ્રહ્મપુત્રા તણું તે ગણાય;
કદી તો બધા રંગ સાથે દિસે છે,
તદા લોક જાણે ત્રિવેણી વસે છે. ૮૫
તટે મંદિરે ગૌરિનો નાથ લાધ્યો,
મળ્યો જાણિયે એજ ગોવિંદ માધો;
સમીપે ત્રિવેણી તણો આ સમાજ,
પ્રભાં પેખીને જાણિયે પ્રાગરાજ. ૮૬

### સાત સમુદ્રનો આભાસ.

હરે ધાતુના મેલને જેમ ક્ષાર,
બધું ધોઇને તે કરે ધાતકાર;
હરે રોગને તેમ આ એક બિંદુ,
ઘટે ઉપમા એથકી "ક્ષાર સિંધુ.[1]" ૮૭
પ્રભા જાઇ જૂઇતણી જયાં પડે છે,
તહાં ક્ષીરનો[2] સિંધુ ચિત્તે ચડે છે;
પ્રભા ગુલદાઉદિના ગુચ્છની તે,
દધી[3] સિંધુની તો છબી ત્યાં બની છે. ૮૮

---

૧ ક્ષારસિંધુ-જેને હિંદી મહાસાગર કહે છે તે. હિંદુસ્તાનની પાસે.

૨. ક્ષીરસમુદ્ર-યુરોપના રૂસની ઉત્તરે.

૩. દધી સિંધુ-ઉત્તર મહાસાગર, જેમાં બરફ જામે છે તે. ઉત્તર ધ્રુવ પાસે.

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રતિચ્છાય ચંપાની જે ઠામ પેખી,
લીધો ઘી[1] તણો સિંધુ તે ઠામ લેખી;
વળી દાડમીનાં દિસે પુષ્પ જ્યાં છે,
ભર્યો સિંધુ ઇક્ષુ[2] રસે તેમ ત્યાં છે. ૮૯
દિસે મેઘ આભાસથી નીર કાળું,
સુરાનો[3] ભર્યો સિંધુ તે વાદ ભાળું;
સદા તે દિસે મિષ્ટ[4] સિંધૂ સમાન,
ભર્યું ભૂમિ મધ્યે સુધાનું નિધાન. ૯૦

## સમુદ્ર મંથન.

દિસે ચોકી ત્યાં રાજસાહેબ કેરી,
સિપાઇ તથા હિંદુ જાતી ઘણેરી;
ઘટે ઉપમા ઉચરું એની એમ,
મળ્યા દેવ દૈત્યો નિધિ તીર જેમ. ૯૧
જુઓ રુડી આ એક હોડી તરે છે,
ધરેલો નિધી મધ્ય મંથાદ્રિ એ છે;
દિઠો સર્પ આશ્ચર્ય કારી અથાગ,
વસ્યો જાણિયે એજ વાસૂકિ નાગ. ૯૨

## ચૌદ રત્ન.

મહારાજના મ્હેલમાં જે[1] રમા છે,
વસી વાસ સાક્ષાત સિંધૂસુતા છે;
મહારાજને કંઠ[2] હીરાનું તેજ,
મળ્યો સિંધુ મધ્યેથિ કૌસ્તુભ એજ. ૯૩

---

૧. ઘીતણો-પીળો સમુદ્ર, ચીન અને કોરિયાની વચ્ચે.
૨. ઇક્ષુ-અરબસ્તાન ને આફ્રિકાની વચ્ચેનો રાતો સમુદ્ર.
૩. સુરા-કાળો સમુદ્ર, તે રૂશિઆ અને તુર્કસ્તાનની વચ્ચે છે.
૪. મિષ્ટ સિંધુ-મીઠો મહેરામણ અથવા સિંધુ નદી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તળાવે રુડી વૃક્ષની ભાળિ ભાત,
દિસે જાણીએ એજ છે [3]પારિજાત;
અગો પાણીના પાનથી છે પ્રમત્ત,
દિસે ગુણ એ તો સુરાનોજ[4] સત્ય. ૯૪

**દોહરો.**

વૈદ વડો વિખ્યાત છે, અંબાશંકર એક;
ધનવંતરી તુલ્યે ધરે, વૈદકશાસ્ત્ર વિવેક. ૯૫

**ભુજંગી છંદ.**

મહારાજને વૈદ છે ચિત્ત ભાવ્યો,
નિધીમાંથી ધનવંતરી[5] એજ આવ્યો;
ચતુરા કપાળે કર્યો ચાંદલો[6] છે,
દિસે તે નિધી મંથતાં નીકળ્યો છે. ૯૬
દિઠી ગાય ત્યાં ખૂબ છે રૂપ જેનું,
ઉરે ધારિએ એજ છે કામધેનુ[7];
મહારાજનો છે મહામત્ત હાથી[8],
મળ્યું રત્ન તે જાણીએ સિંધુમાંથી. ૯૭
તળાવે રૂપાળી દિસે પાણિયારી,
નિધી મંથિને એજ[9] રંભા ઉધારી;
વળી રાજના અશ્વને શું વખાણું,[10]
નિધી મધ્યથી ઉપજયું રત્ન જાણું. ૯૮
[11]સુધા તુલ્ય તો નીર છે શુદ્ધ સારું,
નિધીનું રુડું રત્ન એ તો ઉચારું;
મહારાજની શસ્ત્રશાળાનું ચાપ,
દિસે જાણીએ એજ [12]સારંગ આપ. ૯૯
દિસે દેવની આગળે [13]શંખ સારો,
લહું એજ સિંધુ તણું રત્ન ધારો;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રલે પાપનો એજ પાણી કરે છે,
પ્રલેકાદિ ૧૪તે ઝેર તેથી ઠરે છે. ૧૦૦
રુડાં એ રીતે નિર્મિયાં ચાદ રત્ન,
થયાં પ્રાપ્ત જાણે કર્યાથી પ્રયત્ન;
તટે શંભુનો વાસ છે સાથ શિવા,[1]
પધાર્યા પ્રભુ જાણીએ વીષ પીવા. ૧૦૧

## જનસમૂહ.

સ્ત્રિયોનાં જુઓ વૃંદ આવ્યાં ઉમંગે,
મળ્યાં જેમ જાત્રાળુ જાત્રા પ્રસંગે;
મુખે રાજસાહેબની કીર્તિ ગાય,
કથા કીર્તનો તીર્થમાં જેમ થાય. ૧૦૨
જથાબંધ કાંઠે ઘણા લોક જાય,
પ્રતીબિંબ તેનાં જુઓ આ જણાય;
જતાં હોય તે નાવમાં બેસવાને,
વધે હર્ષ દેખાવ તે દેખવાને. ૧૦૩
જુઓ દેવનાં દર્શને જૂથ જાય,
તળાવે તદા ભીડ ભારે ભરાય;
દિસે જેમ તે તો ઘણા સિંધુઘાટે,
જતા હોય વેપારી વેપાર માટે. ૧૦૪
લીધા અક્ષતો કે ફળો દ્રવ્ય મેવા,
જઇ ભાવથી દેવને ભેટ દેવા;
દિસે જેમ તે લક્ષધા લાભ ખાવા,
જનો જૂજુઆ માલ લાવ્યા ચડાવા. ૧૦૫
જુઓ પાઘડીમાં ધર્યા કાગળો છે,
બીજા દેશની શું લીધી હુંડિયો છે;

૧. શિવા–પાર્વતી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જઇ દેવની આગળે ભેટ મૂકે,
દિસે જેમ તે નાવનું નૂર ચૂકે. ૧૦૬
જઇ દર્શને પુણ્યનો લાભ લાવે,
ભરી નીરને નારિયો પાછી આવે;
દિસે નાવથી માલ ઉતારી લાવ્યા,
ઘણાં હર્ષથી લાભ લૈ ઘેર આવ્યા. ૧૦૭
વહે છે શિળો મંદ જે સ્વચ્છ વાયુ,
સુગંધીપણું છે છબિવંત છાયુ;
પ્રવાસી જનો જેમ રસ્તે મહાલે,
મહારાજની કીર્તિ તે સાથ ચાલે. ૧૦૮

**દેળવદેવડી.**

બન્યા ઘાટ ઘેરાવ સોપાન સારાં,
કટીમેખળા તુલ્ય તે શોભનારાં;
વચે નીર રૂપે બની નીર દેવી,
ધરી મેખળાને ઉભી હોય જેવી. ૧૦૯
લિલાં ઝાડ ચારે દિશે આસપાસે,
લિલી સાડિ ઓઢી ઉભી એમ ભાસે;
રહ્યા પુષ્પના છોડ ત્યાં છે રૂપાળા,
ધરી કંઠમાં પુષ્પની જેમ માળા. ૧૧૦
ફરુકે જુઓ કેળનાં પત્ર કેવાં,
દિસે સાડિના છેડલા હોય એવાં;
ઉંચી એથકી નીરખો નાળિએરી,
ધરે છે છબી તે શિરે છત્ર કેરી. ૧૧૧
જુઓ જાંબુડાં છે રુડાં કૃષ્ણ રંગે,
દિસે ત્રાજવાં ઓપતાં દેવી અંગે;
જુઓ દાડમો પાકી ફાટયાં સમિપે,
દિસે બીજ દેવી તણા દાંત દિપે. ૧૧૨

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

ચઢે જે સમે મેઘ આકાશ અત્ર,
દિસે દેવી માથે ધર્યું મેઘ છત્ર;
વળી મેઘમાં ચંચળા ચારુ થાય,
શિરે દેવિને આમરો શું ઢળાય. ૧૧૩

**ચોમાસાનો દેખાવ—દોહરો.**

રચના રણમલસરતણી, જોવા કાજ જરૂર;
ઘન રાજા સ્વારી સજી, આવ્યો હરખી ઉર. ૧૧૪

**ભુજંગી છંદ.**

જુઓ આજ આકાશમાં મેઘ ગાજે,
વડી નોબતો મેઘ રાજાની વાજે;
જુઓ વીજળી મેઘ મધ્યે ઝબૂકે,
મહા શૂરવીરોતણાં શસ્ત્ર ઝૂકે. ૧૧૫
જુઓ પંચરંગી રુડું ચાપ તાણ્યું,
દિસે જેમ વૈકુંઠથી હોય આણ્યું;
થયા ભૂમિમાં મોરના શોર સાર,
દિસે મેઘરાજાતણા ચોપદાર. ૧૧૬
વદે દાદુરો શબ્દ તે શું વખાણું,
મળી આર્યની બેરખો આવી જાણું;
જુઓ વૃષ્ટિથી નીરનાં બુંદ આવે,
મહાદેવીને મોતીથી શું વધાવે. ૧૧૭
બહુ બુદ્બુદો[૧] નીરમાં ઊપજે છે,
નિહાળો વળી નીરમાં તે મજે છે;
પરિબ્રહ્મથી કોટિ બ્રહ્માંડ થાય,
વળી સર્વથા બ્રહ્મમાં તે સમાય. ૧૧૮
પડે બુંદ ત્યાં તો વળે છે કુંડાળું,
વધીને વળી તે થતું શ્રેષ્ઠ ભાળું;

૧. પરપોટા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વડી ફોજમાં એકલો શૂર ઝૂકે,
ચમૂ જેમ કુંડે વળી માગ મૂકે. ૧૧૯
પ્રવાહો વહ્યા નીરના આસપાસ,
મળ્યા વંદવા જાણીએ મેઘ દાસ;
વળી તે પ્રવાહો ભળે જૈ તળાવે,
દિસે જેમ જાત્રાળુનાં જૂથ આવે. ૧૨૦
મળી નીર વર્ષાદનું ખૂબ આવે,
ઘણે દૂરથી તે દિલે દેખી ભાવે;
દિસે જેમ પૃથ્વી વિષે પાક થાય,
ભુમીપાળ કેરે ખજાને ભરાય. ૧૨૧
પ્રવાહો કરે છે ઘણા ઘૂઘવાટ,
ઘણી કીર્તિ ઉચ્ચારતો જેમ ઘાટ;
કહે રાજરાજા જુગો જુગ જીવો,
દિઠો વંશ ઝાલા વિષે એક દીવો. ૧૨૨
ઘણે દૂરથી નીરનું વ્હેણ સાંધ્યું,
રુડું જેમ રાજે સદાવ્રત બાંધ્યું;
પીએ પ્રેમથી આવીને નીર પ્રાણી,
મહારાજની કીર્તિ મોટી વખાણી. ૧૨૩
વળી ઉપમા એની એવી વિચારું,
મહા સિંધુ મધ્યે ધસી ગંગ ધારું;
ઉંચા ટેકરાથી વહ્યું વારિ આવે,
હિમાળા થકી જેમ ગંગા સિધાવે. ૧૨૪
જુઓ આવતું નીર ડોળું જણાય,
વસી ત્યાં વિશેષે વળી સ્વચ્છ થાય;
કદી દુર્ગુણી જો સજે સંગ સારો,
જુઓ આ રીતે સદ્ગુણી તે થનારો. ૧૨૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઘણાં પક્ષીઓ ત્યાં મિઠા બોલ બોલે,
કહું તર્કથી ઉપમા તેહ તોલે;
ઠર્યો છે ભલો પક્ષિનો એમ ઠાઠ,
પઢે ગંગતીરે દ્વિજો વેદ પાઠ. १२६
કરે કોકિલા શબ્દ સારા ઉચાર,
દિસે રાજના ગુણ ગાનારિ નાર;
મધૂરા વદે શબ્દ ત્યાં શુક મેના,
ગુણી જાણિયે હોય ગાંધર્વ તેના. १२७

**ઉદારતા-દોહરા.**

રાત વરત જૈ માગતાં, નહિ કદિ કહે નકાર;
રણમલસરને રંગ છે, દિસે સદા દાતાર. १२८
કોણ કહે જન કૂપને, દુનિયામાં દાતાર;
રણમલસરની રીત જો, રાખે એજ ઉદાર. १२९

**ભુજંગી છંદ.**

અરે ઓ કુવા તું ન લે ગર્વ એવો,
કહે કોણ દાતાર જો તૂજ જેવો;
નહીં નીર પામે વિના ગુણવાળો,[1]
રહે છે નિરાશી તૃષાથી દુખાળો. १३०
નિધીને કહો કોણ આઓ વખાણે,
પિવા પાણી મીઠું ન દે કોઇ ટાણે;
તૃષાતૂર આશા કરી કોઇ આવે,
તૃષા તેતણી તો ટળે આ તળાવે. १३१
અરે સિંધુ તું ગર્વનો છોડ ઘાટ,
ઘણો એવડો શો કરે ઘૂઘવાટ;
અમે તૂજ મોટાની મોટાઇ જાણી,
પિવાને ન પામે કદી કોઇ પાણી. १३२

---

१ ગુણ-દોરડું.

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કરે નીરનું દાન જે કોઇ આવે,
નિરાશી નહિ કોઇ ત્યાંથી સિધાવે;
નિહાળી મને તો નકી દીલ ભાસે,
લીધો ગૂણ શીખી પ્રજાપાળ પાસે. ૧૩૩

તપ્યો તાપથી તે તણો તાપ ટાળે,
કરી શાંત આનંદનો ઓઘ વાળે;
ધીરા સજ્જનો શાંતિથી ધૈર્ય આપે,
દુ:ખી લોકના દીલની દાઝ કાપે. ૧૩૪

સદા સર્વ પામે તહાં નીર પાન,
દયાથી મહીપાળ દે જેમ દાન;
તથાપી કદીએ નહીં નીર તૂટે,
ખજાનો કદાપી નહીં જેમ ખૂટે. ૧૩૫

જુઓ નીર પી પક્ષિઓ ઊડી જાય,
દશે દિશમાં વૃંદનાં વૃંદ ધાય;
મહારાજની કીર્તિ સૌને કહેવા,
ગયા ખેપિયા શું જુઓ પક્ષિ જેવા. ૧૩૬

ગુણીના ગુણોને ન દેખે તપાસી,
કદી કોઇને તે ન કાઢે નિરાશી;
તથાપી ખરો એક વિવેક આણે,
કરે છે સદા દાન પાત્ર પ્રમાણે. ૧૩૭

### ઉપમાઓ-દોહરો.

શેષ નાગ શિર શોભિતી, મેદની મુગટ નિદાન;
રણમલસર તેમાં રહ્યું, મણી અમૂલ્ય સમાન. ૧૩૮

### ભુજંગી છંદ.

રુડા ઘાટથી રમ્ય બાંધ્યું રૂપાળું,
વળી શોભિતું સ્વચ્છ છે નીરવાળું;
કહે પૂર્ણ પીયૂષ[૧] કેરો કટોરો,
તપે જેમ તીર્થોતણો શીર તોરો. ૧૩૯

---

૧ પીયૂષ-અમૃત.

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભગીરથ ભાગીરથી જેમ લાવ્યો,
મહારાજથી એમ આ સિંધુ આવ્યો;
તપ્યા પ્રાણિઓના જુઓ તાપ ટાળે,
ગુણી જેમ ગંગા મહા પાપ ટાળે. ૧૪૦
નિધીથી સુધા કુંભ જે નીકળેલો,
હશે એજ આ શું ધરામાં ધરેલો;
હશે બ્રહ્મનો કુંભ જેમાં સુધા છે,
અમી પૂર્ણ કાં તો અખેયાત્ર આ છે. ૧૪૧
દિસે સ્વચ્છ આકાર સારો સુહાવે,
વિલોકી વળી એમ વિચાર આવે;
ધરા સઘ શું આરશી આ ધરી છે,
મહાલક્ષ્મિને મૂખ જોવા કરી છે. ૧૪૨
કરી જુક્તિને વર્તુલાકાર કીધું,
પ્રકારે[1] કરી ચંદ્રનું માપ લીધું;
દિસે જેમ આદર્શ[2] છે દેવકેરું,
પડયું પૃથ્વિમાં તે રુડે ઠામ ઠેર્યું. ૧૪૩

## વસંતતિલકા વૃત્ત.

ચંદ્ર પ્રવાલ મુખ શર્વરિ[3] બાલિકાનો,
તારાતણો સમુહ મૌક્તિક માલિકાનો;
આ લોક મધ્ય અતિ લાયક લેખવાનું,
શોભીત શ્રેષ્ઠ સર દર્પણ દેખવાનું. ૧૪૪

## ભુજંગી છંદ.

પડે છે રવીનું પ્રતીબિંબ તેમાં,
અતીશેજ ઊંડો દિસે મર્મ એમાં;

૧. પ્રકાર-કંપાસ. ૨. આદર્શ-દર્પણ. ૩. શર્વરિ-રાત.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મહારાજની ભક્તિનો જાણી ભેવ,
પધાર્યા જગચક્ષુ પ્રત્યક્ષ દેવ. ૧૪૫
ફરે સૂર્ય ને ચંદ્રમા રાશિ તારા,
અહોનીશ આકાશમાં ચાલનારા;
બીજે આવી શોભા હશે કોઇ ઠાર,
સદા એજ જોતાં ફરે વારવાર. ૧૪૬
શશી મધ્યથી સામ્યતા સંહરી છે,
ભલી આ તળાવે જુઓ તે ભરી છે;
પડયો તેથિ ખાડો શશી મધ્ય તેનો,
દિસે ઇંદુમાં અંક અદ્યાપિ એનો. ૧૪૭
દિશે નીર આકાશ આભાસ જેવું,
તથા ચંદ્રનું છે પ્રતિબિંબ તેવું;
ભલી ભાત ત્યાં વર્તુલાકાર ભાળી,
કીધી ચંદ્રને જાણીએ તે કુંડાળી. ૧૪૮
ભલી વંશ ઝાલાતણી ભૂમિકા છે,
દિસે રૂપ રંભા શિવા કે રમા છે;
દિસે મૂખમાં પૂર્ણ ચંદ્ર પ્રભાવ,
જુઓ તે બન્યું એજ છે આ તળાવ. ૧૪૯
ભલી ભૂમિ ભાસે જુઓ પ્રાંત અત્ર,
દિસે વંશ ઝાલાતણો કીર્તિપત્ર;
થયો ઓપતો આ તળાવે અધિકો,
થયો રાજસાહેબનો જેમ ટિકો. ૧૫૦

વર્ણન સમાપ્તિ વિષે.

સદાવ્રત જેવું કર્યું કામ સારું,
નકી એથકી નામ વિશ્વે થનારું;
ધરી જન્મ જેણે નહીં નામ રાખ્યું,
નકામુંજ આયુષ તે ખોઇ નાખ્યું. ૧૫૧

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

### દોહરા.

રણમલસર જયાં લગી રહે, વળી આ કાવ્ય વિચાર;
રાજા રણમલસિંહનું, નામ અમર રહેનાર. ૧૫૨
રહ્યું હિમાળે માનસર, પુષ્કર જયાં અજમેર;
રણમલસર તેમજ રહો, પ્રસિદ્ધ રુડી પેર. ૧૫૩
આપ્યું જે ધન ઇશ્વરે, કરી પુણ્યનાં કામ;
દયો આશિષ બહુ લોકની, નિશ્ચળ રાખો નામ. ૧૫૪
વર્ણન કરી વિવેકથી, નિર્મળસરનું નેટ;
માનસિંહ મહારાજને, ભાવે કીધું ભેટ. ૧૫૫
જે કવિતા ગુણ ગાય છે, વિવેક વિદ્યાવંત;
પરોપકારી કામ પણ, એણે કર્યાં અનંત. ૧૫૬
સડકો કીધી શોભતી, ઝાઝાં રોપ્યાં ઝાડ;
કરાવિયાં વાવો કુવા, પ્રજા ગણે છે પાડ. ૧૫૭
ઓગણિસેં તેત્રીસનો, ચોખ્ખો ચૈતર માસ;
વદિ નવમી દિન વર્ણવ્યો, પૂર્ણ પ્રબંધ પ્રકાશ. ૧૫૮
વંશતણી વૃદ્ધિ થજો, જશ દેજો જગદીશ;
દિન દિન દલપતરામની, એ ઉત્તમ આશીષ. ૧૫૯

### મનહર છંદ.

રાજ ઇલકાબ રુડો પાદશાહી વખતથી,
વંશ પરંપરા મહીપાળને મળેલો છે;
અંગરેજ સરકારે સ્ટાર આફ ઇંડિયાનો,
દેશ પતિ રણમલ સિંહને દિધેલો[૧] છે;
સોરઠમાં સેંકડો છે રાજ પણ આજ સમે,
જેના રાજ તણો વગ નંબર પહેલો છે;
કહે દલપતરામ કીધાં જેણે રુડાં કામ,
કવિયોએ કાવ્ય જાણ કુશળ ગણેલો છે. ૧૬૦

૧. માનસિંહજી મહારાજને પણ તે ઇલકાબ મળેલો છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### દોહરો.

રાજ સભાને રીઝવી, કરી કવિતાનું કામ;
પદવી કવિની પ્રથમ ત્યાં, પામ્યો[૧] દલપતરામ. ૧૬૧

---

## મેવાસ વર્ણન.

### ઇંદ્રવિજય છંદ.

જાન્હવિ જાથુ જમાવ કરી રહિ, જેમ જટાધરકેરિ જટામાં,
મોટી નદી મહીમંડળ માંહિ, મહી નદી છે છબિવંત છટામાં;
આવળ ઓરડિનાં બહુ ઝુંડ, ઘણા તરુની ઘમઘોર ઘટામાં,
ડાઢિ જણાય જરીકજ જેમ નરેશતણી મુખકેશ પટામાં. ૧
હાથી હજારની હારની હાર, લગાર તગાર જણાય ન જેમાં,
રામની ફોજ વિરામ કરે કદી, તોપણ શોધી જડે નહિ તેમાં;
વાઘ વરુ વિકરાળ વસે વળી, અન્ય અરણ્યતણાં પશુ એમાં,
તે વનનું વિગતે કરી વર્ણન, સાહિત્ય શબ્દ વિના કરું શેમાં. ૨

### દોહરા.

મહીવાસીના મુલકમાં, તેથી ઉપજે ત્રાસ;
વિશ્વ વિષે વિખ્યાત છે, વસુધામાં મહીવાસ. ૩
રાજશત્રુ ત્યાં જઈ રહે, રહે લુંટારા ચોર;
પણ તે કદિ પકડાય નહિ, અતિ અંધારું ઘોર. ૪
સાગર સ્થાનક મચ્છનું, ભૂત સ્થાન કૈલાસ;
સુરનું સ્થાનક સ્વર્ગ છે, ચોર સ્થાન મહીવાસ. ૫
રહે રાત દિન રખડતા, ભય તજી ભીલ અપાર;
એક દિસે એમાં વળી, સર્વતણો સરદાર. ૬
છૂટક છૂટક છાપરાં, કરી રહેલાં કોઈ;
કઇક ગુફામાં ગુપ્ત રહે, જગ્યા છાની જોઇ. ૭

---

૧. સંવત્ ૧૯૦૫માં.

P.P. Ac. Gunratnasuri M.S.   Jin Gun Aaradhak Trust

ભામની ભાસે ભીલડી, બાળક લઇ બે ચાર;
ચણોઠીયોના ચોસરા, હૈડે પહેરી હાર. ૮
એક કુહાડી કાખમાં, એક છરો અણિદાર;
કરમાં તિર ને કામઠું, એ નરનો શણગાર. ૯
ટુંકી પહેરે તંગડી, માથે ફેંટો એક;
તન તો સઘળું તેહનું, છે ઉઘાડું છેક. ૧૦
ન ગણે તડકા ટાઢને, વળી ન ગણે વરસાદ;
શિકાર શોધે સર્વદા, નિશદિન તેહ નિષાદ. ૧૧
પગમાં ન મળે પગરખું, નહિ અંગરખું અંગ;
તેના તનનું ચામડું, બખ્તર તુલ્ય અભંગ. ૧૩
એક ઉપર આપદ પડે, કરે ઢોલ ધમકાર;
ભેળા થઇ જાય ભીલડા, પળમાં પાંચ હજાર. ૧૩
સુત મોટા સરદારનો, તેજ નહીં સરદાર;
પણ જે થાય પરાક્રમી, એ પામે અધિકાર. ૧૪
મહાસાગરમાં માછલી, જતી રહી ન જણાય;
તેમજ તે મેવાસમાં, ગયો ન ચોર ઝલાય. ૧૫
સાબમતી ને મહી નદી, બે મધ્યે મેવાસ;
શિરોહીથી દક્ષિણ દિશે, પૂર્ણ કોશ પંચાસ. ૧૬
મીઠી ભૂમિ મહી તટે, મીઠા પાણી પાસ;
લીલા ઉગે લીંબડા, ફુલ તેમાં કડવાશ. ૧૭
આ સરકારે વશ કર્યો, અતિશય એવા ભીલ;
ઝાડી પણ છેદન કરી, ધરી ન તેમાં ઢીલ. ૧૮
ત્રાસ ટળ્યો સૌ દેશનો, સુખ પામ્યા સૌ લોક;
ઇશ્વર એ રીતે હણો, સર્વ સ્થળનો શોક. ૧૯
ઉજડમાં વસ્તી થજો, થાજો લીલાલહેર;
સુખ શાંતિ સઘળે થજો, પૃથ્વીમાં બહુ પેર. ૨૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી વિષે.

### ઉપજાતિ વૃત્ત.

કહું હવે શ્રીપુરનો* સુધારો,
સ્વદેશમાં જ્ઞાન વધારનારો;
સ્વદેશનું જે હિત ચિત્ત ચ્હાશે,
તે સાંભળી અંતર રાજી થાશે. ૧
ઇસ્વીસને સૌ સમજો કહ્યાથી,
અઢારસેં ને અડતાળિશાથી;
જે જે થયો શ્રીપુરમાં સુધારો,
તેમાંથી છું કાંઈક બોલનારો. ૨

### દોહરો.

સોસાઇટી વર્નાક્યુલર, સ્થપાઇ અમદાવાદ;
સંક્ષેપે વર્ણન કરું, ઉપમા આણી યાદ. ૩

### ઉપજાત વૃત્ત.

માતા કહું તોપણ યોગ્ય એ છે,
દેવી ભલી દૈવતવાળિ તે છે;
કહું વળી કામદુધા વખાણી,
રમા થકી ઉત્તમ એજ રાણી. ૪

### દોહરા.

સ્થિતિ ગુણમય ગુજરાતની, બદલાઇ બહુ વાર;
સ્થિતિ પલટે છે ઋતુ થકી, જેમ જગત મોઝાર. ૫
હિમાચાર્ય સરખા થયા, વડા વડા વિદ્વાન;
જેના ગ્રંથો[૧] આજ પણ, મોટું પામે માન. ૬
ગુજરાતી ભાષા તણા, કવિયો થયા અનેક;
રામાયણ ભારત રચ્યાં, વાર્તા પણ સવિવેક. ૭

---

* શ્રીપુર—અમદાવાદ.

૧ હેમકોષ તથા હૈમ વ્યાકરણ વગેરે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પછી આવી પડતી દસા, વિદ્યા પામી વિનાશ;
દેખાડે નહિ કોઇને, પુસ્તક જેની પાસ. ૮
પછી પરમેશ્વરની કૃપા, દૃષ્ટિ થઈ તે દેશ;
અમલ થયો અંગ્રેજનો, સૌ સુખ વધ્યું વિશેષ. ૯

## મનહર છંદ.

ગુજરાતમાં વિદ્યાની વૃદ્ધિ કરનાર નર,
લાયક લંડનપુરમાં જનમ પામિયો;
ઇસ્વિસો અઢારસેં ને એકવીસતણી સાલે,
સાતમી જુલાઇ દીન જન્મ ધરી જામિયો;
બહુ વિદ્યાભ્યાસ કરી એકવીસ વર્ષ વયે,
મુંબઇમાં આવી નોકરી વિષે વિરામિયો;
તે અલેકઝાંડર કિન્લાક ફારબસ નામ,
ખાંતે ગુજરાતની મટાડી ઘણીઃ ખામિયો. ૧૦

## દોહરા.

સન અઢાર છેતાળિસેં, આવ્યો અમદાવાદ;
આસિસ્ટંટ જડજ થયો, તે અકટોબર બાદ. ૧૧
શોખ ઘણો કવિતા તણો, વાંચે ધરી વિવેક;
ભાટ ચારણો બ્રાહ્મણો, જોયા કવિ અનેક. ૧૨

## મનહર છંદ.

કવિતા સુણીને કરતો કવિની પરીક્ષા તે,
સીરપાવ આપી સારા શબ્દને ઉચારતો;
મન માન્યો મળે કવિ તો તેને પોતાની પાસે,
રાખવાને રાત દિન હૃદયમાં ધારતો;
સારાભાઈ તણા સુત ભોળાનાથભાઈ સુખે,
સાંભળ્યું કવિનું નામ તેણે એક વાર તો;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મોકલાવી માણસ તેડાવ્યો દલપતરામ,
રાખ્યો પોતા પાસે તેને પળ ન વિસારતો. ૧૩

દોહરા.

સન અઢાર અડતાળિસે, માસ નવેંબર નામ;
ફાર્બસ સાહેબે કવિ, રાખ્યો દલપતરામ. ૧૪
સંગ્રહ કરતાં ગ્રંથનો, ઉપજ્યો એક વિચાર;
સાર્વજનિક શુભ સ્થાપિયે, પુસ્તકનો ભંડાર. ૧૫

મનહર છંદ.

જુના કવિયોની કવિતાઓ એકઠી કરીને,
નવાં નવાં પણ રુડાં પુસ્તક રચાવિયે;
આવ્યો ગુજરાતમાં હું તો તે ગુજરાતી ભાષા,
સુધારી વધારીને વિશેષ વખણાવિયે;
દેશી રાજાઓમાં રૈયતમાં, એક ટીપ
ફેરવીને લાખ ધન સેજે સંપડાવિયે;
સારા પાયાપર એક સ્થાપિયે સોસાઇટી તો,
નિશ્ચય તે ખાતાને નિરંતર નિભાવિયે. ૧૬

દોહરા.

છે દક્ષિણ સોસાઇટી, જયાં છે દક્ષિણ દેશ;
તેથી પણ ગુજરાતની, વધતી કરું વિશેષ. ૧૭
જ્યાં દિલ્લી ને આગરા, મંડળિયો છે ત્યાંય;
ગ્રંથ રચાવે છે રુડા, સ્વદેશી ભાષામાંય. ૧૮
પછી તેણે પોતા તણા, મિત્રોને કહી વાત;
સ્થાપી સાહેબો મળી, સોસાઇટી સાક્ષાત. ૧૯

મનહર છંદ.

ઇસ્વિસો અઢારે અડતાળીસની સાલે શુભ,
તારિખ તો છવીશમી ડીસેંબર માસની;

P. P. Ac. Gunratnasuri M.S.   Jin Gun Aaradhak Trust

મંગળ વાસરે મહા માંગલિક ક્રિયા કીધી,
કિન્લાક સાહેબ તણી કીર્તિના પ્રકાશની;
સ્થાપી ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી તે,
અધિક વધારનારી વિદ્યા અભ્યાસની;
દ્વિજ દલપતરામે દિલથી આશીષ દીધી,
આજથી સોસાઇટી તું થજે અવિનાશની.[1] ૨૦

દોહરો.

અરે ભલી નાતાલ તું, ભલે આવી આ કાળ;
નામ તારું નાતાલ પણ, તેં મેળવ્યો સુતાલ. ૨૧

મનહર છંદ.

ક્યાપટન [2]લાલીસ ને વળી કુલ જેમ્સ છે,
રેવરંડ ટીરવીટ પીરીટસ પાદરી;
ફાસટ સાહેબ કમીટીના પાંચ મેંબર થૈ,
ઉત્તમ પ્રકારની મદદ દેવા આદરી;
કિનલાક સાહેબ તે સભાનો સેક્રેટેરી થયો,
વિચક્ષણપણા તણો જે વડો વિદ્યાદરી;
મુંબઈના ગવર્નર લાર્ડ ફાકલાંડ નામ,
પેટરન થયા સદ્‌બુદ્ધિના સિહાદરી. ૨૨

ઇંદ્રવિજય છંદ.

હે ગુજરાતી ગિરા સુણ તું,
દિલગીર હવે ન રહે લવલેશે;
આજ થકી તુજ ઉપર જાણ,
મહેર કરી મહારાજ મહેશે;
આ ખટમાત[3]તનૂજ તને,

---

૧ નાશ ન પામે એવી.
૨. એ વડોદરાના રેસિડેન્ટ થયા હતા.
૩. આ છ માતાઓના છ પુત્ર કમિટીના સાહેબો, અથવા છ માતાઓનો પુત્ર કાર્તિકસ્વામી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પરિપૂરણ પાલન પોષણ દેશે;
એજ ષડાનન કેરી સહાયથી,
થૈશ તું વૈભવવાળી વિશેષ. ૨૩

દોહરા.

દસમે દિન ગુરુવાસરે, વળી ત્યાં બીજી વાર;
સભા મળી સોસાઇટી, કરવા વિવિધ વિચાર. ૨૪
પુસ્તકશાળા સ્થાપવી, સંગ્રહ કરવા ગ્રંથ;
ગુજરાતી ભાષાતણો, સુધારવો શુભ પંથ. ૨૫
ટીપ ફેરવી દેશમાં, મેળવવા ધન થોક;
દસ હજારમાં પાંચસે, મળ્યા અધૂરા રોક. ૨૬
થાપણ સાત સહસ્રની, મૂકી અવિચળ ઠામ;
બાકીનું ધન વાવરી, કરવા માંડયું કામ. ૨૭

મનહર છંદ.

એપ્રિલ ચોથીએ વર્તમાનપત્ર[1] પ્રગટાવ્યું,
નામ જેનું ગુજરાત મધ્યે કયાંઇ ન હતું;
જુન તેરમાએ [2]ભૂતનિબંધ રચવાતણું,
જાહેરનામું વળી છપાવીને કર્યું છતું;
આઠમી જુલાઇથી કન્યાઓને ભણવા કાજે,
ઠરાવી નિશાળ કામ ઉત્તમ એ તો ઠર્યું;
કહે દલપતરામ નહીં કોઈ બીજે ઠામ,
એવાં એવાં ખાતાં સ્થાપવાનું કામ આદર્યું. ૨૮
શેઠ હઠીસિંહની સુપત્ની હરકોર નામ,
ચાહે છે જે સ્ત્રીયોમાં વિદ્યા વધારે ચિત્તથી;
પચાસની સાલથી કન્યાશાળાનું ખર્ચ તેણે,

---

૧ દર બુધવારે છપાતું હતું.

૨. રૂ. ૧૫૦) નું ઇનામ છપાવ્યું હતું, તે દલપતરામ ડાહ્યાભાઈને મળ્યું. તેનો અંગ્રેજીમાં તથા ઉર્દૂમાં તરજુમો છપાયો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આપવા માંડયું સોસાઇટીને પુરી પ્રીતથી;
અઢારસેં અઠાવન એપ્રિલને અંત દીને,
તે નિશાળતણું ખાત કર્યું રુડી રીતથી;
ત્રેવીસમી અકટોબરે પ્રવેશ મુહુર્ત થયું,
શેઠાણીના[1] ગુણનું ગાયન થયું ગીતથી. ૨૯

દોહરા.

પછી પચાસની સાલમાં, ડાકટર સિવર્ડ[2] નામ;
તે તો સેક્રેટેરી થયા, કીધું ઉત્તમ કામ. ૩૦

મનહર છંદ.

પાંચમી ડીસેંબર અઢારસેં પચાસતણી,
તારિખ તું ભલે આવી તારો પૂરો પાડ છે;
રાવબહાદુર શેઠ ભલા છે મગનભાઇ,
તેણે કન્યાશાળા[3] સ્થાપી તે વિદ્યાનું ઝાડ છે;
સુધારાનાં ફળ થશે સારાં આ શહેર વિષે,
અડચણો ભાગી જશે જેની મોટી આડ છે;
કહે દલપતરામ કર્યું આ ઉત્તમ કામ,
આ થકી આ દેશના નશીબનો ઉઘાડ છે. ૩૧

દોહરો.

સુરતમાં[4] જઈ ફાર્બસે, પુસ્તકશાળા એક;
એંડ્રુસ કેરા નામથી, સ્થાપી સહિત વિવેક. ૩૨

---

૧. ચાર હજાર રૂપિઆનું મકાન થયું, અને ચાલુ ખર્ચને વાસ્તે રૂ. ૧૨૦૦૦) સરકારમાં મૂકયા, ત્યારે સરકારે નેક નામદાર સખાવતે બહાદુરનો ઇલકાબ શેઠાણીને આપ્યો.

૨. સન ૧૮૫૦ ના જાનેવારીથી તા. ૨૪ મી સપ્ટેંબર સન ૧૮૫૨ સુધી.

૩. રૂ. ૬૦૦૦) ખર્ચીને રાયપુરમાં કન્યાશાળા બંધાવી અને રૂ. ૧૪૦૦૦) તેના ચાલુ ખર્ચને વાસ્તે સરકારમાં મૂકયા, ત્યારે શેઠને સરકારે રાવબહાદુરનો ઇલકાબ આપ્યો.

૪. સન ૧૮૫૦ ના મે માસમાં સુરત ગયા, અને નવેંબરમાં એંડ્રુસ લાયબ્રેરી સ્થાપી, તથા સુરતમાં સમાચાર પ્રગટ કરાવ્યું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### મનહર છંદ.

મુંબાઇમાં સારો એક વિલાયતી સાહેબ હતો,
ફંડ થયું તેની યાદગીરી અભિલાખવા;
ઉઘરાવતાં ઉપજ્યા રૂપીઆ હજાર આઠ,
તથા બસેં સોંપ્યા સરકારમાં તે રાખવા;
પ્રતિ વર્ષે એના વ્યાજના રૂપીઆ ઉપજે તે,
નીમે ઠર્યો દક્ષિણ સોસાઇટીમાં નાંખવા;
ફારબસ તણી તદબીરથી એવું ઠર્યું જે,
અર્ધ દેવા ગુર્જર સોસાઇટીને ચાખવા. ૩

### દોહરા.

સન અઢારસેં બાવને, એવો થયો ઠરાવ;
કોણ ધરે ગુજરાતિયો, ઉરમાં એવો ભાવ. ૩૪
સીવર્ડની બદલી થઇ, બાવન કેરી સાલ;
સેક્રેટેરી ત્યારે થયા, ભડનર ભોગીલાલ[1]. ૩૫
વખતચંદના પુત્ર જે, મગનલાલ કહેવાય;
તે ઉપસેક્રેટેરી થયા, કરવા કાય સહાય. ૩૬
સન અઢાર ત્રેપનતણો, માસ ડિસેંબર સાર;
ટી. બી. કરટીસે લીધો, સેક્રેટેરી અધિકાર. ૩૭
મોહનલાલતણા તનુજ, નામે જે હરિલાલ;
તે ઉપસેક્રેટેરી થયા, કામ નિમિત તે કાળ. ૩૮
ચોપનના એપ્રિલથી, વિદ્યા થવા વિકાશ;
ચતુરપણે ચોપાનિયું, પ્રગટયું "બુદ્ધિપ્રકાશ." ૩૯
વિદ્યાભ્યાસક નામની, ભરતા સભા હમેશ[2]"

---

૧. તા. ૨૪ મી સપ્ટેંબરથી સને ૧૮૫૩ ની ૨૩ મી આગષ્ટ સુધી. તે પછી બારમી ડિસેંબર સુધી મગનલાલ વખતચંદે કામ કર્યું.

૨. દર અઠવાડીઆમાં એક વાર.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભલાં ભલાં ભાષણ થતાં, વિધવિધ વિષય વિશેષ. ૪૦
સપટેંબરમાં સ્નેહથી, ભાષણ કરવા કામ;
સાદરાથી તેડાવિયો, દ્વિજ કવિ દલપતરામ. ૪૧
કવિતામાં ભાષણ કર્યું, સ્વદેશહિત ધરી આશ;
રાજકુમાર ભણાવવા, રાજ વિદ્યા અભ્યાસ. ૪૨

### મનહર છંદ.

કરટીસે તે સમે કવિને ત્યાં કથન કહ્યું,
જો તમે સ્વદેશનું ભલું ચહાઓ ચિત્તથી;
સેવા સરકારી તજી આવી અમદાવાદમાં,
સેવા તો સોસાઇટીની કરો પૂરી પ્રીતથી;
સ્થાપવામાં હતા તમે તો તેને સંભાળો હવે,
મમતા રાખીને મોટી કરો રુડી રીતથી;
કવિએ કહ્યું કે સરકારી નોકરીમાં રહી,
મદદ કરીશ મારા તન મન વિત્તથી. ૪૩

### દોહરો.

દિલમાં હેત સ્વદેશપર, પણ તૃષ્ણા ન તજાય;
સરકારી અધિકાર તે, કેમ એમ મુકાય. ૪૪

### મનહર છંદ.

ફારબસ તે સમે રજાપર વિલાયતમાં,
હતા તેને કરટીસે લખ્યું જુગતી કરી;
વર્ષ સાત થયાં પણ સોસાઇટી વધી નહીં,
નાણાં સાત સહસ્રની નોટો રહી છે ખરી;
આવે દલપતરામ આસિસ્ટંટ થાય મારો,
તો વધારીએ જરૂર હિંમત હૈયે ધરી;
માટે તમે તે કવિને લખજો મિત્રાઇ દાવે,
આવે જેમ અહીં એવાં વાક્ય રુડાં વાવરી. ૪૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ફારબસે કવિ પ્રતિ પત્ર લખ્યો પ્રીતિ ધરી,
વાંચીને આ વાત તમે ચિત્તમાં વિચારજો;
તમને તેડાવ્યા હતા વઢવાણથી મેં તે તો,
મારી નોકરીને માટે તે નહીં વિસારજો;
સેવા સરકારી તજી સ્થાપેલી અમારી જે છે,
સોસાઇટી તેની તો સેવા તમે સ્વીકારજો;
ફિકર તમારી આખી ઉમરની હું ધરીશ,
ધીરજ તે માટે તમે અંતરમાં ધારજો. ૪૬

દોહરા.

સ્વદેશનું હિત જો સદા, હૃદય ધરો દિનરાત;
તો આ વચનો વાંચીને, કબુલ કરજો વાત. ૪૭
વચનો એવાં વાંચીને, ના કહી કેમ શકાય;
પકડું બંધન પ્રેમનું, તે નવ તોડયું જાય. ૪૮
કરટીસે કવિને લખ્યો, વળી વિવેકે પત્ર;
એનો ઉત્તર મોકલ્યો, તરત લખીને તત્ર. ૪૯
સ્વદેશનું શુભ ચાહીને, આવીશ અમદાવાદ;
સોસાઇટીને સેવવા, બાર તેર દિન બાદ. ૫૦
સન અઢાર પંચાવને, બેસંતાં જુન માસ;
કવિ દલપત આવી થયો, સોસાઇટીનો દાસ. ૫૧

મનહર છંદ.

કહે કરટીસ સુણો કવિરાજ આજ હવે,
કાજ કરવાનું મુખ્ય છે તે કહું વાણિયે;
વસવા સોસાઇટીને સ્વતંત્ર સુસ્થાન નથી,
પુંજી પણ હજી સાત સહસ્ર પ્રમાણિયે;
લાખ કે અરધ લાખ નાણાનું ભંડોળ થાય,
તોજ મૂળ ઉંડાં આ સોસાઇટીનાં જાણિયે;
તે માટે રિઝાવો સરદાર સાહુકાર લોક,
આપે જો સહાયતા તો હર્ષ ઉર આણિયે. ૫૨

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

દોહરો.

તે પછી કવિયે નિત્ય જઇ, નગરશેઠની પાસ;
કવિતા કહી રંજન કર્યો, અંતરની કહી આશ. ૫૩

ઉપજાતિ વૃત્ત.

સોસાઇટી સૌનું ભલું ચહે છે,
માગી લીધેલા ઘરમાં[1] રહે છે;
ભલા હિમાભાઇ સુકીર્તિમાન,
રચાવી આપો રમણીક સ્થાન. ૫૪
તેને હવે આશ્રય છે તમારો,
ગયો સુકીને ઉપજાવનારો;
અરે દયા અંતર મધ્ય આણો,
પોતાની તેને કરીને પ્રમાણો. ૫૫
ધર્મે વડા છો ધનવંત ધીર,
ઉદાર છો ને ઉમદા અમીર;
માટે ધરે એક તમારી આશ,
ન કાઢશો છેક હવે નિરાશ. ૫૬
ધરા વિષે દેવળ ધર્મશાળા,
કરી થયા છો શુભ કીર્તિવાળા;
કરો હવે આ શુભ એક કામ,
દેશે દુવા તો દલપત્તરામ. ૫૭

સોરઠા.

કરી કવિતા એ રીત, રંજન કરતાં રોજ જઇ;
પ્રગટી મનમાં પ્રીત, એક દિવસ એ શેઠને. ૫૮
કાંઇક ઢાળ્યા કાન, દીધો દિલાસો જીભથી;
સજવાને સુસ્થાન, ભરી સભા ભાષણ કર્યું. ૫૯

---

૧. ભદ્રના દરવાજા ઉપર હતી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શુભ સપટેંબર માસ, પ્રસિદ્ધ તારિખ પાંચમી;
વાંચો "બુદ્ધિપ્રકાશ," વાત લખી જે તે વિષે. ૬૦
શેઠે કર્યું કબૂલ, સ્થાન રચાવી આપવા;
જયાં અંગ્રેજી સ્કૂલ, તે પાસે જગ્યા કરી. ૬૧

### મનહર છંદ.

ડિસેંબર ચોવીસમી દિને ખાત મુહુરત,
લાર્ડ એલફીનસ્ટન સાહેબે કોડે કર્યું;
પ્રભાતમાં પુસ્તકશાળાનો પાયો નાંખી પછી,
સાંજે દવાખાના[1] તણું ખાત એમ આદર્યું;
પ્રવેશ મુહુર્ત તે પુસ્તકશાળાતણું તે તો,
ચૌદમી નવેંબરે સતાવનમાં સુધર્યું;
વિશેષ વિગત તો વાંચો બુદ્ધિપ્રકાશ વિષે,
આ તો સાર સાર લૈ સંક્ષેપમાં મેં ઉચર્યું. ૬૨
છોટા જન શ્રમ કરી કારજ સુધારે પણ,
તે કર્યાનો સુજશ તો મોટા જન માણશે;
કડિયો કારીગરી કરીને કરશે મકાન,
એનું નામ કહો પછી કોણ યાદ આણશે;
પાયો નાંખ્યો ગવર્નરે વાત તે પ્રસિદ્ધ થશે,
વારે વારે યાદ કરી લોક સૌ વખાણશે;
દાખે દલપતરામ દાખલો દેખી આ ઠામ,
જગતની રીત એવી જાણનાર જાણશે. ૬૩

---

૧. શેઠ હઠીસિંહની બે વિધવા શેઠાણીઓએ મળીને રૂપિયા અર્ધોલાખ અને શેઠ પ્રેમાભાઇએ રૂપિયા બાવીશ હજાર આપ્યા અને રૂપિયા ૭૨૦૦૦) સરકારે આપ્યા તેમાંથી રૂ. ૪૨૦૦૦) ની ઈમારત બાંધી અને બાકીના રૂપિયા ચાલુ ખર્ચને માટે સરકારમાં વ્યાજે મૂક્યા.

P. P. Ac. Gunratnasuri M.S.   Jin Gun Aaradhak Trust

## નગરશેઠ હિમાભાઇની હયાતી વિષે.

### દોહરો.

હયાતી હિમાભાઇની, દીસે દેશો દેશ;
કંઇ કંઇ કામ સુધારીને, બાંધ્યા બંધ વિશેષ. ૬૪

### ભુજંગી છંદ.

જુઓ બંધ જૈ પાંજરાપોળવાળા,
જુઓ ગામ ગામે ઘણી ધર્મશાળા;
જુઓ ટુંક શત્રુંજયે જે સુહાતી,
હિમાભાઇની તે હમેશાં હયાતી. ૬૫
જુઓ પુસ્તકસ્થાન[1] જૈ ભદ્ર પાસે,
રચ્યું રુડું વિદ્યા વધે એવી આશે;
બીજે તેવી જગ્યા નથી તો જણાતી,
હિમાભાઈની તે હમેશાં હયાતી. ૬૬
જુઓ આબુની ઊપરે આપ જૈને,
સુધાર્યાં જુનાં દેવળો શેઠ થૈને;
થઇ લાખ લેખે સુકીર્તિ લખાતી,
હિમાભાઇની તે હમેશાં હયાતી. ૬૭
કહું શું કથી કોટિધા કામ કીધાં,
દયા લાવીને દીનને દાન દીધાં;
વખાણે જુઓ વાત તે સર્વ જાતી,
હિમાભાઇની તે હમેશાં હયાતી. ૬૮
કીધું કામ આરાસણે[2] એજ રીતે,
બીજે ઠામ ઠામે જુઓ ચાહિ ચિત્તે;

---

૧. હિમાભાઈ ઇન્સ્ટિટયૂટ બંધાવતાં શેઠે રૂા. ૭૦૦૦) સાત હજાર ખરચ્યાં છે.

૨. અંબાજી પાસે આરાસણું ગામ છે ત્યાં.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જુનાં મંદિરે મૂર્તિયો થૈ થપાતી,
હિમાભાઈની છે હમેશાં હયાતી. ૬૯
જુઓ સંઘ શત્રુંજયે જેહ જાતા,
કરે ભૂપને કેક ત્યાં ખોટી થાતા;
કીધી માફ તે રીત ત્યાં જે અપાતી,
હિમાભાઈની છે હમેશાં હયાતી. ૭૦
રહે રોજ સંભારતા રાય રાણા,
ગુણો ગામ ગામે તમામે ગણાવા;
ભણે ભાવથી સજ્જનો ભાતિભાતી,
હિમાભાઇની છે હમેશાં હયાતી. ૭૧
જુઓ ખૂબ જેણે કરી તીર્થ જાત્રા,
લખે લેખ વિસ્તારી થાકે વિધાત્રા;
કથું તો નથી પૂરિ એકેક થાતી,
હિમાભાઇની છે હમેશાં હયાતી. ૭૨

**દોહરા.**

કથતાં કવિજન શું કથે, પાર ન પામે કોય;
લખનારો થાકે લખી, હિંમતવાળો હોય. ૭૩
પૂરણ પ્રેમાભાઇએ, રાખી તેની રીત;
પિતા બરાબર પેખિયે, પરમારથમાં પ્રીત. ૭૪
પરમ સુખી રાખે પ્રભુ, કરો સદા શુભ કામ;
અવિચળ આશિષ એટલી, દે છે દલપતરામ. ૭૫
કરટીસે કવિને કહ્યું, કરી કાંઇએ ઉપાય;
મોટા મોટા શહેરમાં, પુસ્તકશાળા થાય. ૭૬
તો વાંચન વિદ્યા વધે, વધશે પુસ્તક થોક;
ગુજરાતી ભાષા તણા, ગુણ જાણે ગુણી લોક. ૭૭
એપ્રિલ ઓગણસાઠનો, આવ્યો જેણી વાર;
કવિ વિચર્યો તે કારણે, ભાવનગર મોઝાર. ૭૮

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિજયક્ષમા વર્ણન કર્યું, રીઝવવાને રાય;
પુસ્તકશાળા સ્થાપવા, એમ કર્યો ઉપાય. ૭૯
છગનલાલ દેશાઇએ, હૃદયે રાખી વાત;
ત્યાં પુસ્તકશાળા[1] કરી, નિજ નામે સાક્ષાત. ૮૦
વધારવા સોસાઇટી, કરતો શ્રમ કરટીસ;
મનસૂખા મોટા કરે, દિલમાં તે દિનનીશ. ૮૧
સન અઢાર ત્રેસઠ વિષે, ઉપજ્યો એક વિચાર;
કરવો ગાયકવાડીમાં, વિદ્યા તણો પ્રસાર. ૮૨
કરટીસે કવિને કહ્યું, ધરો હૃદયમાં ધીર;
જઇ મહારાજાને મળો, કરો કાંઈ તદબીર. ૮૩
શ્રમ કરી જોવો આપણે, પ્રભૂ મદદ કરનાર;
જો શ્રમ નિષ્ફળ જાય તો, શરમાશો ન લગાર. ૮૪
પછી કવિયે જઇને કર્યો, ખંડેરાવ મિલાપ;
કવિતામાં રચીને કહ્યો, ત્યાં ગુર્જરી વિલાપ. ૮૫
દીધો દિલાસો તે નૃપે, જયાં પોતાનું રાજ;
પુસ્તકશાળા સ્થાપવી, પણ ન થયું તે કાજ. ૮૬

મનહર છંદ.

ત્રેસઠમાં મુંબઇમાં ગુજરાતી ભાષા માટે,
લાગ્યો ફારબસ સુબો ચિત્તમાં વિચારવા;
સભા એક સ્થાપવાને ત્યાં પ્રયત્ન[2] કર્યું,
ટીપ કરી તેને માટે પુંજીને વધારવા;
તેથી ઉપજ્યા રૂપૈયા ત્યાં પણ હજાર ત્રીશ,
સારી રીતે ગુજરાતી ભાષા શણગારવા;

૧. દરબારની સહાયતાથી.
૨. આ કામમાં રા. મનસુખરામ સુરજરામ સારી મદદ કરતા હતા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પણ તે તો પાંસઠમાં પોતે સ્વર્ગપંથ[1] ગયો,
નામ રહ્યું નિશ્ચળ સંસારીને સંભારવા. ૮૭

## દોહરો.

ફાર્બસ ગુજરાતી સભા, છે મુંબઈમાં હાલ;
મંત્રી મનસુખરામ છે, સૂર્યરામના લાલ. ૮૮

## મનહર છંદ.

મુંબઇના બારોનેટ શેઠ જમશેદજીના,
શાણા સુત જેનું શેઠ સોરાબજી નામ છે;
ચોસઠના એપ્રિલમાં આવ્યા અમદાવાદમાં,
ઉતર્યા જ્યાં શેઠ હઠીસિંહનો આરામ છે;
સાંભળીને સમાચાર સાહેબે કવિને કહ્યું,
જાઓ જઈ મળો શેઠ ઉતર્યો જે ઠામ છે;
જેમ કવિતાથી હિમાભાઇને રંજન કર્યા,
તેમ કરો રંજન જઇ તે તમારું કામ છે. ૮૯

## દોહરા.

પછી કવિજન જઇને મળ્યો, સ્નેહ સહિત સંપૂર્ણ;
સંભળાવી કવિતા પ્રથમ, નીતિની પરચૂર્ણ. ૯૦
જશવંતા જમશેદજી, થયા ગયા પ્રભુ ધામ;
વર્ણન તેના ગુણ તણું, સંભળાવ્યું[2] તે ઠામ. ૯૧

## મનહર છંદ.

શેઠ જમશેદજીમાં શ્રેષ્ઠ ગુણ હતા,
દોલત સહીત બારોનેટ પદ જાણિયે;
વિદ્યાનો વિનોદ ગુણ બીજો તથા ત્રીજો ગુણ,
વેપાર કર્યાની કળા વિવિધ વખાણિયે;

---

૧. તા. ૩૧ મી ઓગસ્ટે.　　૨. પરજ રાગમાં એ તે

P. P. Ac. Gunrathasuri M.S.　　Jin Gun Aaradhak Trust

ખરસેદજી તથા રૂસ્તમજી ને સોરાબજી,
ત્રણ તે સાહેબજાદા તેમના પ્રમાણિયે;
વારસામાં અનુક્રમે આપ્યો એક એક ગુણ,
દાખે દલપતરામ દેખી ઉર આણિયે. ૯૨

દોહરા.

ઇત્યાદિક કવિતા કહી, પછી ચલાવી વાત;
કામ કરે જે જે ભલાં, સોસાઇટી ગુજરાત. ૯૩
સુણી હૃદયે રંજન થયો, સઘળો મિત્ર સમાજ;
પછી કવિયે માગી મદદ, સોસાઇટીને કાજ. ૯૪
કહે શેઠ સોરાબજી, હું ખુશી થયો અપાર;
શુભ કામે નાણું ગણી, આપીશ અઢી હજાર. ૯૫

કવિ વચન.

મુજ કવિતાથી જો તમે, અતિ રીઝયા હો અત્ર;
સેક્રેટરીપર તો લખી, આપો મુજને પત્ર. ૯૬

પત્ર લખ્યો તેનો સાર–મનહર છંદ.

સેક્રેટરી સાહેબ તરફ લખ્યું લેટરમાં,
આપના આસિસ્ટંટે જે વાત મુજને કરી;
તે સુણીને ખરેખરો ખૂબ ખુશી થયો છું હું,
રકમ તો આપીશ અઢી હજારની ખરી;
તેના વ્યાજમાંથી દરસાલ સો રૂપૈઆતણો,
નિબંધ રચાવજો ઇનામ આગળે ધરી;
બારમી એપ્રિલે લેખ લખી આપ્યો એવી રીતે,
ધન્ય શેઠ સોરાબજી ઉદારતા આદરી. ૯૭
પાંસઠના ફેબ્રુઆરી વિષે વળી મુંબઇથી,
શેઠ રાયચંદ સુત પ્રેમચંદ આવિયા;
કવિએ મેળાપ પ્રેમાભાઇની સમક્ષ કર્યો,
રસિક કવિતા કહી એઓને રીઝાવિયા;

P. P. Ac. Gunratnasuri M.S.       Jin Gun Aaradhak Trust

તે પછી સોસાઇટી કરે છે જે સુધારા કામ,
ફાયદા તેના સરવે કહી સમજાવિયા;
માગતાં મદદ જયારે કાંઇક તો કાન ઢાળ્યા,
સમાચાર જઇ કરટીસને સુણાવિયા. ૯૮

દોહરો.

અઢારમી તારીખ દિને, ચિતમાં કરી વિચાર;
ભલી ભરી વાર્ષિક સભા, આવ્યા ગૃહસ્થ અપાર.

**તે સભામાં કહેલી કવિતા.**

વિદ્યા વાણી વધારવા, ગરથતણી પડી ગરજ;
આજ સભાસદ સરવને, એ માટે કરું અરજ. ૧૦૦

**હરિગીત છંદ.**

કરું અરજ તે ઉરમાં ધરો, સઘળા સભાસદ સ્નેહથી,
ગુજરાતી ભાષા ગુણવંતી, પણ દુર્બળી થઇ દેહથી;
ચિંતા કરો ચિતમાં તમે, વિદ્વાન જન આ વાતની,
ઉધરે રકમ મનમાની તો, સુધરે ગિરા ગુજરાતની. ૧૦૧
જે વાણીથી જીવક જડે, વળી છે અધિક ઉપયોગની,
આ દેશી જનને દિન દિને, ભરનારી છે સુખ ભોગની;
કીરતી કથે છે કથનથી, પ્રાચીન પુરુષ પ્રખ્યાતની,
ઉધરે રકમ મનમાની તો, સુધરે ગિરા ગુજરાતની. ૧૦૨
વેપાર પાર વિના કરે, એ વાણિથી વેપારિયો,
અભિલાખ લાખ ઉચારવામાં, વાપરે નરનારિયો;
વાણી વિના ગતિ પ્રાણીની, પરમાણિયે પશુ જાતની,
ઉધરે રકમ મનમાની તો, સુધરે ગિરા ગુજરાતની. ૧૦૩
વાણી થકી ઉપદેશકો, ઉપદેશ આપે ધર્મનો,
વળી શાસ્ત્રનો સિદ્ધાંત તે, સમજાય સઘળા મર્મનો;
વાણી થકી વિદ્યા વિશેષ, ભણાય છે ભલી ભાતની,
ઉધરે રકમ મનમાની તો, સુધરે ગિરા ગુજરાતની. ૧૦૪

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

દેવળ સરસ છે દેશનું, જે માંહિ દેવ ચરિત્ર છે,
તન મનતણો મળ ટાળનાર, પ્રસિદ્ધ તીર્થ પવિત્ર છે;
દુખ દીનનાં કહેનારી છે, દેનારી છે સુખ સાતની,
ઉધરે રહમ મનમાની તો, સુધરે ગિરા ગુજરાતની. ૧૦૫
ઉપકારીનો ઉપકાર, માનવ જાતિએ તો જાણવો,
એણે કર્યો ઉપકાર તે, ઉરમાં અહરનિશ આણવો;
આપણ સરવને પાળનારી, તુલ્ય તે છે માતની,
ઉધરે રહમ મનમાની તો, સુધરે ગિરા ગુજરાતની. ૧૦૬
માતા પિતાને વૃદ્ધ થાતાં, પાળવાં પુત્રે સહી.
તેવીજ રીતે દેશની, ભાષા વિષે ભુલવું નહીં;
જે છે હજાર પ્રકારથી, ઘણી હેતુ લોક હયાતની,
ઉધરે રહમ મનમાની તો, સુધરે ગિરા ગુજરાતની. ૧૦૭
ઉપયોગી જેમ નવાણ, ને વળી ધર્મશાળા ધારવી,
એથી અધિક ઉપયોગી, ભાષા સ્નેહથી સંભાળવી;
અરજી ઉચારી આ સમે, સજ્જન સમીપ તમામની,
દિલમાં ધરો દિલ સજ્જ થૈ, આ દાદ દલપતરામની. ૧૦૮

## મનહર છંદ.

અવનીને એક ચંદ ઇશ્વરે ઉજાશ માટે,
આપ્યો એથી અડચણો પડે ઘણા કોશવા;
જયારે હોય જોડ ચંદ કસુર ન કશી રહે,
કયાંથી આવે કયાંઇ ખરી અડચણો ખોસવા;
પ્રેમચંદ રાયચંદ, પ્રેમચંદ હેમચંદ,
જોડ ચંદ મળ્યા તને પ્રેમ કરી પોષવા;
થયું તારું સિદ્ધ કામ કહે દલપતરામ,
હવે તું સોસાઇટી ન લાગ અફસોસવા. ૧૦૯

## ઝુલણા છંદ.

રાવ ખાવાને વિધાત્રિ વૈકુંઠ ગઇ,
અધિપતી પાસ અરજી ઉચારી;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાયચંદ સૂત પૃથ્વી વિષે પ્રેમચંદ,
મારી મગરૂરિ એણે ઉતારી;
કંઇક લાચારને તો કર્યા લખપતી,
ભૂપ જેવા કર્યા કંઇ ભિખારી;
કરમ લખતાં હવે શરમ આવે મને,
કરમની રેખ પર મેખ મારી. ૧૧૦

### દોહરા.

કર્મકડા[1] શુલિભદ્રને, મળતી સતજુગ વાર;
પ્રેમચંદ શુભિભદ્રનો, આ અવસર અવતાર. ૧૧૧
પછી ટીપ ત્યાં ફેરવી, ભરી સભા મોઝાર;
પ્રેમચંદ શેઠે લખ્યા, દેવા દશક હજાર.
પ્રીતે પ્રેમાભાઇએ, બે હજાર લખી દીધ;
સભાસદોએ પણ ભરી, રકમો ત્યાં ભલી વિધ. ૧૧૩
જેસંગભાઇ અઢારસેં, ઉમાભાઈ શતપંચ;
પરચુરણના પાંચસેં, રહ્યો ન સંશય રંચ. ૧૧૪

### મનહર છંદ.

ઇનામો આપીને નવા રચાવ્યા નિબંધો રુડા,
પુસ્તક પ્રગટ કર્યાં છાપથી છપાવીને;
વળી જે જે ગામ વિષે વાંચનસ્થાનક થયાં,
સહાયતા આપી તેને પુરો પ્રેમ લાવીને;
કવિતાનો શોખ ગુજરાતમાં વિશેષ વધ્યો,
લેખન વિદ્યા વધારી નિબંધો રચાવીને;
કહે દલપતરામ ધન્ય ફારબસ નામ,
વખણાયો ઘણો તે વિદ્યાનાં બીજ વાવીને. ૧૧૫

---

૧. મરજીમાં આવે તે ઠેકાણે એક ખાડું ખણીને ત્યાં ખોદાવે તો સોના મહોરની કડા એટલે ચરુ નીકળે, તે કર્મકડા કહેવાય.



P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

દોહરો.

ફરટિસ અગન્યોતેરમાં, ગયો વિલાયત વાટ;
સેંક્રેટરી ત્યારે થયા, શાણા સાહેબ સ્કૉટ. ૧૧૬

ઇંદ્રવિજય છંદ.

વ્હાલ કરી વઢવાણ થકી કવિનો,
કિનલાક સુખે કર ઝાલ્યો;
પાલણ પોષણ પૂર્ણ કરી,
ફરટીસતણા કરમાં કર ઘાલ્યો;
તે ફરટીસ તજી ગુજરાત,
વિચક્ષણ વીર વિલાયત ચાલ્યો;
દેશી કવિ દલપત તણો લઇ,
સ્કૉટ તણા કરમાં કર આલ્યો. ૧૧૭

મનહર છંદ.

સિત્તેરની સાલમાં[2] મુંબઈ જવા માટે અહીં,
કચ્છપતિ રાવ પ્રાગમલજી પધારિયા;
કવિયે મેળાપ કરી આશીષ વચન કહ્યાં,
સ્નેહ ધરી સમીપમાં સુયશ ઉચારિયા;
ઉમયાશંકર સુત લાયક ઝવેરીલાલ,
તેની મારફતે શબ્દ અંતર ઉતારિયા;
પાંચસેં રૂપૈયા આપ્યા તે સમે સોસાઈટીને,
બીજીવાર બસેં મોકલી ગુણો સંભારિયા. ૧૧૮

દોહરા.

ઇત્યાદિક ઉમદા જને, સહાયતા કરી એમ;
સજ્જડ થઇ સોસાઇટી, જાય ન ઉખડી જેમ. ૧૧૯
વરસો વરસ વળી કર્યાં, શક્તિ પ્રમાણે કામ;
તેથી સોસાઇટીતણું, પ્રસિદ્ધિ પામ્યું નામ. ૧૨૦

૨. આર્યમાં.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### હરિગીત છંદ.

ઓતેરના મે માસથી, તે સ્કૉટ સિંધ સિધાવિયા,
સેક્રેટરીની પદવીપર ગોપાળરાવ ઠરાવિયા;
સંભાળી સાડાચાર વર્ષ સુરીતથી સોસાઇટી,
લોકોવિષે બહુ લાયકી લાખેણી જેની ગણાઇતી. ૧૨૧
પછી રાવ સાહેબ આજ મહીપતરામ જેનું નામ છે,
તેનેજ હસ્તક આજ લગી સોસાઇટીનું કામ છે;
ભંડોળ તેનું તો ભલું, જો આશરે ઉર આણિયે;
સામાન રોકડ સહિત ધન, ચાળીશ હજાર પ્રમાણિયે. ૧૨૨

### દોહરો.

આ તો મેં સંક્ષેપથી, કહ્યો કંઇ ઇતિહાસ;
વિશેષ ઇચ્છો વાંચવા, વાંચો "બુદ્ધિપ્રકાશ." ૧૨૩

## બુદ્ધિપ્રકાશ વિષે.

### દોહરા.

સન અઢાર ચોપનતણો, મનહર મારચ માસ;
પ્રથમ થકી ચોપાનિયું, પ્રકટયું બુદ્ધિપ્રકાશ. ૧
શશિ સૂરજ તારા તડિત, આપે ભલે ઉજાશ;
જડતા તિમિર ટળે નહિ, જ્યાં નહિ બુદ્ધિપ્રકાશ. ૨
દિવેલ વિદ્યા પાત્ર દિલ, કરો વિચાર કપાસ;
વિવેક જોત વિમળ વડે, પ્રકટે બુદ્ધિપ્રકાશ. ૩
સજ્જનને સુખ શોભતું, તેથી આવે તેજ;
કપટી સુખ કાજળ ઢળે, અચરજ સરખું એજ. ૪
વ્યસન સરૂપી વાદળાં, અટકાવે ન ઉજાશ;
તો મન મેદનીમાં પડે, બહુ વિધ બુદ્ધિપ્રકાશ. ૫
બુદ્ધિપ્રકાશ બનાવતાં, પક્ષ ગયાં ચોવીશ;
સાલ[1] નવી તો સાહેબે, આ આપી બક્ષીસ. ૬

૧. સાલ-સાલજોડાનો શિરપાવ અથવા નવું વરસ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દ્વિઅર્થી-એક સાહેબને રટવાવિષે.

જો તું આજની સાલમાં, સાહેબ[1] એકરટીસ;
નીતિ જાણ વિભક્તિ કર, ઉત્તમ જગો લહીશ. ૭

ઉત્તમ જગો એટલે સ્વર્ગ પામીશ.

એજ દોહરો ઉત્તમરામ નામના નોકરીના ઉમેદવાર નિશાળિયાને કહેલો તે નીચે પ્રમાણેઃ—

જો તું આજ નિશાળમાં, સાહેબ એ કરટીસ;
નીતિ જાણ વિભક્તિ કર, ઉત્તમ જગો લહીશ. ૮

મતલબ કે પંચતંત્રની નીતિ ભણ, એટલે પંચોપાખ્યાન ભણ, અને વ્યાકરણ ભણ, તો હે ઉત્તમરામ! તું કરટીસ સાહેબની મદદથી નોકરીની સારી જગો પામીશ.

સુપાત્ર સ્નેહ સહિત મળે, જો ગુણાકાર[2] કપાસ;
પાવકતા[3] જોગે પછી, પ્રકટે બુદ્ધિપ્રકાશ. ૯
ઉઘડે આંખો અંગની, ઉગતાં અરુણ ઉજાશ;
અંતર આંખો ઉઘડે, પઢતાં બુદ્ધિપ્રકાશ. ૧૦
બંબો અગ્નિ બુઝવે, જુઓ જગતમાં જેમ;
બુઝે બુદ્ધિપ્રકાશથી, ત્રિવિધ તાપ પણ તેમ. ૧૧
દ્વાર ઉઘાડો દીલતણું, પુસ્તક લ્યો આ પાસ;
આળસ પટ અળગો કરો, પામો બુદ્ધિપ્રકાશ. ૧૨
દિવાની દીપ્તી થકી, ઉત્તમ ઇંદુ ઉજાશ;
ભાનુપ્રભા તેથી ભલી, પણ વળી બુદ્ધિપ્રકાશ. ૧૩
જોયું ન વાહન આગનું, પઢયો ન બુદ્ધિપ્રકાશ;
તે જન જન્મ્યો ત્યાં મુઓ, જયમ જંગલનું ઘાસ. ૧૪

---

૧. પરમેશ્વર. ૨. ગુણ—દોરો, દીવેટ.
૩. પાવકતા-દેવતાપણું અથવા ચતુરાઇ પણ બાપણ કરવાપણાના યોગથી.

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જે દર મહિને જન્મતું, એને આવી આંચ;
એ કારણથી અવતર્યું, પૂરે મહિને પાંચ.[1] ૧૫
ઇસ્વી વર્ષ અઢારસેં, બાસઠમું બોલાય;
ઓગણિસેં ને અઢારમું, વિક્રમનું વંચાય. ૧૬
પુસ્તક બુદ્ધિપ્રકાશનું, નવમું રચ્યું નવીન;
તે પરિપૂરણ પ્રીતથી, પઢશે જનો પ્રવીણ. ૧૭
ઇસ્વી વર્ષ અઢારસેં, પાંસઠમું પ્રારંભ;
બુદ્ધિપ્રકાશ બારમું, આજ કરું આરંભ. ૧૮
બહુ પ્રકાશ મુજ બુદ્ધિમાં, દે હરકત હરનાર;
પ્રણમીને કરું પ્રાર્થના, જય જય જગકર્તાર. ૧૯

### હરિગીત છંદ.

જય જય જગત કર્તાર ભવ ભર્તાર, ભવ ભીતિ હરા,
જય અખિલ જગ આધાર, અધમોદ્ધાર દઢ ધીરજધરા;
કર દૂર ક્રૂર કવિત્વ તું, સુકવિત્વ આપી કારમું,
રચવા ધરું ઉર આશ, "બુદ્ધિપ્રકાશ" પુસ્તક બારમું. ૨૦
જય બુદ્ધિ બહુ દાતાર કર, ઉપકાર અતિ કરુણા કરી,
તુજ શરણ ધરી આધાર, ઉતરું પાર હું હિમત ધરી;
પુસ્તક રચ્યું ગત વર્ષમાં, અડચણ વિના અગ્યારમું;
રચવા ધરું ઉર આશ, "બુદ્ધિપ્રકાશ" પુસ્તક બારમું. ૨૧
જયમ નાચતી નટ પૂતળી, કીધેલી દીસે કાષ્ટની,
પણ હોય દોરી હાથ નટને, ઠેઠ તેના ઠાઠની;
ત્યમ મુજતણી તુજ હાથ, તું રમાડ તેમ સદા રમું,
રચવા ધરું ઉર આશ, "બુદ્ધિપ્રકાશ" પુસ્તક બારમું. ૨૨
કાગળ તણો કીધો પતંગ, ઉડે ગગનમાં એટલે,
જે હોય દોરી હાથ નરને, તે જવા દે તેટલે;

---

[1] પાંચ-સન ૧૮૫૭ ના બળવાની વખતે ચોપાનિયાં તથા ન્યુસ-ચેપરો પાંચ માસ બંધ રહ્યાં હતાં.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ત્યમ તારી સુરતાથી સરસ, રીતે વરસ આ બારમું,
રચવા ધરું ઉર આશ, "બુદ્ધિપ્રકાશ" પુસ્તક બારમું. ૨૩
આ વર્ષમાં સૌ વાંચનારા સુજનને સુખ આપજે,
કરુણાનિધિ કરુણા કરી, સંકષ્ટ સઘળાં કાપજે;
વળી આપજે ધન ધાન્ય સુખ, ચાતુર્ય ચઢતું ચારમું,
રચવા ધરું ઉર આશ, "બુદ્ધિપ્રકાશ" પુસ્તક બારમું. ૨૪
રૈયત રહે આબાદ, ત્યમ વરસાદ શુભ વરસાવજે,
હરિ રોગ દોષ કલેશ ભય, આનંદ અતિ ઉપજાવજે;
પુસ્તક ગણાય પુરાણ મધ્યે, અધિક જેમ અઢારમું,[1]
રચવા ધરું ઉર આશ, "બુદ્ધિપ્રકાશ" પુસ્તક બારમું. ૨૫
દર નગરની નરનારિમાં, વિદ્યા વિશેષ વધારજે,
ભણી ભેદને ભ્રમણા તજે, જન સર્વ એમ સુધારજે;
વળી સંપ પામે સર્વ તે, હિતકારી વચન હજારમું,
રચવા ધરું ઉર આશ, "બુદ્ધિપ્રકાશ" પુસ્તક બારમું. ૨૬
ઓ ઈષ્ટ! આ અષ્ટક સુણી, કર કષ્ટ નષ્ટ કૃપા ધરી,
સંતુષ્ટ કર સુખ પુષ્ટ દઇ, ખળ દુષ્ટને ખસતા કરી;
ગુણી જનની ગામો ગામ તું, કરજે પુરી મન કામના,
વિશ્રામ ઠામ તમામના, સુણ શ્યામ દલપતરામના. ૨૭

**પ્રમાણિકા છંદ.**

સદાય રાય રંકને, સહાય રૂપ થાયને;
ઉછેદી દે ઉદાસતા, સુબુદ્ધિની પ્રકાશતા. ૨૮

**દોહરા.**

ગુણ ગ્રાહક જે જાણુ જન, ગ્રાહક "બુદ્ધિપ્રકાશ";
વાંચનાર ગ્રંથો વધે, એજ અમારી આશ. ૨૯
ઇસ્વી વર્ષ અઢારસેં, તે ઉપર બોતેર;
પુસ્તક આ ઓગણીસમું, રચ્યું રુડી પેર. ૩૦

[1] શ્રીમદ્ ભાગવત.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અખિલ જનોને આ વરસ, પડવા સુખથી પાર;
પ્રથમ પ્રણામ કરું ધરી, ઇશ્વરનો ઉપકાર. ૩૧
જે જે સજ્જન જગતમાં, પઢશે બુદ્ધિપ્રકાશ;
તો તેની દલપત કહે, પ્રભૂ પુરી કરશે આશ. ૩૨
ગ્રાહક બુદ્ધિપ્રકાશના, જે જન ગામે ગામ;
તેઓને આશિષ અતિ, દે છે દલપતરામ. ૩૩

### મનહર છંદ.

મહમદનું મરણ થતાં તેના મુરીદોએ,
જીંદગી લગી કબર બંદગી કરાઇતી;
હાજી ને હુસેન સેન સહીત જ્યાં સંહરાયા,
તેના વલ્લિઓએ તેજ ભૂમિને ભજાઇતી;
કબીરની કાયા પડે સંસારની માયા મેલી,
સાચા સેવકોએ તેની સેલીને[૧] સેવાઇતી;
કહે દલપત્ત તેમ હું કિન્લાક સાહેબની,
સેવું છું કબર વર્નાક્યુલર સોસાઇટી. ૩૪

---

## સોસાઇટીની સભાવિષે.

### શાર્દૂલવિક્રીડિત વૃત્ત.

શોભે સ્વચ્છ ખગોળ જેમ શરદે, તેવું સભાસ્થાન છે,
આ અધ્યક્ષ કળા નિધાન કહિયે, પૂરો કળાવાન[૨] છે;
તારા મંડળ તુલ્ય સર્વ સુજનો, સાક્ષાત તેમાં કવિ[૩],
મોટા તર્ક વિતર્ક માણકતણી[૪], ઉત્પત્તિ થાશે નવી. ૩૫

---

૧. ફકીર, નાનકસાઇ અને કબીરિયા સાધુ કાળી દોરીની આંટી ડોકમાં રાખે છે. ૨. ચંદ્ર. ૩. શુક્ર. ૪. માણેકઠારી પુનમની ખગોળની ઉપમા સભાને આપી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સભા બરખાસ્ત-ઝુલણા છંદ.

સાહેબો સર્વ કહું વિનતિ તે સાંભળો,
આપ છો અધિક સ્નેહી અમારા;
વળી રુડે અવસરે આ રીતે આવજો,
લાવજો સાથ મિત્ર તમારા;
માનવા જોગ ઉપકારમાં જેટલી,
તેટલી જે તમે તસ્દી લીધી;
શોભ્યું આ સ્થાન તે તો નહીં થોડું ગણું,
ક્રોડ ગણી આજ કરુણાજ કીધી. ૩૬

દોહરો.

સોસાઇટીને કારણે, જે ગુર્જરી વિલાપ;
રચ્યો હતો તે કહું હવે, સુણજો સજ્જન આપ. ૩૭

## ગુર્જરી વાણી વિલાપ.

ઇંદ્રવિજય છંદ.

જે પ્રભુ થાય મહા મતિ પ્રેરક,
પંથ પલાણિયે પાવક પાણી;
પક્ષિની પાંખ પહોચી શકે નહિ,
વીજળી વેગ ચલાવિયે વાણી;
જેની કૃપા થકી જંગલી જે જન,
યંત્રની યુક્તિ યથારથ જાણી;
તેની કૃપાથી કહે દલપત,
કરું કવિતા ચિત હિંમત આણી. ૧
તીક્ષણ બુદ્ધિ વિચક્ષણતા નથી,
સ્થૂલમતિ વળી મૂળથી થોડી;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અક્ષર એક વિવેક નથી,
કહું છું અતિ છેક અહંપદ છોડી;
હિંમતથી મહા કિંમતની,
રચના રચવા રસથી રુચિ જોડી,
વંદન વિશ્વ પતિ પદ પદ્મ,
કરું દલપત્ત કહે કર જોડી. ૨

**દોહરા.**

સૌ સજ્જનના સમિપમાં, કહું ગુર્જરી વિલાપ;
તેનો મર્મ વિચારીને, ઉરમાં ધરજો આપ. ૩
શાખા સોસાઇટીતણી, સ્થિર સ્થાપવા વિશાળ;
કરટીસે[1] ઇચ્છા કરી, જયાં મોટો મહીપાળ. ૪
સન અઢાર ઉન[2] સાઠમાં, નિજ કવિને તે કામ;
માન દઇને મોકલ્યો, ભાવનગર નૃપ ધામ. ૫
વિજયક્ષમા વર્ણન કર્યું, જયાં રાજા જશવંત;
રાજસભા રંજન કરી, જઇ કવિયે અત્યંત. ૬
પુસ્તકશાળા સ્થાપવા, લીધું નૃપનું વેણ;
કોલ દિધો કવિને કરે, નેહ જણાવી નેણ. ૭
સન અઢારસેં ત્રેસઠે, વળી વિચારી વાત;
સ્થિર શાખા જઇ સ્થાપવી, વડોદરે સાક્ષાત. ૮
કરટિસે કવિને કહ્યું, હૈયે રાખી હામ;
વિચરો તમે વડોદરે, કરો જઇ શુભ કામ. ૯
શાખા સોસાઇટી તણી, સ્થિર કરવી તે ઠામ;
રાજા કરે સહાયતા, થાય આપણું કામ. ૧૦
ગુજરાતી ભાષા વિષે, ગ્રંથો બહુ ગુંથાય;
તો ગુજરાતી વાણિનો, સઘ સુધારો થાય. ૧૧

---

૧. ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીના સેક્રેટરી.
૨. ઓગણસાઠમાં.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રિઝાવજો જઇ રાયને, સુણાવી કવિતા સાર;
મળજો પ્રથમ પ્રધાનને, તેથી કામ થનાર. ૧૨
શેઠાણી હરકોરને, નગરશેઠને જેમ;
કવિતા રસથી રીઝવી કામ કરાવ્યાં તેમ. ૧૩
ભાવનગરના ભૂપને, રિઝાવી રસ રીત;
પુસ્તકશાળા સ્થાપવા, લીધું વચન નિચિંત. ૧૪
તેમજ ગાયકવાડના, કરનો લાવો કોલ;
સમજાવો વિદ્યાતણો, ઉત્તમ લાભ અતોલ. ૧૫
રુડો ત્યાં રસિડેંટ છે, સાહેબ કર્નલ બાર;
મેંબર સોસાઇટીતણો, છે શાણો સરદાર. ૧૬
તે પણ તમને આપશે, સહાયતા શુભ રીત;
એથી ધાર્યું આપણું, થાશે કામ ખચીત. ૧૭
શુભ ખાતું સ્થાપન કરે, ન ધરે શાખા નામ;
તોપણ ઉત્તમ જાણવું, કામ થયાનું કામ. ૧૮
કદાપિ કારજ નવ બને, તો ન થવું દિલગીર;
શ્રમ કરી જોવો આપણે, ધરીને મનમાં ધીર. ૧૯
સુણીને કવિજન સાંચર્યો, કરવા ઉત્તમ કામ;
ઉતારો જૈને કર્યો, શામળ બેચર ધામ. ૨૦
જઇને કર્નલ બારનો, પ્રથમ કર્યો મેળાપ;
વાત કરી તે સાંભળી, ઉચર્યો સાહેબ આપ. ૨૧
ભાસે છે મુજ મન વિષે, કામ થવું મુશ્કેલ;
છે રાજાના સોબતી, ઝાઝા જન અભણેલ. ૨૨
તે જાણે છે જો થશે, રૈયત ભણી હુંશિયાર;
રાજ કાજમાં તો ઘણી, તે લેશે તકરાર. ૨૩
સલાહ તેવા જનતણી, માને છે મહીપાળ;
તે માટે નથી થાપતા, નવીન રીત નિશાળ. ૨૪
કહ્યું અમે કઇ કઇ સમે, કથન ધર્યું નહિ કાન;
તોપણ તમે કરી જુઓ, શ્રમ નિજ શક્તિ સમાન. ૨૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આપીશ હું અનુમત ભલું, વળી આપું છું પત્ર;
આપો જઇ પ્રધાનને, તમે મળીને તત્ર. ૨૬
પ્રધાન પાસે પત્ર લૈ, જઇ કીધો મેળાપ;
ગુણીજન ગોવિંદરાવ તે, અટક રોઢિયા આપ. ૨૭
કહે કવિ ભારત સમે, પાંડવ કેરી પાસ;
પ્રધાન ગોવિંદરાવ[1] શુભ, કરતા નીતિ પ્રકાશ. ૨૮
તેથી જય પાંડવતણો, થયો જગત મોઝાર;
જાણે છે તે જન સહુ, આજ સુધી સૌ ઠાર. ૨૯
સંજયને ધૃતરાષ્ટ્રે, પૂછી એવી વાત;
કોણ જીતશે યુદ્ધમાં, કહો મને સાક્ષાત. ૩૦
જ્યાં પ્રધાન ગોવિંદ છે, જાણો ખરું ખચિત;
જરૂર ભારત યુદ્ધમાં, તેની થાશે જીત. ૩૧

## વસંતતિલકા વૃત્ત.

જો કર્ણ ભીષ્મ સરખા ભડ ભૂપ ભેળા,
કીધા કરોડ રથિ ભારત કેરિ વેળા;
શોભા સમસ્ત ન મળે પણ તે સમાન,
ગોવિંદરાવ ગુણ સાગર જ્યાં પ્રધાન. ૩૨
ત્યાં નિત્ય જીત પરિપૂરણ પ્રીત પામે,
ત્યાં યુક્તિ સર્વ વળી ત્યાં યશ સર્વ જામે;
પામે પ્રસિદ્ધ કવિ પંડિત ત્યાંજ માન,
ગોવિંદરાવ ગુણ સાગર જ્યાં પ્રધાન. ૩૩
ત્યાં રાજનીતિતણી તો રુડી રીત રાજે,
ત્યાં ગર્જનાથી યશ નોબત નિત્ય ગાજે;
દુષ્ટોનું દુષ્ટપણું ત્યાં ન ટકે નિદાન,
ગોવિંદરાવ ગુણ સાગર જ્યાં પ્રધાન. ૩૪

૧. કૃષ્ણ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ત્યાં ન્યાય થાય ઉચરાય સદાય સારો,
અન્યાય જાય દુરથી ડરિને બિચારો;
તે ભૂપનાજ ગુણનું ખહુ થાય ગાન,
ગોવિંદરાવ ગુણ સાગર જ્યાં પ્રધાન. ૩૫
ત્યાં રિદ્ધિ સિદ્ધિ નવનિદ્ધિ કરે નિવાસ,
ક્યાંથી રહેજ કશિ વાતની ત્યાં કચાશ;
ત્યાં સર્વનું ધરમ ઉપર હોય ધ્યાન,
ગોવિંદરાવ ગુણ સાગર જ્યાં પ્રધાન. ૩૬
દેખે સદાય દુનિયાં જન ત્યાં દિવાળી,
સર્વે સુખીજ તનના પરિતાપ ટાળી;
ત્યાં ક્ષેમ પ્રેમ રસનું પરિપૂર્ણ પાન,
ગોવિંદરાવ ગુણ સાગર જ્યાં પ્રધાન. ૩૭
તેજસ્વિ તેજ નૃપતિ ભૂમિ મધ્ય ભાસે,
પ્રૌઢ પ્રતાપ પૃથિવી પડમાં પ્રકાશે;
તે ભૂપ સૃષ્ટિ સરવોપરિ શક્તિમાન,
ગોવિંદરાવ ગુણ સાગર જ્યાં પ્રધાન. ૩૮
વિદ્યા વિલાસ રસનો પણ ત્યાંજ વાસો,
ત્યાં તત્વ શોધ ચરચા તર્કનો તમાસો;
ગુહ્યાર્થ ભેદ ગુણનું પણ ત્યાંજ જ્ઞાન,
ગોવિંદરાવ ગુણ સાગર જ્યાં પ્રધાન. ૩૯
ત્યાં સર્વ દેશ થકિ સૌ કવિ લોક આવે,
સર્વે કળા કુશળતા પણ ત્યાં ઠરાવે;
સત્પાત્ર માત્ર જનનું શુભ ત્યાંજ સ્થાન,
ગોવિંદરાવ ગુણ સાગર જ્યાં પ્રધાન. ૪૦
એવું વિચારી શુભ અંતરથીજ આ મેં,
આશીષ વાક્ય ઉચર્યું દલપતરામે;
જીવો ઘણું નૃપતિ ને વળી તે દિવાન,
ગોવિંદરાવ ગુણ સાગર જ્યાં પ્રધાન. ૪૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દોહરા.

સુણી પ્રધાન પ્રસન્ન થઇ, પૂછી સઘળી વાત;
વળી કથન તેણે કર્યું, સુણો કવિ સાક્ષાત. ૪૨
શાણો છે સેનાપતિ, ભાઉ સિંધિયા નામ;
તમે જઇ તેને મળો, થાય તમારું કામ. ૪૩
હું પણ ભૂપ હજૂરમાં, ઉચરીશ મુખથી એમ;
વિદ્યાખાતું સ્થાપવું, જન સૌ સુધરે જેમ. ૪૪
પછી કવિ પોતે ગયો, ભાઉ સિંધિયા પાસ;
કરી પ્રશંસા તેહની, કવિતા કરી પ્રકાશ. ૪૫

મનહર છંદ.

चंचळ चतुर शुरवीर धीर शस्त्र धर,
व्यूहरचनाकी विधि पुरन पिछान हे;
हिंमत हमेशां दील जानत हे दावपेच,
निमकहलाली लोभ लेश नहि आन हे;
संपुरन एसे गुन लायक सो सेनापति,
रामज्युं को सेनापति सुग्रीव समान हे;
कहे दलपति खंडेराव क्षिति नाथ पास,
एसो सेनापति भाउ सिंधिया सुजान हे. ४६

દોહરા.

કારભારિઓએ કહ્યું, કાલ આવજો આપ;
મહારાજના મહેલમાં, થશે ભૂપ મેળાપ. ૪૭
રાજસભામાં કવિ ગયો, તે અવસર તે સ્થાન;
નાટારંભ થતો હતો, કરે નાયકા ગાન. ૪૮
ગાન સમાપત જયાં થયું, કરી પ્રધાને સાન;
સભાતણું વર્ણન કર્યું, સુણ્યું નૃપે દઇ ધ્યાન. ૪૯
મણિમય સુવર્ણ મહેલમાં, સુર સમ સભા સહિત;
ક્ષિતિપતિ ખંડેરાવજી, સુરેંદ્ર સમ શોભીત. ૫૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વાજે શુભ વાજીંત્ર વળી, ગુણી જન કરે સુગાન;
નવીન નાયકા નૃત કરે, તનનનનન લઈ તાન. ૫૧

છપ્પો.

નૃત્ય કરે સુરનારી, રહે ત્રિપુરારિ નિરખવા,
બહુ શોભા બલિહારિ, હરિ પણ રહે હરખાવા;
ચતુરાનન ને ચંદ્ર, ઇંદ્ર અલકેશ[1] અહિંદ્રા;
ચકિત થાય જોઈ ચિત્ત, માનું શા માત્ર મહિંદ્રા;
મહા સિદ્ધિ સહિત રિદ્ધિ રુડી, ખંડેરાવ ક્ષિતીશની,
નર લોક મધ્ય તે નિરખતાં, દૃષ્ટિ ઠરે જગદીશની. ૫૨

આશીર્વાદ—શાર્દૂલવિક્રીડિત વૃત્ત.

કલ્યાણી કમળાક્ષિ દેવિ કમળા, કલ્યાણ તે તો કરે,
ભંડારી ભવદેશનો ભવનમાં, ભંડાર ભારે ભરે;
સિદ્ધિ બુદ્ધિ સમૃદ્ધિ વૃદ્ધિ સુખ સૌ, સોંપે સદા શ્યામજી;
ખંડેરાવ અખંડ ખૂબ ખુશિમાં, રાખે રુડા રામજી. ૫૩
પ્રીતે પ્રૌઢ પ્રતાપ પૂર્ણ પ્રભુતા, પામો પ્રજાના પતિ,
મોટા મત્ત ગજેંદ્ર રત્ન સરિખા, દેવેંદ્ર તે દે અતિ;
ધારી ધૈર્ય ધનુર્ધરાદિ વિધિના, ધીમંત છો ધામજી,
ખંડેરાવ અખંડ ખૂબ ખુશિમાં, રાખે રુડા રામજી. ૫૪
વિદ્યા વાદ વિનોદ વાણિ વિમળા, જિવ્હાગ્ર વાસો વસે,
આપે ઇષ્ટ અભિષ્ટ કષ્ટ હરિને, સંપુષ્ટિ તુષ્ટિ થશે;
મંત્રી મિત્ર પવિત્ર પાત્ર મતિના, કલ્પ્યાં કરે કામજી,
ખંડેરાવ અખંડ ખૂબ ખુશિમાં, રાખે રુડા રામજી. ૫૫
ભ્રાતા તો પરભારજા જનતણા, ઓ અન્નદાતા તમે,
પ્રખ્યાતા પ્રિય છો પ્રજાજનતણા, ત્રાતા વિધાતા તમે;
રાતા રામ રસે સદૈવ ગુણના, જ્ઞાતા ગુણ ગ્રામજી,
ખંડેરાવ અખંડ ખૂબ ખુશિમાં, રાખે રુડા રામજી. ૫૬

---

૧ અલકેશ-કુબેર ભંડારી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દોહરો.

સુણીને ભૂપે પૂછિયું, ધરી પ્રેમ ભરપૂર;
કોણ તમે છો ને વળી, શી ઇચ્છા છે ઉર. ૫૭

ઉત્તર—મનહર છંદ.

ગીરા ગુજરાતી તથા પીયરની ગાદી પામી,
મુખ્ય તો મરાઠી માની દેખી દુખી દીલ છું;
અરજી ટો આપી[1], દીઠી મરજી તથાપિ નહિ,
આવ્યો આપ આગળે ઉચરવા અપીલ છું;
માંડતાં મુકદમાને ચાર જણા ચુંથશે તો,
શું થશે તે શોચનાથી સાહેબ શિથિલ છું;
દાખે દલપતરામ ખુદાવંદ ખંડેરાવ,
રુડી ગુજરાતી વાણી રાણીનો વકીલ છું. ૫૮
ચૌટામાં લુંટાણી મંહારાણી ગુજરાતી વાણી,
લુંટી અલંકાર કુટી કીધી ગુનેગાર શી;
પગેરું ચલાવ્યું તે તો ચાલતાં મુંબઈ પેઠું,
પછી ત્યાં તપાસતાં તો પકડાયા પારસી[2];
આજ ધર્મરાજ મહારાજનું બિરાજમાન,
સાચ જુઠ સઘ શોધી આપે જેમ આરશી;
માફ માગી આપ પાસે સાફ ઇનસાફ માગે,
એ બિચારી નારી છે કુંવારી ને નવારશી. ૫૯

દોહરા.

મહારાજ મેં સ્વપ્નમાં, દીઠો એક બનાવ;
તે હકીકત તમ આગળે, કહેવાનો છે ભાવ. ૬૦

---

૧. પ્રથમ અમદાવાદથી કાગળ લખ્યો હતો. પણ ઉત્તર મળ્યો નહોતો.
૨. પ્રથમ પારસીઓ બોબડી ભાષા લખતા હતા તેથી કેટલાએક ધારે છે કે વર્તમાનપત્રો પારસીઓ છાપે છે તેના ફેલાવાથી ગુજરાતી ભાષામાં ગડબડ થઈ.

P. P. Ac. Gunratnasuri M.S.     Jin Gun Aaradhak Trust

સ્નેહ સહિત તે સાંભળો, એ ઇચ્છા મુજ ઊર;
ભાસે વળતી જે ભલું, કરજો આપ જરૂર. ૬૧
કહ્યું નૃપે જાહેર કરો, જે કહેવાનું હોય;
વળતી કવિજન બોલિયો, સુણો સજન સહુ કોય. ૬૨

હનુફાલ છંદ.

ભલિ ભૂમિનો શુભ ભાગ, બહુ સરસ શોભિત બાગ;
કવિ એક જોવા કામ, ઠિક થૈ ગયો તે ઠામ. ૬૩
અવલોકી અબળા એક, છુટી લાજ રડતી છેક;
વિધવિધ ઉચારિ વિલાપ બોલતી ઓ માબાપ. ૬૪
કર ચુંટતી શિર કેશ, વરવો દિસે બહુ વેશ;
ફૂટતી અધિક કપોળ, ચક્ષુ કર્યાં રંગ ચોળ. ૬૫
શરીરે નહીં શણગાર, પીડા કરે પોકાર;
બોલતી ખંડિત બોલ, તનનો ન દીસે તોલ. ૬૬
એકે ન સાજું અંગ, ભમતાં થયેલા ભંગ;
વળી વરણ નહિ વરતાય, ગળું તાણીને દુઃખ ગાય. ૬૭
કાળાં હરણ ને કાગ, રાચે સુણિને રાગ;
માનવી હે નહિ માન, મન સમજી ભૂત સમાન. ૬૮
કવિ સાંભળી કલ્પાંત, અતિ સ્વદય કીધું સ્વાંત;
વનિતાને પુછી વાત, કહે જરૂર તારી જાત. ૭૦
દિસે છે તું કોઇ દેવિ, અવલોકિ તુજને એવિ;
તે વળતી બોલી વાત, તું જાણ મારી જાત. ૭૧
ગિર્વાણ વાણી વિશાળ, રમણીક રુડી રસાળ;
તેનીજ તનુજા હુંય, પણ છેક દુઃખમાં છુંય. ૭૧
વળિ વદું કારણ વીર, સુણ ધારી મનમાં ધીર;
ગુજરાત મારું ગામ, કરવા તણું તે ઠામ. ૭૨
મુજ પિયરનોજ પ્રતાપ, જે પામિયા નૃપ આપ;
મુજને ન આપે માન, કહું તે સુણે નહિ કાન. ૭૩

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મુજ શોકયનું સનમાન, કરીને ગણે ગુણવાન;
કયાં કરું જઇ પોકાર, નર કોણ સાંભળનાર. ૭૪

### કવિ વચન.

મનમાં ન શોચીશ માત, સમજ્યો હું સઘળી વાત;
શુભ કરીશ તારું કામ, કવિ કહે દલપતરામ. ૭૫

### દ્વિઅર્થી—મનહર છંદ.

બળનો જે બંધુ જેની સખ્યતા અક્રૂર સાથ,
ધરમનો પક્ષ ધારનાર તને પાળશે;
સ્તંભ દંભ તોડનાર, જે છે દુરજોધનનો,
શ્રીમંત શ્રી રાજ તે સદા તને સંભાળશે;
કંઠે જેને મહામણિ પ્રખ્યાત છે પદ્મપાણિ,
એજ તને આપની ઋણી ગણી ઉજાળશે;
રુડો જે આ ખંડેરાવ, સ્નેહી નર નારિકાનો,
દ્વારિકાનો નરદેવ તાપ તારા ટાળશે.[૧] ૭૬

---

૧. **શ્રી કૃષ્ણ વિષે**—બળદેવજીનો જે ભાઇ છે, અને અક્રૂરજી સાથે જેને મિત્રતા છે, અને યુધિષ્ઠિરનો પક્ષ તાણનાર તે તને પાળશે; દુર્યોધનનું અભિમાન અને કપટ તોડનાર જે છે, એવો લક્ષ્મીવાળો શોભાયમાન રાજા તે તને સદા સંભાળશે; જેની કોટમાં કૌસ્તુભ નામનો મોટો મણિ છે, તથા જેના હાથમાં કમળ પ્રખ્યાત છે, તે તને પોતાની ગણીને ઘણી ઉજાળશે; આ ખંડ એટલે ભરતખંડ જે રુડો રાજા છે અને પુરુષો તથા સ્ત્રીઓનો સ્નેહી છે એવો દ્વારિકાનો રાજા જે શ્રીકૃષ્ણ તે તારા તાપ ટાળશે.

**ખંડેરાવ વિષે**—ફોજના સરદારોના ભાઇ જેવો છે, અને દયાળુ માણસો સાથે જેને મિત્રતા છે, અને ધર્મનો પક્ષ રાખનાર છે, તે તને પાળશે. મહાકષ્ટે જેની સાથે યુદ્ધ થઇ શકે એવા શત્રુઓનું અભિમાન તથા કપટ તોડનાર, એવો શ્રીમંત સોભાયમાન રાજા તને હંમેશાં સંભાળશે; જેના કંઠમાં મોટા હીરા છે, અને જેના હાથ કમળ જેવા પ્રસિદ્ધ છે, તેજ તને પોતાની ગણીને ઉજાળસે; આ સારો જે ખંડેરાવ મહારાજ સર્વ પુરુષ અને સ્ત્રીઓનો સ્નેહી છે, અને જે દ્વારિકાનો રાજા છે તે તારો તાપ ટાળશે.


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### ઇંદ્રવિજય છંદ.

કર વાવરશે કરુણા કરી એજ, સહાય થશે તુજ સૂધરવા,
ધરવા શણગાર રુડા મળશે, મળશે તરબીર તને તરવા;
તરવાર બહાદુર તે નૃપતિજ, સમર્થ સદા દુઃખ સંહરવા,
હરવાકય[1] ગણી દલપત્ત તણું, કર આદર કીર્તિ કથા કરવા.

### દોહરા.

કરીશ ખુશામત ખુબ હું, તુજ માટે હે માત;
બોલીશ એવા બોલ જઇ, રાય થાય રળિયાત. ૭૮
સુણી બોલી તે સુંદરી, સુણો કવિ શુદ્ધ ભાવ;
તમે વખાણ કરી કહ્યું, રુડો ખંઉેરાવ. ૭૯
પણ કલિયુગના રાયનાં, લક્ષણ નવ દેખાય;
તો કલિયુગમાં તેહને, ભૂપ કેમ કહેવાય? ૮૦

### વ્યાજસ્તુતિ–મનહર છંદ.

ભોળાપણું ભાસે નહિ સત્યતા તો નાસે નહિ,
ત્રાસે નહિ ઉરમાં ઉદારપણું આણતાં;
અફીણ ખંધાણ નહીં, અરથ અજાણ નહીં,
અંધનું એંધાણ નહિ પેખીએ પ્રમાણતાં;
આળસ તો અંગ નહીં, કુસંગીનો સંગ નહિ,
રંડીબાજી રંગ નહીં, જન કોઇ જાણતાં;
કલિના રાજાના ગુણ કશા ન જણાય જોતાં,
સોના રાજા ખંઉેરાવ વદીએ વખાણતાં. ૮૧

### દોહરો.

તે સુણીને બોલ્યો કવિ, જે નૃપનું એ નામ;
હલકાને ઉમદા કરે, આશ્રય દે તે ઠામ. ૮૨

---

1 શિવના વચન જેવું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### છપ્પો.

ગારદી રદિ, શવાન, મળ કેઠ, ભોઇ શબ્દો જે ભણિયે,
યશવાન વિચારી જોતાં વાત, સુગુણ તેમાં શા ગણિયે;
કમળ પણ જો ગાયકવાડ, નામનો આશ્રય એ લે,
ચાટેક એક એક અક્ષરજ, તોય શુભ ઉપમા તે લે;
ભોઇ તે માટે હું કહું છું તને, ગણ સદગુણ એ નામના,
કરશે કરુણા તો કોઇ દિન, કરશે પૂરણ કામના. ૮૩

### નૃપપ્રશંસા—દોહરો.

ગુણવંતી ગુજરાત તું, ભલો ધરી ઉર ભાવ;
ગુણ ગા ગાયકવાડના, ખંડથી કર્યો બચાવ. ૮૪

### સવૈયા-એકત્રીસા.

ખંડ ઉઠયું આ દેશ બધે. તે દિવસ બચાવ્યો ગુર્જરદેશ,
હિંમત રહી અંગ્રેજ તણી તે ગાયકવાડની મદદ વિશેષ;
જો મહારાજ ન લે મનમાં તો, જાણ જરૂર પ્રલે થઇ જાત,
ખંડરાવ ક્ષિતીશ તણું તું, ગુણ ગા ગુણવંતી ગુજરાત. ૮૫
દિલ્લી આગળ દંગ ઉઠ્યો, વળી તે ગભરાટ ગયો લ્હાલેર;
બંગાળે પણ ગડબડ થઇ, ફેલઇ ગઇ ફરતી ચોફેર;
જો આ દેશ તરફ ઉપજત તો, તારી અવસ્થા તેવીજ થાત,
ખંડેરાવ ક્ષિતીશ તણા તું, ગુણ ગા ગુણવંતી ગુજરાત. ૮૬
અમદાવાદ રહ્યું આબાદ, રહ્યું સુખમાં વળી સૂરત શહેર,
કોઇ લખેશરીની લક્ષ્મી ન લુંટાઇ ફુટાઇ થયો નહિ કેર;
ગાયકવાડ તણા ગુણગાજ, થયો એ તો ઉપકાર આઘાત,
ખંડેરાવ ક્ષિતીશ તણા તું. ગુણ ગા ગુણવંતી ગુજરાત. ૮૭
કાબા મળી પારથના[૧] રથને વળગ્યા તનનો તજી ત્રાસ,
ભારત જીતી શકયો પણ પારથ, ત્યાં ન જીત્યો પડમાં તે પાસ;

---

૧. પારથ—અર્જુન.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તે કાબા કદિ કબજ થવા, સ્વપને પણ સંભવતી નહીં વાત,
ખંડેરાવ ક્ષિતીશ તણા તું, ગુણ ગા ગુણવંતી ગુજરાત. ૮૮
આપ પધારી પ્રજા હિત કારણ, દુઃખ નિવારણ કોટિક કીધ,
ફેલી ફિતુરી બધા જનના વળી, ફેલ જમાન લખાવીજ લીધ;
વાઘ અને બકરી વિચરે, નિરભે થઇ રોજ રળિયાત,
ખંડેરાવ ક્ષિતીશ તણા તું, ગુણ ગા ગુણવંતી ગુજરાત. ૮૯

ચોર બધા ચકચૂર કર્યા વળી, દેશથી દૂર કર્યા જન દુષ્ટ,
જુલમ ઉંડા જળમાંહિ ડુબાડી, પૃથ્વી પૂર્ણ કરી રસપુષ્ટ;
કોઇ કદી પરનારી તણા તન, સામું ન જોઇ શકે દિનરાત,
ખંડેરાવ ક્ષિતીશ તણા તું, ગુણ ગા ગુણવંતી ગુજરાત. ૯૦

હોય હજુર કે દૂરનો નોકર, લેઇ શકે નહી દમડી લાંચ,
વીશ વસા અપરાધ વિના, અડકે નહિ કોઇતણે તન આંચ;
દોષ વિના નહિ દંડ ભરે, કદી પૂરણ દ્રવ્ય રળે પ્રખ્યાત,
ખંડેરાવ ક્ષિતીશ તણા તું, ગુણ ગા ગુણવંતી ગુજરાત. ૯૧
વેઠયું ઘણું દુઃખ તેં બહુ વાસર, આવી મળ્યો સુખ અવસર આજ,
ઇશ્વરના ઉપકાર થકી ધણી, ખંડેરાવ મળ્યો મહારાજ;
જો ન મળ્યો હોત તે તુજને કદી, આ જુગમાં દુઃખ તારું ન જાત,
ખંડેરાવ ક્ષિતીશ તણા તું, ગુણ ગા ગુણવંતી ગુજરાત. ૯૨
સાફ મળે ઇનસાફ નીતિસર, મૂલ વિના ન લહે કોઈ માલ,
લુંટી શકે નહિ લશ્કરી લોક, ન ચાલી શકે ઉલટી પણ ચાલ;
ખાય પિયે ખુશીથી ખરચે જન, સુંદર મહેલ રચે ભુમિ સાત,
ખંડેરાવ ક્ષિતીશ તણા તું, ગુણ ગા ગુણવંતી ગુજરાત. ૯૩

એ મહારાજ તણાજ પ્રતાપથી તું સૌભાગ્યવતી દરશાય,
ધર્મવતી પણ એજ ધણી થકી એજ થકી ગુણવંતી ગણાય;
તેનીજ ઉજવળતા થકી તું વળી વિશ્વ વિષે થઈ છે વિખ્યાત,
ખંડેરાવ ક્ષિતીશ તણા તું, ગુણ ગા ગુણવંતી ગુજરાત. ૯૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છપ્પો.

ગુણવંતી ગુજરાત, લક્ષવિધિ તેં સુખ લીધું,
ખંડેરાવ ક્ષિતીશ, કષ્ટ તુજ છેદન કીધું;
શોભા સ્વર્ગ સમાન, પૂર્ણ વિધિ તું બહુ પામી,
જેના પુણ્ય પ્રતાપ, દશે દિશ દોલત જામી;
રળિયાત રહો રાજા પ્રજા, કરો સદા શુભ કામજી,
અંતરથી આશિષ અહરનિશ, દે છે દલપતરામજી. ૯૫

પરિસંખ્યાલંકાર–શાર્દૂલવિક્રીડિત વૃત્ત.

ખંડેરાવ ક્ષિતીશના અમલમાં, ચોરી વિવાહે સહી,
જારી તો જગદાન, યજ્ઞ તપ છે, નારી નરોમાં નહીં;
ખેલે દંપતિ દ્યૂત લગ્ન દિવસે, ત્યાં દ્યૂત દેખાય છે,
મારામારિ મૃદંગ અંગ ઉપરે, જ્યાં ગાયકો ગાય છે. ૯૬

મનહર છંદ.

પાંચ ધરવાળો નહિ તોય તેને પાડો કહે,
ગાય નહિ ગીત તોય તેને કહે ગાય છે;
શીર જેને પગલું ન માય તેને શેર* કહે,
અંબાડી ન ઉપડે તે ગજ તો ગણાય છે;
કુવામાં ન ઉતરે તથાપિ તેને કોશ કહે,
જાય નહિ ચાલી ક્યાંઇ તેને કહે જાય છે;[1]
પળ વિના પાઘડી કહે છે દલપત કહે,
એટલું તો જૂઠ છે જ્યાં રાજા ખંડેરાય છે. ૯૭

દોહરા.

સુણીને બોલી સુંદરી, કહું તને કવિરાજ;
તું તો રાજ કહ્યા તણો, નૃપ તો સમર્થ આજ. ૯૮
તેને તારી શી ગરજ, જે માને તુજ વેણ;
કેમ ટળે દુઃખ માહરું, કહે તું મને કહેણ. ૯૯

* શેર–રસ્તો, અથવા ૪૦ રૂપીઆભારનું કાટલું.

૧ જાયના ફુલનો છોડ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### કવિ વચન.

નામ અમર નિજ રાખવા, ચિત્તમાં જે જન ચહાય;
તે તો રાખે છે ઘણી, કવિની ગર્જ સદાય. ૧૦૦

### ઝુલણા છંદ.

થઈ ગયા શ્રેષ્ઠ શ્રીમંત કઈ શેઠિયા,
વેઠિયાની પેઠે વહી ગયા તે;
નામ કે ઠામ જન કોઇ જાણે નહિ,
કોણ જાણેજ ક્યાં થઇ ગયા તે;
ભાળવા ભવન ભંડાર સંભાળવા,
પાળવા વંશ પાછા ન વળિયા;
ધૂળમાં ધૂળ થઇ ભૂમિમાં ભળી ગયા,
મહત કવિ કોઇ જેને ન મળિયા. ૧૦૧
કણબી રખિદાસ તે કોણ હિસાબમાં,
સામળે પૂર્ણ પ્રખ્યાત કીધો;
ભોજ જેવો થયો અમર તે ભૂમિમાં,
જગતમાં જીવિતનો લાવ લીધો;
તે વિના કોટિધ્વજ કઇક કણબી ગયા,
કોણ જાણે કયે પંથે પળિયા,
ધૂળમાં ધૂળ થઇ ભૂમિમાં ભળી ગયા,
મહત કવિ કોઇ જેને ન મળિયા. ૧૦૨
સરસ કવિ રત્નનો શોધ કીધો નહીં,
યત્નથી રત્ન તો સરસ રાખ્યાં;
ચિત્ત ધરી કવિતણાં વચન રાખ્યાં નહીં,
ચાવીને દાળ ને ભાત ચાખ્યાં;
જમીન જર મેલીને જવાખમાં જળી ગયા,
ટળી ગયાં નામને ઠામ ટળિયા;
ધૂળમાં ધૂળ થઇ ભૂમિમાં ભળી ગયા,
મહત કવિ કોઇ જેને ન મળિયા. ૧૦૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aradhak Trust

શું થયું સેન સંપૂર્ણ સજવા થકી,
શું થયું કનકના મહેલ કીધે;
શું થયું હાથીને ભાથી ભેળા કીધે,
શું થયું દ્રવ્ય બહુ દાન દીધે;
ગ્રંથમાં ગુંથી ગુણ જે ગવાયા નહિ,
ચાર દિન માંહિ અચળાથી[1] ચળિયા;
ધૂળમાં ધૂળ થઇ ભૂમિમાં ભળી ગયા,
મહત કવિ કોઇ જેને ન મળિયા. ૧૦૪
રાજવંશી થયા દેવ અંશી સમા,
જગતમાં આજ કોઇએ ન જાણે;
લાયકી લેખી કવિએજ જેને લખ્યા,
વિધવિધે સર્વ તેને વખાણે;
પૃથ્વી ઉપાડતા પર્વતો પાડતા,
બાહુ જેના હતા બહુજ બળિયા;
ધૂળમાં ધૂળ થઇ ભૂમિમાં ભળી ગયા,
મહત કવિ કોઇ જેને ન મળિયા. ૧૦૫
ધૂળ ભેળું ભળ્યું હોય છે હેમ તે,
કારિગર કાઢી પ્રખ્યાત કરશે;
તેમ સદ્‌ગુણી તણાં નામ સંસારમાં,
કવિ મળે ધરણીપર કીર્તિ ધરશે;
તે વિના જીવીને કઇક જાતા રહ્યા,
ઠપકતા બોરના જેમ ઠળિયા;
ધૂળમાં ધૂળ થઇ ભૂમિમાં ભળી ગયા,
મહત કવિ કોઇ જેને ન મળિયા. ૧૦૬
રાખવા નામ ધન લાખ ખરચી કરી,
બહુજ ઇમારતો બેશ બાંધે;

---

૧ અચળા-પૃથ્વી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાખવા નામ નાતે વરા નવનવા,
રાખવા નામ સંગ્રામ સાધે;
રાખવા નામ લાણાં કરે લોકમાં,
રોકડું દ્રવ્ય જે આપ રળિયા;
ધૂળમાં ધૂળ થઈ ભૂમિમાં ભળી ગયા,
મહત કવિ કોઇ જેને ન મળિયા. ૧૦૭

ભોજ જેવાજ સિદ્ધરાજ જશ જોડવા,
કવિતણો શોધ સઉ ઠામ કીધો;
શોધ કરતાં નહિ સરસ કવિ સાંપડયો,
આંધી બહુ ઘાટ જશ લેખી લીધો;
ઘાટના ઠાઠ તો વાટમાં વહી ગયા,
ગરદમાં પ્રૌઢ પાષાણુ ગળિયા;
ધૂળમાં ધૂળ થઇ ભૂમિમાં ભળી ગયા,
મહત કવિ કોઇ જેને ન મળિયા. ૧૦૮

દેહ આયુષ્ય જગદીશના હાથમાં,
કીર્તિ આયુષ્ય કવિ લોક હાથે;
સરસ જશવંતને નરસ સાથે કરે,
નરસને પણ કરે[1] સરસ સાથે;
કવિજનો સાથ કંકાશ જેણે કર્યો,
દેવ પણ દૈત્યની પંક્તિ ભળિયા;
ધૂળમાં ધૂળ થઇ ભૂમિમાં ભળી ગયા,
મહત કવિ કોઇ જેને ન મળીયા. ૧૦૯

---

૧. કોઇમાં બધા સદ્ગુણ કે બધા દુર્ગુણ હોય નહિ, પણ ઇતિહાસ લખનારા પોતાના મનના ભાવ પ્રમાણે તેના સદ્ગુણ કે દુર્ગુણ પ્રસિદ્ધ કરે છે. જેમ સ્ત્રીના શરીરને એક કવિ સોના જેવું અને બીજો કવિ માંસ, રુધિર અને મળનું ભરેલું લખે છે તેમ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

मनहर छंद.

निश्चल सुनाम काम देके अगनीत दाम,
ठाम ठाम काम करै भूप मन भायो है;
एहि कामको उपाय चाहि सिद्ध राय राय,
सीलपीके पास सिल्प सरस रचायो है;
मालवको महिपाल भयो भलो भोजराज,
निश्चल सुनाम काम कविषें करायो हैं;
कहै दलपतिराम कहां सिद्ध राज काम,
भोजको तमाम ठाम नाम दरसायो है. ११०
देखी हाथी दोनुं विदवानकुं विवाद भयो,
एक कहै असल निवास याको बनमें;
एक कहै याको वास सरस शहेर मध्य,
एसोही अमुल रत्न कहांसे अरन्यमें;
अंत यों सिद्धांत भयो प्रांतमें पुरुष होय,
कसे वाकी कदर न जाने कोउ जनमें;
कहे दलपतिराम कैसे आवे दुर देश,
होई जो कदरदान विवेकी वतन में. १११

દોહરો.

કવિ વાણી અમૃત ભરી, મૃતક સજીવન થાય;
વ્યર્થ હોય તે કવિ થકી, સદા સમર્થ જણાય. ૧૧૨

ગુર્જરી વચન-મનહર છંદ.

અરધાંશ પણ ભલ અળ સચ ગોણી, બીજી અસંદ

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

અજીવા એ[1] આઠ શબ્દ સજીવન થાય તો; ખંડેસ
કવિની વાણીમાં લોકો અમૃત કહે છે તે હું, પુરાણ
સાચું જાણું તને વળી કહું કવિરાય તો; ભુવન
કહે કવિ એ શબ્દોના અંતરમાં ઉતરે જો, અમળ
ખંડેરાવ મહારાજ નામ તે સદાય તો; સહાય
નામને પ્રતાપે પરિણામ કામ સિદ્ધ થાય, ગોરાણી
અજીવન શબ્દ તે સજીવન જણાય તો. વીજળી

અખંડ ખંડેશ પદ પુરાણ પુરુષ આપે, ૧૧૩
ભુવન પતી ભવન આપે ભલી ભાતનાં;
અમળ અકળ બુદ્ધિ બળ આપે બુદ્ધિનાથ,
સહાય સદૈવ દેવ રહે દીન રાતના;
ગોરાણી ગુરુની વાણી સફળ અમૃત ખાણી,
વીજળી શી ગોરી સ્રી જતન કરે જાતનાં;
કહે દલપત જેના નામથી આ આઠે શબ્દ,
જીવન પામ્યા તે પામો સુખ વિધિ સાતના. ૧૧૪

ગુર્જરી વચન–દોહરો.

હું વાણી ગુજરાતની, ભૂપ ધરે નહિ ભાવ;
તેથી કેમ તને રીઝે, રાજા ખંડેરાવ. ૧૧૫

કવિ વચન–મનહર છંદ.

જે વાણીથી નરસિંહ નાગરને નારાયણે,
પરમ પદવી સુદ્ધાં સોંપ્યો સિરપાવજી;
જે વાણીથી જગદંબા ભેટી ભટ વલ્લભને,
સુલભ સકળ સુખનો દીધો દેખાવજી;
જે વાણીથી પ્રેમાનંદ સામળ પ્રીતમ અખો,

[1] મતલબ કે એ શબ્દોમાં કંઇ અર્થ નથી, તેમ છતાં તેમાં અર્થ આવે એવું કરી આપો તો હું જાણું કે કવિની વાણીમાં અમૃત છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એવા અગ્ણિત પામ્યા પ્રેમનો પ્રભાવજી;
કહે દલપતરામ તે વાણીથી તેમ મને,
કેમ નહિ રીઝે આજ રાજા ખંડેરાવજી. ૧૧૬

જીરણ જળસ્થળ દેવળને જીવન જડે,
ખુદાવંદ ખંડેરાવ હાકમ હજૂરથી;
પ્રાણ[1] હીણું ગીરવાણ વાણીનું પોષણ કરે,
આપે આપ આદરી ઉદારપણું ઉરથી;
પૂર્વજોના પંડિતો અજીવનના પરિવાર,
પાળે છે તે કૃપા દૃષ્ટિ દેશ દૂરથી;
એવા એવા અજીવનને જીવન આપે છે તે તો,
તને સજીવનને જીવન દે જરૂરથી. ૧૧૭

## દોહરા.

ચાલ બાઇ મુજ સાથ તું, દેવ સ્મરણ કરી ઢીલ;
જઇ અરજી ઉચ્ચારિયે, થઇશ હું તુજ વકીલ. ૧૧૮
બંને ચાલી આવિયાં, વટપત્તન મોઝાર;
નિરખી શોભા નગરની, કવિયે કર્યો ઉચાર. ૧૧૯
રમણિક થળ ગુજરાતમાં, વટપુર શહેર વિશાળ;
જાણે કળા કુશળતણી, નિશ્ચય હોય નિશાળ. ૧૨૦
ત્યાં લોકો વિદ્યા તણો, અધિક કરે અભ્યાસ[2];
વસે સદૈવ સરસ્વતી, બ્રહ્મ ભવન આભાસ. ૧૨૧
લક્ષ્મી વિષ્ણુ લોકની, દસરા દિન દેખાય;
સંપત્તિ ને સદ્ગુણો, લાખે નહિ લેખાય. ૧૨૨
રાજ્ય કરે રુડી રીતે, રાજા ખંડેરાવ;
ફેલ ફીધે ફાવે નહિ, દુશ્મનનો ત્યાં દાવ. ૧૨૩

---

૧. જે વાણી વ્યવહારમાં ચાલતી ન હોય તે મૃતક વાણી કહેવાય છે.
૨. સંસ્કૃત તથા ફારશીનો અભ્યાસ હતો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાજધાની ગુજરાતની, પૃથ્વીમાં પ્રખ્યાત;
વિલાયતે વિકટોરિયા, વડી વખાણે વાત. ૧૨૪
જે ગાદીના જોરથી, અમલ મળ્યો અંગ્રેજ;
વડું શ્રી ગાયકવાડના, તાજતણું છે તેજ. ૧૨૫
હાકમ હિંદુસ્તાનમાં, સર્વથકી એ શ્રેષ્ઠ;
જેમ સૂરજ સર્વોપરી, જયારે મહિનો જેષ્ઠ. ૧૨૬
માને મોટી મિત્રતા, એ સાથે અંગ્રેજ;
નહિ એના ઉપકારનો, આપી શકે અવેજ. ૧૨૭

## कवित.

पीवत गंगाको पानी पुष्ट हिंदुस्तानी प्रानी,
जानी एसो मानी लेत पाड गंग पानीको;
पानी को कहा सु पाड मानी ए सुजानी गंगा,
गंगा जोन्हे आनी पाड सोई सुख दानीको;
जीहीं ठौर और जत काठीको जूलम मटियो,
धारी लेत धाड अंगरेजी राजधानीको;
अंगरेजी राजधानी आनी सुखदानी जीन्है,
कहै दलपति पाडताकी सुलतानीको. १२८

## દોહરા.

રાજસભા રળિયામણી, પંડિત પામે માન;
અંતર ધરી ઉદારતા, દે મહારાજા દાન. ૧૨૯
સુરવાણી નરવાણિમાં, કાવ્ય કહે કવિરાજ;
સુણતાં થાય સદા સહુ, રંજન રાજ સમાજ. ૧૩૦
રુડા જશ મહારાજના, ગામો ગામ ગવાય;
નગર નગર નરનારિયો, ચિત ધરી સુણવા ચહાય. ૧૩૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વારિ પ્રવાહ વિશેષ તે, સાગર માંહિ સમાય;
તેમ વિશેષ કળાતણા, નર વટનગર વસાય. ૧૩૨
જ્યાં શ્રી મહારાજા તણો, મનહર મોતીબાગ,
બહુ સરસ ત્યાં બંગલા, ઉપમા યોગ્ય અથાગ. ૧૩૩
ધર્મશાળા ત્યાં ધીંગી છે, મેળે સદાવ્રત સાર;
તીરથવાસી ત્યાં કણે, પામે સૂખ અપાર. ૧૩૪

**સંદેહાલંકાર.—શાર્દૂલવિક્રીડિત વૃત્ત.**

દેવી દેવ સમાન માનવિ દિસે, ઐરાવતો હાથિયો,
રિદ્ધિ શ્રી વટપુરની નિરખતાં, સંદેહ સ્વાંતે થયો;
શું હું જાગ્રત છું જરૂર ઉરમાં, કે સ્વપ્નની વાત છે,
સાચું આજ વડોદરું શહર છે, કે સ્વર્ગ સાક્ષાત છે. ૧૩૫

**દોહરો.**

ચૌટામાં મહારાજની, સ્વારી મળી સમીપ;
સૈન સહિત શોભે સરસ, ખંડેરાવ મહીપ. ૧૩૬

**ભ્રાંતાપહ્નુતિ અલંકાર.—મનહર છંદ.**

ગાજે છે ગગન ઘન કિંવા નાદ નોબતનો,
ઝબકે વીજ કે ખુબી શસ્ત્રના દેખાવની;
મોટાં મોટાં વાદળાં કે મોટા મોટા મેગળ છે,
આભા ઇંદ્રધનુની કે ધનુષ ચઢાવની;
ચિત્તતણો ચોર આ તે મોરતણો સોર હશે,
કિંવા નૃપતિના ગુણગાન કરે ગાવની;
સુણી સખી સખી પ્રતે કહે દલપતરામ,
નહિ મેઘમાળા એ અસ્વારી ખંડેરાવની. ૧૩૭

**શુદ્ધાપહ્નુતિ અલંકાર—ઇંદ્રવિજય છંદ.**

બાયકવાડની ફોજ વિષે જુઓ,
શ્યામળ રંગના મેગળ મોટા;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કે કિરતી લખવા કવિ કારણુ,
કજ્જળ પુંજ કરેલ છે છોટા;
દીલ વિચારી કહે દલપત્ત,
કથ્યા તે વિચાર ખરેખર ખોટા,
હાલ કડીના મહાલ થકી નકી,
કાઢેલ એજ અંધેરના ગોટા. ૧૩૮

ઉલ્લેખાલંકાર.—મનહર છંદ.

પુરણુ પ્રકાશવંત દિવસમાં તારો દેખી,
હોંશે હોંશે જોવા મળ્યા માનવી હજારો છે;
રાજનીતિતણું ચિહ્ન દેખી દેખી એમ કહે,
બૃહસ્પતિ હશે તે શોભાયમાન સારો છે;
એક કહે અગસ્તીનો તારો એ તો આપોઆપ,
કાબાના કટક રૂપી સિંધુ શોષનારો છે;
દીલમાં વિચારી નકી કહે દલપતરામ,
સ્ટાર ઓફ ઇંડિયા એ નામનો તે તારો છે. ૧૩૯

ભ્રાંતિમત અલંકાર.—શાર્દૂલવિક્રીડિત વૃત્ત.

કિંવા પાગશિરે જટા મુકુટ છે, તારો વ ગંગા વહે,
હૈયે હેમ હિરા સહીત શું હશે, કે રુંઢમાળા રહે;
કાંડે કંકણુ હેમનાં, કે હરના જે વિશ્વ વિખ્યાત છે,
ખંડેરાવક્ષિતી અધિપ ખુદ છે, કે શંભુ સાક્ષાત છે. ૧૪૦

દોહરા.

રાજસભા મધ્યે જઈ, મેળવવાને દાદ;
કવિયે શ્રી મહારાજને, દીધો આશીર્વાદ. ૧૪૧
જશ પામો જીવો ઘણું, સુખ પામો દિનનીશ;
પ્રજાતણુ પાલન કરો, દેવ દ્વારિકાધીશ. ૧૪૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**રત્નાવલી અલંકાર.—ઉપજાતિ વૃત્ત.**

કીર્તિ તમારી "અમરેલી" છાઇ,
આ વિશ્વ માંયે રહેજો "વસાઇ;"
કુટુંબ "ખેરાળુ" ખુશીજ થાજો,
શત્રુતણે દ્વાર "કડી" વસાજો. ૧૪૩
"વડોદરે" સર્પ વિલોકી જેમ,
તમોથી શત્રૂ ડરજોજ તેમ;
સદા જમો આપ અનેક સ્વાદ,
પડો રિપૂને નિત્ય "પેટલાદ." ૧૪૪
પાપીષ્ટ [1]પા "પાટણ" જે કરે છે,
કરોડ ભાઇ સમ આચરે છે;
"દેગામ" જેવા જમનુંજ એને,
તું કા "વિજા પૂર" ણુ શીશ તેને. ૧૪૫

**દોહરો.**

રાજ મળ્યું પણ ગર્વ નહિ, રાખે ખંડેરાવ;
તે દેખી કવિયે કહ્યો, વડ એરંડા ભાવ. ૧૪૬

**આર્યાવૃત્ત.**

આ "વડ ન ગર" વ રાખે, ફરતો ચહુદિશ વિશેષ ફેલાઇ,
તુજ એરંડાપત્રો, "વીસ નગર" વજ તથાપિ તજભાઈ. ૧૪૭

**પુનઃઆશીષ.—મનહર છંદ.**

સ્વાદ તો "વડો દરા" ક્ષ જેવો કવિતાનો ચાખો;
કિંકર કરો "ડભોઇ" સેવામાં સદા કરે;
ઇંદ્રપુરી સમો "વડ નગર" અપાર પામો,
વૈકુંઠ જેવાં તો "વીસ નગર" અનુસરે;
ખેર ખુશી વાળી પ્રજા "ખેરાળુ" કુટુંબ વસે,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૧. પાપમાં-અટન.

મન કામના તો "સિદ્ધ પૂર"ણ પ્રભુ કરે;
કહે દલપતરામ રાજા ખંઉેરાવ તારો,
"અમરેલી" વેલી સમ વંશ બહુ વિસ્તરે. ૧૪૮

પૂરણ પ્રતાપ વસે આપનો અમાપ અતિ,
મહત પ્રતાપ જેવો દેવ માર્તંડનો;
મહામાયા મનનો મટાડશે હમેશ કલેશ,
ઘટાડયો મટાડયો જેમ મુનિ માર્કંડનો;
શત્રુ સર્વ ત્રાસ પામી નાસતા ઉદાસ ફરે,
પેખીને પ્રતાપ ચાપ આપના પ્રપંચનો;
ખડા સમશેર બહાદુર સેના ખાસ ખેલ,
ખંઉેરાવ થાઓ ક્ષિતિનાથ નવે ખંડનો. ૧૪૯

## સમુચ્ચયાલંકાર—શાર્દૂલવિક્રીડિત વૃત્ત.

હે રાજા ગુણ તાહરા વરણવા, જીભે કહું જયાં કથા,
ત્યાં તારું બળ કીર્તિ કાંતિ કમળા, સદ્બુદ્ધિ રિધિ તથા;
એ સૌ એક બીજાથી આગળ થઈ, આવે મહત્વે મળી,
કેને તો પછિથી અને પ્રથમથી, કેને વખાણું વળી. ૧૫૦

## દોહરા.

સાહેબ એક અરજ સુણો, આપો શુભ ઇન્સાફ;
રીસ ન ધરશો હૃદયમાં, કહું માગીને માફ. ૧૫૧

કોઇ કરે અન્યાય તો, કહિયે જયાં શુભ રાય;
પણ કહિયે કયાં જઇ, રાય કરે અન્યાય. ૧૫૨

છો રાજા ગુજરાતના, લઇ તેનું ધન ધાન;
ભાષા માની મરાઠિને, વો છો મોટું માન. ૧૫૩

દિલગિર રહે છે ગુર્જરી, સજે નહિ શણગાર,
એનું દુઃખ ઉચારવા, આવ્યો છું આ વાર. ૧૫૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aradhak Trust

ઉપજાતિ વૃત્ત.

છબીલિ છે ને પતિ છેક છાંડી,
ગણેજ લોકો ગુણહીણ ગાંડી;
મળેલ એવા અસલીજ ઢાળા,
વિચાર રાજા વટપૂરવાળા. ૧૫૫
ગાદીપતી ગુર્જર નાથ આપ,
પામ્યા પુરો ગુર્જરિનો પ્રતાપ;
બની બિચારી દુઃખી એજ બાળા,
વિચાર રાજા વટપૂરવાળા. ૧૫૬
મનાવિને જો નહિ માન આપો,
સ્થિતી ભલીમાં કદિ જો ન સ્થાપો;
અરે જશે કયાં ભરિને ઉચાળા,
વિચાર રાજા વટપૂરવાળા. ૧૫૭
જે નારિનું સર્વસ લક્ષ્ય લીધું,
તે નારિનું પોષણ જો ન કીધું;
તો કેમ તેઓ કહિયે કૃપાળા,
વિચાર રાજા વટપૂરવાળા. ૧૫૮
સારી સ્થિતીમાં સ્થિરતાથી થાપી,
અન્નાદિ દે આશ્રય શ્રેષ્ઠ આપી;
ઘડાવવા ઘાટ ઘટે રૂપાળા,
વિચાર રાજા વટપૂરવાળા. ૧૫૯
અનાથ જો આશ્રય આવી માગે,
ભૂનાથ તેનો ભય સર્વ ભાગે;
એવાજ છો આપ ઉદારતાળા,
વિચાર રાજા વટપૂરવાળા. ૧૬૦
વૈરાગ્ય[1] પામી હરિને વખાણે,

૧. ગુજરાતી ભાષામાં વૈરાગ્યની, ભક્તિની કે ભોજ વિક્રમ વગેરે પરદેશી રાજાના ગુણની કવિતાઓ છે; પણ ગુજરાતના રાજાઓની ગાઝી નથી.


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કાં અન્ય રાજાતણી આશ આણે;
છતાં તમે છો પ્રિય રક્ષપાળા,
વિચાર રાજા વટપૂરવાળા. ૧૬૧
ધેનૂતણું લાયક દૂધ લૈને,
પાળે ન તેને તૃણ પાણી દૈને;
અયોગ્ય એ તો ગણશે ગુણાળા,
વિચાર રાજા વટપૂરવાળા. ૧૬૨
દિલ્લી ઇલાખો સુલતાન લેતા,
ગિરા સ્વદેશી ગણી માન દેતા;
રચાવતા ગ્રંથ[1] રુડા રસાળા,
વિચાર રાજા વટપૂરવાળા. ૧૬૩
સારાંશ સર્વે નૃપ આપ સામે,
દિધો ઉચારી દલપત્તરામે;
દિલે ધરો દાદ હવે દયાળા,
વિચાર રાજા વટપૂરવાળા. ૧૬૪

છપ્પા.

મળે ધણીનાં માન, મનુષ સૌ તેને માને,
મળે ધણીનાં માન, પડે સૌ તેને પાને;
મળે ધણીનાં માન, વડી તે ડહાપણવાળી,
મળે ધણીનાં માન, એજ રુડી રૂપાળી;
જો મળે ધણીનાં માન તો, વિશ્વ કહે ગુણવાન છે,
કામની જનને દલપત કહે, ધણીને માને માન છે. ૧૬૫

મળે ન ધણિનાં માન, ભાગ્યહીણી તે ભુંડી,
મળે ન ધણિનાં માન, લોક સૌની તે લુંડી;
મળે ન ધણિનાં માન, નારિ તે નિરભાગીણી,
મળે ન ધણિનાં માન, હોય ગુણ પણ ગુણહીણી;

---

૧. શહાજહાંએ "સુંદર શૃંગાર" ગ્રંથ સુંદરદાસ પાસે રચાવીને તેને મહા કવિરાજનો ઇલકાબ આપ્યો હતો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જો મળે ન ધણિનાં માન તો, કુટુંબી સો ધિક્કારશે,
કામની જનને દલપત કહે, ઘણી ગણુશે ત્યમ ધારશે. ૧૬૬

દોહરો.

જેમ શ્રેષ્ઠ મોતીતણું, જાય ઉતરી નીર;
તેમ ગુર્જરી વાણીનું, હાલ થયું છે હીર. ૧૬૭

મનહર છંદ.

હાથીતણું બચ્ચું હોય પણ જો રાજાએ તેને,
કૂતરું કહ્યું તો પછી કૂતરું તે કૂતરું;
બરફનો બેટ બની તરી આવે ઉદધિમાં,
રાજા કહે રૂ તર્યું, તો રૂ તર્યું તે રૂ તર્યું;
ઉત્તમ કન્યાને ગણી કાઢી જો અનુત્તમમાં,
ઉત્તમ ન થાય જોડું, સૂતર્યું તે સૂતર્યું;
રાજા અધિરાજ ખુદાવંદ સુણો ખંડેરાવ,
મોતીતણું નીર તે તો ઉતર્યું તે ઉતર્યું. ૧૬૮

ઉપેંદ્રવજ્રા છંદ.

રસાળ જ્યાંની અતિશે રસાળા,
વ્યાપારિ વ્યાપાર વિચિત્રવાળા;
રસાળ વાણી વિષયો રૂપાળા,
પ્રખ્યાત તે થાય ભુમી ભુપાળા. ૧૬૯

મનહર છંદ.

ભૂમિને સંભાળી રસ વાળી કરવી રૂપાળી,
એ તો ક્ષત્રી કુળનું અખંડ ખટ કર્મ છે;
કારીગર લોક સારી કારીગરી કરી લાવે,
કરી અંગીકાર સતકાર કરે પર્મ છે;
ઉલટ આણી સ્વદેશી વાણીમાં જરૂર જાણી,
મોટા ગ્રંથ ગુંથાવવા મોટા જેમાં મમ છે;
કહે દલપત ખંડેરાવજી ક્ષિતીશ સુણો,
એ તો અહોનિશ ધરાધીશતણો ધર્મ છે. ૧૭૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### દોહરા.

ગુર્જરીના માલેક છો, માટે ધરી ઉમંગ;
કોશ[1] કરાવી આપીને, કરો સુશોભિત અંગ. ૧૭૧
રચાવીને આપો રુડું, ધરણી ઉપર ધામ;
પ્રીતે તેનું પાડવું, પુસ્તકશાળા નામ. ૧૭૨
હક તેનો આપો હવે, દિલે કરી દરિયાફ;
ઇનસાફી છો અધિપતિ, કરો આપ ઇનસાફ. ૧૭૩
એવામાં નજરે પડયો, નૃપ કંઠે મણિ જેહ;
પેખી નૃપ મુખ સૂર્ય સમ, ઉચર્યો કવિજન એહ. ૧૭૪

### કુંડળિયો.

કાંતિ કંઠ મણિતણી, આર્દ્રા ને અનુસાર;
શોભે નૃપ મુખ સૂર્ય સમ, પ્રતાપવંત અપાર;
પ્રતાપવંત અપાર, ખૂબ ટાણું બન્યું ખાસું,
આર્દ્રા ને આદિત્ય, મળે મંડે ચોમાસું;
અમૃત દૃષ્ટિ વૃષ્ટિ, થશે ભાસે નહિ ભ્રાંતિ,
મારતંડ સમ ભૂપ, મળી આર્દ્રા મણિકાંતિ. ૧૭૫

### દોહરા.

શ્રીમંતે એવું સુણી, ધર્યો મૂછપર હાથ;
કવિયે તે દેખી કહ્યું, સુણતાં સરવે સાથ. ૧૭૬
કર મુછ ઉપર કાં ધરો, ક્ષિતિપતિ ખંડેરાવ;
કલેશ કવિના મનતણો, ભાળી ધરે ભય ભાવ. ૧૭૭
સુણી બોલ્યા શ્રીમંત નૃપ, શ્રીમુખથી સાક્ષાત;
તમે કહી તે તો ઘણી, વિવેકની છે વાત. ૧૭૮
ભણાવીને કરવા ભલા, સૌ જનને હુંશિયાર;
તમે કહ્યો તે સર્વથા, સમજયો છું હું સાર. ૧૭૯

---

૧. કોશ-ધનનો અથવા જ્ઞાનનો ભંડાર.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રથમ નિશાળો સ્થાપવી, છે મુજ ચિત્ત વિચાર;[1]
પછી સ્થપાશે પુર વિષે, પુસ્તકનો ભંડાર. ૧૮૦
ફરી તમને તેડાવશું, સહાહ લેવા કાજ;
વિદ્યાખાતું સ્થાપશું, નિશ્ચય કીધો આજ. ૧૮૧
તે સુણીને કવિયે પછી, દીધો આશીર્વાદ;
વચન આપનું પાળજો, રાખીને ઉર યાદ. ૧૮૨

**હરિગીત છંદ–આશીર્વચન.**

જય જયતિ જય હે જગત જનની, ચાપ શર ધર ચંડિકા,
જય વૃષભવાહિનિ દનુજ દાહિનિ અખિલ ભુવન અખંડિકા;
પદ પદ્મ કરી પરણામ કહું, હે પાર્વતી જગ પાવની,
ક્ષિતિ મધ્ય કીર્તિ અખંડ કર, નવખંડ ખંડેરાવની. ૧૮૩
જે બુદ્ધિવંત અનંત વળિ, ભગવંત ભડ ભૂપાળ છે,
અત્યંત દીપ્તીવંત વળિ, કુળવંત અધિક કૃપાળ છે;
વળી વિમળ વાણી વદનમાં, અને સદન રિદ્ધિ સુહાવની,
ક્ષિતિ મધ્ય કીર્તિ અખંડ કર, નવખંડ ખંડેરાવની. ૧૮૪
મનરંજ કરજે મિત્ર એના, શત્રુને સંહારજે,
સંપૂર્ણ સુખ દઇ દુઃખ દળિ, સંસાર સાગર તારજે;
સૌ સમય આપ સહાયતા, તુજ ચરણ નિર્ભય નાવની,
ક્ષિતિ મધ્ય કીર્તિ અખંડ કર, નવખંડ ખંડેરાવની. ૧૮૫
હય હાથી સાથી હમેશ વધતા, ભાથી પણ દેજે ભલા,
દશ દિશથી એના દેશની નર અખિલ ઘર જાજે ખલા;
રચિ આપ એના રાજમાં, રચના સુરુચિર રચાવની,
ક્ષિતિ મધ્ય કીર્તિ અખંડ કર, નવખંડ ખંડેરાવની. ૧૮૬
અહુ શ્રેષ્ઠ બંદર હેમ મંદિર, સાજ સુંદર સોંપજે,
સુણી આજ અરજી તેની મરજી, લેશ માત્ર ન લોપજે;

૧. મનના વિચાર મનમાં રહ્યા અને તા૦ ૨૮ મી નવેમ્બર ૧૮૭૭ માં ખંડેરાવ મહારાજ કૈલાસવાસી થયા.

P. P. Ac. Gunratnasuri M.S.     Jin Gun Aaradhak Trust

રમણિક રસાળા વળી વિશાળા, દે તું એના દાવની,
ક્ષિતિ મધ્ય કીર્તિ અખંડ કર, નવખંડ ખંડેરાવની. ૧૮૭

દોહરા.

પછી રાખીને પાંચ દિન, શુભ કીધું સનમાન;
વિદાય કીધો શુભવિધે, કવિ વિચર્યો સ્વસ્થાન. ૧૮૮
"ઇંદુપ્રકાશ" અધિપતી. વિષ્ણુ શાસ્રી નામ:
તેઓ પણ હાજર હતા, તે અવસર તે ઠામ. ૧૮૯
કરે વકીલ વિશેષ શ્રમ, એ તો આડે આંક;
પણ જો દાદ મળે નહીં, વકીલનો શો વાંક. ૧૯૦

## અમદાવાદની ટ્રેનિંગ કોલેજ વિષે.

(તા૦ ૧૪ મી જુલાઇ સન ૧૮૫૮.)

હરિગીત છંદ.

આબાદ અમદાવાદ પુર, અધિરાજ તો અંગ્રેજ છે,
ગુજરાતની પ્રખ્યાત રુડી, રાજધાની એજ છે;
જ્યાં લક્ષ લોક નિવાસ, પશ્ચિમ પાસ સાભ્રમતી વહે,
જ્યાં વિવિધ છે વેપાર, બહુ વછિયાત પણ આવી રહે. ૧
ત્યાં એક અવસર શેઠ પોતે, પ્રેમચંદ પધારિયા,
કરવા ભલી કોલેજ ચિતમાં, શુભ વિચાર વિચારિયા;
સરકાર હસ્તક ચોતરીસ, સહસ્ર નાણું સોંપિયું,
ત્રેપન સહસ્ર ઉમેરિ રચતાં, અધિક સ્થાનક ઓપિયું. ૨
દક્ષિણ દિશાએ સ્કૂલથી પણ ભદ્રથી પૂરવ ભણી,
કીધી ભલી કોલેજ તેની બહુ સરસ શોભા બની;
પાડયું પ્રગટ પ્રતિબિંબ, હિમાચાર્યની પોશાળનું[1],
કે ચિત્ર સુંદર ચીતર્યું નૃપ ભોજની નિશાળનું. ૩

૧. પાટણમાં હતા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હાવર્ડ સાહેબ ઇંજીનીયર, નેત્રના આભાસથી,
નકશો પડયો નિર્મળ ભલો, જયમ પડે સૂર્ય પ્રકાશથી;
શુભ ઇંદ્રપ્રસ્થ સમાન, સર્વોત્તમ બનાવ બની રહ્યો,
રચનાર લેફટેન્ટ લી સાહેબ, મય[1]દાનવ થયો. ૪

આવાસ[2] ચારે પાસ, મોટું મધ્યમાં મેદાન છે,
વસવા કરે મન વાંછના સુરવર સુરેશ સમાન છે;
ખુબીદાર છે શતખંડ, વસશે વાસ ત્યાં વિદ્યાર્થી,
પરમાર્થ માટે રચ્યા સાચા શેઠ તે પરમારથી. ૫

ચોખૂણ ઉપર ખૂબ બનિયા, બંગલાના ઘાટ છે,
ૃશ્રિમ દિશા દક્ષિણ દિશાએ, વિરચી સુંદર વાટ છે;
છે પૂર્વ પશ્ચિમ પાસ તો, મનહરણ મોટાં માળિયાં,
વળી પવન આવાગમનનાં, જુગતે મુકેલાં જાળિયાં. ૬

બહુ બારિયો ને બારણાં, કીધાં કમાડો કાચનાં,
ૃળિયાં દિસે નવરંગ, ત્રાંબા તુલ્ય સાચે સાચનાં;
પરદેશી પુરમાં પરવરે તે, જુગતી જોવા જાય છે,
ભલભલા ભારે ભૂપતી, પણ ભાળિને ખુશી થાશ છે. ૭

અંજન શલાકા[3] આદિ, નામાંકિત શહેરમાં સ્થાન છે,
તે મધ્ય જોવા યોગ્ય આ, ઉપયોગી એક મકાન છે;
જયાં રાવ મહીપતરામ સાહેબ, મુખ્ય માસ્તર માનિયે,
ગુણી રતનલાલ ગૃહસ્થ, આસિસ્ટંટ આજ પિછાનિયે. ૮

પણ મગનલાલ પુરાણી વાણી, શુદ્ધ સંસ્કૃત શીખવે,
પ્રતિ દિવસ દલપતરામ કવિતા, કવનની રીતી કવે;

---

૧. મયદાનવ–પાંડવોનો ઇંદ્રપ્રસ્થ મહેલ રચી આપનાર મયદાનવ હતો.
૨. આવાસ–રહેવાના ઓરડા.
૩. દિલ્હીદરવાજા બહારની પ્રસિદ્ધ હઠીભાઈની વાડી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પંડયાજી પિતાંબર ગણિત, સિદ્ધાંત શુદ્ધ ગણાવશે,
મહેતાજી મોહનલાલ શાળા પદ્ધતિ શીખાવશે. ૯
ઇતિહાસ ને વ્યાકરણ ભણતર પણ ભણાય ભૂગોળનું,
જાણે રસાયન રીતને ખપ તુલ્ય જ્ઞાન ખગોળનું,
નીતિ શિખીને નિત્ય નીતિમાન જ્ઞાની ગણાય છે,
મતિ તાજી આજી મેળવી, મહેતાજી લાયક થાય છે. ૧૦
સુધરાઇના સાંચાજ કે, ગુણવાન દીવા જ્ઞાનના,
ઉપયોગી મોટા એજ, ગોટા ટાળશે અજ્ઞાનના;
પારસમણિ સમ પર્શ કરી, કરશેજ કાંચન લોહનું,
ઘટશેજ એ થકી જ્હેમ ને મટશે મહાખળ મોહનું. ૧૧
વિદ્યાની વૃદ્ધિ સાથ વધશે, અધિક દોલત દેશમાં,
જળ વૃષ્ટિ થાતાં જેમ, તરુની વૃદ્ધિ હોય હમેશમાં;
સરકારનો ને શેઠનો, ઉપકાર ઉરમાં આણવો,
જે સાહેબોએ શ્રમ કર્યો વળી જરૂર તેનો જાણવો. ૧૨
સાહેબ હોપે સ્થાપી[1] પણ કિરણે વધી કરટીસથી,
શુભ સર્વ રીત સહાયતા જોઇતી વળી જગદીશથી;
આ સ્થાન શોભાવાન વિરચ્યું, છે સવા બે વર્ષમાં,
પૂરું થવાથી પ્રવેશ કીધો, હોંશ ને વળી હર્ષમાં. ૧૩
ઇશુ સાલ હાલ અઢારસેં, અડસઠતણા જુલાઇમાં,
વળી દિવસ તો ચોવીસમાં, સર્વોપરી સરસાઇમાં;
કીધું વિશેષ પ્રવેશ મુહુરત, સજ્જનોની સભા ભરી,
કવિએ સભા રંજન કરી, તે આજ કવિતા ઉચરી. ૧૪

દોહરો.

સભાપતિ હરખે અતી, બહુ વિધિ આરોપેલ;
જન્મભૂમિમાં જોઇને, સુંદર સ્થાન થએલ. ૧૫

૧. દોહરો—અઢારસેં ઉપર ભલી, સત્તાવનની સાલ;
હોપે સ્થાપી હોંશથી, આ ટ્રેનિંગ નિશાળ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## જુના નવા મહેતાજીઓ વિષે.

### દોહરો.

નામે મહેતાજી ભલે, ભેદ ઘણો છે ભાઇ;
પાંસઠનો[1] જુલાઇ ને જુઓ આજ જુલાઇ. ૧૬

## ઝાડની શોભા.

### દોહરો.

કડવો ખાટો રસ કહું, ચઢવા પ્રૌઢ પહાડ;
એવાં આંબલી લીંબડા, ઝુકી રહ્યાં છે ઝાડ. ૧૭

### મનહર છંદ.

આદરે અભ્યાસ દીલ શ્રમથી ઉદાસ થાય,
પ્રથમ પિછાને પ્રૌઢ ચડવો પહાડ છે;
કડવો લાગે ને કાં તો ખરું દીલ ખાટું થાય,
વિષમ પરિશ્રમનો પ્રથમ વદાડ છે;
છે તો છાયા સુખકારી શીતળતાવાળી શુદ્ધ,
લાયક થયા પછી લાભેણું ઘણું લડ છે;
દાખે દલપત એજ દાખલો દેખાડવાને,
ઝુકી રહ્યાં આંબલી ને લીંબડાનાં ઝાડ છે. ૧૮

### દોહરો.

નિશ્ચય દિવસ નવાઇનો, આ અવસર છે એજ;
જન કોઇ નહિ જાણતું, કદી થશે કોલેજ. ૧૯

---

૧. સને ૧૮૬૫ માં શેરસટાએ દેશની ખરાબી કરી હતી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## આપારાવ ભોળાનાથ લાઇબ્રેરી વિષે.

( તા. ૧૨ મી જાનેવારી ૧૮૭૦. )

### દોહરા.

જે રૂપાળા રાજવી, નિપુણપણાના નાવ;
કુળ દિપક તું કયાં જઇ, વસિયો આપારાવ. ૧
દુનિયામાં થોડા દિવસ, દીધો તેં દેખાવ;
વિખ્યાતિ ઝાઝાં વરસ, રહેશે આપારાવ. ૨
મમતા તુજ મેળાપની, ડહાપણુના દરિયાવ;
મિત્ર ઘણાના મન વિષે, રહી ગઈ આપારાવ. ૩
તુજ વિજોગનો તેહને, ઘણોક સાલે ઘાવ;
નકી જાણજે તે "નહિ, રૂઝે" આપારાવ. ૪
ઇશ્વરની ઇચ્છા થકી, બન્યો અયોગ્ય બનાવ;
એ તે સૌને યાદમાં, રહેશે આપારાવ. ૫
અકળ ગતિની આગળે, કોણ કરે અટકાવ;
ઉપાય એકે એહનો, રહ્યો ન આપારાવ; ૬
પ્રાણ બદલ તુજ પ્રાણનો, બની શકે ન બચાવ;
નહિ તો અહીં તુજને નકી, રાખત આપારાવ. ૭
થોડી વયમાં સ્થિર કર્યો, બહુ જશતણો બિછાવ;
સદ્‌ગુણનો સાગર હતો, રુડો આપારાવ. ૮
હતો નાગરી નાતમાં, હીરો હેમ જડાવ;
શોભા સારાભાઇની, રક્ષક આપારાવ. ૯
ગુણ રુડો ગંભીરતા, સુંદર શાંત સ્વભાવ;
વય થોડે પણ વૃદ્ધતા, રાખી આપારાવ. ૧૦
સૌ તારા સ્નેહી મળી, જરનો કરી જમાવ;
યદદાસ્ત તારી અહીં, રાખી આપારાવ. ૧૧
આ પુસ્તકશાળા તણો લેશે લોકો લાવ;
નિશ્ચળ તારી નામના, રહેશે આપારાવ. ૧૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**પિતાના પ્રેમ વિષે.—શાર્દૂલવિક્રીડિત વૃત્ત.**

વારી પુત્ર વિયોગનાં નયનથી, પાડે પિતાઓ ઘણાં,
પામે પાત્ર વિના પછી પ્રલયતા, બિંદુ બધા તે તણા;
આપારાવ સુપુત્રના સ્મરણનાં, જે નીર નેત્રે ઝરે,
આ શાળા સ્થળથી હમેશ રહેશે, પ્રખ્યાત પૃથ્વીપરે. ૧૩

**કુંડળિયો.**

લૂખાં લાડ કરે ઘણાં, પિતા પુત્રને કામ,
આપારાવ લડાવિયો, દશ હજાર દૈ દામ;
દશ હજાર દૈ દામ, નામ નિશ્ચળ કરી રાખ્યું,
ધન્ય પિતાનો પ્રેમ, ભલા જન સૌએ ભાખ્યું;
બીજાં માત ને તાત, ભમે થોડાં દિન ભૂખ્યાં,
કુટે કરે કલ્પાંત, લાડ તે તો સૌ લૂખાં. ૧૪

---

## નિરાશ્રિત સ્થાન વિષે.*

(તા. ૧૨ મી અકટોબર ૧૮૭૦ ની સાંજે.)

**દોહરો.**

જગત વિષે જન જાતિનો, જાણી ધર્મ જરૂર;
દુઃખ છેદો દુનિયાતણું, ઉદારતા ધરી ઉર. ૧

**ઉપજાતિ વૃત્ત.**

ઉદારતા અંતરમાંહિ આણો,
દુઃખી જનોનાં સહુ દુઃખ જાણો;
અરે દયાળુ દીલમાં થઇને,

---

* અમદાવાદમાં નિરાશ્રિત ફંડ સ્થપાયું, તે વિષેની સભામાં આ કવિતા કહી હતી. નવારસું અને અશક્ત એવા હરેક જાતના માણસને ત્યાં રાખીને તેઓને ખાવાનું પહેરવાનું આપવામાં આવતું, અને બ્રાહ્મણ રસોઇયા રાખ્યા હતા.

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

ઘો આશરો લોક નિરાશ્રયીને. ૨
પીડા ઘણી પામર લોક પામે,
ઠરે કહો તે જઈ કોણ ઠામે;
રડે બિચારા દુઃખમાં રહીને,
ઘો આશરો લોક નિરાશ્રયીને. ૩
સૌ માણસો એક કુટુંબી છૈએ,
તે વાતનું તત્વ તજી ન દૈએ;
લખાણુ આ લક્ષ વિષે લઇને,
ઘો આશરો લોક નિરાશ્રયીને. ૪
અરે વિચારી ઉરમાંહિ આવું,
પંડે કદી પેટભરા ન થાવું;
જનો તણાં દુઃખ જુઓ જઇને,
ઘો આશરો લોક નિરાશ્રયીને. ૫
સુખેથી સંપાદન જે કરો રે,
વિચારી તેમાં થકી વાવરોરે;
શતાંશનું દાન સદા દઇને,
ઘો આશરો લોક નિરાશ્રયીને. ૬

**શાર્દૂલવિક્રીડિત વૃત્ત.**

ભાળી એક ભિખારિણી ભટકતી, આંખે અપંગા અરે,
પાસે બાળક છેક બે વરસનું, કલ્પાંત ભૂખ્યું કરે;
દેખી દીલ દયાળુનું દહનતા, પામે બહુ પેરથી,
આપે શેર અનાજ એક દિન તો, શું થાય તે શેરથી. ૭

**દોહરા.**

એવાં દુઃખીયાં અતિઘણાં, રખડે થઈ હેરાન;
જમવા તેને જોઇએ, સ્થિર રહેવા સંસ્થાન. ૮
સ્થાન નિરાશ્રિત કારણે, આજ થયું આ ઠામ;
જે સુજનોએ નિર્મિયું, ધન્ય તેનાં ધન ધામ. ૯

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શાર્દૂલવિક્રીડિત વૃત્ત.

છોટાલાલ તનૂજ આજ સુગુણી, શ્રીમંત સાઠોદરા,
આગેવાન થઇ નિરાશ્રિતતણી, સારી કરી સર્ભરા;
પીડાતા જન આપ પાપરણથી, ટાળીજ તેની વ્યથા,
છાજે છે રણછોડ નામ શુભ તે, સાર્થી કર્યું સર્વથા. ૧૦

દોહરા.

બારોડેલ બિરાજિયા, સભાપતી સરદાર;
જરૂર જાણો જેહના, ઉમદા અધિક વિચાર. ૧૧
મુજ કવિતા સંગ્રહ વિષે, મળશે ઠામોઠામ;
બારોડેલની વારનાં, ઉમદા આવાં કામ. ૧૨
આ કારજનો અતિ ભલો, પ્રભૂ કરે પરિણામ;
આશિષ આપે એટલી, દિલથી દલપતરામ. ૧૩

---

## ફિમેલ ટ્રેનિંગ કૉલેજનું ખાત મુહૂર્ત.

( તા. ૨૨ મી આગસ્ટ સન ૧૮૭૪: સંવત્ ૧૯૩૦ ના શ્રાવણ સુદિ ૧૦ વાર શનિને રોજ ગાયેલી કવિતા. )

દોહરા.

શ્રીશિક્ષક શાળાતણી, ખરી હતી બહુ ખોટ;
બેચરદાસે તે કરી, કર્યો કીર્તિનો કોટ. ૧
ધન ધન અવસર આજનો, ધન મુહૂર્ત ધન વાર;
નારી કાજ નિશાળનું, કીધું ખાત શુભકાર. ૨
ધન્ય ધન્ય આ ધરણિને, ધન્ય દિવસ અવદાત;
અતિ ઉત્તમ તો આજ થૈ, શુભ કારજ શરૂઆત. ૩

હરિગીત છંદ.

શુભ કર્મની શરૂઆત થૈ, રળિયાત સૌ હૃદયે થયા,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આશીષ બેચરદાસને દે દેવની હોજો દયા;
આ કામનો આરંભ કરી, પૂરી અમારી આશને,
સર્વેશ સંપત સરસ દે, દર વરસ બેચરદાસને. ૪

કડવા કુળે કાયા ધરી, પણ મન વિષે મિઠાશ છે,
પુરનો ભલો સ્થિર થાંભલો, પરદેશ કીર્તિ પ્રકાશ છે;
આ સમય સૌ અંતર થકી, અરજી કરે અવિનાશને,
સર્વેશ સંપત સરસ દે, દર વરસ બેચરદાસને. ૫

સુત એક શંભુપ્રસાદ છે, મહાલક્ષ્મિ પુત્રી નામ છે,
જર ખરચી જેના નામની, શાળા સજી આ ઠામ છે;
ઉદારતાનો આંક વાધ્યો, કાઢી સર્વ કચાશને,
સર્વેશ સંપત સરસ દે, દર વરસ બેચરદાસને. ૬

ભાસ્કરાચાર્યે પુત્રિનું[૧], રચી ગ્રંથ નામજ રાખિયું,
તેમજ પિતાએ પ્યારથી, ભલિભાત અહિં પણ ભાખિયું;
આ પુણ્યથી પરિપૂર્ણ પામી, અધિક કીર્તિ ઉજાશને,
સર્વેશ સંપત સરસ દે, દર વરસ બેચરદાસને. ૭

અતિ ધન્ય છે એ પુત્રિને, વળી જન્મિ જેના ઘર વિષે,
એવા દિસે અવની વિષે, વિરલા નરો પણ નર વિષે;
જગમાં ઘણા દિન જીવજો, હરકત જજો હુતાશને,
સર્વેશ સંપત સરસ દે, દર વરસ બેચરદાસને. ૮

પર દુઃખ દેખી દિલ તપે, દિલ થઇ ઉદાર દયા ધરે,
તે કાપવા લવલેશ ક્લેશ, વિશેષ નાણું વાવરે;
આપી ભુખ્યાંને અંનદાન, હરે ક્ષુધા પિપાસને[૨],
સર્વેશ સંપત સરસ દે, દર વરસ બેચરદાસને. ૯

દુષ્કાળથી દુખિયા દિઠા, જન કે દુખી જન દેહના,
પરદેશી હો કે દેશી હો, ઉતાપ જાણ્યા એહના;

૧ લીલાવતી. ૨ પિપાસ–તરસ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ત્યાં રોક રૂપિઆ આપીને, વળી કાપિયા કંકાસને,
સર્વેશ સંપત સરસ દે, દર વરસ બેચરદાસને.　　૧૦

કરી ધર્મશાળા ધર્મથી, ખાંતે દવાખાનું કર્યું,
કોલેજમાં દશ સહસ્ર દે, પ્રાર્થના મંદિર આદર્યું;
શાળા કરી સંસ્કૃત તણી, અંતર ધરી ઉલ્લાસને,
સર્વેશ સંપત સરસ દે, દર વરસ બેચરદાસને.　　૧૧

પ્રખ્યાત જેના પૂર્વજે પણ, પદવી ઉંચી પામિયા,
હાકમે દીધું "દોશી"પદ, વળી જગમાં જશ જામિયા;
લશ્કરી પદ વળી સરસ લીધું, વધારી વિશ્વાસને,
સર્વેશ સંપત સરસ દે, દર વરસ બેચરદાસને.　　૧૨

બહાદુર રાવ ખિતાબ પામ્યા, ચાંદ પામ્યા ચળકતો,
જરિયાન વાળો શાલ જેટો, ધરણી સૂધી ઢળકતો;
જશ જેહનો શોભાવશે, બહુ હાલના ઇતિહાસને,
સર્વેશ સંપત સરસ દે, દર વરસ બેચરદાસને.　　૧૩

દોહરા.

બેચરદાસે બહુ ભલું, કર્યું આજ આ કામ;
આશિષ નિજ અંતર થકી, દે છે દલપતરામ.　　૧૪

---

## ભરૂચ સંગ્રહસ્થાનનું સંક્ષેપે વર્ણન.

( તા. ૨૩ મી સપ્ટેંબર ૧૮૬૮ ને રોજ ઉઘડયું હતું. )

દોહરા.

વળિ વળિ અતિ વિનનિ કરું, લળિ લળિ લાગું પાય;
સરસ સ્વયંવર વર્ણવું, શ્રી હરિ કરો સહાય.　　૧

જન મન વિદ્યાની રુચિ, તે વિદ્યારુચિ નામ;
કહું સ્વયંવર તેહનો, થયો ભૃગુપુર ઠામ.　　૨

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

વિદ્યારુચિ જન્મી હતી, ભરતખંડ મોઝાર;
અહિંથી આદર્શ થઈ ધર્યો, યુરોપમાં અવતાર. ૩
વનિતા શુભ વિદ્યારુચિ, નિર્મળ જેનું નામ;
પ્રગટી દેશ યુરોપમાં, લાયક લંડન ગામ. ૪
માતા સુમતિ નામ છે, ચતુર પિતા સુવિચાર;
ઉત્તમ કુળમાં અવતરી, પુત્રી પરમ પ્રિયકાર. ૫.

### ઇંદ્રવિજય છંદ.

લક્ષ્મિથી પણ લક્ષ ગણી, સુવિચક્ષણ ને શુભ લક્ષણવાળી,
સો ગણી શુદ્ધ સરસ્વતીથી, રતિથી અતિ રંગસુરંગ રૂપાળી;
પારવતીથી પવિત્ર પરાક્રમી, કોણ હિસાબ વિષે મહાકાળી,
દિલ રીઝે દલપત કહે, સુવિચાર સુતાનું સ્વરૂપ સંભાળી.

### છપ્પો.

વિદ્યારુચિ વય બાળ, દિસે દિપમાળ ઉદ્યોતે,
પેખી રીઝે પુરપાળ, પ્રગટી જનપાળક પોતે;
સ્વાર્થ ને પરમાર્થ, જથારથ જુગતે જાણે,
ધરમ કરમનો મરમ, પરિપૂર્ણ પિછાણે;
સજતી સદ્ગુણ સદાચરણ, સર્વ પ્રકાર દિસે શુચિ;
દુનિયા જન દેખીને કહે, વાહ વાહ વિદ્યારુચિ. ૭

### ઇંદ્રવિજય છંદ.

સદગુણ સવ પ્રકાર શિખી, વળી સર્વ પ્રકાર શિખી શુભ શિક્ષાઃ
ટેવ ટળી અબળાપણુનીજ, ડહાપણુની દિલમાં ધરી દીક્ષા;
લાયક થઇ લઘુતાઇ ઘટી, પ્રગટી ઉર સાર અસાર પરીક્ષા,
લાગી કરોડ રીતે કરવા, વરવા વરને નરરૂપ નિરીક્ષા. ૮

### છપય છંદ.

વિપ્ર ક્ષત્રધર[1] વૈશ્ય, શૂદ્રનાં સદન સંભાળ્યાં,
મચ્છીમાર ચમાર, તેતણાં ઘર નવ ટાળ્યાં;

---

૧. ક્ષત્રિય.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચુગલ ચોર ચંડાળ, જાર જુલમીજ જુગારી,
દુષ્ટ દંભી કે ડાંડ, ભાંડ ભટકેલ ભિખારી;
જયાં જયાં જઈને જોઇએ, સમજી અશુચિ કે શુચિ,
પણ દિસે વિલાયત દેશમાં, વાસ વાસ વિદ્યારુચિ. ૯

ઇંદ્રવિજય છંદ.

કયાંઇક ગ્રંથ ગુંથે ગુણ સંગ્રહિ, કયાંઇક રાજનું કાજ કરંતી,
કયાંઇક શિલ્પ ક્રિયા સજતી શુભ, કયાંઇક તો વણજે વિચરંતી;
કયાંઇક ઉંચી ચઢી અતિ અંબર[1], કયાંઇક ઉંચિ અતી ઉતરંતી,
લાયક દેશ વિલાયત માંહિ, વિદ્યા રુચિ વેષ વિશેષ ધરતી. ૧૦
જયાં વય કાંઈ કિશોરિ થઇ ગઇ, ગોરિ ભલી ગુણવંતિ ગણાઈ,
માન મળ્યું મહીપાળ તણું, મહીપાળ હજુર જરૂર જણાઈ;
તાણી લીધાં મન માનવિનાં બહુ, તે શકી તે ચહુ તર્ક તણાઇ,
દિપ્તિ વધી દલપત કહે, પછી વિશ્વવિષે અતિશે વખણાઇ. ૧૧

મનહર છંદ.

શોભાનું સદન છે વદન વિધુવદનીનું,
મદનને મદ ન રહે નકી નિહાળતાં;
રસના સરસના સરસ રસ શા વખાણું,
ગાણું ગાય ગુણ ન ગણાય ગણી વાળતાં;
દાંત દેખવાની ખાંત ખાંતીલાને ખૂબ થાય,
દાંત કે દાડમકળી ભ્રાંત પડે ભાળતાં;
ટકી ટકી તાકી રહે તે ભણી તમામ લોક,
ટળવળે ટોળે મળી ટળે નહીં ટાળતાં. ૧૨
કેક ઘરબાર તજી તીરથમાં તપ કરે,
કેકે કર લીધી પેટ કાપવા કટારિયો;
કેક જંત્ર જંતરીને જીભે મંત્ર જાપ કરે,
કેકે શોધી શોધી ચિત્તવૃત્તિને સુધારિયો;

1. આકાશમાં.


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કેક ગ્રંથ પંથ અવલોકન અનેક કરે,
કેક ભમે ભૂતળમાં બની બ્રહ્મચારિયો;
વદે દલપતરામ વિદ્યારુચિ માટે આમ,
વિહ્વળ થયાં વિશેષ સર્વ નરનારિયો. ૧૩

## વિદ્યારુચિવચન-છપ્પો.

ગમન કરતાં ગુપ્ત, પવનને પણ લઉં પકડી,
ચપળા ચંચળ ચાલ, જરૂર તેને લઉં જકડી;
પ્રબળ અનળ જળ જેહ, મજુર થઇ કરે મજૂરી,
રવિ ચિત્રો રચનાર, હુકમ ધરનાર હજૂરી;
આકર્ષણ અકળ અદર્શ છે, એ પણ લઉં ઉપયોગમાં,
વળી એમ વદે વિદ્યારુચિ, અફળ ન રહું ઉદ્યોગમાં. ૧૪
કળું પૃથ્વીનું પેટ, ઠેઠથી થાગ મગાવું,
ગ્રહ ગતિ ગજથી ભરું, મેરુ શિર લાત લગાવું;
નિધિ જળનું નિર્માણ, જથારથ હું કરી જાણું,
વાતાવરણ અનંત, અંત તેનો ગણી આણું;
ગતિ અતિશય કરું ગરુડથી, એમ ઉડું આકાશમાં,
ઝુખ ખોળ કરું ક્ષિતિ ખોદીને, ઉતરું જો અભ્યાસમાં. ૧૫

## દોહરા.

પૃથ્વી પવન પાણી કળું, કળું શશિ સૂર્ય પ્રકાશ;
અંત ન પામું એવડો, એક અકળ આકાશ. ૧૬
સાહેબ લોકોએ કર્યો, ચિત્તમાં એમ વિચાર;
વિદ્યારુચિને લઇ જવી, ભરતખંડ મોઝાર. ૧૭
ભભકે કરવી ભરૂચમાં, રુડી સ્વયંવર રીત;
જોતાં જનના મન વિષે, પૂરણ ઉપજે પ્રીત. ૧૮
લઇ વિદ્યારુચિ આવિયા, ભરતખંડ મોઝાર;
ભરતભૂમિએ ત્યાં કર્યો, તે રુચિનો તિરસ્કાર. ૧૯

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### ભરતભૂમિ વચન.

લેડિ ટળી લાડી થવા, આવી તું આ કાળ;
તો તુજને તુચ્છકાર છે, પેઠી નહીં પાતાળ. ૨૦

### વિદ્યારુચિ વચન-ઇંદ્રિવિજય છંદ.

તું તુચ્છકાર મને ન કરીશ, તને અગણિત જને કરી એઠી,
રાણી મટી મુગલાણી થઇ, વટલાણી વળા તું મનાણી મરેઠી;
વષ વિશેષ વીત્યાં દુઃખદાયક લાયક લેડિ હવે બની બેઠી,
આપણી એબ સંભાળ તું સાપણી, પાપણી કેમ પતાળ ન પેઠી. ૨૧

### દોહરા.

રચ્યો સ્વયંવર ભરૂચમાં, શોભા સજી અમાપ;
ત્યાં ગ્રીવસ સાહેબ થયો, વિદ્યારુચિનો બાપ. ૨૨
વિવિધ વિષય વાણી સુણી, કદી કરે નહિ કોપ;
પરમાર્થે પરિશ્રમ કરે, હોંશે સાહિબ હોપ. ૨૩
જડ્જ કલેક્ટર સાહિબો, સુરત ભરૂચના જેહ;
બીજા અમલદારો બન્યા, માંડવિયા જન તેહ. ૨૪
સન અઢારસેં અડસઠે, શુભ સપટેંબર માસ;
તારિખ ત્રેવિસમી દિને, કીધો વિ'વા વિલાસ. ૨૫
નિર્ધન ને ધનવાન જન, અધિક મળ્યા એ ઠાર;
વરવાને વિદ્યારુચિ, ઉરમાં હરખ અપાર. ૨૬
દમયંતી સીતાતણા, થયા સ્વયંવર જેમ;
ભીડ ભરાઇ ભરૂચમાં, એ અવસર પણ એમ. ૨૭
ફિટઝરાલ્ડ સીમોર સર, ગુણી ગવરનર જેહ;
પ્રીત સહિત પધારિયા, તે ઉચ્છવ પર તેહ. ૨૮
કુમાર દાજીરાજજી, વર્ધમાનપુર નાથ;
તેણે દલપતરામને, સોંઢાડયો નિજ સાથ. ૨૯

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### મનહર છંદ.

વિદ્યારુચિ નામે રુડી કન્યાના વિવાહ માટે,
ભારે ભારે ભૂપ ભેળા થયા ભગુસ્થાનમાં;
મંડપની શોભા માટે માંહી મહા મૂલ્ય ચીજો,
વાજિત્ર વિચિત્ર વાજે ગાય ગીત ગાનમાં;
દમયંતી દ્રૌપદી કે જાનકીનો જેવો થયો,
એવોજ સ્વયંવર આ આપે અનુમાનમાં;
કેને કંઠે વરમાળા કહે દલપતરામ,
રોપશે રસિલી જોગ જાણીને જહાનમાં. ૩૦

સુધારાનું શુદ્ધ રૂપ છાતીમાં ન છતાં જેઓ,
સુધારાની ધામધુમ ઉપરથી ધરશે;
જેમ સ્વયંવર વિષે બુઢાઓ બેઠેલા ગાલ,
જુવાની જણાવા ભલી સોપારીઓ ભરશે;
દેખાદેખી ડોળ ઘાલી હોંશ ધરી હોડે હોડે,
કોડે કોડે મુંછ કેરા કેશ કાળા કરશે;
કહે દલપતરામ ઠગાઇને તેજ ઠામ,
વિદ્યારુચિ વનિતાને કહો કેમ વરશે. ૩૧

### દોહરો.

મંડપ મધ્યે પેસવા, દે રૂપૈયા પાંચ;
ટિકિટ ખરીદે લોક ત્યાં, જાણી દીધી લાંચ. ૩૨

### ઉધોર છંદ.

આલ્યા કર વિષે રૂમાલ, ચાલ્યા ચટકતી શુભ ચાલ;
વાહન વિબુધનાં વૈમાન, ઉરમાં અતિ ધરે અભિમાન. ૩૩
આવ્યા માંડવે જયાં એમ, ભીડ ભરાઇ જુદ્ધે જેમ;
ઉપરા ઉપર પડતાં અંગ, છુટયા સ્વજન અનુચર સંગ. ૩૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પડતી કોઇને શિર પાગ, ભાગે કોઇના તન ભાગ;
ફરતાં પાછું નવ ફરાય, જ્યાં જયાં જાય ત્યાં પીલાય.　૩૫
વાગે ચાબકાના માર, ભાગ્યો સર્વ જનનો ભાર;
શું ધનવાન તેમ ગરીબ, પડતી લાત ધીબોધીબ.　૩૬

## ઇન્દ્રવિજય છંદ.

હાકમ હાથ ચલાવી હઠાવે,
હઠે ચડી કૈક હઠે ન હઠીલા;
તોરણને છબવા છક ભેર,
છલંગ ભરે નર છેલ છબીલા;
ધોકણ પાક પડયોજ ધબોધબ,
ધીરજ છોડી પડયા પછી ઢીલા;
લોક કરે અવલોકન લક્ષ,
બની અવલોકન લાયક લીલા.　૩૭
કાયર કૈક ગયા કહી એમ,
સ્વયંવર આજ પછી નહિ આવું;
કૈક કહે હકની હમણાં,
ધરી યાદ ફરી ફરિયાદ ચલાવું;
માંડવિયે અપમાન કર્યું પણ,
હાલ હવે પછી ચાલ ચુકાવું;
માફ કરું મરજાદ ધરી,
નહિ તો નિસંશય લાત લગાવું.　૩૮

## દોહરો.

નામ સંગ્રહસ્થાન પણ, કહે સંકટસ્થાન;
મોટા મોટા મહીપતિ, મન પામ્યા અપમાન.　૩૯

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## સંગ્રહસ્થાનની વસ્તુઓ વિષે.

### મનહર છંદ.

અમરવેલી સમાન, શોભીત સંગ્રહસ્થાન,
ઘેરાવ ઘણામાં છબી સુંદર છવાઇ છે;
વિવિધ પ્રકારના પદારથો અપાર રૂપી,
પાન ફળ ફુલે ફુલી ફાલીને ફેલાઈ છે;
દેશ દેશના નરેશ દેખવા વિશેષ મળ્યા,
બેશ બેશ બોલે દેખી નૌતમ નવાઇ છે;
કહે દલપતરામ કહો નકી કયું ગામ,
કીયાં એનાં બીજ વેલી કયાંથી વિસ્તરાઇ છે. ૪૦

### દોહરો.

પુસ્તક એજ પિછાણજો, બહુધા એનાં બીજ;
મૂળ વિલાયત મુલકમાં, ભ્રગુપુર ભણી ગુફીજ. ૪૧

---

## ગાયકવાડની હીરામોતીની ચાદર વિષે.

### મનહર છંદ.

આદર કરીને જોતાં ચાદર હીરામણિની,
અન્યનો અનાદર કર્યાનું આવે ઊરમાં;
કિંમત તો તેની કહે તોળી તેર લાખ તુલ્ય,
રાશિઓ સહિત રાજે નવે ગ્રહ નૂરમાં;
જાણે શણગારી સારી નારી કોહિનૂરતણી;
બણી ઠણી રહી હિંદુ હાકમ હજુરમાં;
દાખે દલપતરામ શોભાવ્યું સંગ્રહસ્થાન,
પ્યારી મારી તે ભલે પધારી ભ્રગુપૂરમાં. ૪૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## તરેહ તરેહનાં ઓસડિયાં વિષે.

### ઇંદ્રવિજય છંદ.

ઔષધ સત્વ મહત્વ મળ્યાં બહુ,
તત્વ વિચાર કરો પણ તેમાં;
ઔષધ તો જન જીવનું જીવન,
જીવનદાન તણા ગુણ જેમાં;
ઔષધ ચિત્ત ચહે જન સવ,
કહે દલપત રહે ગુણ કેમાં;
વિક્રમ, ભોજ, જીવે હજી જે થકી,
ઔષધ એવું[1] કહો કિયું એમાં. ૪૩

## પ્રાણીઓ વિષે.

### દોહરો.

પુર પુર કેરા પ્રાણીનો, ઠાઠ મળ્યો આ ઠાર;
સંખ્યા સ્વલ્પ મનુષ્યની, પશુ તો અપરમપાર. ૪૪

## એક મોટા રથ વિષે.

### ઇંદ્રવિજય છંદ.

ભારતમાં રથ પારથનો,
અતિ ઉત્તમ આ રથ એજ દિસે શું?
કે થઇ રૂકમણી રાણી કૃતારથ,
આ રથથી પણ એમ થશે શું?
કે કહું ભૂપ ભગીરથનો રથ,
જાન્હવી એ રથ સાથ જશે શું?
કે રથ રામ નરેંદ્ર તણો,
અમરેંદ્રતણો રથ આજ હશે શું? ૪૫


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## છેક નાનો એક રથ હતો તે વિષે.

દોહરા.

વૃષભ જોતર્યો વામણો, વામણ રથ આકાર;
આ રથમાં આવ્યા હશે, વામન બલિ દરબાર. ૪૬

## પુનાનાં માટીનાં પુતળાં વિષે.

પેખ્યાં ઉત્તમ પુતળાં, આદમ તન આકાર;
શોભીતાં છે સરસ પણ, તે નહિ નર અવતાર. ૪૭

ઇંદ્રિવિજય છંદ.

તર્ક વિતર્ક નથિ તલભાર,
નથી તલભાર ભણ્યે રુચિ થાતી,
સાર અસાર વિચાર વિષેની,
જરા પણ બુદ્ધિ નથીજ જણાતી;
કાવ્યકળાથી કદી ન રીઝે,
કવિતા સુ રસિલી નથી સમજાતી;
દેખી છબી દલપત્ત કહે,
કદિ જાણવી તે નહિ માનવ જાતિ.

દોહરા.

અસ્ત્ર શસ્ત્ર ને વસ્ત્ર બહુ, વિચિત્ર ચિત્ર પવિત્ર;
અનેક એવી વસ્તુઓ, મળીને નિરખે મિત્ર. ૪૯

## ગુલાબનાં ફુલ.

ગણું આ ફુલ ગુલાબનાં, પેખી સુવાસ પ્રસંગ;
કે કહું કુસુમ કુસુંબીનાં, જે રુડો દે રંગ. ૫૦

મનહર છંદ.

કસુંબાના ફુલનો અમૂલ્ય રંગ સંગતિથી,
અન્યને ચઢે તો ઠીક મતલબ એજ છે;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

થાન થાનથી મગાવી થાપી એક થાનકમાં,
રસબસ કરવાની તદબીર તેજ છે;
ખરી દિલ ખાંત ધરી પૂરો પરિશ્રમ કરી,
હાથ લાલ કરી હાલ હૈયે હરખેજ છે;
કહે દલપતરામ કરે છે આ કેવું કામ,
ગ્રીવસ સાહેબ અંગરેજ રંગરેજ છે. ૫૧

(મતલબ કે ગુલાબનાં અથવા કસુંબીનાં ફુલ જેવા ગોરા લોકોનો રંગ મન ઉપર ચઢાવવાની તદબીર ગ્રીવ્સ સાહેબ કરે છે.)

## આતસબાજી.

### દોહરા.

સુણો સજ્જનો મેં દિઠું, અચરજ એક અથાગ;
નદી નર્મદા મદયમાં, પ્રગટી અદભુત આગ. ૫૨
મોટા નાવ વિષે રચ્યાં, આતસબાજી ઝાડ;
સળગ્યા તે તો જાણિયે, જવાળામુખી પહાડ. ૫૩
રંગ રંગ તારા ખરે, રાતા લીલા શ્વેત;
જોતાં જનને ઉપજે, હઇડામાં બહુ હેત. ૫૪
એ રીતે સંક્ષેપમાં, ભરૂચ સંગ્રહસ્થાન;
વર્ણન કર્યું વિવેકથી, વાંચો જન ગુણવાન. ૫૫
સંગ્રહ રાખો સર્વદા, સર્વ ચીજ સમાન;
તે દેખી દલપત કહે, ગુણિજન પામે જ્ઞાન. ૫૬
વર વરવા વનિતા ગઇ, વર વરવા મન થાય;
વર વરવા તૈયાર પણ, વરવાને ન વરાય. ૫૭

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## મુંબાઈ વિષે.

### શાર્દૂલવિક્રીડિત વૃત્ત.

દેવી દેવ સમાન માનવિ દિસે, વૈમાન શાં વાહનો,
શોભા સુંદર મંદિરોની નિરખી, મેળો મહોત્સાહનો;
શું હું જાગ્રત છું ખરેખર અહિ, કે સ્વપ્નની વાત છે,
સાચું મુંબૈ નામ આ શહેર છે, કે સ્વર્ગ સાક્ષાત છે. ૧

### ઝુલણા છંદ.

અધિક વિભૂતિ છે આપતી અંગમાં,
કોટમાં છે બહુ શ્રેષ્ઠ માળા;
નળવડે નીર પીને તજે નળવડે,
કરતી નોળીક્રિયા કરણ ચાળા;
ધુણિયો ધખતી ઠામઠામે ધરી,
આગબોટે છે ઝગમગતી જ્વાળા;
નામ મુંબઇપુરી નિરખી દલપત કહે,
જળધિ તટ જોગણી જાત બાળા. ૨

**અર્થઃ**—શરીરમાં વધારે ભભૂત લગાવેલી છે, અને ગળામાં બહુ મોટી માળાઓ છે, અને તે નોળીક્રિયા કરવાના ચાળા કરે છે, તે એવી રીતે કે પેટના નળવડે પુંઠેથી પાણી ખેંચે છે, અને નળવડેજ પાછું કાઢે છે, અને આસપાસ ધુણિયો ધખતી છે, અને ઝગમગ થતી આગની ઝાળ ખોટે છે, એટલે ચાખે છે. મતલબ કે આગના ભડકા મોંમાં લે છે. તેનું નામ મુંબાઈ પુરી છે, (જોગણીના નામ ગિરિ, પુરી, ભારથી, વગેરે હોય છે.) તે બાળા જોગણીને સમુદ્રને કાંઠે દીઠી.

**બીજો અર્થ:**—એ શહેરના અંગમાં એટલે ભાગમાં ઘણી વિભૂતિ એટલે વૈભવ છે, ત્યાં બહારકોટ અને કોટ કહેવાય છે, તે કોટમાં મોટા મોટા માળા બહુ છે; અને નળવડે વિહાર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aadhak Trust

નામના તળાવનું પાણી લે છે, અને બીજા નળવડે એટલે ગટરવડે પાણી પાછું કાઢી નાંખે છે. એવી રીતે નોળીક્રિયા કરવાના ચાળા કરે છે; અને તે શહેરમાં ઠેકાણે ઠેકાણે ઇંજનની ધુણિયો ધૂંખતી છે. વળી ત્યાં આગબોટમાં ઝગમગતી ઝાળ છે. કવિ કહે છે કે તેનું નામ મુંબાઇ ગણીજે, તે નામ નારીજાતિનું છે, અને તે સમુદ્રને કાંઠે છે.

ભુજંગી છંદ.

જનો દેશ દેશોતણા ત્યાં ફરે છે,
જુદી વાણી ને વેષ જુદા ધરે છે;
દિસે જાણિયે ઇશ્વરે ધારી લીધું,
જનોનું ભલું સંગ્રહસ્થાન કીધું. ૩

દોહરા.

લંકાની લક્ષ્મી બધી, છે મુંબાઇ મોઝાર;
જેણે મુંબઇ જોઇ નહિ, અફળ ગયો અવતાર. ૪
વગર બગાઇ ગાયનું, કરે ન દાન જહાન;
મુંબઇ મચ્છરથી ભરી, પોર્ટુગિજે દતદાન. ૫

દ્વિઅર્થી—મનહર છંદ.

પૃથ્વી પોલાણ પાણી પવન ને તેજ મળી,
પંચતત્વમય જેના પાયા તો રચાયા છે;
જે માંહી અનંત અજ સુર ને અસુર છે,
અસંખ્ય લોકપાળ પણ ઉપજી સમાયા છે;
ઠામઠામ ભાળીએ ભૂગોળ ને ખગોળ ગોળા,
લાયક અલેખે લોક લખતાં લખાયા છે;
કહે દલપત જયાં અપાર પારવતી પતિ,
મહામાયા પુરી તો પ્રત્યક્ષ મહામાયા છે. ૬

**અર્થ**:—પૃથ્વી, આકાશ, જળ, તેજ, અને વાયુ મળીને પાંચ તત્વોથી જેનાં મૂળ રચાયાં છે, અને જેમાં અનંત એટલે શેષનાગ,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અજ એટલે બ્રહ્મા, દેવ તથા દૈત્યો છે, અને ઇંદ્ર વગેરે અસંખ્ય લોકપાળ જેમાં ઉપજીને સમાઇ ગયા છે, અને ઠેકાણે ઠેકાણે ગોળાકાર આકાશ અને પૃથ્વીઓ દેખાય છે, અને લેખું ન થઇ શકે, એટલા લાયકીવાળા લોકો શાસ્ત્રમાં લખતાં લખાયેલા છે, અને જ્યાં પાર આવે નહીં એટલા શિવ અથવા રુદ્ર છે, એવી સંપૂર્ણ મહામાયા એજ પ્રત્યક્ષ મોટી માયા છે.

**બીજો અર્થ**:—પૃથ્વી, પોલાણ, પાણી, હવા, અને અજવાળું અથવા ગરમી એ પાંચ તત્વ વડે મુંબઈના પાયા બનેલા છે. જે મુંબાઈમાં ઘણાં બકરાં, દેવસ્થાનોમાં ઘણા દેવ, અને અસુર જાતિ પણ છે, અને અસંખ્ય લોકોને પાળનારા ઉમદા ગૃહસ્થો પણ થઇ ગયા છે, અને ઠેકાણે ઠેકાણે નિશાળોમાં ભૂગોળના અને ખગોળના ગોળા દેખાય છે. લાયકીવાળા અસંખ્ય લોકો લખતાં લખાયેલા છે. પર્વતની દીકરી પારવતી કહેવાય, એટલે નદી તે અપાર નદિયોનો પતિ સમુદ્ર જેની પાસે છે, અથવા શિવનાં દેવળો ઘણાં છે, એવી મુંબાઇપુરી સાક્ષાત મહામાયા છે.

### લાડની વાડી—દોહરા.

અઢારસેં ઉનસાઠના, મેથી મહિના આઠ;
વસ્યો લાડની વાડિમાં, ઠીક વિલોકી ઠાઠ. ૭
સર્વ પ્રકારે સુખ મળ્યું, દિલ હરખ્યું દિનનીશ;
વળતી ત્યાંથી વિચરતાં, કવિયે કહી આશીષ. ૮

### ઇંદ્રવિજય છંદ.

વાસ કરી વસુ માસ વસ્યો,
તુજ પાસ અને મુજ આશ પમાડી;
સર્વ મનોરથ સિદ્ધ થયા,
મુજ નેત્રતણી પણ પીડ મટાડી;
કામદુઘા કહું કે તુજને કહું,
કલ્પતરૂતણું ઝુંડ કે ઝાડી,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આશિષ દે તુજને દલપત,
થજે વડી લાયક લાડની વાડી. ૮

### વસંતતિલકા વૃત્ત.

મુંબૈ શહેર શુભ સાગર તીર જોયું,
જોતાં મનોહર દિસે મન મારું મોહ્યું;
લક્ષ્મી તથા વિવિધ વૈભવથી ભરી છે,
જાણે ધરા[૧] ઉપર ઇંદ્રિપુરી ધરી છે. ૧૦

મુંબૈ વિષે સુજન વાસ ઘણા કરે છે,
જે પારકાં દુખ સદા દિલમાં ધરે છે;
જાણે રુડાં નિધિતણાં નર રત્ન એજ,
જેનું જણાય જગમાં જશ રૂપી તેજ. ૧૧

મુંબૈ વિષે બહુ સ્ત્રિઓ દિસતી રૂપાળી,
એવો વિચાર ઉપજે ભલિભાત ભાળી;
દેવાસુરે નિધિની એક રમા[૧] ઉધારી,
આ તો અનેક કમળા કહિંથી પધારી. ૧૨

વ્યાપાર સિંધુ પંથનો જન જે કરે છે,
તે લક્ષ્મિનો અધિક લાભ અલભ્ય લે છે;
તેનું વિશેષ વળી કારણ એક આ છે,
લક્ષ્મી સદૈવ શુભ સાગરની સુતા છે. ૧૩

ઉદ્યોગ એક વળી ઇશ્વરની કૃપાથી,
એથી મળે કદિ ન ઉદ્યમ એકલાથી;
નાવીક લોક પણ નિત્ય સમુદ્ર સેવે,
તે હોય છે તદપિ હાલ હવાલ કેવે. ૧૪

---

૧. ધરા-પૃથ્વી. ૧. રમા-લક્ષ્મી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## મુંબાઇની ગરબી.

ગોકુળ વહેલા પધારજો રે—એ રાગ.

નિરખી આજે ઇંદ્રાપુરી રે,
નિર્મળ મુંબઇ જેનું નામ; નિરખી૦
જેમાં જોતાં નજર પડે ઘણાં રે,
લાયક લખશેરીનાં ધામ. નિરખી૦ ૧
ન જડે નિર્ધનને કર રંગવા રે,
એવા રંગે રંગ્યા મેહેલ; નિરખી૦
એક એકથી ચઢિયાતા ઓપતા રે,
ગણતાં ગણવા તે મુશ્કેલ. નિરખી૦ ૨
વૈભવ વૈકુંઠ જેવો વાસમાં રે,
હાંડી તખતા હારો હાર; નિરખી૦
છપર પલંગ બિછાનાં ગાલિચા રે,
પુતળાં છબીઓનો નહીં પાર. નિરખી૦ ૩
અગણિત દોડે ઘોડાગાડીઓ રે,
જ્યાં નવ જડે જવાનો માગ; નિરખી૦
જ્યાં ત્યાં જથે જથે જન જોઇએ રે,
તેનો ગણતાં નાવે તાગ. નિરખી૦ ૪
જાણે જાતા હોયે જાનમાંરે,
એવાં ઉજળાં વસ્ત્રો અંગ; નિરખી૦
દેવી દેવ સરીખાં દીસતાં રે,
સૌને સદા અતિ ઉછરંગ. નિરખી૦ ૫
જે જોઇએ તે ચીજો ત્યાં જડેરે,
વિધ વિધ ત્યાં ચાલે વેપાર; નિરખી૦
લેવડ દેવડ લાખોની કરે રે,
કોઇ છે કોટીધ્વજ સાહુકાર. નિરખી૦ ૬
વાણીથી તો વરણન બોલતાં રે,
એક કહેતાં એક રહી જાય; નિરખી૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જેણે જોઇ તે જન જાણશે રે,
નવ દીઠું તેણે ન મનાય. નિરખી૦ ૭
જેણે જન્મ ધરી આ જગતમાં રે,
નહિ જો નિરખ્યું મુંબઇ ગામ; નિરખી૦
જન્મ્યું તે નવ જન્મ્યું જાણજો રે,
દેખી કહે છે દલપતરામ. નિરખી૦ ૮

ગરબી ૨ જી.

( રાગ ઉપર પ્રમાણે. )

વૈભવ દીઠો વૈકુંઠનો રે,
નિરખ્યું સુંદર મુંબઇ શેહેર; વૈભવ૦
ભાસે છે જેની રચના ભલી રે,
લક્ષ્મીની છે લીલા લેહેર. વૈભવ૦ ૧
બહુ જયાં દેવળ દીપે દેવનાં રે,
નરનારીની ભીડ ભરાય; વૈભવ૦
રૂપે રાણી કે ઇંદ્રાણીઓ રે,
જોતાં નજર તૃપ્ત નવ થાય. વૈભવ૦ ૨
ગુણમય રત્નાગર છે ગાજતો રે,
વહાણો આવે જાય અનેક; વૈભવ૦
મુંબઈની ઉપમા ન મળે કહીં રે,
મુંબઇ જેવી મુંબઈ એક. વૈભવ૦ ૩
દીસે માણસ દેશો દેશનાં રે,
જનની જુદી જુદી જાત; વૈભવ૦
પરખી લઇએ તે પોશાકથી રે,
જોતાં ભિન્ન પડે છે ભાત. વૈભવ૦ ૪
બાગ બગીચા ને બહુ બંગલા રે,
રાજા સરખાં સૌને સુખ; વૈભવ૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રિધસિધ દિસે ઘરોઘરમાં ઘણી રે,
ન દીસે દરિદ્રતાનું દુઃખ. વૈભવ૦ ૫
જોવા જોગ જગ્યાઓ ત્યાં ઘણી રે,
જોતાં દિન બહુ વીતી જાય; વૈભવ૦
ત્યાંનાં માણસ માયાળુ ભલાં રે;
મળતાં તેને મન હરખાય. વૈભવ૦ ૬
દિન દિન દિવાળીના દહાડલા રે,
રાતે રચના રુડી જણાય; વૈભવ૦
દીપકમાળા જયાં ત્યાં દેખીએ રે,
નિત નિત નાટક નવલાં થાય. વૈભવ૦ ૭
પૂરા પુણ્યે વાસો પામીએ રે,
આવે ઘડીએ ઘડીએ યાદ; વૈભવ૦
પ્રણમી પ્રભુની પાસે માગીએ રે,
બહુ જુગતે રહેજો આબાદ. વૈભવ૦ ૮
નળ છે વહેતા મીઠા નીરના રે,
ધોરી રગો શરીરમાં જેમ; વૈભવ૦
દિપતા દીઠા દીવા ગ્યાસના રે,
તારા નભમાં ચળકે તેમ. વૈભવ૦ ૯
અગણિત ખાતાં છે ઉદ્યોગનાં રે,
વિદ્યાખાતાં વિવિધ પ્રકાર; વૈભવ૦
કોરટ છે ત્યાં શ્રી સરકારની રે,
સૌથી ન્યાય સરસ કરનાર. વૈભવ૦ ૧૦
ઉપમા વિક્રમની ઉજ્જેણની રે,
આપ્યે મુંબઇને ન અપાય; વૈભવ૦
લંકાની શોભા જેવી લખી રે;
તે પણ ગણતીમાં ન ગણાય. વૈભવ૦ ૧૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નામીચા જન ત્યાં નીરખ્યા ઘણા રે,
જગમાં પ્રસિદ્ધ જેનાં નામ;　　વૈભવ૦
રુડો રત્નાગર છે રાજતો રે,
દેખી રીઝે દલપતરામ.　　વૈભવ૦ ૧૨

## સમુદ્ર વર્ણન.

### વસંતતિલકા વૃત્ત.

લોકો સમસ્ત શુભ સાગર આ વિલોકો,
જોવા રૂપાળિ રચના ચિતવૃત્તિ રોકો;
આ છે પ્રભુનું પરિપૂરિત પાણિપાત્ર,
જેમાં જણાય જળ ને જળજંતુ માત્ર.　　૧
સિંધુતણા સરસ શોભિત ઘાટ બાંધ્યા,
છેડા જમીન નિધિના ધરી જેમ સાંધ્યા;
ત્યાં થંભ દેખી કવિએ ચિત વાત ધારી,
સાંધો દ્રઢાવ કરવા દ્રઢ મેખ મારી.　　૨
તૂટયાં ફુટયાં તટ વિષે જળમાં સડે છે,
બીજે સ્થળે વિવિધ નાવ નવાં ઘડે છે;
તે જેમ પંથ અસલી ખગડયા જણાય,
બીજા નવીન ઉપજે બહુ સંપ્રદાય.　　૩
હિંદુ તથા યવન લોક ઘણા મળ્યા છે,
તે આમ તેમ વિચરે હરખે ભર્યા છે;
જાણે સમુદ્ર મથતાં અમિ નીકળ્યું છે,
દેવાસુરોનું જુથ પાન પીવા મળ્યું છે.　　૪
જેણે દિઠા ન નિધિ મધ્ય મહા તરંગ,
કંપે તરંગ તટના અવલોકિ અંગ;
જાતું સમુદ્ર તરીને તટમાંજ ત્રાસે,
તે કેમ નાવ ચઢિને નિધિ પાર જાશે.　　૫

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aradhak Trust

આગાળ લીટિ પડી છે નિધિ તીરતીર,
ધારે વિચાર નિરખી કવિ કોઇ ધીર;
જાણે સમુદ્ર મુખ તાંબુલ બીડી ચાવી,
રેખા પડી અધર ઉપર એથી આવી. ૬
પાષાણુ ધાતુ જળ તે નિજ માલ જાણે,
ઊગેલું પૃથ્વી પર તે ભુમિનું પ્રમાણે;
માટે સમુદ્ર નિજ સંઘરી માલ રાખે,
પૃથ્વીતણું તટ સમીપ ઉછાળી નાખે. ૭
જે કોઇ માલ નિધિનો વધતો હરે છે,
તેને સમુદ્ર પકડી તળિયે ધરે છે;
તે જેમ ચોરી કરીને પરદેશી ચોર,
જાતાં નરેશ પકડે કરી ખૂબ જોર. ૮
પૃથ્વી સમુદ્ર તળની નિધિ માત જાણે,
પૃથ્વી બીજી નિજ પ્રિયાવત તે પ્રમાણે;
માટે સમુદ્ર કદિ સ્રીધનને ન રાખે,
ઊગેલિ ચીજ જળ તીર ઉછાળી નાંખે. ૯
મોતી પ્રવાળ નિધિ મધ્ય સ્થળે વસે છે,
જે શંખલા છિપલિયો તટમાં દિસે છે;
મોંઘી ચિજો મનુષ જેમ ધરે પટારે;
સોંઘી ચિજો રખડતી રહિ જાય દ્વારે. ૧૦
કાંઠે જુઓ કરચલા[1] અહિ છે ઘણેરા,
જંતૂ નહીં જળતણા, નહિ પૃથ્વિ કેરા;
તે જેમ બેય વગ સાચવવા વિચારે,
વચ્ચે કુટાય જન નીજતણો ન ધારે. ૧૧
ઝાઝા દિસે ચરણ જે ગણી કર્ચલાના,
શા કામના નહિ કદિ દૂર તે જવાના;

૧. દેડકા જેવા દરિઆ કાંઠે જી્ડા થાય છે, તેને ઘણા પગ હોય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શા કામના કદિ ઘણા સુત જે નઠારા,
થોડા થકીજ સુખ જો સુત હોય સારા. ૧૨
જો શંખમાં વિવિધ વાસિત જીવડા છે,
તે શંખ બંધ કરીને જુગતે રહ્યા છે;
ઠાલા પડેલ વળિ શંખ ઘણા અહીં છે,
જાણે સમુદ્ર તટ જોગીતણી મઢી છે. ૧૩
કાંઠાતણી સ્થિતિ જુદી જુદી વાર ભાસે,
આવે વિશેષ જળ ને વળી પાછું નાસે;
લક્ષ્મીતણી ચપળ રીત જણાય જેવી,
આવે વિશેષ જળ ને વળી જાય તેવી. ૧૪
કાંઠે જુઓ વિવિધ પથ્થર જે જણાય,
ભીંજાય છે પછી વળી પળમાં સુકાય;
જે કાળજું અતિ કઠોર ભિજાય કેમ,
પામે સુસંગ પણ તે જન દુષ્ટ જેમ. ૧૫
આવે તરંગ કરતા અતિ ઘૂઘવાટ,
ધમા પડી તટ અડી ફરી જાય વાટ;
જાણે દિધેલી જગદીશ્વર કેરી આણ,
લોપી શકાતી નથી આવી તટ પ્રમાણ. ૧૬
શેવાળ સિંધુ તટમાં વળગ્યો અગાડી,
જોવાય જંત્ર લૈ મોટી જણાય ઝાડી;
તે જેમ એક નરના ગુણના પ્રકાશે,
જોતાં ઝિણી નજરથી બહુ ગૂણ ભાસે. ૧૭
કાંઠે વળેલું જળમાં બહુ ફીણ જોઇ,
કાઢે વિચાર મનને કવિ એક કોઈ;
જાણે શિવે વિષ બધું નિધિનું પડાવ્યું,
એથી અફિણી નિધિને મુખ ફીણ આવ્યું. ૧૮
જો આ ગરીબ મચ્છ દૂર જઇ પડે છે,
પામી વિજોગ નિધિનો તન તફડે છે;

P. P. Ac. Gunratnasuri M.S.     Jin Gun Aaradhak Trust

સિંધુ દિલે ન સમજે નિજ હાથ દેવો,
મોટા તણો જગતમાં ઉર સ્નેહ એવો. ૧૯
આ વ્યાળ બાળ મચ્છ ને વળિ કાચબા છે,
આઘા ન જાય તટના જળમાં રહ્યા છે;
તે દેખિ કોઇ કવિ એમ વિચારી લે છે,
સિંધૂ નિવાસી શિશુઓ તરવા શિખે છે. ૨૦
મોટા ઝિણા જળતણા બહુ જીવજંત,
આવે હિસાબ ગણતાં કદિયે ન અંત;
જાણે વડું વતન છે ભર વસ્તિવાળું,
છે રાજધાની પૃથિવપર[1] જેમ ભાળું. ૨૧
આ જો કરે અતિ ઘણો નિધિ ઘૂઘવાટ,
ગાજી રહ્યો દ્વનિ થકી સઘળોય ઘાટ;
જાણે મદોન્મત વડો ગજરાજ ત્રાડે,
કે સિંહરાજ વનમાં બહુ બૂમ પાડે. ૨૨
મીઠું મળે જગતમાં જળ ક્યાંઇ સારું,
એથી વિશેષ બહુ સાગર મધ્ય ખારું;
થોડા મળે જગતમાં જન જેમ સારા,
ઝાઝા જને નિરખતાં મળશે નઠારા. ૨૩
સારા જનોપર સદા કરનાર ખાર,
આ વિશ્વમાં નિરખિયા જન કેક ઠાર;
તે આવિ નાહ્ય નિધિમાં મન લૈ નઠારું,
તેથી હશે ખચિત સાગર નીર ખારું. ૨૪
ખારું ઘણું નિધિતણું જળ જો દિસે છે,
આનંદ માની જળજીવ સદા વસે છે;

---

૧ પ્રાણીઓના મોટા વતન જેવડો સમુદ્ર વિસ્તારમાં છે, તેમાં પૃથ્વી તો રાજધાનીના એક શહેર જેવી દેખાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આવે સ્વદેશ જન જેમ વિદેશ ઘૂમી,
ભાસે ભલી સ્વરગથી નિજ જન્મભૂમિ. ૨૫
નાવીક બાળ કહિં તો ચઢિ કોટિયામાં,
જો આ ફરે જળવિષે બહુ આ સમામાં;
તે આપના હૃદયમાં રસ રીત રાચે,
શું કાળિનાગ શિર ગોપ તનૂજ નાચે. ૨૬
આને મનુષ્ય સરવે મછવા કહે છે,
હું તો તથાપિ કહું છું જળકચ્છ તે છે;
હાલે વિશેષ જળમાં નિરખો હમેશાં,
છે કાચબા પગ સમાન રુડાં હલેસાં. ૨૭
ઘોડા સમાન ઘુમતા જળ લોઢ* આવે,
નૌકા નિશાનધર હાથણિયો સુહાવે;
આ ઘુઘવાટ વળી નોબતનાદ થાય,
સ્વારી ચઢાવી શુભ આજ સમુદ્ર રાય. ૨૮
નૌકાની માળ કરી કંઠ ધરી ઉમંગે,
ઊર્મિ દિસે તિલકરેખ અનેક અંગે;
આ ઘૂઘવાટ હરિકિર્ત્તનનો સમાજ,
રુડો બન્યો નિરખિયે નિધિ ભક્તરાજ. ૨૯
જે ચીજ હોય હલકી નિધિ નિત્ય તારે,
ડૂબાવી દે જરૂર ચીજ જણાય ભારે;
તે જેમ દીન જનને નૃપતિ બચાવે,
બીજા બલિષ્ટ નરને લડિને નમાવે. ૩૦
નાના વડા તદપિ પથ્થરને ડુબાવે,
સોના રૂપાની કદિયે નહિ શર્મ લાવે;
પોતાનું કાષ્ઠ પરિપોષિત છે વિચારે,
જો કાષ્ઠને નિજતણું ગણી નીર તારે. ૩૧

* જળલોઢ—પાણીનાં મોજાં.

P. P. Ac. Gunratnasuri M.S.　Jin Gun Aaradhak Trust

આધાર જેહ જનનો અતિ નિત્ય લેયે,
તેને વિશેષ દુઃખ તો કદિયે ન દેયે;
ધારાથી બોજ વધતો કદિ કાઠ લાવે,
તો કાષ્ટને તરત નીર તહાં ડુબાવે. ૩૨
આભાર ભૂલિ જળને શિર પંથ પાડે,
જો કાષ્ઠને તદપિ તે જળ ના બુડાડે;
તો કાષ્ઠ તુચ્છ ગણી લોક સદૈવ કાળે,
છાંડી દયા પ્રજળતા દવમાં પ્રજાળે. ૩૩

નાવ.

મોટાં જહાજ તીરથી દુર તે ઠરાવે,
થોડું જણાય જળ ત્યાં કદિયે ન આવે;
તે જેમ જાય બહુ શ્રીપતિ ઘેર રાય,
ઓછા ધનાધિપતિ ઘેર કદિ ન જાય. ૩૪
કાંઠે જહાજ ઘડિયું નિધિ તીર જયારે,
માર્યો સુમાર વિણ માર ઘણો સુતારે;
આવ્યું અપાર જળ મારગમાં તરીને,
કાંઠે જતાં અધિક એથી રહ્યું ડરીને. ૩૫
જે નાવ દૂર જળ મારગ જઇ શકે છે,
પૃથ્વી વિષે પણ જવા અસમર્થ એ છે;
કર્ત્તાર જેવી જગમાં તન શક્તિ આપી,
તેનાથી તેથી વધતું ન બને કદાપિ. ૩૬
જો નાવ કેરું કદિ લંગર જાય તૂટી,
તે નાવ જાય વહિને વળિ જાય ફૂટી;
તે જેમ કુદ્ધ જનનો ઉર છૂટિ જાય,
સ્વચ્છંદ છેક જન થૈ વહિ જે કુટાય. ૩૭
જેને ન શક્તિ જળમાં તરવા કદાપિ,
તે નાવની મદદથી તરશે તથાપિ;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મોટાતણો સરસ આશ્રય કોઈ લે છે,
તે શ્રેષ્ઠ કારજ અશક્ત છતાં કરે છે. ૩૮
જો નાવની મદદથી પથરા તરે છે,
તે દેખીને મરમ આ મનમાં ઠરે છે;
જૈને પ્રધાનજન આશ્રય કોઈ લે છે,
તે રાજકાજ ન ભણેલ છતાં નભે છે. ૩૯
જો આ સુકાન દિસતું અતિ છેક નાનું,
આ નાવ તેની મદદો લઇ ચાલવાનું;
તે જેમ હોય કદિ માવત છેક છોટો,
ચાલે રહી હુકમમાં ગજરાજ મોટો. ૪૦
જો નાવ મધ્ય કુપથંભ જણાય કેવો,
ઉંચો અને વળી દિસે મજબૂત એવો;
એ પંથ હોય અતિ સુંદર વાવટાનો,
કે કીર્તિ થંભ જગમાં નિધિ જીતવાનો. ૪૧
જો થંભ સાથ દઢ છે બહુ દોર બાંધ્યા,
તે નાવ સાથ કરીને શુભ યુક્તિ સાંધ્યા;
જાણે વિશેષ નટ ખેલ કરી બતાવા,
રોપ્યો સુથંભ નટવે નિધિને રિઝાવા. ૪૨
જો આ ભલા ચળકતા શઢ છે ચઢાવ્યા,
ભાળી વિશેષ રચના મુજ દીલ ભાવ્યા;
જાણે નિધી નૃપતિના બહુ વાવટા છે,
એ તો સમુદ્ર નૃપ સૈન્યતણી છટા છે. ૪૩
નાવો વિષે ગણિ જુઓ બહુ લોક બેઠા,
કોઇ કુટુંબ કબિલા લઇ માંહિ પેઠા;
જાણે જમીન વસતાં નહિ જે સમાયા,
તે કાષ્ઠના ઘર વિષે નિધિમાં જમાયા. ૪૪
લેખું ન થાય લખતાં અતિ માલ લાવે,

P. P. Ac. Gunratnasuri M.S.     Jin Gun Aaradhak Trust

એ જોઇ જોઇ ઉર એમ વિચાર આવે;
એ ચાૈદ રત્ન નિકળ્યાં નિધિ નીરમાંથી,
આવી હશે વિવિધ વસ્ત સમસ્ત ત્યાંથી. ૪૫
પૃથ્વીથકી બહુ ચિજો જન જાતિ લે છે,
એથી અધિક જણશો નિધિ લાવી દે છે;
જાણે સુકીર્તિ મળવા ઇરષા કરે છે,
અકકેકથી અધિકતા રકમો ભરે છે. ૪૬
મોટાં જહાજ ભરપૂર ભર્યાં જણાય,
તેમાંથી માલ ઉતરી મછવા ભરાય;
જાણે પરાક્રમી રચ્યો પ્રભુને પ્રતાપે,
લાવી ગરીબ જનને ધન વેંચી આપે. ૪૭

આગબોટ.

આ જોઇ હયો અધિક શોભિત આગબોટો,
પૈડાતણો તન વિષે નથી કાંઈ તોટો;
જો ઠામ ઠામ બહુ બંધન નાડિયો છે,
જાણે ગરીષ્ટ[1] જળ માર્ગની ગાડિયો છે. ૪૮
આ આગબોટ અહિં કયાંથકી એક આવી,
આ તો અનેક જન ને પશુ માલ લાવી;
જાણે કહીં પરગણું દરિયે ડુબાવ્યું,
એમાંથી એક અહિં ગામ તણાઇ આવ્યું. ૪૯
જે દોડતી જળ વિષે જલદીથી જાતી,
તે તો જણાઇ સ્થિર લંગરથી ઠરાતી,
જાણે પ્રમત્ત ગજ માવતના કહ્યાથી,
ઊભો રહ્યો સબળ અંકુશ વાવર્યાથી. ૫૦
જો આ જણાય ધ્રુવમાછલી એનું નામ,
દેખાડનારિ દિશ સત્ય અગમ્ય ઠામ;

૧. ગરીષ્ટ-મોટી.

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જેની સલાહ લઇ પંથ સિધો લીધો છે,
જાણે સમુદ્રજળ મારગ ભોમિયો છે.　　૫૧
અગ્ની તથા પવન બે મળી પંથ પાડયો,
જે આ અઘાત જળનો મહિમા ઘટાડયો;
જાણે જળે દહનથી[1] અતિ વેર કીધું,
બે મિત્ર સંપ કરીને મળિ વેર લીધું.　　૫૨
આવે યુરોપથકી ફોજ સમુદ્ર રસ્તે,
શસ્ત્રો ધર્યાં વિવિધ સૂરજનો સમસ્તે;
જાણે સમુદ્ર તનયા હરિ લેઇ આવ્યો,
માટે પયોધિ પ્રતના[2] પરદેશી લાવ્યો.　　૫૩
વેપારિયો વિવિધ માલ લઇ ચઢાવે,
જેનો હિસાબ ગણતાં નહિ પાર આવે;
જાણે સમુદ્ર જન શેઠની પેટિ એ છે,
વિશ્વાસ રાખિ જન થાપણ ત્યાં મુકે છે.　　૫૪
જે નાવ જૂથ ભરતીતણી વાટ જોઇ,
કાંઠે રહે ન વિચરે નિધિ મધ્ય કોઇ;
ઇચ્છે પ્રજા નૃપતિ જેમ દશા ચઢેલી,
ત્યાં સૂધી હોય નબળી સ્થિતિમાં પડેલી.　　૫૫
ઊગે શશાંક ભરતી નિધિમાં ચડે છે,
તે દેખી એવી ઉપમા ઉરમાં અડે છે;
જાણે સુપુત્ર[3] નિરખી હરખે પિતાજી,
પ્રીતિ અધીક ઉભરાય જણાય રાજી.　　૫૬

## ખાડી.

નૌકા વિષે રહિ જનો જળ પંથ ચાલે,
તે દોડતાં તરુવરો નિધિ તીર ભાળે;

---

૧ દહન-અગ્નિ. ૨ પ્રતના-ફોજ. ૩ ચંદ્રને સમુદ્રનો પુત્ર કહે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તે જેમ હોય નિજ દુર્ગુણ જે અલેખે,
પોતા વિષે ન પરઠે પર દોષ દેખે. ૫૭
જો નાવ માંહિ રહીને કદિ દૂર જૈયે,
કાંઠા સલીલ ડુબકાં દ્રુમ દેખી લૈયે;
આઘે જઇ વળિ જુઓ કરી દૃષ્ટિ ભાઇ,
જાણે જમીન સઘળી જળમાં સમાઈ. ૫૮
નાવો બીજાં વિચરતાં બહુ આસપાસે,
તે દૂરથી પ્રથમ તો શઢ માત્ર ભાસે;
જાણે ધજા નિધિશિરે બહુ છે ચડાવી,
કાં તો અનેક વસિયા ખગ પક્ષિ આવી. ૫૯
જો આ શિકારિ જન જાળ જળે ધરે છે,
સ્વાર્થે ગરીબ મછના જીવને હરે છે;
તે જેમ ઢોંગી ગુરુ શબ્દની જાળ નાંખી,
અજ્ઞાનિ લોકતણી લે ઠગી મૂડિ આખી. ૬૦
ખોરાક વાળિ ગળ[1] કોઇક તો ધરે છે,
જો સ્વાદ લોભિ મછ તે ગળિને મરે છે;
તે જેમ લોભિ જન સો ઠગથી ઠગાય,
લેવા જતાં અધિક લાભ ખધુંય જાય. ૬૧
ડોળું જણાય જળ સાગર નીર તીર,
આઘે જતાં નિરખિયે વળિ સ્વચ્છ નીર;
બે દેશ સંધિ થળમાં જન મિશ્ર વાણી,
મધ્ય સ્થળે પ્રબળ નિર્મળ જેમ જાણી. ૬૨

મધ્ય સમુદ્ર.

દીસે ન તાડ વગરે પણ કોઇ ઝાડ,
દીસે ન ગામ પુર કે ન દિસે પહાડ;
જ્યાં જ્યાં જુઓ નજરથી જળ જોઇ લેશો,
પૃથ્વી નથીજ કહિ એમ તમે કહેશો. ૬૩

૧. ગળ-માંછલાં પકડવાનો લોઢાનો કાંટો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જો થાળિ જેવી પૃથિવી રચી કાંઇ હોત,
દેખાત ઘાટ પુર પર્વત આડ સોત;
આ તો જુઓ અકળ ઇશ્વર કેરી માયા,
ગોળા શિરે ઉદધિ કેમ હદે રખાયા. ૬૪
આકાશ ને જળ વિના કશુંએ ન દીસે,
સિંધુતણું સલિલ[1] ત્યાં ઉછળે અતીશે;
જેણે નહીં પ્રલયકાળ કદી નિહાળ્યો,
ભાળ્યાની હોય મરજી નિધિમધ્ય ભાળો. ૬૫
તે નાવ મધ્ય જન જે છતમાં રહેલા,
બીજા જણાય નહિ જે કહિંએ ગયેલા;
ભાળી વધે મન વિષે વળિ એમ ભાવ,
વૈવસ્વતે[2] વિદિત વાસિત એજ નાવ. ૬૬
જો નાવમાંથિ શુક મોર મુકે ઉડાડી,
તેને સુજે ન દિશ કયાંઇ જવા અગાડી;
તે જેમ હોય જન આશ્રય એક ધારી,
બીજે જવાની કદિ કયાંઈ સુજે ન બારી. ૬૭
મોટા ઘણા મગર સાગરમાં વસે છે,
નાનાજ તીર સમિપે જળમાં ધસે છે;
તે જેમ કોટિધજ તો શહેરેજ હોય,
તે છેક ગામ લઘુમાં નિપજે ન કોય. ૬૮
સાપો વડા વળિ વસે બહુ સુસવાટ,
જેનાં ઘણાં તન જણાય પ્રલંબ ઘાટ;
કેવાં સ્વરૂપ નિરખી ચિતમાં ચડયાં છે,
જાણે પયોધિ ઉદરે કૃમિયાં પડયાં છે. ૬૯
પાકે સમુદ્ર ઉર મૌક્તિક ને પ્રવાળાં,
જાણે તથાપિ મુલ તો જન પૃથ્વિવાળાં;

૧. સલિલ-પાણી. ૨ મનુ અથવા અંગ્રેજો જેને નોવા કહે છે તે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સિંધૂ વિષે રહી રહી નહિ મૂલ થાય,
વિદ્વાન જેમ પરદેશ વિષે પુજાય. ૭૦

### ઉપજાતિ વૃત્ત.

હંસો તમો સાગર દેખી ખારો,
સદા નઠારો ઉરમાં ન ધારો;
કુવાકયમાં જેમ સુવાક્ય મીઠાં,
મહાર્ણવે છે બહુ મોતિ દીઠાં. ૭૧

જો સિંધુમાં વિવિધ મચ્છ ફરે તથાપિ,
મોતી ન હોય સઘળા મછમાં કદાપિ;
તે જેમ એક કવિની બહુ ટોળિ જોઇ,
નીતિતણાં કવન તો કરનાર કોઇ. ૭૨
પ્રાણી રચે ઉદધિના[1] ઊરમાં પ્રવાળાં,
રાતાં તથા વિવિધ રંગતણાં રૂપાળાં:
જાણે સમુદ્ર તનના શુભ માંસ લોચા,
કેવા દિસે કઠણ તે નથી કાંઇ પોચા. ૭૩
જો સૂર્યબિંબ નિધિના જળમાં જણાય,
તે દેખી એવી ઉપમા ગણતાં ગણાય;
કાયા સમુદ્રતણી નીરમયી રહી છે,
ચૈતન્યશક્તિ તનમાં ચળકી કહી છે. ૭૪
જો વાદળું ઘન વિના ક્ષિતિજે જણાય,
તે શ્વેતરંગતણું દેખી વિચાર થાય;
જાણે ગિરિ બરફનો તરી કોઈ આવે,
એવી ચમત્કૃતિ પ્રભૂ બહુધા બતાવે. ૭૫
જો આગબોટ જતી આવતી દષ્ટિ થાય,
આકાશ દીશ અતિ ધુમ્ર જતો જણાય;

---

1. ઉદધિ-સમુદ્ર.

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જ્વાળામુખી નિધિથકી નિસરેલી જેમ,
આભાસ થાય જનને નિરખ્યાથી એમ. ૭૬
આકાશ દીશ ચડતો વળિ ધુમ્ર જોઈ,
એવો વિચાર કરશે કવિરાજ કોઇ;
વંટોળિયો જળતણો નિધિમાં ચડયો છે,
ઊંચો અતિ નભ વિષે જઇને અડયો છે. ૭૭
જાણે ભુકંપ નિધિમાં અતિશે થયાથી,
આ તો નવીન નિસર્યો ગિરિ સિંધુમાંથી;
કે રામદૂત નળ નીલ અડેલ એને,
આવી સુશક્તિ નિધિમાં તરવાની તેને. ૭૮
જે સિંધુ મધ્યે વળિ બેટ અનેક જે છે,
તે તો વિશેષ ઘણી સુંદરતા ધરે છે;
દેખાય દૂરથકિ તેહતણા બનાવ,
જાણે તરે ઉદધિ મધ્ય અનેક નાવ. ૭૯
આ જે સમુદ્ર જળમાં રવિ અસ્ત થાતો,
જાણે કશાય દુઃખથી પડિને ડુબાતો;
કાં તો ગયો વળિ બીજે કરવા પ્રકાશ,
પાતાળ લોક ભણી પંનગરાય પાસ. ૮૦
જે આ સમુદ્રતણી છે જગમાં વડાઇ,
ભોળા જનો સુણી દિલે ભરમાય ભાઇ;
કેવા યુરોપિયન છે ધનવંત લોક,
જોયા વિના સુણી કહે જન જેમ ફોક. ૮૧
આ સિંધુનો ઉચરતાં મહિમા ઘણેરો,
માને ન વાત કદિ દાદુર કૂપ કેરો;
જે વાતનું જગતમાં નહિ જ્ઞાન જેને,
તે વાત કેમ મનમાં સમજાય તેને. ૮૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### નદીઓનો સંગમ.

સિંધુ નદી નરમદા મહિ ને ત્રિવેણી,
આવે અનેક નદિયો વહિ દીન રેણી;
જોતાં જણાય નહિ જે જળ કયાં સમાય,
મોટાનું પેટ કળતાં ન કળી શકાય. ૮૩
ઘોંઘાટવાળી નદિયો નિધિ તીર આવે,
આવ્યા પછી ધ્વનિ સમુદ્ર વિષે સમાવે:
તે જેમ તુચ્છ જન ગર્જન જે કરે છે,
માથા તણો જન મળે રવ વીસરે છે. ૮૪
આવી હિમાચળ થકી ગુણવંતી ગંગ,
કીધો નિવાસ વળિ સાગર શ્રેષ્ઠ સંગ;
જાણે હિમાચળ તણી તનયા રૂપાળી,
તેણે કર્યું નિધિથી લગ્ન મહત્વ ભાળી. ૮૫
ભૂમિ વિષે સરવથી નિધિ દેવ મોટો,
બીજો હિમાચળ દિસે પણ એથી છોટો;
મોટાની પુત્રિ પરણે ઘર જોઇ મોટું,
એવું બને અસલથી કહું કેમ ખોટું. ૮૬
ગંગા કદાપિ વરવા સ્થળ અન્ય જાત,
તો તે જરૂર નહિ ત્યાં ઘડિયે સમાત;
મોટાની પુત્રિ પરણાવી ગરીબ ઘેર,
બંને ફજેત બનશે સુખ લે શી પેર. ૮૭
જો મિષ્ટ નીર ધરિને મળિ આવિ ગંગ,
સિંધુની રીત પકડી મળિ સિંધુ સંગ;
જો ધર્મ વેપ નિજ મૈયરનો ઉતારે,
સ્વામીની સાથ મન તો મળી જાય ત્યારે. ૮૮
બોલ્યાની રીત બદલી વળી ચાલવાની,
છોડી સમસ્ત રીત મૈયર માંલવાની;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સૌ મરછ કચ્છ નિજ જીવન સોત સોંપી,
સ્વામીની સર્વ મરછી જરિયે ન લોપી. ૮૯
ગંગાતણું જળ જુઓ અતિ મિષ્ટ સારું,
ખારે જળે મળિ જવાથી જણાય ખારું;
આઓ કુપાત્ર જનનો અતિ સંગ થાય,
સત્પાત્ર જે જન કુપાત્ર સમો જણાય. ૯૦
જે કોઇ નાવ ચલવે નિધિમાં અજાણ,
ભાગે ઉંડા ખડકથી અથડાઇ જાણ;
દેખી બીજાતું કરતાં વણભેદ જાણે,
તે જેમ રોઈ મરશે નિજ ખોઇ પ્રાણે. ૯૧
જો સિંધુ નિત્ય બહુ ગંભિર થૈ રહે છે,
ધારા વિરુદ્ધ પણ તે કદિ ક્યાં સહે છે;
નિર્દોષ નાવ નિરખી શત કોશ સારે,
જો દોષ લેશ પડતાંજ ડુબાવી મારે. ૯૨
જો નાવ કોઇ વધતું નિધિને નમે તો,
મારે ડુબાવી જળમાં જલદીથી તે તો;
જેને નમ્યાથી ચઢિને ઉલટા દબાવે,
તેવાની પાસ મુરખા શિર જૈ નમાવે. ૯૩
લાગે નહીં પવન તો નિધિ શાંત ભાસે,
લાગે ઘણો પવન તો અનીતિ પ્રકાશે;
તે જેમ દેશપતિ હોય સ્વભાવ સારો,
પામે કુસંગ પછી તે નિવડે નઠારો. ૯૪
મોટાઇ હોય વળિ જો જર હોય ઓછું,
પામે વળી જર ઘણું દર સાલ તાજું;
તેને વળી પવન જો અતિશે ભરાયે,
તેના થકી જુલમ શો ન કરી શકાય. ૯૫
જો સિંધુરાજ જાલમી બની જાય જયારે,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તે પાપ પુણ્ય નિજ ધર્મ જુએ ન ત્યારે;
તે જેમ ક્રોધિ જનને મન થાય ક્રોધ,
ત્યારે જુએ ન કશુંએ કરતાં વિરોધ. ૯૬
જો સિંધુમાં પવનનું અતિ જોર થાય,
ગાંડો ઘણોજ નિધિ તે તકમાં જણાય;
જાણે જુવાન જનના મનમાં ભરાયો,
ગાંડાઇનો પવન તે જુલમી જણાયો. ૯૭
ગાંડો સમુદ્ર જગમધ્ય જણાય જયારે,
નૌકા ન જાય નિધિ મારગ કોઈ ત્યારે;
તે જેમ કેફ કરીને જન મત્ત થાય,
વિશ્વાસ કોઇ કરિને સમિપે ન જાય. ૯૮
તોફાન કાળ ઉછળે અતિ સિંધુ જયારે,
નૌકા નિવાસિ તજી હિમ્મત એમ ધારે;
ભૂકંપના નિધિ તળે અતિ આજ ધૂમી,
પૃથ્વી વિષે નિધિ થશે નિધિ મધ્ય ભૂમિ. ૯૯
બે આગબોટ નિધિમાં અથડાય જયારે,
એવો બનાવ બનતો નિરખાય ત્યારે;
જાણે લડયા ધરમના દ્વય સંપ્રદાય,
બંને તણાં મનુષનો બહુ નાશ થાય. ૧૦૦

## સમુદ્રને ઠપકો.

રે સિંધુ શ્રેષ્ઠપણુનો શિદ ગર્વ લાવે,
તારા સમાન બહુ આ મનમાં સમાવે;
જે શ્રેષ્ઠ તે મન થકી જગમાં જણાય,
આકાશ કાળ કદિયે મનમાં ન માય. ૧૦૧
રે સિંધુ શ્રેષ્ઠ મહિમા પરિપૂર્ણ પામ્યો,
રોકી વિશેષ વસુધા જગ મધ્ય જામ્યો;
પામે પિવા ન જળ આશ્રય પામિ તારો,
કુવો કનિષ્ઠ સરખો પણ તુંથી સારો. ૧૦૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### શાર્દૂલવિક્રીડત વૃત્ત.

રે રત્નાગર ગર્જના કરિ રહ્યો, ગર્વિત તું તો થયો,
તે તારો ધિક સર્વ ગર્વ ગણિયે, જો ગર્વ ખાલી ગયો;
તારાથી ન ટળી તૃષા જનતણી, છે શર્મ તેની કશી,
જાયે કૂપ કને જઇ જળ પિવા, તારે કિનારે વશી. ૧૦૩

## સમુદ્રના દોષ.

### વસંતતિલકા વૃત્ત.

લે છે નદી નદતણું વળિ લે ખિજાનું,
વર્ષાદનું જળ લઇ ભુવને ભર્યાનું;
પીવા તૃષિત જનને પળિયે ન દેતું,
સિંધુ શિખ્યો કૃપણ ભૂપનું કામ એવું. ૧૦૪
પાસે પડયા કઠણ પથ્થર જે પ્રધાન,
ખાનાર ખૂબ મગરો પણ છે નિદાન;
ખોરાક કાજ સરપો જઇ જ્યાં વિરામે,
ત્યાં પંડિતો જઇ પિવા જળ કેમ પામે. ૧૦૫
આવે ઘણુંક જળ તે લઇ સંઘરે છે,
ખારું કરી બધુ વધુ ભરતી ભરે છે;
જાણે નિશાની કરવા નવી છાપ મારી,
લે ના શકે જન કદી સરકારિ ધારી. ૧૦૬
પાણી ઘણુંક મચ્છ ને મગરો પિયે છે,
પૃથ્વી નિવાસિજ નિરાશી સદા રહે છે;
જાણે સ્વદેશી જનનેજ હમેશ દેવું,
ધારે સમુદ્ર નરપાળ બીજાનું લેવું. ૧૦૭
રે રે મૃગો નિધિતણું બહુ નીર જોઇ,
આશા ધરી નવ જશો નિધિ પાસ કોઇ;
એ તો બધુંય જળ સંઘરી રાખવાનું,
પામે ન કોઇ તરશો પળિયે પિવાનું. ૧૦૮


P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સિંધુથકી સરસ માલ મિઠાઈ આવે,
કોઇ સમે ઉદધિ તો રિપુ ફોજ લાવે;
તે જેમ સર્વ જનને સુખ મૂળ રાય,
કોઇ સમે નૃપતિથીજ પ્રજા લુંટાય. ૧૦૯

**સમુદ્રનો ઉદ્યમ.**

પીધો હતો અસલમાં નિધિને અગસ્તે,
કીધાં વખાણ બહુ આર્ય જનો સમસ્તે;
આજે યુરોપ ભુમિમાં જન જે થયા છે,
તેઓ જરૂર જળ સાગર પી ગયા છે. ૧૧૦
ચાળીશ મૈલ તરીને નિધિમાં ગયા છે,
એવા વિલાયત વિષે જન તો રહ્યા છે;
અભ્યાસથી કરી શકે અતિ શ્રેષ્ઠ કામ,
જો માનવી જનિતને મન હોય હામ. ૧૧૧
જો સિંધુ મંથન કરી ધન કાઢવાની,
શક્તિ હતી સરસ આર્ય જનો બધાની;
તે શક્તિ આજ રહી સર્વ યૂરોપખંડે,
ત્યાંના નિવાસી નિધિ મંથન કાજ મંડે. ૧૧૨
આ આગબોટ રથ છે વિકટોરિયાનો,
ખાડી સમુદ્ર રથચક્રતણા ચિલાનો;
જયાં જયાં જુઓ સબળ તે રથ ચાલી જાય,
ચીલો પડે જળ ભરાય સમુદ્ર થાય. ૧૧૩
રે પક્ષપાત અતિ કેમ નિધિ ધરાવે.
યૂરોપખંડ થકી લોક અનેક લાવે;
ત્યાં કેમ એમ અમને નથી તેડિ જાતો,
દીસે સમુદ્ર તુજ કૃત્ય અયોગ્ય આ તો. ૧૧૪
વાસૂકિ નાગ અહિં આ જળ માર્ગ જાણો,
મંથાદિ નામ પણ નાવ તમે પ્રમાણો;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જે સંપ રાખી નિધિ મંથન કાજ જામો,
તો લક્ષ્મિ લાભ સુજનો પરિપૂર્ણ પામો. ૧૧૫

### સમાપ્તિ વિષે.

આ સિંધુનું સરસ વર્ણન મેં કર્યું છે,
નીતિ તથા વિવિધ જ્ઞાન વડે ભર્યું છે;
વાંચી વિચાર કરતાં અતિ રુડી રીતે,
આનંદ સાથ શુભ બોધ પમાય પ્રીતે. ૧૧૬
જે જે વિચારી પ્રભુએ નિયમો કર્યા છે,
તે સર્વ યોગ્ય વળિ ને સુખથી ભર્યા છે;
હું અલ્પ બુદ્ધિ પ્રભુનો નહિ મર્મ જાણું,
તેથી બતાવી ગુણ દોષ ગુણો વખાણું. ૧૧૭
ક્યાં સિંધુરાજ મહિમા અતિ શ્રેષ્ઠ ધારી,
ક્યાં અલ્પ જેવી જગમાં જડબુદ્ધિ મારી;
પ્રત્યેક ઊર્મિતણું વર્ણન જો કરાય,
આવે ન અંત જુગના જુગ વીતિ જાય. ૧૧૮
મોટો થયો જગતમાં કવિ કાલિદાસ,
જે મેઘદૂત શુભ કાવ્ય કર્યું પ્રકાશ;
છે શ્લોક સંસ્કૃત રચ્યા શત એક સોળ,
તેનો ન હોય કદિયે મુજ કાવ્ય તોલ. ૧૧૯
તેવા બીજા કવિતણા ચરણારવિંદ,
વંદી વસંતતિલકા રચિયા સુછંદ;
સંક્ષેપમાં ઉદધિ વર્ણન આજ કીધું,
મેં મૂજ યોગ્ય મનમાં ધન ધારિ લીધું. ૧૨૦
કીધું સમુદ્રતણું વર્ણન સ્નેહ આણી,
વિશ્વેશ્વરે વદન પ્રેરિત જેવી વાણી;
જેણે સૃજ્યો સકળ સાગર શ્રેષ્ઠ સારો,
શ્રોતા જનો સરવ તે પ્રભુને સંભારો. ૧૨૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કૃત્યો અનેક અતિ અદ્‌ભુત અન્ય એવાં,
પૃથ્વી પહાડ શશિ સૂરજ મેઘ જેવાં;
છે ઠાઠમાઠ થકિ શોભિત ઠામઠામે,
દીઠાં નિહાળી નજરે દલપત્તરામે. ૧૨૨

## જુનાગઢ સંબંધી કવિતા.

### મંગળાચરણ.

### સવૈયા.

જે[1] સુખદાયક જે દુખનાશક, જે વરદાયક વિશ્વ વિધાતા,
જે જગકારણ જે જગધારણ, જે જગતારણ જે જગત્રાતા;
જે ગુણકારક જે જગઠારક, દોષ નિવારક ઈશ અજાતા,
જે વિશવેશ્વર જે પરમેશ્વર, દેવ દિનેશ્વર જે મતિદાતા. ૧

### કવિત.

કર્યાં તેં મનુષ્ય તે તો કેવાં કેવાં કરે કામ
ધરણી નિમિત્ત ધંધ મચાવે છે ધાઇને;
કોઇ તો કળા અનેક કલ્પનાથી કાઢે શોધી,
કોઇ તો ગણાય ગુણી ગાન તાન ગાઇને;
કોઇ તો વિવેકથી વિશેષ વિત્ત વાવરીને,
વધારે છે વિશ્વમાં વડુવાની વડાઇને;
પંચભૂત તણાં એવાં પૂતળાં પ્રગટ કર્યાં,
ચિદાનંદ દેવ ધન્ય તારી ચતુરાઇને. ૨
કોઈ કુંભકાર કહેવાય વડો કારીગર,
કારીગરી કરે કરી પૂતળાં કળા કરી;
નાના વિધિ નૃત્ય કરે કલ્પનાથી કૃત્ય કરે,
ભૂપ અને ભૃત્ય[2] બને શોભતી સભા ભરી;

---

૧ જય. ૨ ચાકર

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કોઈ કવિ તે ક્રિયાના કાવ્યનું કરે વખાણ,
તે તો વખણાય કુંભકારની કારીગરી;
તેમજ ત્રિલોકમાં હું જે જે વાત વરણવું,
તે તે વરણન તારી લીલાનુંજ હે હરિ. ૩
કરોળિયો લાળતણી જાળ જે વિશાળ ગુંથે,
એ તે એનું ડાંપણ કે એના કરનારનું;
સુઘરીઓ સુઘડ જે ઘાસનું ગુંથે છે ઘર,
કરાય ન કારીગરથકી એ આકારનું;
કારીગરી કરી રુડો માખી મધપુડો રચે,
એ બધું ચરિત્ર એક અખિલ આધારનું;
તેમજ મહાન જનનું ચરિત્ર જે વિચિત્ર,
તેનું વરણન એ તો એના સૃજનારનું. ૪

સવૈયો.

ભારતમાં જશ પારથના લખી જીવનનું ફળ સાર્થક જાણ્યું,
સૂરજવંશ અને શશિવંશ વખાણી પુરાણ પવિત્ર પ્રમાણ્યું;
આસુરવંશતણું પણ વર્ણન વાલ્મિક વ્યાસ વિષે વખાણ્યું,
એ સઘળી કરતારતણી કૃતિ એમ મહા કવિયે ઉર આણ્યું. ૫

દોહરા.

એમજ આઇન અકબરી, શાહનામું શુભ જેહ;
જન સમજુએ જાણવી, ઈશ્વરલીલા એહ. ૬
સુર અસુર આદિક સહુ, આદિમની ઓલાદ;
એક બીજા અજ્ઞાનથી, વ્યર્થ કરે વિખવાદ. ૭
પવિત્ર પોતાનું ગણે, અન્યતણું અપવિત્ર;
મત તાણે છે મમતથી, વિશ્વ ચરિત્ર વિચિત્ર. ૮

સોરઠા.

સંચરિ સોરઠ દેશ, જે નહિ જૂનેગઢ ગયો;
લીધો ન તેણે લેશ, સાર્થક ભવ સંસારમાં. ૯

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જુની જગા જે ઠાર, જયાં વળી જૂના લેખ બહુ;
જોવા જોગ અપાર, વિધવિધ ભળ વિદ્વાનને. ૧૦
બાબી બહાદુરખાન, પરણ્યા રુડી પેરથી:
જાણે સકળ જહાન, અતિ ઉત્સવ એવો થયો. ૧૧
ઇસ્વી સતક અઢાર, મે માસે તોતેરના;
પરણ્યો રાજકુમાર, તે તારીખ ત્રેવિશમી. ૧૨
એ દિનનો ઉત્સાહ, વિશ્વ વિષે નહિ વીસરે;
ઉપજ્યો એમ અથાહ, ઉમંગ લોક અંતરે. ૧૩
લખવા લાયક વાત, જરૂર એ તો જાણીને;
સંક્ષેપે સાક્ષાત, વિવેકથી વરણન કરું. ૧૪
વિવાહપર તેવાર, ત્યાં કવિ દલપતરામને;
તેડાવ્યો તે ઠાર, અતિ આદર સનમાનથી. ૧૫

## સવૈયા.

જયાં અતિ ઉજ્વળ તીરથનાં સ્થળ તે વળિ ઉત્તમ એકથી એક,
જયાં વિદવાન ઘણા ગુણવાન હિતસ્વિ થવા મન હોંશિ હરેક;
સજ્જન સંગ વિવાહ પ્રસંગ ઉમંગ વધારણ હેતુ અનેક,
આવું વિચારિયું જાતું જુનાગઢ એક મુસાફરિ અર્થ અનેક. ૧૬
વાહ મહોબતખાનની મોટપ, વાહ ઉછાહ વિવાહનું ટાણું,
વાહ ઘરોઘર સુસ્વરનું, ગુણ સાગરી નાગરી નાતનું ગાણું;
વાહ દામોદર કુંડ કલોલિત, વાહ જટાધર જોગીનું થાણું,
વાહ ગિરિ ગિરનાર રુડો વળી વાહ જિનેશ્વર, વાહ જુનાણું. ૧૭
ગામ જુનું સુરધામ ઘણાં વળિ આમ જુનાગઢ નામ લખાણું,
જેવી રમાપુરની રચના શુભ, એવી રુડી રચનાથી રચાણું;
જયાં પરતક્ષ વશી પદમા, પદમાપતિનું પુર એજ પ્રમાણું,
રાય તથા સુરરાયની સંપત, જાય ભુલી જન જોઇ જુનાણું. ૧૮

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મનહર છંદ.

મોટાં મોટાં મંદિરમાં વસે વડા વીર ધીર,
ચારુ ધરી હીર ચીર નીર ભરે નારિકા;
ટોડે બાંધ્યાં તોરણુ તે ચોરણુ છે ચિતતણાં,
પાંજરામાં પઢે ઘેર ઘેર શુક સારિકા;
ભૂગોળ ખગોળ આદિ ભણવાના ભેદ જાણે,
દેવકન્યા જેવી કન્યાશાળામાં કુમારિકા;
રૈયત નગરી તણી રચના રૂપાળી ભાળી,
જાણે દેવે રચી દેવનગરી કે દ્વારિકા.　　१९

સવૈયા.

જ્યાં વિશ્વેશ્વર તો હટકેશ્વર ગૌરિ ગણેશ્વર સંગ નિવાસી,
શંભુ ઉપાસક બસક જ્યાં, અઘનાશક ચાતુરવેદ અભ્યાસી;
ગંગ સમાન ઉતંગ ગણાય, દામોદર કુંડ અખંડ પ્રકાશી,
આ નગરીતણું નામ જુનાગઢ કાશી ગણાય કે કાશિની માશી २०

મનહર છંદ.

રહનેમી રાજુલનો રહેવાસ જ્યાં છે રુડો,
રહેવાસ વળી કાળનેમીના રિપુનો છે[1];
દ્વારિકાં અધિપતિનો દીસે દેશ દીપિમાન,
દીપિમાન જ્યાં પ્રદેશ દત્તાત્રી ગુરુનો છે;
ભારે ભારે ભોંયરાં છે ભોંયમાં ભભકદાર,
લાખો લેખે ખરચેલાં નાણાંનો નમુનો છે;
જગતમાં જોવી હોય જગા જો જુનામાં જુની,
જુઓ જઇ જુનાગઢ જે જુનામાં જુનો છે.　　२१

સવૈયા.

દેશ જુઓ દુરજોધનનો વળિ રાષ્ટ્ર જુઓ જઇ રાયરઘુનો,
લંકપુરિ સકલંક ભરી પણ આ સુરનાયક લોક નમુનો;

---

१. મુચકંદ રાજાનો.

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

આબુ અને વળિ વિંધ્યગિરિ હિમવાન પ્રદેશ દિસે બહુ સુનો,
જો જગ મધ્ય જડયો જન જન્મ જુઓ ગિરનાર જુઓ ગઢજૂનો. ૨૨

### નરસિંહ મહેતાના ઓટા વિષે.

#### સવૈયા.

છત્ર નથી શિર છાપરું છે છતમાં પણ છે વળી છેકજ છોટો,
તોપણ છે ત્રણલોક પ્રસિદ્ધ સુમેરુ થકી મહિમા બહુ મોટો;
તત્વ અનેકનું તત્વજહિથી પ્રગટે મહત્વ તણો પરપોટો,
આ મહેતા નરસિંહ તણો અઘનાશક પુણ્ય પ્રકાશક ઓટો. ૨૩
જો નહિ સોરઠ દેશ ફર્યો ઘરદેશ વિશેષ ફર્યો ન ફર્યો,
જો ગિરનાર પ્રવેશ કર્યો ન પ્રયાગ પ્રવેશ કર્યો ન કર્યો;
જો ન દામોદરકુંડ તર્યો સરિતા જલ સર્વ તર્યો ન તર્યો,
જો ધરિ જન્મ ગયો ન જુનેગઢ તો જન જન્મ ધર્યો ન ધર્યો. ૨૪

#### દોહરા.

શ્રી સહજાનંદે વળી, કરી મંદિર તે ઠામ;
જૂનાગઢમાં નિજતણું, ધાર્યું પવિત્ર ધામ. ૨૫
પરંપરાગત પરસપર, તજી અદાવત ટેવ;
સાંપ્રત સંપ સજી વસે, મિયાં અને મહાદેવ. ૨૬

#### કવિત.

રોજ રોજ રાજી રહી કાજી જયાં કુરાન પઢે,
હાજી ઘણા હજ કરી આવેલા હયાત છે;
મસીદો મિનારા રોજા[1] વર્ણેલા વિશેષ વળી,
પીરની જગાઓ ઘણી પરમ પ્રખ્યાત છે;
પ્રતિદિન પાંચ વાર નિમાજી નિમાજ પઢે,
જયાં ઘણીક જોવામાં મુસલમાન જાત છે;
મક્કા કે મદીના સુધી ધાઇ કોણ ધક્કા ખાય,
મક્કા કે મદીનામાં ને આમાં શી ખફાત છે. ૨૭

૧. ત્યાંના મુકબરાઓમાં કોતરકામ ઘણું જોવા તથા વખાણવા જેવું છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શ્રાવકો કહે અમારાં સાત ક્ષેત્રમાંનું ક્ષેત્ર,
રૈયતમાં રાજુલનું અસલી રેઠાણ છે;
વૈષ્ણવો કહે અમારા વૈષ્ણવ મહેતાજીનો,
વાસ અહીં તેથી તીર્થ પવિત્ર પ્રમાણ છે;
દેવળમાં દીપે દેવી અંબિકા ને દત્તાત્રય,
વિવિધ પ્રકારે જેનું વેદમાં વખાણ છે;
દીનદાર કહે આ દાવલ[1] શાહતણો દેશ,
જેથકી જાત્રાનું આખી જહાનમાં જાણ છે. ૨૮

## સવૈયો.

જયાં નરરત્ન ઘણાં નિપજે, અવની પણ પ્રાચીન કાળની એવી,
ખાસિ ખરેખરી રત્નની ખાણ વખાણી વિશેષ કહે કવિ કેવી;
ઇંદ્રપુરિ અલકાપુરિ કે લક્ષમિવરની પુરિ તે ગણી લેવી,
જોઇ ઘણી જગમાંહિ જગા પણ જોઇ નથીજ જુનાગઢ જેવી. ૨૯

## કવિત.

શંકરનું ખાણ જેને સેવવાનો સ્નેહ હોય,
તે તો નદિ નર્મદાથી સર્વને સાંપડે છે;
સ્નેહ જેને હોય સેવ્ય રાખવા શાલગરામ,
તે તો નદિ ગલકીથી ઝટ હાથ ચડે છે;
હીરાની પેદાશ તો હમેશાં રોહીલાચલમાં,
વડા રજવાડાની વડાઇ એજ વડે છે;
કારકુન કારભારી મહેતા મુત્સદી જેને,
જોઇએ તેહને જુનાગઢમાંથી જડે છે. ૩૦

૧. દાતાર. જમીઅલશાહની જગા ડુંગર ઉપર પણ છે અને એવું કહેવાય છે કે તેની સેવાથી પતનો રોગ મટે છે માટે એવા દરદવાળા રોંકડા માણસો દૂર દેશથી ત્યાં આવીને રહે છે, તેઓને ત્યાં ખોરાકી મળે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સવૈયા–નાગરોના ગુણ.

મચ્છ અને જલમારગ મૌક્તિક, તે ત્રણ તો શુભ સાગરમાં છે,
વેચિ ખવાય, પિવાય, સુશોભિત, તે ત્રણ કો ગુણ નાગરમાં છે;
શીતળતાઇ, સુગંધ, ક્ષમા ગુણ, તે ત્રણ તો મળિયાગરમાં છે,
સંપ, સુબુદ્ધિ, સ્વરૂપ શરીરનું, તે ત્રણ તો ગુણ નાગરમાં છે. ૩૧

દુમિલા છંદ–નાગરોના વિચાર.

ધરિયે રથ ચક્ર ફરે શુભ જેમ ફરે નર ચાતુર ચાકરિએ,
ફરીએ પરદેશ પ્રવેશ વિશેષ હમેશ સુઉદ્યમ આદરિએ;
દરિયે ફરતાં પણ દુખ દિલે ધરીએ નહિ તો ધન સંચરિએ,
હરિએ નિર્માણ કર્યું ત્યમ હોય સદા મન ધીરજતા ધરિએ. ૩૨

કવિત–ગિરનાર વિષે.

ગિરનાર ગિરિરાજ ઉત્તમ ગણાય આજ,
દિન પ્રતિ નવા સંઘ આવે જ્યાં દેશાવરી;
મરમ વિચારી છેક છુટવા કરમબંધ,
ધરમ નિમિત્ત નિત્ય વિત્ત જાય વાવરી;
જાત જાતની જુઓ જ્યાં ઓષધી અઢાર ભાર,
જોવામાં ઘણીક આવે જાત જ્યાં જનાવરી;
દામોદરકુંડતણું દૈવત દેખાય ખુબ,
કોણ ગણતીમાં ગંગા ગોમતી ગોદાવરી. ૩૩

---

## શ્રાવણ માસનો દેખાવ.

સવૈયા.

મેઘતણી ઘનઘોર ઘટા શિર શુદ્ધ જટાજુટ જેમ ઠરે છે,
ઇંદ્રધનુષ્ય ઉદ્યોત અમૂલ્ય ત્રિપુંડ્રક તુલ્ય ટકાવ કરે છે;
ગંગ સહસ્રમુખીસમ શોભિત સર્વ દિશા જલ ઝર્ણ ઝરે છે,
આ ગિરનાર ગિરિગણનો નિધિ શ્રાવણમાં શિવરૂપ ધરે છે. ૩૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શોભિત શૈલતણા શુભ ભાગ બધા નભમાંહિ ઉંચે પ્રસર્યા છે,
જાણિયે જીત તથા જરના છબિલા શુભ છોડ ઊંચા ઉછર્યા છે;
કે મુચકંદ અશોકને નોઘણ આદિક કીર્તિના થંભ કર્યા છે,
કે ગુણવાન મહોબતખાન નવાબતણા ધ્વજદંડ ધર્યા છે. ૩૫

કવિત.

જોયું જૂનાગઢપુર જોયા મોટા મોટા જન;
જોઇ મે'તા નરસીની જગા જોગ આણીને,
જોયો જયાં ઉપર કોટ કોટી નાણાંતણાં કામ;
ભોંયરાં જે જોયાં તે શું વર્ણવું વખાણીને,
જોયો ગિરનાર ગિરિ જૈનનાં દેવળો જોયાં;
જોયા શિલાલેખ જુના જોવા જોગ જાણીને,
જડયો નર જન્મ જો ન ચડયો નર ગિરનાર;
ભવ છુટી પડયો ખાલી પડયો ફેરો પ્રાણીને. ૩૬

## ત્યાંના રાજાઓ વિષે.

દોહરો.

જયાં રાજા મુચકંદનો, અસલ હતો અધિકાર;
પછી દ્વારિકાધીશનો, અમલ થયો આ ઠાર. ૩૭

કવિત.

તજી વ્રજ દેશ દ્વારિકેશે દ્વારકાં વસાવી,
આવી વસ્યા મુચકંદનો મુલક જાણીને;
એ પછી અમલ કર્યો અસલ અશોકરાયે,
લખી રાખ્યો શિલાલેખ હર્ષ ઉર આણીને;
જે જગાએ નોઘણ, ખેંગાર, મંડલિક થયા,
તેને લીધી મહમદ બેગડાએ તાણિને,
એ જગાને આજ ખડો બાબી મ્હોબતખાન,
પાલન કરે છે પ્રીતે પવિત્ર પ્રમાણીને. ૩૮

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉસમાનખાનને હુમાયુ બાદશાહે આપ્યો,
ખાબીનો ખેતાબ સોંપી સુપ્રત જમાનની;
સફદરખાનની શહાજીહાન બાદશાહે,
કીધી કદર ને દીધી પદવી દિવાનની;
જરૂર વળી જફરખાનને ઓરંગજેબે,
નવાબી નિવાજી ભલી ભરૂચ સંસ્થાનની;
સ્ટાર આફ ઇંડિયાનો પ્રૌઢ ઇલકાબ પામી,
મોટી લાજ વધી આજ મહોબતખાનની. ૩૯

## दोहा.

सोरठ अरु गुजरातमें, नर नरपति अनेक;
पश्चिमके पतशाह [1]यह, स्टारर इंडिया एक.[2] ४०

## સવૈયા.

સ્વારથ કામ સિતાબી કરે ન કરે કૃત્ય સાર્વજનિક સિતાબી,
પૃથ્વી વિષે ફિરતી પ્રસરી પસરે શુભ જેમ સુગંધ ગુલાબી;
કાંતિ કળા કુળની ચડતી કરી દીસિ બીજા દરબારની દાબી,
બુદ્ધિનિધાન, બડો ગુણવાન મહોબતખાન બહાદુર બાબી. ૪૧

સર્વ પ્રજાપર પુત્ર સમાન મહોબતખાન મહોબત રાખે,
તે દિલદાર ઉદારતણી શુભ કીર્તિ વિશેષ વધી જગ આખે;
શિક્ષક તુલ્ય શિખામણ સંજુત ભાવ ભલે મુખ ભાષણ ભાખે,
આશિષ આપી જુનાગઢ વાસી અખંડ ભલું નૃપનું અભિલાખે. ૪૨

---

૧. કાઠીઆવાડના હરેક સંસ્થાન પાસેથી જમાબંદી લે છે, માટે અંગ્રેજ સરકાર ગાયકવાડ સરકાર અને જુનાગઢ સરકાર એ ત્રણ સરકાર કહેવાય છે. કાઠીઆવાડમાં જુનાગઢ સર્વોપરિ ગણાય છે.

૨. એ સમે સોરઠમાં કે ગુજરાતમાં સ્ટાર ઓફ ઇંડિયાના ખેતાબવાળો બીજો કોઇ હયાત નહોતો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કવિત.

ખામી ને દિવાન બહાદુર ઇલકાબ હોય,
ખાસ ગાદી પામે ખુદ એવા ખાનદાનની;
સ્ટાર ઑફ ઇંડિયાનો ઇલકાબ આજ પામે,
પ્રજાને પ્રમાણે પુત્ર પુત્રિકા સમાનની;
દિલમાં ઉદારપણું, પર ઉપકારપણું,
નોંધારા આધારપણું જાણુમાં જહાનની;
એવા એવા ઉમદા અધિક ગુણ હોય એને,
ઉપમા અપાય ખુદ મહોબતખાનની. ૪૩

પુણ્યથકી રાજ્ય પામે રાજથી પ્રતાપ પામે,
પામીને પ્રતાપ રક્ષા રૈયતની કરે છે;
રક્ષણ કર્યાથી ધનધાન્ય તણા ઢગ પામે,
ધન ધાન્ય ઢગથી ભંડાર ભલા ભરે છે;
ભરેલા ભંડારથી વિવેક વિત્ત વાવરે છે,
વાવર્યાથી વિશ્વમાં સુધારતા વિસ્તરે છે;
ધારતાથી કવિ જન કવિતા રચે છે રુડી,
કવિતાથી કીર્તિ ઘણા કાળ થીર ઠરે છે. ૪૪

---

## पृथ्वीरूपी रकाबी विषे.

कवित.

कारीगर काबील मुकाबीला नकरे कोउ,
जामे हद विन हेम वेहद हिरावी हे;
चित्रित विचित्र चित्र सोहे जामे सबे चीज,
सेनापति ओर सेनापतिकी सेनावी हे;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

सागर सरिता शैल शहर सहित देश,
होसके हिसाब यसा कोउ न हिसाबी हैं;
वाबी महावतखान रावरा गुलाबी जश,
रखन खुदाने रची रसाला रकाबी हे. ४५

## મંત્રી મંડળ વિષે.

કવિત.

ભારતમાં પારથના મહારથીઓનાં નામ,
નોંધાયાં છે એવા આજ સુબુદ્ધિ સાગર છે;
કામ કરે કારમાં જે કરવાને હામ ધાલે,
ઉથલપાથલ કરી નાંખે એવા નર છે;
જેનાં પૂર્વજોએ પણ પરાક્રમ કીધાં પુરાં,
પોતે પણ પરાક્રમી પરમ પ્રવર છે;
જેઓનાં ચરિત્ર ચરચાય છે ચારે દિશામાં,
દેશ દેશના નરેશમાં જેનો આદર છે. ૪૬

બહાદુર બાવદીન વજીર બુદ્ધિ નિધાન,
સેનાપતિ શલેહીદી શ્યામદ સમાન છે;
મૃગરાજ મૃગને પકડી પાડે તેવી રીતે,
રાજદ્રોહી પકડીને પામ્યા મોટું માન છે;
નૃસિંહપ્રસાદને પ્રસાદ છે નૃસિંહજીનો,
ગોકળજી ઝાલા તો ગંભીર ગુણવાન છે;
થોભી રાખે આભ એવા ચારે થીર રાજ્યથંભ,
ગોકળજી ઝાલા એમાં પ્રમુખ પ્રધાન છે. ૪૭

પુરપતિ પાસ પણ નૃસિંહપ્રસાદ હોય,
સરવે હતારે વળી સરભરા કરે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સાહેબ લોકો સમીપ નૃસિંહપ્રસાદ હોય,
નૃસિંહપ્રસાદ સ્વાર થૈ સઘળે ફરે છે;
બાળ જ્ઞાનોદય સભા નૃસિંહપ્રસાદ હોય,
વિધિયોની પરીક્ષા મંડપ મધ્ય કરે છે;
જ્યાં જ્યાં જઇ જોઇએ ત્યાં નૃસિંહપ્રસાદ દિસે,
એ તે રૂપ એક કે અનેક રૂપ ધરે છે.    ૪૮

દુહા.[1]

क्या खसबोइ गुलाब जल, नहि सुगंध इत दूइ,
देशांतर खुशबोइघर, बावदीन बहादूर.    ४९

## શક્કરબાગ વિષે.

કવિત.

સુક્કર શક્કર બાગ જો કોઇ નિહાળી જુએ,
નીરખતાં નક્કી તેને લાગેજ નવાઇનો;
જાણે વંદાવન કે વંદાર[2] કેશવાળું વન,
કે જાણે કૈલાસ બાગ માહેશ્વરી માઇનો;
જેનાં ફળમાંહી જાણે જગત જનેતા એજ,
શોધી શોધી સંચ્યો સ્વાદ સુધાની સુધાઇનો;
ઉપજે અથાગ અનુરાગ ભલા ભાગભાળી,
ઉત્તમ અથાગ બાગ બાવદીનભાઇનો.    ૫૦

## બાળ જ્ઞાનોદય સભા વિષે.

કવિત.

ધારા ઘણા સારા જેના સુધરે નઠારા જન,
જેમાં બેસનારાઓની ક્ષમા તો અક્ષર છે;

---

૧. જ્યારે એમની હવેલીએ મળવા ગયા ત્યારે તેમણે ગુલાબજળ તથા ગુલાબગોટા આપ્યો, તે વખત આ દોહરો કહ્યો હતો. ૨. ઈંદ્ર.

P. P. Ac. Gunratnasuri M.S.    Jin Gun Aaradhak Trust

જેવામાં કિશોર પણ ચંચળ ચકોર ઘણા,
દીસે રુડો દોર જેની વાણીમાં વિનય છે;
ભાષણો ભલાં કરે છે કેક કવિતા કરે છે,
કેક સ્વર ગાવામાં સરસ અતિશય છે;
જ્યાં વિશાળ જ્ઞાની પણ મેળવે વિશાળ જ્ઞાન,
બાળકને નામે સભા બાળ જ્ઞાનોદય છે. ૫૧

## નૃસિંહ પુસ્તકશાળા વિષે.

ચોપાયા છંદ.

વાંચન યોગ્ય વિવિધ વિદ્યાનાં, પુસ્તક પ્રૌઢ અપાર;
નૃસિંહ પુસ્તકશાળા નિરખી, ભારતીનો ભંડાર. ૫૨

## વિવાહ વિષે.

સવૈયા.

જે સુતને ભલિભાત ભણાવી અનેક પ્રકારની અક્કલ આપી,
ચાહ અથાહ ધરી ઉરમાં કુળરાહ વિવાહ કરે ગુણ માપી;
વિશ્વ વિષે બહુ તે વખણાય ગણાય પિતા મહાપુણ્ય પ્રતાપી,
તે સુખની તુલના નવ થાય તમામ બીજાં સુખ હોય તથાપિ. ૫૩

દોહરા.

બાબી મહોબતખાનજી, ધરી ઉર અતિ ઉત્સાહ;
કુંવર બહાદુરખાનનો, વિધિવત કર્યો વિવાહ. ૫૪
કોડે લખી કંકોતરી, મોકલી ગામોગામ.
નામાંકિત જન બહુ મળ્યા, તે શું લખું તમામ. ૫૫

કવિત.

જાચકનાં જૂથ મળી ચાલ્યા ચારે તરફથી,
નોતરેલા લોકો પણ નોરે પડયા જાય છે;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જયાં મુકામ ઠામ ત્યાં તમામ જગા રુંધી રહે,
ભરાયલા લોકો તણી ભીડાભીડ થાય છે;
રથ સઘરામ ઘોડાં ઘોડગ્હેલ ઘણી ઘણી,
ગણતરી કરતાં ન કોઇથી ગણાય છે;
દેશી પરદેશી જન જુનેગઢ જાય જેમ,
કીડિયોનું કટક સાકર સામું ધાય છે. ૫૬

સવૈયા.

કેક મળ્યા જન તીરથ કારણ, કેક મળ્યા ભલું ભોજન ખાવા,
કેક મળ્યા ક્રય વિક્રય કારણ, કેક વિલોકી ખુશી દીલ થાવા;
કેક મહોબતખાનતણું મન, મોટી મહોબત રાખી રિઝાવા,
સજ્જન સોખત શોધન કારણ, કેક મળ્યા જન જ્ઞાન કમાવા.૫૭
કેક મહાજન મુંબઇના વળિ કેક ગુણીજન છે ગુજરાતી,
કેક દિસે મરુ દેશતણા, વળી કેકની જાત કળી નથી જાતી;
દક્ષિણ માળવદેશિ બંગાળિ, વિશેષ મળ્યા વળિ લોક વિલાતી,
પારસીનો પણ પાર નથી, પુરમાં નથી માણુસ જાતિ સમાતી. ૫૮
કોટ બહાર હજારો હજાર, મળ્યાં નરનાર સહિત સમાજ,
રાવટિ આવટિ હેઠ રહ્યાં, કેક ખાય તરુતળ ઉતરી ખાજ;
કોટ થકી અદકોશ લગી, ચહુફેર વસ્યા ઘરબારી ઘણાજ,
જેમ સમુદ્ર ચડે ઉભરો, ઉભરાયું જુનાગઢ એમજ આજ. ૫૯
ભીડ મચી પુર ભીતર ભારી, બહુ જન જૂથ જડોજડ જોયાં,
મારગમાં તલપૂર ન મારગ, થાય ઘણી વિધિ ઘસમઘોયાં;
જાતની ભાત જણાય ન જુજવી, ખોળ કરે ન જડે જન ખોયાં,
પોલિસ પાસ સદા દસ બારક, હોયજ માથકી છોરું વછોયાં. ૬૦
કેક મળ્યા કવિ કાવ્ય કળાધર, કેક મળ્યા વળી વેદ પ્રપાઠી,
કેક મળ્યા રજપૂત રુડા વળિ, કેક મળ્યા કુળદીપક કાઠી;
કેક ઇરાની તુરાની મળ્યા વળી, કેક મળ્યા મરુદેશી મરાઠી,
જુક્તિ જુનાગઢની નીરખી, મન ગર્વમતિ નર સર્વની નાઠી. ૬૧

---


P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## માંડવા વિષે.

### સવૈયો.

પાંડવનો ઇંદ્રપસ્થ મહેલ બહુ બહુ જુક્તિથી જેહ બનાવ્યો,
માનવથી ન બને પણ જે મયદાનવ, છેલ છટા ભલી લાવ્યો;
જેહતણો મહિમા મનરંજન ભારતમાં ભલી ભાત ભજાવ્યો,
માંડણી મંડપની નીરખી ઇંદ્રપ્રસ્થ મને શુભ સાંભરી આવ્યો. ૬૨

### કવિત.

મોટા મોટા રાજાઓના નવલખા મ્હેલ જોયા,
જોઇ છે હવેલિયો ઠાકોર ઠકરાઇની;
આયના[૧] મહેલ જોયા બાઇના મહેલ જોયા,
રંગમોલ તારી રંગ રચના સવાઈની;
બહુ બહુ બંદરોમાં મંદિરો મેં મોટાં જોયાં,
જેમાં ખરચાઇ છે દોલત દરિયાઇની;
મોટા મોટા માંડવાની માંડણીયો જોઇ પણ,
નીરખી આ માંડવાની માંડણી નવાઇની. ૬૩
માંડવાની માંડણી તો માંડીને શું મુખે કહું,
અલૌકિક જાણે એ તો આભથી ઉતર્યો છે;
સ્ફાટિક મણિનો ઘણો ઘણી રીતે ઘાટ ઘડી,
દીપ્તિમાન દેવે જાણે ધરણીમાં ધર્યો છે;
કાં તો કળા કૌશલ્ય બતાવા કરી કારીગરી,
રુપેરી ગિરિ કોરીને કારીગરે કર્યો છે;
કાં તો હિમાચળ આપોઆપ આવું રૂપ ધરી,
ઠીક સમો જાણીને આ ઠામ આવી ઠર્યો છે. ૬૪
મંડપમાં જાય તેને છાંટણાં છંટાય ખૂબ,
રસ બસ થાય રુડાં કેસરિયા રંગમાં;

---

૧. દારાનગ્ન મહેલ.

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શહેર બજારમાં હજારો લોક ફરે હરે,
કેસરિયા રંગતણાં આપે વસ્ત્ર અંગમાં;
સોરઠમાં જાણીએ સોનેરી વરસાદ કર્યો,
અમર અધિપતિએ આ સમે ઉમંગમાં;
જાણે જરીઆનનાજ પહેર્યા પોશાક સોએ,
સાહેબજાદાની શુભ શાદીના પ્રસંગમાં. ૬૫

## વરરાજા વિષે.

### સવૈયો.

વાંછિત વેષ વિશેષ સજે પણ કોઇ ન કાંઇ કુચાલ કહેશે,
ભૂષણ ભાર અપાર ધરે પણ દેખત કોઇ ન દૂષણ દેશે;
રાયતણો પણ રાય બની વરરાય લહાવ અલોકિક લેશે,
વાહ રે વાહ જુઓ જગરાહ વિવાહ સમો ન ઉછાહ વિશેષે. ૬૬

### દોહરો.

વરઘોડો વરરાયનો, વર્ણવતાં વધી જાત;
તે માટે તેમાં થકી, મુખ્ય મુખ્ય કહું વાત. ૬૭

### સવૈયો.

હાથી તથા હય હેમ હિરા મુગતાફલ માળ ગણે ન ગણાઈ,
રત્નરુડાં રતનાગરનાં, ગુણસાગર નાગરની સુઘડાઇ;
પાલખિનો પણ પાર નહીં રથ ચારઠની ઠઠ ઠીક ઠસાઇ,
આખતણો ન બનેજ હિસાબ, નવાબતણા ઘરની ન નવાઇ. ૬૮

### કવિત.

કાળા કાળા કાજળ આકારના છે કરિવર,
જાણે વાદળાના જથા આભથી ઉતર્યા છે;
દૂરથી દેખાવ દીસે ડુંગરાના ડોળ જેવો,
ખચયા સેતુ[1] બાંધતાં તે ધરણીમાં ધર્યા છે;

૧. રામે પર્વતોની પાજ બાંધી હતી તેમાંથી વધેલા તે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઐરાવત પતિએ ઐરાવતના બાળ જાણે,
ભૂપતિને આપ્યા ભેટ ભારી મદ ભર્યા છે;
લાયક નવાબ તણો લખવા લાખેણો જશ,
કિંવા કવિઠાજે ગંજ કાજળના કર્યા છે. ૬૯

## ઘોડા વિષે.

### સવૈયો.

લક્ષપતિ જનનાં મનલોભિત, શોભિત સાજ સજેલ સજોડા,
લેશ નહીં તનમાં કશું લાંછન, ઉત્તમ કાંચન કીધ અછોડા;
ચાર પગે ઉછળે ચમકે વળિ, થૂળપણે પણ તે નથી થોડા,
ફાળ ભરે હનુમાન સમાન, ઘણા બળવાન લુમે બહુ ઘોડા. ૭૦

## હાથીના રથ વિષે.

### કવિત.

બળવંત બળદ બબ્બેના રથ જોયા,
જોયો છે મેં સરસ બેચાર ઘોડા સાથીનો;
જગન્નાથજીનો રથ મોટામાં મોટો જોયો છે,
જોયો છે ભભકાદાર રથ ભૂપ ભાથીનો;
શ્રાવકોના દેવનો મેં જોયો છે સરસ રથ,
જાણે કે મઢેલો છે રૂપેરી જગન્નાથીનો;
ઘણી સરસાઇનો નવાઇનો સફાઇદાર,
જનમ ધરીને આજ જોયો રથ હાથીનો. ૭૧

## વરઘોડાની વાડી વિષે.

### કવિત.

છોટા મોટા છોડવાળી ભભકમાં સારી ભાળી,
રંગમાં રૂપાળી ઘણા મજુરે ઉપાડી છે;
ભૂતળ ન ભાળી આવી દેવવાળી દુનિયાથી,
કોણ જાણે એ તે કિયા માળીએ ઉગાડી છે;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઢાળ પાડી ઢાળી હોય ડાળીઓ રૂપાળી એવી,
સોનેરી ગુછાળી વર રાજાની અગાડી છે;
કૈલાસની ઝાડી જેવી, ઊંચી તો અંબાડી જેવી;
વાસવની[1] વાડી જેવી, જોડ ફુલવાડી છે. ૭૨

## રોશની વિષે.

### સવૈયો.

પૂર્ણ પ્રકાશ કરે પુરમાંહિ, દશે દિશ દીપક દીપી રહ્યા તે,
મંડિત હોય અમૂલ્યમણિ, અથવા ગ્રહ આભ થકી ઉતર્યા તે;
વાસર કે રજની ન જણાય, ગણીત કર્યે નત્ર જાય ગણ્યા તે,
સઘ ઉઠે જનને મન સંભ્રમ, પક્ષ હશે સુદ કે વદ આ તે. ૭૩

### દોહરા.

આતસબાજી અતિ ઘણી, જોવા જોગ જણાય;
જે જોવાને જનતણી, ભારે ભીડ ભરાય. ૭૪
રાણપોરના ખાનની, બેટી બહુ ગુણવાન;
બાંટવાની બીજી બીબી, પરણ્યો બહાદુરખાન. ૭૫

## વિદાયગીરી વિષે.

### સવૈયા.

ભાટ તથા બહુ ભાંડ મળ્યા વળિ, તેમ મળ્યા બહુ ત્યાં તરગાળા,
રૂપ ધરે બહુરૂપી બહુ વિધ, ચારણ કૈક કરે કવિ ચાળા;
મીર ફકીર અનેક મળ્યા વળી, જે વિદવાન હતા ગુણવાળા,
સ્વાર થઇ નિજ ઘેર ગયા, નિકળેલ હતા ઘરથી પગપાળા. ૭૬

[1] ઇંદ્ર.

P. P. Ac. Gunratnasuri M.S.   Jin Gun Aaradhak Trust

પૂરણ સૌની કરી પરુણાગત, કોઈ રહ્યું ન કશી ચીજ પાખી,
પાણીની માફક ઘી પીરસ્યાં, અરધી ચીજ માગી તહાં ધરી આખી;
સાકર ખાંડની સીમ રહી નહિ, ના કહેતાં પણ ઉપર નાંખી,
સ્નેહથી વાપરિયું ધન સંચિત, કિંચિત માત્ર કચાશ ન રાખી.૭૭

## સ્કુલનો પાયો નાંખ્યો તેવિષે.

### કવિત.

પચિસમી તારીખે ત્યાં સ્કૂલતણો પાયો નાંખ્યો,
કીધું ખાત મુહૂરત એ તો શુભ કામનું;
જેથી જુનાગઢમાં વિદ્યાતણો વધારો થશે,
ટળશે અજ્ઞાન ત્યાંની રઇયત તમામનું;
જેમ કલ્પવૃક્ષતણું બીજ કોડે વાવે કોઇ,
વાવ્યું ઉડહાઉસે[1] સરસ્વતિના ધામનું;
વિદ્યાથી સરસ એ તો ઉત્તમ કામજ થયું,
દેખી દિલ રીઝયું બહુ દલપતરામનું.[2] ૭૮

### દોહરો.

મુંબઇની વિકટોરિયા, નાટક મંડળી નામ;
તેણે ખેલ કર્યા ભલા, રીઝયા લોક તમામ. ૭૯

## આશીર્વાદ.

### કવિત.

હાથી હય ભાથી સાથી હજારો હજાર પામો,
પામો હીરામોતી હાર હજારો હલકમાં;

૧. પોલિટિકલ આસિસ્ટન્ટ કેપટન.

૨. ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીને વાસ્તે રૂ. ૫૦) રોકડા આપ્યા તથા દલપતરામને ઉમદા સરપાવ અને દરસાલ રૂ. ૧૦૦) વર્ષાસનનો લેખ કરી આપ્યો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઘણીક તમારે ઘેર લક્ષ્મીની લીલાલેર,
છત આવે સાગરની છોળની છલકમાં;
પક્ષકાર પ્રતિ દિન પ્રાર વિના પક્ષ પામો,
પ્રતિપક્ષીઓના પક્ષ પડે રે પલકમાં;
સુફળ ઇરાદા આબીજાદા જીવો જુગોજુગ,
ખાઓ પીઓ ખુબી કરો ખુશીથી ખલકમાં. ૮૦

## मोतीदाम छंद.

रखे तुजपे ज्युं रहेम रसूल, करे तब कीर्ति जहान कबूल;
करीम करं धन पूर्न मकान, रहो खुशि खूब बहादुरखान. ८१
करो कुल लायक उत्तम काम, धरे धन धान्य खूदा तुज धाम;
गुनी जन गाय सदा गुन गान, रहों खुशि खूब बहादुरखान. ८२
वसे मुखमें ज्युं सरस्वति वास, अथाग बढे तुज राज उजास;
करो कवितारस पीयुष पान, रहो खुशि खूब बहादुरखान. ८३
पिता सम होहु प्रजा प्रतिपाळ, दिले दररोज रहो ज्युं दयाल;
सबे बिधि हो बहू आर सुजान, रहो खुशि खूब बहादुरखान.८४
दिसे तव कीर्ति विलायत देश; नमे तुजपें सब और नरेश;
सचे तुम सोरठके सुलतान, रहो खुशि खूब बहादुरखान. ८५
मकेश्वर पूरहि आप मुराद, अपार वढे पुनि आप ओलाद,
दिनं प्रति देहु गरीबकु दान, रहो खुशि खूब बहादुरखान. ८६
वदो मुख आप अविचल वाच, सदा सब बानि विषे रहे साच;
समृद्धि बढे सुरराय समान, रहो खुशि खूब बहादुरखान. ८७
तुंही सुख पावहु नित्य तमाम, दुवा नित्य दवत दलपतराम;
विचछन होवहु सर्व निधान, रहो खुशि खूब बहादुरखान. ८८

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## સમાપ્તિ વિષે.

### કવિત.

કેંક લોક કરે છે વિવાહ વિત્ત વાવરીને,
ચરચાય છે તે વાત ચાર દિન ચોકમાં;
ઢીંગલાંના વિવા' કરી હૈયામાં હરખ ધરે,
ફાવે તેમ રમે જેમ બાળ ફોક ફોકમાં;
તેમજ તમામ રાજાતણા વિવા તણી વાત,
થીર રહી નથી આજ જુઓ જન થોકમાં;
દ્વિજ દલપત જેની જાનમાં જાનૈયો થયો,
એ તો વાત અવિચળ રહેશે આ લોકમાં. ૮૯

વળતી વખત રાજકોટમાં આજમ મણિશંકર જટાશંકર જેઓ ઘણા અનુભવી છે, તેમનો સમાગમ થયો અને વાતચીત કરતાં કેટલાક સંશય મટયા તેથી ખુશી થઇને કહેલો-સવૈયો.

વેદતણા બહુ ભેદ વિચક્ષણ, લક્ષણ શુદ્ધ ચિત્તે ચતુરાઇ,
સંશય ટાળી કરે ગતસંશય, હંસ જથા જળ દૂધ જુદાઈ;
સ્વાત્મક જ્ઞાન તથા પરમાત્મક, તે ત્રિગુણાત્મકના ગુણ ગાઈ,
ભાગી શકે ભ્રમ[૧] ભાવ ભયંકર, શંકર કે મણિશંકરભાઇ. ૯૦

### દોહરો.

જે ફાર્બસ સાહેબથી, વિદ્યા વિદિત પ્રકાશ;
હવે કહું હું તે વિષે, *ફાર્બસ તણો વિલાસ. ૯૧

---

૧ વહેમ અથવા સંશય.
* ફાર્બસ વિલાસ બીજા ભાગના ત્રીજા પ્રકરણમાં જોવું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# प्रकरण ५ मुं.

## હંસ કાવ્ય શતક.[1]

### મંગળાચરણ—મનહર છંદ.

પ્રથમ પ્રભુના પદ પંકજ પ્રણામ કરું,
કરું કષ્ટ હરણનું સ્મરણ સચેતથી;
સભાજન ભૂષણ ને દૂષણ રહિત હિત,
દાખવું દૃષ્ટાંત ને સિદ્ધાંતના સંકેતથી;
પઢે મુખ પાઠ તે પ્રવીણપણું પામે પુરું,
વરણન એવું રુડું વરણવું વેતથી;
કહે દલપતરામ રાજનીતિ અંશ કાવ્ય,
હંસ કાવ્ય શતક હું કહું હવે હેતથી. ૧
ઓ પ્રભુ! અનાથ નાથ હેતે મુજ માથે હાથ,
ધાર ધરણીધર તો ધીરજ ધરી શકું;
કાવ્યકળાના કલ્લોલ છે જેવી સમુદ્ર છોળ,
તારી દયા હોય તો હું તે વિષે તરી શકું;
ઉચરું સરસ રસ સભા કરું રસબસ,
ભીતર ભલાનાં રસભાવથી ભરી શકું;
કહે દલપત કૃપા કરે તું નિરંજન તો,
હૃદય સભાસદોનાં રંજન કરી શકું. ૨
ઇશ્વરની કૃપાથકી કારજ કરી શકાય,
ઇશ્વર કૃપાથી આપદા થકી ઉગરીએ;

---

૧. મુંબઈના કુવાણા ઠક્કર હંસરાજ કરમસીને આ કાવ્યશતક ભેટ કર્યું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કરીએ ઉદ્યોગ આશા ધરિયે અપાર પણ,
ઇશ્વર કૃપાથી તરી પાર તો ઊતરીએ;
પરિશ્રમ કીધે તો પગાર જેટલું પમાય,
ઇશ્વરકૃપા થકી ભંડાર ખૂબ ભરીએ;
સુણો રુડા રાજહંસ દાખે દલપતરામ,
ઇશ્વર સ્મરણ કરી કારજ આદરીએ. ૩

સત્સંગ વિષે.

પંડિત પ્રસંગથી સુસંગતિનો રંગ ચડે,
પંડિત પ્રસંગથકી વ્હેમ દૂર વામિયે;
પંડિત પ્રસંગથી મુખ્ય મુખ્ય જ્ઞાન મળે,
પંડિત પ્રસંગે પળ પડે ન નકામિયે;
પંડિત પ્રસંગથકી પવિત્ર મતિ પમાય,
પંડિત પ્રસંગ તો વખાણ્યો વીર સ્વામિયે;
સુણો રુડા રાજહંસ દાખે દલપતરામ,
પુણ્ય પાખી પંડિત પ્રસંગ કયાંથી પામિયે. ૪
દોડતી ગાડીએ દડો નાંખીએ સીધી લીટીમાં,
દોડતી ગાડીને સંગે, દોડી દૂર પડશે;
ઉંચો જો ઉછળીએ તો આઘો પાછો પડે નહીં,
આવી એ તો આપણાજ હાથમાંહી અડશે;
ગતિમાન સંગતે અગતિમાન ગતિ પામે,
ઇશ્વરી નિયમ એવો જોઇ લેતાં જડશે;
સુણો રુડા રાજહંસ દાખે દલપતરામ,
સદગુણી સંગે એમ, સદગુણ ચડશે. ૫
શ્રીમંતનું સદન શોભાવે સદા સ્વચ્છ રહી,
નકી છે નિશાની આપ શ્રીમંતના સુખની;
રવિ કીરણો જેવું અદર્શ તેના રંગતણું,
કોઇ સમે કરે જ્ઞાન મીઠી જીભે મુખની;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સ્થાપે જેહ સ્થાનકમાં તેહ સ્થાને સ્થિર રહે,
દામ દઇ દૂર જાય દેખી વેળા દુઃખની;
સુણો રુડા રાજહંસ દાખે દલપતરામ,
જુઓ એક રીત છે, પંડિત ઝમરુખની.[1] ૬

ધીરે ધીરે ધીરવી ધીરવીને ધરાવી ધીર,
અધીર અધીરિયાની ધીર નાંખે ધોઇને;
વદે એવાં વચન પચન થાય પેટમાંહી,
અજીરણ ઉપજે નહીં કદાપિ કોઇને;
સાચવી સ્વભાવ શાંત, ભ્રાંતને અભ્રાંત કરે,
મેલી દે મતાંત તે મહાંત ખેદ ખોઇને;
સુણો રુડા રાજહંસ દાખે દલપતરામ,
જનનો સુધારનાર જાણીએ તે જોઇને. ૭

છોટો હોય છેક તેને મોટો કરીને દેખાડે,
મોટાને મહંત મોટો ધારવાનું ધ્યાન છે;
જેમ જેમ આપની વડાઈ અધિકાઇ થાય,
તેમ તેમ પારકી વડાઈતણું તાન છે;
એવો ગુણ અધિક અધિક જેમ આપ ગ્રહે,
તેમજ મનાય તે મહાન મૂલ્યવાન છે;
ઓળખીએ દેખી આમ, દાખે દલપતરામ,
સજ્જન પુરુષ સૂક્ષ્મદર્શક સમાન છે. ૮

ધાતુ અને અધિક ધારજ ધરનાર નર,
સુઘડતા પૂરી ક્યારે પામે છે સંસારમાં;
તવાઇ તવાઇ ઠીક ઠોકરો ખવાય ખૂબ,
ત્યારેજ દેખાય અતિ ઉત્તમ દેદારમાં;

---

૧. ઝમરુખ-ઝુંમર.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઠોકરો ખાવામાં જેને જેટલી કચાશ રહે,
તેટલી કચાશ એબ લગાડે આકારમાં;
સુણો રુડા રાજહંસ દાખે દલપતરામ,
સુઘડ શોભે છે સારી સભાના શૃંગારમાં. ૯
સભામાં સુભાગ્યશાળી સભાસદ બની શોભે,
સભા તો અભાગિયાને ઝેરતણી ઝાળા છે;
સભામાં પ્રભા પ્રગટે પંડિત પ્રકાર બની,
સભામાં વિરાજે તે તો વડા પુણ્યવાળા છે;
સભામાં સુભાષિત સંભાષણોજ સાંભળીએ,
સભામાં સુરસ મનરંજન રૂપાળા છે;
સુણો રુડા રાજહંસ દાખે દલપતરામ,
સભા સારી સદગુણો શિખવાની શાળા છે. ૧૦
જેનું કામ જેથી થાય તોપણ તે ચીજ તજી,
કેક લોક બીજી ચીજે બને તે બનાવે છે;
ચુનાબંધ ચોખાં ઘર ચિત્તમાં ન ચાહી અને,
જોગી જેમ જનમારો ગુફામાં ગુમાવે છે;
કસ્તૂરી ને કેસરને કંકુને નકામાં ગણી,
ભોળોનાથ ભસ્મ અંગે ભુંશીને નિભાવે છે;
સુણો રુડા રાજહંસ દાખે દલપતરામ,
જે જેમ ચલાવા ચાહે તે તેમ ચલાવે છે. ૧૧

## દુર્જનવિષે—આર્યા વૃત્ત.

કવિ વાણી ઘન પાણી, પેખી સકળજન સદા હૃદય રીઝે;
ફેવી જવાસા દિલમાં, ખરેખરા ખારથી ખીજે. ૧૨

## મનહર છંદ.

ગાજે જયાં ગગન ઘન જવાસા સુકાઇ જાય,
તરુવર તો તમામ ફાલીને ફેલાય છે;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સૂરજની શોભા દેખી સર્વને સંતોષ થાય,
ઘૂડ તો ઘલાઈ ખુણે ઘણાં ગભરાય છે;
અદેખાને ઉપદ્રવ કરે નહીં કોય તોય,
અદેખાનું શરીર સ્વભાવથી સુકાય છે;
સુણો રુડા રાજહંસ દાખે દલપતરામ,
જેમ ફાસફરસ સ્વભાવે બળી જાય છે. ૧૩

સુરજ સમાન આપ હોય છે ઉદાર જન,
કરુણા કીરણ પૃથિમાં પથરાય છે;
અદેખો મનુષ્ય અન્ય ચંદ્ર સમ વચ્ચે પડે,
આવતાં કીરણો કેટલાંક અટકાય છે;
અંતરમાં એટલું અદેખો નથી આણતો જે,
અવનીનો વારો આવ્યે ચંદર ગ્રસાય છે;
સુણો રુડા રાજહંસ દાખે દલપતરામ,
અદેખાઇથી બંનેને અવગુણ થાય છે. ૧૪

અદેખાના સામી અદેખાઇ કરે શ્રેષ્ઠ જન,
તેના દીલતણું ડોળ સૌને સમજાય છે;
ચંદ્રમાની વચ્ચે પડે પૃથિવીનો પડછાયો,
ગોળ પડે તેથી ડોળ સમજી શકાય છે;
અકલિત હતો અવનીતણો આકાર પણ,
પ્રગટ સ્વરૂપ પડછાયાથી પમાય છે;
સુણો રુડા રાજહંસ દાખે દલપતરામ,
ગંભીર આકાશ કહો કોઇથી કળાય છે. ૧૫

ખારીલો સખસ ખૂબ ખૂનસથી ખાર રાખી,
ઘટમાં ને ઘટમાંજ ખાર ઘણો ઘુંટશે;
છાનો રાખશે તથાપિ છેક નહિ છાનો રહે,
છાતીમાંથી ખાર ભર્યાં વચનજ છૂટશે;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ક્લોરેટ[1] પોટાસ ને ગંધક ચોર છાનો ઘુંટે,
ફજેત થશે તેવા ફટાકા બહુ ફૂટશે;
સુણો રુડા રાજહંસ દાખે દલપતરામ,
એ થકી અદખ તેની તરતજ તૂટશે. ૧૬
કોઇ કહે અતિ ઝેર વિંછીતણા આંકડામાં,
કોઇ કહે તેથી ઘણું સરપના તનમાં;
કોઇ કહે હોય ઝેર હડકાયા કૂતરામાં,
કોઈ કહે હોય ઝેર વેરીના વચનમાં;
કોઇ કહે ઝેર ઘણું રહે રતનાગરમાં,
કોઇ કહે ઝેરતણાં ઝાડ ઝેરી વનમાં;
સુણો રુડા રાજહંસ દાખે દલપતરામ,
આવું ઝેર સૌથી ઝેરી માણસના મનમાં. ૧૭

ઇંદ્રવિજય છંદ.

ક્રૂરથકી ડરિ દૂર રહી જન ક્રૂરતણું, કરિયે મુખ કાળું,
જો કરિયે કદિ શીશ સમર્પણ, ક્રૂર કદાપિ ન થાય કૃપાળુ:
રક્ષકનો પણ ભક્ષ કરે, ભયકારી જનાવર થાય ભુખાળું,
હંસ સુણો દલપત કહે કશું, ક્રૂરને વાયક વિનતીવાળું. ૧૮

મનહર છંદ.

કાળજાનો ક્રૂર એક કોઇ હતો કાળો નાગ,
ગળી જાતો પ્રાણીઓને પોતે એક ગાળમાં;
એક સમે શેળો તેનું પુછડું પકડી પડયો,
કુટી કુટી ફેંણ કાંટા વાગિયા કપાળમાં;
શેળાની કઠોર કાયા કષ્ટ તેને કશું નહિ,
ક્રૂર પેલો ઝેરી નાગ મુઓ ક્રોધ ઝાળમાં;
સુણો રુડા રાજહંસ દાખે દલપતરામ,
ક્રૂરને કઠોર એમ મળે કોઇ કાળમાં. ૧૯

૧. આ ત્રણ વસ્તુઓ એકઠી કરીને ઘુંટીએ તો બંદુકના જેવા અવાજ થાય.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રામાતણું બળ જે રિસાઇને રહેવું ભૂખ્યાં,
બાળકનું બળ બહુ રાગ તાણી રડવું;
દીનતણું બળ દીલ દુખાઈ બેદુવા દેવી,
જુલમીનું બળ જે જુલમ કરી નડવું;
અદેખાનું બળ જે અછતા અવગુણ બોલે,
રાયતણું બળ વેર રાખીને રગડવું;
કહે દલપતસમ કપટી કુટીલ કને,
પંડિતનું બળ મૌનપણું તે પકડવું. ૨૦

સૃષ્ટિ મધ્ય સર્વ લોક કપટ કરે છે એમ,
કપટી તો કહે પોતે કપટ કર્યા થકી;
કાયર તો જુદ્ધ સમે જોતાં જન સરવને,
ડરતાજ દેખે પોતે દીલમાં ડર્યા થકી;
કંજુસ તો દુનીયામાં સર્વને કંજુસ દેખે,
કંજુસાઇ પોતાતણે કાળજે ઠર્યા થકી;
સુણો રુડા રાજહંસ દાખે દલપતરામ,
ખગોળ ફર્યો દેખાય ભૂગોળ ફર્યા થકી. ૨૧

કહી કહી થાકે ગુરુ કહેલું ન કાન ધરે,
કોણ કરે બોધ શિષ્ય હોય ન કહ્યાગરો;
ભરી ભરી રાખીએ ને ઝરી ઝરી જાય જળ,
કોણ ભરે પાણી એવી કાણી કાણી ગાગરો;
બોદી બોદી ખાતર નાખીને ખૂબ ખેડે તોય,
અન્ન ન ઉછેરી આપે લવણના અગ્ગરો;
કહે દલપત એવી ઠાલી માથાકુટ કરી,
કોણ કરે એવો ઉંઘ વેચીને ઉજાગરો. ૨૨

સરસને નરસ નરસને સરસ કહે,
સરસ નરસની સમજ નહીં જેહને;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ધરમને ભરમ ભરમને ધરમ ધારે,
ધરમ ભરમતણો ભેદ નહિ તેહને;
સત્યને અસત્ય કહે અસત્યને સત્ય કહે,
સત્ય કે અસત્યની અગત્ય નહીં એહને;
સુણો રુડા રાજહંસ દાખે દલપતરામ,
દહીં દૂધ ખાઇ પુષ્ટ કરી જાણે દેહને. ૨૩

## ઇંદ્રવિજય છંદ.

વાંચી શકે ન નીચો પડિ ચોપડિ, રોટલિ ચોપડિ ચાવે,
માત પિતાતણિ વાત સુણે નહિ, ભ્રાત તણે શિર લાત લગાવે;
છોકરવાદપણું રહે છેક, વિવેક વિના ગુણ એક ન આવે,
પ્રૌઢપણે દલપત કહે, ગુણ બેશ વિના પછી દેશ લજાવે. ૨૪

## મનહર છંદ.

ઘરમાં ઘરુણી સંગ સંગરામે શૂરવીર,
લુંટનાર લોકને તો આપવા ઉદાર છે;
જોરાવર જન પાસ ખરા ક્ષમાવાન રહે,
પેટને અનાજ દાન દેવાને દાતાર છે;
ભવનમાં ભંડારેલું ધન કાઢે ભોગવવા,
તે તો પાછું સોંપવાને શાણા સાહુકાર છે;
સુણો રુડા રાજહંસ દાખે દલપતરામ,
ચિત્ત પાસે સત્ય બોલે એવા તો અપાર છે. ૨૫

પરુણાં થૈ પરઘેર પરાધીન પેટ ભરે,
માનજો તે માનવીનું માન ઘટી જાય છે;
જ્યાં સુધી રહેવું યોગ્ય અધિક રહે અયોગ્ય,
હોય પ્રીત પરમ તે નરમ જણાય છે;
જુઓ હિતકારી નહિ જગમાં જનેતા જેવી,
એણે પણ દસ માસ ઉદર રખાય છે;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રહે જો અધિક કાળ કહે દલપતરામ,
વૈરભાવ વધી દીલ દીલગીર થાય છે. ૨૬
માનવી તું હોય તો આ માનવી અમારી વાત,
માનવી નહિ જો હોય માનવી વગરનો;
અફીણથી જ્ઞાન જાય, અફીણથી માન જાય,
અફીણનો છંદ એજ ફંદ છે ફિકરનો;
ખૂટયો કાં તો કાળ કે વછુટયો ઉરથી વિવેક,
ઉઠયો દાડો જાણવો અફીણિયાના ઘરનો;
કહી કળાકુશળતા કસુંબામાં કશી નથી,
કસુંબો કાઢયાથી કોપ કોશલ્યા કુંવરનો. ૨૭

## વચન વિવેક વિષે.

### દ્વિઅર્થી–વાણીઆ તથા ભાષાઓ.

વાણીએ વેપાર થાય, વાણીએ ઉગાર થાય,
રાજકારભાર સાર, વાણીએ પ્રમાણીએ;
વાણીએજ જ્ઞાન વિજ્ઞાન અનુમાન થાય,
જે વિના યથાર્થ જગદીશ નહિ જાણીએ;
વાણીઆ ન હોત તો નહોત માણસાઇ મૂળ,
એ થકી અધિક કહો ખૂબ શું વખાણીએ;
કહે દલપતરામ જે કહું હરેક કામ,
વિશ્વમાં વિશેષ તો વિખ્યાત કર્યું વાણીએ. ૨૮
બોલે એક બોલ તેના તોલથી તપાસીએ તો,
વરતી શકાય તેની વાતચીત વાણીએ;
કેવી ચાલ કેવો માલ કેવો તેનો ખધો તાલ,
પૂછયા પાખી પણ પરિપૂરણ પ્રમાણીએ;


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લક્કડના લાડુતણા નામથી તમામ ગુણ,
દાખે દલપત્ત આપ અંતરમાં આણીએ;
પંડયાણીનું પુરું કુળ પૂછયા પાખી પ્રીછી લૈએ,
દીકરાનું નામ જયારે દાઉદીઓ જાણીએ. ૨૯

વચનથી વેરવાઇ વેરને વિસારી મૂકે,
વચનથી કીમત જણાઇ આવે જનમાં;
વચનથી અંતરમાં આનંદ અધિક થાય,
વચનથી મહા ખેદ ઉપજે છે મનમાં;
અજાણ્યાથી પ્રીત થાય જાણ્યા વિપરીત થાય,
વચનથી જવું પડે પારકા વતનમાં;
સુણો રુડા રાજહંસ દાખે દલપતરામ,
વિદ્યા વશીકરણની વસે છે વચનમાં. ૩૦

આંખ અને કાન જેવી જાણે તેવી તેવી વાત,
જીવને જણાવે તે વિના તો કેમ જાણીએ;
સત્ય ને અસત્ય શબ્દ શ્રવણ તો સુણે જાય,
કહો એવા કાનનો વિશ્વાસ શું વખાણીએ;
પેટી[1] તણા પેટમાંહી પ્રતિમા બે પડી હોય,
આંખ કહે એક તો ભરુંસો કેમ આણીએ;
સુણો રુડા રાજહંસ દાખે દલપતરામ,
તેમાં બુદ્ધિ ત્રીજી રાખી પારખી પ્રમાણીએ. ૩૧

સમજયા વિનાનો શુક રટે સુખ રામ રામ,
કોણ જાણે રામ તે અંજીર કે અનાર[2] છે;
તિથિ તે શું વાર તે શું, નક્ષત્ર તે નામ શેનું,
અજાણ જોશીને નામ માત્રનો ઉચાર છે;

---

૧ પેટી-સ્ટીરીઓસ્કોપ.

૨ અનાર-દાડમ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પાશેરનું અર્ધ પૂછયે નારી કહે નવટાંક,
પાશેરના ટાંક પૂછયે વિચારતાં વાર છે;
તેમજ રીતિ તમામ દાખે દલપતરામ,
રહસ્ય જાણ્યા વિના ન સૂજે કશો સાર છે. ૩૨

દૃષ્ટિએ દેખાય પણ જાણપણે જાણે તેને,
રવિતણો તડકો[1] દેખાય મધ્ય રાતમાં;
અનંત બ્રહ્માંડ[2] જ્ઞાનવાન નિજ આંખે દેખે,
વિના જ્ઞાનવાન તો વદીજ જાણે વાતમાં;
લક્ષ્મી[3] વરુણ જમ જમદૂતની જમાત,
ભારતી આદિક ભલાં નામ ભાત ભાતમાં;
સુણો રુડા રાજહંસ દાખે દલપતરામ,
બોલી જાણ્યા પણ રહ્યાં જાણવાં અકાતમાં. ૩૩

દસ મોઢે બોલનાર આ સમે અપાર દીસે,
રાવણને ઉપમા નથી લખી નવાઈની;
ઉપમા પ્રમાણે ચિત્ર ચિત્રવાની ચાલ પણ,
ભાસે દેશ દેશમાં હમેશ બાઇ ભાઈની;
ઉપમા વિના આનંદ ઉપજે ન અંતરમાં,
તે તો છે પુરાતનની રીત પંડિતાઈની;
સુંણો રુડા રાજહંસ દાખે દલપતરામ,
કવિની ન ચૂક મૂર્ખનીજ મૂરખાઇની. ૩૪

કહે એક જોગીરાજ આજ અચરજ દીઠું,
કાયા ઉજળી મેં નેણે નીરખી કોકીલની;

૧ તડકો-ચંદ્ર ઉપર પડે છે તે.
૨ બ્રહ્માંડ-જેટલા તારા દેખાય છે તે દરેક બ્રહ્માંડ છે.
૩ લક્ષ્મી એટલે દોલત. વરુણ-જળ. જમ-મોત. જમદૂત વરેક લરે-હના રાગ. ભારતી-વિદ્યા, ઇત્યાદિકને જીવતા દેવોનાં રૂપ આપેલાં છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એક દેશમાં અનાજ એવું તો મોઘું મળે છે,
તેર કોટિ કીમત તો આવે એક તીલની;
કથન સુણીને એવાં કહે દલપતરામ,
બોલ્યો એક પંડિત દેખાડી વાત દીલની;
કાં તો આજ કોઇ ઠામ અશ્વનો પ્રસવ થયો,
કાં તો આજ આગલી છે તારીખ એપ્રિલની[1]. ૩૫

મુખની વરાળ કાઢી નાખતાં કળાય પેટ,
તે માટે મોટા મનુષ્ય મત નથી તાણતા;
જ્વાળામુખી થકી જે ન નીકળે ગંધક રસ,
જમીનના પેટમાં શું છે તે કોણ જાણતા;
પાણી કે પાષાણ હશે, કે સોનાની ખાણ હશે,
એવું એવું ધારીને અચંબો ઉર આણતા;
સુણો રુડા રાજહંસ દાખે દલપતરામ,
વાસતે વાચાળને લોકો નથી વખાણતા. ૩૬

મૂરખનાં મનતણો મર્મ સર્વને જણાય,
મર્મ જે સુજાણનો તે કહો કોણ જાણે છે;
જાણવા ન ઇચ્છે કૃત્ય તો ન કોઇ જાણી શકે,
જાણવા અનેક જન અભિલાખ આણે છે;
મુલકમાં જેવી રીતે ધ્રુવ માછલીનું મુખ,
કોણ જાણે ઉત્તર તરફ કોણ તાણે છે;
સુણો રુડા રાજહંસ દાખે દલપતરામ,
મર્મ જો જણાય તો ખોદાય તે ઠેકાણે છે. ૩૭

૧ દિવસે ઘોડી વિઆય તો તે અપશુકન મટાડવા સારુ એક ગપ ચલાવવાનો ચાલ આપણા દેશમાં છે; તેમજ તારીખ ૧ લી એપ્રિલને દહાડે એક ગપ ચલાવવાનો ચાલ અંગ્રેજ લોકોમાં છે, તેને એપ્રિલ-ફુલ કહે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પારકીજ ચૂકનો વિચાર કરતાં પ્રથમ,
આપનાજ અંતર તરફ ચિત્ત આપિયે;
દુઃખ સુખ પારકાના દેહતણું દેખવાને,
આપનાજ દુઃખ સુખમાંહી દીલ થાપિયે;
આપણુંજ કાળજું કપાય તેનું કષ્ટ જોઇ,
કાળજું પરાયું પછી કદાપિ ન કાપિયે;
સુણો રુડા રાજહંસ દાખે દલપતરામ,
માપવા દિવસ છાયા આપનીજ માપિયે. ૩૮

કાશી કેરા પંડિતની સાથે સભાવિષે વાદ,
વદવાને ઉઠયો ઠગ મૂરખ ઠગાઇથી;
હુંકારા ટુંકારા કરી તાડુકી તાડુકી તે તો;
તજી લાજ શરમને બોલ્યો તોછડાઇથી;
પંડિત તો તેના સામો એકે બોલ બોલ્યો નહિ,
રહ્યો સાંભળીને સર્વ રુડી ગંભીરાઈથી;
સુણો રુડા રાજહંસ દાખે દલપતરામ,
મૂર્ખ જાણે જીત્યો મારી વિદ્યાની વડાઇથી. ૩૯

ક્ષમાવાળા ક્ષમા રાખે ત્યારે દુષ્ટ તેને કહે,
બોલી જાણે નહિ માટે નાસવાની બારીઓ;
આબરૂ તજીને બોલતાં અદબ મૂકવાની,
હિંમત ન રાખે ત્યારે કહે એ તો હારીઓ;
ઉપરા ઉપર બોલ બોલતાંજ બીહે નહીં,
જાહેર કરે છે તાત માતતણી જારીઓ;
સુણો રુડા રાજહંસ દાખે દલપતરામ,
તેવી તો ચતુર ઘણી નારીઓ સુનારીઓ. ૪૦

ભઠ પડયો ભવ જેઓ ભવનમાં ભુંડું બોલે,
ભુંડું બોલવાની રીત ભાંડ કે ભવાઈની;

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

દીકરી દુહીતા માતા દેખતા ખકે છે દુષ્ટ,
નહિ રીત જૂની એ તો જાણવી નવાઇની;
અરથ વિનાની તોય આનંદ પમાડે એવી,
સુસવાટી તેથી સારી હોય છે હવાઇની;
સુણો રુડા રાજહંસ દાખે દલપતરામ,
સારા શબ્દ થકી શોભા સાંપડે સવાઈની. ૪૧

## ભોળી સ્ત્રીવિષે—દોહરો.

પર હકિકત તું પ્રસિદ્ધ કર, તખતા નર તુજ ધર્મ;
હાંડી સ્ત્રી હૈયા તણો, પ્રકટ પ્રકાશે મર્મ. ૪૨

## મનહર છંદ.

તખતો પોતાનો મર્મ પોતે ન પ્રસિદ્ધ કરે,
પરગુણ દોષ પરદૃષ્ટિયે દેખાડશે;
હાંડી તો હૈયાની ભોળી જે બિચારી નારી જાત,
સારી બુરી વાત નહિ પેટમાં સંતાડશે;
સંતાડી શકે શું સૃજનારે નથી શક્તિ દીધી,
નારી જાત અંતરની વારતા ઉઘાડશે;
સુણો રુડા રાજહંસ દાખે દલપતરામ,
લોક તેમાં તેલ રેડી બળતું લગાડશે. ૪૩
ફરતાં ફરતાં કદી કાયામાં જો ફાંસ વાગે,
દિવસ ઘણા સુધી રહી શકે ન દેહમાં;
નીસરી શકે નહીં તો છેલ્લી વારે નીસરવા,
ઉપડે છે ફોડલો જરૂર અંગ એહમાં;
કામનિના કાળજામાં છાની છેક રાખવાની,
વાત ન વશી શકે છે જુજ બુદ્ધિ જેહમાં;
કહે દલપતરામ કિંવા એજ કારણથી,
સ્તન રૂપી ફોડલા થતા હશેજ તેહમાં. ૪૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભણી ગણી નહીં તેથી ભામનીની ભાષા ભુંડી,
તેને નહિ શુદ્ધ કશી તક કે બેતકની;
છુંદી છુંદી મેંદી પછી તેને મુખે છાંદો દીધો,
રેખ મેખ મારી જાણ્યું જાય ટેવ જકની;
હરઘડી ઓઠ રૂપી બારણાં બે બંધ થવા,
નાકરૂપી નકુચે કડી કરી કનકની;
સુણો રુડા રાજહંસ દાખે દલપતરામ,
માનનીને મુખે વાણી તો રહી માફકની. ૪૫

## સ્વભાવ–દુમિલા છંદ.

ઉતરે ન અનામત ચિત્ર મહાવત,
જે ગજ શીષ ચડયો તે ચડયો;
મરડાય નહીં મૃતિકા ઘટનો,
કુંભકારે જે ઘાટ ઘડયો તે ઘડયો;
બદલાય છુટો ન ખિલોરતણો,
જેમ જન્મ થતાંજ જડયો તે જડયો;
દિલ શોધિ જુઓ દલપત કહે,
જન જાતિ સ્વભાવ પડયો તે પડયો. ૪૬

## મનહર છંદ.

સજ્જનની સંગતિથી દુર્જનના દીલ વિષે,
સજ્જન સ્વભાવનો દેખાવ નથી દોહલો;
જો પછી જાતી સ્વભાવવાળા તણો જોગ થાય,
તો પછી જરૂર જાત અસલની જોઇ લો;
સાકર અસલ જાત શેલડીનો કોયલો છે,
મેળવણી મળ્યાથકી સ્વાદ પામી સોયલો;
સુણો રુડા રાજહંસ દાખે દલપતરામ,
ગંધક તેજાબ મળે કોયલો તે કોયલો. ૪૭

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કોયલાની કાળપ મટાડવાને દૂધે ધુઓ,
કોયલો કદાપિ કાળો રંગ મૂકતો નથી;
ક્રોધ લોભ કામનો હરામનો સ્વભાવ હોય,
છોડે તોય તેનો છેક છૂટકો થતો નથી;
સંગતણો રંગ જો ન લાગ્યો હોય રગેરગે,
તેજ રંગ ટળે બીજો લાગ લાગતો નથી;
સુણો રુડા રાજહંસ દાખે દલપતરામ,
જનમ સ્વભાવ કોટી યતને જતો નથી. ૪૮

હવાની ગતિ હમેશ હોય છે ઊંચે ચઢયાની,
ભારવાળી વસ્તુ નમી ભૂમિભણી જાય છે;
પ્રવાહી પદારથ તો ચાલે છે પ્રવાહ રૂપે,
એથી ઉલટું ચલાવતાં તો અટકાય છે;
તેમજ જગતમાંહી જેને જેવી ટેવ પડી,
તે તજાવ્યા વિના તેનો ઉપયોગ થાય છે;
સુણો રુડા રાજહંસ દાખે દલપતરામ,
ગતિ તેની ગોઠવીએ તેમ ગોઠવાય છે. ૪૯

ગરેડીના ટેકણથી ગાંઠ વિના ગોઠવતાં,
નીચી તાણીએ તે ચીજ ઉંચી ઉંચી જાય છે;
હવા એક ભુંગળામાં, ભરીને ભમાવી હોય,
નીચી નમે તેથી ઘણા કારજ કરાય છે;
ક્રોધને કુબોધ સામો, લોભને સુલક્ષ સામો,
માનને દેશાભિમાન થાને જો થપાય છે;
સુણો રુડા રાજહંસ દાખે દલપતરામ,
અવગુણ તો તે ગુણ રૂપમાં ગણાય છે. ૫૦

ધ્રુવ સામું જુએ ધ્રુવ માછલીમાં એજ ગુણ,
લીધો ઉપયોગ સિધિ તારણ તમાસમાં;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઘડો ઉઘો પાડી દાખ્યો પાણીમાંહી પેઠું નહિ,
ઘડયો એવો તેને મોતી કાઢવાના કામમાં;
ધુમાડાનો ધક્કો વાગ્યે એક ચીજ ઉંચી ચડી,
બનાવ્યું બલુન ગુણ ગમ્યો ગામે ગામમાં;
સુણો રુડા રાજહંસ દાખે દલપતરામ,
ઠરીને જુએ તો ગુણ દીસે ઠામે ઠામમાં. ૫૧
ગ્રહનું ગ્રહણ થતાં દુશમનોને ડરાવી,
કોલંબસે કેવો રસ્તો શોધ્યો સમાધાનનો;
ઉપયોગી ઝાડને સિંદૂરનું ત્રિશૂળ તાણી,
કરે છે આકાર કેવો મામાના મકાનનો;
પાણીતણી વાવ્યે અપવિત્ર ક્રિયા કરે નહિ,
ડાહ્યે શોધી કાઢયો તેમાં રસ્તો દેવસ્થાનનો;
સુણો રુડા રાજહંસ દાખે દલપતરામ,
ઉપયોગ થાય છે અજ્ઞાનીના અજ્ઞાનનો. ૫૨

ઉપદેશ વિષે.

શરીર તો શેતરંજ પટના સમાન શુભ,
બાદશાહ બન્યા સુવિચાર કુવિચાર છે;
મન તો વજીર વાંકો શોધી દોડે સર્વ દીશ,
મનના તરંગ તો તુરંગમ તે કાર છે;
દષ્ટિ ઉંટ વાંકાં દોડે શ્વાસ હાથી શીઘ્ર પાટ,
રસ રૂપી પ્યાદા નહિ પાછા હઠનાર છે;
સુણો રુડા રાજહંસ દાખે દલપતરામ,
હરિ જાણે એમાં અંતે કેની જીતહાર છે. ૫૩
ઇંદ્રિય અવેવ રૂપી સારા સારા સભાસદ,
આતમા અધ્યક્ષ પક્ષ ઉત્તમ પ્રમાણવા;
સુવિચાર ભાષણ કરીને આપે સારો બોધ,
કુવિચાર તેવે સમે લાગે મત તાણવા;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કોઈ સમે કુવિચારનું કહ્યું કબુલ કરે,
કોઇ સમે સુવિચારી સુજશ જાણવા;
સુણો રુડા રાજહંસ દાખે દલપતરામ,
એવા સભાસદોને વિશેષ શું વખાણવા. ૫૪
તન તો વતન જ્ઞાનતંતુ વીજળીના તાર,
ગોઠવી રાખ્યા છે રોમ રોમ રૂપી ગામમાં;
અજાણ્યું ન જાણે ક્ષણ ક્ષણની ખબર થાય,
મગજ રૂપી મહાલકારીના મુકામમાં;
કાયદા વિરુદ્ધ કશું કોઈથી કરાય નહીં,
આવો ઈનસાફ તે તનુ તમામમાં;
સુણો રુડા રાજહંસ દાખે દલપતરામ,
ચતુરાઇ કેટલી રચી છે હાડ ચામમાં. ૫૫
દાંતની બત્રીશી એ તો અક્ષરનાં બીબાં બન્યાં,
જીભ ઓઠ જંત્રતણાં દાબણ જણાય છે;
સુરતાના જળથી ભિંજાઈ ભાઇ પારકાના,
કાળજાના કાગળ છુટા છુટા છપાય છે;
ઊંચા નીચા કાગળ રહે અક્ષરો ઉડી જાય,
વારતા પછી તે વાટ ઘાટમાં વંચાય છે;
સુણો રુડા રાજહંસ દાખે દલપતરામ,
સારી વાતે લાભ ખોટી વાતે ખોટ ખાય છે. ૫૬
ઘડિઆળચીએ ઘણું સારુ ઘડયું ઘડિયાળ,
બંધ પડયું ચાલતું બિગાડ થતાં વાર છે;
ઘડિયાળ ફિકર કરીને નહિ ફાવી શકે,
ઘડિયાળચીને એની ફિકર અપાર છે;
જગતની ફિકર કરે છે જગ કરતાર,
અહોનિશ તેનો એના ચિત્તમાં વિચાર છે;
સુણો રુડા રાજહંસ દાખે દલપતરામ,
નર છો ફિકર કરે તેથી શું થનાર છે. ૫૭

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પાણી વિના પ્રાણીતણા પલકમાં પ્રાણ જાય,
તે તો પાણી મફત મળે છે જોયે જેટલું;
સોના વિના સૃષ્ટિ જીવી શકે સેંકડો વરસ,
મોંઘે મૂલ મળે છે કનક જુઓ કેટલું;
તનુ જનમ્યા આગે જનનીના સ્તન માંહી,
તાજું તાજું દૂધ તો તૈયાર રાખ્યું તેટલું;
સુણો રુડા રાજહંસ દાખે દલપતરામ,
ચતુર ચિંતા તજે વિચારી ઉર એટલું. ૫૮

ઇંદ્રવિજય છંદ.

ખડ્ગ ક્ષમા ધરી ધીરજ ઢાલ, વિજ્ઞાનને જ્ઞાનની નોબત વાજે,
સ્વારથને પરમારથ ચક્ર, મનોરથના રથમાંહિ બિરાજે;
સત્યપણાનું નિશાન સદા, શિર શીયળ છત્રતણી છબિ છાજે,
હંસ સુણો દલપત્ત કહે,જગમાંહિ મહારથિ એજ છે આજે. ૫૯

મનહર છંદ.

લિપિઓ લખાઇ ન લખાઈ તો શું લાંછન છે,
લાયકી લખાઇ તો લખાઇ લાખ વારતા;
ચાતુરી ચખાઇ ન ચખાઇ તો શી ચિંતા કશી,
ચોખાઈ ચખાઇ ને ચખાઇ સુવિચારતા;
દોલત દેખાઇ ન દેખાઇ તો શી દીલગીરી,
તજી અદેખાઇ ને દેખાઇ જો ઉદારતા;
રોનક[1] રખાઇ ન રખાઇ દલપત પણ,
સુરીતિ રખાઇ તો રખાઇ સર્વ સારતા. ૬૦

પરાક્રમી જનવિષે.

પરાક્રમી પરાક્રમ જેટલું પ્રસિદ્ધ કરે,
દુનિયાં દૈવત તેમાં તેટલુંજ ધારે છે;
જેમ શશિમાં પ્રકાશ સદા સરખોજ હોય,
ઓછો દેખી લોક અપકીરતી ઉચારે છે;

૧. રોનક-શોભા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પાપથકી શાપ લાગ્યો કાંતો શીર શત્રુ જાગ્યો,
કાંતો ક્ષય રોગ એવું ધારીને ધિક્કારે છે;
સુણો રુડા રાજહંસ દાખે દલપતરામ,
પુનમના ચંદ્રનો સુજશ તો સંભારે છે. ૬૧

વડાની વડાઈ તણું વિગતથી વરણુન,
માપવાના યંત્ર[1] થકી જુગતે જણાય છે;
વરણુન કરનાર જેમ જેમ ઉંચો વધે,
તેમ તેમ વડાની વડાઇ વખણાય છે;
વરણુન કરનાર નમીને જો નીચો રહે,
વડાની વડાઇ ઓછી એટલી ગણાય છે;
સુણો રુડા રાજહંસ દાખે દલપતરામ,
વિશ્વમાંહી સાધારણ વડા તો ઘણાય છે. ૬૨

ઉમદા મનુષ્યને અગાડી કીજીએ હમેશ,
તો તે કામ તતકાળ કીમતી કહાવશે;
ગરીબ અગાડી કીધે કામ હલકું ગણાય,
કોણ તેને કહી ભલું નજરમાં લાવશે;
નવડો અગાડી નોંધ્યે આંકડો એકાણું થાય,
એકડો અગાડી નોંધ્યે ઓગણીશ આવશે;
સુણો રુડા રાજહંસ દાખે દલપતરામ,
ઉમદાને આશરે ગરીબ ખૂબ ફાવશે. ૬૩

હીમતની હોય કીધે કીમત કરોડ લાખ,
હીમત ધરે છે તે હરાવ્યા નથી હારતા;
હૈયામાં ધરીને હામ કરવાનું ધારે કામ,

---

૧. યંત્ર-દુરબીન વડે ઉંચો જગા માપતાં જેમ દુરબીનનું મોં ઉચું કરવું પડે તેમ તેમ સામી જગા વધારે ઉંચી જણાય. તેમજ કોઇ સરદારનું વર્ણન કરનાર પંડિત ઉંચી પદવી પામે તેમ તેમ તે સરદારની વધારે વડાઇ જણાય.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઓછું લેવા નથી અન્ય આગળ ઉચારતા;
એજ રીતે દુનિયામાં દીસે જે ઉદાર નર,
આપ જોરથીજ એવી આદરે ઉદારતા;
સુણો રુડા રાજહંસ દાખે દલપતરામ,
ધીર શૂરવીર નથી ઢાલ લેવા ધારતા. ૬૪

ઇંદ્રવિજય છંદ.

બોલ ખડા મુખડાથિ ખકી ખકિ,
આગળથી વદિ વાત ઉપાડી;
અસ્ત્ર અને વળિ શસ્ત્ર ધરી,
સહુ આગળથી પણ થાય અગાડી;
દેખિ રિપુ દલપત કહે,
પછી પાછો હઠે હથિઆર પછાડી;
તે શૂરને શિરપાવ ઘટે શુભ,
પાઘ નહિ પણ સુંદર સાડી. ૬૫

મનહર છંદ.

સમજુ સમર્થ અર્થ વ્યર્થ તો ઉડાવે નહિ,
યોગ્ય ઠામે વાપરતાં દીલમાં ડરે નહિ;
શરીરમાં સૃષ્ટા જ્ઞાનતંતુ મૂકે તે ઠેકાણે,
જે ઠેકાણે એના વિના અરથ સરે નહિ;
છેક દાંત છાલમાં વધેલા નખ વાળમાં,
સુકા શરીર સાલમાં તે તંતુઓ ધરે નહિ;
સુણો રુડા રાજહંસ દાખે દલપતરામ,
ઘણો માલ ઘાલી ખાલી ખરચ કરે નહિ. ૬૬
જાતિલાનું જોર વધ્યે જોરાવર જાત થાય,
પેશી ન શકાય ત્યાં પલકમાં પુગાડશે;
લોહતણી શાયરીશી શારીને કોરે કાઠ,

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aradhak Trust

લોહતણા ખીલા તેજ છેદમાં લગાડશે;
જાતમાંથી સંપ જાય તો એકે નહિ ઉપાય,
મજબુત મૂળ ખણી ખોદીને ઉખાડશે;
સુણો રુડા રાજહંસ દાખે દલપતરામ,
મણિતણી શાઇડી મણિમાં શાર પાડશે. ૬૭

## લોભી તથા કંજુસ વિષે.

જીવ જાણે જોગી જતી સેવી સંપડાવું સુખ,
ફોગટનાં ફાંફાં મારે કશો નહિ ફાયદો;
સુખ દુઃખ રિદ્ધિ સંતાન સમે સાંપડશે,
વિશ્વપતિએ જો નક્કી કીધો હશે વાયદો;
જગતની રચના વિચારી કામ કર્યો જાવું,
એ થકી ઉપાય નહીં શોધિયે ઇલાયદો;
સુણો રુડા રાજહંસ દાખે દલપતરામ,
એક માટે ઇશ્વર ન કરે જુદો કાયદો. ૬૮

જુગારી કરજદાર કરજથી દૂર થવા,
માંડે દાવ મોટા જાણે કરું મુડી કરમાં;
જેમ કોઇ રાયનો કુમાર રાયથી રીસાય,
જાય નાશી જાણે જાઉં દૂર દેશાવરમાં;
પાછું વાળી પેખે ન સીધાવે સીધો સીધે પંથ,
ભમીને ભૂગોળ આવે બાપનાં અંદરમાં;
સુણો રુડાં રાજહંસ દાખે દલપતરામ,
ઘાંચીનો બળદ ઘુમે ઘરમાંને ઘરમાં. ૬૯

ઉપકારી ઉપકાર ધારણાથી ઓછો કરે,
જેને મહા લોભવાળો નાલાયક લેખશે;
મારચની એકવીસે ત્રેવીસમી સપટંબરે,
દુનિયાં દિવાકરને ત્રીસ ઘડી દેખશે;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aradhak Trust

હઠથી જોવાને સામો દોડે જે હજાર[1] મૈલ,
અઢી ઘડી ઓછી વાર પ્રાણી તે તો પેખશે;
સુણો રુડા રાજહંસ દાખે દલપતરામ,
આગ્રહીને એવી રીતે જગત ઉવેખશે. ૭૦

ઇંદ્રવિજય છંદ.

જો જળ વૃષ્ટિથિ નષ્ટ ઘણાં ઘર,
　　થાય કમાણી ઘણી કડિયાને;
જો જનને જર લાભ જડે બહુ,
　　તો જર જૂથ જડે જડિયાને;
જો વિદવાન વસે વસુધાપર,
　　તો ખુબ માન મળે ખડિયાને;
હોય દુકાળ કહે દલપત,
　　ફરી ફરિ લાભ ફળે ફડિયાને. ૭૧

મનહર છંદ.

વસંતની વેળા વિષે આખરા પાલોવ્યા ખૂબ,
ફેલાઇ રહ્યાં છે મોટાં પાન જેવા ફાફડા;
ફુલ તો સફાઇબંધ કેસુડાંને નામે કરોડ,
થયા થોકે થોકે તેના ઉપર તો થાપડા;
ફાલ્યો ફૂલ્યો ખૂબ પણ ફોગટ થૈ ફૂલ તેની,
પરિણામે ફળ તો પ્રગટયાં પીતપાપડા;
સુણો રુડા રાજહંસ દાખે દલપતરામ,
બહુ આશા આંધીને ઠગાયા સુડા બાપડા. ૭૨
સૃષ્ટિમાંહી હોય છે ઘણાકતણું શેઠ નામ,

---

૧. સુરજ આશરે ૧ કલાકમાં એક હજાર મૈલ ચાલતો જણાય છે; માટે ચઢતે પહોરે તેને વધારે વાર જોવા સારૂ ઉગમણો ૧ હજાર મૈલ દોડે તો તે ઘણો ૧ કલાક વાર ઓછો સુરજને દેખે.

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એક તો કંજુસ અને એક તો ઉદાર છે;
એક વાદળી તો ચામડીનું લોહી ચૂશી લે છે,
એક વાદળી તો વિશ્વમાંહિ વર્ષનાર છે;
એક કરો આકાશથી પડી નેવાં ફોડી નાંખે,
એક કરો જુઓ અર્ધ ઘરનો આધાર છે;
સુણો રુડા રાજહંસ દાખે દલપતરામ,
કનક ધંતુરો કેમ કેવો ફેરફાર છે. ૭૩

ઇંદ્રવિજય છંદ.

લાલને લાડ લડાવિયે લાખ,
ધરે નહિ પ્રાણ વિના ધવરાવ્યે;
ખેતર ખેડિ ભર્યું ભલું ખાતર,
અન્ન ઉગે ન વિના વવરાવ્યે;
પીરસવા પકવાન વિના, નહિ
ગોરવ થાય ગીતો ગવરાવ્યે;
હંસ સુણો દલપત્ત કહે,
જન સર્વની જાય ક્ષુધા ખવરાવ્યે. ૭૪
મંજન ઉપર હોય નિમંજન,
મજ્જન ઉપર હોય નિમંજન;
અંજનમાં નહિ આંખ ઘલાય,
ઘલાયજ આંખની ઉપર અંજન;
વ્યંજનમાં સ્વર અંત લખાય,
લખાય નહીં સ્વરમાં પછિ વ્યંજન;
રંજન કૌતક દેખિ થવાય,
થવાય ન કૌતક આગળ રંજન. ૭૫

મનહર છંદ.

અરે હેમ ખાણ તુજ આગળ હજારો મણ,
હોય હેમ તોય તારી ચાલે નહિ હુંડીયો;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દુનિયામાં હુંડીઓ તો ચાલે છે દુકાનો તણી,
લક્ષમાં વિચારી લેતાં તે તો તારી હુંડીઓ;
ધક્કા ખાઇ ખાઇને ખરાબ થાય તુજ પાસ,
કષ્ટ સહ્યા વિના કોણુ ભરી જાય કુંડીઓ;
કહે દલપતરામ ખોઇ સાહુકારી આમ,
દેશ દેશમાંહી તારી વાગી ચુકી ડુંડીઓ. ૭૬

ઇંદ્રવિજય છંદ.

લાભનિ લાલચ થાય ન લેશ,
અશેષ ઉપાય કર્યા થકિ આડો;
પ્રારથના ભણિને ગણિ પાઠ,
ઘશ્યા થકિ હાથ ખસે નહિ ખાડો;
ખાણુ અને ખુબ ખોળ વળી,
ખવરાવિ જરૂર કરે બહુ જાડો;
હંસ સુણો દલપત્ત કહે,
પળિયે પણુ દૂધ ન દે કદિ પાડો. ૭૭

મનહર છંદ.

શત્રુરૂપી દર્ભતણો જામેલો જમાવ જોઇ,
મોટો એક કૂલતણો વાંસ તેમાં મૂકશે;
પોતાને ન છાંટા લાગે, એવી રીતે છેટે રહી,
ચાળવણી દોરીની ચલાવતાં ન ચૂકશે;
જામેલો જમાવ વલોવાઇને વિખાઈ જાય,
તેને પછી તાબે લેવા ઝડપથી ઝુકશે;
સુણો રુડા રાજહંસ દાખે દલપતરામ,
રાજનીતિની તે રીત ધીર લેવા ઢુંકશે. ૭૮
ભારબોજવાળાને તો પ્રથમ કરાવે ભેટ,
[1]હલકાને તે પછી હજૂરમાં પમાડશે;

---

૧. ફુલાએલાને.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રવીણ પ્રધાનની પુરાતનની રીત એવી,
દુનિઆમાં હવા તેનો દાખલો દેખાડશે;
પથ્થર ને પાનડું જો પૃથવી તરફ પડે,
હલકાને હવા જુઓ પછી થકી પાડશે;
સુણો રુડા રાજહંસ દાખે દલપતરામ,
હોય ન હવા તો મરજાદ તે મટાડશે. ૭૯

ધન મદથી અધિક હોય છે હજાર ગણો;
હુકમનો મદ મહિપાળના મજૂરમાં;
હુકમનો સ્વાદ નથી શાક પાક શેલડીમાં,
હુકમનો સ્વાદ નથી ખાંડ કે ખજૂરમાં;
રહ્યો નથી સ્વાદ તે પુરાણ કે કુરાન વિષે,
રહ્યો નથી સ્વાદ રીક[1] સામ કે યજુરમાં;
સુણો રુડા રાજહંસ દાખે દલપતરામ,
હુકમનો સ્વાદ હોય હાકમ હજૂરમાં. ૮૦

### વિદૂષકનો વેષ-ઇંદ્રવિજય છંદ.

મૂછ દિસે અજશૃંગ સમાન,
દિસે શુભ સાવરણી સમ દાઢી;
નાક નવીન પ્રકારતણું [2]અવળી,
વળિ જેમ વિના ઘૃત વાઢી;
પાઘડીનો પણ બેશ બનાવ,
તળાવ વચે જયમ ટેકરિ કાઢી;
ભાંડ કે ભાટ હશે કહે કોઇક,
ધારિ શકે વળિ કોઇક ઢાઢી. ૮૧

### નિર્બળ વિષે—મનહર છંદ.

નરમ દેખીને ગણવુંજ નહિ નિરબળ,
મૌન દેખી મુરખ કે મુંગું નહિ માનીએ;

---

૧. રીક-ઋગ્વેદ. ૨. ૩-ગતકોટન.

P. P. Ac. Gunrathasuri M.S. Jin Gun Aaradhak Trust

ઓળખાય નહિ પણ હોય આબરૂજદાર,
હોય સરદાર પણ પૂરો ન પીછાનીએ;
સુરાખારનો ગંધકનો તેજાબ સેવનાર,
હોય રૂ[1] ખંડુકનું ન છેડિયે નાદાનીએ;
સુણો રુડા રાજહંસ દાખે દલપતરામ,
પાટુ મારવાથકી પીડા પમાય પાનીએ. ૮૨
શ્રીમંતોની સભા મધ્ય ગરીબ શી ગણતીમાં,
કોહીનૂર પાસ કાચ બાપડો શા બાબમાં;
સાગરની આગળ તે ગાગરને ગણે કોણ,
તલતણું તેલ તુચ્છ તે કશું તેજાબમાં;
લાખ ક્રોડ રૂપૈઆનાં જે ઠેકાણે લેખાં થાય,
કોડીઓ બિચારી ત્યાં કહો કિયા હિસાબમાં;
સુણો રુડા રાજહંસ દાખે દલપતરામ,
છ આનાની છીદરી તે છાજે કેમ છાબમાં. ૮૩

### પોતાનું કરેલું ગમે.

ચાંદનીના આડો બાંધી અંદરવો ચારે દીશ,
દીલમાં ધારે છે આ તો સુંદર દેખાવ છે;
ચળકતા તારા દેખી પામે ન અચંબો ઉર,
હવાઇના તારા દેખી બોલે શો બનાવ છે;
ધૂળની ઢગલીતણાં બાળક બનાવે ઘર,
કહે એક એક પ્રત્યે આ રુડો ઉઠાવ છે;
અતિ ગમે આપ કામ દાખે દલપતરામ,
સનાતનનો એવો સંસારીનો સ્વભાવ છે. ૮૪

### અભિમાન.

સ્નેહ વધે સર્વનો ઉપાય એવો આદરીએ,
માન મળે તેથી અભિમાન નહિ આણિયે;

૧. અવળી-ઇંધી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અંતરથી હેત કદી લોકનું ઉતરી જાય,
લાખના મટીને વાળ કાખના પ્રમાણિયે;
બેઠબેના શેર પામ્યા બાસઠ હજાર મૂલ,
એના એજ શેર જુઓ આથડતા જાણીયે;
સુણો રુડા રાજહંસ દાખે દલપતરામ,
વચન ગરવવાળાં વદીએ ન વાણિયે. ૮૫

## ચડતી પડતી વિષે.

સરખી સ્થિતિ સદૈવ દુનિયાની દીસે નહિ,
ઉતરે ચઢે અસલનોજ એવો ઢાળ છે;
એક સમે મરદની મુછે રહી માન પામે,
એક સમે તેજ તુચ્છ થાય તૂટયા વાળ છે;
એક સમે ગલીચીમાં રહી નીર ગંદુ થાય,
એક સમે એજ મિષ્ટ થાય મેઘમાળ છે,
સુણો રુડા રાજહંસ દાખે દલપતરામ,
દિવસે આકાશ એજ રાત્રિએ પાતાળ છે. ૮૬

## ઉદ્યોગ વિષે.

અસલના લોક અંગ ઢાંકવાને ધરી લેતા,
ચામડાં કે પાનડાં કે ઝાડ છાલ જાડિયો;
આળસ તજીને જો ઉદ્યોગ કર્યો અક્કલથી,
અડચણો ઉડી ગઈ આવનારી આડિયો;
પાથરી મુકી છે સુખની વસ્તુઓ પૃથ્વિમાં,
ખડિ ઘી ને દૂધતણી, ભરેલી છે ખાડિયો;
સુણો રુડા રાજહંસ દાખે દલપતરામ,
આ નથી આકાશમાંથી આવી આગગાડિયો. ૮૭

## નશીબ વિષે.

કરમ કરમ લોક કહે છે તો કૈંક ખરા,
કહો ખરું રાખે કોણ આકિન કરમનું;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કરમ સાચું ગણે તો કુવ! વાવ્યો કરે કેમ,
ચરણમાં ધરે કેમ ખાસડું ચરમનું;
ખરું જે કરમ ગણે ચુલા તે તો ખોદી નાંખે,
ધ્યાન ધરી બેસે કરી કરમ ધરમનું;
સુણો રુડા રાજહંસ દાખે દલપતરામ,
શિયાળામાં ઓઢે શીદ ગોદડું ગરમનું. ૮૮

કવિ વિષે.

કહે ગ્યાસ કવિરાજ કાનધર કથા મારી,
કેક કાળ સુધી હું કહેવાયો નકામનો;
કિમતનો કરનાર મને જ્યારે મળ્યો કોઇ,
જમાયો છે સુજશ મારો ને તેના નામનો;
કેવો ઉપયોગી છું હું અંધકાર કાઢનાર,
ઓળખીતો થયો આજ તેવોજ તમામનો;
દીલમાં ન દીલગીર થવું દલપતરામ,
એવકુફ લોકે કદી, કહ્યો એ બદામનો. ૮૯
આરશી અમૂલ્ય અસ્ત્ર શસ્ત્ર તો અતુલ્ય હોય,
નાણાનું ઠેકાણું ભરે ગુંજાશ લૈ ગામની;
આરસની શિલાઓ કે શિલા પ્રૌઢ પારશની,
ઢળકતી ઢાલ દીસે ચળકતા ચામની;
ધાતુતણાં પાત્ર ધર્યાં પાથર્યાનાં પથરણાં,
હોય રાજહવેલી તે કહો કશા કામની;
સુણો રુડા રાજહંસ દાખે દલપતરામ,
કવિ વિના જાણો જેવી કોથળી હજામની. ૯૦
ઉજ્જયની ધારામાં ઇમારતો અનેક હશે,
મને નથી માલુમ છે કોણે તે કરાવિયો;
ગુણી જને ગુણવાળો સરસ ગુંથેલો ગ્રંથ,
વીત્યાં વર્ષ ઘણાં તોય, તે જોવામાં આવિયો;

P. P. Ac. Gunratnasuri M.S.        Jin Gun Aaradhak Trust

ઇમારતથી અધિક આયુષ તો ગ્રંથતણું,
તે તો છે અચર ગ્રંથ, સચર સુહાવિયો;
સુણો રુડા રાજહંસ દાખે દલપતરામ,
ધન્ય ધનવંત જેણે સુગ્રંથ ગુંથાવિયો. ૯૧

પાણી વડે પાણીપર પક્ષીતણું ચિત્ર પાડયું,
પેખતાંજ તે તો પ્રલે પામે છે પલકમાં;
સાચાં પક્ષીતણાં તો સંસારમાં સંતાન વધે,
ક્ષય તેની જાતનો નથી થતો ખલકમાં;
ગામે ગામ તેજ રોજ રહે છે ગુંથાતા ગ્રંથ,
મહા રસમય ટકી રહે છે મુલકમાં;
સુણો રુડા રાજહંસ દાખે દલપતરામ,
છેયાંની કવિતા છુપી જાય છે છલકમાં. ૯૨

### ઇંદ્રવિજય છંદ.

સ્વારથ કારણ સ્નેહ સજે, પરમારથમાં ન પડે પગ દેવા,
વ્યર્થ વખાણ કરે, વળિ લાખ પ્રકાર કરી કરીને જર લેવા;
તે કહીયે કપટી જનના ગુણ, જે ગુણ ગારૂડિના ગુણ જેવા,
હંસ સુણો દલપત કહે, કપટી જન અન્ય કહું પછિ કેવા. ૯૩

### ઈશ્વર વિષે—દોહરા.

હંસે કવિને પુછિયું, ઉચરો આપ વિચાર;
કેવો જગ કરતાર છે, નિરાકાર સાકાર. ૯૪

### ઉત્તર—મનહર છંદ.

જુદી જુદી લિપિઓ અનેક છે આ જગતમાં,
અક્ષર એકેકના અનેકધા આકાર છે;
જેણે જેવો માન્યો તેવો ખરો કોઇ ખોટો નહિ,
આકાર અનેક પણ એકજ ઉચ્ચાર છે;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કોઈ કહે ઉચ્ચાર તો હો નિરાકાર સદા,
માને જે આકાર તે તો માનવી ગમાર છે;
કહે દલપતરામ લડી મરે લોક આમ,
ખોટો નહિ કોઇ એ તો ખાલી તકરાર છે. ૯૫

સુતારના આંગણામાં બાવળ બે વેંત ઉગ્યો,
ભાળી એક બોલ્યો જે સુતાર મોટો ભાઈ છે;
લાયક આ ઝાડ થશે તેનાં લાકડાંની ગાડી,
ભૂપને કરીશું ભેટ આપણે કમાઇ છે;
બોલ્યો તેનો બીજો ભાઇ ગાડી નહિ પણ મેનો,
બનાવીને ભેટ કીધે આપણી ભલાઈ છે;
વાદ વદી બંને મારામારી કરી માથાં ફુટયાં,
એવીજ આ લોકો વિષે ધર્મની લડાઇ છે. ૯૬

## અંતરલાપિકા.

વાગદેવી વાહન શું કયાં સુધી કૈલાસ વસે,
નભમાં શું બાર ને આહાર ઋષિનો ઉચરે;
કનક પરીક્ષા કેમ કરે, હરે કોણ તમ,
થીર નહિ ઠરે કોણ ધરે કયાં શશાંક હરે;
ધરમ ધુરંધર ઉદાર કોણ આ સભામાં,
શાથી સુખ પામે નર એના તું ઉત્તર કરે;
ઉત્તરમાં એજ લીટી લખી દલપતરામ,
હંસ[1]રાજ કરમશી સદાશિવ સેવી નરે. ૯૭

## દેહાતર કવિત.

પ્રેમે પુણ્ય કરે ને અહંપદ ન લાવે ઊર,
મહા સુકર્મની ભણી સદૈવ નયન ધાય;

---

૧. તેનો જન્મ સંવત ૧૮૯૯ ના માગશર વદ ૪, અને સંવત ૧૯૩૭ ના અષાડ વદ ૪ ની રાતે તેનો સ્વર્ગવાસ થયો.

P. P. Ac. Gunratnasuri M.S.	Jin Gun Aaradhak Trust

ત્રાઝી સત્ય સિંધુનેજ રાજી રહી કરે કામ,
ઈશ્વરનો હરરોજ જપ જીભે જાપ્યો જાય;
નોરતજી કુસંગનો હોંશે સજે તત્વ સંગ,
પુસ્તક કળશ જળે શીતળ સલુણો થાય;
ત્રણે લોક ભાસે તુચ્છ, ભક્તિનીજ વાત ભાવે,
છેવટ અણભે પદ લોભી તે જણ જણાય. ૯૮

અંતરગત—દોહરો.

પ્રેમબાઇનો પુત્ર છે, કર્મસિંહ કુળ ભાણ;
હંસરાજ હોંશી ભલો, લાયક જાત લુવાણ.

આશીર્વાદ—મનહર છંદ.

વાગદેવી આપના વદનમાં વિશેષ વસો,
હંસતણા તનપર તે વસે છે તેટલી;
ઉજ્વળતા પામો પૂરિ હંસના અવેવતણી,
નીર ક્ષીર ન્યારાં કરવાની કળા કેટલી;
સંતતી તથા સમૃદ્ધિતણી ઘણી વૃદ્ધિ થાય,
હંસને સદને[1] ખગ જળ વૃદ્ધિ જેટલી;
કર્મસિંહ સુત સુણો કહે દલપતરામ,
આશીષ અમારી અંગીકાર કરો એટલી. ૧૦૦

દોહરો.

હંશ વંસ [2]અવતંસ છો, દિલ દયાળુ દિન નીશ;
મુદિત રહો મુંબઈતણાં, જસ્ટિસ આવ ધિ પીસ. ૧૦૧

સમાપ્તિ વિષે—મનહર છંદ.

સુંદર આ ગ્રંથનું સમાપન કરણ સમે,
વળી હું ધરું છું ધ્યાન, વિઘન વિધ્વંશનું;

---

૧. માન સરોવરમાં. ૨. અવતંસ—એક જાતનું કાનનું ભૂષણ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જેના મહિમાનો પાર જરાયે ન જાણ્યો જાય,
જેણે આ જગત ઉપજાવ્યું આપ અંશનું;
એજ પ્રભુ આપો મારા મિત્રને વિચિત્ર સુખ,
વળી કરો રક્ષણ વિશેષ એના વંશનું;
કરીને પ્રણામ આમ કહે દલપતરામ,
હજારો હજાર સાલ રહો નામ હંસનું.

### ગ્રંથ સમાપ્તિની તિથિ.

સંવત સેં ઓગણીશ ઉપર તો એકવીશ,
શ્રાવણ સુદી પ્રવેશ પંચમી પ્રમાણિયે;
અંતરમાં અધિક આનંદતણા વૃંદ પામી,
હંસ કાવ્ય શતક આ વરણવ્યું વાણીયે;
ભેટ કર્યું હંસને તે હંસે અંગીકાર કર્યું,
વિવેકની વાત તો વિશેષ શું વખાણિયે;
વાંચીને વિચાર એ જે દાખે દલપતરામ,
જુગતી જરૂર જન રંજનની જાણિયે. ૧૦૩

### પ્રીતિ વિષે—ઇંદ્રવિજય છંદ.

અંતર હેતતણા રસ આગળ,
ખાંડ ખજૂરતણી ખુબિ ખોટી,
અંતર હેતનિ કીમત આગળ,
માણક મોતિ મતા નથિ મોટી;
અંતર હેતતણા ધન આગળ,
કોણ ગણે ધન લાખ કે કોટી;
હંસ સુણો દલપત્ત કહે,
દિલ હેતની નિર્મળ નેણ કસોટી. ૧૦૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### મનહર છંદ.

સવૈયા કવિત મળી સાહિત્યના સો પ્રબંધ,
રચનાનો રચનાર દલપતરામ છે;
લાયક લુવાણા જાત કરમશી રણમલ,
મુંબઇના મહાજન કેલાસ મુકામ છે;
સુત તેનો હંસરાજ હોંશીલો હરેક વાતે,
સદવિદ્યા શોધી તત્વ ગ્રાહક તમામ છે;
પુસ્તક આ તેને ભેટ કીધું માટે પુસ્તકનું,
નિરધાર્યું "હંસ કાવ્ય શતક" એ નામ છે. ૧૦૫

### ઇંદ્રવિજય છંદ.

સ્નેહ હમેશ વિશેષ થશે,
કહિ એમ હવે પછિ કેમ વિસારો,
અત્રથકી પ્રિય પત્ર લખ્યો,
પ્રતિ પત્ર તથાપિ દિઠો ન તમારો,
સ્નેહ સુરક્ષણ લક્ષણ કેવું,
વિચક્ષણ છો ચિત્તમાંહિ વિચારો,
હંસ સુણો દલપત્ત કહે,
વિગતે કરિ આ વિનતી ઉર ધારો. ૧૦૫

## हंस काव्य शतक समाप्त.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# प्रकरण ६ ठ्ठुं.

## જનસ્વભાવ વિષે.

### મનહર છંદ.

મનના સ્વભાવથી અભાવ ઉપજે છે ઊર,
સજ્જન કે દુર્જન કૃતઘ્ની મૂર્ખ થાય છે;
ઔદ્ધત્ય અભિમાન નમ્રતા પણ તેથીજ પામે,
સદગુણી કે દુર્ગુણી તે દેખતાં દેખાય છે;
સત્ય કે અસત્યવાદી લોભી કે સંતોષી થાય,
વ્યભિચાર અદેખાઇ જનમાં જણાય છે;
વાદ વદે પક્ષપાત કરે તેથી ક્રોધ ચડે,
ક્ષમા આદિ માણસના સ્વભાવ મનાય છે. ૧

### દોહરો.

સ્વભાવ ઉપજે મનથકી, સૌ જાણે સંસાર;
માટે મનના ગુણ વિષે, વર્ણવું પ્રથમ વિચાર. ૨

### મન વિષે.

મનના કારણથી દિસે, હરખ શોક આભાસ;
ખુશિથી ખરચે કરોડ પણ, દંડયે થાય ઉદાસ. ૧
મન ઢોંગી મન ધૂર્ત છે, મન મેગળ મસ્તાન;
મન સુધરે તો મિત્ર છે, નહિ તો શત્રુ સમાન. ૨

### ઇંદ્રવિજય છંદ.

અંકુશથી રહે મેગળ શુદ્ધ,
નિરંકુશ નાશ કરે નગરીનો;
લક્ષવસા શિર લોકની લાજ,
લજાઇ ન લોપ કરે લગરીનો;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દેવગુરુ નૃપ નાતતણો ડર,
કાં ડર છે ડગરા[1] ડગરીના[2];
એ વિણ પાપ કરે અતિ આપ,
ઉથાપ કરે મગરા[3] મગરીનો. ૩

### શાર્દૂલવિક્રીડિત વૃત્ત.

હાથીને હદમાં હમેશ ધરવા, સારી સજી સાંકળો,
કીધું લંગર નાવને, સરકથી[4] સાંધેલ ઘોડો ભલો;
મોરી[5] ગાય મહીષના મુખવિષે, રાશો વૃષોને કરી,
હોવા માણસને હમેશ હદમાં, છે લોકલજ્જા ધરી. ૪

### દોહરા.

જાય કમજરે કેકની, અંતર પટથી આશ;
વસ્તુ ઇચ્છે નૃપ વેચવા, પુછાય નહિ તે પાસ. ૫
તુરત ન પડદો તાણિયે, લોભે મન લલચાય;
પડદે સુવરણ રજ પડી, જલદી ઊડી જાય. ૬
અંતર પટ ઉઘાડતાં, ઝડપથી ઉપજે ઝેર;
વણ ચાળવણી ચક્ષુનાં, પડળ ઉતારણ પેર. ૭
છાના છેક રહે નહિ, અંતરતણા વિચાર;
આવે નિકળી એકદમ, અહાર સમ ઉદગાર. ૮

### સોરઠો–દ્વિઅર્થી.

ઘટમાં[6] જે ઘુંટાય, છાનું છેક રહે નહીં;
બે બાકે[7] દેખાય, કીધાં ઢાંકણ કાચનાં. ૯

---

૧. ડોસા. ૨. ડોસિયો. ૩. મગરામગરી–ડુંગરા ડુંગરી.
૪. સરક–ઘોડાને બાંધવાની રાશ.
૫. મોરી–ગાય ભેંસને બાંધવાનું દોરડું.
૬. ઘટ–ઘડો, શરીર.
૭. ઘડાને બે બાકાં કરીને કાચનાં ઢાંકણાં કર્યાં હોય તો ઘડામાંની વસ્તુ દેખાય તેમજ આંખ ઉપરથી મનની વાત વરતાય.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### મનહર છંદ.[1]

હાથને હું હુકમ કરું તે કામ કરે હાથ,
પગને ચલાવા ચાહું તેમ પગ ચાલે છે;
આંખને હું આજ્ઞા કરું તે અવલોકે આંખ,
કાન ઘણા શબ્દ સુણી ઘટમાંહી ઘાલે છે;
જીભને બોલાવું તેમ તે તો બોલે છે બિચારી,
ડોકાને હલાવી ચાહું તેમ ડોકું હાલે છે;
મન મારો હુકમ ન માને દલપત કહે,
ખાતરી પોતાની કરી ખરી વાત ઝાલે છે. ૧૦

### દોહરા.

તીર્થે પાપ ટળે નહિ, જો મન મેલ ન જાય;
'ખાળકુંડીનું' હાંડલું, ધોયાથકી શું થાય. ૧૧
પ્રભુ આજ્ઞા પાળે નહીં, મન વેગે વહિ જાય;
ભક્ત નહિ ભગવાનનો, મનનો ભક્ત મનાય. ૧૨

### આર્યા વૃત્ત.

જો નિજ મન લલચાવે, પરધન પરપદાર્થ પરનારી;
અવગુણ ગણિ ગણિ એના, ધરવું દૃઢ ધૈર્ય ધિક્કારી, ૧૩

### ઉધોર છંદ.

મન તું મૂર્ખ ચાળા મેલ, ખટપટ ખેલમાં શિદ ખેલ;
ધર તું ધરણિધરનું ધ્યાન, મન તું મારિ શિક્ષા માન. ૧૪
ઘડવા મેલ અઘટિત ઘાટ, વિચર સદૈવ તારી વાટ;
ગુણ ગોવિંદના કર ગાન, મન તું મારિ શિક્ષા માન. ૧૫

---

૧. મુંબાઇમાં ધર્મની ચર્ચા કરવા જુવાનીયાઓની સભા મળતી હતી, તેમાં બે ત્રણ વાર હું ગયો પણ પછી જવાને મન વધ્યું નહીં ત્યારે મેં ચીઠી લખી મોકલી કે આજ મારી પ્રકૃતિ સારી નથી માટે અવારો નહિ, ત્યારે એક મિત્રે મને લખ્યું કે તમારા હાથમાં, પગમાં, આંખમાં કે શરીરના કયા ભાગમાં દરદ થયું છે, તેના ઉત્તરમાં આ કવિત લખ્યું હતું.

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

ભટકયો ભવ વિષે બહુ ભાત, લંપટ આધિ તેં ઘણિ લાત.
ફરિને કરિશ નહિ તોફાન, મન તું મારિ શિક્ષા માન. ૧૬
લાખો તેં કીધા અભિલાખ, રહિ તુજ હાથમાં તો રાખ;
કહું તે કથન ધરજે કાન, મન તું મારિ શિક્ષા માન. ૧૭
સજ તું સૃષ્ટિપતિશું સ્નેહ, તજ તું તર્ક જુલમી જેહ;
ભજ તું ભાવથી ભગવાન, મન તું મારી શિક્ષા માન. ૧૮
અગણિત કર ભલે ઉપાય, ધાર્યું ધરણિધરનું થાય;
ગુણિયલ થૈ સમજ શુભજ્ઞાન, મન તું મારિ શિક્ષા માન. ૧૯
વીત્યાં વર્ષ લેખિ વિચાર, વિતતાં કાંઇ ન લાગી વાર;
અવસર આવશે અવસાન, મન તું મારિ શિક્ષા માન. ૨૦
ભમણામાં ભમ્યો ભરપૂર, આશા અધિક આણી ઊર;
ન સર્યો અર્થ વ્યર્થ નિદાન, મન તું મારી શિક્ષા માન. ૨૧
કદિ તેં મેળવ્યું ધન ક્રોડ, જીત્યો જગતશેઠનિ જોડ;
સાચું અંત તો શમશાન, મન તું મારિ શિક્ષા માન. ૨૨
લીધો લેશ તેં નહિ લાભ, દુઃખના ઉગિયા શિર ડાભ;
જો તુજને થયું બહુ જ્ઞાન, મત તું મારી શિક્ષા માન. ૨૩
હજી તો બાજી છે તુજ હાથ, સમજી શોધ સારો સાથ;
ત્રીકમ સાથ જોડી તાન, મન તું મારિ શિક્ષા માન. ૨૪
મેલી માન મટ ઉનમત્ત, દિક્ષા દે ભલી દલપત્ત;
પ્રીતે કર હરિરસપાન, મન તું મારિ શિક્ષા માન. ૨૫

---

## સ્વભાવ વિષે.

### દોહરા.

વસુધા ને વિદ્યા વિષે, વિવિધ રસોનો વાસ;
આંબો ચુસે મિષ્ટ રસ, લે આંબલી ખટાશ. ૧
આવળ આંબો બોરડી, જો તરું જુથ્થ જમાવ;
કરતારે દલપત કહે, સરજ્યા જુદા સ્વભાવ. ૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જન્મસ્વભાવ ટળે નહીં, જાય જીવને સંગ;
સંગથકી બદલાય છે, ઉપર ઉપરનો રંગ. ૩

ઇંદ્રવિજય છંદ.

એકજ બાગ અને જળ એકજ,
એકજ ખાતર એકજ કયારો;
લિંબુ દરાખ લવિંગ લિંબોળિ,
વિવેક કરી કદિ વાવિ વિચારો;
કોટ ઉપાય કરે દલપત્ત,
ફરે ન સ્વભાવ ધરે ન સુધારો;
જે ફળમાં રસ જાતિ સ્વભાવિક,
તે ફળમાં રસ તેજ થનારો. ૪

દોહરો.

મરતાં સુધી મટે નહીં, પડી ટેવ પ્રખ્યાત;
ફાટે પણ ફીટે નહીં, પડી પટોળે ભાત. ૫

ઉપજાતિ વૃત્ત.

સ્વભાવની સાધીત સાધનાનું, પુરું અનુષ્ટાન નથી થવાનું;
સમાપ્તિ તેની મરવા સમામાં, પૂર્ણાહુતિ તો પછિથી ચિતામાં. ૬

દોહરા.

સંગતથી સુધરે કદી, જાતિ સ્વભાવ ન જાય;
નાગર સંન્યાસી થયો, પણ ખટપટ ચિત્ત ચહાય. ૭
પારસ[1] પરસે લોહને, તો તે કનક થનાર;
પણ તેનો બદલાય નહિ, અસલતણો આકાર. ૮
કઠોર કે કોમળ દિસે, સ્વભાવ કુળ સરખોજ;
પથ્થર-સુત લોઢું જુઓ, જળ-સુત જુઓ [2]સરોજ. ૯

---

૧. પારસમણિ, ચિંતામણિ, કલ્પવૃક્ષ અને કામધેનુ એ બધી વસ્તુઓ સ્વર્ગમાં હોય. ૨. સરોજ-કમળ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જન મન કોમળ કે કઠણ, દેખિ ન ધરિયે ખાર;
ગુલાબ કોમળ કોઠફળ, કઠણ કર્યું કર્તાર. ૧૦
જુદા સ્વભાવના જનો, દેખિ ન ધરવો ખેદ;
તીખાં કડવાં ને ગળ્યાં, તરુવરમાં પણ ભેદ. ૧૧

### શાર્દૂલવિક્રીડિત વૃત્ત.

બોલ્યો વાઘ બજારે મધ્ય સુજને, જોતાં જનો ઠીકથી,
તાડુકયો દિન એક ટેક તજીને, જાત સ્વભાવીકથી;
માટે માનવી જાત માત્ર સુજને, પાપી ગણી પાડીયો,
રૂડો છું પણ ક્રૂર કામ કરતાં, કૂડો ગણી કાઢીયો. ૧૨

### ઇંદ્રવિજય છંદ.

દીપક દેખી પતંગ પડે,
શરીરે નહિ પીડ કશી શરદીની;
માનસરોવરમાં મહિષી[1] પડે,
ગંદકી કાજ નહિ ગરદીની;
શ્વાન લડે પણ વૈર વિના,
વનિતાઓ તરેહ રડે દરદીની,
કારણ કાંઇ નહિજ વિચારવું,
ધારવું ટેવ પડી ધરદીની. ૧૩

### દોહરા.

જાતિ સ્વભાવ સમ સદા, ઉચરે મુખ ઉચ્ચાર;
શ્વાન ભસે હય હણહણે, કરે કરી[2] ચીત્કાર. ૧૪
જાતી સ્વભાવ જોઇને, રૂદે ન ધરિયે રોષ;
સૃષ્ટાએ ભસવા સૃજ્યું, શ્વાન તણો શો દોષ. ૧૫
સરસ ઉચરવા જાય પણ, સ્વભાવ સમ ઉચરાય;
અન્યો જન્મથી બોખડો, શુદ્ધ કેમ બોલાય. ૧૬

---

૧. મહિષી-ભેંસ. ૨. કરિ-હાથી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જે જેને મન સહિરહ્યું, તે તેને સુખરૂપ;
મગરને સાગર ગમે, કચ્છપને મન કૂપ. ૧૭
જડથી પણ સુધરે જરૂર, સ્વભાવ મળતું કામ;
દળે વણે કાંતે લણે, યંત્રો જુઓ તમામ. ૧૮
ચાલે એકજ ચાલ જે, તે ઉપયોગી ગણાય;
વસ્ત્ર વણાય વરાળથી, વાયુથી ન વણાય. ૧૯
વરાળ ઉંચે લઇ જશે, હેઠે ખેંચે ભાર;
પણ જો ગોઠવણી કરો, વિપરીત રીત થનાર. ૨૦
સમજે જ્ઞાન સ્વભાવ સમ, જેમ પુંશ્ચલી[1] નાર;
[2]પંચાળીને પાંચ પતિ, સમજી ભારત સાર. ૨૧
અંતે જાય સ્વભાવપર, કદી બોધે બદલાય;
યંત્રે જળ ઉંચું ચઢે, પણ પાછું પડી જાય. ૨૨
આપ આપને ફાવતી, કહે કાઢવા ખામી;
પીવું નહિ જળ ગજ કહે, જળચરને શિરનામી. ૨૩
કહે ઉંટ કદી આપણે, કર્યું ન નખશું કાજ;
નીચે મુખ ન ચાલવું, એમ કરો સૌ આજ. ૨૪
અટકાવ્યાં અટકે નહિ, જે વેગે વહી જાય;
કાં તો થાકીને રહે, કાં ભીંતે ભટકાય. ૨૫
સ્વભાવ જો સુધર્યો નહિ, ભણ્યો નહિ સુધરેલ;
છે ચોરો યુરોપમાં, ભણતર ભલું ભણેલ. ૨૬
કહિકહિ થાકયા કવિજનો, લખિલખિ થાકયા લેખ;
જાતી સ્વભાવ જનતણા, તે તો ટળ્યા ન રેખ. ૨૭

## અસ્વાવ વિષે.

### ઉપજાતિ વૃત્ત.

જેમાંથી જેનું મન ઉઠી જાય, જરૂર તેને તુછ તે જણાય;
જુઓ ન જાણી ખપની જરીએ, નરેશ ગાદી નૃપ ભર્તૃહરીએ. ૧

---

૧. પુંશ્ચલી–વ્યભીચારિણી. ૨. પંચાળી–દ્રૌપદી.


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### ઇંદ્રિવંશા છંદ.

જેમાંથી જેનું મન ઉતરી ગયું,
તેને મને તો નિર્માલ્ય તે થયું;
સંન્યાસીને આદર ચિત્તમાં વશી,
દુશાલની કિંમત તેહને કશી. ૨
જે હોય વસ્તુ પ્રતિપક્ષિ પક્ષની,
નિર્માલ્ય લાગે કદી હોય લક્ષની;
જલેબી જે મોગલ લોક હાથમાં,
સ્વાદિષ્ટ જાણે નહિ વિપ્ર સાથમાં. ૩

### દોહરા.

ગુણ દેખી દ્વેષી બળે, તે રાજી ન થનાર;
અધિક રૂપાળીનો કરે, ત્યાગી અધિક તિરસ્કાર. ૪
અભાવ આવે એહને, સ્વાદ જરી ન જણાય;
આમિષ[1] જોતાં વિપ્રને, ઉરથી ઉલટી થાય. ૫
સારાને નરસું ગણે, જો મન ઉઠી જાય;
ભમરો ભોગી સુગંધનો, ચંપાને ન ચહાય. ૬
તેને ચાલે તે વિના, જો ઉર થાય અભાવ;
સૂર્ય વિના ઘુડને સદા, કશો નહિ અટકાવ. ૭
વન ભટકતી ભીલડી, તજી હીરામણિ હાર;
પહેરે ચાહી ચણોઠિયો, સરસ ગણી શૃંગાર. ૮
અલ્પ મૂલ આપ્યા થકી, હાથી મળતો હોય;
પણ પામર જન શું કરે, તે કદી સમજે તોય. ૯

## સજ્જન વિષે.

### છપ્પા.

તરુવરનો નહિ તાગ, ભાગ્યથી સુરતરુ ભેટે;
હીરા મળે હજાર, કોહિનુર છેકજ છેટે;

---

૧. માંસ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બગલા બાણું ક્રોડ, હંસ ન મળે હળવો,
સમળા મળે અસંખ્ય, ગરુડ મુંહિમા કયાં મળવા;
જન તો બહુ જડશે જગતમાં, તન તાપ ન તેથી ટળે,
દિલ સત્યપણે દલપત કહે, મહાભાગ્ય સજ્જન મળે. ૧
સજ્જનતા ગુણ સરસ, મળે નહિ ખરચે મૂલે,
શિખવ્યાથી ન શિખાય, નથી ફળતી કો ફૂલે;
વિચરે દેશ વિદેશ, લેશ જીવમાં નહિ જામે,
પવિત્ર તીર્થ પ્રવેશ, કીધે પણ કોઈ ન પામે;
કદી પ્રગટે નહિ દલપત કહે, ઘરઘર અથડાએ ઘણું,
ઇશ્વર કરુણાથી ઉપજે, પુરુષ વિષે સજ્જનપણું; ૨

દોહરા.

સજ્જન સોના સ્નેહી પણ, દુષ્ટતણે મન કાળ;
જગત ચક્ષુ છે સૂર્ય પણ, ઘૂડ ગણે વિકરાળ. ૩
સજ્જનને હરકત કરે, તે જન પામે કલેશ;
સ્પર્શ કરે તે પરજળે, અગ્નિને નહિ દ્વેષ. ૪
મર્યાદા મૂકે નહિ, સજ્જન લડતાં હોય;
જેમ કુળવતી નારીનું, હસતું ઓઠે હોય. ૫
સજ્જનને જે સાંપડયાં, વિદ્યા વાણી વિત્ત;
વિવેકથી તે વાવરે, દુર્જન ઉલટી રીત. ૬
શીખ શીખવતાં મુરખને, શીખે સમજુ તતકાળ;
તાડન કરતાં ટટ્ટુને, તેજણ તજે કુચાલ. ૭
નિર્મળ જનને કયમ કરી, ગુપ્ત ભેદ કહેવાય;
કમાડ જેનાં કાચનાં, ગુપ્ત ચીજ ન રખાય. ૮
નિર્મળ જન ઢાંકે નહિ, પરયશનો આભાસ;
ફાનસમાં દીવો બળે, બાહર પડે પ્રકાશ. ૯
ચોડે ઠેકાણે મળે, ઠરવા કેરું ઠામ;
બહુ પૃથ્વીજળ ક્ષારમય, દીસે દલપતરામ. ૧૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગણે નહિ ગંભીર જન, દુર્જનના આવાજ;
શ્વાન ભસે સો સામટાં, ગણે નહિ ગજરાજ. ૧૧
જનો ઘણાં જગમાંહિ પણ, ગુણિજન પામે માન;
ઉત્તમ છોડ ઉછેરશે, ધન ખરચી ધનવાન. ૧૨

છપ્પો.

કામ વિચારી કરે, ડરે નહિ તે જન ડાહ્યો,
ગુણનો ન ધરે ગર્વ, સર્વથી હોય સવાયો;
વડું ન વાવે વેર, ઝેરની જીભ ન રાખે.
મધુર વચનનાં મિષ્ટ, ચતુર થૈને ફળ ચાખે;
વળી કળાય નહિ તે કોઈથી, પરનો પામે પાર છે,
દુનિયામાં તે દલપત કહે, ડહ્યો ડહાપણદાર છે. ૧૩

દુર્જન વિષે-દોહરા.

દુર્જન મનમાં દુર્વચન, સજ્જન મુખ મિઠાશ;
હોય સુગંધી બાગમાં, ગંધાતો સંડાસ. ૧
દુર્વચનો સુણી દુષ્ટનાં, કરિયે ગુસ્સો કેમ;
સ્વર ઘૂવડ ખર શ્વાનનો, રચ્યો ઇશ્વરે એમ. ૨
ઉઘાડવો સંડાસ તો, ઢાંકવું નાક નિદાન;
જો છંછેડો નીચ તો, કરો બંધ નિજ કાન. ૩
ખળને મન સમવિષમ નહિ, ગુણી અવગુણી સમાન;
સારો નરસો નવ જુએ, ભસે સર્વને શ્વાન. ૪
માન આપવું યોગ્યને, લાયક જનનું કામ;
ઘૂવડ રવિને માન કદિ, દે નહિ દલપતરામ. ૫
અભ્યાસી પંડિત થકી, ભાંડ થકી પંડિત;
ભાંડ ડરે અતિ ભાંડથી, એજ અસલની રીત. ૬
સોય વડે કદી સીવિએ, ખળ મુખ બંધ ન થાય;
હાના સાટે હરઘડી, હું ઊંહું ઉચરાય. ૭
દ્રેષ તજે નહિ દુષ્ટ જન, દેતાં જીવતદાન;
થાય જવાસા ઘન થયે, ખળીને ભસ્મ સમાન. ૮

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નિર્દોષીને શું કરે, દુષ્ટ કરીને દ્વેષ;
જલદ[1] નિહાળી જવાશિયા, પંડે પામે ક્લેશ. ૯
દુર્જન દાઝીને મરે, સુજન કીર્તિ સુણી સ્વચ્છ;
પવન સુગંધિ સ્પર્શતાં, મરે તરફડી મચ્છ. ૧૦
દિલમાં દાઝે દુર્ગુણી, પરોક્ષ કરતાં બોધ;
ચોર તણી નિંદા કરે, કોળી કરે વિરોધ. ૧૧
સત્યપણું સાબીત થયે, દ્વેષી ન તજે દ્વેષ;
પ્રતિવાદી સાચો ઠરે, વાદી વેર વિશેષ. ૧૨
પાપી જન પશુ જાતિની, સરખી રીત સદાય;
ડર દેખી પાછો હઠે, આલસ પર સજ થાય. ૧૩
જયાં જયાં જૈને જન વસે, ત્યાં ભયનો આભાસ;
ખળ જનથી ડરી પુર તજે, વનમાં વનચર ત્રાસ. ૧૪
દુઃખ પોકાર્યે દુષ્ટને, દયા ન ઉપજે દીલ;
વાઘ અજા પોકાર સુણી, કરે ન ઘડિયે ઢીલ. ૧૫
ડગે તેહને દુષ્ટ જન, નડે જેમ જમદૂત;
નક્કી અધિક અધિક નડે, બીએ તેહને ભૂત. ૧૬
વાઘ સાપ વરુ કુટિલ જન, કરત ન જો કર્તાર;
ગફલત રાખત ગુણિજનો, ચૂકત વારંવાર. ૧૭
દુષ્ટ તજે નહિ દુષ્ટતા, કદી કરિયે સત્કાર;
નિત દુધ પાઓ નાગને, પણ કરડે કોવાર. ૧૮
દુર્જનને ગુણ દીજીયે, કરે આપ અપકાર;
પ્રથમ હણે દેનારને, મર્કટ કર તરવાર. ૧૯
દુર્જનનાં કૃત્ય દેખીને, કરે મહાજન માફ;
પણ ઇશ્વર સાંખે નહિ, કરે અદલ ઈન્સાફ. ૨૦
ચિતમાં ચાહો તેટલી, તમે કરો તદબીર;
કથિર કદી ન કનક બને, કનક ન થાય કથીર. ૨૧

૧. જલદ-વરસાદ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દુષ્ટ ન દુષ્ટપણું તજે, કરીને તીર્થસ્નાન;
ઝેર ઞબોળ્યું દૂધમાં, ઝેરજ રહે નિદાન. ૨૨
સજ્જન સમ ગણી સેવતાં, દુર્જન સુજન ન થાય;
એરંડે રસ નવ ચઢે, શેલડી સંગ સિંચાય. ૨૩
શિખામણના શબ્દ તે, કહિયે નહિ ખળ સંગ;
પથરે કાદવ ઢાંકતાં, ઉડે છાંટા અંગ. ૨૪

### ઇંદ્રવિજય છંદ.

શ્વાન ભસે ગજરાજ ગણે નહિ, જ્ઞાનિ ગણે ન અજ્ઞાનિની ગાળો;
જાય જવાસો સુકાઇ સુણી ઘન, દુષ્ટ સુણી પર કીર્તિ દુખાળો;
હંસ સમીપ સદૈવ વસે પણ, કાગ કદાપિ મટે નહિ કાળો;
સજ્જન સંગ થકી દલપત્ત, સુલક્ષણ લે ન કુલક્ષણ વાળો. ૨૫

### દોહરા.

બાથ ભરી ભેટયા થકી, કરિયે નહિ વિશ્વાસ;
કેફળને લે બાથમાં, સૂડી કરે વિનાશ. ૨૬
દૂરથી રહિયે ચેતતા, જો કઇ વશિયે સંગ;
કદીક સૂડી આપણી, આપણું કાપે અંગ. ૨૭

### સિંહનું દૃષ્ટાંત—ઇંદ્રવિજય છંદ.

સિંહતણી કરિયે કદિ સોબત,
મસ્ત થએ ન મહોબત રાખે,
લોપ કરે હિત કોપ કરી પછી,
નિર્દય થઇ પળમાં હણી નાંખે;
મિત્ર અમિત્ર ન તત્ર ગણે,
તન ચામડી ચીરી ચુપેચુપ ચાખે,
તે દલપત્ત ભલો પણ દુષ્ટ,
અદાવત રાખી નડે ભવ આખે. ૨૮

### ગધેડાનું દૃષ્ટાંત.

દુષ્ટથકી દુર જૈ વશિયે ખશિયે,
ખળનો પરખી પડછાયો,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હેત નિહાળિ થવું નહિ હર્ષિત,
　શું થયું જો ગુણ વર્ણવી ગાયો;
ગર્ધવની કદી થાય ન ગાય,
　ગમાર ભલે જમુનાજળ નાહ્યો,
દુષ્ટની સોબતથી દલપત્ત,
　નથી જગમાં સુખ કોઇ કમાયો.　　　　૨૯

દોહરા.

સદ્‌ગુણથી સજ્જન દિસે, ભણ્યાતણો નહિ ભેદ;
ભણ્યો તોય રાક્ષસ રહ્યો, રાવણ ચારે વેદ.　　　　૩૦
નિશાળમાં નાદાન જઇ, વડા થાય વિદ્વાન;
પણ ન ટકે માણસપણું, નાદાને નાદાન.　　　　૩૧

છપ્પો.

ભણિ ગણિ થાય ભણેલ, અહંપદ ઉરમાં આવે,
અધિક મળે અધિકાર, જુલમથી હુકમ બજાવે;
જો પામે જર જોર, ફેલમાં પડે ફસાઇ;
બને બહુ બળવંત, કરે જયમ કામ કસાઇ;
સદગુણ દલપત શોભે નહિ, જાત માનવી માત્રને,
અવળાં કારજ અદકાં કરે, પદવી મળે કુપાત્રને.　　　　૩૨

મનહર છંદ.

અરે ઓર અભિમાન તજ કડવાશતણું,
કુટિલના કથનની એવી કડવાશ છે;
વાયસ ઠગાઇતણો તજી દે વિશેષ ગર્વ,
એવી ઠગાઇનો ઠાઠ ઠગ લોક પાસ છે;
નિરદયપણાનું નહિ રાખીશ તું વાઘ માન,
દયાહીણ એવા દેશી રાજાઓના દાસ છે;
મન વિષે મોટું જમદૂત શું ગુમાન રાખે,
ઘણા દુષ્ટ જુલમીનો જગમાં નિવાસ છે.　　　　૩૩

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

### દોહરા.

નિર્લજ નર લાજે નહિ, કર્યે કોટિ ધિક્કાર;
નાક કપાયું તો કહે, અંગે ઓછો ભાર. ૩૪
નિર્લજ જો લજ્જા ધરે, સરે ન સ્વારથ કામ;
જો વેશ્યા શરમાય તો, દેખે નહિ કદી દામ. ૩૫
નિર્લજ નિર્લજતા કરી, પોરસ[1] ધરે અપાર;
ભાંડ અધિક ભુંડું ભણી, જાણે હું હુંશિયાર. ૩૬
કામીને સગપણ કશું, ભૂખ્યાને શું અખાજ;
પાપીને મન પાપ શું, નિર્લજને શી લાજ. ૩૭

### મનહર છંદ.

દીઠો એક લોહ દંડ, અખંડ પ્રચંડ પંડ,
કાઠથી કઠોરને અનમ્ર દીસે આવતાં,
દુધ દધિ ઘૃત મધ પાઇએ જો પંચામૃત,
નરમ ન પડે અંગ અત્તર લગાવતાં;
મધુર વચનની મધુરતાથી માને નહીં,
જડ જેવો જડ સમજે ન સમજાવતાં;
કહે દલપત એવા કઠોરની કાયા નમે,
તાપથી તપાવી માર મારીને નમાવતાં. ૩૮

### ઇંદ્રવિજય છંદ.

તેજણ તાડન શબ્દ સુણી, દિક થૈ વિચરે ચિત ચેતિ સુઠામે,
મધ્યમ જાતિ તુરંગમ તે, સજશે ગતિ ચાબુક ચોટ ઉગામે;
ટાટવું[2]છો તન તાડનથીજ, ગતીજ કરે શુભ મારગ સામે,
અર્ધવ પીઠ પડે ડફણાં પણ પાંશરી ચાલ પુરી નવ પામે. ૩૯

### દોહરો.

શઠને તો શિક્ષા વિના, કદી ન આવે સાન;
કહિયે પશુને કરગરી, તો ન તજે તોફાન. ૪૦

---

૧. પોરસ-ફુલાઇ. ૨. હલકી જાતનું ઘોડું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઇંદ્રવિજય છંદ.

કોમળ તાત કરે પણ ઘાત, ઘણી ઘટમાં ઘડિમાં ઘર ઘાલે,
આતુરતા બતલાવી અહોનિશ, આતુરતા ચિતમાં ધરિ ચાલે;
સ્વારથ સાધિ ઉપાધિતણાં ખળ, ઝાડ કરી ઝટ મારગ ઝાલે;
દોસ્તિ કિધે દલપત્ત કહે, દિલ સંકટના બહુ કંટક સાલે. ૪૧

મચ્છર મારવાના સાંચાનું દૃષ્ટાંત.

શીતળ શાંત સ્વભાવ સજે, ખળ માનવિ મચ્છર મારણ સાંચો;
વીશવસા વિશવાસ વસે, ઉપજે નહિ ખેદ પડે નહિ ખાંચો;
વાત વિશેષ કહે દલપત્ત, સુબોધ વિષે વિગતે કરી વાંચો;
ટંકક દેખી રહે ઠરી મચ્છર,ચંચળ થૈ પકડે પછી સાંચો. ૪૨

ખાખરાના ઝાડનું દૃષ્ટાંત.

જો ભરપૂર ભલાઇ દિસે પણ, ક્રૂર થઇ પછી કાળજ કાપે,
ખૂબ ખિલ્યો દરસે તરુ ખાખર, આખર તો કડવાં ફળ[1] આપે;
તેમજ દુષ્ટ તમામ તણી ગતિ, મિત્ર થઇ મન આપણું માપે,
મિત્ર મટી દલપત્ત કહે પછી, શત્રુ સમાન સદૈવ સંતાપે. ૪૩

---

## કૃતઘ્ની વિષે.

દોહરા.

કૃતઘ્નીને જે ગુણ કર્યો, વસ્તુનો વણસાડ;
અદ્ધ ખાધું ખેત્ર તે, નહિ પુણ્ય નહિ પાડ. ૧

કૃતઘ્નીને જે આપિયું, ખાય ત્યાં લગી પ્રીત;
ખાતાં સુધી ભસે નહિ, શ્વાન તણી એ રીત. ૨

ગુણ જે કર્યો ગમારને, ધરી ધૂળમાં ધૂળ;
બાવળીયો બળીયો બની, સદાય આપે શૂળ. ૩

---

૧. ખાખરાનાં...

P.P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

વળતે દિન ન વિસારિયે, સુખ દિધું દુઃખકાળ;
ઉનાળે જળ આપતાં, ફળે રતે તરુ ફાલ. ૪

---

## મૂર્ખ વિષે.

### છપ્પો.

વણ પૂછયાથી તેણ, ઘણાં બોલે તે ઘેલો,
બોદી ખાડો ખૂબ, મંડે પડે પણ પહેલો;
ન કર્યાનું કરી નિત્ય, ચિત્ત ચેતી નવ ચાલે;
પરનું પોતાતણું, ઘણું ઘેલો ઘર ઘાલે;
વળિ વહેલો વળગે વાદમાં, છેલ્લો છેક છુટી પડે,
દિનદિન દિલમાં દલપત્ત કહે, ઘાટ ઘણા ઘેલો ઘડે. ૧

### દોહરા.

બુદ્ધિ વગરનું માનવી, સમજો પશુ સમાન;
વાનરને પણ છે જુઓ, હાથ પાય મુખ કાન. ૨
આવા નરની વાતથી, આ વાનરની વાત;
ખુશી થૈ સુણિએ જાતથી, ખુશી થૈ સુણિયે જાત. ૩
જડને જે કો ગુણ કરે, ઘડે તેહનો ઘાટ;
નીરે તાર્યું કાષ્ટને, શિરપર પાડી વાટ. ૪
જગ મધ્યે જુદાં નથી, ગાંડા જનનાં ગામ;
ગુણહીણા તે ગાંડિયા, દીસે દલપતરામ. ૫
મૂરખ ન ચહે સ્વર્ગ સુખ, ખાન પાન ગુલતાન;
શિશુ શું કરે સુવર્ણને, ભક્ષ કર્યાનું ભાન. ૬
મોટા સાથે માન લે, ગુણ હિણ નહિ વખણાય;
હરિ સાથે પૂજાય પણ, મૂર્ખજ શંખ ગણાય. ૭
વશી ઘેર જઇ બેનને, ગણાય અવગુણ ગૂઢ;
લક્ષ્મી-વરને કર વશી, શંખ મનાયો મૂઢ. ૮

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અણસમજુ ને આખલો, સમજે ગુણે સમાન;
સમજાવ્યા સમજે નહી, તાડનથી લે સાન. ૯
માર વગર માને નહી, જડ માણસ પશુ જાત;
કરતાં જુલમ હઠે નહી, વિનયતણી સુણી વાત. ૧૦
એકે પણ સંપૂર્ણ ગુણ, જનમાં નથી જરૂર;
સંપાદન કરી સ્વલ્પ ગુણ, મૂર્ખ થાય મગરૂર. ૧૧
મૂર્ખ વિચારે મુજ વિના, કશું ન સુધરે કામ;
જાય બળદથી બાર ગણી, આગગાડી પરગામ. ૧૨
ગોષ્ઠિ કરવી નવ ગમે, બુધને મૂરખ સાથ;
કદી કાગળ બોલે નહિ, ચડી અભણને હાથ. ૧૩
પકડી કજીઆ પારકો, શીદ કરે સુખ હાણ;
ચિંતા પરાઇમાં બળે, એવો કોણ અજાણ. ૧૪
ઉપાય છતાં અબુધ જન, દે ઇશ્વરને દોષ;
છતિ છત્રી ઓઢે નહિ, મેહ ઉપર કરી રોષ. ૧૫

## વ્યાઘાતાલંકાર.

ભણ્યો નથી હું ભવવિષે, લખી ન જાણું લેશ;
માટે કામ મુસદ્દિનું, સોંપો મને નરેશ. ૧૬

## ગમાર બાવની.

ફરી ભરુંસો કર્મનો, કહે થશે થનાર;
આપ તજે ઉદ્યોગને, એ પણ એક ગમાર. ૧૭
આખાની આશા થકી, અરધો તજે આહાર;
પછી પૂરો પસ્તાય છે, એ પણ એક ગમાર. ૧૮
જે વસ્તુ જાતિ રહે, એનો શોક અપાર;
કરે સદા સંભારીને, એ પણ એક ગમાર. ૧૯
તેલ તુલ્ય અંતર તપે, મૂકે વળી વઘાર;
બળતાને બાળે બહુ, એ પણ એક ગમાર. ૨૦
કરે વિચાર કર્યા વિના, અવસર વિરુદ્ધ ઉચાર;

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

સમય વિષે સમજે નહી, એ પણ એક ગમાર. ૨૧
જેની સોબતથી થયું, અતિશય દુખ એકવાર;
વળી તેની સાથે વસે, એ પણ એક ગમાર. ૨૨
જાણે જે જેની જીભે, નિકળે સદા નકાર,
તોપણ માગે તે કને, એ પણ એક ગમાર. ૨૩
સહજ વાતમાં સર્વ પર, ખોટો રાખે ખાર;
વેર વધારે વિશ્વમાં, એ પણ એક ગમાર. ૨૪
સહસા કામ સમેટીને, વળતી કરે વિચાર;
પાણી પીને ઘર પૂછે, એ પણ એક ગમાર. ૨૫
વાદે નાણું વાવરે, આપે બની ઉદાર;
કરજ કર્યાનો ડર નહી, એ પણ એક ગમાર. ૨૬
નિજ દુર્ગુણ દેખે નહી, પદ નિંદાપર પ્યાર;
છિદ્ર ઉઘાડે અવરનાં, એ પણ એક ગમાર. ૨૭
ભૂતળમાં ભુંડાઇનો, ભરે ભલો ભંડાર;
સાબાશી સપને ન લે, એ પણ એક ગમાર. ૨૮
સારું નરસું શોધીને, જુએ ન સાર અસાર;
ગોળ ખોળ સરખાં ગણે, એ પણ એક ગમાર. ૨૯
છત ઝાઝી ઘરમાં છતાં, નામ ધરે નાદાર;
કૃપણપણું પોતે કરે, એ પણ એક ગમાર. ૩૦
કરે પરાક્રમ પણ ધરે, અવરતણો આધાર;
અલ્પે ન મળે આપ બળ, એ પણ એક ગમાર. ૩૧
સમજે જે હું સહજમાં, પામીશ સાગર પાર;
પંડ બળે તરવા પડે, એ પણ એક ગમાર. ૩૨
ઘરધણિયાણીથી લડી, ખાળી દે ઘરબાર;
વિમાસણ વળતી કરે, એ પણ એક ગમાર. ૩૩
કરી ન પાળે કોઇ દીન, વળતી વધે વિકાર;
ભારે પીડા ભોગવે, એ પણ એક ગમાર. ૩૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિખનું જોવા પારખું, લે મુખ માંહિ લગાર;
મોહી વગર મોતે મરે, એ પણ એક ગમાર. ૩૫
કન્યાનું માગું કરે, એ તો સૌ સંસાર;
પણ વહુનું[1] માગું કરે, એ પણ એક ગમાર. ૩૬
વાત ન જાણે વૈદની, અનુભવ નહિ આજાર;
વૈદ બની વૈદું કરે, એ પણ એક ગમાર. ૩૭
ટંટો ટુંકો થાય તો, વળી કરે વિસ્તાર,
લડાઈથી લાજે નહી, એ પણ એક ગમાર. ૩૮
નિઃસંશય ઉત્તર મળે, તોય કરે તકરાર;
વ્યર્થ વદે વળી વાદ બહુ, એ પણ એક ગમાર. ૩૯
સમજે જે જન સર્વથી, હુંજ ઘણો હુંશિયાર;
પછી ન પૂછે કોઈને, એ પણ એક ગમાર. ૪૦
અંતર કેરા ઉભરા, બકીને કહાડે બહાર;
જોગ અજોગ જુએ નહી, એ પણ એક ગમાર. ૪૧
ચડે નજર જન ચાલતાં, ચાલે લારો લાર;
પીછે નહિ પરિણામને, એ પણ એક ગમાર. ૪૨
વિરુદ્ધ દીસે વિશ્વમાં, એમ સજે શણગાર;
અપજશથી નવ ઓસરે, એ પણ એક ગમાર. ૪૩
કરે ખુશામતખોર જન, વખાણ વારંવાર;
સાચું માને સર્વ તે, એ પણ એક ગમાર. ૪૪
આગળ કહે અમીર તું, પાછળ કહે કુંભાર;
એવાને નવ ઓળખે, એ પણ એક ગમાર. ૪૫
ઉપજ ખરચના આંકનો, શોધે નહિ સુમાર;
વણ લેખે ધન વાવરે, એ પણ એક ગમાર. ૪૬
પ્રથમ ચડાવી પુષ્પને, છેવટે છાંટે છાર;
ધમ્યું કનક ધૂળે ધરે, એ પણ એક ગમાર. ૪૭

૧. કોઇએ પોતાને વાપરવા ચીજ માગી લીધી હોય તો વેચાતી માગે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સ્વારથ સાધ્ય સમે કરે, સ્નેહીનો સંહાર;
શોભ ન રાખે લોભનો, એ પણ એક ગમાર. ૪૮
છેતરવા જન જાતને, હિંમત કરે હજાર;
નીતિની રીતી તજે, એ પણ એક ગમાર. ૪૯
કથને જનનાં કાળજાં, કાપે જેમ કટાર;
ચતુરપણું ચિતમાં ગણે, એ પણ એક ગમાર. ૫૦
પાછળ જેના પંડને, કરે સહુ ધિક્કાર;
એવાં જેનાં આચરણ, એ પણ એક ગમાર. ૫૧
ભોળપણાથી ભૂમિમાં, ઠગાય ઠારોઠાર;
કપટ કશું ન કળી શકે, એ પણ એક ગમાર. ૫૨
વણ તેડાવ્યો વળિવળી, આવે વાર અઢાર;
વણ બોલાવ્યો બહુ બકે, એ પણ એક ગમાર. ૫૩
હસે ભસે લડવા ધસે, ભરી સભા મોઝાર;
માણસની મરજાદ નહિ, એ પણ એક ગમાર. ૫૪
ગુણ તો એક ગણાય નહિ, અવગુણનો અવતાર;
મિથ્યા માન ધરે ઘણું, એ પણ એક ગમાર. ૫૫
તનની પીડા ટાળવા, કરે નહિ પ્રતિકાર;
ભરુંસો કરે ભવિષ્યનો, એ પણ એક ગમાર. ૫૬
માલ તજી મિઠાશનો, વિખની ભરે વખાર;
સાલે સૌને સાલ સમ, એ પણ એક ગમાર. ૫૭
પરનારીની પ્રીતથી, ખાંતે થાય ખુવાર;
જર, જશ ને જોબન ખુએ, એ પણ એક ગમાર. ૫૮
ઉદ્યમને અળગો કરી, જૈને રમે જુગાર;
ઇચ્છે ધન એમાંથકી, એ પણ એક ગમાર. ૫૯
પાપે પેટ ભરે સદા, ચહે સ્વરગ સંચાર;
ભભકો રાખે ભગતનો, એ પણ એક ગમાર. ૬૦
પક્કા પાખંડી તણો, પણ રાખે પતિયાર;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ખત્તા ખાય પુરા પછી, એ પણ એક ગમાર. ૬૧
જોતાં કઇક જતા રહ્યા, જન જમરાજદ્વાર;
તોપણ તેનો ત્રાસ નહિ, એ પણ એક ગમાર. ૬૨
વેગે કલાક વહી ગયા, ઉગ્યા પછી અગ્યાર;
તોય ન ચેતે ચિત્તમાં, એ પણ એક ગમાર. ૬૩
પોતે સોંપે પુત્રને, અન ધન ને આગાર[1];
વેઠે સંકટ વૃદ્ધ થઈ, એ પણ એક ગમાર. ૬૪
વૃદ્ધપણે પરણે વળી, નાની સરખી નાર;
વળતી હેરે હેરણાં, એ પણ એક ગમાર. ૬૫
પ્રભુ કરુણાથી પૃથ્વીપર, થઇ સૂબો સરદાર;
આશિષ લે નહિં અવરની, એ પણ એક ગમાર. ૬૬
ઉપકારી જનનો કહી, ઉર ન ધરે આભાર;
દુનિઆમાં દલપત કહે, એ પણ એક ગમાર. ૬૭
કાં તો વગર ભણેલો ભલો, કાં તો ભલો ભણેલ;
અધવધરા જનથી જુઓ, બહુ બિગાડ બનેલ. ૬૮

ઇંદ્રવિજય છંદ.

વેણ ઉચાર વિચાર વિના, કરતો ફરતો નરશંખની સરખો,
શોધક સંગ વિરોધ કરી, ગણિ બોધક બોલ અતોલજ તીખો;
પાઠક પાસ પુરા દસ પાઠક, સાઠક રોજ સુધી નહિ શીખ્યો,
શિક્ષકની શિખતો ન શિખામણ, ભિક્ષુક થૈ ભવમાં પછી ભીખ્યો.૬૯

દોહરો.

તાબુત શું જોશો તમે, મન રાખો મજબુત;
સમજાવ્યું સમજે નહિ, તે પંડે તાબુત. ૭૦

સોરઠા.

વિદ્યા વિવિધ પ્રકાર, શિક્ષક શિખવે સ્નેહથી;
ભણે નહિ ભણનાર, શિક્ષક તેને શું કરે ? ૭૧

---

૧. આગાર-ઘર.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રહી સુજનોની સાથ, દિલથી ન તજે દુષ્ટતા;
આભે ભીડે બાથ, સુજનો તેને શું કરે? ૭૨
યથાર્થ વાત જરૂર, સાચાં શાસ્ત્રો તો કહે;
અવળું સમજે ઉર, શાસ્ત્રો તેને શું કરે? ૭૩
શિલા સુધારણ કામ, સલાટ ટાંકે ટાંકણે;
ટુકડા થાય તમામ, સલાટ તેને શું કરે? ૭૪
સાચા સાથે જાય, પણ જૂઠું જીભે વદે;
બંધનથી બંધાય, સાચો તેને શું કરે? ૭૫
સંગત રાખે શુદ્ધ, શુદ્ધ સ્વભાવ સજે નહિ;
એવો હોય અબુધ, સંગત તેને શું કરે? ૭૬
સાચા ખોટા દામ, સરાફ સમજાવે સદા;
તોપણ ગ્રહે તમામ, સરાફ તેને શું કરે? ૭૭
રહે દિવસ ને નીશ, શાણા મંત્રી સમીપમાં;
મનસ્વી[1] હોય મહીશ, શાણા તેને શું કરે? ૭૮
શૂરા હોય સિપાઈ, હોય નૃપતિ હિમત રહિત;
રાખે નહિ ઠકરાઇ, શૂરા તેને શું કરે? ૭૯
સજવાને શણગાર, સોની સજી આપે સરસ;
નાક વિનાની નાર, સોની તેને શું કરે? ૮૦
હેત સહિત હમેશ, સુખ આપે સ્વામી ઘણું;
કામની તજે ન કલેશ, સ્વામી તેને શું કરે? ૮૧
સખિયો મળી સદાય, જવા સાસરે સૌ કહે;
જો જુવતી નહિ જાય, સખિયો તેને શું કરે? ૮૨
શેઠે સોંપ્યું કામ, નોકર દિલ દૈ નવ કરે;
દાખે દલપતરામ, શેઠ તેહને શું કરે? ૮૩

ચોપાઈ.

વધામણી વીવાની કહી, મૂરખને મોકલીયો તહી;
અવળું સવળું જઇ ઉચરે, વીવાની વરશી તે કરે. ૮૪

---

૧. મનસ્વી-મનમોજી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જેનું જે જાણે નહિ નામ, તેને ભળાવિયે તે કામ;
કારજ તેથી કશું નવ સરે, વીવાની વરશી તે કરે. ૮૫
ઓળખી ન શકે અક્ષર એક, છૂટો ફર્યો રમતમાં છેક;
વળી વેપાર વડા આદરે, વીવાની વરશી તે કરે. ૮૬
હરફ ન જાણે હોય હજામ, કરે વળી વૈદકનું કામ;
પછી પરાયા પ્રાણુજ હરે, વીવાની વરશી તે કરે. ૮૭
બોલી ન જાણે વિગતે બોલ, તેનો તે શો કરિયે તોલ;
સભા વિષે પછી જો સંચરે, વીવાની વરશી તે કરે. ૮૮
નીતિનું તો ન મળે જ્ઞાન, પૃથ્વિપતિનો થાય પ્રધાન;
સંધિ વિગ્રહ શું સાંભરે, વીવાની વરશી તે કરે. ૮૯
ભય નિર્ભયનું ન મળે ભાન, એને કરિયે આગેવાન;
તો લશ્કર તે સઘળું મરે, વીવાની વરશી તે કરે. ૯૦
સજે ભલો શોભીતો વેષ, લાયક ગુણ તો ન મળે લેશ;
તેનાથી કંઇ નવ સુધરે, વીવાની વરશી તે કરે. ૯૧
સદૈવ સારું કરવા ચહાય, પણ એનાથી અવળું થાય;
વિવેક તે કયાંથી વાવરે, વીવાની વરશી તે કરે. ૯૨
આપનું કામ બગાડે એમ, તો બીજાનું સુધારે કેમ;
અકલ વિના મહેનત આદરે, વીવાની વરશી તે કરે. ૯૩
જીવ વિના કામે જે જાય, ખેદ ધરે ને ખુશી ન થાય;
ફોગટ જઇને પાછો ફરે, વીવાની વરશી તે કરે. ૯૪
દિલથી કહે છે દલપતરામ, જેના લાયક નહિ જે કામ;
તેમાં હોંસે હિમ્મત ધરે, વીવાની વરશી તે કરે. ૯૫

---

## વહેમ વિષે.

### દોહરો.

કેમ વહેમની વારતા, પંડિત કરે પ્રમાણ;
માને મૂરખ માનવી, આપે હોય અજાણ. ૧


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મંત્ર જંત્ર ને મેલડી, તે તો તૂતે તૂત;
વળગે પૂરા વહેમથી, ભોળા જનને ભૂત. ૨
ભડકણ ભોળા ભાઇને, ભાસે સાચું ભૂત;
તપાસતાં તે તો ઠરે, ભૂત નહિ પણ તૂત. ૩

મનહર છંદ.

ભૂપના ભવનમાં સુતો ગમાર ગામડિયો,
ઘડીઆળ ઘોષ સુણી ભડકીને ભાગે છે;
બુમ સુણી બહુ લોકે કારણ પુછયું તો કહે,
છ તો ઘર ઠીક પણ બીક બહુ લાગે છે;
નક્કી ભૂત થાય મરી જાય જે નવા ઘરમાં,
આ ઘરમાં ભાઇ ભારે ભુતાવળ જાગે છે;
રાત અરધીક જયારે જાય દલપતરામ,
ઘણણણ ઘણણણ, ઘંટડાઓ વાગે છે. ૪

દોહરો.

એક ધુણે અબધુત થઇ, જેવો જમનો દૂત;
છે તો તૂતેતૂત પણ, ભાસે સાચું ભૂત. ૫
આગગાડિ ને તારનો, ખરેખરો છે ખેલ;
એથી કશો અધિક નથી, બીજો ખેલ બનેલ. ૬
જાણો તે પણ જુક્તિ છે, મંત્ર નહિ પણ જંત્ર;
તેથી બીજા તુચ્છ છે, જાદુ તમાસા તંત્ર. ૭
તે રીતે રચનાર પણ, માણસ અવશ્ય મેવ;
દૂત નહિ તે દેવના, નહિ દુનિઆના દેવ. ૮

ઇંદ્રવિજય છંદ.

મારણ મંત્ર અચીત ક્ષમા, મન મોહન મંત્ર રુડી ચતુરાઇ,
સ્તંભન મંત્ર સદા સનમાન, પ્રકર્ષણ મંત્ર સનેહ સચાઇ;
એમ ઉદ્યોગીપણુંજ ઉચાટન, વાણિ ભલી વશકારક ભાઇ;
અન્ન સજીવન ઔષધિ છે, દલપત્ત કહે જળમાં અમૃતાઇ. ૯

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### દોહરા.

માન્યાથી જો માનતા, દેહ દરદ દૂર જાય;
તો સઘળા શ્રીમંતને, દેહ દરદ નવ થાય. ૧૦
એકી બેકી ઉપરે, ભાખે ભવિષ્ય વાણ;
એજ પ્રકારે આશરે, જ્યોતિષનું ફળ જાણ. ૧૧

### મનહર છંદ.

સીતાપતિએ ન જાણ્યું સીતાનું હરણ થશે,
સીતાએ ન જાણ્યું જે સંન્યાસી પ્રતિકૂળ છે;
દેવપતિએ ન જાણ્યું જે દમયંતી નહિ પામું,
નારદે ન જાણ્યું મોહિની તો માયા મૂળ છે;
ગૌતમે ન જાણ્યું જે આ કૂકડામાં કપટ છે,
શુકે ન જાણ્યું જે ઝારીમાં સંકટ શૂળ છે;
કહે દલપતરામ આજ કળિકાળ મધ્ય,
જોષીયો ભવિષ્ય જાણે ધારવું તે ધૂળ છે. ૧૨

### છપ્પો.

રવિને શિર રિપુ રાહુ, ચંદ્ર ક્ષયરોગી આપ,
મંગળ છે અંગાર, બુધ શિર કલંક છાપ;
ગુરુ[1]એ ગુમાવિ નારી, શુક્ર આંખે છે કાણો,
શનિ લૂલો સર્વદા, રાહુ શિર વિના ગણાણો;
વળિ કેતૂને તો ધડ નથી, એમ નવે દુખીયા થયા,
ગ્રહ નડવાથીજ દુઃખ થાય તો, ગ્રહને ગ્રહો નડયા કિયા ? ૧૩

### દોહરો.

કન્યાશાળા અગ્નિરથ, આદિક ઉપજયા જેમ;
દેખી દિલ દાઝે બળે, વિશેષ જેને વહેમ. ૧૪

---

૧. ગુરુ-બૃહસ્પતિ.

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

### इंद्रविजय छंद.

मानी लीधाथी थयुं मन मानतुं, कयांइ कदापि सुणयुं नथी काने,
सत्यज सत्य गणाय सदैव, असत्य गणाय असत्य निदाने;
शुं थयुं जो दलपत्त कहे कदि, लेख लख्यो शुभ पुस्तक पाने,
व्यर्थ कुटे शिद अर्थ सरे नहि, पथ्थरने मणि पारस माने. १५

### दोहरो.

भोळा जन विद्या भणी, वहेम तजी वखणाय;
वहेमीना सहवासथी, वळि ते वहेमी थाय. १६

### मनहर छंद.

कोगळीयुं चाल्युं ते तो भंगिये चलाव्युं कहे,
मोटा ए तो मूर्ख कारभारियो कुटंगिया;
वांक विना भंगियाने मारी भगाडी मुके,
पशु जेवा पोते कां तो वडा छे विहंगिया;
संहारवा रिपु शस्त्र पोताने सजवां पडे,
शस्त्र विना अरि मारे, भंगिया के फंगिया;
सर्व कारभार एनो भंगियाने सोंपो भाइ,
भोळा कारभारीओथी भला डाह्या भंगिया. १७

### दोहरो.

देखी पण नहि मानिये, वगर विचारी वात;
दीसे फरतो सूर्य पण, फरे पृथ्वी साक्षात. १८

## अभिमान विषे.

### दोहरा.

माणसने अभिमानथी, मळे न कदिये मान;
उलटुं अपमानज मळे, नक्की ठरे नादान. १
अभिमाने दुख उपजे, अभिमाने जस जाय;
मिथ्या अभिमाने कदी, जीवनुं जोखम थाय. २

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અરે વૃથા અભિમાનમાં, કશો મળે નહિ માલ;
[1]જીવરામ સમ જગતમાં, હીણા થાશે હાલ. ૩
આ મિથ્યા અભિમાન છે, ખરીજ ઉંડી ખાડ;
પડે તેહના પંડનાં, હરેક ભાગે હાડ. ૪
અરે વૃથા અભિમાનથી, સરે ન એકે અર્થ;
થાય મનુષ્યમાં મશ્કરી, ઉપજે અધિક અનર્થ. ૫
ઉપજે નહિ અભિમાનથી, અમૃત તણો ઉઘાડ;
અરે વૃથા અભિમાન તો, ઝેરતણું છે ઝાડ. ૬
સ્વાદ નથી સુગંધ નથી, નથીરે પુષ્પ પરાગ;
અરે વૃથા અભિમાન તો, કહિએ કાળો નાગ. ૭
અભિમાનીને અંતરે, સ્વપ્ને પણ નહિ સુખ;
થાય વૃથા અભિમાનથી, દાવાનળ સમ દુઃખ. ૮
બહુધા ઉપજે બળતરા, અંગોઅંગ અથાગ;
અરે વૃથા અભિમાન છે, અદ્ભુત બળતી આગ. ૯
માનો જો મારું કહ્યું, કહું તે ધરજો કાન;
ધરી નર તન ધરશો નહીં, મન મિથ્યા અભિમાન. ૧૦
કહું છું હું[2] અનુભવ કરી, ખરેખરી વળી વાત;
ઉપજે છે અભિમાનથી, ઘડિએ ઘડિએ ઘાત. ૧૧
મિત્ર નથી અભિમાન ગુણ, એ તો ઉગ્ર અરીવ[3];
મિથ્યા અભિમાને ગયો, જીવરામનો જીવ. ૧૨
જે પામે જન પૂર્ણતા, તે ન કદી ફૂલાય;
પૂરો ઘટ છલકાય નહિ, અધુરો ઘટ છલકાય. ૧૩

### ઉપેંદ્રવજ્રા વૃત્ત.

કુંભારજાએ સુત જે જણેલો, કુપાત્ર વિદ્યા વળી તે ભણેલો;
અધર્મિને જો અધિકાર આવે, તો જુલ્મ ઝાઝો જગમાં જણાવે. ૧૪

૧. મિથ્યાભિમાન નાટકમાં જીવરામનો દાખલો છે.
૨. હું-જીવરામે કહ્યું છે. ૩. અરિ-ઇવ-શત્રુ જેવો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

दोहरा.

અલ્પ કાંઇ ગુણ આવતાં, છાકી મગજ છલકાય;
જરૂર તે પછી જાણવું, શેષ ગુણો ન સમાય. ૧૫
ભૂલે ભેદ ભવિષ્યના, સુરવર મુનિ સમાન;
માટે જન મિથ્યા ધરે, અભિમાની અભિમાન. ૧૬
કશા વિના અટકે નહી, જેમ તેમ દિન જાય;
વસ્ત્ર વિના વલકલ[1] ધરી, વન વસતા ઋષિરાય. ૧૭

ઉપજાતિ વૃત્ત.

સ્વશક્તિનો સંભવ જે ન જાણે, અનેક વાતે અભિમાન આણે;
માની ઘણો થૈ મગરૂર માલે, હરેક વાતે નિજ હાથ ઘાલે. ૧૮

દોહરો.

માન હરેક પ્રકારનું, મળવા ન ધરો આશ;
જળચર થળમાં વિચરતાં, નિશ્ચે પામે નાશ. ૧૯

શલ છંદ.

સદા સોયનું સોયથી કામ થાય,
કૃપાણે[2] કહો કે કરી શું શકાય;
કરી શું શકે આંખનું કામ કાન,
ધરે માનવી મૂર્ખ મિથ્યાભિમાન. ૨૦

દોહરો.

આપેલો જગદીશ્વરે, હરેકમાં ગુણ હોય;
અવગણના કરી કોઇની, ગર્વ ન ધરશો કોઈ. ૨૧

મનહર છંદ.

વદે વિદવાન એક છે આ જડ જેવો છેક,
અકલ વિનાનો એ તે કારજ શું કરશે;

---

૧. વલ્કલ-ઝાડના છાલનાં લુગડાં.
૨. કૃપાણ-તરવાર.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અરે વિદવાન અભિમાન એવું આણીશ મા,
મિથ્યા અભિમાની અભિમાનમાં તું મરશે;
જડમાં તો જગદીશે ગોઠવ્યા છે એવા ગુણ,
અકલ તારી એની આગળ જળ ભરશે;
જડ જાતિ નાવ નામ, દેખ દલપતરામ,
વિના તારી અકલ તરીને ઉતરશે? ૨૨

દોહરો.

અવગુણને પણ ગુણ ગણી, ઉર આણે અભિમાન;
તો તેને શું ટોકિએ, કહે તે સુણીએ કાન. ૨૩

મનહર છંદ.

ઘૂડ કહે ઘણો જૂનો ચોખો છે અમારો ચાલ,
દુનિયાંને જૂની રીત અમારે દેખાડવી;
સૃષ્ટિ સરજ્યા પહેલે સમે ક્યાં સુરજ હતો,
એ તો થયો નવો નવી રીત નહિ પાડવી;
હોય જાતે હલકા તે આધુનિક રીત રાખે,
ઉત્તમ જાતિ એ નવી રીતને નસાડવી;
જુવો કેવી જગતમાં ઉત્તમ અમારી જાત,
દિવાકર દેખી નહિ આંખજ ઉઘાડવી. ૨૪

વસંતતિલકા વૃત્ત.

જેને ન જ્ઞાન કદિ કોકિલ નાગ કેરું,
તે કાગનું કદિ વખાણ કરે ઘણેરું;
જેણે સુણ્યા શ્રવણ કોકિલ શબ્દ સારા,
તે કાગના સ્વર સુણી નહિ માનનારા. ૨૫

આર્યા વૃત્ત.

અટન કર્યું ન યુરોપે, મન તેને મુંબઇ નગર મોટું;
પણ પારિસ પુર પેખે, છેક પછી જાણશે છોટું. ૨૬

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

દોહરો.

આપ આપની અકલનું, સૌને ઉર અભિમાન;
ઇશ્વરની માયાતણું, અકળિત એજ નિદાન.[1] ૨૭

મનહર છંદ.

પંડિતને પતની કહે તમે તો પઢી જાણો,
આપની અક્કલ એને અધિક જણાઇ છે;
રસોઇઓ રસોઇ કરી આપી રાજાને કહે,
ચાવી જાણો તેમાં કહો કશી ચતુરાઇ છે;
વણકર વસ્ત્ર વણી આપે વાણિઆને કહે,
વકરો કરી જાણો છો તેમાં શી વડાઇ છે;
આપ આપની અધિક દેખે દલપત કહે,
સકળમાં અકલ અંધારે વહેંચાઇ છે. ૨૮

ઉપજાતિ વૃત્ત.

ચોરાવી લે કે ચિત ચોરી રાખે, વિદ્યાગુરુને ગુરુજી ન ભાખે;
જુઓ કળા એ કપટી જનોની, કરે વડાઇ સ્વપરાક્રમોની.
પીંછે ન પોતે પણ પૂછવાથી, લાજે દિલે શિષ્યપણે થવાથી;
પુછે ગુરુ થૈ મન મર્મ લેવા, મિથ્યાભિમાની નર દંભિ એવા. ૩૦

દોહારા.

લટકે ઉંધે મસ્તકે, જઇ ડાળે વાગોળ;
મન જાણે મેં પગવડે, રાખ્યો ખાળી ખગોળ. ૩૧
મિથ્યા અભિમાની મનુષ્ય, ઠાલી કરે ઠકરાઇ;
તેથી તેની થાય છે, ભુંગળ વિના ભવાઈ. ૩૨

વંશસ્થ વૃત્ત.

મિથ્યાભિમાનિ વર જેહને મળ્યો,
તે માનનીનો અવતાર તો બળ્યો;
કરે કળાપો બહુ સર્વ કાળમાં,
તેને સદા કાજળ છે કપાળમાં. ૩૩

---

૧. નિદાન-કારણ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દોહરો.

ફૂલ્ય કર્યાથી થાય શું, જો ન વખાણે લોક;
નહિ સુગંધ સુફળ નહિં, આવળ ફૂલે કોક. ૩૪

પાદાકુળ છંદ.

જેમાં ગુણ કે અવગુણ એકે, છાનું કદી રહે નહિ છેકે;
છોને છળથી છાનું રાખે, દુનિયાં દેખે તેવું દાખે. ૩૫

ઉપજાતિ વૃત્ત.

અશક્યતાથી નહિ હાથ આવે, તો દોષ તેમાં ઠગ તે ઠરાવે;
આકે કદી જો કરી ફૂદકારો, કહે નથી તે ફળ સ્વાદ સારો. ૩૬

દોહરા.

માનીને અપમાનથી, ચડે કારમો કાળ;
જો નવ ચાલે જોર તો, ફૂટે આપ કપાળ. ૩૭
લાજી ખામી ઢાંકતાં, લાખો જાણે લોક;
અભિમાની અભિમાનથી, ફતેહ માને કોક. ૩૮

ઉપજાતિ વૃત્ત.

જો પારકી કીર્તિ પડેજ કાને, મિઠાશ તેમાં મનથી ન માને;
સ્વકીર્તિનાં ગાયન ગાય ગાજી, મિથ્યાભિમાની મુરખા મિજાજી. ૩૯

દોહરા.

અભિમાની મત આપનો, મૂકે નહિ તિલ માત્ર;
તે માટે તેથી હઠે, શાણા લોક સુપાત્ર. ૪૦
અભિમાનીને ઉચરતાં, છે સર્વે મગ છૂટ;
અંતે આપણે થાકિયે, કરતા માથાકૂટ. ૪૧
મનમાં સમજે મૂર્ખ જે, વૃથા વદું છું વાદ;
મુખે મમત મુકે નહી, અભિમાની ઉસ્તાદ. ૪૨
અભિમાનીને અંતરે, ભાસે જો નિજ ભૂલ;
તોપણ તેની જીભથી, કદિ નહિ કરે કબૂલ. ૪૩

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

## ઉપજાતિ વૃત્ત.

અચ્ચા મળે તોપણ ખેલ ખેલે, મિથ્યાભિમાની મમતા ન મેલે;
કાઢે કરયા ઉત્તર કેરી કુંચી, પડયા મિયાં તોપણ ટાંગ ઊંચી. ૪૪
ડરે દિલે દૂરથિ દેડકાથી, વાણી વદે જે વઢું વાઘલાથી;
કરે ખરેખાત વિચાર ખોટા, મિથ્યાભિમાની નર મૂર્ખ મોટા. ૪૫

## દોહરા.

અભિમાનીના ઉપરે, રૂઠે શ્રી ભગવાન;
અંતે જરૂર એહનું, ઉતારે અભિમાન. ૪૬
રાવણ દુર્જોધનતણું, રહ્યું નહિ અભિમાન;
તોપણ તે વાતો સુણી, નવ સમજે નાદાન. ૪૭

## મનહર છંદ.

કુવો શું ગરવ ધરે તેથી તો તળાવ મોટું,
તળાવથી નદીઓ છે, મોટી એક એકથી,
નદીઓ તે સઘળી સમુદ્રમાં સમાઇ જાય,
આકાશ ભરાય નહિ સમુદ્રો અનેકથી;
એમ એક એકથી અધિક અધિકાઇ ધરે,
વિવેકી તો ઉર એમ વિચારે વિવેકથી;
કહે દલપતરામ જાય અભિમાન આમ,
સમજે પોતાને જયારે છોટા છોટા છેકથી. ૪૮
વધે અભિમાન ત્યારે ઉંચી ઉંચી દૃષ્ટિ કરો,
તૃષ્ણા વધે ત્યારે નીચા નીચાને નિહાળિયે;
દુખિયાનાં દુઃખ દેખી તેઓનાથી તો વિશેષ,
સમજી પોતાને સુખી સદા મન વાળિયે;
જેમ ટાઢ પડે ત્યારે ભાળીએ સૂરજ સામું,
તાપ પડે ત્યારે છાયા ઝાડની સંભાળિયે;
કહે દલપતરામ કરીને ઉપાય આમ,
અભિમાન તથા તાપ તૃષ્ણાતણો ટાળિયે. ૪૯

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દોહરો.

અધિક થકી અધિકા મળે, સરસ નરસ કરનાર;
સરસાઈ નરસાઇનો, પામી ન શકિયે પાર. ૫૦

---

## નમ્રતા વિષે.

છપ્પો.

નમિને ચાલે નીર, ધીર નર વીર નમે છે,
ધૂર્ત પુરુષને ધૂમ્ર, ભટકતા અધર ભમે છે;
તરુ રસવાળું[1] તેમ, વાળતાં તુરત વળે છે,
કુટિલ પુરુષને કાઠ, બિચારાં અકડ બળે છે;
અભિમાનપણાની અસર તે, સજ્જનને શા કામની,
નકિ નમ્રપણામાં નિશ દિવસ, રુચિ છે દલપતરામની. ૧

દોહરા.

ઉત્તમ જન પર કારણે, નમેજ ઠામે ઠામ;
ઉત્તમાંગ[2] જયાં ત્યાં નમે, ઉદર ભરણને કામ. ૨
સારા નરસા સર્વને. પ્રેમે કરો પ્રણામ;
ઇશ્વર છે સૌ લોકના, દીલમાં દલપતરામ. ૩
પરમેશ્વર માતા પિતા કે, પાળકની પાસ;
માન મુકીને માગતાં, નહિ કીર્તિનો નાશ. ૪
જો રાખે નરમાશ તો, કરે શત્રુમાં વાસ;
બત્રિસ દાંત વચે વસે, જીભ રાખી નરમાશ. ૫
ઉદ્ધત દુઃખ પામે અતિ, નમ્ર બચે, એ ન્યાય;
નમ્ર ઝાડ નદીમાં બચે, અનમ્ર ઉખડી જાય. ૬
ખીલા ક્ષુદ્ર ધાતુતણો, અતિ ખરડ દેખાય;
જત્તરડામાં નીકળે, તેમ નમ્ર તે થાય: ૭

---

૧. રસવાળું. પાણીવાળું. મતલબ કે લીલું. ૨. માથું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એક અદેખા જન વિના, વિનયથકી વશ થાય;
જળ સૌને શીતળ કરે, તાતા તેલ સિવાય. ૮
યોગ્ય નમ્રતા કીજિયે, અધિક કર્યે ઉપહાસ;
વાટે કરતાં દંડવત, લોક હસે ચોપાસ. ૯
અતિ નમ્રને દબાવવો, ઉન્મત્તનો એ ચાલ;
નિધિને નોકા અતિ નમે, તો ચાંપે પાતાળ. ૧૦
નમ્રપણું અતિ નિરખીને, ઝેરી ન તજે ઝેર;
અજા ધરે અતિ નમ્રતા, વાઘ તજે નહિ વેર. ૧૧
વશીકરણ છે વિનયમાં, વિનયે જન વશ થાય;
મૂરખ લોકો મંત્રથી, ઠાલા ઘણા ઠગાય. ૧૨

ભુજંગી છંદ.

અરે લોક ઠાલા ઠગાઇ પડે છે, ઠગારાતણી ચોટમાં તે ચડે છે;
અને સત્ય તો વારતા એક એ છે, વિનેમાં વશીકાર વિદ્યા વસે છે. ૧૩
નથી મંત્રથી જંત્રથી આમ થાતું, નથી ચીઠિ દોરા થકી વૈર જાતું;
ખરું વૈર તે તો વિનેથી ખસે છે, વિનેમાં વશીકાર વિદ્યા વસે છે. ૧૪
વિનેથી વદે જે મુખે મિષ્ટ વાચા, ન મારે કદી કોઇ તેને તમાચા;
નહિ તો પછી હાથ પોતે ઘસે છે, વિનેમાં વશીકાર વિદ્યા વસે છે. ૧૫
અજાણ્યા જનોને ભસે શ્વાન જયારે, વિનેવંત થઇ જો વદે વાણિ ત્યારે;
કહો શ્વાન તેને પછી કયાં ભસે છે, વિનેમાં વશીકાર વિદ્યા વસે છે. ૧૬
ગમેતેમ શત્રુ ચડયો હોય ચાહી, વિને વાકય જો બોલિયે શાંતિ સાહી;
ધરી ક્રોધ સામો પછી કયાં ધસે છે, વિનેમાં વશીકાર વિદ્યા વસે છે.૧૭
જનો સર્વને જીતવા જો વિચારો, વિને વાકય આધીનતાથી ઉચારો;
વિનેથી દયા દીલમાંહી ઠસે છે, વિનેમાં વશીકાર વિદ્યા વસે છે. ૧૮
વિનેથી વધે છે પરીપૂર્ણ પ્રીતિ, વિનેવંત તો ભાઇ પામે ન ભીતિ;
વિનેહીન તે મૃત્યુ ફાંદે ફસે છે, વિનેમાં વશીકાર વિદ્યા વસે છે.૧૯
વિનેવંતને મિત્ર ઝાઝા મળે છે, વિનેવંતના તાપ સર્વે ટળે છે;
વિનેવંત તે વિશ્વમાં વીલસે છે, વિનેમાં વશીકાર વિદ્યા વસે છે. ૨૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિનેવંત પામે વિશેષે વિખ્યાતિ, વિનેવંતની હોય છે શાંત છાતી;
વિને હીનને હીન જાણી હસે છે, વિનેમાં વશીકાર વિદ્યા વસે છે. ૨૧
વિનેવંતને લોક અત્યંત ઇચ્છે, વિનેવંતને પાછળે લોક પીછે;
વિનેવંતને જાણજો જે જશે છે, વિનેમાં વશીકાર વિદ્યા વસે છે. ૨૨
જુઓ સર્પ કે સિંહ ને રિંછ જેવા, વિનેથી વળી થાય છે વશ્ય એવા;
વિને હીનને દુષ્ટ ભાવે ડસે છે, વિનેમાં વશીકાર વિદ્યા વસે છે. ૨૩
વિનેની પ્રવૃત્તિ થવા ઠામઠામે, તપાશી દિલે તત્વ દલપત્તરામે;
રચેલા રુડા છંદ આ દ્વાદશે છે, વિનેમાં વશીકાર વિદ્યા વસે છે. ૨૪

---

## સદ્‌ગુણ વિષે.

### દોહરા.

અધાંય વિદ્યા બીજનું, જીવન સદ્‌ગુણ જાણ;
વણ જીવન જો વાવીએ, હોય સકળ શ્રમ હાણ.
ઉત્તમ શુભ ગુણ એકથી, મળે જગતમાં માન;
કોકિલ મધુરા કંઠથી, કરે ખુશી જન કાન. ૨
અધુરા ગુણો અનેકથી, ગુણિજન નહિ ગણાય;
પરિપૂરણ ગુણ એક પણ, વિશ્વ વિષે વખણાય. ૩

### અરવિંદમુખી છંદ.

મણિ માંહિ નહિ રસ સ્વાદ સુવાસ,
પ્રકાશતણો ગુણ એક અનેક;
વળી કસ્તુરી માંહિ સુગંધ વસે,
શુભ રૂપ કે રંગ છતે નહિ છેક;
શુક કોકિલના સ્વર સુંદરથીજ,
વખાણ કરે સઉ વિશ્વ વશેક;
સનમાન સદા દલપત્ત થશેજ,
હશે ગુણ જો પરિપૂરણ એક. ૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### દોહરા.

હોય એક ગુણ અધિક તો, એક ન્યૂન ગુણ હોય;
કાગળ[1] પુષ્પ સુકાય નહિ, સુગંધી તેમાં નોય. ૫
એકજ વસ્તુમાં નહિ, સઘળાં સુખનાં મૂળ;
મીઠી છાયા લીંબડો, દે પણ નહિ ફળ ફૂલ.
જો નિજ ગુણ ઠંડો પડે, તો ઉતરે અધિકાર;
જો પારો ઠંડો પડે, તો નીચો જાનાર.
દેખીતા ગુણ જન ગણે, અદર્શ ગુણ નહિ કોય;
અસ્ત ગણાય અમાસ શશિ, પ્રકાશ પાછળ તોય. ૮
સૌએ માન્યું તે ખરું, ગુણ તેમાંજ ગણાય;
ધન મધ્યે કિંમત ધરી, નહિ ઓઢાય ખવાય. ૯
દુર્ગુણ તજી ગુણ સંગ્રહો, એ સૌનો ઉપદેશ;
પણ તે પોતે સમજવું, હદમાં હોય હમેશ. ૧૦
સદ્ગુણ પણ નહિ કામનો, જો પહોંચે હદપાર;
આખી રાત ઉજાગરો, કરી ભણે દુઃખકાર. ૧૧
અભ્યાસી વિદ્યા ભણે, રળતાં દોલત થાય;
ગંભીરતાદિક સદગુણો, ઇશ્વરદત્ત ગણાય. ૧૨
સમૃદ્ધિ સાથે સદગુણો, ઠરે કોઇકજ ઠામ;
સોનું તથા સુગંધ ક્યાં, દીસે દલપતરામ. ૧૩

---

## દુર્ગુણ વિષે.

### દોહરા.

બળ નિષ્ફળ હિંમત વિના, વંશ સંપ વિણ વ્યર્થ;
વિત્ત વ્યર્થ વિદ્યા વિના, અગુણે ઇલમ અનર્થ. ૧
ઉગતો અવગુણ ટાળિયે, તેજ ટાળવા જોગ;
વળે નહિ વ્યાપી ગયો, રગરગમાં જે રોગ. ૨

---

[1] કાગળનાં ફૂલ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જાય નદી જળ પૂર પણ, જળાકાર રહી જાય;
જાય જુવાની જનતણી, દુર્લક્ષણ દેખાય. ૩
નિજ દુર્ગુણ દેખાય નહિ, પર દુર્ગુણ દેખાય;
નિજ વાંસો દેખાય નહિ, પરવાંસો પેખાય. ૪

મનહર છંદ.

સારું સારું શોધવાને ધારું જયારે મારું મન,
સારું તો સ્વલપ ઠામ ઠામ તો નઠારું છે,
મીઠું પાણી મેદનીમાં દીઠું કોઈ કોઇ ઠામ,
ખૂબ તો ખચીત મહાસાગરમાં ખારું છે;
આદિત્યની આસપાસ છે આકાશમાં પ્રકાશ,
આશમાની રંગ આ અધિક તો અંધારું છે,
કામસત્ય નામનું ન નિંદે દલપતરામ,
સૃષ્ટિતણા સ્વામિયે જે સૃજ્યું છે તે સારું છે. ૫

દોહરા.

દીપિવાનના દુર્ગુણો, સહેજ ન જાણ્યા જાય;
શુક્ર સંક્રમણ સૂર્યમાં. દુર્બિનથી દેખાય. ૬
અલ્પ ચિન્હ ઉપર થકી, સમજી લઇએ સાર;
લખતાં ઉત્તર જાણિયે, મીડું વળે નકાર. ૭

ચોપાઈ.

કૌતક દેખી હરખી હસે, દુઃખ દેખી આંખે જળ જશે;
ડર દીઠે કાયા કંપાય, સ્વપ્નું આચારે વરતાય. ૮
તેમજ ઓછો તોળે તોલ, બોલે જૂઠા જૂઠા બોલ;
ચીજ જરૂર તે ચોરી જાય, સ્વપ્નું આચારે વરતાય. ૯
માણસનું ઉપજે જ્યાં મણું, શોક કરે નહિ સુણતાં કર્ણું;
ખૂન કદિક તેથીજ કરાય, સ્વપ્નું આચારે વરતાય. ૧૦

૧ અમાસના. ચંદ્રના પાછલા ભાગમાં પ્રકાશ હોયછે તોપણ આ તરફ દેખાતો નથી માટે ચંદ્ર અસ્ત થયો કહેવાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જેને બોલ્યાનો નહિ બંધ, અધિક દિસે સ્વારથથી અંધ;
લખત લખ્યું તેથી ન પળાય, સ્વપ્નું આચારે વરતાય. ૧૧
કરજ ઘણું નિજ માથે કરે, ઉડાવતાં નહિ અંતર ડરે;
એ દેવાળાનો ઉપાય, સ્વપ્નું આચારે વરતાય. ૧૨
વદે વાયદો વારંવાર, જુએ આડું અવળું જે વાર;
એ ના પાડયાનો અભિપ્રાય, સ્વપ્નું આચારે વરતાય. ૧૩
ગમે ઘણાં ગુણકાનાં ગાન, રાંડોમાં રખડયાનું ધ્યાન;
વળતી તે વ્યભિચારી થાય, સ્વપ્નું આચારે વરતાય. ૧૪
પંડે બ્રાહ્મણ ગાંજો પિયે, બહુજન જાણે પણ નહિ બિયે;
વખતે વારુણિ[1] પણ પીવાય, સ્વપ્નું આચારે વરતાય. ૧૫
દયા ટળે દાનત ફરી જાય, પ્રજા સાથ શત્રુતા થાય;
તે રાજાનું રાજ ડુબાય, સ્વપ્નું આચારે વરતાય. ૧૬
વડાની સાથે કરે વિરોધ, કિંચિત બળ પણ ઝાઝો ક્રોધ;
દુઃખ દશા તેની દેખાય, સ્વપ્નું આચારે વરતાય. ૧૭
કહેશે વ્યસની ફરી નહિ કરું, ખચિતપણે પણ કરશે ખરું;
જો વ્યસન સંગત ન તજાય, સ્વપ્નું આચારે વરતાય. ૧૮
ઓઠ હલાવે માણસ જાત, પેટની પરખી લઇયે વાત;
એ પરખી લેવાની આમ, રીત કહે છે દલપતરામ. ૧૯

---

## સત્ય વિષે.

### મનહર છંદ. સહોકિત અલંકાર.

કુળનું કંગાલપણું જાય છે કુસંગ સાથે,
સંપ સાથે સમૃદ્ધિ સદા વિદાય થાય છે;
સિદ્ધિ અને બુદ્ધિ બંને આવે છે ઉદ્યોગ સાથે,
આળસ સંઘાતે તો દરિદ્રતા દેખાય છે;

---

૧ વારુણી-મદિરા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કંજુસાઇ સાથે સદા ઉપજે છે અપજશ,
જશ તો ઉદારતાની સાથે વધી જાય છે;
જુઠ સાથે અવિશ્વાસ આવે દલપત કહે,
સત્ય સાથે સાહુકારી બહુધા બંધાય છે. ૧

ઇંદ્રવિજય છંદ.

સત્ય બધા સુખનું શુભ સાધન, સત્યવિના કહેવાય કુધારો,
સત્ય થકી દલપત્ત કહે, ધીરધારપણું વ્યવહારનું ધારો;
સત્ય ગયા પછી સૃષ્ટિ વિષે, અતિ સંકટનો નહિ અલ્પ ઉધારો,
સત્ય સમસ્ત સુધારણ મૂળ, અસત્યથી અસ્ત સમસ્ત સુધારો. ૨

દોહરા.

સત્ય વિષે સદગુણો, ગણતાં એમ ગણાય;
જેમ રૂપૈઆ એકમાં, આના સોળ સમાય. ૩
સત્ય ન સંતાડયું રહે, ખરો જુઓ એ ખેલ;
આવે જેમ ઉપર તરી, જળ તળિયેથી તેલ. ૪
સત્ય સાચવે તેહને, ખળ જન શું કરનાર;
કેમ શ્વાન કરડી શકે, જે ગજ શિર અસ્વાર. ૫
કરતાં સારું કામ કે, અદલ ઉચરતાં આંક;
રાખે દુરિજન રોષ તો, સજ્જનનો શો વાંક. ૬
લેવડ દેવડ ને વળી, વિધિ ભાત વ્યવહાર;
ચાલે છે આ જગતમાં, સત્ય તણે આધાર. ૭
સત્યપણું જો સર્વથા, નિશ્ચે પામે નાશ;
તો સુખની સંસારમાં, અલ્પ ન ધરવી આશ. ૮
સત્ય ધર્મનું સત્વ છે, અધર્મ સત્વ અસત્ય;
સદા સર્વદા સત્યની, અતિશે દિસે અગત્ય. ૯
બાળપણાથી બાળને, સત્યપણાની ટેવ;
પૂરી રીતે પાડવી, ભલો વિચારી ભેવ. ૧૦


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સ્વપ્ને પણ સાચું વદે, જુઠ ન વદે જરાય;
સત્યવાદિ સંસારમાં, શોભે અધિક સદાય. ૧૧

સેવે સિંધુ સત્યનો, ગુણી હરિભક્ત ગણાય;
લોભી અણભે પદતણો, જણ તે એમ જણાય. ૧૨

## જુઠ વિષે.

### મનહર છંદ.

જુઠું બોલીને દૈએ સત્યતાની શિખામણ,
લોકને કહો તે ઉપદેશ કેમ લાગશે;
જુઠું બોલે તે જરૂર મહા પાપનુંજ મૂળ,
જુઠું બોલવાથી શૂળ સહસ્રધા જાગશે;
જુઠું બોલે તે ગણાય કોરટનો ગુનેગાર,
જુઠું બોલનારતણો ભાર બોજ ભાગશે;
કહે દલપતરામ જાણવું જરૂર આમ,
કોઈ સમે કોરટ સાચો જવાબ માગશે. ૧
જુઠાનો જરૂર જુઓ જગમાંથી જશ જાય,
જીવ્યો તે ન જીવ્યો જેને જન જાણે જુઠો છે;
જુઠું બોલી જગતને સમજાવે જેમ તેમ,
આ લોકમાં એવું જાણો એનો દિન ઉઠયો છે;
જુઠું બોલી જાણે દુષ્ટમાન કરી માન પામું,
ત્રિભુવનમાંહી કહો તેને કોણ તુઠયો છે;
જુઠાબોલો જન ચોર ઢોર કે હરામખોર,
કહે દલપતરામ એને રામ રૂઠયો છે. ૨

### દોહરા.

જુઠા બોલાનું જુઓ, ખધું જુઠમાં જાય;
વિંછી કરડે ભાંડને, સાચે જુઠ મનાય. ૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જે જન કદી જુઠો પડે, એક વાર કો ઠામ;
સુણતાં સંશય ઉપજે, તેના બોલ તમામ. ૪
જુઠી વાતે જો કદી, મૂઠી મળે અનાજ;
ઉઠી એમાં આગ તો, રૂઠી ઉઠે રાજ. ૫
જુઠી સાચી ગપ જગતમાં, વિચરી તે વંચાય;
સૂર્યગ્રહણ શશિથી બને, પણ ગ્રહ રાહુ ગવાય. ૬
સર્વ કહે તેવું કહો, તેમાં નહિ જુઠાઇ;
તળાઇ નહી ઘી તેલમાં, તેને કહે તળાઇ. ૭

એક બાવાની ગપ.

એકટંગિયો દેશ છે, મેં જોયો નિજ જાત;
ભરી સભામાં ભાઇ મેં, ખરે[1] ખરી કહી વાત. ૮

ઉત્તર.

તમે ખરે મુખથી કહી, ખરી તમારી વાત;
સમજુ તો સમજે તરત, ભોળા પામે ભ્રાંત. ૯
દાન સમાન સુપુણ્ય નહી, ભજન સમો નહિ જાપ;
સત્ય સમાન સુધર્મ નહી, જુઠ સમું નહિ પાપ. ૧૦

## લોભ વિષે.

દોહરો.

લોભે લાજ ઘટે ગણી, લોભે પ્રભુ પ્રતિકૂળ;
લોભે લક્ષણ જાય છે, લોભ પાપનું મૂળ. ૧

ભુજંગી છંદ.

ઘણા લોભથી તો ઘણું કષ્ટ થાશે,
ઘણા લોભથી લાભ લેતાં લુંટાશે;
ઘણા લોભથી તો પડે ભીડ ભારે,
અરે લોભનો થોભ રાખો લગારે. ૨

---

૧. એમાંથી બીજો અર્થ એવો નીકળે છે કે ગધેડે ગધેડિયા વાત કહી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઘણા લોભથી સત્યતા સર્વ તૂટે,
ઘણા લોભથી મિત્રતા છેક છૂટે;
અરે લોભથી ધર્મને દૂર ધારે,
અરે લોભને થોભ રાખો લગારે. ૩

અતી લોભથી આંધળા થાય આંખે,
ચિતે ચેતીને કાંઇ ચિંતા ન રાખે;
ખરી ખોટનો માલ નાંખે વખારે,
અરે લોભનો થોભ રાખો લગારે. ૪

જુઓ માછલાં સ્વાદ લોભે મરે છે,
જુઓ લોભિયા કામ કેવાં કરે છે;
અકર્મીજને દ્રવ્ય આપે ઉધારે,
અરે લોભને થોભ રાખો લગારે. ૫

અતી લોભિયાને ઠગારા ઠગે છે,
અતી લોભિયા ફંદમાંહી ફસે છે;
અતી લોભિયા કષ્ટને છે કિનારે,
અરે લોભનો થોભ રાખો લગારે. ૬

વસીલો નહિ લોકમાં લોભિયાનો,
સગો કે સનેહી કહો હોય શાનો;
વિવેકે કશું લોભિયો ના વિચારે,
અરે લોભનો થોભ રાખો લગારે. ૭

જનોને ચિતે જે સમે લોભ જાગે,
અતી ઝેર તે તો સુધા તુલ્ય લાગે;
વડેરાતણાં શુદ્ધ વાક્યો વિસારે,
અરે લોભનો થોભ રાખો લગારે. ૮

કહો લોભિયાને દયા દીલ ક્યાંથી,
અરેકાર આવે નહી ઉરમાંથી;
નહી લોભીઓ પેટ પોતાનું ઠારે,
અરે લોભનો થોભ રાખો લગારે. ૯

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કરે લોભથી કારમાં કામ કુડાં,
હૃદે લોભિયાને રુચે કેમ રુડાં;
ડરે ના કહે ઘાતકી લોક ભારે,
અરે લોભનો થોભ રાખો લગારે. ૧૦
ખમે લોભિયો દ્રવ્યની ભીડ ભારી,
ભમે લોભિયો નિત્ય થૈને ભિખારી;
પડયાં હોય જો લાખ નાણાં પટારે,
અરે લોભનો થોભ રાખો લગારે. ૧૧
કહી શુદ્ધ શિક્ષા રુડા લોક કામે,
દિલે ધારીને નીતિ દલપત્તરામે;
અનીતિ તજે અંતરે જો ઉતારે,
અરે લોભનો થોભ રાખો લગારે. ૧૨

### મનહર છંદ.

ધુતી ધુતી ધન ન ધરાયો ધને ધૂરત તું,
ધીક તારી ધારણા જે ધન ધર્યું ધૂળમાં;
મતિ રૂપી અમૃત મળેલું મહા મૂલ્યવાન,
મચી મચી રેડયું મહા પાપનાજ મૂળમાં; ૧૩
તાપનો સંતાપ ને સંતાપ શીત સર્વડાંનો,
સહન કરીને દ્રવ્ય સંચ્યું રહી શૂળમાં;
દેહને સદૈવ દુઃખ દીધું દલપત કહે,
દમડી ન તોડી તેં દવામાં કે દુકૂળમાં[1].

### દોહરા.

મુખથી માગે અલ્પ પણ, મનમાં મોટી આશ;
ડગલો માગે ટેલિયો, ઇચ્છે ધન પંચાસ. ૧૪
આપેલું પહોંચે નહિ, હતા તેહવા ફેર;
પ્રકાશ આપે નિત્ય રવિ, રાતે તોય અંધેર. ૧૫
ગણે ન પીડા પારકી, સ્વારથ સરતાં લોક;
હરખે સ્રી ચૂડો ધરી, ગણે ન [2]ગજનો શોક. ૧૬

૧. દુકૂળ-લુગડાં. ૨. ગજ-હાથી.

P. P. Ac. Gunrathasuri M.S. Jin Gun Aaradhak Trust

## સંતોષ વિષે.

### ભુજંગી છંદ.

બધા દોષ ને રોષ સંતાપ બાળે,
તથા સુખ દે દેહનાં દુઃખ ટાળે;
નશી તાપ તૃષ્ણાતણો તે નઠારો,
સદા સર્વથી શુદ્ધ સંતોષ સારો. ૧

જડી જાણ સંતોષની ખાણ જેને,
ત્રિલોકીતણું તો મળ્યું રાજ તેને;
ખરેખાત લાગે ખીજે સ્વાદ ખારો,
સદા સર્વથી શુદ્ધ સંતોષ સારો. ૨

દીધો દામ દાટી લીધો લાભ શાનો,
મળ્યા લાખ તો રાખ જેવાજ માનો;
જુઠો લોભ ઠાલો ઠગે છે ઠગારો,
સદા સર્વથી શુદ્ધ સંતોષ સારો. ૩

ઘટે દેહ તૃષ્ણા મટે કેમ મોટી,
થશે હાથ ઇચ્છા ખસે કેમ ખોટી;
કદી કાળ ક્યાંહી ન આવે કિનારો,
સદા સર્વથી શુદ્ધ સંતોષ સારો. ૪

જનાવાદિ ગાંઠે નહિ હોય જેને,
રહે છે રૂપામોરની આશ એને;
થશે લોભ લાખો જડે જો હજારો,
સદા સર્વથી શુદ્ધ સંતોષ સારો. ૫

મહા લોભ લાગે મળે દેશ મોટો,
ખરું જાણ તૃષ્ણાતણો ખેલ ખોટો;
બધું જો જડે તો રડે છે બિચારો,
સદા સર્વથી શુદ્ધ સંતોષ સારો. ૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભલા ભૂપ પંડે ગરીબી ગણે છે,
તળે સર્વ તે એક બીજાતણે છે;
વસી વિશ્વમાં વાત તે તો વિચારો,
સદા સર્વથી શુદ્ધ સંતોષ સારો. ૭
ઘણે લાભ તૃષ્ણા ઘટેલી ન લાગે,
પડયે ઘી ઘણાથી ઘણી આગ જાગે;
અરે એમ માનિ ઉદાસી ઉતારો,
સદા સર્વથી શુદ્ધ સંતોષ સારો. ૮
રળો ને ખપો ખૂબ ઉદ્યોગ રાખી,
સજો સુખ સંતોષનો સ્વાદ ચાખી;
કદી દીનતા તો ન આપે ઉચારો,
સદા સર્વથી શુદ્ધ સંતોષ સારો. ૯
દુખી હોય પોતા થકી કોઇ પ્રાણી,
જુઓ એ થકી આપ શ્રીમંત જાણી;
પ્રભુનો પુરો પાડ ધીરેથી ધારો,
સદા સર્વથી શુદ્ધ સંતોષ સારો. ૧૦
હતો એક જોડા વિના રાંક જેવો,
વિના પાવ તેણે દીઠો એક તેવો;
કહ્યું આ થકી તો ભલો જન્મ મારો,
સદા સર્વથી શુદ્ધ સંતોષ સારો. ૧૧
જઇ વિક્રમે પાંડવો દેશ જોયો,
પુછી રિદ્ધિને રાંક થૈ ખૂબ રોયો;
ન પામ્યો પ્રભૂ હું પુરાં રાજદ્વારો,
સદા સર્વથી શુદ્ધ સંતોષ સારો. ૧૨
રહે લોભ તો રાંક થૈને રડે છે,
નકી ડાકણી એક તૃષ્ણા નડે છે;
ઠરે તાપ સંતોષ ને નીર ઠારો,
સદા સર્વથી શુદ્ધ સંતોષ સારો. ૧૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વસે જો થઇ શુદ્ધ સંતોષવાળો,
મટે માનવી ઇંદ્રનો ઓશિયાળો;
નહિ કોઇની તે તમા રાખનારો,
સદા સર્વથી શુદ્ધ સંતોષ સારો. ૧૪
ભમે માનવીને ભલી આશ ભાગે,
દિલે દુઃખની જો પુરી લાહ્ય લાગે;
પઢે પાઠ આ તો પછી શાંતિ પામે,
રચ્યા છે રુડા છંદ દલપતરામે. ૧૫

દોહરા.

નાશ થાય કે નવ મળે, તેનો તજીએ શોક;
જેનો ઉપાય નવ જડે, ફાંફાં તજીએ ફોક. ૧૬
અંગતણા પણ અંશ નિત્ય, વધે ઘટે એ ખેલ;
અંગ રહ્યું તે આપણું, ગયો અંગનો મેલ. ૧૭
સૌથી સરસ સંતોષ છે, ઠરવા કેરું ઠામ;
રાખો રુડી રીતથી, દિલમાં દલપતરામ. ૧૮

---

## વ્યભિચારી વિષે.

ગીતિવૃત્ત.

નિજ નારી વિસારી, પરનારી પર નજર કુનર થાપે;
તજી નિજ દરના દાણા, મુષક સરપનો કરંડિયો કાપે. ૧

દોહરા.

ચોરી જુઠ ગુનાહ વળી, અધર્મ ને અન્યાય;
વિવિધ દોષ વ્યભિચારના, કુકર્મમાં કહેવાય. ૨
લાજ ઘટે સૌ લોકમાં, શત્રુતા શિર થાય;
અકાળ મૃત્યુ ઉપજે, જીવ કદાપિ જાય. ૩
કરે કોપ સ્નેહી સગાં, કરે કોપ નરનાર;
કરે કોપ પૃથ્વીપતિ, કરે કોપ કિરતાર. ૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉત્તમ બુદ્ધિ ન ઉપજે, સુજે ન ઉદ્યમ સાર;
ગર્થ ગુમાવે ગાંઠનો, જાર કરમ કરનાર. ૫
કૂપ પડી મરવું ભલું, પીવું ભલું વિષ પાન;
અનેક દુઃખની આપદા, નહિ વ્યભિચાર સમાન. ૬
નામ બુડાડે બાપનું, કુળમાં કરે કલંક;
ટળે ન કદિએ ટાળતાં, એ લાંછનનો અંક. ૭
નાક કપાયું તે કદી, ફરી ન સાજું થાય;
લાંછન લાગ્યું તે કદી, જારતણું નહિ જાય. ૮
નાક કપાયું તે ફરી, તેવું ન બને તાત;
ડાઘ જાય નહિ જારીનો, પડી પટોળે ભાત. ૯
માણસમાં ઉજળે મુખે, બોલી શકાય ન બોલ;
વ્યભિચારીનો વિશ્વમાં, તરણા તોલે તોલ. ૧૦
હોય રાય કે રંક પણ, નિશ્ચે બહુ નિંદાય;
શ્વાન તુલ્ય સૌ કો ગણે, જીવતો પ્રેત જણાય. ૧૧
શાણા જન સંસારમાં, કરે ન એવું કામ;
કરનારો કહિયે નહિ, ડાહ્યો દલપતરામ. ૧૨
જાર મનુષ્યના જશ વિષે, ઉઠે મોટી આગ;
ઉંધી બુદ્ધિ ઉપજે, ભુંડાં તેનાં ભાગ્ય. ૧૩
તેવા જનનો સૌ તજે, વિશ્વ વિષે વિશ્વાસ;
નિશ્ચે અંતે નરકમાં, વસે જઇને વાસ. ૧૪
જુઠું બોલી જાર જન, સહસ્રધા સમ ખાય;
ચામ ચોરી ચરચાઇને, જરૂર જાહેર થાય. ૧૫
નિર્લજ, લુચ્ચો, ચોર, ઠગ, નીચ કામ કરનાર;
પામે પદવી એટલી, જે જન જગમાં જાર. ૧૬
નર તન ઘીનો ગાડવો, અબળા અગ્નિઝાળ;
અતિ સંગતથી ઓગળે, એજ અસલનો ઢાળ. ૧૭
સદગુણ સઘળા હોય પણ, ચિત ચાહે વ્યભિચાર;
જશ નવ પામે જગતમાં, કરે લોક ધિક્કાર. ૧૮

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પરોપકાર ઘણા કરી, મોટું પામે માન;
પણ જો જાર કરમ કરે, નકી ઠરે નાદાન. ૧૯
ધિક તેની ચતુરાઇને, ધિક તેની વિદ્યાય;
ધિક તેના ગુણ સર્વ જે, વ્યભિચારી કહેવાય. ૨૦
બહુ પામે ધિક્કાર તે, જાર મનુષ્યની માત;
હોત રહી જો વાંઝણી, સદભાગી કહેવાત. ૨૧
કુળ અજવાળા કારણે, માગે છે સૌ પુત્ર;
જાર-પુત્ર જો જનમિયો, સળગ્યું તે ઘરસૂત્ર. ૨૨
જાર મનુષ્યનું જીવતર, ધૂળધાણી કહેવાય;
તે કરતાં તો તે ભલું, જો તન છુટી જાય. ૨૩
જાણે મનમાં જાર જે, નથી જાણતું કોય;
લંપટને લજ્જા નહિ, તરછોડે જન તોય. ૨૪
પછવાડે પાપી કહી, પાડે જન પસ્તાળ;
સદગુણ હોય સહસ્રધા, ગુણ બદલે દે ગાળ. ૨૫
ઉત્તમ જન તો એહની, સોબતથી શરમાય;
કોઇ કદી પણ તેહને, ઘાલે નહિ ઘરમાંય. ૨૬
વ્યર્થ ગણાએ વિશ્વમાં, એવાનો અવતાર;
મુઆ પછી પણ મુલકમાં, અપજશ રહે અપાર. ૨૭
પછી કદી પસ્તાઇને, અવગુણ છાંડે એહ;
તોપણ જીવે ત્યાં લગી, ટળે ન તોમત તેહ. ૨૮
પાછળથી પસ્તાય પણ, અંતે નહિ ઉપાય;
પડી પટોળે ભાત તે, જીર્ણ થતાં નવ જાય. ૨૯

### ઇંદ્રવિજય છંદ.

જે જન જારી કરી જગમાં, નિજ આબરૂ આપ કરે ધૂળધાણી;
તે પછીથી પસતાઇ પુરો કદી, જારી થકી ડરતો રહે જાણી;
તો પણ તે તણી ટાળી ટળે નહિ, જે અપકીર્તિ જરૂર જણાણી,
કોટિ ઉપાય કરે દલપત, પછી ન ચઢે કદિ મોતીનું પાણી. ૩૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દોહરા.

અણભાવ્યું સંભારતાં, ઉપજે ઉલ્ટી જેમ;
વરણવતાં વ્યભિચાર[1] પણ, ત્રાસે મુજ મન તેમ. ૩૧
શોભા માટે નથી સરજયાં, એમ વિચારો ઊર;
સ્ત્રી ઝાંઝર ગજ ઘંટ છે, દેખી ખસવું દૂર. ૩૨
જરે મરે પણ નહિ ડરે, થતાં અંગનો ભંગ;
મોહવડે ઉપર પડે, દીપક દેખી પતંગ. ૩૩
જે ચેતી ચાલે નહી, ઠાલી ઠોકર ખાય;
પછી તે સજ્જન પાંચમાં, ઉચ્ચરતાં શરમાય. ૩૪

શાર્દૂલવિક્રીડિત વૃત્ત.

રે રૂડી ઘડિયાળ હાલ તુજનો, ઘાટો દીસે છે ઘટયો,
સાચી વાત સુણાવ આવ સઘળી, જે શબ્દ શાથી મટયો;
મારા મિત્ર પવિત્ર વિપ્ર તુજને, વાર્તા કહું શી કથી,
ઠાલી ઠોકર ખાધિ તેથી ઠણકો, થાતો નથી ઠીકથી. ૩૫

## અદેખા વિષે.

દોહરા.

વણ પાવકથી પરજળે, અદેખાતણું ઊર;
અન્યતણી ઉત્કૃષ્ટતા, જોઈ ન શકે જરૂર. ૧
શકે નહિ ગુણ મેળવી, રાખે હૃદયે રોષ;
અકળાઈ પર ઉપરે, મિથ્યા મૂકે દોષ. ૨
દિલમાં પ્રભુથી નવ ડરે, વિશેષ રાખે વેર;
અંતે તે હલકો પડે, ઝાઝું રાખી વેર. ૩
આંચ ન આવે સાચને, બળે અદેખો આપ;
નિશ્ચે કોઈ સમે નડે, તેને તેનું પાપ. ૪

૧. એક સરદારે પરકિયા નાયકા વિષે એક કવિત રચવાનું મને કહ્યું, ત્યારે મેં આ દોહરા કહ્યા હતા.

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

અદેખાતણી આંખમાં, કમળાકેરો રોગ;
પીળું દેખે પર વિષે, રોગતણે સંજોગ. ૫
પડતી ઇચ્છે પરતણી, ચડતી આપ ચહાય;
પણ પાપી શું કરી શકે, ધાર્યું ધણીનું થાય. ૬
પરમેશ્વર જો પધારો, શત્રુથી શું થાય;
પથરા ફેંકે પાપી તે, ફૂલ થઇને ફેલાય. ૭
ઇચ્છે જેવું અવરનું, એવું આપનું થાય;
નહિ માનો તો કરી જુઓ, જેથી તરત જણાય. ૮
પરનું બગાડતાં પડે, જોખમ આપ જરૂર;
પ્રજાળતાં "શિવપુત્ર[૧]" ને, પ્રજળ્યું લંકાપુર. ૯
તદબીરે તરકટ કરી, પરઠે તોમત પાંચ;
પણ સૌ જાણો સાચને, કદી ન આવે આંચ. ૧૦
જોર વિના સંમુખ રહી, જો રવિના સંમુખ;
રહી ઉભો રજ નાંખશે, પડે પંડને મુખ. ૧૧
કર્તારે કોકીલ તણો, રચ્યો મધુર શુભ રાગ;
અદેખાઇ ઉરમાં ધરે, કોકીલ ઉપર કાગ. ૧૨

## ચંદ્રગ્રહણ વિષે–પૃથ્વી પ્રતિઉક્તિ.

### કવિત.

ભાનુતણી પ્રભા, ભૂમિ તુજપર ચંદ્રપર,
પડતી હતી, હતી રીતિ તે કેક કાળની;
ઇંદુ પ્રભા પામી તને, આપતો ઉજેશ લેશ,
તેં વિશેષ લોભે ગતિ કીધી ખોટા ખ્યાલની;
તેં જાણ્યું જે વચ્ચે પડી પામું હું બધો પ્રકાશ,
ચાલી દલપત ચાલ, ચાડિયાની ચાલની;
ઇંદુમાં અંધારું થતાં, તુજમાં અંધારું થયું,
ચેતી લે અચળા ચૂક, તે તારી કુચાલની. ૧૩

૧. શિવપુત્ર-હનુમાન.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## વાદવદવાવિષે તથા પક્ષપાત વિષે.

### દોહરા.

સરસ ચિત્ત ચરચા વિષે, સંપ તથા સંતોષ;
દ્વેષ બુદ્ધિ ચરચા વિષે, ક્લેશ વૈર ને રોષ. ૧
કરિયે ચર્ચા જ્ઞાનની, અતિ ઉમંગ ધરી ઊર;
પકડે રૂપ લડાઇનું, દેખી ખસીયે દૂર. ૨
માન તજીને માનિયે, ભલે પ્રકારે ભૂલ;
તો સીધો રસ્તો જડે, ફોગટ તજીએ ફૂલ. ૩
અસત્ય ભાષણ કરવા, નિર્દયતા દિલ રોષ;
દુર્વચનાદિ દુરાગ્રહે, દિસે ઘણેરા દોષ. ૪
આપ આપની સ્થિતિ તરફ, તાણુ ખેંચનું તાન;
શિયાળ તાણે સીમભણી, વસ્તિ સંમુખ શ્વાન. ૫
વાદીથી ડરી વેગળા, ઉભા રહિયે આપ;
વાદી આગળ હોય છે, ક્રોધી કાળો સાપ. ૬
કદિ કરવો નહિ કોઇએ, વાદીનો વિશ્વાસ;
સંભળાવીને મધુર સ્વર, પકડે નાંખી પાસ. ૭
જે વાદીના જોડિયા, ઝેરી જાતે હોય;
તે વાદી સાથે સજન, વાદ ન કરશો કોય. ૮
માને તેને મુખથકી, દઈએ શુભ ઉપદેશ;
નહિ માને તો તે વિષે, દિલ નહિ ધરિયે દ્વેષ. ૯

### મનહર છંદ.

પેમાને ફેમો પુછે છે પૃથિવીમાં પ્રતિ વર્ષ,
મેહ ઝડી માંડે છે ચોમાસે માસ ચાર જે;
એક મેહ હશે કે જરૂર હશે જુજુઆ તે,
પેમો કહે એકજ છે એકજ પ્રકાર જે;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કૈમો કહે તારે કહે એકજ મનાય કેમ,
જોશીઓએ જુજુઆ બતાવેલા છે બાર જે;
કહે પેમો તારી સાથે કરે કોણુ માથાકુટ,
કહે કૈમો તે જુજુઆ છે તું તો તારે ધારજે. ૧૦

## વિરોધાભાસ.

વાદ વદવાથકી વિરોધ ક્રોધ વધી જાય,
વાદ વદવામાં કશો કાર નથી કહીએ;
વાદ વદી વરો કરી વિત્ત નહિ વાવરીએ,
વાદ વદી સામે પૂર પડીએ ન નદીએ;
વાદ વદી જમણુ ન જમીએ જરા વિશેષ,
વાદ વદી લડીએ ન ગડદા ગડદીએ;
વાદ વદવામાં કોટી કષ્ટ દલપત કહે,
નિશ્ચિત નઠારાથી નઠારો વાદ વદીએ[1]. ૧૧

હુંકારા ટુંકારા કરી બોલે જયાં નઠારા બોલ,
ભાળી એવા ભુંડા લોક ભય પામી ભાગીએ;
દ્વેષ કે કલેશનો પ્રવેશ લેશ દેખીએ તો,
કરીને નિકાલ તતકાળ તેને ત્યાગીએ;
છેક જયાં વિવેકહીન ત્યાંથકી તો છુટવાને,
લાખ વાર તેને લળી લળી પગે લાગીએ;
કહે દલપત માફ મગાવે જો ચાર વાર,
ચાર વાર શું હજાર વાર માફ માગીએ. ૧૨

## દુમિલા છંદ.

સુણુરે નટ શુદ્ધ શિખામણ સારિ, કૃપાથી તને સમજાવું કથી,
શિર સાત ઘડા ધરિ બાળક બે લઇ, દોર ચડી ઉતર્યો દુઃખથી;

---

૧. એવો અર્થ જણાય છે કે નઠારા સાથે નઠારો વાદ વદીએ પણ ખરો અર્થ એ છે કે વાદને નઠારાથી નઠારો કહીએ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કરિ કોડ કળા દલપત કહે, ખુબ ખેલ કરીશ મરીશ મથી,
ન ખદ્દ કથવા નિરધાર કર્યો, નર તે તુજને ખદનાર નથી. ૧૩

## ઉપજાતિ વૃત્ત.

વાચાળ જે વાદ વૃથાજ થાપે, તથાપિ તે સત્ય કરીજ આપે;
ભરી સભામાં શત વાર ભૂલે, તથાપિ જીભે કદિ ના કબૂલે. ૧૪
વાચાળશુ કોઈ કદી ન કીજે, જાદ્દગરોથી બળ બાંધિ બીજે,
સુજે ન તેના સઘળા શિરસ્તા, વિચિત્ર તેના છળની વ્યવસ્થા. ૧૫

## સોરઠો.

જેને જેનું ભાન, તે સમજે તે વાતમાં;
અચરજ ધરે અજાણ, માને નહિ મનાવતાં. ૧૬

## માલિની વૃત્ત.

અણસમજુ જનોના, સંશયો સઘ છૂટે,
પણ સમજુ જનોના, સંશયો તો ન ખૂટે;
સરળ મન જનોની, ભાગતાં ઉંઘ ભાગે,
કુટિલ જન કદાપિ, જાગતા તે ન જાગે. ૧૭

## દોહરા.

સુણવા ઇચ્છે તેહને, કહિયે આપ વિચાર;
હઠ પકડે તો તે પછી, તજી દૈયે તકરાર. ૧૮
હઠ પકડે જે હોય શઠ, તે સમજે પણ તોય;
ઓઠે કદી ન હા ભણે, હૈયામાં હા હોય. ૧૯
મમતી જન માને નહિ, ભલે કરી હોય ભૂલ;
હેડું તેનું હા કહે, કરે ન જીભ કબૂલ. ૨૦
મૂરખ જીવ જતા લગી, છોડે નહિ છછેડ;
મંકોડો મૂકે નહિ, ખચકુ તૂટે કેડ. ૨૧

P. P. Ac. Gunratnasuri M.S.	Jin Gun Aaradhak Trust

## પક્ષપાત વિષે.

### દોહરા.

પર પક્ષીના સદગુણો, નિજ પક્ષીના દોષ;
ડુંગર સમ દેખાય નહિ, એ મોટો અફસોસ. ૨૨
સરસપણું સમજાય નહિ, જો પરપક્ષ જણાય;
સરસ રસોઇ શૂદ્રની, દેખી ન દ્વિજ લોભાય. ૨૩
ખાંતે બાજી ખેલતાં, બોલે પક્ષે બોલ;
કરશે કેવા ન્યાય તે, તેનો કરીએ તોલ. ૨૪

### ઇંદ્રવિજય છંદ.

ભાળિયે ભૂતને ભાંગ વિભૂતિજ, આસન તે વૃષભાસનનું છે,
જયાં પરપત્ની વિહારનું વર્ણન, ગાયન તે ગરુડાસનનું છે;
મૂમતિ ઉજળી દેખીને મંદિર, જાણવું જે જિનશાસનનું છે,
જયાં પક્ષપાત પુરો દલપત્ત, વડું સ્થળ વાદવિવાદનું છે. ૨૫

## ક્રોધ વિષે.

### ઇંદ્રવિજય છંદ.

ક્રોધ કરે ચિત્તમાંહિ ચડાઈ, લડાઇ ન ધારિ શકેજ ઉધારે,
વ્યર્થ સમર્થથિ વેર વધારિ, અનર્થ કરે નહિ અર્થ સુધારે;
પાપ અને પરિતાપ અમાપ પ્રકાશિ કરી પછી આપ પધારે,
ક્રોધ કુબોધ કરે દલપત્ત, કરે વળી ક્રોધ વિરોધ વધારે. ૧

### દોહરા.

કદિ તેને હણિયે નહિ, જો રીસ બહુ ચઢિ જાય;
મારીને રોવું પડે, પસ્તાવો પછી થાય. ૨
દીશ ન સૂઝે રીસમાં, નહિ સૂઝે દિનનીશ;
ડર વિસરે જગદીશનો, ચડે હૃદયમાં રીસ. ૩
ક્રોધી નૃપને દૂરથી, કરિયે સદા પ્રણામ;
જે અડકે જઇ અગ્નિને, દાઝે દલપતરામ. ૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કર સ્વભાવિકનું કદી, મોત કમોતે થાય;
વાઘ અજાડીમાં પડયો, કોણ કાઢવા જાય. ૫
ક્રોધી પાસે કીજીયે, વિચારીને વિશ્રામ;
ખાવળિયા તળ બેસિયે, ડરતા દલપતરામ. ૬
ક્રોધી જનને આશરે, કરિયે નહિ વિશ્રામ;
જયાં ખાવળ ને બોરડી, રહો ન દલપતરામ. ૭
ખળ સંગે સજ્જનપણું, કરે સ્વાભાવિક અંગ;
પાણી પણ ઉનું બળે, પડતાં તાપ પ્રસંગ. ૮
યથાર્થ ઘાટ જણાય તો, હૃદે ન ધરશો રોષ;
વક્રપણું નિજ વદનમાં, દર્પણનો શો દોષ. ૯
જો આવે મન આંબળો, સાલસ જુલમી જણાય;
રૂ જેવું પોચું નથી, વળથી ફાંશી થાય. ૧૦
પ્રતાપ પામી જે તપ્યો, વિનયે શાંતિ ધરે ન;
ચઢતે દિને પથ્થર તપ્યા, નમતે તરત ઠરે ન. ૧૧.
મગજ જેહનું પવન વશ, તેનો શો વિશ્વાસ;
પવન કદી વૃષ્ટિ કરે, કદી વૃષ્ટિનો નાશ. ૧૨
ગંભીર મન આકાશમાં, પવન કહે જો કોય;
જેમ જુઓ ઊંચે[1] સ્થળે, પવન પાતળો હોય. ૧૩
પતંગ પામર પ્રાણીને, સંગ સમીર[2] ભરાય;
દોરી જાય જહાં સુધી, ત્યાં સુધી તે જાય. ૧૪
ચઢે જે સમે જોસમાં, તે શું ન કરિયે તાણ;
શિખ દેતાં શેઠાણીને, મેનાના ગત પ્રાણ. ૧૫
યોગ્ય રીતે ઉપયોગથી, દુર્ગુણ પણ વખણાય;
કરિયે ક્રોધ અસત્યપર, તો તે ગુણ કહેવાય. ૧૬

---

૧. ઊંચે-જેમ જેમ ઊંચી પદવી મળે તેમ તેમ સુજન મગજમાં પવન ભરાય છે. ૨. સમીર-પવન. ૩. અહિ-સાપ.


P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

છેક તીવ્રતા જે તજે, નર કાં તે ન ગણાય;
શશિ શીતળ શામાતણા, વદનતુલ્ય વખણાય. ૧૭
રસ ખસ શીતળ વચનમાં, ક્રોધી કંથ રખાય;
ફાસફરસ જળમાં રહે, નહિ તો ભડકો થાય. ૧૮
નરમ ગરમ મળીને નિભે, નિભે ન સરખાં બેય;
રહે રાખમાં દેવતા, દારુમાં ન રહેય. ૧૯
ઘરસૂતરમાં ઘુંચવણ, આંટી ઘુંટી અત્યંત;
ધીરજથી ધાગો નિભે, તાતો તોડે તંત. ૨૦
પૂર્ણ થયે ઘટ પાપનો, રૂઠે હરિજન સાથ;
આવરદા આવી રહ્યે, અહિ[૩] મુખ ઘાલે હાથ. ૨૧

## ક્ષમા વિષે.

### મનહર છંદ.

અવનીના જેવી ક્ષમા રાખવાનો ઉપદેશ,
સારા જનોને સદૈવ શાસ્ત્રકારો કરે છે;
છેદન તાડન સહે લુંટી લેતાં ના ન કહે,
દૂષણુ ધરે તથાપિ ધીરજ તે ધરે છે;
તે તો ખધું ખરું પણ તાપ દીધે તપી જાય,
એટલી ખામી તો ક્ષીતિની ક્ષમામાં ઠરે છે;
તાપ[૧] દીધે તપે નહિ કહે દલપતરામ,
ક્ષમાધર જન એવી ક્ષમા ધરી ફરે છે. ૧

### દોહરા.

ગાળ સહન કરિયે સદા, ગાળે ગુમડ ન થાય;
જે ગમાર જન ગાળ દે, મુખ તેનું ગંધાય. ૨
વણુ સમજુ વિવાહમાં, હુજત કરે અતિહીણુ;
દેશ દેશનો શિરસતો, પૂછી થવું પ્રવીણ. ૩

૧. તાપ-ધમકી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### મનહર છંદ.

માંડવિઆ મુઠીએ મુઠીએ મીઠું[1] મારે ત્યારે,
ધીરજ કરીને આડી ઢાલ એક ધારીએ;
ટુંકારા હુંકારા કરી કેક તિરસ્કાર કરે,
ગમે તેવી ગાળો દે તે ઉરમાં ઉતારીએ;
કેક આવી પટ ફાડે, કેક આવી હેઠા પાડે,
કેક તો દેખાડે ડર હિમત ન હારીએ;
કહે દલપતરામ તોરણ જવાને ઠામ;
તોરણનું ધોરણ આ શાણા થૈ સંભારીએ. ૪

### દોહરા.

સાકર તજે ન સરસપણું, સોમલ તજે ન ઝેર;
સજજન તજે ન સજનતા, દુરજન તજે ન વેર. ૫
કહે નપુંસક પુંશ્ચલી, બુધ ન કરે વ્યભિચાર;
ક્ષમા ક્ષમાધર નવ તજે, હાર્યો કહે હજાર. ૬
હાર વિષે ગુણ હોય છે, શીતળ સુવાસદાર;
મળતાં શોભા માનજો, હઠિલા જનથી હાર. ૭

### ઉપજાતિ વૃત્ત.

ખરેખરું જે સુખ છે ક્ષમામાં, રહ્યું નથી તે સઘળું રમામાં;
રે ઝેર કેરી ભગિની રમા છે, સુધર્મની પત્ની ખરી ક્ષમા છે. ૮
ક્ષમાથી શત્રુની ફજેતી થાશે, જો આપણું સત્યપણું જણાશે;
ક્ષમાથી થાશે જશ ઠામઠામે, દિલે વિચાર્યું દલપતરામે. ૯

### દોહરો.

સમર્થ થૈ રાખે ક્ષમા, જુવાન જીતે કામ;
એજ અધિક વખણાય છે, દાખે દલપતરામ. ૧૦

---

૧. એક પ્રાંતમાં એવો ચાલ છે કે વર તોરણ છબવા આવે ત્યારે માંડવીઆ મીઠાના ગાંગડા તેને મારે છે; અને ઝાલાવાડમાં વરનાં લુગડાં ફાડે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## કોઇનું ભલું કરવાથી પ્રભુ રીઝે છે તે વિષે.

### દોહરા.

કરિયે સારું કોઇનું, એજ ધર્મનું કર્મ;
બીજા કલ્પિત ધર્મ છે, મનમાં સમજો મર્મ. ૧
તે માટે મનમાં તમે, કરજો પ્રથમ વિચાર;
આ કરવાથી કેટલો, થાશે પરોપકાર. ૨

### હરિગીત છંદ.

તું તીર્થમાં જયાં ત્યાં વિચરતો ધર્મ જાણીને ધસ્યો,
વૈરાગ્યથી વસ્તી તજીને વનવિષે જઇને વસ્યો;
ભગવાં ધરીને ભટકતો રહિ પેટ ભીખીને ભર્યું,
શી રીત ઇશ્વર રીઝશે તેં સારું કોનું શું કર્યું? ૩
તેં પંચગવ્ય વિશેષ પ્રાશન કીધ ઘોળી ઘોળીને,
તેં નિત્ય સ્નાન ત્રિકાળ કીધું આહી ગોમય ચોળીને;
આહાર એકજ વાર કરવો એવું વ્રત તેં આચર્યું,
શી રીત ઇશ્વર રીઝશે તેં સારું કોનું શું કર્યું? ૪
તેં હોમ હવન ઘણા કર્યા ઘી હવનમાં હોમ્યાં ઘણાં,
તેં ચાલતી નદીને ચઢાવ્યાં, દૂધ દહિં ગાયોતણાં;
બહુ વર્ષ મુખ મુનિવ્રત ધર્યું, તે ઠીક તુજ મનમાં ઠર્યું,
શી રીત ઇશ્વર રીઝશે તેં સારું કોનું શું કર્યું? ૫
તેં નવ નવાં નૈવેદ કરીને તે પ્રસાદી તું જમ્યો,
ઉપવાસ ને એકાસણાં કરિ દેહને બહુ તેં દમ્યો;
ખાડો ખણીને ડાટિયું જે અન્ન જમતાં ઉગર્યું,
શી રીત ઇશ્વર રીઝશે તેં સારું કોનું શું કર્યું? ૬
તેં પ્રાર્થના પ્રભુની કરી મુખ વિવિધ વચન ઉચ્ચારીને,
તેં સ્તોત્ર પાઠ ઘણા કર્યા નિતનિત્ય નિયમો ધારીને;
ગદ્ગદ સ્વરે ગુણગાન કરતાં આંખથી આંસુ ઝર્યું,
શી રીત ઇશ્વર રીઝશે તેં સારું કોનું શું કર્યું? ૭

P. P. Ac. Gunrathasuri M.S. Jin Gun Aaradhak Trust

ભગવાન લૂખી ભક્તિથી રીઝે નહી રજમાત્ર તે,
પણ ભક્તિ પરઉપકાર સાથે થાય પ્રભુપ્રિયપાત્ર તે;
તે વગર વાદવિવાદ કીધા કામ તેથી શું સર્યું,
શી રીત ઇશ્વર રીઝશે તે સારું કોનું શું કર્યું? ૮

દોહરો.

સારું કોનું શું કર્યું, એ ઉર વિષે વિચાર;
ઊંડા ઊંડા ભેદની, તજ બીજી તકરાર. ૯

## કુલદીપક વિષે.

દોહરો.

સ્નેહી, ગુણી, સુપાત્રતા, કરે પ્રકાશક કામ;
જ્યોતિ જગમગે જશતણી, નરકુળદીપક નામ. ૧

કવિત.

[1]સ્નેહ તો ઘટાડે નહીં મેશ તો લગાડે નહીં,
[2]પાત્રને તપાડે નહીં પોતે તપી તનમાં;
[3]ગુણને ન ન્યૂન કરે, પૂઠે ન અંધારું ધરે,
પ્રાણને ન પરહરે ભરાઇ પવનમાં;
જશરૂપી જ્યોતિ જેની જામની ને દિન ઘટે,
જેને સંગે કોઇ દાઝી મુંઝાય ન મનમાં;
દાખે દલપતરામ, દીસે એવા કોઇ ઠામ,
કુળના દીપક ભાગ્યશાળીના ભવનમાં. ૨

## પ્રભુના આપ્યા વિના કંઈ પમાય નહિ.

દુમિલા છંદ.

નિજ દેશ તજી પરદેશ વસે, વળિ કલેશ વિશેષ હમેશ સહે;
સુણ સંગ સદા અણભંગ સજે, રળવા અતિ અંગ ઉમંગ રહે;
અણભીત થઈ નર નિત્ય ભમે, નિજ ચિત્ત વિષે અતિ વિત્ત ચહે;
પ્રભુદત્ત વિના પણ વિત્ત મળે, નહિ સત્ય ગિરા દલપત્ત કહે. ૩

૧ સ્નેહ-પ્રેમ તેલ. ૨ પાત્ર-લાયક જન,-કોડયુ. ૩ ગુણ-સદ્ગુણ-દીવેટ.

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

## પ્રજાપ્રત્યે રાજાના ધર્મ.

### મનહર.

રક્ષણુ કરીને વિદ્યા વિચક્ષણુ કરે વળી,
લક્ષણુ સુધારી અપલક્ષણુ મટાડે છે;
શીખવી ઉદ્યોગ સદા સુખનો સંજોગ સજે,
અંગમાંથી આળસના અંશને ઉડાડે છે;
ચિત્તમાં ખચીત હિતચિંતન હમેશાં કરે,
શત્રુ સામે સજ્જ થઇ શત્રુને નસાડે છે;
પિતા જેમ પુત્રને પમાડે છે પરમ સુખ,
પ્રજાપતિ તેમ સુખ પ્રજાને પમાડે છે. ૧
ઉપયોગી વિદ્યાનો જે અધિક અભ્યાસ કરે,
તે જનને તો અધિક ઉત્તેજન આપવું;
અનેક પ્રકારની કળા કુશળતા શીખ્યાનું,
જનહિત કાજ જુદું જુદું ખાતું થાપવું;
અતિ ઉપયોગી ગદ્ય પદ્યના રચાવી ગ્રંથ,
જ્ઞાનદાન દઇને અજ્ઞાન કષ્ટ કાપવું;
બૂરી ચાલવાળાને બુરાઇ સમ સજા કીજે,
સારી ચાલવાળાને તો કદી ન સંતાપવું. ૨

### દોહરો.

પુસ્તકશાળા પ્રૌઢ સજી, સજે સંગ્રહસ્થાન;
પ્રજા જનોમાં જે થકી, વધે વિશેષે જ્ઞાન. ૩

---

## ઉદ્યોગ.

### દોહરા.

વિશેષ વિદ્વાનો મળી, વિધ વિધ કરે વિચાર;
અધિપતિના આશ્રયવડે, ઉપજે દ્રવ્ય અપાર. ૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કારીગરી અનેકધા, શિખવે શીખવનાર;
તો એવા ઉદ્યોગથી, ઉપજે દ્રવ્ય અપાર. ૨
જે શાળા ઉદ્યોગની, થાપે ઠારોઠાર;
ગરીબ ગૂજારો કરે, ઉપજે દ્રવ્ય અપાર. ૩
દેશ તથા પરદેશના, હુન્નર કરે હજાર,
સાધે સાંચા યંત્ર તો, ઉપજે દ્રવ્ય અપાર. ૪
નિરુદ્યમી નર નારિયો, આવે વર્ણ અઢાર;
કોડે કામ કરે સહુ, ઉપજે દ્રવ્ય અપાર. ૫
લુહાર ને સૂતારનું, કોઇ કામ કુંભાર,
કોઇક કડિયાનું કરે, ઉપજે દ્રવ્ય અપાર. ૬
રસ્તાની બે બાજુએ, તરુ કરીએ તૈયાર;
તો તેવાં તરુવરથકી, ઉપજે દ્રવ્ય અપાર. ૭
સરિતા સરોવરો તટે, વાવે તરુ આ વાર;
તો તેવાં તરુવર થકી, ઉપજે દ્રવ્ય અપાર. ૮
કામ કરે જે લાખ જન, લઇને અલ્પ પગાર;
ઉપરની અક્કલ થકી, ઉપજે દ્રવ્ય અપાર. ૯
જે સાધારણ ઘર કરે, ઘણાં શહેર મોઝાર;
તો તેના ભાડાતણું, ઉપજે દ્રવ્ય અપાર. ૧૦
માગે કોઈ મનુષ્ય જે, મજુર કામ કરનાર;
તો તેમાંથી મોકલે, ઉપજે દ્રવ્ય અપાર. ૧૧
જડે ન ધંધો જેહને, એનો એ આધાર;
ઉપરીને પણ એ થકી, ઉપજે દ્રવ્ય અપાર. ૧૨
અધિપતિઓ ઉરકેરિને, કરવાં એવાં કામ;
દુખી પ્રજા જનનાં દુખો, તેથી ટળે તમામ. ૧૩

## ઔદ્યોગિક મંડળ વિષે.

"નરસૈંમહેતો ભગત બ્રાહ્મણ જૂનાગઢના રહેવાસી"—એ રાગ.
એક મંડળી એવી સ્થાપો જ્યાં સૌને ઉદ્યોગ જડે. ટેક.
ભૂખે મરતા ભીખે ભમતા, પીડાના પોકાર કરે,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભૂખે મરીએ ભૂખે મરીએ, એમ કરે ઉચ્ચાર અરે;
કાજ ન સૂઝે લાજ ન મૂકે, તેહ રહ્યા ઘર માંહિ રડે,
એક મંડળી એવી સ્થાપો, જ્યાં સૌને ઉદ્યોગ જડે. ૧
ઘણા જનો નિજ ઘાત કરે છે, અન્ન વિના અકળાઇને,
કોઇ મરે ઉપવાસ કરીને, કોઇ મરે વિખ ખાઇને;
ભાગ્યહીણા ભિખારી થઇને, બહુ દુઃખથી મુખથી બબડે,
એક મંડળી એવી સ્થાપો, જ્યાં સૌને ઉદ્યોગ જડે. ૨
સરજૂ ગંગા સિંધુને તટ, તાપી રેવાને તીરે,
રસદાયક તરુઓ રોપાવો, સીંચાવો નદિના નીરે;
જવ ડાંગર જેવાં વવરાવો, પટ જયારે ખુટતાજ પડે,
એક મંડળી એવી સ્થાપો, જ્યાં સૌને ઉદ્યોગ જડે. ૩
શાક બટાટા સૂરણ વાવો, ઉપજાવો ખોરાક અતિ,
જળને પાડે અન્ન જડે ને, રહે ન ખામી એક રતી;
નરને કે નારીને નિશ્ચે, ભૂખતણું નહિ દુઃખ નડે,
એક મંડળી એવી સ્થાપો, જ્યાં સૌને ઉદ્યોગ જડે. ૪
ક્રોડો માણસ કામે લાગે, તોપણ ખુટે કામ નહીં,
એવા તો ઉદ્યમ ઉપજાવો, શાણા જન સજી બુદ્ધિ સહી;
વિશેષ ઉપજે અન્ન અને ફળ, વિશેષ જનનાં જૂથ વડે,
એક મંડળી એવી સ્થાપો, જ્યાં સૌને ઉદ્યોગ જડે. ૫
પર્વત ખોદી ખેતર કરશો, માણસ જો મંડયા રહેશે,
ખારા પાટમાં ખાતર નાંખી, અનાજ ઉપજાવી દેશે;
પૃથ્વી પણ પડતર છે પુષ્કળ, નિહાળતાં નજરેજ ચડે,
એક મંડળી એવી સ્થાપો, જ્યાં સૌને ઉદ્યોગ જડે. ૬
પશુઓના પૈસા ઉપજે છે, પોપટ મેના મોર પળે,
અતિશે એતો વાત શરમની, માણસને ન આહાર મળે;
નિરુદ્યમી નિર્માલ્ય થઇને, રાત દિવસ રોતાં રખડે,
એક મંડળી એવી સ્થાપો, જ્યાં સૌને ઉદ્યોગ જડે. ૭

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રસિદ્ધ એમ કરો પુરપુરમાં, જડે નહીં ઉદ્યમ જેને,
તે ઉદ્યમ માગો અમ આગળ, અન્ન વસ્ત્ર દેશું એને;
પછી વિશેષ પગાર મળે તો, ત્યાં જાજો નહિ કોઇ લડે,
એક મંડળી એવી સ્થાપો, જયાં સૌને ઉદ્યોગ જડે. ૮

ખાણો લોઢાની ખોદાવો, ખાણુ કોયલાની ખાસી,
કાચ તણા સામાન કરાવો, સમજુ સ્વદેશના વાસી;
હુન્નર વિષે હુશિયાર કરો જન, ઘાટ અનેક પ્રકાર ઘડે,
એક મંડળી એવી સ્થાપો, જયાં સૌને ઉદ્યોગ જડે. ૯

એ મંડળીને પણ એમાંથી, લાખો ધનનો લાભ થશે,
કામ પુરા પરમારથનું છે, ભૂખમરાનું દુઃખ જશે;
સહાયતા શ્રી હરિની માગો તો એ કામ નહીંજ અડે,
એક મંડળી એવી સ્થાપો, જયાં સૌને ઉદ્યોગ જડે. ૧૦

અંગ લગાવી એકે ઉદ્યમ, કરવા જોગ્ય જણાય નહીં,
તેવા પામર જનને પાળો, નભે નિરાશ્રિત સ્થાન રહી;
માગે ભીખ મફતનું ખાવા, તો પોલીસ તેને પકડે,
એક મંડળી એવી સ્થાપો, જયાં સૌને ઉદ્યોગ જડે. ૧૧

એક પિતાની પ્રજા આપણે, એક કુટુંબી સૌ છઇએ,
ભૂખ્યાં ભટકે ભાંડું આપણાં, કેમ કઠોર દીલે થઇએ;
દલપતરામ કહે દિલ દાઝે, ધીરજ કેમ રખાય ઘડે,
એક મંડળી એવી સ્થાપો, જયાં સૌને ઉદ્યોગ જડે. ૧૨

---

## વિજયક્ષમા.

### દોહરો.

પ્રભુ તુજ પરમ કૃપાતણું, દિન દિન દે મુજ દાન;
ભાવ ભલે તુજને ભજું, ભય ભંજન ભગવાન. ૧

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

### મોતીદામ છંદ.

ભજું ભય ભંજન શ્રી ભગવાન,
તજું અતિ અંતરથી અભિમાન;
સજું મનમાં રુચિ મેરુ સમાન,
ગજું નથિ તોયે કરું ગુણગાન. ૨

જમાવિ પ્રભૂ પદ પૂરણ પ્રીત,
નમાવ વળી નિજ મસ્તક નિત્ય;
ક્ષમાવિ ગુના કર્હું ખૂબ ખચીત,
શમાવિજ ઘો દુઃખ શોક સહીત. ૩

વડા ઈશ છો જન અંતર જાણુ,
વડા ઇતબારતણી ખરી ખાણુ;
વડાઈ વદે વળી વેદ પુરાણુ,
વડા ઇતિહાસ વિષે સુવખાણુ. ૪

કરેલ તમે સઘળાં શુભ કામ,
ભરેલ તમે જળસિંધુ તમામ;
ઠરેલ તમે નિજ અવ્યય[2] ધામ. ૫

પુરાતનમાં પણ તૂંજ પ્રસિદ્ધ,
પુરા તનમાં પણ તુંજ પ્રસિદ્ધ;
પુરા તનમાં પણ તૂંજ પ્રસિદ્ધ,
પુરાતનમાં પણ તૂંજ પ્રસિદ્ધ. ૬

કરો કરિ સંપુટ હું કહું આજ,
કરો કરુણા કરિને મુજ કામ;
કરોધ કુસંગ કુમારગ સાજ,
કરોડ પ્રકાર કરે નહિ રાજ. ૭

---

૧. ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીની શાખા અથવા સ્વતંત્ર પુસ્તકશાળા ભાવનગરમાં સ્થાપન થાય તો સારૂં એવું ધારીને સને ૧૮૫૯ માં મુંબાઈ જતાં ભાવનગર થઇને જવું, અને તે માટે પ્રયત્ન કરવો એવું સોસાઇટીના સેક્રેટરીએ કહ્યાથી હું ભાવનગર ગયો હતો. આ કવિતા રચીને સાથે લઇ ગયો હતો. ૨. અવ્યય–અવિનાશી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કુમારજ હું પ્રભુ તું મુજ તાત,
કુમારગ જૈ કરિ મેં કુડિ વાત;
કુમારગિ થાય કદીતનું[1] જાત,
કુકા રહિ[2] કોઇ ઘટે નહીં ઘાત. ૮
ભલા થઇ માફ કરો મહારાજ,
ભલામણ એટલિ છે મુજ આજ;
ભળાવિશ કાંઇ બીજું નહિ કાજ,
ભલાઇ તમારિ ભુલું કદિ નાજ. ૯

પુરાણ કુરાન કહે સહુ આમ,
પુરાણ પુરુષ તમારુંજ નામ;
પુરા નગરો કરિયાં જન કામ,
પુરા જડ જે ન કરેજ પ્રણામ. ૧૦

કુચાલ ભરી જન જે તણિ ટેવ,
કુચા ચુસનાર ભજે અન્ય દેવ;
કુ ચાકર થૈ ન સજે તુજ સેવ,
કુચાહન તેનું થશે તતખેવ. ૧૧
દિસે દિશ તેં રચના રચિ દત્ત,
દિસે તુજ શક્તિ મહા ઉનમત્ત;
દિસે મુજ આવી વિદાર વિપત્ત,
દિસે[3] તુજ દેખિ કહે દલપત્ત. ૧૨

## દોહરા.

પ્રેમે પ્રભુની પ્રાર્થના, એ રીતે કરી આજ;
કહું જન મન રંજન કથા, શુભ ભરિ સભા સમાજ. ૧૩
શ્રોતા સજ્જન સહુ સુણો, ક્ષમાતણું આખ્યાન;
તે સુણતાં સહેજે ટળે, અંતર ગત અજ્ઞાન. ૧૪

૧. તનુ-શોકરૂં. ૨. રહી-થઈ. ૩. દિશે-તરફ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### ભુજંગી છંદ.

ક્ષમા ગુણ મોટો ઘણો માનવીમાં,
નદી મધ્ય મોટાપણું જાન્હવીમાં[1];
ક્ષમાથી ખને લોકનો લાવ લીજે,
ક્ષમા રાખવાથી રમાનાથ રીઝે. ૧૫

ક્ષમા ખડ્ગ જો હાથમાં એક હોયે,
કહો શત્રુ તેને રહે કેમ કોયે;
ક્ષમાથી ખધા વિશ્વને વશ્ય કીજે,
ક્ષમા રાખવાથી રમાનાથ રીઝે. ૧૬

ક્ષમા મેળવે માનવી એજ મોટું,
ક્ષમા ખોઇ તેનું થયું ખૂબ ખોટું;
ક્ષમાના ખરા લેખ ચિત્ત લખીજે,
ક્ષમા રાખવાથી રમાનાથ રીઝે. ૧૭

ક્ષમા ગુણ તો હેમમાં જેમ હીરો,
મહા મૂલ્યનો અંગ ધારે અમીરો;
ક્ષમા ગુણ તે ગર્થ મોટો ગણી જે,
ક્ષમા રાખવાથી રમાનાથ રીઝે. ૧૮

ક્ષમાનું ઘરેણું ઘણું શુદ્ધ શોભે,
ક્ષમાકારિ ક્યાંહી કહો કેમ ક્ષોભે;
ક્ષમાથી ખહુ બુદ્ધિવંતા બની જે,
ક્ષમા રાખવાથી રમાનાથ રીઝે. ૧૯

ક્ષમામાં વસે સુખનો સર્વ વાસો,
ખરેખાત સૌથી ક્ષમા ગુણ ખાસો;
ક્ષમા રાખવા રીત રુડી રચી જે,
ક્ષમા રાખવાથી રમાનાથ રીઝે. ૨૦

જુગો જૂગમાં જીવવા નામ જાણી,
વિશેષેજ આ અંતરે વાત આણી;

૧. જાન્હવી-ગંગા.

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ક્ષમાનો પુરા પ્રેમથી સ્વાદ પીજે,
ક્ષમા રાખવાથી રમાનાથ રીઝે. ૨૧
ક્ષમાવંત અત્યંત આનંદ લાવે,
ક્ષમાવંતનાં કષ્ટનો અંત આવે;
ક્ષમા રાખિ ભાવે પ્રભુને ભજીજે,
ક્ષમા રાખવાથી રમાનાથ રીઝે. ૨૨
રહે વાઘણી દૂધ તો હેમ માત્રે,
ક્ષમા તેમ જામી શકે છે સુપાત્રે;
નહિ ઠીક થૈને ઠરે તે કુઠામે,
દિઠું એજ રીતેથિ દલપત્તરામે. ૨૩

### દોહરા.

ભાવનગરનો ભૂપતિ, વિજયસિંહ ભડવીર;
સુણજો સહુ તેની ક્ષમા, ધરિને મનમાં ધીર. ૨૪
ગુણવંતી ગુજરાતમાં, અધિપતિ થયો અનૂપ;
પંડિત જનનો પારખૂ, ભોજ સમો ભડ ભૂપ. ૨૫
જેને જગતે જાણીઓ, દેવાંશી દાતાર;
પ્રજા ઉપર બહુ પ્રેમથી, કોટિ કર્યા ઉપકાર. ૨૬
ગોહિલ કુળ ગંગા નદી, તેમાં વડો તરંગ;
વખતસિંહ સુત વાંકડો, રાવળ પામ્યો રંગ. ૨૭
સંવતસર અઢારસેં, પણ ઉપર પાંત્રીશ;
શુભ શ્રાવણ વદિ અષ્ટમી, અવતરિયો અધીશ. ૨૮
બધાં વરસ બોતેર ને, સાત માસ દિન તેર;
આયુષ લાંબું એટલું, પામ્યો રુડી પેર. ૨૯
ધરણિપતિ થઇને ધર્યું, છત્ર વરસ છત્રીશ;
પૂર્વજથી પણ પરમ જશ, દીપાવ્યો દશ દીશ. ૩૦
ગોરીશંકર સદગુણી, રામ સહિત સંતોક;
પાસ પ્રધાન પવિત્ર એ, લાયક જાણે લોક. ૩૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મનમાં મોટી મિત્રતા, સાહેબ કંપનિ સંગ;
સઘળી પ્રજા સુધારવા, ઉરમાં ભર્યો ઉમંગ. ૩૨
નિશાળ એક નવી નવી, ગોઠવી કંઇ કંઇ ગામ;
વાવ્ય કુવા પણ વિધવિધે, ઠીક કર્યો કંઇ ઠામ. ૩૩
કર્યાં સદાવ્રત શોભતાં, ભિક્ષુકનો ગણિ ભાગ;
ધર્મશાળા ધીંગી રચી, બેશ બનાવ્યા બાગ. ૩૪
દુઃખ ટાળ્યાં કૈ દીનનાં, આપીને ઉદ્યોગ;
રસ્તા સાફ રચાવિયા, જેણે જોવા જોગ. ૩૫
વિદ્યા વિવિધ વધારવા, કવિતા સુણવા કાન;
શોખ ધરાવ્યો સર્વદા, તજિ બીજાં તોફાન. ૩૬
વૈદકશાળા ને વળી, કરી અંગ્રેજી સ્કુલ;
કુમારિકાને કારણે, એક નિશાળ અમૂલ્ય. ૩૭
કામ પ્રજાને કારણે, એવાં કર્યાં અનંત;
એ પણ એને અનુમતે, જેને સુત જશવંત. ૩૮
વખત ઠરાવ્યો વિધવિધે, કરવા પ્રતિદિન કામ;
આળસ તો અળગી તજી, હૈડે રાખી હામ. ૩૯
બુધવારે દરબારમાં, સુંદર સભા ભરાય;
કવિતા બોલે કવિજનો, ગુણિજન રુડા ગાય. ૪૦
દસરા દિન સૈ દેશના, આવે કવિ અપાર;
કવિતા સુણિ રાજા કરે, સવ તણો સતકાર. ૪૧
વિદ્યાની જે વેલડી, સર્વ થળે સૂકાત;
વરશ્યો તેને વાસતે, વિજયસિંહ વરસાત. ૪૨
વર્ષાસન વિધવિધ કર્યાં, પૃથ્વી કરી પસાય.
વસ્ત્ર નંગ વાહન દિધાં, રંગ વિજયસિંહ રાય. ૪૩
ધરણી ગોહિલવાડ ધન, તું ધન સાગર તીર;
મળી પદવિ મહારાજની, વિજયસિંહ ધન વીર. ૪૪
જે જે ભૂપે જગતમાં, ભરિ વિદ્યા ભંડાર;
જુઓ રહ્યા તે જીવતા, મુઆ બીજા જખમાર. ૪૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સોળંકી સિદ્ધરાજ[1]નો, લાખો[2] ને ખેંગાર[3];
વિજયસિંહજી વાંકડો, એ એવો અવતાર. ૪૬
અવર તરણાએકે નહી, ગુણના દીસે ગ્રંથ;
કયાં જનમ્યા ને કયાં ગયા, પોંચ્યા લાંબે પંથ. ૪૭
ગુણિયલ કવિ ગુજરાતના, સામળ[4] પ્રેમાનંદ[5];
સંવત સત્તર પછી થયા, ચતુરપણાના ચંદ. ૪૮
શોખી ભૂપ મન સાંપડયો, સુખ કરંતાં ખોજ;
કાં કલ્પિત નૃપ ગુણ કથ્યા, કાં વિક્રમ કાં ભોજ. ૪૯
સામળ કવિને સ્નેહથી, દેસાઇ રખિઅલદાસ;
મોકલી તેડું માન દૈ, પ્રીતે રાખ્યો પાસ. ૫૦
પૃથ્વી કરી પસાય તે, અતિશે થઈ ઉદાર;
પાળ્યો શક્તિ પ્રમાણથી, પામ્યો કીર્તિ અપાર. ૫૧
કવિયે રાજા કોઇમાં, રંગ ન દીઠો રેખ;
રખિયલને રાજા લખ્યો, લાયક છે તે લેખ. ૫૨
જો કોઇ નૃપ જીવતો, ચતુરપણે ચિત ચાત;
શા માટે સામળ કવિ, ગયા ભૂપને ગાત. ૫૩
ભોજથકી ભારે થયા, ગરથવંત ગુજરાત;
પણ સદ્ગુણ નહિ પેખિયે, વરણવીએ શી વાત. ૫૪
એ અવસર અધિપતિ થયો, ગોહિલ કુળ ગુણ જાણ;
વિગતે જો ગુણ વર્ણવું, પુસ્તક થાય પુરાણ. ૫૫
વાંચો વિક્રમની કથા, ભાળો ભોજ પ્રબંધ;
રાસાથી પૃથ્વીરાજનો[6], પ્રૌઢો વિજયપ્રબંધ. ૫૬
સદ્ગુણ જેના શોભતા, એ તો સુણ્યા અનેક;
વિગતેથી હું વર્ણવું, એમાંથી ગુણ એક. ૫૭

---

૧. સંવત ૧૧૭૧ માં. ૨. સંવત ૧૧૯૮ માં. ૩. સંવત ૧૧૮૧ માં. ૪. સંવત ૧૭૮૧ માં હતા. ૫. સંવત ૧૭૩૩ માં. ૬. સંવત ૧૨૪૯ પૃથિરાજ મરાયો.

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

મોટો ક્ષમા અમૂલ્ય ગુણ, એ રાજાને અંગ;
સઘળા સજ્જન સાંભળી, રાખો ઉરમાં રંગ. ૫૮
કુંદનથી નિરમળ કહું, રુડો વિજય મહારાજ;
સરસ ક્ષમા સાગર થયો, અધિપતિ મોટો આજ. ૫૯
જેનો એ ગુણ જોઇને, જાણી પરમ સુજાણ;
મોટા મુનિજન મુખથકી, વિધવિધ કરે વખાણ. ૬૦

ચોપાઇ.

એક સમે એ અધિપતિ આપ, મનમાં ધાર્યું મોટે માપ;
પંડે હું વનમાં પરવરું, કોઇ ન પ્રીછે એવું કરું. ૬૧
વન ચરચા જોઉં આ વાર, સુખિયો કે દુખિયો સંસાર;
પુર ચરચા રાતે પેખાય, દિવસે વન ચરચા દેખાય. ૬૨
એવો ઘાટ હૃદેમાં ઘડયો, ચંચળ ઘોડા ઉપર ચઢયો;
હિંમતથી ધર્યાં હથિઆર, બાગ સમીપ ગયો પુર બહાર. ૬૩

તોટક છંદ.

બહુ શોભિત બાગ અથાગ બણ્યો, ગિરિજાપતિનો ગિરિરાજ ગણ્યો;
ગુલબાસ ગુલાબ દિલે ગમતા, લટકી અહિવલ્લિ[1] લવિંગ લતા, ૬૪
તરુ કેતકી કેસુ કદંબતણાં, વળિ ચંપક ચંદન વૃક્ષ ઘણાં;
ગણિ કોણ શકે સઘળાં ગણતાં, ભણિ ભારતિ થાકિ રહે ભણતાં.૬૫
ફળિ છે કદળિ વળિ જામફલો, ગુણકારિ સિતાફળ સ્વાદ ગળ્યો;
અતિ બેર અખોડ અને અરણી, હરડે હિતકારી પિડાહરણી. ૬૬
અગણીત અનામત અંબતરુ, જન રંજન જયાં બહુ જંબતરુ;
તજનાં તરુ એલચી દ્રાખતણા, મનમોહન મંડપમાં ન મણા. ૬૭
સુકિ સુંડ તહાં રહિ ઝાડી ઘણી, ચતુરાઇથિ બેઠક બેશ ચણી
તકની તરકારિ તમામ તહીં, વડ પીંપળ પીંપર પાર નહીં. ૬૮
બિલિ આંબલિ બાવળ બોરડિયો, થિર થૈ કરિ કાચકિ થોરડિયો;
ખજુરી ખરસાણિજ ખીજડિયો, લળિ લિંબુડિ ને વળિ લીંબડિયો.૬૯

---

૧. અહિવલ્લિ—નાગરવેલ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અરડૂશિ અનૂપમ આવળ છે, શુભ શીશમ સાગ સતાવળ છે;
નવ પલ્લવ શોક અશોક નકી, લખતાં નહિ લેખણ લેખિ શકી. ૭૦
વળિ વાડિ વિષે શુભ વાયુ વહે, ગુણ શીતળ કંદ સુગંધ ગ્રહે;
ભમરા રસ ભોગિ અનેક ભમે, ગુણવંત તણા સુણિ સોર ગમે.૭૧
ચકલાં ચિત ચોર ચકોર ઘણાં, સ્વર શુદ્ધ મનોહર મોરતણાં;
શુક કોકિલ ચાતક સારસડાં, વિચરે નગરંગ વિહંગ[1] વડાં. ૭૨
વળિ કુંડ સરોવર વાવ કુવા, જુગતીથિ કરેલ પ્રકાર જુવા
જળ નિર્મળ જયાં જમુના જળથી; નહિ નિત્ય પ્રવાહ ઘટે નળથી.
ભલિ ભાત દિસે જળ હોજ ભર્યા, ફળદાર ભલા જળયંત્ર કર્યા;
નરનારી જુએ નજરે નીરખી, હઠ લે ચિત્ત ચોંટિ રહે હરખી.૭૪
દિપતું વળિ દેવળ દેવતણું, ચતુરે નવરંગ ઉતંગ ચણ્યું;
કરિ કારિગરી દલપત્ત કહે, રઘુનાથ રહી ઘડિ જોઈ રહે. ૭૫

સોરઠો.

બન્યો મનોહર બાગ, ભૂમિ ત્યાં ભાસે ભલી;
સુંદરિનું સૌભાગ્ય. જોબનમાં જેવું વધે. ૭૬

મનહર છંદ.

બન્યો છે આ બાગ કે ના ભાગ યજ્ઞ ભૂમિનો છે,
વેદી છે વિશાળ કે આ કયારાનો આકાર છે;
કદળીનાં ઝાડ કે કરેલા પેલા યજ્ઞ થંભ,
પનાદાર પાંદડાં કે પતાકાની હાર છે:
નીરની આ નીક કે ઘી નાખવાની નળિકા છે,
તરુ ઝુકી રહ્યાં કે આ તોરણ તૈયાર છે;
કાન ધરી સાંભળો આ કહે દલપતરામ,
પક્ષિનો પોકાર ચાર વેદનો ઉચ્ચાર છે. ૭૭
કયારો કહીએ કે કિવા હશે જળ હોજ સારો,
કેળ છે કે કોઈ રામા રૂપનું નિધાન છે;

૧. વિહંગ-પક્ષી.


P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

નગન થઇને ન્હાવા, મગન થૈ ઉભી છે કે,
કેળાં લટકેલાં કેશ ગુચ્છના સમાન છે;
પુરુષને પેખી પ્યારી પામી છે શરમ પૂરી,
મનમાંહી જાણ્યું કે આ તો મોટું મેદાન છે;
ગોટોપોટો વાળીને રૂપાળી સાડી શીર ધારી,
પાલવ સાડીના છે કે આ તે લીલાં પાન છે. ૭૮

દોહરા.

તુરત તપાસી તે પછી, ચાલ્યો ભૂપ ચતૂર;
વન જોવાને વેગથી, અધિક હરખ ધરી ઉર. ૭૯
શરદ ઋતુ સોહામણી, ઉપજ્યાં અંન અપાર;
ખેડુ ખાંતે ખેત્રમાં, લણે ગણે ગુણકાર. ૮૦
કયાંઇક કયાંઇક કણખણો, પામી પૂરણ પ્રીત;
વિસ્તારીને વિજય જશ, ગાય મનોહર ગીત. ૮૧
માળે ચડિને માનવી, કોઈ કરે પોકાર;
ગુણિયલ વન ગાજી રહ્યું, શરદતણો શણગાર. ૮૨
આવે ટોળાં ઉડતાં, પંખી ખેતર પાસ;
ગોળા ફેંકે ગોફણે, તેને દેવા ત્રાસ. ૮૩
ત્રાસે નાસે તોપને, ગોળે જેમ ગમાર;
બળવો કરિને બાંડિયા, ઠેકે ઠારોઠાર. ૮૪
તેતર ખેતર ખેતરે, જૂથ મળીને જાય;
રોકે નહિ રખવાળ તો, ખાંતે દાણા ખાય. ૮૫

ચોપાઈ.

ખેતર એક ભલું ખેડેલ, વળિ તેમાં કપર્ણ વાવેલ;
વનિતા ખેડુની છે વડી, ચોકી કરવા માળે ચડી. ૮૬

દોહરા.

કશી લાધેલો કાછડો, છુટો છેડો છેક;
પોંચ્યો પગની પાનિયે, વરવો વસ્ત્ર વિવેક. ૮૭

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લટકે લીરા[૧] લુગડે, અંગે અધમણ મેલ;
ચૉરી ચડતાં ચોટલે, ધર્યું હશે ધૂપેલ. ૮૮
કમર કશી શણગટ કરી, લટકે લટ લે લાડ;
હુડા હુડા હોહો કહી, તાણી પાડે ત્રાડ. ૮૯
ગોફણમાં ગોળા ધરી, ફેંકે ફરતી દીશ;
નજર વડે તે નિરખતાં, અંતર હસ્યો અધીશ ૯૦
ટોળું મૃગનું ત્યાં કણે, ખેતરમાં કણ ખાય;
હારી મારી હાક પણ, જનાવરો નવ જાય. ૯૧

ઝુલણા છંદ.

કયાંઇ તો ઝુંડનાં ઝુંડ બાઝી રહ્યાં,
કયાંઈ તો એક પણ વાળ કેવો;
કયાંઇ લાંબી ટુંકી વાડ તૂટક વળી,
કયાંઇ તો કીચ ગંધાય તેવો;
કયાંઇ લીખો જુઓ લાખ વાસો વસે,
કોળ ઉંદર વસે વાસ એવો;
ફૂવડનો ચોટલો દેખી દલપત કહે,
જંગલી રાયના બાગ જેવો. ૯૨

ચોપાઇ.

ચિતમાં રાજા કરે વિચાર, કણબી વેઠે કષ્ટ અપાર;
ઉપજાવે છે અન્ન અથાગ, ભૂપતિનો આપે છે ભાગ. ૯૩
કામ કરે એ તો મુજ કાજ, એમાં અંદેશો નહિ આજ;
દીલ વિચારી ધારી દયા, ગોહિલ તે મૃગ સંમુખ ગયા. ૯૪
રાખ્યો ત્યાં શેઠે રેવંત, ચાલ્યો ચરણે ચાતુરિવંત;
ચરણ તળે ચંપાયા છોડ, કણબણ બોલી ગાળો ક્રોડ. ૯૫
નહિ સમજી તે કારણ નાર, અતિ અઘટિત ઉચરી ઉચ્ચાર;
જે સાંભળતાં શાંતિ જાય, રીસ કરે મોટા મુનિરાય. ૯૬

---

૧ લીરા-લુગડાનાં ચીથરાં.

P.P.Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હેતે સુણી સુણિ રાજા હસ્યો, કોપ કર્યો નહિ મનમાં કશો;
ગોફણથી ગોળા ગડગડયા, પુરપતિ પાસે આવી પડયા. ૯૭
તે કણબણ બોલી પશુ તુલ્ય, એક વચન તો હતું અમૂલ્ય;
અમે અનાથ નથીરે આજ, ધણિમોતીવાળો મહારાજ. ૯૮
એ સુણિ ઉપજ્યો હરખ અતોલ, બોલે છે મુજ બળથી બોલ;
તગડી મૃગલાને દે ત્રાસ, પુરપતિ પહોંચ્યો ઘોડા પાસ. ૯૯
કણબી ત્યાં આવ્યો તે કાળ, પ્રીછયા તેણે પૃથ્વીપાળ;
સલામ કરી નમાવ્યું શીષ, અધિપતિએ આપી આશીષ. ૧૦૦
વળતી રાજા ત્યાંથી વળ્યો, માનનીને જઇ કણબી મળ્યો;
વનિતાએ વિગતે કહી વાત, સરવ બનેલી તે સાક્ષાત. ૧૦૧
આવ્યો તો એ કોઇ અસવાર, વાડ વિષે પેઠો જે વાર;
છોટા છુંદી નાંખ્યા છોડ, કડવાં કથન કથ્યાં મેં કોડ. ૧૦૨
પથરા ફેંકિ કર્યો પોકાર, બીકે નાસી નીસર્યો બહાર;
જાતો તો શેઢે થઇ જેહ, તમે દિઠો દષ્ટિથી તેહ. ૧૦૩

## દોહરા.

કણબણને કણબી કહે, એ શું કર્યું અજાણ;
છંછેડીને શસ્ત્રધર, પળમાં ખોઇએ પ્રાણ. ૧૦૪
આયુધ જેની આગળે, વડાં હતાં વિકરાળ;
ટુંકારા કરતાં તને, બીક ન લાગી બાળ. ૧૦૫
સાંભળી સઘળું સ્નેહથી, બાળા બોલી બોલ;
અધિપતિ શિર છે આપણે, તેનું બળ અણતોલ. ૧૦૬
દુર્બળને બળિયો દુભે, એવો નથિ અન્યાય;
પેસી ખેતર પારકે, કોણે જુલમ કરાય. ૧૦૭
ધરણીપતિ ધિંગો ધણી, જેનું જોર અધીક;
એના અમલ તળે વસી, બીજાની શી બીક. ૧૦૮
રૂડા જેના રાજમાં, તલમુલે નહિ ત્રાસ;
વાઘ અજા ભેળાં વસે, ન કરે કેનો નાશ. ૧૦૯

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કણબી કહે સુણ કામની, એજ અધિપતિ આપ;
બોલી નિરલજ બોલ તું, પ્રગટયાં તારાં પાપ. ૧૧૦
ઠરશે દિલમાં દુર્વચન, કરશે જો કદિ કોપ;
હરશે મિલકત માહરી, ધરશે તુજને તોપ. ૧૧૧
નારી કહે છે નાથને, તમે તજો તે ત્રાસ;
પુરપતિ દિલ દરિયાવ છે, નિશ્ચય ક્ષમા નિવાસ. ૧૧૨
જન દે છે જગદીશને, જ્ઞાન વિના સૌ ગાળ;
દયા ઘટે છે દેવ દિલ, કોપે નહિ કદિ કાળ. ૧૧૩
સ્નેહ સહિત સંભાળ લે, વરસાવે વરસાદ;
ગંડુ જનની ગાળને, ઉર નહિ રાખે યાદ. ૧૧૪
વિજયસિંહ રાજા વડો, પ્રજા તણો પ્રતિપાળ;
હણશે નહિ હેતુ થઈ, ગણશે નહિ મુજ ગાળ. ૧૧૫
કથન સુણી કણબી કહે, પ્યારી નારી પાસ;
જોરાવરનો જગતમાં, વધતો નહિ વિશ્વાસ. ૧૧૬
કુમારપાળ કહે સહુ, પાટણનો ભૂપાળ;
જૈન ધર્મધર જે ધણી, દીલ ઉદાર દયાલ. ૧૧૭
સોગઠિને પણ સર્વથા, મુખથી ન કહે માર;
પણ જૂ હણતા શેઠ પર, પામ્યો કોપ અપાર. ૧૧૮
લક્ષ્મી ઘર લુંટી લઈ, મેલિ દયા મરજાદ;
રાયે તેથિ રચાવિયો, પછિ યુકા–પ્રાસાદ. ૧૧૯
તુજને તે માટે કહું, ધીરજ ધરિ મન ધાર;
રિપુથી રક્ષણ કરે, તેજ પીડે તરવાર. ૧૨૦
પાળે પૂરા પ્રેમથી, ટાળે તન પરિતાપ;
પણ પાવક નૃપ પાણિથી, અંતર ડરિયે આપ. ૧૨૧

ભુજંગી છંદ.

હરે ટાઢને અગ્નિ અંધારુ ટાળી,
રસોઈ કરી નિત્ય આપે રસાળી,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કદાપી ન વિશ્વાસ રાખો કરીને,
દિલે તોય તેથી રહેવું ડરીને. ૧૨૨
વડો વાઘ કે વ્યાળ જો હેતવાળો,
ભલો ભાગવતો પુરો ભક્ત ભાળો;
અહોનીશ એથી રહો ઊગરીને,
દિલે તોય તેથી રહેવું ડરીને. ૧૨૩
સહુ પ્રાણિને પ્રેમથી પાણિ પાળે,
તથા તે તણા અંગનો મેલ ટાળે;
તમે તે તણું તીર પામો તરીને,
દિલે તોય તેથી રહેવું ડરીને. ૧ ૪
દયાવંત વાયુ વિશેષેજ દીઠો,
મળે તો ટળે તાપ છે આપ મીઠો;
મટે વાયુ તો જંતુ જાશે મરીને,
દિલે તોય તેથી રહેવું ડરીને. ૧૨૫
તરી પાર જો નાવ સિંધુ ઉતારે,
સુખિ રાખિને અર્થ સારા સુધારે;
અભે એથિ જૈ આવિશે ઉતરીને,
દિલે તોય તેથી રહેવું ડરીને. ૧૨૬
હઠીલો નહિ હોય જો કોઇ હાથી,
કિધો કેદમાં કોટિ કોટી કળાથી;
ઠરે શોભતાં એક ઠામે ઠરીને,
દિલે તોય તેથી રહેવું ડરીને. ૧૨૭
વસે વેરિ જો વેર સર્વે વિસારી,
સદા કાળ સેવા સજે સૌથી સારી;
ભલું ભાખશે ભાવ ભક્તિ ભરીને,
દિલે તોય તેથી રહેવું ડરીને. ૧૨૮
રુડો ન્યાય વાળો દયાળોજ રાજા,
મહા પ્રેમ મૂકે ન ચૂકે ન માજા;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અતી સંભળાવે નીતિ ઉચ્ચરીને,
દિલે તોય તેથી રહેવું ડરીને. ૧૨૯
વધે જેમ લક્ષ્મી ક્ષમા લે વિચારી,
ધરે નમ્રતા નિત્ય રાજયાધિકારી;
પઢે સદ્‌ગુણો શ્રેષ્ઠતા જેમ પામે,
દિઠા કોઇ એવાજ દલપત્તરામે. ૧૩૦

દોહરા.

વિજયસિંહ મન વિમળ છે, દેવાંશી છે દેવ;
મનમાં રાખે રાજમદ, તેવી હોય ન ટેવ. ૧૩૧
પ્રજાતણો માતા પિતા, કોટિ કૃપા કરનાર;
એ તો આપણિ ઉપરે, ધરે ન કોપ લગાર. ૧૩૨
કાલાવાલા કીજીયે, તે પાસે જઇ તોય;
અંતરમાંથી ઊતરે, હાલ કદી રિસ હોય. ૧૩૩
ચોંપ કરીને ચાલિયાં, નરનારી ધરી નેહ;
વિનંતિ કરવા વિજયની, તત્પર થઇને તેહ. ૧૩૪
ત્યાં તરુ એક અશોકનું, છે શીતળ શુભ છાય;
ખેતરથિ બે ખેત્રવા, તે નૃપ દીઠો ત્યાંય. ૧૩૫
પુરપતિની પાસે જઇ, પ્રેમે કરી પ્રણામ;
ગદગદ કંઠે ગરિબ થઇ, ઉચર્યો કણબી આમ. ૧૩૬
પ્રજાતણા માતા પિતા, દિલના છો દરિયાવ;
સદ્‌ગુણ સાગર શાંતિધર, નિર્ભયદાયક નાવ. ૧૩૭
કરજોડી વિનતી કરું, ઉરમાં આણો આજ;
કણબણનાં કડવાં કથન, માફ કરો મહારાજ. ૧૩૮
સુણીને બોલ્યા શ્રીમુખે, વનિતાનો નથી વાંક;
કણબી કુળ કોમળ સદા, એ તો આડો આંક. ૧૩૯
વીસ વસા સારા વસે, કણબીમાં ગુણ કોડ;
સૃષ્ટિ સઘળી શોધિયે, જડે ન જેની જોડ. ૧૪૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માયાળુ ને મેહેનતું, વિશ્વાસુ કહેવાય;
બોલ્યું પાળે બાપનું, ખવરાવીને ખાય. ૧૪૧
આપ્યો મુખમાં ઇશ્વરે, ઊંહું શબ્દજ એક;
હજાર ગુણ છે હાથમાં, અંતર દયા અનેક. ૧૪૨
હોય કણબી જો હરખમાં, જયાં કહિયે ત્યાં જાય;
હઠ પર આવ્યો હોય તો, ઉંહુંનો ન ઉપાય. ૧૪૩
કારણ પણ તેનું કહું, સમજો સર્વ સુજાણ;
જગત સૃજયું જગદીશ્વરે, પૂરણ બુદ્ધિ પ્રમાણ. ૧૪૪
અવગુણ સદ્‌ગુણ એકઠા, મેલ્યા સઘળા માંહિ;
વધતા ઘટતા વિધવિધે, કીધા છે પણ કયાંહિ. ૧૪૫
સદ્‌ગુણ સોના સંગ્રહી, દુર્ગુણ તજવા દૂર;
ધીમંતાનો ધર્મ તે, જગમાં જાણ જરૂર. ૧૪૬

ભુજંગી છંદ.

સુગંધી ગુલાબે સૃજયાં પુષ્પ સારાં,
પુરાં પેખતાંવંત લાગેજ પ્યારાં;
કિધા છોડવે કંટકો કષ્ટકારી,
ગણો સદ્‌ગુણો દુર્ગુણો દૂર ધારી. ૧૪૭
કરી હેમની જો છરી હોય કેવી,
જુઓ જે ન જોતાં જડે જોડ જેવી;
મરે માનવી મસ્તકે હોય મારી,
ગણો સદ્‌ગુણો દુર્ગુણો દૂર ધારી. ૧૪૮
રચ્યો સિંધુ છે રત્ન ભંડાર રૂડો,
કહું રત્નદાતા કહે કોણ કૂડો;
ખરેખાત પાણી પિતાં જીભ ખારી;
ગણો સદ્‌ગુણો દુર્ગુણો દૂર ધારી. ૧૪૯
રુડી ગાયમાં ગુણ કેવા રહે છે,
દહીં દૂધ ઘી દેવને હર્ષ દે છે,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નહી ખાય જે ગાય ચીજો નઠારી,
ગણો સદ્ગુણો દુર્ગુણો દૂર વારી. ૧૫૦

સૃજ્યો ગંધ કસ્તુરિમાં સૌથિ સારો,
અતી ઊર આનંદ એ આપનારો;
સુશોભીત સોના સમો તે ન સારી,
ગણો સદ્ગુણો દુર્ગુણો દૂર ધારી. ૧૫૧

પ્રજા સર્વને નિત્ય વર્ષાદ પાળે,
તકે આવિને આપ સંતાપ ટાળે;
ભલા ભાદ્રવામાં મચે કીચ ભારી,
ગણો સદ્ગુણો દુર્ગુણો દૂર ધારી. ૧૫૨

રુડો ચંદ્રમા રાત્રિમાં જે બિરાજે,
છબી જેનિ જો જો ઘણી છેક છાજે;
વધે ને ઘટે તેજ તેવું વિચારી,
ગણો સદ્ગુણો દુર્ગુણો દૂર ધારી. ૧૫૩

ભલો ભાણુ આકાશ આભાસ આપે,
કરીને કૃપા કાળુ અંધારુ કાપે;
તપે તાપ તે તો ત્વચા[1] લે ઉતારી,
ગણો સદ્ગુણો દુર્ગુણો દૂર ધારી. ૧૫૪

જુવો જેમ જયાં જયાં જડે દોષ જોતે;
પુરો સદ્ગુણી તો પ્રભુ એક પોતે;
ઠરે દોષ તેમાં નહીં કોઇ ઠામે,
દિઠું એજ રીતેથી દલપત્તરામે. ૧૫૫

દોહરા.

સદ્ગુણી જે સૌથી સરસ, નરસ નહિ ગુણ નામ;
પણ ડહાપણમાં પેખિયે, ઠરે ભૂલ કંઈ ઠામ. ૧૫૬

---

૧. ત્વચા–ચામડી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગુણ સૌના હું સંગ્રહું, દુર્ગુણ તજીને દૂર;
અધિક ચૂક અજ્ઞાનિની, એ તો ધરૂં ન ઊર. ૧૫૭
પ્રજા ઉપર કે પુત્ર પર, રીસ કરે જે રાય;
ક્રોધ થકી શિક્ષા કરી, પછી પુરા પસ્તાય. ૧૫૮

ચોપાઈ.

સાંભળ એક સુલતાન, મનમાં મોટું ધરતો માન;
પુત્ર પટેલતણો તે પાસ, કારજ કરવા ગયો પ્રકાશ. ૧૫૯
કરી ટુંકારો ઉચર્યો કામ, શિર નમાવી કરી ન સલામ;
ભાસ્યો નહિ ભોળાનો ભેદ, ક્રોધ કરીને કીધો કેદ. ૧૬૦
ભૂખણ તેનો મોટો ભાઇ, ચાલ્યો સુણિ ચોપે ચિત્ત ચાઇ;
ધાર્યું જે ધીરજ મન ધરું, સલામ બેવડી સારી કરું. ૧૬૧
દુંદાળો દીઠો સુલતાન, હરખે જૈ બોલ્યો હેવાન;
સલામ દિલ્લીના શાહને, વળી સલામ વડી દુંદને. ૧૬૨
ખરેખરો સુણિ ઉપજ્યો ખેદ, કીધો તેને પણ ત્યાં કેદ;
બની વાત સુણિ તેનો બાપ, આવ્યો શાહ સમીપે આપ. ૧૬૩
પ્રેમ ધરીને કરી પ્રણામ, ઠીક કરી બોલ્યો તે ઠામ;
લોકતણી તમ હાથે લાજ, માફ કરો અવગુણ મહારાજ. ૧૬૪
શાહ કહે તારો સુત એક, સમજ્યો નહિ સલામ વિવેક;
મુખે સલામ ખિજે કહિ મને, દુજી સલામ કહી દુંદને. ૧૬૫
કારણ એથી કેદજ કર્યો, એવું પટેલ સુણી ઉચર્યો;
તેમને સલામ ન કરી તેજ, મોટો મૂરખ માણસ એજ. ૧૬૬
બીજો પણ છે બહુ બકનાર, ચિત્તમાં ચેતિ ન કર્યો વિચાર;
સાહિબને કરિએજ સલામ, કહોને દુંદતણું શું કામ. ૧૬૭
હેતુ તો સુલતાનજ હતા, દુંદે ધરવો તો દેવતા;
આગી એ સુણી લાગી આળ, કેદ કર્યો તેને તતકાળ. ૧૬૮
સુણિ પટેલતણો જે સગો, ભૂપતિ આગળ આવ્યો ભગો;
કરી સલામ કહ્યું તતકાલ, પટેલને છોરો ભૂપાળ. ૧૬૯

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aradhak Trust

છે મારે સાંકડી સગાઈ, અમે બંને આંગળિયા ભાઈ;
રાજી થઇને પૂછે રાય, કેને આંગળિયા કહેવાય. ૧૭૦
દેતા તો ઉત્તર દીવાન, હું કહું કહિ બોલ્યો હેવાન;
પાછયાનો મરી જાય પિતાય, પાછયાની મા નાત્રે જાય. ૧૭૧
પ્રસવે પુત્ર સુવાવડ ખાઈ, એ પાછયા આંગળિયા ભાઇ;
કોપત સુણિ માથું તે કાળ, હુકમ કર્યો જે પૂરો હાલ. ૧૭૨
ચોરે ચકલે ચાલી વાત, જથે થઇ કણબીની જાત;
દીઠા બે જણ હોદ્દાપણદાર, તેને ત્યાં કીધા તૈયાર. ૧૭૩
સાહિબ પાસ તમે સાંચરી, કહો ઘણી આજીજી કરી;
જીવાડો તો તો જીવિયે, છેક તમારું છોરું છિયે. ૧૭૪
પ્રજાતણા છો માતા પિતા, શબ્દ કહો એવા શોભિતા;
ચઢે દયા રાજાને ચિત્ત, પટેલ છૂટે પુત્ર સહિત. ૧૭૫

દોહરા.

જુગતી સુણિને બે જણા, અંતરમાં ધરિ આશ;
આવ્યા અરજ ઉચારવા, પાદશાહની પાસ. ૧૭૬
ખીતા ખીતા બે જણા, ઉચર્યા એવું આપ;
તમે અમારાં છોકરાં, અમે તમારા બાપ. ૧૭૭
શબ્દ સુણી સુલતાન તે, ખીજી પામ્યો ખેદ;
હાલ હાલ હુકમે કરી, કીધા તેને કેદ. ૧૭૮
કોઇએ વાત જઇ કહી, જ્યાં કણબીની જાત;
પ્રધાન પાસ ગયા પછી, નર જે કણબી જાત. ૧૭૯
પ્રીતે કહી પ્રધાનને, વળિ વળિ વિગતે વાત;
પ્રધાન બોલ્યો પ્રેમથી, સુણો સહુ સાક્ષાત. ૧૮૦
અધિપતિ આવે અવસરે, માને નહિ મુજ વેણ;
બેગમ બોલે બે કથન, કાંઇક માને કેણ. ૧૮૧
પછી બેગમ પાસે ગયા, કણબી કરી વિચાર;
પ્રણામ કરીને પ્રેમથી, એવો કર્યો ઉચ્ચાર. ૧૮૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સંકટ પડિયું સામટું, તે માટે તુજ પાસ;
આજ સર્વ આવ્યા અમે, ઉગરવાની આશ. ૧૮૩
ધણી અરજ નથી ધારતા, વાત ન સુણે વજીર;
તોય અમારી પ્યારિ તું, ધણિયાણી છું ધીર. ૧૮૪
બોલી બેગમ બોલતાં, ભારે રીસ ભરાય;
કણબીની ધણિયાણી તો, કણબણને કહેવાય. ૧૮૫
એમ કહી એ અવસરે, હુકમ કરીને હાથ;
કેદ કરાવ્યા કણબીને, ક્રોધ કરી તતકાળ. ૧૮૬
વાત વિગતવારે કહી, પૃથ્વીપતિની પાસ;
પતિયે કહ્યું પ્રધાનને, કરશો નહીં કચાશ. ૧૮૭
મૂરખ એવા માનવી, જે જે કણબી જાત;
મારી કાઢો મુલકથી, રહે ન એકે રાત. ૧૮૮

## ચોપાઈ.

પ્રધાનમાં ડહાપણ ભરપૂર, હેતે બોલ્યો શાહ હજૂર;
કણબિ આકિર ચાકરિ કરે, કણ પકવી કોઠારો ભરે. ૧૮૯
અને હુકમ આપો મહારાજ, કેને લે સોંપું એ કાજ;
પૃથ્વીપતી વિચારે પડયો, જન એકે એવો નહિ જડયો. ૧૯૦
કરી શકે કણબીનાં કામ, હૈયામાં રાખીને હામ;
પછિ બોલ્યો પોતે પરધાન, કથન કહું તે ધારો કાન. ૧૯૧
રુડું કણબીથી છે રાજ, એમાં તો સંશે નહિ આજ;
અધિક વસે છે વરણ અઢાર, કણબી સૌના પોષણકાર. ૧૯૨
નહિ તિથિ વણ મહિનાનું નામ, ગણાય નહિ કણબી વણ ગામ;
તે કણબીના ગુણ અતોલ, પણ બોલી નહિ જાણે બોલ. ૧૯૩
રૂઠે કણબી શિર જે રાય, પછી ઘણા મનમાં પસ્તાય;
તમે તજો તે માટે રીસ, આપો કણબીને આશીશ. ૧૯૪
શીતળ થયો સુણી સુલતાન, મેલ્યા કણબીને દૈ માન;
જમ્યા રમ્યા કણબી ઘર જઇ, મશકરિ તો મહીપતિની થઇ. ૧૯૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સોરઠા.

વદે વિજય નૃપ વેણ, પટેલ પાસે પ્રીતથી;
નહિ આવે મુજ નેણ, રીસ કદી એ રીતથી. ૧૯૬
રિપુ પર કરિયે રીસ, આપણી પ્રજા ઉગારવા;
દુર્જન વણ જન દીશ, મન નહિ કરિયે મારવા. ૧૯૭
રહે પ્રજાના પ્રાણ, શત્રૂ જીવે સો વરસ;
હોય ન કશિય હાણ, સૌથી એ રીતી સરસ. ૧૯૮
રિપુ તન ઉપર રોષ, અંતરમાં નહિ આણિયે;
દુર્બુદ્ધિના દોષ, જરૂર તજવા જાણિયે. ૧૯૯
છેદન ભેદન છેક, વૈદ કરે નહિ વેરથી;
એનો વાંક ન એક, પ્રાણ તજે તે પેરથી. ૨૦૦
સાલે થઇને સાલ, દુર્જનને તો દંડિયે;
ચાલે સારી ચાલ, ખાંતે અંગ ન ખંડિયે. ૨૦૧
ન શકે કરિ નુકશાન, વાંક નહિ જેનો વળી;
બોલે થઈ બેભાન, સાંખી રહિયે સાંભળી. ૨૦૨

ચોપાઇ.

સુણી થયો કણબી તે શાંત, ભયની મનમાં ભાગી ભ્રાંત;
ગાતો વિજય ક્ષમા ગુણ ગાન, સુંદરિ સહિત ગયો સ્વસ્થાન. ૨૦૩
ગઢ પર ઘોષ થયો ઘડિઆળ, કાન સુણ્યો વિજયે તે કાળ;
સમજ્યો તે મુજને દે સાદ, આપે કચેરિ અવસર યાદ. ૨૦૪
વિજય વસ્યો જન વચ્ચે જઈ, વિજય ક્ષમા વિખ્યાતજ થઇ;
સુણો સભાજન સકળ સમાજ, રાખ્યો રંગ વિજય મહારાજ. ૨૦૫
વિજય ક્ષમાની વાત અનેક, આજ કહી તમ આગળ એક;
એવી ક્ષમા ધરી ઉર આપ, પામો પ્રભુપદ પ્રેમ અમાપ. ૨૦૬
વિશ્વ વિષે સંપી સહુ વસો, હેતે હળિ મળિ હરખી હસો;
વધે વિનોદ ઘટે વિખવાદ, એજ અમારો આશિરવાદ. ૨૦૭

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

## દોહરા.

વિજય ક્ષમાની વાર્તનું, વર્ણન સુણિ જશવંત;
મોજ મેલી મુખ આગળે, થઇ ઉદાર અત્યંત. ૨૦૮
કરિ ઉચ્ચાર કવિએ કહ્યું, રીઝયા જો મહારાજ;
માગું જે હું મુખથકી. આપો મુજને આજ. ૨૦૯
મરજી જાણી માગિયું, દ્યો મુખ માગ્યું દાન;
અયુત[1] રૂપૈયે આદરી, સ્થાપો પુસ્તક સ્થાન. ૨૧૦
હસી ખુશી થઇ હેતથી, આપ્યું વાકય[2] એહ;
દિલ હરખ્યા દિવાન પણ, તત્વ વિચારી તેહ. ૨૧૧
દિધા સિવાય સવાબસેં, રૂપૈયા ગણિ રોક;
વાટ ખર્ચિને વાસ્તે, જુવે સભાસદ લોક. ૨૧૨
શાસન મોહોર બસેં તણું, વંશપરા પરજંત;
અખે રાજ કરિ આપિયું, વળિ આપ્યું જશવંત. ૨૧૩
સભાસદો સહુ ખુશિ થયા, સુણિને ઉપજયો સ્વાદ;
વળિ કવિએ જશવંતને, આપ્યો આશિર્વાદ. ૨૧૪
વિજયસિંહ સુત વિમળ કુળ, કળ બળ અકળ ઉજેશ;
સુમાનવંત જશવંત સુણ, ગૃહ તુજ વસે ગણેશ. ૨૧૫

---

૧. અયુત-દશ હજાર.

૨. ઠાકોર જશવંતસિંહજીએ વચન આપેલું અને આ ચોપડી છપાઇ તેની નકલો ૨૦૦ રાખી, પણ દૈવ ઇચ્છાથી થોડાં વરસમાં તેમનો સ્વર્ગવાસ થયો. તેમના કારભારી, દેસાઇ છગનલાલ સંતોકરાયે વચન આપેલું કે હું જરૂર દરબાર પાસે પુસ્તકશાળા કરાવીશ, અને જો તે નહીં કરે તો મારી ગાંઠના ખરચેથી કરાવીશ. પછી તેમણે છગનલાલ લાયબ્રેરી દરબારની સાહતાથી સ્થાપી, તેથી પણ ગુજરાત વર્નાકયુલર સોસાઇટી સંતોષ પામી છે; કારણ કે ગુજરાતમાં પુસ્તકશાળા વધારવાનું કામ હતું. આ બાબત સંવત ૧૮૫૯ ના સોસાઇટીના વાર્ષિક રીપોર્ટમાં તથા બીજાં વર્તમાનપત્રોમાં પણ છપાઇ હતી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### મોતીદામ છંદ.

ગણેશ સુરેશ વસે તુજ ગામ, મહેશ હમેશ કરે તુજ કામ;
નરેશ નમે તુજ પાસ અનંત, જુગોજુગ ભૂપ જીવો જશવંત. ૨૧૬
ભલા ભૂપ ભાવતણા કુળ ભાણુ, કળા કુશળી તુજ કોટિ કલ્યાણુ;
પુરા પ્રસરો જશ દેશ દિગંત. જુગોજુગ ભૂપ જીવો જશવંત. ૨૧૭
ઠરે ઠિક થૈ કમળા કરી ઠામ,ભરે ધન ધાન્ય ધરી તુજ ધામ;
ડર રિપુ દેખિ દિશે તુજદંત, જુગોજુગ ભૂપ જીવો જશવંત. ૨૧૮
સિધે મનનાજ મનોરથ સાર, વધે વળિ વંશતણો વિસ્તાર;
ભલા સુખ ભોગ ભરે ભગવંત, જુગોજુગ ભૂપ જીવો જશવંત. ૨૧૯
વસે મુખ માંહિ સરસ્વતિ વાસ. દસે દિશની દુનિયાં તુજ દાસ;
જડે જય મેરુગિરી પરજંત, જુગોજુગ ભૂપ જીવો જશવંત. ૨૨૦
શરીર સુખી સુખિર્યુ ઘરસૂત્ર, પ્રજાજન સર્વ સુખી સુખિ પુત્ર;
તને અધિકો અધિકાર અત્યંત, જુગોજુગ ભૂપ જીવો જશવંત. ૨૨૧
સુખી સરદાર પ્રધાન પવિત્ર, મહા સુખિ રોજ રહે તુજ મિત્ર;
હણે સહુ સંકટ શ્રી હનુમંત, જુગોજુગ ભૂપ જીવો જશવંત. ૨૨૨
સભા સુખિ સજ્જન સર્વ સમાજ, લખે કવિ લાખ ગણી તુજ લાજ;
વસો વસુધા ઋતુ ક્રોડ વસંત, જુગોજુગ ભૂપ જીવો જશવંત. ૨૨૩
સુણી શુભ છંદ પ્રબંધ રસાળ, કરો કરુણાક્ષ કવિકુળ પાળ;
અમે ભણિ આશિષ એ મહારાજ, કહે દલપત્ત કરો શુભ કાજ. ૨૨૪

### દોહરા.

સંવત ઓગણિ શત શિરે, પંદર પ્રગટ પ્રણામ;
ચોખિ ચૈત્ર સુદિ ચૌદશે, વિરચ્યું ક્ષમા વખાણ. ૨૨૫
ઓષડ મળવા આંખનું, શુભ મુંબાઇ સંસ્થાન;
જતાં જઇ જશવંતને, કહ્યું ક્ષમા આખ્યાન. ૨૨૬
દાજીના સૂત ડાકટર, ભાઉ તણો બહુ ભાવ;
નવિ આંખો આપી અને, શાલજોડ શિરપાવ. ૨૨૭

जनस्वभाव विषे प्रकरण समाप्त.

---

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

# प्रकरण ७ मुं.

## પદ તથા ગરબી સંગ્રહ.*

પદ ૧ લું. ( નર ભમરને શિખામણ )
" પ્રભુ તને પ્રસન્ન તે કેમ થાય. "–એ રાગ.
નિર્ભય ન ભમિશ રે નર ભમરા,
બહુ બાવળ કયાંઇકજ ડમરા. નિર્ભય૦ ટેક.
આ સંસાર વિકટ વન છે, સ્થિર ચર તરૂવરમય તે છે,
કયાંઇ મોટા પર્વત દુઃખમય કયાંઇ, સુખમય સરિતા વહે છે. નિ૦ ૧
કયાંઇ ભયકારી શિકારી ફરે છે, સૂક્ષ્મ જાળ પસારી;
પગ અડતા પકડાઈ પડિશ તું, તો પછી શી ગતિ તારી. નિ૦ ૨
કોઇ તરુવરનો પરિમળ નિર્મળ, છે વિષમય કોઇ છાયા;
કુટિલ કઠણ છે કોઇના કાંટા, કષ્ટ કરે કરકાયા. નિ૦ ૩
ઉપર નિરખી આકાર અધિક શુભ, અધિક સુવાસની આશે;
ગણુણુણુણુ ગુંજારવ કરતો, પહોંચિશ નહિ તે પાસે. નિ૦ ૪
દિસે સરસ દેખાવ ખરો વળિ, ફૂલ અતુલ્ય ફુલેલાં;
પ્રાણ પ્રલય પળમાંહિ કરે, પ્રગટવાથી પણ પહેલાં. નિ૦ ૫
સરસ સુગંધિત અમળ કમળ, લોભે ન રહિશ લપટાઇ;
બંધ થતાં બંધાઇ પડિશ તો, મુકરર મરિશ મુંઝાઇ. નિ૦ ૬
કોઇ તરુનો ચિકણો રસ છે ત્યાં, ચડપ રહે પગ ચોંટી;
એ પગ પછી ઉખડે ન ઉખાડયો, પડે પીડા મહા મોટી. નિ૦ ૭
રિસામણી સરખાં તરુ રિસનાં, સેહેજે રિસે ભરાય;
પ્રિય ભાવે પણ સ્પર્શ કર્યાથી, ચડપ બહુ ચિડવાય. નિ૦ ૮

---

* આમાંનાં ઘણાં ખરાં પદ તથા ગરબીઓ મુંબઇના "બ્રીબોધ" ચોપડીઓને વાસ્તે રચ્યાં હતાં.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કોઇ તરુ ફોગટ ફુલે ખરાં પણ, સુગંધ નહિ માંહિ સારો;
નિરખિ રહિશ પણ નકી નહિ સરે, તેથી અરથ કાંઇ તારો. નિ૰ ૯
કોઇક તરુ કદળી જેવાં, ફળ આપે એકજ વાર;
કાપે તેને ફરી ફળ આપે, બીજા નિરાશ જનાર. નિ૰ ૧૦
રાયણની વળી રીત જુદી, શરૂમાં ફળશે સો વરસે;
સેવા કરનારો સુખ નહી લે, પણ કોઇને સુખ કરશે. નિ૰ ૧૧
ઠેકાણું ઠિક જોઇને ઠરજે, ડરિશ ન ઠામ કુઠામે;
કથન અધિક તુજ હિતકારક કહી દીધાં દલપતરામે. નિ૰ ૧૨

દોહરો.

જો વિચારી જીવ તું, આ શિક્ષા ધરી ઉર;
સદાચાર ધર સર્વદા, દુરાચાર કર દૂર. ૧

---

પદ ૨ જું. ( દુરાચારીને શિખામણ. )

" ચાલ વેલી અલબેલી પ્યારી રાધે "–એ રાગ.

દુરાચારી વ્યભિચારી, જો વિચારી,
થશે સારી કે નઠારી, ગતિ તારી;
દુખવિદારણ માટે, તને ભવતારણ સાટે,
કહું સુખકારણ માટે, ધીરજ તું તો ધારીધારી,
જો વિચારી, દુરાચારી. ટેક.

તજી શર્મ તેં કુકર્મ ક્રોડ કીધાં,
લકડપાપનાં તેં આપ શિર લીધાં,
ખાનપાન દાન દીનને ન દીધાં, તારું કેમ થશે કલ્યાણ,
અંતર આણ, નરક ખાણ, જઈશ જાણ,
શું સુખ માણ, થશે હાણ, લેશે પ્રાણ, જમડાખાણ;
મોટાં મારી મારી, જો વિચારી, દુરાચારી. ૧


P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

રુડી રીતે ચીતે ચેતી તું ન ચાલ્યો,
ઝેરી વિષય વ્યાલ ઝડપથી તેં ઝાલ્યો,
ફર્યો ફંદમાં ફશીને ફુલ્યો ફાલ્યો,
પૂજયા નહિજ પ્રભુ પરમ, ભર્યો ભરમ, તજી ધર્મકેરાં કર્મ,
હાડચર્મ, રાખ્યાં ગરમ, ભુલ્યો મર્મ, જમ્યો નરમ;
રસોઇ સારી સારી, જો વિચારી, દુરાચારી. ૨

કહું હેતથી તું ચેત હજી ચીતે;
ધર્મ ઝાલ હવે ચાલ રુડી રીતે;
મસ્તક નામ, પ્રભુ પામ, પુરી પ્રીતે;
સ્મરણ કર અશરણ શરણ, સંકટ હરણ ધરણી ધરણ,
તારણ તરણ, ટાળે મરણ, કરુણા કરણ, સદાચરણ, સુધાઝરણ,
પી લે હારી હારી, જો વિચારી દુરાચારી. ૩

શિક્ષા સંતની મહંતની ન માની,
કુડા ગ્રંથ કેરે પંથ ધરી પાની;
સાંભળ ભ્રાત આ તો વાત, નથી નાની,
દીસે દુષ્ટ અરસ દરસ, ઘણો નરસ, પીધા છ રસ, કીધા સ્પરશ,
રહ્યો ચડસ, ન ગઈ તરસ, શિક્ષક સરસ વરસો વરસ;
થાકયા વારી વારી, જો વિચારી, દુરાચારી. ૪

બન્યો છેલ તું છકેલ, ખેલખોયો,
સાર ઉરમાં જરૂર તેં ન જોયો,
કર્યાં ફેલ પાપ મેલને ન ધોયો;
ન લીધુંજ હરિ નામ, ધરી હામ, દલપતરામ, કહે આમ,
દીધા દામ, વિષય કામ, ઠામે ઠામ, આઠે જામ;
ભજ્યો નારી નારી, જો વિચારી, દુરાચારી. ૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## પદ ૩ જું—ક્રોધ વિષે.

"નાથ કૈસે ગજકો બંધ છોડાયો"—એ રાગ.

ક્રોઇ પર ક્રોધ ન કરશો કદાપિ, અતિ ક્રોધ છે પૂરણ પાપી;
ક્રોઇ પર ક્રોધ ન કરશો કદાપિ. ટેક.
ક્રોધ કુબોધ અધિક ઉપજાવે, સઘ સુબોધને કાપી;
વહાલાં માંહી વિરોધ વધારે, શોધ સમૂળ ઉથાપિ. ક્રોઇ. ૧
કૃત્ય અકૃત્ય કશું ન વિચારે, જ્યારે રહે રીસ વ્યાપી;
મુખનું વચન ફરી મુખમાં ન પેસે, છાપ પટોળે છાપી. ક્રોઇ. ૨
આપની સઘળીએ વિસરી સુમતિયો, ક્રોધે કુમતિ જેને આપી;
નહીં કરવાનાં કામ કરી નર, રોયા છે વનમાં વિલાપી. ક્રોઇ. ૩
ક્રોધ કરી ફરી ફરી પસ્તાયા, જે હતા પ્રૌઢ પ્રતાપી;
દલપતરામ કહે દુનિયામાં, ખ્યાત છે વાત અદ્યાપિ. ક્રોઇ. ૪

---

## પદ ૪ થું—લોભ વિષે.

રાગ ઉપર પ્રમાણે.

ન કરવાનું લોભથી કર્મ જે કરશો, અંતે કષ્ટથી કેમ ઉગરશો;
ન કરવાનું—ટેક.
લોભ દેખીને લાલચમાં લેવાશો ને, પાપીપણે પેટ ભરશો;
કદી દસ દિવસનું સુખ દેખશો પણ, ઠેઠ લગણ નહિ ઠરશો. ન. ૧
દુષ્કરમીને દોલતમંદ દેખી, આપે જો એવું આદરશો;
પડતા સાથે પોતે પડી પરવતથી, મોત વિનાનકી મરશો. ન. ૨
છાનાં કરીને કુકર્મો છુપાવી, જો દિલમાં નહિ ડરશો;
ઇશ્વરથી નહિ રહે તે અજાણ્યું, ધરણી ઓઢીને જો ધરશો. ન. ૩
ખાંતે ખુશીથી જો લોભની ખાડીમાં, વગરવિચારે ઉતરશો;
દલપતરામ કહે દેહ તજીને, નરકની વાટે વિચરશો. ન. ૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પદ ૫ મું.—ઈશ્વરના ગુનાથી ડરવાવિષે.

"જીવ તું શાને શોચના ધરે, કૃષ્ણને કરવું હોય તે કરે."–એ રાગ.

દિલે દિલજાણ થકી જો ડરે, કમાણી કપટ કરી કેમ કરે–ટેક.
ખુનીને બાંધી ખાંડાની ધાર તળે લઇ ધરે;
એ અવસર કોઇ આપે સુખડી, કેમ ગળામાં ગરે. કમાણી. ૧
વાઘ મળે જનને વગડામાં, પંથ જતાં પાધરે;
ભય લાગે ને હિંમત ભાગે, ભૂપર પગ નવ ભરે. કમાણી. ૨
જળ પંથ જાતાં જળધીમાં, જર આવે નજરે;
પણ ત્યાં કદી કેકી પડવાનું, અંતર નહીં ઉતરે. કમાણી. ૩
ઘર બળતું દેખીને ઘરધણી, રૂદન ઘણું આદરે;
પણ દોલત બળતી દેખીને, માંહી પડી નવ મરે. કમાણી. ૪
માયા કારણ ઉપજે મૃત્યુ, એવું ન કોઇ આચરે;
મોતથકી હરિનો ડર મોટો, એમ વિચારી અરે. કમાણી. ૫
આ જગનું સુખ અલ્પ અરે ભાઇ, અતિ દુખ છે આખરે;
પછી પીડાનો પાર ન પામે, સહસ્ર જુગને સરે. કમાણી. ૬
આ સંસાર સ્વપ્નની સમૃદ્ધિ, ભવ પછી નહી સાંભરે;
સુકરમ કુકરમ રહેશે સાથે, ફેરા જયાં તું ફરે. કમાણી. ૭
સ્વપ્નામાં કુટે કે રૂએ, ને આંખે આંસું ઝરે;
જાગી જુએ સ્વપ્નું તો જુઠું, કુટયું ત્યાં ચરચરે. કમાણી. ૮
રે પ્રાણી તેં પ્યાર ન રાખ્યો, પરમ પ્રભુ ઉપરે;
દલપતરામ કહે દારુણ દુખ, હરિવિના કોણ હરે. કમાણી. ૯

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### પદ ૬ ઠું.—સત્યવિષે-રાગ ઠુમરી.

"જાદુગારો ધુતારો શું કર ગયોરે."—એ રાગ.

ચિત્તે ધારી વિચારીને ઉચારી જુઓરે,
સત્ય કેવું છે સુખકારી જુઓ; ચિત્તે. ટેક.
સત્ય ઉચારે તે સુખ ધારે,
હાંરે ન વિચારે તેની સ્થિતિ તો નઠારી; જુ. સ. ૧
સત્યની વાણી સઘળે પ્રમાણી,
હાંરે ઉર આણી વખાણી નરનારી; જુ. સ. ૨
સત્ય તજાય તો જશ ટળી જાય છે,
હાંરે ખાય ખત્તા અને થાય છે ખુવારી; જુ. સ. ૩
સત્ય આધારે ધનને વધારે,
હાંરે વડા વિદ્વાન વિવેકી વહેપારી; જુ. સ. ૪
સત્ય ન બોલે તે ખર તોલે,
હાંરે સત્ય બોલે તે તો લે શોભા સારી; જુ. સ. ૫
પરમ પિતાજી સત્યથી રાજી,
હાંરે પૂરા પાજી રહે રાજી સત્યહારી; જુ. સ. ૬
પરમ ધરમ પણ સત્ય પ્રમાણે,
હાંરે બોલી જાણો ઉર આણો સ્વર્ગ બારી; જુ. સ. ૭
દલપતરામે કહ્યું શુભ કામે,
હાંરે સર્વ ઠામે સદા સત્યને સંભારી. જુ. સ. ૮

---

### પદ ૭ સું.—ભોળા જનવિષે.

"પ્રભુ તને પ્રસંન તે કેમ થાય."—એ રાગ.

ભાઇજન ભોળા જે ભૂતળમાં,સમજેનહિ સવળઅવળમાં, ભાઇ. ટેક.
જયાં જેવી સોબત ત્યાં જઇને, તરત ગરથ તે થાય;
જેમ ગંગાજળથી મદિરાથી, માટી પલળી જાય. ભાઇ. ૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સત્ય અસત્યની સમજણ નહિ, સમજે નહિ સાર અસાર;
છાતિએ ગાંઠ પડી નવ છુટે, હિકમત કરો હજાર. ભાઇ. ૨
હસે રૂએ કે હઠ પકડે, વણ કારણ કરે લડાઇ;
વણ સમજ્યા વિવાદ કરે, તે ભોળા કહીએ ભાઇ. ભાઇ. ૩
ભૂત પ્રેતની ભ્રમણા રાખે, મંત્ર જંત્રને માને;
સઘળી વાતો સાચી માને, કથન પડ્યું જે કાને. ભાઇ. ૪
રૂપું આપી સોનું કરાવે, કોઇ કિમિયાગર પાસે;
સોનું ખનત તોતે શિદ રખડત, ભોળાને નવ ભાસે. ભાઈ. ૫
વગર વિચાર ઉચાર કરે પણ જોગ અજોગ ન જાણે;
શુભ રીતે શિખામણ દેતાં, ઉલટો અવગુણ આણે. ભાઇ. ૬
મનસૂબા બહુ મોટા રાખે, જોગ બને નહિ જેનો;
પોતામાં જે ગુણ નહિ પૂરો, ધરે ગરવ ઉર એનો. ભાઇ ૭
ભોળા ભૂપતિની ભૂમિમાં, પ્રજા અધિક પીડાય;
ચોરી કરીને ચોર જતો રહે, જોગી માર્યો જાય. ભાઇ. ૮
અજ્ઞાની અજ્ઞાનપણાથી, વચન ઉચરતાં ચૂકે;
ભોળાજન ભીતરમાં ખીજે, મહા જુલમ કરી મૂકે. ભાઇ. ૯
ભવિષ્ય કારણથી ભોળપણું, એ તો સહુમાં આવે;
ડાહ્યા પણ બની જાય દિવાના, ભવિષ્ય જો ભૂલાવે. ભાઇ. ૧૦
ભોળા થઇને સ્વારથ સાધે, તે કહીએ ઠગ ભોળા;
ગાગર સાટે લેઇ જઇને, ગુપ્ત કરી દે ગોળા. ભાઈ. ૧૧
કામ કરી પસ્તાવું પડે પછી, કરેજ એવાં કામ;
ભોળાને ભીતરમાં બુદ્ધિ, દિસે ન દલપતરામ. ભાઇ. ૧૨

---

## પદ ૮ મું.—ભવિષ્ય ભુલવવા વિષે.

### રાગ પ્રભાતિ.

"મેં ગાયો બ્રહ્મ તે પરમ આનંદથી,
કર્મના જીવને મર્મ બોલે"—એ રાગ.

ભૂલવે ભવિષ્ય તો કોણ ભૂલે નહિ,
ભેદુ પણ ભૂલથી થાય ભોળા;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કોઇ દિન સાહસિક કામ ન કરે કશું,
તેતણા તુરત દેવાય ડોળા, ભૂલવે.
ધર્મરાજા બધા મર્મ મન સમજતા,
કર્મ તે ઘૂતનું કેમ માંડે;
પાળતી પતિતણાં વચન સીતા સતી,
છેક પતિઆણ તે કેમ છાંડે. ભૂલવે. ૧

નરપતિ નળતણી પ્રબળબુદ્ધિ બહુ,
જૂગટે જીવ તે કેમ જોડે;
જાણીને દુર્લભા આણી જે વલ્લભા,
તેતણો સંગ તે કેમ તોડે. ભૂલવે. ૨

સંપીને શત્રુ સહુ જીતી સંસારમાં,
જદવે જશ વિશેષે જમાવ્યો;
રાજનીતિતણી રીતચિતથી ટળી,
કુમતિ સુજી જયારે કાળ આવ્યો. ભૂલવે. ૩

ચતુરની ચતુરતા કાંઇ ચાલે નહિ,
ભાવિ ભુલાવતાં ચતુર ચુકે;
અન્યને આપ ઉપદેશ આપે અતિ,
આપ ઉલટો જઇ પાય મૂકે. ભૂલવે. ૪

નાવની જેમ સરખીજ ન રહે ગતિ,
જયારે જળપવન તોફાન જાગે;
વિબુધ વિવેકીનું થાય વિપરીત મન,
વિધિથી વિપરીત જો વેગ લાગે. ભૂલવે. ૫

દેવ નિર્દોષ તે ભૂલિ દૂષિત થયા,
દૈવ ભુલાવતાં દેવ ભૂલ્યા;
માનવી માત્ર અભિમાન મનમાં કશું,
રાખીને ફોક ફરશો ન ફુલ્યા. ભૂલવે. ૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છાંડી દેવાંગના વિપ્રની અંગના,
ઇંદ્રને રૂડી શું અધિક લાગી;
બુદ્ધિ બહુ તોય તે શુદ્ધિ ભૂલી ગયો,
કામની કાજ નિજ લાજ ત્યાગી. ભૂલવે. ૭

જાણ પરવીણ ગોસાંઇ જદુનાથજી,
આખરૂ કાજ જો અરજ કીધી;
સમજણા સેંકડો પાસ સેવક હતા,
કોઇએ કેમ નહિ બુદ્ધિ દીધી. ભૂલવે. ૮

અગ્નિના અધિક ઉતપાત તે સાંભળી,
સાચવી રાખવા સર્વ જાગે;
છેવટે ઇશ ઇચ્છા થકી છાપરે;
આપણી ચૂકથી આગ લાગે. ભૂલવે. ૯

એહને કોઇ ઇચ્છા કહે ઇશ્વરી,
કોઇ કહે કર્મના આંક એવા;
જે ન ચૂકે કદા તેજ ચૂકે તદા,
કાંઇપણ છે ખરું એવું કહેવા. ભૂલવે. ૧૦

જૂઠનો વેગ સત્યવાદીને જો ચડે,
બોલતાં બોલ જૂઠાજ બોલે;
પરણી સ્ત્રી પરહરી વનવિષે વિચરી,
પરવધૂ પેખિને દિલ ડોલે. ભૂલવે. ૧૧

એવું અભિમાન અભિમાની મનમાં ધરે,
ઠોકરો ખાઉં નહિ કોઇ ઠામે;
દૈવની આગળે કરવું ડહાપણ કશું,
દીનતા દાખી દલપત્તરામે. ભૂલવે. ૧૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### પદ ૯ મું.—ગુરુઓને શિખામણ.

વૈષ્ણવ નથી થયો તું રે, હરિજન નથી થયો તું રે–એ રાગ.
સમજો શાણાગુરુઓરે, સુણજો શાણાગુરુઓરે; શી પેરે પૂજાશો;
દુરાચરણથી દૂર થવાને, સદાચરણના સારું;
સંસારીને ઘો શિખામણ, તે છે કામ તમારું. સ. ૧
આચાર તજવાથી ઉલટું, આપો છો ખાઇ એઠું;
બકરું ખેતર બહાર કાઢતાં, ઊંટ આવીને પેઠું. સ. ૨
વિષય ભરેલાં પદ વંચાવી, કરો છો જનને કામી;
વ્રજપતિને શીદ ખાલી વગોવો, જુએ છે અંતરજામી. સ. ૩
અવળે રસ્તે ઇશ્વર ભજતાં, જગમાં સુખ નવ જોયું;
બહુ આગ્રું મળવાને બદલે, ખોળે હતું તે ખોયું. સ. ૪
શરણ પામીને મરણ પછી, જમપુરમાં પીડા વેઠી;
પીંજારી ગઇ પૂત પામવા, ખસમ ખોઇને બેઠી. સ. ૫
પાખંડી ગુરુજન પોતાનાં, પાપ ન નજરે પેખે;
ઉંડા કુવામાં ઉતરેલો જેમ, ડુંગરને નહિ દેખે. સ. ૬
સેવક જન સઘળાને સાચા, સમજો બેટા બેટી;
દાસતણી વહુ દીકરિયોને, ભ્રષ્ટ ન કરશો ભેટી. સ. ૭
આ અવસર છે અવર તરેહનો, જે થાશે તે જોશો;
મમત તમારો નહી મેલો તો, ખાલી સરવસ ખોશો. સ. ૮
સેવા પામી શું સુધર્યું જો, પૂજયા જડથા જેવે;
દુરાચરણ નહિં દૂર તજોતો, સમજુ જન નહિ સેવે. સ. ૯
આમ તમારું કામ બગડશે, રામ રૂદે નહિ રીઝે;
નામ દામ ને ગામ ગરાસ, તમામ જશે ઘેર ત્રીજે. સ. ૧૦
ખાનપાન સનમાન મળે તોય, માન મૂકી દો મનથી;
ભાન રાખી ભગવાન ભજો, નાદાનપણું તજી તનથી. સ. ૧૧
વાત સુણીને વિવેક સાથે, વિચાર વળતી કરજો;
દલપતરામની વિનતિ દીલમાં, ધીરજ રાખી ધરજો. સ. ૧૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## પદ ૧૦ મું.—પ્રીતિ વિષે.

"નાથ કૈસે ગજકો બંધ છોડાયો"—એ રાગ.

દરદ દિલ દરદીનું દરદીજ જાણે, અજાણ્યાં તો અંદેશો આણે. ટેક.
પાણીથી દૂર લગાર પડયા થકી, તરફડે મછ જે ટાણે;
હાડીઆને મન હસવું આવે અને ઠીઠિ હસે તે ઠેકાણે. દરદ. ૧
ચંદ્રમાં ચિત્ત ચકોરનું ચોંટયું, જે વાકેફ હોય તે વખાણે;
પોતાના જીવને પીડા પડી હોયતે, પારકો જીવ શું પિછાણે. દરદ. ૨
ચમકની તરફ ખેંચાય છે લોહડું, તે કહો કોણ તાણે;
અકળિત કારણ એ અસાધારણ, પ્યારનું એજ પ્રમાણે. દરદ. ૩
સારસ જોડું સનેહે વસે તેને, પાડતાં જુદાં પરાણે;
સુખની ઘડી તેને સ્વપ્ને મળે નહિ, ટળવળીને તજે પ્રાણે. દરદ. ૪
દંપતીનાં દિલ તેમજ તરસે છે, બંધન પ્યાર બંધાણે;
જાણે છે અંતર અરસપરસનાં, ગાઈ બતાવે શું ગાણે. દરદ. ૫

---

## હોરી ૧ લી.

"સાવરો અજહુ નહીં આયો."–એ રાગ.

ઘેર આવો વસંત વિલાસી; વિલાસી, ઘેર. ટેક.
આવે સમે કેમ આપ થયા છો, પિયુ પરદેશ પ્રવાસી;
અવધ ઉપર દિન અધિક ગયા છે, ફાગણની ગુણ રાશી;
પ્રિયા આવી પૂરણ માસી, ઘેર આવો વસંત વિલાસી. ૧
લખી લખી કાગળ લખવાની લેખણ, ઘણું લખતાં ગઇ ઘાસી;
આપનો ઉત્તર એકે ન આવ્યો, એ થકી થઈ છું ઉદાસી;
નકી બેઠી થઇને નિરાશી, ઘેર આવો વસંત વિલાસી. ૨
કંથ કથનથકી કોલ કર્યો હતો, એક દિન બેસી અગાશી;
પ્યારી તને નહિ પલક વિસારું, તે નથી જોતા તપાસી;
સ્વામી કેમ મળશે શાબાશી, ઘેર આવો વસંત વલાસી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પિયુ તમ અરથે પલંગ બિછાવું, ખાટ બાંધું ખૂબ ખાસી;
ચંપા ચંબેલી ગુલાબના ગજરા, હાર પહેરાવું હુલાસી;
વદન જોઉં નેણુ વિકાશી, ઘેર આવો વસંત વિલાસી. ૪
આ ઋતુમાં રમે પિયુ સંગ પ્રેમદા, હેતે કરી કરી હાંસી;
દલપતરામના દેવે દીધી હોય, જોડ જો રામ સીતાશી;
કશી કેમ રાખે કચાશી, ઘેર આવો વસંત વિલાસી. ૫

## હોરી ૨ જી.

### રાગ ઉપર પ્રમાણે.

આવો પ્રાણપતિ પિયુ પ્યારા, હો પ્યારા; આવો. ટેક.
આ અવસરમાં ઉતાવળા આવી, પૂરો મનોરથ મારા;
વીતી જશે જો વસંતના દિવસો, સોનાથી શોભિત સારા;
આગળ મળવાના ઉધારા, આવો પ્રાણપતિ પિયુ પ્યારા. ૧
ફુલેલા ફુલના ફાલ તે તમવિના, નિરખતાં દીસે નઠારા;
સંત વસંતના રાગ આલાપે, લાગે છે તે તો લવારા;
સ્વામી હોય તોજ તે સારા. આવો. ૨
કોયલના સ્વર કાળજુ કાપે, શુકસ્વર દુઃખ કરનારા;
વાજે દુકડ[૧] ડફ, ચંગ મૃદંગ ને, ગાજે છે સરોદ સતારા;
ભિતર ઉપજે ભયભારા. આવો. ૩
સેવા કરું આવો સાસુના જાયા, નહીં રાખું નેણુથી ન્યારા;
નાથ તમે મારી નથનીનું મોતી, હઈડાના હાર હજારા;
તમે મારા નેણુના તારા. આવો. ૪
કંથવિના મને કશુંએ ગમે નહીં, ખટરસ લાગે છે ખારા;
દલપતરામના દેવને કહું છું, તોડ વિજોગ અમારા;
તેથી પાડ માનશું તારા. આવો. ૫

---

૧ નરઘાં.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## હોરી ૩ જી.

### રાગ ઉપર પ્રમાણે.

નણુદી કેમ નાથ ન આવ્યા, ન આવ્યા; નણુદી.—ટેક.
જેને એણે પરદેશમાં જઇને, જાથુ જમાવ જમાવ્યા;
જરીએ ફરી ઘર સામું ન જોયું, કરોડ સંદેશા મેં કહાવ્યા;
કાગળ એક લાખ લખાવ્યા. નણુદી૦ ૧
પરણીને તુરત જવા પરદેશે, શોધી સંઘાત સિધાવ્યા;
મારું કહ્યું કશુંએ નહિ માન્યું, કરોડ તરે અટકાવ્યા;
રહ્યા નહિ મારા રોકાવ્યા. નણુદી૦ ૨
નૂર આપી નવા નાવમાં જયારે, નવ નવા ભાર ભરાવ્યા;
એવે સમે છાંટા આંસુના મારી, આંખેથી ખૂબ ખરાવ્યા,
અવધ ખટ માસ ઠરાવ્યા. નણુદી૦ ૩
ખરેખરા સમ ખાઇ ખચિત કરી, ઉર વિશ્વાસ અણાવ્યા;
જર અરથે જળપંથ જવાના, અગણિત ગુણ તો ગણાવ્યા,
ભલા ભલા ભેદ ભણાવ્યા. નણુદી૦ ૪
બહુ બહુ બંદર અંદર જૈને, મૂલથી માલ મંગાવ્યા;
લાભ મળ્યો તેમ લોભિયા થૈને, લોભ અશોભ લગાવ્યા;
લોભે સમભારે ભગાવ્યા. નણુદી૦ ૫
વાટ જોતાં દસ વર્ષ વિત્યાં પણ, લાજે ન કોઇના લજાવ્યા;
જોબન જોર તો જાય છે જલદી, નહિ શણગાર સજાવ્યા;
ભલા નહિ વેષ ભજાવ્યા. નણુદી૦ ૬
મુદત દિવાળીના દિવસની દીધી, વાયદા તે તો વટાવ્યા;
ફરીને અવધ વળી ફાગણની લખી, એ પણ દિવસ તો આવ્યા;
હરખ હૈયે નહિ ઉપજાવ્યા. નણુદી૦ ૭
રંગે રમે હોરી મળીને રસીલી, કેસુડે રંગ રચાવ્યા;
પરણ્યો ને પ્યારી પરસ્પર છાંટે, મનહર ખેલ મચાવ્યા;
ભાળી ભડકા પ્રગટાવ્યા. નણુદી૦ ૮

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તાલ મૃદંગ વીણા ડફ વાજે, રાગ રસિક ગવરાવ્યા;
વિરહણીને તો વિશેષ વધે દુઃખ, વિષના રોપા વવરાવ્યા;
ચણા લોહના ચવરાવ્યા; નણદી૦ ૯
ચંપા ગુલાબ ચંબેલી ને ચોસર, ફુલડે ફુલી ફુલાવ્યા;
ભોળવીને કોઇએ મુજ ભરથારને, ભાન જરૂર ભુલાવ્યા;
કાં તો રહેવા કબુલાવ્યા; નણદી૦ ૧૦
દહાડા વસંત ઋતુના જે દુર્લભ, ગાફલ થૈને ગુમાવ્યા;
કાંતો કોઇએ મારા અવગુણ કહી કહી, મુજભરથાર ભમાવ્યા;
કોણે એવી અકલ કમાવ્યા; નણદી૦ ૧૧
કર્મ કિયા ભવનાં નડયાં નણદી, ઉરમાં અંગાર ધખાવ્યા;
દલપતરામના દેવને કહું છું, પિયુથી વિજોગ રખાવ્યા;
એવા કેમ લેખ લખાવ્યા, નણદી કેમ નાથ ન આવ્યા. નણદી૦ ૧૨

## હોરા ૪ થી.

"મત ડારો પીચકારી રે મેં તો સઘરી ભીંજાઇ ગઇ."–એ રાગ.
વસંત ઋતુ ખીલ્યો વનમાં રે, મોટી ખુશી મારા મનમાં. ટેક.
દેશમાં વાગ્યો સુધારાનો ડંકો, શુભ થયું એજ શુકનમાં રે. ૧
ધરણીમાં થઇ છે કુધારાની કુમતિ, ગમતી સફાઇ ગગનમાં રે. ૨
આજ પ્રજા તો સ્વતંત્રતા પામી, વદનથી વદતાં વચમાં રે. ૩
બાગમાં ફુલ બહુ વિધ ફુલ્યાં, ફુલ ફેલાઈ છે જનમાં રે. ૪
ઘેરઘેર ઓચ્છવ અતિ ઘણા થાએ, ગાય છે ગીત ગાયનમાં રે. ૫
રંગઉમંગે થયાં મુખ રાતાં, હોય જેમ હોરી ખેલનમાં રે. ૬
ધાણીની પેઠે તો ધન વહેંચાયું, ભળિયા છે લોક ભજનમાં રે. ૭
દલપતરામના દેવે દયાથી, દીધો આનંદ આ દનમાં રે. મોટી. ૮

## કેફ વિષે.

### દોહરો.

ભાંગ અફીણ ગાંજા થકી, ઉપજ્યાં કષ્ટ અનેક;
રાજ ગયું દોલત ગઇ, વિદ્યા તથા વિવેક.

P. P. Ac. Gunrathasuri M.S. Jin Gun Aaradhak Trust

## ગરબી ૧ લી.

"ધન્ય અંબેમાત વસીયાં ડુંગરમાંરે જગ્યા જોઇને."–એ રાગ.

કેફી લોકો કેફ તણા અવગુણરે કહું હું કેટલા,
નિર્લજ નર છે કેફતણા કરનાર રે; જગમાં જેટલા. ટેક.

આ જગમાં જે જન કેફ કરે,
તેના તનમાં રોગ અનેક ઠરે;
તેની નિશ્વે નરમાં લાજ ન રે,
કેફી લોકો કેફતણા અવગુણરે, કહું હું કેટલા. ૧

તેનાં બાળક બાજરીને રડશે,
તેને દેવાવાળા નિત નડશે;
પછી ગભરાઇ બઇરીને લડશે,
કેફી લોકો કેફતણા અવગુણ રે, કહું હું કેટલા. ૨

નિત નવીનવી ફરીઆદો થાશે,
વસતર હરરાજે વેચાશે;
કેફી સરકારે દોરાશે,
કેફી લોકો કેફતણા અવગુણ રે, કહું હું કેટલા. ૩

બેભાન થઇ ભૂલ્યો ભમશે,
નરસી જગ્યોમાં જઇ રમશે;
અભિમાન તજી ગાળો ખમશે,
કેફી લોકો કેફતણા અવગુણ રે, કહું હું કેટલા. ૪

તેને ઘરધંધો નહીં હાથ ચડે,
તેની બુદ્ધિ જાશે કેફ વડે;
તેને રસ્તો સુધો નહીંજ જડે,
કેફી લોકો કેફતણા અવગુણ રે, કહું હું કેટલા. ૫

એવો અક્કલહીણો કોણ હશે,
ધન ખરચી દખીઆરો થશે;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કોણ મરવા સામે પૂર જશે,
કેફી લોકો કેફતણા અવગુણરે, કહું હું કેટલા. ૬
કાંઇ નથી રે એમાં સ્વાદ કશો,
કેફથી ઉલટા હેરાન થશો,
પછી મરીને જમને હાથ જશો;
કેફી લોકો કેફ તણા અવગુણરે, કહું હું કેટલા. ૭
તમે વિગતેથી વિચાર કરો,
વળી પરમેશ્વરથી કાંઇક ડરો;
દલપતની વિનતિ દીલ ધરો,
કેફી લોકો કેફતણા અવગુણરે, કહું હું કેટલા. ૮

---

## ગરબી ૨ જી.

"સુણજો સાજનો રે"—એ રાગ.

સજજન લોક વિચારી, સારી શિખામણ મન ધરીએજીરે;
જેમ તેમ મુખ બોલાએ જેથી, દિલમાં તેથી ડરીએ.
કેફ ન કરીએજી. ૧
તાળી પાડી દોષ દેખાડી, કહું છું દહાડી દહાડીજીરે;
મારું વેણ તમે માનો તો, તજજો મદિરા તાડી. કેફ. ૨
કેફ કર્યાથી ઘટશે ભાઇ, ચિતમાંથી ચતુરાઇજીરે;
ધન ખરચી લેવી લુચ્ચાઇ, મોટી એ મુરખાઈ. કેફ. ૩
લાજ ઘટે ને કાજ ન સુધરે, એમ ન વિચારે અંધોજીરે;
સાર નથી એમાં અંતે, ઘર ખોવાનો ધંધો. કેફ. ૪
વેદ પુરાણ કુરાન કિતાબો, જોજો તેહ તપાશીજીરે;
એ લક્ષણ તજવાથી મળશે, સઘળેથી શાબાશી. કેફ. ૫
કાજી મુલ્લાંનો મત એ છે, એ મત અધ્યારૂનોજીરે;
હિંદુમાં ગૌહત્યાથી પણ, દોષ ઘણો દારૂનો. કેફ. ૬

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

મદિરા સારૂ મારું તારું ચોર્યાનું ચિત્ત થાશેજીરે;
કોઇ સમે સાંકડમાં આવી, જીવ તેમાંથી જાશે. કેફ. ૭
વસ્ત્ર તજીને લાજ વિનાના, ખરની રીત રખડશોજીરે;
કહે દલપત કરમાં દીવો લઇ, કોઇ ન કુવામાં પડશો. કેફ. ૮

## ગરબી ૩ જી.

"આવો હરિ શિવશંકર ભોળા."—એ રાગ.

તજો તમે કેફ કરમ કરવું,
જેથી થાયે મોત વિના મરવું, તજો તમે કેફ. ટેક.
નથી એમાં સ્વાદ કશો સારો, દુઃખી થશે કેફનો કરનારો. ૧
પીશે જે જન મદિરા તાડી, તેનાં ફળ દેશું દેખાડી;
ઉંચે પદથી દેશે પાડી, તજો તમે૦ ૨
અફીણથી કેક ગયા ઉડી, ગમાવી ગાંઠ થકી મૂડી;
મૂઆ દુઃખ દરિઆમાં બૂડી, તજો તમે૦ ૩
મૂરખને મૂર્ખ મળે સંગી, લીલાગર ભાંગ પીએ ભંગી;
અક્કલહીણા એ તો અડબંગી, તજો તમે૦ ૪
મફર કે માજમ જે ખાશે, જરૂર અક્કલ તેની જાશે;
સારા સારા લોકોમાં નિંદાશે, તજો તમે૦ ૫
પીએ કોઇ ગાંજો ગુણ જાણી, ધુમાડો ખેંચે બળ આણી;
એની તો અક્કલ વેચાણી, તજો તમે૦ ૬
તે સર્વે રોગ કરે તનમાં, અમે સાંભળ્યું વૈદો જનમાં,
મોટા તમે માની લેજ્યો મનમાં, તજો તમે૦ ૭
ન ખાશો પાક કદી પ્રીતે, જેથી ચતુરાઇ ઘટે ચિત્તે;
રેજો રુડા માણસની રીતે, તજો તમે૦ ૮
પ્રભુ થકી જો દિલમાં ડરીએ, કદી એવું કરમ નહીં કરીએ;
શિખામણ સારી રૂદે ધરીએ, તજો તમે૦ ૯

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બનાવી ગરબી બહુ સારી, સુણી જે દેશે વિસારી;
તેના મુખ ઉપર પેજારી, તજો તમે૦ ૧૦.
વારે વારે શું કહીએ વાર, સ્નેહ કરી કહું છું તમ સાર;
માનો દલપત કહે કહ્યું મારું, તજો તમે૦ ૧૧

## ગરબી ૪ થી.

### કેફના અવગુણ વિષે.

"લાલ પીઆરીનો સાહેબોરે"—એ રાગ.

શીખ કહું છું તે સૌ સાંભળોરે,
કેફ વિસારો અફીણુ હો લાલ;
લાલ કસુંબા નવ લીજીએ રે, ટેક.
અવગુણ અતિ આઆ અફીણમાં રે,
એથી હોય છે અક્કલહીણુ હો લાલ; લાલ કસુંબા. ૧
મોટે મહેલ ચડીને બેસતારે,
અફીણથી એજ થયા હરરાજ હો લાલ;
જે નર ભોજન જમતા ભાવતાં રે,
રડતા દીઠા અન્નને કાજ હો લાલ; લાલ કસુંબા. ૨
વાહન રથ ઘોડા ને પાલખી રે,
ચાલ્યા પગપાળા તજી તેહ હો લાલ;
રાતા માતા શરીરે શોભતા રે,
દીઠા તેના દુર્બળ દેહ હો લાલ; લાલ કસુંબા. ૩
જે નર ચતુર શિરોમણી જાગતા રે,
નીરખ્યા તે નિદ્રા લેતા નેણ હો લાલ;
જે નર બહુ જુક્તિથી બોલતારે,
તે નર ભાખે ભાંગ્યાં વેણ હો લાલ; લાલ કસુંબા. ૪


P.P. Ac. Gunratnasuri M.S.          Jin Gun Aaradhak Trust

જેની અતિ સંભળાતી આબરૂ રે,
તે નર લોકોમાં નિંદાય હો લાલ;
જેનું સાચપણું સૌ માનતારે,
તે સાચો થવા સમ ખાય હો લાલ; લાલ કસુંબા. ૫
તો પણ સાચ મનાય નહિ તેહનુંરે,
સર્વે લોક તજે વિશ્વાસ હો લાલ;
તે નર દુનિયામાં જીવતો મુઓરે,
સારું મનુષ્ય ન બેસે પાસ હો લાલ; લાલ કસુંબા. ૬
બહુ દુ:ખ છે એવા બંધાણુમાંરે,
કોઇ દીન કરમગતિ હોય હીણુ હો લાલ;
પૃથ્વી ઉપર પગ ઘસવા પડેરે,
તે ઘડી આવે મોઢે ફીણુ હો લાલ; લાલ કસુંબા. ૭
જે કોઈ તજશે વસ્તુ કેફની રે,
રાજી થાશે શ્રી ભગવાન હો લાલ;
શિક્ષા સુંદર દલપતરામની રે,
સજ્જન સહુ કોઇ ધરજો કાન હો લાલ;
લાલ કસુંબા નવ લીજીએ રે. ૮

---

## ગરબી ૫ મી.

### પરજીયો.

"જીવે માણીગર બંદલો"—એ રાગ.
કેફી સૈયર જેનો કંથડોરે, તેનાં પૂરણ પાપ;
મનમાં ઉદાસી મટે નહીં, હાંરે તપે તનડામાં તાપ. કેફી. ૧
એવો દિસે અળખામણોરે, જાણે જીવનો ટળેલ;
આડા બોલે અફીણીઓરે, હાંરે એનાં ગાત્ર ગળેલ. કેફી. ૨
એક ટકાની આબરૂરે, પીટયો ચૌટાનો ચોર;
દહાડી દોરાય દરબારમાં, હાંરે પુઠે લોકોનો તોર. કેફી. ૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aradhak Trust

અપોચિઓ ને ઘણો આળસુરે, કાં તો ઉંઘે કાં ગાય;
રળવાની શક્તિ રહે નહીં, હાંરે રહ્યું રંડાનું ખાય. કેફી. ૪
બારેથી આવે બેબાકળોરે, હીણા દેખાય હાલ.
ખૂણે ઢાળીને પડે ખાટલો, હાંરે વૈરી છૈયાંનો કાળ. કેફી ૫
બાળકને ખાવા નહીં બાજરી રે, પીટયો પ્રકટે ઉફાંદ;
છતે ધણીએ બળે છાતડી, હાંરે વેઠે રંડાપો રાંડ. કેફી. ૬
લાજ હીણો લેખે નહીંરે, જશે તરણાની તોલ;
તેવા અફીણના તોરમાં, હાંરે બોલે જુઠેરા બોલ. કેફી. ૭
કોઇ કોઇ વખત થાય કેફથીરે, હૈયાફુટો હેરાન;
તોય શિખ દલપતરામની, હાંરે કદી ધારે ન કાન. કેફી. ૮

---

## ગરબી ૬ ઠ્ઠી.

"ઓધવજી સંદેશો કહેજો શામને"—એ રાગ.

મા સુજને કેમ દીધીરે કેફી કંથને,
કાઢયાં શોધી કીયા જનમનાં વેરજો;
જનમ સમે નવ આણ્યો મારા અંતને,
ગળથુથિમાં ઘોળી ન પાયું ઝેરજો. મા સુજને. ૧
ઉછેરી નાંખીરે બળતી આગમાં,
ઉગરવાનો નથી હવે ઉપાય જો;
ભોગવવું દુઃખ લખ્યુંરે મારા ભાગ્યમાં,
રજની દહાડા રડતાં વીતી જાય જો. મા સુજને. ૨
આવરદા મારોરે અતિ લાંબો થઇ,
ત્રાગ નહીં જે તોડયે તુટયો જાયજો;
કર્મતણી કહાણીરે કયાં જાયે કહી,
છાંય કૂવાની કૂવા વિષે સમાય જો. મા સુજને. ૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શું કરવું જીવી આ સંસારમાં,
હાથે મરું તો આત્મહત્યા થાયજો;
સાત જનમ પામુંરે શોક અપારમાં,
પાર ન આવે કરતાં કરોડ ઉપાયજો. મા સુજને. ૪
રમવું ને જમવું તો સુજને નવ ગમે,
માથે ઉગ્યાં દુઃખનાં મોટાં ઝાડજો;
એ દુઃખથી છોડાવે સુજને આ સમે,
પૂરણ માનું પરમેશ્વરનો પાડજો. મા સુજને. ૫
ફરી જનમ ધરશુંરે ત્યાં સુખ પામશું,
આ અવસર તો એળે ગયો અવતારજો;
હૈયું કઠણ કરી હિમ્મત રાખશું,
ભાગ્યે લખીયો દેવે આ ભરથારજો. મા સુજને. ૬
પાપ નથી કીધાં મેં આવડાં આ પળે,
પ્રગટયાં આવી પેલા ભવનાં પાપજો;
લેખ લખ્યા દેવે તે ટાળ્યા નવ ટળે,
કર્મ કરે તે ન કરે માને બાપજો. મા સુજને. ૭
દિલમાં એમ સમજીને દુઃખ ન માનવું,
રાખું રૂદેમાં કેના ઉપર રોષજો,
ભવ પેલે કીધાં તે ભોગવી છૂટવું,
દલપતના સ્વામીને ન દેવો દોષજો, મા સુજને. ૮

---

## ગરબા ૭ મી.

કેફીની સ્રીના બાર મહિના–વાલાજીના ગરબાનો રાગ.

૧ કારતક મહિને કેફી જેનો કંથરે સાહેલી,
આ એ અબળાના દુઃખનો નાવે અંત; સાંભળ સાહેલી. ૧
દિવસ ઘટે ને રજની મોટી થાશેરે, સાહેલી;
કેફીની અબળાના કેમ દીન જાશે; સાંભળ સાહેલી. ૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હિમાળાનો શીતળ વાયે વાયરે, સાહેલી.
આ એ મહિનો એવી રીતે કેમ જાય; સાંભળ સાહેલી. ૩

૨ માગશર મહિને સુખ પામું શી પેરરે, સાહેલી,
આ કેફીડે તો માંડયો અકરાકેર; સાંભળ સાહેલી. ૧
ઉપજ ખરચની વાત કશી નહી જાણીરે, સાહેલી;
આ ખોઈ બેઠો નિજ બાપતણી કમાણી; સાંભળ સાહેલી. ૨
પડયો રહે કયાંઇ કેફી રસ્તા માંયરે સાહેલી;
આ એ મહિનો એવી રીતે કેમ જાય; સાંભળ સાહેલી. ૩

૩ પોષે તો ઘર વેચી બેઠો પાપીરે, સાહેલી,
આ પીયર જવાની રજા વહુને આપી; સાંભળ સાહેલી. ૧
જેણે મને પરણાવ્યું આવું પાપરે સાહેલી;
આ પેલા ભવનાં દુશ્મન મા ને બાપ; સાંભળ સાહેલી. ૨
એ રતમાં સાસરે જવા સહુ ચહાયરે, સાહેલી;
આ એ મહિનો એવી રીતે કેમ જાય; સાંભળ સાહેલી. ૩

૪ મહા મહિનામાં બોલે લોક વસંતરે, સાહેલી;
આ તે દુઃખની કેફીડો જેનો કંથ; સાંભળ સાહેલી. ૧
વન પાલોવ્યાં આંબે આવ્યો મોરરે, સાહેલી;
આ દુખણીને સુખ નથી આણુ કે પોર; સાંભળ સાહેલી. ૨
ભમર ગાન સુણી પીયુ મળવા મન થાયરે, સાહેલી;
આ એ મહિનો એવી રીતે કેમ જાય; સાંભળ સાહેલી. ૩

૫ ફાગણમાં નરનારી ખેલે ફાગરે, સાહેલી;
આ કેફીની અબળાને અંતર આગ; સાંભળ સાહેલી. ૧
રમે જમે ને હસે મળી નર નારરે, સાહેલી;
આ કેફીની પરણેલી ખાએ માર, સાંભળ સહેલી. ૨
જોવું ને રોવું ઘરખુંણા માંયરે, સાહેલી;
આ એ મહિનો એવી રીતે કેમ જાય; સાંભળ સાહેલી. ૩

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

૬ ચૈતરમાં કેમ ધીરજ રાખું ચીતરે, સાહેલી;
આ કેફ કરે કેફીડો નીતને નીત; સાંભળ સાહેલી. ૧
એ પરમેશ્વર કેમ આવો વર આપ્યોરે, સાહેલી;
આ એ વરથી તો અતિ ભલો રંડાપો; સાંભળ સાહેલી. ૨
લેણુંવાળાની ફરિયાદો થાયરે, સાહેલી;
આ એ મહિનો એવી રીતે કેમ જાય, સાંભળ સાહેલી. ૩
૭ વિલપતાં આવ્યો મહિનો વૈશાખરે; સાહેલી;
આ, ઘામ ધખે દિલ થાય બળીને રાખ; સાંભળ સાહેલી. ૧
સૂરજ તપે તો છત્તર આડું રાખુંરે, સાહેલી;
આ દિલ દાઝે તે કેની આગળ દાખું; સાંભળ સાહેલી. ૨
રજની ઘટી ને દહાડા મોટા થાયરે; સાહેલી;
આ એ મહિનો એવી રીતે કેમ જાય; સાંભળ સાહેલી. ૩
૮ જેઠે તો જીવડલો જળવા લાગ્યો રે, સાહેલી,
આ કેફીની અબળાનો આનંદ ભાગ્યો; સાંભળ સાહેલી. ૧
પગ દાઝે તો મોજડીઓ લઇ ધારુંરે; સાહેલી;
આ કાળજડું દાઝે તે કેમ કરી ઠારું; સાંભળ સાહેલી. ૨
કેફીડાને કોઇ ન કહે સમજાયરે, સાહેલી;
આ એ મહિનો એવી રીતે કેમ જાય; સાંભળ સાહેલી. ૩
૯ અસાડમાં ચઢી આવ્યો છે ઘનઘોરરે, સાહેલી;
આ મોટો હરખ ધરીને બોલે મોર; સાંભળ સાહેલી. ૧
કેફી પીયુ બંદીખાનામાં માલેરે, સહેલી;
આ પરણેલીના દિલમાં એ રત સાલે, સાંભળ સાહેલી. ૨
લીલી ધરા વિધવિધ અંન વવાયરે; સાહેલી;
આ એ મહિનો એવી રીતે કેમ જાય; સાંભળ સાહેલી. ૩
૧૦ શ્રાવણમાં મેં શિવ પૂજા નહિ કીધીરે, સાહેલી;
આ દૈવે મુજને કેફીને કર દીધી; સાંભળ સહેલી. ૧
ચિત્ત ટળેલો વ્યસની જાુઠો ચોરરે, સાહેલી,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ એ સગપણ કરનારો મરજો ગોર, સાંભળ સાહેલી.　૨
ભાગ્યવતી જે પીયુ સાથે સોહાયરે, સાહેલી;
આ એ મહિનો એવી રીતે કેમ જાય; સાંભળ સાહેલી.　૩
૧૧ ભાદરવે ભર જોબન એળે જાયરે, સાહેલી;
આ કેફીની બઇરીને કેમ સુખ થાય; સાંભળ સાહેલી.　૧
નદીએ આવ્યાં પૂરણ જળનાં પૂરરે, સાહેલી;
આ પીયુ સાંભરતાં આગ જળે છે ઊર; સાંભળ સાહેલી.　૨
માળે બેસી પંખીડાં મલકાયરે, સાહેલી;
આ એ મહિનો એવી રીતે કેમ જાય; સાંભળ સાહેલી.　૩
૧૨ દીવાળીના દહાડા આસો માસરે, સાહેલી;
આ કેફીની બઇરી નિત રહે ઉદાસ; સાંભળ સાહેલી.　૧
રમે જમે જન ધરે નવા શણગારરે, સાહેલી;
આ કેફીની નારી નયણે જળધાર; સાંભળ સાહેલી.　૨
ગુણવંતી મળી મળીને ગરબા ગાયરે, સાહેલી;
આ એ મહિનો એવી રીતે કેમ જાય; સાંભળ સાહેલી,　૩
૧૩ માસ અધિકમાં અધિકપણે શું કહીએરે, સાહેલી;
આ પીયું બંદીખાને એકલાં કેમ રહીએ; સાંભળ સાહેલી. ૨
એ વરથી જો છુટકો મારો થાયરે, સાહેલી;
તો દલપતનાં સ્વામીને લાગુ પાય; સાંભળ સાહેલી.　૨

## લાવણી ૧ લી.

### કેફ વિષે.

"એક વાર રામ રામ બોલો."—એ રાગની.

સખી મારો કંથ મને પ્યારો,
જેવો હઇઆનો હાર વળી જેમ નેણાનો તારો.　૧
સખી મારો કેફી કંથ રુડો,
મોટે મારગ જાય તો ભાગું ભાવ ધરી ચુડો.　૨

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

સખી મારો કંથ ગયો હાટે,
વણુ દિઠે ઉદાસી થઇ હું બેઠી એ માટે. ૩
સખી મારો પીયુ ગયો પીઠે,
વણુ દિઠે સુખ થાય બળે છે દિલ મારું દિઠે. ૪
સખી મારો પીયુ છે વેપારી,
જાણે સઘળું શહેર નથી અજાણ્યું નર નારી. ૫
સખી મારો કંથ કરે ચોરી,
નિત્ય જાય રાજદુવાર બે ચાકર ચાલે છે દોરી. ૬
સખી મારાં ભાગ્ય ભલાં જાણું,
મન ગમતા પિયુ સાથ સદા મન ગમતાં સુખ માણું. ૭
સખી મારા કર્મમણી કાણી,
કહે છે દલપતરામ બોલી એમ કેફીની રાણી. ૮

## લાવણી ૨૭.

"શ્રીકૃષ્ણકે દર્શન કારણ આયે સદાશિવ ગોકુલમેં"—એ રાગ.

કરશે કેફમગન થઇ ફરશે, ધરશે નહિ શિક્ષા મનમાં;
બુઢા પણ શિર કુટી કુટી મરશે, રડશે રોગ થયે તનમાં. ૧
તે સારું હિત કહું તમારું, મારું વાયક માની લહો;
શરમ ધરીએ કરમ તજો તો, પરમ ધરમથી પૂર્ણ રહો. ૨
ઝટપટ કેફથી ખટપટ છોડી, અટપટી વાત નથી એમાં;
દામ ઉગરશે, કામ સુધરશે, રામ થશે રાજી જેમાં. ૩
જશે બુરાઇ થશે ભલાઇ, ખસે કમાઇ ન કરમાંથી;
કેફ લજાઈ, તજો તોળાઇ, જશે લઢાઇ ઘરમાંથી. ૪
સ્વાદ વિચારો, વેણુ સંભારો, યારો કેફ પછી કરજો;
ગરથ ખરચી ગદ્ધા શીદ બનિયે, ધીરજ ધરી મનમાં ધરજો. ૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નિરલજ ફરવું, સુખ નીચું કરવું, મરવું તેથી મહા સારું
કેફી થવાથી કોઢી થવું તે, ઘણું સરસ સનમાં ધારું. ૬
વાઘ અગની વિષ વૈરી મળજો, કદી ન મળજો કેફ નહીં;
પ્રેત પિશાચ ને ભૂત વળગજો, કદી વળગજો કેફ નહીં. ૭
મુઆ મનુષ તો બહુ વખાણીયે, જીવતાં કેફી નિંદાય અતિ;
કહે જે દલપતરામ ન થાશો, દુશ્મનની પણ એવી ગતિ. ૮

---

### લાવણી ૩ જી.

"ખરરેમેં બીજેશ્વર ખંકા, અટલછત્ર ધારી."—એ રાગ.

ઉડી પલકમાં ગયા મુલકથી, કેફ જેઓ કરતા;
કેફ જેઓ કરતારે, કદી શંકા મન નહિ ધરતા; ઉડી. ટેક.
બાગ બુવારા હોજ બનાવી, સુખથી વિચરતા;
ગજરા તોરા હાર ફૂલના ધરી મગન ફરતા;
ધરી મગન ફરતારે, કદી શંકા મન નહિ ધરતા; ઉડી. ૧
જેની મુછો મોટી વાંકડી, ઉપર લીંબુ ઠરતા;
દેશ વિજય કરી, એકછત્ર ધરી, દેવથી નહિ ડરતા;
દેવથી નહિ ડરતારે, કદી શંકા મન નહિ ધરતા; ઉડી. ૨
ગુણીજન નિજ જશ ગાન કરતા, મુખ અમૃત ઝરતા;
ખડેજાઓ ખડેજાઓ થાય અગાડી, શિર ચંમર ઢળતા;
શિર ચંમર ઢળતારે, કદી શંકા મન નહિ ધરતા; ઉડી. ૩
શત્રુ સકળનાં શહેર લુંટીને, ભૂમિ ખણી ભરતા;
ન ખમે કદિ અપમાન હુંકારો, તરત લડી મરતા;
તરત લડી મરતારે, કદી શંકા મન નહિ ધરતા; ઉડી. ૪
ધ્રિગડજાં ધ્રિગડજાધિ ચોઘડિયે, ઘડિ ઘડિ ઘાવ પડતા,
ઝુમઝુમ ઝણુણુ ઠણુણુ ચાલતી, નારિ સારિ વરતા;
નારિ સારિ વરતારે, કદી શંકા મન નહિ ધરતા; ઉડી. ૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સોના સિંહાસન, બેઠક જાજમ, મખમલી પાથરતા;
ઝળળળ કાંતી, અજબ ઝળકતી, ઘરની સુંદરતા;
ઘરની સુંદરતારે, કદી શંકા મન નહિ ધરતા; ઉડી. ૬
કેફ કરી ગફલતમાં નિશદિન, શયન અનુસરતા;
કહે છે દલપતરામ, ધામ ધન, શત્રુતણું હરતા;
શત્રુતણું હરતારે, કદી શંકા મન નહિ ધરતા; ઉડી. ૭

## ગરબી ૧ લી.

### આ દુનિયામાં કોઈ રહેવાનું નથી, એ વિષે.

"સારું સારુંરે સુરત શહેર, મુંબઇ અલબેલી"—એ રાગ.
થિર કરીને કોઇ આ ઠામ, રે નથી રહેવાનું;
કરી લો કાંઇ રુડું કામ, રહેશે કહેવાનું. ટેક.
વિક્રમ સરખા વીર ગયા ને, ભૂપ ગયો વળી ભોજરે;
જોરાવર જયકારી જગતમાં, ફરતી જેની ફોજરે; નથી. ૧
છતે ગયો શાહુ છત્રપતિનો, દુનિયાથી દેખાવરે;
બાજીરાવ ગયા બળવંતા, ગયા શિવાજીરાવ; રે નથી. ૨
બારોનેટ બહુ જશવંતા, શેઠ ગયા જમશેદ રે;
કહો રહ્યાં કયાં ધનજી કામા, ખલક ધરેછે ખેદ; રે નથી. ૩
જેણે બહુ જર જોડી જગતમાં, કર્યાં ગુપત ઉપકાર રે;
કંઇ દુખિયાનાં દુઃખ કાપ્યાં તે, સંભારે સંસાર; રે નથી. ૪
મોતીશા મુંબઇમાં મોટો, સરસ હતો શાહુકાર રે;
નામ ગયું ને ઠામ ગયું વળી, ગયા ગરથ ભંડાર; રે નથી. ૫
કંઈ ગુણવંતા ગયા ગવરનર, સરસ ગયા સરદાર રે;
રાજા રાણા કોઇ રહ્યા નહીં, કટા અમલ કરનાર; રે નથી, ૬
હેમાભાઇ હયાત હતા ને, શેઠ હતા હઠિસંગ રે;
તે પણ દુનિયા તજી ગયા ને, મનમાં રહ્યા ઉમંગ; રે નથી. ૭

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ક્યાં પ્રિન્સ આલબરટ પૃથ્વીપતિ, રાણીનો ભરથાર રે;
જોતાં જોતાં ગયા જગતથી, જરા ન લાગી વાર; રે નથી. ૮
પડયું રહે નાણું પૃથ્વીમાં, અગણિત આડે આંક રે;
સમજી લેજો કાંઇ પણ સાથે, નહીં આવે નવટાંક; રે નથી. ૯
બાગ બગીચા બેઠક બંગલા, મોટા મોટા માળ રે;
એ તો સૌ એમના એમ રહેશે, પરથમ ચણજો પાળ; રે નથી. ૧૦
આરંભેલાં અધુરાં રહેશે, કંઇક જગતમાં કામ રે;
તરત અજાણ્યું તેડું આવે, તજીને જવું તમામ રે; નથી. ૧૧
કાલ કર્યાનું આજ કરી લે, કોણે દીઠી કાલ રે;
પગલાં હેઠે મોત પડયું છે, એની ચેતી ચાલ રે; નથી. ૧૨
લાચારોની આશિષ લેજો, નિશ્ચળ કરજો નામ રે,
સમજો તો સારી શિખામણ, દે છે દલપતરામ રે; નથી. ૧૩

## ગરબી ૨ જી.

### જુઠું ન બોલવા વિષે.

"વનમાં ભુલી પડી રે, પેલો ક્યાં ગયો કાનુડો"–એ રાગ.
ઠગમાં તે ઠરે રે, જગમાં જે જન બોલે જુઠું,
જુઠે રુઠે જગતપતિ વળી આખર કહે હું ઉઠું; ઠગમાં; ટેક.
જુઠા જનનું કોઇ ન જાણે, સમ ખાતાં પણ સાચું;
વાટે ઘાટે વાત કરે કે ડાટો એનું ડાચું; ઠગમાં. ૧
સહજ સ્વભાવે હસતાં હેતે, વદો ન જુઠી વાણી;
તજો તમે તે ટેવ નઠારી, જુઠામાં દુઃખ જાણી; ઠગમાં. ૨
ઢોંગીને વાગે ઢીંચણમાં, પીડા પીડા પોકારે;
સુણનારા કોઇ સત્ય ન માને, ઢોંગ હશે એમ ધારે; ઠગમાં ૩
પ્રથમ થકી પતિયાર ગયો તો, પછી ન પાછો પામે;
કોઇક ચોરી કરે પણ ચઢશે, નર તસ્કરને નામે; ઠગમાં. ૪
સોનાનો શણગાર સરસ જો, ઘડનારો ઘડી લાવે;
અસલી લેનારો અડસે પણ, સોનીને શિર આવે; ઠગમાં. ૫

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ખિલાડો બહુ સાધુ બની, દયા ઘણી દીલ ધારે;
ઉંદરને વિશ્વાસ ન આવે, વીતી વાત વિચારે; ઠગમાં. ૬
છે જુઠું તે છાવરતાં પણ, છેક રહે નહીં છાનું;
વર્ષે કે બે વર્ષે વળતી, પછી ઉખળશે પાનું; ઠગમાં. ૭
જુઠું બોલ્યાથી જર જામે, તો પણ દુઃખ છે તેમાં;
કથન કદી લોકો ધિક્કારે, આગ ઉઠી જર એમાં, ઠગમાં. ૮
કદી મળે ધન લાખ કરોડો, તોપણ તે શું કરવું;
બોજ કરમનો માથે બાંધી, મેલીને ધન મરવું; ઠગમાં. ૯
છાનું જુઠું છાવરીએ પણ, જગપતિ તો જાણે;
ભારે પીડા ભોગવિયે પછી, નહિ છુટાએ નાણે; ઠગમાં ૧૦
આ જગમાં સુખ અલ્પ સમયનું, અતિ લાંબું દુખ અંતે;
પાને લખતાં પાર ન પામે, લખ્યું છે વિદ્વાનંતે; ઠગમાં. ૧૧
તે જન ડાહ્યો તેજ કમાયો, જે નહીં જુઠું બોલ્યો;
દલપતરામે દિલમાં દેખી, ખરેખરો મત બોલ્યો; ઠગમાં. ૧૨

---

## ગરબી ૩ ૭.

### જવાસા વિષે.

"વાંસલડી વાગીને હું તો જાગી."—એ રાગ.

જવાસા શીદને મરે છે સુકાઇ,
ભુંડું શું કીધું વરસાદે ભાઇ; જવાસા. ટેક.
ચારે દિશ વરસાદની થઇ ચડાઇ,
દેખી તેની સરવ થકી સરસાઇ;
હાંરે તારા ઉરમાં આવી અદેખાઇ; જવાસા. ૧
થયાં નવપલ્લવ તરુવર સરવે,
અખિલ જન હરખિયાં એને ઉતરવે;
હાંરે તું તો ગંડક બળી મરે ગરવે; જવાસા. ૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ધાર્યું તેં તો અભિમાન અતિ ઘણું આજે,
બીજાની ચઢતી દેખીને તું દાઝે;
હાંરે જાણે ઘન કેમ મુજ શિર ગાજે; જવાસા. ૩
એનો એક વાળ તારાથી ન તૂટે,
તેનો જશ તારે ખુટાડે ન ખૂટે;
હાંરે કાલો શીદને કપાળ તું ફૂટે; જવાસા. ૪
એનો જગકર્ત્તાએ કીધો વધારો,
તેથી તે તો સર્વને લાગે છે સારો;
હાંરે તું તો તોલ તપાસને તારો; જવાસા. ૫
જેને તે તો સર્વનું ઇચ્છે છે સારું,
નથી ચહાતો કોઇનું થવાને નઠારું;
હાંરે તેણે શું બગાડયું ભાઇ તારું; જવાસા. ૬
એને એકે આળ ચઢાવ્યું ન ચડશે,
એના સામું ફેંકતાં તુજ શિર પડશે;
હાંરે તારી ઇર્ષા તે તુજનેજ નડશે; જવાસા. ૭
જયારે તુજ અંગમાં રોષ જણાયો,
ત્યારે તું અદેખોને ભુંડો ભણાયો;
હાંરે તું તો હલકો હઠીલો ગણાયો; જવાસા. ૮
તું તો જાણે માન હું મેળવું મોટું,
તે તો બીજા લોકના ચિત્તમાં ચોંટયું;
હાંરે ખેંચી લેતાં તો મળવાનું ખોટું; જવાસા. ૯
હજી થાને ગંભીર તજ હલકાઇ,
અલપ ગુણ મળતાં ન જવું છલકાઇ;
હાંરે ભલું તેથી થાશે તારું ભાઇ; જવાસા. ૧૦
થયાં સઉ પ્રફુલિત તું તેવો થાને,
સરસ ગુણ વરસાદના ગણી ગાને;
હાંરે મિત્રતાથી હળીમળી જાને; જવાસા. ૧૧

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

કહ્યાં આ તો કથન તારે શુભ કામે,
દેખી તારું દુઃખ દીલ ધારી દયા મેં;
હારે રુડી રીતથી દલપતરામે. જવાસા. ૧૨

---

## ગરબી ૪ થી.

### દુર્જનની સોબત ન કરવા વિષે.

"મારે ઘેર આવ્યા રે સુંદરવર શામળિયો"—એ રાગ.

મન નહિ માને રે, ત્યાં નહિ જઇએ મળવા;—ટેક.
જેના હૈયામાં હેત ન દીસે, પાસે ના વસીએ પાળવા; મન.
લલચાવી ઉલટાં લાગે, કાળજડાને કળવા;
બગલો ધ્યાન ધરી જેમ બેસે, જ્ઞાની થઇ મછ ગળવા; મન.
સારું સારું કહી સ્વાર્થ સાધો, તુરતજ લાગે ટળવા; મન.
મતલબ હોય તો મોટા મનથી, લાગે અઢળક ઢળવા; મન.
વચન સુણી જાણી મનને મેલ્યું, તાતે તેલે તળવા; મન.
કાં તો કાંઇકજ કામ કરાવે, દે જેમ દળણું દળવા; મન.
વાવીએ આપણ અમૃત વચનો, વિખ ફળ લાગે ફળવા; મન.
જેની પાસ જવાથી લાગે, બોલ સુણી મન બળવા; મન.
સુખમાંથી જઇ દુઃખના દસ્કત, શા માટે સાંભળવા; મન.
દલપતરામ કહે દુનિયામાં, રખડીને દુઃખ રળવા; મન.

---

## ગરબી ૫ મી.

### માતાની સ્તુતિ.

દીધાં તેં સુખ દહાડી દહાડી રે, મારા મનમાં છે માડી;
ઘણી ઘણી વિપત ઘટાડી રે, મારા મનમાં છે માડી. ટેક.
બાળપણે હું હતો બહુ નિર્બળ,
પણ તેં પીડા ન પમાડી રે; મારા. ૧
પૃથ્વી ઉપર મેં તો પગ ન મંડાતો,
ત્યારે તું ફરતી ઉપાડી રે; મારા. ૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aadhak Trust

હાલરડાં ગાતી હેતે હિંચોળી,
પારણા માંહી પોઢાડી રે;　　　મારા. ૩
ભીનેથી કોરે સંભાળીને કરતી,
આછા ઓછાડ ઓઢાડી રે;　　　મારા. ૪
ભૂખ્યો થયો ત્યારે ભર નિદ્રાથી,
ઉંઘે ભરેલી ઉઠાડી રે;　　　મારા. ૫
દુખિયો દેખીને થતી દુખી દિલમાં;
પાંપણથી આંસુ પાડીરે,　　　મારા. ૬
જેઈતું તે હું કહી શકતો ન જીભે,
ચેતતી ચિત પહોંચાડીરે;　　　મારા. ૭
મારા સારું પીધાં તેં ઘસી મૂળિયાં,
ખાટાં કે કડવાં ઉખાડીરે;　　　મારા. ૮
દિવસમાં ઘડીએ ન જંપવા દેતો,
એવો હતો હું અનાડીરે;　　　મારા. ૯
ખાતાં પીતાં કે ખરા સુખ દુઃખમાં,
વિવિધ વાતે વિતાડીરે;　　　મારા. ૧૦
ચાર ઘડી એવી ચાકરીનો ગુણ,
મનથી શકું ન મટાડીરે;　　　મારા. ૧૧
દલપતરામ કહે દાસ થઇને,
આપીશ બદલો અગાડીરે;　　　મારા. ૧૨

## ગરબી ૬ ઠ્ઠી.

દિન દિન બહુ સુખદાતારે, માયાળુ મારી માતા;
તું જગમાં ખરી ત્રાતારે, માયાળુ મારી માતા.　　　ટેક.
જેટલા ગુણ ગાઉં તેટલા થોડા, સૌ નથી ઉચરી શકતા;
સંસારમાં સઉ સ્વારથે સરખા, પેખ્યા સગા પરખ્યાતારે. માયાળુ.

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

ભુંડો ભલો પણ માતા નિભાવે, જોયા બીજા તજી જાતારે;
જોયું નહી હેત માતાના જેવું, ચાહન તો બહુ ચહાતારે; માયાળુ.
માતાના ગુણ નહીં માને તે પુત્રો, પાછળથી પસતાતારે;
જેને માતા નહી તે સુત જોયા, મહા દુખમાંહી મુંઝાતારે; માયાળુ.
માતાનું મન તે તો સ્નેહનો સાગર, વિશ્વમાં રચિયો વિધાતારે;
ભાવ ભરેલાં ભલે હોય ભૂમાં, ભગની અને વળી ભ્રાતારે; માયાળુ.
માસી કે મામા ને કાકી કે કાકા, સૌ ભલે હોય સોહાતારે;
નેહ ભરી ભલી નારીતણા ગુણ,તારી તો તુલ્ય ન થાતારે; માયાળુ.
આ ભવમાં ભલી તું આપનારી, સર્વ વિધિ સુખ શાતારે;
દલપતરામ કહે ખરા દિલથી, ગુણ નથી ગણતાં ગણાતારે. માયાળુ.

---

## ગરબી ૭ સી.

### પિતાજીની સ્તુતિ.

રામ કહે થઇ રાજીરે, સુણો પ્યારા પિતાજી;
ગુણ ગણી ગાઉં છું ગાજીરે, સુણો પ્યારા પિતાજી. ટેક.
લેશ તમારું વચન નહીં લોપું, જે કહો તે કહું હાજીરે; સુણો. ૧
તન મન ધન શિર સર્વસ્વ સોપું, નિશ્ચે કહું નહીં નાજીરે. સુણો. ૨
વસ્તી તજીને વસું વાસ વનમાં, જો જીભથી કહો જાજીરે. સુણો. ૩
પાલણ પોષણ પાડ પિતાનો, પુત્ર ભુલે તે તો પાજીરે; સુણો. ૪
સારી સારી ચીજ સુતને જમાડે, ભક્ષ કરે પોતે ભાજીરે; સુણો. ૫
પેટે પાટા બાંધી પૈસાની વસ્તુ, તનુજને ખવરાવે તાજીરે; સુણો. ૬
કાલાઘેલાપણે જે જે કહ્યા મેં, બોલ સાંખ્યા તે બધાજીરે; સુણો. ૭
અગુણી હતો પણ ગુણ ગણી લીધો, દુર્ગુણ દૂર કિધાજીરે; સુણો. ૮
સેવકની પેઠ સર્વ પ્રકારે, સ્નેહથી કીધી સેવાજીરે; સુણો. ૯
કહોજી કદાપિ હું કેમ વિસારું, અતિ ઉપકાર એવાજીરે; સુણો. ૧૦
સાદા રહી પોતે મુજને શોભીતા,શુભ શણગાર સજાવ્યાજીરે; સુણો.૧૧
ખચિત ખરેખરી પ્રીતથી ખાંતે, ભક્તની રીતે ભજાયાજીરે; સુણો. ૧૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દુ:ખ ખમી દેહે મને સુખ દીધું, કીધું રક્ષણ કોટિધાજીરે; સુણો. ૧૩
શિક્ષકની પેઠે મુજને સુધારવા, દિનદિન દિલાસા દીધાજીરે. સુણો.૧૪
પુત્ર માગે પ્રીતે રાંકને રાજા, ભણિ ગણિ ભક્તિ ભાવાજીરે; સુણો. ૧૫
ઘડપણમાં ઘણી ચાકરી કરશે, અંતરે એવી આશાજીરે; સુણો. ૧૬
છાતીમાં રાખીને છાંયડો કીધો, દિલ ઘણી રાખી દયાજીરે; સુણો. ૧૭
કોઇ દિવસ મને દુખમાં દીઠો તો, આંસુ પ્રવાહ વહ્યાજીરે; સુણો. ૧૮
જો કોઇએ મુજને જયારે દૂભ્યો, ધીરજ છાંડી ધખ્યાજીરે; સુણો. ૧૯
પિતાજી તે ઉપકાર તમારા, લખતાં ન જાય લખ્યાજીરે; સુણો. ૨૦
મારું સારું થવા મનમાં હમેશાં, કરોડ વિચાર કર્યાજીરે; સુણો. ૨૧
આ પુત્ર કેમ પામે સુખ એવી, ફીકર રાખી ફર્યાજીરે; સુણો. ૨૨
આખી ઉંમરના ઊચાટ આગળથી, ધ્યાનમાં રોજ ધર્યાજીરે; સુણો.૨૩
દલપતરામ કહે દિલમાંથી, વળી તે નથી વિસર્યાજીરે; સુણો. ૨૪

---

## ગરબી ૮ મી.

"લે લાગી મને તારી, અલ્યાજી, લે લાગી"—એ રાગ.

જે કહો તે પ્રેમથી હું પાળું,
પિતાજી તમે જે કહો તે પ્રેમથી હું પાળું;
વીસ વસા વાર નહિ ગાળું; પિતાજી તમે. ટેક.
પુત્ર થઈ ન પાળે વેણ પ્રેમથી પિતાનું,
કહે લોક તેનું મોઢું કાળું; પિતાજી. ૧
વચને પિતાને વરયા રામ વનવાસે,
રાજપાટ છોડીને રૂપાળું; પિતાજી. ૨
પાળ્યો મને બાળપણે પોતે કષ્ટ પામી,
શી રીતે એ સર્વ સાટું વાળું; પતાજી. ૩
નિમકહરામી કદી હું ન થવાનો,
સોંપશો તે ચાકરી સંભાળું; પિતાજી. ૪


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વાંચી છે મેં એક વાત એક વહાણના ઉંદરની,
તેવી એક ટેક કેમ ટાળું; પિતાજી. ૫
જેનો સૂત જગતમાં દુષ્ટ જેવો જાગ્યો,
તેને ઘેર છતે વાસ્યું તાળું; પિતાજી. ૬
દાસ ગણીને ઘણી આશીષ મને આપો,
દીલ રુડું રાખીને દયાળુ; પિતાજી. ૭
કહે આમ દલપતરામ કર જોડી,
માફ કરો વેણ ભૂલવાળું; પિતાજી. ૮

દોહરા.

સાંખે કથનો સ્નેહથી, બાળકનાં માબાપ;
પછી ઘરડાં માબાપનાં, સપૂત સાંખે આપ. ૧
અવગુણ એકે નવ ગણે, પ્રીતે પાળે લાડ;
માત પિતાને પાળવાં, પછી તેમાં શો પાડ. ૨
એક દિવસ પણ અન્ન જો, જમિયે જેને ઘેર;
સદા કાળ સંભારિયે, પ્રીતે રુડી પેર. ૩
ચાર ઘડી પણ ચાકરી, કરે કોઇની કોય;
ભૂલે તે આભાર તો, નિમકહરામી સોય. ૪
ખરા દીલથી ખાંતથી, પ્રીતે માતપિતાય;
કરે ચાકરી આકરી, ભવમાં કેમ ભૂલાય. ૫
ભૂલે તે ભગવાનનો, આહન મોટો ચોર;
નહિ તેનો પછી નીસરે, નરકવિષે પણ નોર. ૬

---

## ગરબી ૯ મી.

### બાળકીઓનાં નિત્યકર્મની.

"મા પાવા તે ગઢથી ઊતર્યાં, માકાળીરે."—એ રાગ.

સુતાં ઉઠી શુભ રીતથી સાહેલીરે;
પરમેશ્વર ભજવા પ્રીતથી સાહેલીરે. ૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પછી દાતણ પાણી થાય છે સા.
જેથી દુરગંધી જાય છે સાહેલીરે. ૨
નહાવું નિત્ય નિરમળ નીરથી સા.
સઘળો જાય મેલ શરીરથી સાહેલીરે. ૩
સંતોષે જમીએ જે મળ્યું સા.
નહિ ખાઇએ નિત્ય ગળ્યુંગળ્યું સાહેલીરે. ૪
પટકૂળ ઝીણાં નહિ પેહેરીએ સા.
ગાવા ન જવું પરશેરીએ સાહેલીરે. ૫
આભરણ ઝાઝાં નહિ ઇચ્છોએ સા.
સદ્ગુણની શોભા પ્રીછીએ સાહેલીરે. ૬
નિર્લજની સોબત છોડીએ સા.
વહાલાંથી વૈર ન જોડીએ સાહેલીરે. ૭
સઘળું સરખું નહિ લેખીએ સા.
દલમાં ડાયાં થઇ દેખીએ સાહેલીરે. ૮

## ગરબી ૧૦ મી.

### હિંદુઓની સ્ત્રીઓને ભણવા વિષે.

"લાલ હંબોડા."—એ રાગ.

તમે ભણો ભલી ભાત, બાઇ હિંદુવાણી;
રહો સુખી દીનરાત, બાઇ હિંદુવાણી. ૧
જેથી દુષ્ટ બુદ્ધિ જાય, બાઇ હિંદુવાણી;
સ્થિર સારી બુદ્ધિ થાય, બાઈ હિંદુવાણી ૨
રાખો સંપ સગાંમાંહિ, બાઇ હિંદુવાણી;
નહીં કલેશ કરો કાંહિ, બાઇ હિંદુવાણી; ૩
સુખ સંપમાં સદાય, બાઇ હિંદુવાણી;
ગુણવંત એમ ગાય, બાઇ હિંદુવાણી. ૪
શિખો સારાં કામકાજ, બાઇ હિંદુવાણી;
વધે લોક માંહિ લાજ, બાઇ હિંદુવાણી. ૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તજી પીયરની પ્રીત, બાઇ હિંદુવાણી;
રહો સાસરે સુ રીત, બાઇ હિંદુવાણી. ૬
કોઇ કરે સારો બોધ, બાઇ હિંદુવાણી;
સુણી કીજીએ ન ક્રોધ, બાઇ હિંદુવાણી. ૭
ભજો અકળ અભેવ, બાઈ હિંદુવાણી;
દલપતતણો દેવ, બાઇ હિંદુવાણી. ૮

## ગરબી ૧૧ મી.

### છોડીઓને ભણવા વિષે.

"આવો આવો શિવશંકર ભોળા,"—એ રાગ.

બહેનો તમે ભાવ સહિત ભણજો, ગાંડા લોકો નિંદે તે નવ ગણજો; ટેક.
ભણે તે તો ભગવાનને ભાવે, એથી દીલ જ્ઞાન અધિક આવે;
તજી અવગુણ સદ્ગુણ લાવે. બહેનો૦ ૧
ભણે તે તો અપજશથી ભાગે, જેને ઘણી લાજનો ખપ જાગે;
મોટી સતિયોનું પદ માગે. બહેનો૦ ૨
દુરાચાર હોય ન ભણે તેમાં, જગ્યા જુઓ કેદી રહે જેમાં;
અધિક તો હશે અભણ્યા એમાં. બહેનો૦ ૩
ભણેલી હતી રૂકમણી રાણી, મીરાંબાઇ મુલકમાં વખણાણી;
જેની કવિતા જગ સૌ જાણી. બહેનો૦ ૪
ત્રિયાને પાપ ભણે લાગે, એવું કોઇ લખી ન ગયા આગે;
મોઢે બોલનારા જુતી માગે. બહેનો૦ ૫
ભણ્યા વિના કયાંથી અક્કલ આણે, નીતિની રીત તે કેમ જાણે;
ભણ્યા વિના જન પશુ પરમાણે. બહેનો૦ ૬
ભણી ગણી નાગરની નારી, શી રીતે નહિ કહિયે સારી;
ચતુર લેજો ચિતમાં વિચારી. બહેનો૦ ૭
ભણો તમે આળસ ભ્રમ છોડી, વધે તેથી લાજ નહિ થોડી;
કહે દલપત બેઉ કરજોડી. બહેનો૦ ૮

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ગરબી ૧૨ મી.

### ભણવાના ઉપદેશ વિષે.

"મારી માત બહુચરારે લોલ."—એ રાગ.

ભણો ભલી ભાતથી રે લોલ[૧], રૂદે રળીઆતથી રે લોલ;
સખી સંઘાતથી રે લોલ, ભણો ભલી ભાતથી રે લોલ. ૧
ભણ્યાથી ભલું થશે રે લોલ, મુરખતા મટી જશે રે લોલ;
હઇયામાં ભરી હશે રે લોલ, ભણો ભલી ભાતથી રે લોલ. ૨
શિખામણ સાંભળી રે લોલ, કુટેવ જશે ટળી રે લોલ;
વિવેક વધે વળી રે લોલ, ભણો ભલી ભાતથી રે લોલ. ૩
ભાવેથી ભણો ગણો રે લોલ, તેથી તો તમો તણો રે લોલ;
સુધારો થશે ઘણો રે લોલ, ભણો ભલી ભાતથી રે લોલ. ૪
ભણ્યા વિના ભામની રે લોલ, ગદ્ધી જેવી ગામની રે લોલ;
કહે શા કામની રે લોલ, ભણો ભલી ભાતથી રે લોલ. ૫
કહું વળી કાનમાં રે લોલ, અવગુણ અજ્ઞાનમાં રે લોલ;
સમજો સાનમાં રે લોલ, ભણો ભલી ભાતથી રે લોલ. ૬
મુરખ મન મેલમાં રે લોલ, ફરે ફંદ ફેલમાં રે લોલ;
જુઓ જઇ જેલમાં રે લોલ, ભણો ભલી ભાતથી રે લોલ. ૭
ભલે ભણવા જશો રે લોલ, કુપંથ નથી કશો રે લોલ;
થતાં સુખીયાં થશો રે લોલ, ભણો ભલી ભાતથી રે લોલ. ૮
વિદ્યાગુણ વ્યાપશે રે લોલ, કુટીલતા કાપશે રે લોલ;
અધિક બુદ્ધિ આપશે રે લોલ, ભણો ભલી ભાતથી રે લોલ. ૯
એવું જાણી આપથી રે લોલ, પાછાં ફરો પાપથી રે લોલ;
ઉદ્યોગ અમારાથી રે લોલ, ભણો ભલી ભાતથી રે લોલ. ૧૦
ધરમ મનમાં ધરો રે લોલ, કરમ શુદ્ધ તો કરો રે લોલ;
પરમ પદ પરવરો રે લોલ, ભણો ભલી ભાતથી રે લોલ. ૧૧

૧ હૃદયનું હુલ્લાસમાં આવી કરનાર.

P. P. Ac. Gunratnasuri M.S.   Jin Gun Aaradhak Trust

ભજો ભગવાનને રે લોલ, તજો અભિમાનને રે લોલ;
સજો શુભ જ્ઞાનને રે લોલ, ભણો ભલી ભાતથી રે લોલ. ૧૨
ભણી ભરતારમાં રે લોલ, પ્યારી રહે પ્યારમાં રે લોલ;
સુખે સંસારમાં રે લોલ, ભણો ભલી ભાતથી રે લોલ. ૧૩

લડાઇ લડે નહિ રે લોલ, કુશબ્દ કહી કહી રે લોલ;
મોંઘી ચીજને ચહી રે લોલ, ભણો ભલી ભાતથી રે લોલ. ૧૪
ચોખી નિત્ય ચિતથી રે લોલ, રહે સતી રીતથી રે લોલ;
પ્રભુ ભજે પ્રીતથી રે લોલ, ભણો ભલી ભાતથી રે લોલ. ૧૫

છકે નહી છંદમાં રે લોલ, આપે આનંદમાં રે લોલ;
ફસે નહી ફંદમાં રે લોલ, ભણો ભલી ભાતથી રે લોલ. ૧૬
સદા સંતોષથી રે લોલ, રહે નહીં રોષથી રે લોલ;
ડરે દીલ દોષથી રે લોલ, ભણો ભલી ભાતથી રે લોલ. ૧૭

સાસરીયું શોભાવતી રે લોલ, એવા ગુણ આવશે રે લોલ;
ભરથારને ભાવશે રે લોલ, ભણો ભલી ભાતથી રે લોલ. ૧૮
ભલી હોય જો ભણી રે લોલ, તારીફ ઘણી તે તણી રે લોલ;
ગુંથે ગ્રંથમાં ગણી રે લોલ, ભણો ભલી ભાતથી રે લોલ. ૧૯

ઘણો જશ જામશે રે લોલ, વીપતથી વિરામશે રે લોલ;
પુરાં સુખ પામશે રે લોલ, ભણો ભલી ભાતથી રે લોલ. ૨૦
સીધે પંથ સંચરે રે લોલ, દુરાચારીથી ડરે રે લોલ;
સાસુની સેવા કરે રે લોલ, ભણો ભલી ભાતથી રે લોલ. ૨૧

વધે લાજ લોકમાં રે લોલ, ચાલે વાત ચોકમાં રે લોલ;
થતા જન થોકમાં રે લોલ, ભણો ભલી ભાતથી રે લોલ. ૨૨
લેખણ ખડીઓ લઇને રે લોલ, નિશાળે નિત્યે જઇએ રે લોલ;
ઠરો થીર ત્યાં થઇ રે લોલ, ભણો ભલી ભાતથી રે લોલ. ૨૩
મહેતાજીનું માનથી રે લોલ, કથન સુણી કાનથી રે લોલ;
ધરી એક ધ્યાનથી રે લોલ, ભણો ભલી ભાતથી રે લોલ. ૨૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રમાપતિ રીઝશે રે લોલ, ખોટી મતી ખીજશે રે લોલ;
કદી થાકી જશે રે લોલ, ભણો ભલી ભાતથી રે લોલ. ૨૫
ગોરી સહુ ગામની રે લોલ, સુણો કથા કામની રે લોલ;
દલપતરામની રે લોલ, ભણો ભલી ભાતથી રે લોલ. ૨૬

## ગરબી ૧૩ મી.
## નિશાળે આવવા વિષે.

"તમે હરી હૈયાના હાર છો"—એ રાગ.

આવજો આવજો આવજો રે, આજ વહેલાં નિશાળે આવજો;
બહેની મને બોલાવજો રે, આજ વહેલાં નિશાળે આવજો. ટેક.
જો તમને અવકાશ ના આવે રે, કોઇ સાથે કહાવજો રે; આજ. ૧
પાટી ને ખડીઓ લેખણુ સાથે રે, લખવાનો સામાન લાવજો રે. ૨
કક્કો ભણાવી મને આંક ગણાવી રે, બારાખડી શિખવાડજો રે. ૩
ભૂલ્યો પડે કદી ભણતાં ગણતાં રે, તો મને તરત શિખવાડજો રે. ૪
સારી શિખામણ શીખવીને સજની રે, બહુ હુશિયાર બનાવજો રે. ૫
સમજાવતાં કદી જો નવ સમજું રે, શીળે સ્વભાવે સમજાવજો રે. ૬
હતી ભણેલી સતજુગની સતીઓ રે, એવી મને આખરૂ અપાવજોરે. ૭
સારી સુધારી મારા મનની મનમાં રે, દિલના દોષ દળાવજો રે. ૮

## ગરબી ૧૪ મી.
## ભરત ચિત્ર શીખવવાની ગરબી.

"અલબેલીરે અંબે માત, જોવાને જઇએ."—એ રાગ.

આવો આવો રે શીખીયે આજ, ભરતજ ભરવાને; ટેક.
લાવો લાવો રે સઘળો સાજ, ચિત્ર ચિતરવાને;
ચિત્ર ચિતરવા ને ભરત જ ભરવા, માતપિતા મન હરવારે,
જગકરતાનાં કરતવ્યને, કાંઇ કાંઇ ઉત્તેજન કરવા, ભરત. ૧

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

પોપટ ચિતરો ને પાંજરું ચિતરો, ચિતરો ગાયો ચરવા રે;
ફુલઝાડે ફુલડાં ચિતરો ને, ચિતરો આંબે મરવા; ભરત. ૨
ચતુર મનુષ્યના ચહેરા ચિતરો, સજ્જનને સાંભરવા રે;
ચિતરો મંડપ ચોરી મધ્યે, વરવહુ બેઠાં વરવા; ભરત. ૩
ભણતર ભણતી કુંવરી ચિતરો, શીખતી પાઠ સુધારવા રે,
પનઘટની પાણિયારી ચિતરો, હોય જતી જળ ભરવા. ભરત. ૪
નિર્મળ જળની નદિયો ચિતરો ને, ચિતરો ગિરિવર ગરવા રે;
નાટકશાળામાં નટ ચિતરો, ચિતરો નરપતિ નરવા; ભરત. ૫
પરવતના પાયામાંથી, જે ઝરણાં લાગે ઝરવા રે;
તે ચિતરીને વળી હિમગિરિ, ચિતરો ઠંડકથી જળ ઠરવા; ભરત. ૬
શીતળ વાયુ વાય શિયાળે, લાગે પાન વિખરવા રે;
વૈશાખે વનવેલી ફુલે ને, જળ વરસે ભાદરવા; ભરત. ૭
ચિતરો રે સજની માતની મૂર્ત્તિ, દુષ્ટ કરમથી ડરવા રે;
ભાવે પ્રભુના ભજનિક ચિતરો, અવસર અંત ઉગરવા. ભરત. ૮
રતન સહિત રતનાગર ચિતરો ને, ચિતરો નાવ ઉતરવા રે;
સુત ધવરાવતી સુંદરી ચિતરો, પ્રીતે પુત્રો ઉછેરવા. ભરત. ૯
ઝુમ્મર ચિતરો ને હાંડિયો ચિતરો, ભોંય જાજમ પાથરવા રે;
ખુબસુરતની છબીયો ચિતરો, રંગમહેલમાં ધરવા. ભરત. ૧૦
વિધવિધનાં કાંઇ વાસણ ચિતરો, ઘરમાં ઘણું વાપરવા રે;
ગાડી બગી ને ચારટ ચિતરો, સાંજ સવારે ફરવા. ભરત. ૧૧
ચિતર થકી ચિત ચિંતા ટળવા, શોક સકળ પરહરવા રે;
દલપતરામ રહે દુનિયામાં, સુખથી દિવસ નીસરવા. ભરત. ૧૨

---

## ગરબી ૧૫ મી.

"સોના કેરું બેડલું મોહન વેણ વગાડે."—એ રાગ.

જગતની રચના જેણે રચી, પ્રભુ મને પ્રાણથી પ્યારો.
હો બેહેન મોટો જેનો મહિમાય, પ્રભુ;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દેવ બધા જેના દાસ છે, પ્રભુ મને હો. [1]રાજરાજેશ્વરાય; પ્રભુ; ૧
પૃથ્વી પાણી આઠ પર્વતો, પ્રભુ; હો. સોમ સુરજ સરજનાર; પ્રભુ;
એવી લીલા એની અદભુત, પ્રભુ; હો. કોટી ભુવન કરતા; પ્રભુ; ૨
અગણિત આપણને પણ ઉપકાર, પ્રભુ; હો. એણે કીધા ઉપકાર; પ્રભુ;
દીન દયાળ ઉદાર ને, પ્રભુ; હો. નોધારા આધાર; પ્રભુ. ૩
આંખો અમૂલ્ય એણે દીધી, પ્રભુ; હો. કીધા સાંભળવા કાન; પ્રભુ;
હાથ ને પગ દીધા હેતથી, પ્રભુ; હો. દીધું છે જીવતદાન. પ્રભુ. ૪
બીજા પ્રાણીને બક્ષી નથી, પ્રભુ; હો. બુદ્ધિ દિધી એવી બેશ, પ્રભુ;
સંભાળ રાખે છે સર્વની, પ્રભુ; હો. હરિવર એજ હમેશ, પ્રભુ; ૫
ભોગ આપી ભલી ભાતના, પ્રભુ; હો. લાલ લડાવે છે લાડ, પ્રજુ;
ભોળે ભાવે કેમ ભૂલિયે, પ્રભુ; હો. પરમ પુરુષનો એ પાડ, પ્રભુ. ૬
અંતરમાંથી એકે ઘડી, પ્રભુ; હો. કદિયે વિસારીયે કેમ, પ્રભુ;
ખાતાં પિતાં સુતાં બેસતાં, પ્રભુ; હો. પૂરણ રાખિશ પ્રેમ, પ્રભુ; ૭
એ સાથે છે ઘણું આપણે, પ્રભુ; હો. આદે ને અંતે કામ, પ્રભુ.
તેના હુકમ કેમ તોડીએ, પ્રભુ; હો. જે છે જગતનો જામ[2]; પ્રભુ. ૮
અંતરની ગતિ આપણી, પ્રભુ; હો. એથી અજાણી ન એક, પ્રભુ;
દેખે છે દુનિયાને દૃષ્ટિએ, પ્રભુ; હો. એની કળા છે અનેક, પ્રભુ. ૯
ભલું કે ભુડું નથી ભૂલતો, પ્રભુ; હો. કરિએ જે આપણે કાંહિ, પ્રભુ;
અંતે એના ફળ આપશે, પ્રભુ; હો. માન ખરું મનમાંહિ. પ્રભુ. ૧૦
સાચો સગો એક શ્રીહરિ, પ્રભુ; હો. વાહાલામાં વાહાલો એ વીર, પ્રભુ.
પાળે ગમે તો પ્રલે કરે, પ્રભુ; હો. સોંપ્યું મેં એને શરીર, પ્રભુ.૧૧
જેથી એ રીઝે જગપતિ, પ્રભુ; હો. તેજ કરું તતખેવ, પ્રભુ;
ભાવે ભજું ભલી ભાતથી, પ્રભુ; હો. દલપતરામનો દેવ, પ્રભુ. ૧૨

---

૧. પહેલા ચરણ સિવાય બીજામાં હો આગળ મીંડુ કરેલું છે ત્યાં "હો બહેન" વાંચવું. ૨. જમ-રાજા.

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

## ગરબી ૧૬ મી.

### પૃથ્વી રૂપી નટડી વિષે.

"બહુચરબાળા બેનડી, સોળ સજ્યા શણગાર,"–એ રાગ.

સખી જો મોટા મેદાનમાં, અદભુત રીતે આજ; નટડી નાચે છે.
પેખીને અચરજ પામીઓ, સૌ વિદ્વાન સમાજ; નટડી નાચે છે. ૧
કોણ જાણે આવી કયાં થકી, ફરતી દેખ વિદેશ; નટડી નાચે છે.
નાટકના ભેદ ભલા ભણી, બની સ્વરૂપે બેશ; નટડી નાચે છે. ૨
એક કીધો ખેલ ખરેખરો, વિગતે કહું તે વાત; નટડી નાચે છે.
અણજાણ્યા જન માને નહિ, એવી વાત અઘાત; નટડી નાચે છે. ૩
નિજ શરીર સંકોચન કરી, થઇ ગઇ ગોળમટોળ; નટડી નાચે છે.
મેં દીઠું તેના દેહનું, દડા પ્રમાણે ડોળ; નટડી નાચે છે. ૪
તે ગુણવંતીએ ગોઠવી, અંગપર વસ્તુ અનેક; નટડી નાચે છે.
કોઇ ચોંટી એના અંગમાં, કોઇ તો છૂટી છેક; નટડી નાચે છે. ૫
પશુ પક્ષી પ્રાણી બહુ ધર્યાં, સ્થાવર જંગમ જાત; નટડી નાચે છે.
કેટલાંએક છોટાં છોકરાં, મોટાં પણ પ્રખ્યાત; નટડી નાચે છે. ૬
વળી ગાત્ર ઉપર બહુ ગોઠવ્યા, પ્યાલા પાણી ભરેલ; નટડી નાચે છે.
પછી દડાની પેઠે દડવડી, ખૂબ કર્યો ત્યાં ખેલ; નટડી નાચે છે. ૭
પછી ઉલટસુલટ કાયા કરી, ખુબ ગોલાંટો ખાય; નટડી નાચે છે.
પણ એકે વસ્તુ અંગથી, જરીએ ખશી ન જાય; નટડી નાચે છે. ૮
સ્થિર સ્થાપિત મોટો થાંભલો, [1]ધરી એનો આધાર; નટડી નાચે છે.
પણ તેને સ્પર્શ કર્યા વિના, ફરતી કુંડાકાર; નટડી નાચે છે. ૯
વળી તેથી રહી બહુ વેગળી, અધર ઉડી આકાશ; નટડી નાચે છે.
નિજ નજર ઠરાવી થાંભલે, ચકર ફરી ચોપાસ; નટડી નાચે છે, ૧૦
પણ કશીએ ખસીને નવ પડે, અંગેથી ચીજ એક; નટડી નાચે છે.
પ્યાલા પાણી છલકાઇને, છોળ ન ઉડે છેક; નટડી નાચે છે, ૧૧

---

[1] સૂર્ય.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વળી છૂટું તેનું છોકરું[1], ફરે તેને ચોફેર; નટડી નાચે છે.
જન અણજાણ્યા જાણે નહી, ખેલ કર્યો શીપેર; નટડી નાચે છે. ૧૨
એ કૌતક દેખી કોઇને, મન સમજાય ન મર્મ; નટડી નાચે છે.
પણ [2]મોહનવેલ મુજને મળી, ભાગ્યો તેથી ભર્મ; નટડી નાચે છે. ૧૩
ઘનરાજ ખુશી થયો ઘણો, દીધા સરસ શણગાર; નટડી નાચે છે.
રુડી સાડી લીલા રંગની, ઓઢાડી એ વાર; નટડી નાચે છે. ૧૪
તે જોવા ખેલ ખરેખરો, સૌને ઉપજ્યો સ્વાદ; નટડી નાચે છે.
ત્યાં કવિ દલપતરામે કહ્યું, ધન્ય એનો [3]ઉસ્તાદ; નટડી નાચે છે. ૧૫

### શાર્દૂલવિક્રીડિત છંદ.

ખાનાં કોઇક કોઇકમાં ભરી ભલી, ધાતુ જુદી જાતની,
કોઇમાં રસ શીશિયો વિવિધની, ભાળી ભલી ભાતની;
કોઇમાં બહુ બીજ ઓષધિતણાં, બુટી જડી કવાથની,
પૃથ્વી કે બહુ વસ્તુ વાળિ ધરિ છે, પેટી પ્રજાનાથની. ૧
સંકોચી નિજ ગાત્ર ગોળ દડુલા, જેવી થઇ દીસતી,
અંગે વસ્તુ અનેક ગોઠવી અને, ગોલાંટ ખાતી જતી;
એકે વસ્તુ પડે ન જોઇ જન તે, ભોળાય છે ભ્રાંતથી,
પૃથ્વી કે નૃપ પાસ કોઇ નટડી, ખેલે ખરી ખાંતથી. ૨

## ગરબી ૧૭ મી.

### વહેમ તજવા વિષે.

"જે કોઈ અંબિકા માતને અરાધશે રે લોલ."-એ રાગ.

સુણો શીખવા વિવેક, એક વાતડી રે, લોલ;
છૂટે મૂર્ખપણું છેક, ખુલે છાતડી રે, લોલ. ૧
ગુંથ્યા ગુણ ભરેલા ગ્રંથ, ભણો ભાવથી રે, લોલ;
પામો સૌ સતીના પંથ, તે પ્રભાવથી રે, લોલ. ૨
તજો વહેમ ભરી વાત, વહેમીએ કહી રે લોલ;
ભૂત પ્રેતને પિશાચ, સાચ છે નહી રે, લોલ. ૩

૧. ચંદ્ર. ૨. મોહનવેલ. ૩. ગુરુ.

P. P. Ac. Gunratnasuri M.S.    Jin Gun Aaradhak Trust

દોરા ચીઠી મંત્ર જંત્ર, જૂઠ જાણજો રે, લોલ;
આશા ટુચકાના તંત્રમાં, ન આણજો રે, લોલ. ૪
દેતાં દામ કરે કામ, દેવ દેવીઓ રે, લોલ;
ઠેલે લોક ઠામ ઠામ, વાત એવીઓ રે, લોલ. ૫
કરી મેખ વર્ખ કુંભ, ઠગે જોશીઓ રે, લોલ;
આડા ઉંજણી ને દંભ, ઠગે ડોશીઓ રે, લોલ. ૬
કેંક પુત્ર પુત્રી કાજ, ખત્તા ખાય છે રે, લોલ;
તજી લાજ જોગીરાજ, પાસે જાય છે રે, લોલ. ૭
વશીકરણતણી વાતથી, લુંટાય છે રે, લોલ;
ભોળી ભામનીની જાત, તે ઠગાય છે રે, લોલ. ૮
ખરું માનીને અચીત, ચિતે ચેતજો રે, લોલ;
ધરો ગાવા આવાં ગીત, હેડે હેત જો રે, લોલ. ૯
જશે ભૂલ ભર્યો ભર્મ, મર્મ જાણશો રે, લોલ;
પાળવા પવિત્ર ધર્મ, ઇચ્છા આણશો રે, લોલ. ૧૦
ભજો રાજાધિરાજ, મહારાજને રે, લોલ;
થશે કાજ વળી આજ, પામો લાજને રે, લોલ. ૧૧
તજો તુચ્છ જેવી ટેવ, અહમેવનારે, લોલ;
રીઝે દલપતનો દેવ, દેવ દેવતા રે, લોલ. ૧૨

---

## ગરબી ૧૮ મી.

"લાલ પિયારીનો સાહેબો રે"—એ રાગ.

ડુંગરા દૂર થકી રળિયામણા રે,
પાસે જાય ત્યાં પથરા હોય હો લાલ; ડુંગરા
નહિ ગુણ ગણીએ મોટા નામથી રે,
તેની તારીફ સુણિયે તોય હો લાલ; ડુંગરા. ૧
સરોવરથી સાગર મોટો સુણી રે,
પંખી પહોચ્યાં રાખી પ્યાર હોલાલ; ડુંગરા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પાણી પીને સુખ નહિ પામીઆં રે,
તેની તરસ ન ગઇ તલભાર હોલાલ; ડુંગરા. ૨
જોઇને દીપક જોત પતંગિયાં રે,
પડીઆં ઉપર ધરીને પ્રીત હોલાલ; ડુંગરા.
પાંખો દાઝી પીડા પામિયાં રે,
સુખ સુખ પામ્યાં ખેદ ખચીત હોલાલ; ડુંગરા. ૩
ઇંદરવરણાં ફળ અતિ ઓપતાં રે,
મુખમાં મેલે નહિ મીઠાશ હોલાલ; ડુંગરા.
ઉજળું દૂધ અનુપમ થોરનું રે,
તે તો પીતાં ઉપજે ત્રાસ હોલાલ; ડુંગરા. ૪
ઝાઝા જળનાં દેખી ઝાંઝવાં રે,
મૃગના મનમાં હરખ ન માય હોલાલ; ડુંગરા.
દોડી દોડીને દુઃખ પામીઆં રે,
જઇને જોતાં કાંઇ ન જણાય હોલાલ; ડુંગરા. ૫
આંબા જેવાં જોઈ આકોલીઆં રે,
કોયલ કરતી હતી આશ હોલાલ; ડુંગરા.
પછી તે દીઘાં પૂરાં પાકવા રે,
કરડી જોતાં માંહિ કપાસ હોલાલ; ડુંગરા. ૬
મણિની આશે મણિધર સેવિયો રે,
ઘણી રુડી રીતે રાખ્યો ઘેર હોલાલ; ડુંગરા.
માસ ગયા બહુ પણ ન મળ્યો મણિ રે,
ઝાઝું દીઠું ઉલટું ઝેર હોલાલ; ડુંગરા. ૭
સોનું વાલજ દેતી શંખલી રે,
તે તજી લીધો શંખ લપોડ હોલાલ; ડુંગરા.
બહુ બોલે પણ દમડી દે નહિ રે,
કહેસે લેને લાખ કરોડ હોલાલ; ડુંગરા. ૮
ભૂલ્યો ભમરો વનમાં ભટકતો રે,
ફૂલ્યાં જોઈ આવળનાં ફૂલ હોલાલ. ડુંગરા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કાંઇ સુગંધ ન પામ્યો સુંઘતાં રે,
મનમાં સમજ્યો મોટી ભૂલ હોલાલ; ડુંગરા. ૯
સુંદર હીરા સરખો શોભતો રે,
કિમ્મત પામે કાચ ન કાંઇ હોલાલ; ડુંગરા.
કેરી કેળાં કિધાં કાઠનાં રે,
જનની ભૂખ ન ભાગે જોઇ હોલાલ; ડુંગરા. ૧૦
શોભે દૂરથી દોલત સૂમની રે,
પણ તરશાંને પાણી ન પાય હોલાલ; ડુંગરા.
છેલે નરસા નિપજે છોકરા રે,
લક્ષ્મી લાખ રીતે લુંટાય હોલાલ; ડુંગરા. ૧૧
શોભે પણ પથરાની પૂતળી રે,
સઘળો ન ચલાવે સંસાર હોલાલ; ડુંગરા.
દસકત આ છે દલપતરામના રે,
વાંચી કરજો ચિત્ત વિચાર હોલાલ; ડુંગરા. ૧૨

---

## ગરબી ૧૯ મી.

### પરમેશ્વરના રસ્તાની ગરબી.

"તમને કેઇ વહુ ગોરાં ગમશે રાજ, અચકોમચકો કારેલી."—એ રાગ.

જો પ્રભુનો મારગ પૂછો રાજ વસ્તો રસ્તો સસ્તો છે,
છે સૂત્ર બરાબર સીધો રાજ, વસ્તો રસ્તો. ૧
કરતારે સેહેલો કીધો રાજ, વસ્તો રસ્તો. ૨
નથી ખેતર ખાડા ખઈયા રાજ, વસ્તો રસ્તો;
નથી પર્વત આડા પડિયા રાજ, વસ્તો રસ્તો. ૩
નથી કંકર ગોખરુ કાંટા રાજ, વસ્તો રસ્તો;
નથી ખાડા અવળા આંટા રાજ, વસ્તો રસ્તો. ૪

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નથી પથરા કાદવ પાણી રાજ, વસ્તો રસ્તો;
ત્યાં દાણુ ન લે કોઈ દાણી રાજ, વસ્તો રસ્તો. ૫
નથી ઝુકી ભયંકર ઝાડી રાજ, વસ્તો રસ્તો;
નહીં જોઇએ ઘોડાગાડી રાજ, વસ્તો રસ્તો. ૬
નહીં તાપ તપે મેહ વરસે રાજ, વસ્તો રસ્તો,
નહીં ઠંડક પડે તન ઠરશે રાજ, વસ્તો રસ્તો. ૭
એ તો ખુબ બન્યો છે ખાસો રાજ, વસ્તો રસ્તો;
નહિ વાઘ વરુનો વાસો રાજ, વસ્તો રસ્તો. ૮
વિશ્વાસ વળાવો લેવો રાજ, વસ્તો રસ્તો;
એક દામ પડે નહિ દેવો રાજ, વસ્તો રસ્તો. ૯
લઇ સત્ય દયાને સાથે રાજ, વસ્તો રસ્તો;
ધરી ઇશ્વર આજ્ઞા માથે રાજ, વસ્તો રસ્તો. ૧૦
તમે ચોંપ કરીને ચાલો રાજ, વસ્તો રસ્તો;
મનગમતા મારગ ઝાલો રાજ, વસ્તો રસ્તો. ૧૧
તમે સિધાવજો શુભ કામે રાજ, વસ્તો રસ્તો;
કહી દીધો દલપતરામે રાજ, વસ્તો રસ્તો. ૧૨

---

## ગરબી ૨૦ મી.

### ઈશ્વર ભજવા વિષે.

"આવો હરી શિવશંકર ભોળા"—એ રાગ.

સેવો સાહેબ સુખદાતા, જેવો જાણી તેજ પિતામાતા; સેવો. ટેક.
જગત થીર થાપેલું જેણે, અધિક સુખ આપેલું એણે;
તેણે તારા તાપ હર્યા તાતા, સેવો સખી સાહેબ સુખદાતા. ૧
અચળ પદ એજ ધણી આપે, થાકેલાંને થીરતામાં થાપે;
કાટે સહુ સંકટ દે શાતા, સેવો સખી સાહેબ સુખદાતા. ૨
જગતમાં જીવવું છે થોડું, જરૂર જવું વહેલું કે મોડું;
એવું તજી જાય ગોથાં ખાતા, સેવો સખી સાહેબ સુખદાતા. ૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગયા કેક જોશીને જાણ્યા, રહ્યા નહીં રાજા કે રાણા;
શાણાને અજાણ્યા જાણ્યા જાતા, સેવો સખી સાહેબ સુખદાતા. ૪
જેને મનગમતા રથ મેના, ઉત્તમ અધિકાર હતા એના;
તેનો જશ ગુણી જન નર ગાતા, સેવો સખી સાહેબ સુખદાતા. ૫
જેને થતી છત્રવડે છાયા, કમળ થકી કોમળ શુભ કાયા;
માયામાં જીવ બહુ જોડાતા, સેવો સખી સાહેબ સુખદાતા. ૬
જમે નિત્ય મનગમતા મેવા, દીસે જાણે દેશપતિ જેવા;
એવા ગયા અગણિત અથડાતા, સેવો સખી સાહેબ સુખદાતા. ૭
હતા રજપૂત શૂરા પૂરા, ચાહન કરે શત્રુતણા ચૂરા;
શૂરા હાલે હોમમાં હોમાતા, સેવો સખી સાહેબ સુખદાતા. ૮
શરીરે સાજાસુખે તાજા, રાજેશ્વરી રાજાના રાજા;
માજા જેની કોય ન તજી જાતા, સેવો સખી સાહેબ સુખદાતા. ૯
સાહેબી સોતા સાહેબજાદા, આવે નહિ નજરે એકાદા;
સાદા થૈ કબરમાં સમાતા, સેવો સખી સાહેબ સુખદાતા. ૧૦
જેણે ભગવાન ભજી લીધા, તેણે જશના ડંકા દીધા;
લીધા લાભને ગયા પંકાતા, સેવો સખી સાહેબ સુખદાતા. ૧૧
મનોહર શિક્ષા જે માને, પુરા જશ પામે તે બાને;
પાને દલપત લખે પ્રખ્યાતા, સેવો સખી સાહેબ સુખદાતા. ૧૨

---

## ગરબી ૨૧ મી.

### સંસારમાં સુખ માગવાની ગરબી.

"મા પાવા તે ગઢથી ઉતર્યાં મહાકાળીરે"—એ રાગ.

સંસાર વિષે સહુ સુખ, ઇશ્વર આપોને;
દીલડાનાં ટાળી દુઃખ, કુમતી કાપોને. ૧
સહુ સંબંધીમાં સંપ, ઇશ્વર આપોને;
વળી જીવમાં આપી જંપ, કુમતી કાપોને.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભણવા ગણવાનું ભાન, ઈશ્વર આપોને;
ગુણવંતુ આપી જ્ઞાન, કુમતી કાપોને. ૩
કોડીલો રુડો કંથ, ઇશ્વર આપોને;
વળી પવિત્ર આપી પંથ, કુમતી કાપોને. ૪
ઘરડો સસરો ઘરમાંહી, ઇશ્વર આપોને;
કંકાસ ન ઉપજે કાંહી, કુમતી કાપોને. ૫
સાસુ ગંગાજળ શુદ્ધ, ઈશ્વર આપોને;
વિચરું નહિ વચન વિરુદ્ધ, કુમતી કાપોને. ૬
જશવંતો રુડો જેઠ, ઇશ્વર આપોને;
ઠરવા મઝીઆરો ઠેઠ, કુમતી કાપોને. ૭
જેઠાણી કેરી જોડ, ઇશ્વર આપોને;
કરવાને પૂરા કોડ, કુમતી કાપોને. ૮
દીયર દીલનો દરીઆવ, ઇશ્વર આપોને;
દેરાણી રાણી રાવ, કુમતી કાપોને. ૯
નાની નણદી નણદોઇ, ઇશ્વર આપોને;
જીવમાં હું હરખું જોઇ, કુમતી કાપોને. ૧૦
પ્યારી પુત્રી ને પુત્ર, ઇશ્વર આપોને;
સારું ચાલે ઘરસૂત્ર, કુમતી કાપોને, ૧૧
વળી વેવાઈ ને વેવાણ, ઇશ્વર આપોને;
સદગુણવાળાં સુજાણ, કુમતી કાપોને. ૧૨
સજ્જન ને શુદ્ધ જમાઇ, ઇશ્વર આપોને;
દઇ કંથને ઘણી કમાઇ, કુમતી કાપોને. ૧૩
ઘાકડીઆળી ઘેર વહુ, ઈશ્વર આપોને;
દઇ બાળક બીજાં બહુ, કુમતી કાપોને. ૧૪
અધિકો નિત્યે ઉદ્યોગ, ઇશ્વર આપોને;
રૂદિયાના ટાળી રોગ, કુમતી કાપોને. ૧૫
સારી સાહેલીનો સંગ, ઇશ્વર આપોને;


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આપી અધિકો ઉમંગ, કુમતી કાપોને. ૧૬
વળી નિર્ભય નગરનિવાસ, ઇશ્વર આપોને;
આંગણીએ દઇ ઉજાસ, કુમતી કાપોને, ૧૭
દિવાળી જેવા દીન, ઇશ્વર આપોને;
દઇ ઉચ્છવ નિત્ય નવીન, કુમતી કાપોને. ૧૮
હૈડામાં હર્ષ હમેશ, ઇશ્વર આપોને;
વધતો તે થાય વિશેષ, કુમતી કાપોને. ૧૯
પ્રભુ ભક્તિમાં પણ ભાવ, ઇશ્વર આપોને;
ઠરી બને ન જૂઠ બનાવ, કુમતી કાપોને. ૨૦
પરિપૂરણ તમારો પ્યાર, ઇશ્વર આપોને;
આપી અમને આધાર, કુમતી કાપોને. ૨૧
લોકોમાં રુડી લાજ, ઇશ્વર આપોને;
વળી આપી અખુટ અનાજ, કુમતી કાપોને. ૨૨
વળી સુધર્મમાં વિશ્વાસ, ઇશ્વર આપોને;
કાપી સઘળો કંકાસ, કુમતી કાપોને. ૨૩
અંતરથી માગે આમ, ઇશ્વર આપોને;
દીનતાથી દલપતરામ, કુમતી કાપોને. ૨૪

---

## ગરબી ૨૨ મી.

### સુંદરબાઇને શિખામણની ગરબી.

"અચકોમચકો કારેલી"—એ રાગ.

સુંદરબાઇ ચાલ્યાં સાસરીએ, માબાપ શિખામણ આપે, બેન;
લાજ વધારજો લાખેણી. ટેક.
નીચા કુળની નિરલજ નારી, ભરથારનું વેણ ઉથાપે બેન, લાજ. ૧
સાસુજી કહે તે સાંભળજો, કોઇથી વઢવાડ ન કરશો બેન, લાજ.
સાંખી રહેજો બોલ્યું સહુનું, અભિમાન ન અંતર ધરશો બેન, લાજ. ૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઘરમાં બેઠાં ધંધો કરીએ, પરઘેર ઘણું નવ જઇએ બેન, લાજ.
તમે ભણ્યાં ગણ્યાં બહુ ડાહ્યાં છો, તમને ઝાઝું શું કહીએ બેન, લાજ.૩
કાલાં ઘેલાં તો નવ રહીએ, ચટકો મટકો નવ કરીએ બેન, લાજ.
કાંઇ વાત કરે વાંસે લોકો, એવું ન કદી આચરીએ બેન, લાજ.૪
જે સપૂત છે સારી છોડી, માબાપની લાજ વધારે બેન, લાજ.
મણિ લોહતણું સોનું કરશે, સોબતીને એમ સુધારે બેન; લાજ.૫
જે સંપ સગાંથી તોડે છે, કોઇ વખતે હાથ ઘસે છે બેન, લાજ.
જે સૌનું સારું ઇચ્છે છે, તેના દીલમાં દેવ વસે છે બેન, લાજ.૬

---

## ગરબી ૨૩ મી.

### સખીઓને શાણપણું શીખવવા વિષે.

દોહરો.

શાણપણું સમજાવવા, વિગતે કરી વિચાર;
સખીઓને શાણી સખી, શિખામણ દે સાર;

ગરબી.

“મહાકોપ થયો તે કળીકાળમાં જો”—એ રાગ.

સખી શીખો તો શાણપણું શીખવું જો,
સંપી જંપી સંસારમાં સુખી થવું જો. સખી. ૧
સાસુ સસરો કહે તે સરવ સાંખીએ જો,
ક્લેશ લેશ તો રૂદેમાં નહીં રાખીએ જો. સખી. ૨
મીઠા મીઠા મોઢેથી બોલ બોલીએ જો,
ખોટાં વેણ તો કદાપિ નહીં બોલીએ જો. સખી. ૩
દાસ દાસી સુધાંને માન દીજીએ જો;
કદી કોઇને ટુંકારો નહીં કીજીએ જો. સખી. ૪
આપણી સંગતે ચઢે તેને સુધારીએ જો,
બોધ દઇને વિરોધ ન વધારીએ જો. સખી. ૫

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

જીવ રાખવો જરૂર કામ કાજમાં જો,
લાખે લેખાંનો લાભ લેઓ લાજમાં જો. સખી. ૬
છેક છાની પગવાટે નહીં પેસીએ જો,
બુરાં બઇરાંની પાસે નહીં બેસીએ જો. સખી. ૭
ગણી તુચ્છ કાળ વ્યર્થ નહીં ગાળીએ જો,
ભરત ચિત્ર તથા ચોપડી સંભાળીએ જો. સખી. ૮
ખોટી થઇને નકામાં નહીં ખેલીએ જો,
મેલાં ઘેલાં રહેવાની રીત મેલીએ જો. સખી. ૯
રૂડી રીતે ઘરબાર સાફ રાખીએ જો,
ભાષા જાડી કે આડી નહી ભાખીએ જો. સખી. ૧૦
ક્રોધી સામા તો ક્રોધી નહિ થઇ જવું જો,
આગ દેખીને આપણે પાણી થઇ જવું જો. સખી. ૧૧
ઉંડી આપદામાં ધીરજ તો ધારીએ જો,
હૈયે હરખડીને હીંમત ન હારીએ જો. સખી ૧૨
જ્ઞાનદાતાને માતપિતા માનીએ જો,
પણ બુદ્ધિ નહિ રાખીએ પાનીએ જો. સખી. ૧૩
ચાડી ચોરીમાં ચિત્ત ન ચોંટાડીએ જો,
ઘણું ખરચવાની ટેવ તો ઘટાડીએ જો. સખી. ૧૪
સારું થાવા આગળથી સુરત સાંધવી જો;
બેહેનો પાણીથી પેહેલી પાળ બાંધવી જો. સખી. ૧૫
વધે લાજ આજ કાજ તો એવાં કરો જો;
સદા રાખી સંતોષ દોષથી ડરો જો. સખી. ૧૬
ખાનપાન તણું દાન દેવું દીનને જો,
આપી સુખવારો આપણા આધીનને જો. સખી. ૧૭
ધર્મ કર્મનો તો મર્મ દીલે ધારીએ જો,
ઝેર વેરતણી વાત તો વિસારીએ જો. સખી. ૧૮

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભૂત પ્રેત તૂત જાણી ભ્રમ ભાગીએ જો,
જરૂર સૂરજ ઉગ્યાથી પ્રથમ જાગીએ જો. સખી. ૧૯
જાદુ ટોણાં વગોણાં જેવાં જાણજો જો,
બાધા આખડીમાં આશા નહિ આણજો જો. સખી. ૨૦
રુડી રીતે રસોઇ શીખો રાંધતાં જો,
સારું શીખો વળી સીવતાં ને સાંધતાં જો. સખી. ૨૧
થવું ઠીક થૈ ઠરેલ રાખી સ્થિરતા જો,
ગુણવંતાં થૈ રાખવી ગંભીરતા જો. સખી. ૨૨
સોના કેરો શણગાર નથી શોભતો જો,
લેજો લાયકી લેવાનો ઘણો લોભતો જો. સખી. ૨૩
શોધી લેવો તે સ્વર્ગ સુખ સાજને જો,
રટી રાજાધિરાજ મહારાજને જો. સખી. ૨૪
રૂદયે રાખો રુડી દલપતરામની જો,
કહી શિક્ષા તે છે તમારા કામની જો. સખી. ૨૫

---

## ગરબો ૨૪ મો.

### સાહેલીઓને શિખામણની ગરબી.

"પ્રથમ પાર્વતીના પુત્રને પાયે નમુંરે લોલ"–એ રાગ.

સરવ સ્નેહ ધરી સાંભળો સાહેલીઓ રે લોલ;
ભાત ભાત ભાવ ભેદની ભણેલિયો રે લોલ. ૧
કથું કથન તે કહેલું ધરો કાનમાં રે લોલ;
શીખ શીખવું તે શીખી લેજો સાનમાં રે લોલ. ૨
શીખી સારા પાઠ સદગુણે શોભાવજો રે લોલ;
લખો વાંચીને ગંભીરપણું લાવજો રે લોલ. ૩
કરો પ્રેમે પ્રભુ પ્રાર્થના પ્રભાતમાં રે લોલ;
તજો વાદ ને વિવેક લાવો વાતમાં રે લોલ. ૪

P. P. Ac. Gunrathasuri M.S. Jin Gun Aaradhak Trust

બોલ બોલતાં વિચારી બહુ બોલજો રે લોલ;
તેમાં તત્વમાંથી તત્વ વાત તોળજો રે લોલ. ૫
આઠ પહોર ચિત્ત રાખવું આનંદમાં રે લોલ;
ફોસલાઇને ફસાવું નહી ફંદમાં રે લોલ. ૬
કુટિલ થાય તે ભણેલી કશા કામની રે લોલ;
નફ્ટ નારિ રહે તે ભણેલી નામની રે લોલ. ૭
ધડક ટાળિ દુર્ગુણાળિને ધિક્કારવી રે લોલ.
ધર્મહીણિને તો ધુળ જેવી ધારવી રે લોલ. ૮
ઘેર પારકે જે ઘૂમતી ફરે ઘણી રે લોલ;
તુચ્છતા જણાય તેવી તારુણીતણી રે લોલ. ૯
હઠીલાઇ તો હૈયાથી દૂર પરહરો રે લોલ;
શીખ સાસુની સદૈવ ધ્યાનમાં ધરો રે લોલ. ૧૦
શાંત ચિત્ત ધરીને સૌનું બોલ્યું સાંખજો રે લોલ.
ક્રોધ ને વિરોધ જોધ કાઢી નાંખજો રે લોલ. ૧૧
બહુ અદબ રાખી બોલવું ને ચાલવું રે લોલ;
ભુંડાપો તજીને ભલપણું સંભાળવું રે લોલ. ૧૨
અધમ આળસ તો અંગમાં ન આણવી રે લોલ;
જશ જમાવવાની જુક્તિ જોડી જાણવી રે લોલ. ૧૩
પિયર સાસરે સુકીર્તિ સંપડાવજો રે લોલ;
કૂળદીપિકા કુટુંબમાં કહાવજો રે લોલ. ૧૪
ઘણું અંગમાં ઘરેણું નહીં ઘાલવું રે લોલ;
મેલી લોકની મરજાદ નહીં ચાલવું રે લોલ. ૧૫
કરજ હોય તો વધારે કસર કીજીયે રે લોલ;
દેવા દામ તે તમામ વાળી દીજીયે રે લોલ. ૧૬
સ્વામિને કુસંપથી નહીં સંતાપિયે રે લોલ;
ધીરજ ધારીને વધારે ધીરજ આપિયે રે લોલ; ૧૭

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રુડું આંગણું સમારી સારૂં રાખવું રે લોલ.
ચાવણું તે સૌને વહેંચી આપી ચાખવું રે લોલ. ૧૮
સ્નેહ સંપ જંપ સર્વદા સંભાળિયે રે લોલ;
તાણ ખેંચની તમામ ટેવ ટાળિયે રે લોલ. ૧૯
ભરત ચિત્ર શીખી લેવાં ભાતભાતનાં રે લોલ;
જમણ રાંધી જાણી જેવાં જાતજાતનાં રે લોલ. ૨૦
પુસ્તકો પવિત્ર વારેવારે વાંચિયે રે લોલ;
મારીએ નહિ ગપાટા બેસી માંચિયે રે લોલ. ૨૧
પોતે સુધરી સાહેલીને સુધારવી રે લોલ;
તરત વહેમમાં તણાતી તેને તારવી રે લોલ. ૨૨
સારા ભણતરનો એટલોજ સાર છે રે લોલ;
નહિ તો તેથી ભલી અણભણેલી નાર છે રે લોલ. ૨૩
કહ્યાં કહેણ તે તો છે તમારા કામનાં રે લોલ;
રાખજો રૂદેમાં દલપતરામનાં રે લોલ. ૨૪

---

## ગરબી ૨૫ મો.

### ઘેલી મુસાફરની ગરબી.

"અમે ઇડરીઆ ગઢ જીત્યાંરે, આનંદ ભલા"–એ રાગ.
એક હતી મુસાફર ઘેલીરે, શુણો સાહેલિયો;
તેની આગળ એક તપેલીરે, શુણો સાહેલિયો. ૧
ગઈ રાતની રાખી એઠીરે, શુણો સાહેલિયો;
ઉઠી પ્રભાતે માંજવા બેઠીરે, શુણો સાહેલિયો. ૨
ઘણી રીતે ઘશી ઘશી થાકીરે, શુણો સાહેલિયો;
બહુ ડાઘા રહ્યા તોય બાકીરે, શુણો સાહેલિયો. ૩
પુરી રીસે તપેલી ઉપાડીરે, શુણો સાહેલિયો;
સામી ભીંતની સાથે પછાડીરે, શુણો સાહેલિયો. ૪

P. P. Ac. Gunrathasuri M.S. Jin Gun Aaradhak Trust

લઈ પથરો તપેલીને ફૂટીરે, શુણો સાહેલિયો;
પડી ગોબા તપેલી તો ફૂટીરે, શુણો સાહેલિયો. ૫
થયા બપોર ભૂખ તો લાગીરે, શુણો સાહેલિયો;
પછી વાસણ માગવા લાગીરે, શુણો સાહેલિયો. ૬
એને વાસણ ન આપે કોઇરે, શુણો સાહેલિયો;
પછી રાગ તાણી ઘણી રોઇરે, શુણો સાહેલિયો. ૭
તોય થૈ ન તપેલી સાજીરે, શુણો સાહેલિયો;
હસે લોક ને તે મરે લાજીરે, શુણો સાહેલિયો. ૮
જેથી સ્વારથ આપણો જરિયેરે, શુણો સાહેલિયો;
તેના ઉપર ક્રોધ ન કરિયેરે, શુણો સાહેલિયો. ૯
લાત દૂઝતી ગાયની ખમિયેરે, શુણો સાહેલીયો;
તેને તજીએ તો દૂધ ક્યાં જમિયેરે, શુણો સાહેલીયો. ૧૦
કોઇની સાથે ટુંકારે લડીયેરે, શુણો સાહેલીયો;
એમાં આપણે હલકાં પડીયેરે, શુણો સાહેલીયો. ૧૧
સાંખી ચાલે તે માણસ મોટુંરે, શુણો સાહેલીયો;
દલે સાચું માનો નથી ખોટુંરે, શુણો સાહેલીયો. ૧૨

## ગરબી ૨૬ મી.

## સ્ત્રી રૂપી પેટીની ગરબી.

"મહા કોપ થયો તે કળીકાળમાં જો."—એ રાગ.
શાને કાજે કારીગરે પેટી કરી જો;
શુણો કારણ કહું તે સર્વ સુંદરી જો. શાને. ટેક.
ધણી માલ સોંપે તે સંભાળી રાખવા જો;
ચોરી પાઇએ તેમાંથી નહીં ચાખવા જો. શાને. ૧
ધંધા માટે ધણી તો જ્યાં ત્યાં ધાય છે જો;
સરવે પેટીથીજ માલ સચવાય છે જો. શાને. ૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વાત છાની લખેલી સોંપે જોઇને જો;
કાયા છતાં જણાવે નહિ કોઇને જો. શાને. ૩
તરખલા જેવીએ ચીજ સોંપે તેહને જો;
સોના મોહોરની પેઠે સંભાળે એહને જો. શાને. ૪
સોંપે ચીજ તે મલિન થવા દે નહીં જો;
સારી રાખે સંભાળીને સદા સહી જો. શાને. ૫
સોંપે દફતર તો તે પણ સંભાળશે જો;
ધણીની ઘણી ઘણીક ચિંતા ટાળશે જો. શાને. ૬
ધણી પણ તેને પ્રાણ જેવી ધારશે જો;
કોઇ મારવા આવે તો તેને મારશે જો. શાને. ૭
ધણીને પકો ભરૂસો હોય પાડતી જો;
પેટી માલ પાઇનો નથી બગાડતી જો. શાને. ૭
કુંચી રૂપી ધણીની ચીઠી જોઇને જો;
માલ તે વિના ન આપે કોઇને જો. શાને. ૯
કરે રક્ષણ હરેક પ્રકારે ધણી જો;
વળી ચિંતા રાખે ચિતમાં ઘણી જો. શાને. ૧૦
ધણીથીજ તે પેટીને મોટું માન છે જો;
ધણીના પ્રતાપથીજ ધનવાન છે જો. શાને. ૧૧
નહિ તો તે હેરાન થાય ટાઢ તાપમાં જો;
માનવી ગણે નહીંજ મોટા માપમાં જો. શાને. ૧૨
સંપ હોય તો બંને સુખી ગણાય છે જો;
નહી તો બંનેને નુકશાન થાય છે જો. શાને. ૧૩
એક મૂરખાએ માલ પાછો માગતાં જો;
ભાગી પેટી લગાર વાર લાગતાં જો. શાને. ૧૪
સમજયો મર્મ ઉર રીસ જ્યારે ઉતરી જો;
પસતાઇને પોતે રોવા બેઠો ફરી જો. શાને. ૧૫
શિખામણ છે આ સૌના કામની જો;
દિલે રાખો આ વાત દલપતરામની જો. શાને. ૧૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ગરબી ૨૭ મી.

### ઘર સૂત્રની આંટી ઉકેલવા વિષે.

"મેં તો પહેલે પાવટડે પગ મેલ્યો."—એ રાગ.

સખી આંટી ઉકેલો સૂતરની,
કાંતો ઉચરો વાચા ઉત્તરની, આંટી ઉકેલો સૂતરની.
થિર રાખીને મન ઠેકાણે, આ આંટી ઉકેલે આ ટાણે;
ઘરસૂત્ર ચલાવી તે જાણે, આંટી. ૧
આ આંટિમાં છે ઘુંચ ઘણી, ઉકેલે તે મારી બેનપણી;
ભલું ભણતર તો તે બાઇ ભણી. આંટી. ૨
સૈયર એ કામ નથી સહેલું, સાધારણ સમ ભાસે પહેલું;
પણ જાણે જેણે ચલાવેલું. આંટી. ૩
આગળ જાતાં ઘુંચો આવે, એ તો અતિશે જીવને અકળાવે;
ફુવડ નારીને નવ ફાવે. આંટી. ૪
જો તંતુ ઘણો કોઈ તાણે, તો તરતજ તૂટે તે ટાણે;
જુદાઇ પડે તે જગ જાણે. આંટી. ૫
સાંધે તો વચમાં ગાંઠ વળે, પછી તો કોઈ કાળે ન ટળે;
સાંભળતાં ચર ચર ચિત બળે. આંટી. ૬
જે સમજણ વગર ગરવ આણે, તે આંટી ઉકેલી નવ જાણે;
વણ સમજે તંતુ ઘણો તાણે. આંટી. ૭
કાં તો વારે વારે તોડે, કાંતો તરછોડી છેકજ છોડે,
પછી આંટીને તે અવખોડે. આંટી. ૮
બેસે રોષ ધરી બહુ રોવાને, જન મળે તમાસો જોવાને,
ખાવા ન ઉઠે પત ખોવાને. આંટી. ૯
સમજુ તો ધીરજ ધારીને, પૂછે જઇ પ્રવીણ નારીને;
તે વચન કહે વિચારીને. આંટી. ૧૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એકાદી ઘુંચ કાઢી આપે, રુડી રીત બતાવી સ્થિર સ્થાપે;
બધિ તો ઘુંચ નવ કાઢે આપે. આંટી ૧૧
પૂરી સમજણ પોતાના જોઇએ, બીજો શું કરી શકે કોઇએ
નવ અકળાઇએ ને નવ રોઇએ. આંટી. ૧૨
જે મનડું રાખે થિર ઠામે, તે આંટી ઉકેલી જશ પામે;
દિધી શીખામણ દલપતરામે. આંટી. ૧૩

## ગરબી ૨૮ મી.

### ઘરસૂત્ર રૂપી રાજ વિષે ગરબી.

" સખી આજ મોહન દીઠારે શેરીએ આવતારે. " એ રાગ.
સખી ઘરસૂત્રની શોભા રે, સુરાજ્ય સમાન છે રે;
તે રાજયમાં રુડી રામા રે, પ્રખ્યાત પ્રધાન છે રે. ૧
રાજા તો રાજય જમાવે રે, નિભે છે પ્રધાનથી રે;
સાગરમાં નાવ ચાલે છે રે, તે જેમ સુકાનથી રે. ૨
પ્રવીણ પ્રધાન પમાય રે, પ્રભુની કૃપા થકી રે;
નઠારા પ્રધાનથી નૃપતિ રે, ન રહે સુખીઓ નકી રે. ૩
પ્રજા પણ પીડાજ પામે રે, બેન અણબનાવથી રે;
ફરે થાય રિપુજન રાજી રે, દગો કરે દાવથી રે. ૪
ખરેખરી ખુબ ખરાબી રે, અંતે એથી ઉપજે રે;
ઉભયતણી થાય અકીર્તિ રે, તથા લક્ષ્મી તજે રે. ૫
રુડો સીધો રસ્તો બતાવે રે, રાજી રાખી રાયને રે;
પ્રધાન વખાણ તે પામે રે, તજે નહિ ન્યાયને રે. ૬
રાજા પણ કાજ આરંભે રે, પૂછીને પ્રધાનને રે;
બંનેની સલાહથી સુધરે રે, પામે મોટા માનને રે. ૭
જો બે મત તાણે જુદા રે, ખરાબી અંતે ખરી રે;
માટે મન રાખવાં મળતાં રે, મરમ મનમાં ધરી રે. ૮

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

रुडो राज्य रुपी तो रथ छे रे, घोडा बे निभावशे रे;
हठे एक ने एक दोडे रे, ते रथ शुं चलावशे रे. ९
खचित रथ खाडामां नांखे रे, पोते दुःखमां पडे रे;
रुडी रीते रथ तो चलावे रे, जोडे जोडुं जे जडे रे. १०
हरेक प्रकारे ते हरकत रे, करे नहीं कोइने रे;
राजी थाय रथ सजनारो रे, जुगती रुडी जोइने रे. ११
विवेके आ वात विचारो रे, तमे तजी गर्वने रे;
दिधी भली दलपतरामे रे, शिखामण सर्वने रे. ६२

## गरबी २९ मी.

### राधिकानुं रुशणुं.

" मा तुं पावानी पटराणी, भवानी मा काळका रे, लोल.

सजनी तुं शामाटे रीसाणी, राणी राधिकारे लोल;
सजनी तारुणी नथी तुजतुल्य, अकलमां अधिकारे लोल. १
सजनी सांभळ स्नेह सहित, शिखामण सार छे रे लोल;
सजनी जुवती जनने जोग, विवेक विचार छे रे लोल. २
सजनी कंथनी साथे केम, रहे तुं रीसमां रे लोल;
सजनी कहुं ते धरजे कान, करोध करीशमां रे लोल. ३
सजनी सासरीयांनी साथ, वसे शुभ स्नेहथी रे लोल.
सजनी सुंदरी जनने सुख, अधिक तो अहथी रे लोल. ४
सजनी करमे मळीओ कंथ, न छोडयो छूटशे रे लोल;
सजनी ते सगपणनो तंतु, न तोडयो तूटशे रे लोल. ५
सजनी नम्रपणाथी नारी, सुख संसारमां रे लोल;
सजनी संप विषे शोभाय, नथी शणगारमां रे लोल. ६
सजनी सासुने दिल शुद्ध, स्वभावे सेवीए रे लोल;
सजनी माता सगी समान, तो तेने टेवीए रे लोल. ७

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સજની જે દિએર કે જેઠ, ભલા તે ભાઇ છે રે લોલ;
સજની સાસરીયાંની સાથ, કે સાચી સગાઇ છે રે લોલ. ૮
સજની પીયર પૈસાદાર, કહો શા કામનું રે લોલ;
સજની ધણીઆપું ન ધરાય, કે બેય બદામનું રે લોલ. ૯
સજની સસરાની સંપત્તિ, કે એ તો આપણી રે લોલ;
સજની એમ ન સમજે આપ, પસ્તાય તે પાપણી રે લોલ. ૧૦
સજની સસરો સાસુ સર્વ, સગાં સાચાં થયાં રે લોલ;
સજની જે પીયરનાં જન, એ તો અળગાં રહ્યાં રે લોલ. ૧૧
સજની અવગુણ એનો એક, ન ઉરમાં આણીએ રે લોલ;
સજની હરકોઇ જે ગુણ હોય, વિશેષ વખાણીએ રે લોલ. ૧૨
સજની એ સુખનો ઉપાય, નથી બીજો નકી રે લોલ;
સજની સ્વારથ તારો સર્વ, બગાડે કાં બકી રે લોલ. ૧૩
સજની રીઝવીએ રસ રીતે, કંથને કેળવી રે લોલ;
સજની પૂરણ કરીએ પ્રેમ, કે મનડું મેળવી રે લોલ, ૧૪
સજની ભાગ્ય થકી ભરથાર, મળ્યો તે માનીએ રે લોલ.
સજની બુદ્ધિમાં લઇ બોધ, ન પરઠો પાનીએ રે લોલ; ૧૫
સજની પરણ્યા સાથે પ્રીત, ગણો મનમાં ગળી રે લોલ;
સજની નખ તો કાપ્યા જાય, કપાય ન આંગળી રે લોલ. ૧૬
સજની અબળાનો અવતાર, દીસે જશ દોહલો રે લોલ;
સજની સાચવવો સંસાર, સદા નથી સોહલો રે લોલ. ૧૭
સજની પરવશ પડવું પંડ, ગરજ રાખી ગળી રે લોલ;
સજની કડવાં મીઠાં વેણ, સાંખી જઇએ વળી રે લોલ. ૧૮
સજની અંતરમાં અભિમાન, અવશ્ય ન આણીએ રે લોલ;
સજની સ્વામી સાથે તંત, અત્યંત ન તાણીએ રે લોલ. ૧૯
સજની કરે હમેશાં કલેશ, તે હલકી હોય છે રે લોલ;
સજની મીણતણો પણ મરદ, ધણી તે તોય છે રે લોલ. ૨૦

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

સજની એપરવાઇના બોલ, ન ખળમાં બોલીએ રે લોલ;
સજની રીસ ચડયાની રીત, બચીત ન બોલીએ રે લોલ. ૨૧
સજની ધરીએ નહિ નિરધાર, કે આળસ અંગમાં રે લોલ.
સજની વસીએ જઇને વાસ, સદા સતસંગમાં રે લોલ. ૨૨
સજની ઘર છોડી પરઘેર, બહુ નહિ બેસીએ રે લોલ;
સજની નિર્લજ નારી પાસ, ન પ્રેમે પેસીએ રે લોલ. ૨૩
સજની વહેલાં વહાણામાંહી, કે ઉંઘી ઉઠીએ રે લોલ;
સજની કહીએ નહિ કદી કહેણ, કે જીભે જૂઠીએ રે લોલ. ૨૪
સજની વિધવિધ થાય વખાણ, કે કારજ કીજીએ રે લોલ,
સજની પીયુના વચન પ્રમાણ, કે પાણી પીજીએ રે લોલ. ૨૫
સજની તેના મનની મરજી, ધરીયે ધ્યાનમાં રે લોલ;
સજની કહ્યા વિના પણ વેણ, સમજીએ સનમાંરે લોલ. ૨૬
સજની ચોખાં અંગે ચીર, સરસ શોભાવીએરે લોલ;
સજની સંપતને અનુસારે, કે ઘર નિભાવીએરે લોલ. ૨૭
સજની વિનયથકી વશ થાય, સરવ સંસારમાંરે લોલ;
સજની અમૃત વિનય વચન, નઠી નરનારમાંરે લોલ. ૨૮
સજની કામણ ટુંમણ મંત્ર, જરૂર છે જુઠડારે લોલ;
સજની વળગે જેને વહેમ, રઘુવર રૂઠડારે લોલ. ૨૯
સજની વહાલપ ભરીયાં વેણ, ભલી વિધ ભાખીએરે લોલ;
સજની હસતું મુખ હમેશ, રુડાં થઇ રાખીએરે લોલ. ૩૦
સજની જશ વાધે જગમાંહી, પૂરાં સુખ પામીએરે લોલ;
સજની સુત પરિવારસહિત, જગતમાં જામીએરે લોલ. ૩૧
સજની વળી વિચરે વિખ્યાતિ, જુગેજુગ નામનીએરે લોલ;
સજની શિખામણ છે શુદ્ધ, કે દલપતરામનીરે લોલ. ૩૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ગરબી ૩૦ મી.

### ભરથાર વશ કરવાની ગરબી.

"અલબેલી રે અંબે માત, જોવાને જઇએ"—એ રાગ.

લલના નહિ થાય લગાર, કામણ મંત્ર કશે;
આ મંત્ર કરો ઉચ્ચાર, વશ ભરથાર થશે.　　　ટેક.

પ્રાણ થકી પિયુજી છો પ્યારા, ન્યારા ન રહો નાથ રે;
સર્વથકી લાગો છો સારા, હું વેચાઉં તમ હાથ. કામણ. ૧

તનમનમાં રહે સાજી તાજી, રાજી દેખું રાજ રે;
જો કદી જાણું કાંઇ કુરાજી, ડુબ્યાં દરિએ જહાજ. કામણ. ૨

માતપિતાએ મોટી કરીને, હેતે સોંપ્યો હાથ રે;
સુખ આપો કે દુઃખ આપો તમે, છો મસ્તકના નાથ. કામણ. ૩

ગુણ સાગર ગંભીર છો સ્વામી, હું અવગુણ ભરી આજરે;
પોતાની ગણી પ્રેમ નિભાવો, બાંહ્ય ગ્રહ્યાની લાજ. કામણ. ૪

સ્નેહ તમારો જોઇને સ્વામી, જામી મિલકત જેમ રે;
ખુબ ખુશી થઇ ન રહી ખામી, પામી પૂરણ પ્રેમ. કામણ. ૫

ભલું કર્યું ભગવંતે મારો, સફળ કર્યો અવતાર રે;
મહેર કરી મનગમતો આપ્યો, તમ સરખો ભરથાર. કામણ. ૬

સગાં સરવ તમ સારુ તજીઆં, સૈયર તજીઆ સંગ રે;
દોસ્તી સરવની દૂર કરી હું, રાચી તમારે રંગ. કામણ. ૭

આભ ઊંચે ને નીચે અવની, અવર નથી આધાર રે;
આશા રાખું એક તમારી, છો સુખના દાતાર. કામણ. ૮

જો સુંદરીને રીઝે સ્વામી, તો શોભે શણગાર રે;
નહિતો તે શણગાર સરવ છે, આગતણા અંગાર. કામણ, ૯

દુનિઆમાં નર તમને દેખું, બીજા સરવ ફકીર રે;
તુચ્છ ગણું છું તે સઘળાને, હોય અમીર વજીર. કામણ. ૧૦

જળજંતુને જળ સંગાથે, જેવી પૂરણ પ્રીત રે;
પલક પડે જો દૂર તરફડે, એજ અમારી રીત. કામણ. ૧૧

પાર ન લે પ્રીતિ વરણવતાં, સ્થિર બેશી એક ઠામ રે;
રાત દિવસ કવિતા રચનાજો, રચશે દલપતરામ. કામણ. ૧૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ગરબી ૩૧ મી.

### વિજોગ વિષે.

"મારું સોનાનું છે બેડુંરે, છેલ છબીલા છોગાળા" એ રાગ.

કહે શામા સુણ સાહેલી રે, પીઉ પધાર્યા પરદેશે;
મુજને એકલડી મેલી રે, ભર જોબન બાળે વેષે. ૧
સાસરીઆમાં સુખ શાનુંરે, વાલમજીના જોગ વિના;
પીયર ન ગમે પોતાનુંરે, બનવી ન રહી બાકી બીના. ૨
રોતાં વીતે છે રજની રે, દિવસે દિલમાં દાઝું છું;
શું કહીએ આઝું સજની રે, લોકની લાજે લાજું છું. ૩
સૈયર મારો સંદેશો રે, પોંચાડે કોણ પ્રીતમને;
ઉરમાં આવે અંદેશો રે, અવગુણ ગણી તજીઆં અમને. ૪
અલબેલો જો નહિ આવેરે, જીવલડો મારો જાશે;
સમજણ દઇ કોણ સમજાવે રે, કંથ હત્યારો કહેવાશે. ૫
જગમાં જન સઘળા જાણે રે, દિલમાં એને ખુબ દયા;
તે ટેક તજી આ ટાણે રે, કંથ નમેરા કેમ થયા. ૬
રૂદયામાં કરુણા રાખી રે, મન મોહન આવે મળવા;
પરણીને પરવશ નાંખી રે, રસીયો તુરત ગયો રળવા. ૭
રૂદયામાં સમજી રહીએ રે, વિજોગના દુઃખની વાતો;
કયાં જઇને દુઃખડાં કહીએરે, ઘરધણીએ કીધી ઘાતો. ૮
મુજને પીઉ કયારે મળશે રે, કંથ વિના સરવે કાચું;
તનનાં દુઃખ કયારે ટળશેરે, સજની તું કે'ને સાચું. ૯
જો પંડ વિષે હોય પાંખો રે, ઉડી જઇ મળીને આવું;
એકવાર મેળાવું આંખોરે, લલચાવીને ઘેર લાવું. ૧૦
પોપટડા પાંખો વાળા રે, વાલમ પાસે જા વીરા;
રસકસ આપીશ રૂપાળા રે, વળી માણેક મોતી હીરા. ૧૧
પાંજરીયું તારું પ્યારા રે, સરસ ઘડાવીશ સોનાનું;
જયાં જીવનજી છે મારા રે, છેક વચન કહેજે છાનું. ૧૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અતિ રુદન કરે છે રાધા રે, જીવન વિચર્યો જે દિનથી;
બાંધી અનજલની બાધારે, તન દાઝે છે તે દિનથી. ૧૩
તમવિના રહે ટળવળતીરે, શી રીતે સંતાપ સહે;
વ્હાલમ પસ્તાશો વળતી રે, પ્યારીના નહિ પ્રાણ રહે. ૧૪
પ્રીતમજી ઘેર પધારોરે, દિલમાં લાવી કંઈક દયા;
વનિતાનો હરખ વધારોરે, બળવંતા શું બેસી રહ્યા. ૧૫
શૂળીનું સંકટ સારું રે, વિજોગનું તેથી વસમું;
હળવે હળવે હણનારુંરે, સંકટ તો તેના ન સમું. ૧૬
કોઇ પણ પ્રીતમ પ્યારીનેરે, વિશ્વ વિષે ન વિજોગ થશો;
નવનીધ છતાં નારીને રે, કંથવિના નહિ લ્હાવ કશો. ૧૭
પ્રથમથી પ્રીત વધારી રે, સાથ ન રાખી શા માટે;
વળતી મેલી વિસારી રે, અંતર દાઝે એ માટે. ૧૮
હવે ઘણી થઇ ઘેર આલોરે, સમજુ છો ઘણું શું કહીએ;
અબળાને ધીરજ આલોરે, રીસ કરી ન હવે રહીએ. ૧૯
ધીરતા રાખીને થાકીરે, શાણપણે સુખ દુઃખ સહી;
બનવાની નહિ રહી બાકીરે, હિંમત હૈડામાં ન રહી. ૨૦
રોઇરોઇને આંખો રાતીરે, કીધી છે તે કામનીએ;
છણછણ દાઝે છે છાતીરે, ભજન ધર્યું છે ભામનીએ. ૨૧
તેનું દુઃખ ટાળે તેવીને, જડીબુટી જગમાં ન જડે;
અતિ અદ્દ્ભુત પીડા એવીરે, નારીને નિત નીત નડે. ૨૨
એટલું જઇ પિયુની આગળરે, કથન વિચારીને કે'જે;
વળી લાવ લખાવી કાગળરે, જે જોઇએ તે તું લેજે. ૨૩
રુડી આ રસની રીતિરે, દલપતરામે કહી દીધી;
પ્રીતમ પ્યારીની પ્રીતિરે, લાયક જાણી દીલ લીધી. ૨૪


P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ગરબી ૩૨ મી.

### મહીના.

"ઓધવજી સંદેશો કહેજો શ્યામને."—એ રાગ.

કારતક મહીને અબળા કહે છે કંથને,
હવે શિયાળો આવ્યો સ્વામીનાથ જો;
હિમાળુ વા વ્હાયા રે હલકી ટાઢના,
એ મહીને નવ જઇયેરે પિયુ પરદેશમા—એ ટેક. ૧
માગશર મહીને હોંશ ઘણી મનમાંહ રે,
રસિયા સંગ રમ્યાની મહાજન રાત જો;
હસીએ ને વસીએ રે હેડે હેતથી,
પિયુ મેલો પરદેશ જવાની વાતજો. એ મહીને. ૨
પોષે જે પરણીને પિયુડે પરહરી,
તે પ્રેમદાનાં પૂરણ મંળીયાં પાપ જો;
સાસરીએ રહીને તે શું સુખ ભોગવે,
મૈયરમાં નવ ગોઠે મા ને બાપ જો. એ મહીને. ૩
માહ મહીને નવ કરીએ નાથ મુસાફરી,
ઘઉં સાટે જઇ લાવો ખોરી જાર જો;
જે મળશે તે જમશું મારા વ્હાલમા,
જરૂર નહિ જાવા હઉં ઘરની બહારજો. એ મહીને. ૪
ફાગણ તો ફુલ્યો રે ફાલ્યાં ફૂલડાં,
હસે રમે ને ગોરી હોરી ગાય જો;
જે નારીનો નાવલીઓ નાસી ગયો,
કહો તેણે કેમ નજરે જોયું જાય જો. એ મહીને. ૫
ચૈતરમાં ચતુરને પંથ ન ચાલવું,
જો ઘેર નારી સારી ચતુરસુજાણ જો;
વહાપને વચને રે પિયુને વશ કરે,
નિરધાર્યું તે પડયું રહે પરિયાણ જો. એ મહીને. ૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વાવલીઆ ન્હાયા રે પિયુ વૈશાખના,
રજ ઉડે ને માણેક મેલું થાય જો;
નથડીનુ મોતી રે હીરો હારનો,
કંઠો પર હાથે કેમ તે ધોયો જાયજો. એ મહીને. ૭
જેઠે તો પરદેશે જાવું દોહલું,
તાપ તપે ને લા' જેવી લૂ વાયજો;
કોમળ છે કાયા રે મારા કંથની,
વણુ સીંચ્યાં જેમ ફુલડીઆં કરમાયજો. એ મહીને. ૮
અંબર ઘનછાયો રે માસ અષાઢમાં,
મોર બોલે મેહ વરસે મૂસળધારજો;
કચરા ને કાદવ રે મચી આ મેદની,
પંખી માળા ઘાલે ઠારોઠાર જો. એ મહીને. ૯
શ્રાવણનાં વરસે રે સારાં સરવડાં,
ભર્યાં સરોવર નદીએ નીર ન માયજો;
ચકવા ને ચકવી પણ જોયાં જોડલે,
બગલો પણ જોડું તજી નવ જાયજો. એ મહીને. ૧૦
ભાદરવો ભરજોબનનો ફરી નહીં મળે,
વહી જાશે જેમ નદીઓ કેરાં નીર જો;
એવા રે દિવસ એળે નવ કાઢીએ.
વાત વિચારી જુઓ નણંદના વીરજો. એ મહીને. ૧૧
આસોના દિવસ તો અતિ રળિઆમણા,
ખાવું પીવું રમવા નવલા ખેલ જો,
ભેગાં બેસી હરખે રમીએ સોગઠે,
રંગે રમતાં ઉપજે રસની રેલજો. એ મહીને. ૧૨
માસ અધિકમાં અધિકપણે શું કીજીએ,
રહો જોડીને નેણુ સંગાથે નેણ જો;
જેમ ન છૂટે ફૂટો કાચ બિલોરનો,
દલપતના સ્વામી છો જાણ પ્રવીણજો. એ મહીને. ૧૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ગરબી ૩૩ મી.

### ભણેલી પુત્રીના હર્ષ વિષે.

"આજ મને આનંદ વધ્યો અતિ ઘણો મા."—એ રાગ.

પુત્રી કહે મા પાસ, હાસં કરી હેતે મા;
અતિ સોંપ્યો અભ્યાસ, આશ પુરી એ તેં મા. ૧

ભણી ભણતર ભલી ભાત, વાત વિવિધ વાંચી મા,
પૂરણ થૈ પ્રખ્યાત, સાચ સુખે સાચી મા. ૨

દીલમાં લઈ ઉપદેશ, બેશ ઉજેશ થયો મા;
હૈડે હરખ હમેશ, લેશ કલેશ ગયો મા. ૩

ધન ધન આ અવતાર, સાર લીધો સાચો મા;
ઇશ્વરનો આકાર,[1] વાર ઘણી વાંચ્યો મા. ૪

જ્ઞાન પદારથ પાન, કાન વડે કીધું મા;
લૈ વિદ્યાનું દાન, માન મહા લીધું મા. ૫

ન મળ્યો ઠપકો ડેશ, બેશ ભૂગોળ ભણી મા;
વળી થૈ વાત વિશેષ, દેશ સમગ્ર ગણ્યા મા. ૬

પાકવિધી પરસીધ, સીધ કરી સારી મા;
આઠ સીધ નવનીધ, દીધ દયા તારી મા. ૭

ગણતાં શીખી ગણિત, ગીત શબ્દ સાખી મા;
ચિત્ર ભરત દૈ ચિત, રીત શીખી રાખી મા. ૮

દેખી અદભુત દાવ, પાવ પ્રથમ દીધો મા;
ભણી ગણી ધરી ભાવ, લાવ ભલો લીધો મા. ૯

ભટકે પણ નહિ ભાગ, લાગ જડે જેનો મા,
ઉંડો અરથ અથાગ, તાગ લીધો તેનો મા. ૧૦

---

૧. આકાર નહિ પણ ઇશ્વર કેવો છે તે વિષે વાંચ્યું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પછી બીજા પરચુરણ, ગુણ લીધા ધારી મા;
એ આટામાં લુણ, સુણ માતા મારી મા. ૧૧
પૂરો શૂરો રજપૂત, ભૂત થકી ભાગે મા;
મન મારું મજબુત, તુત ગણી ત્યાગે મા. ૧૨
હિમ્મત ધરું હજાર, બાર જઇ બેસી મા;
ભમણાનો શો ભાર, પાર શકે પેસી મા. ૧૩
ઠિધો વહેમનો હોમ, રોમ નથી બીતી મા;
વાર ગણાયો ભોમ, સોમ ગયો વીતી મા. ૧૪
મેં આભે ભરી બાથ, સાથ વિના સાથે મા;
દયા કરી દીનાનાથ, હાથ ગ્રહી હાથે મા. ૧૫
એ પ્રભુનો જે પાડ, ખાડ ખણી દાટે મા;
તે જન મોટા તાડ, ઝાડ સુકા સાટે મા. ૧૬
વિદ્યા કળા વિહીન, ચીન ચડી જાશે મા;
પણ તે પર આધીન, દીન થઈ જાશે મા. ૧૭
નહિ વિદ્યા નવટાંક, રાંક જુવો જેના મા;
વળતી કાઢે વાંક, આંક કરમ એવા મા. ૧૮
ફાવે એવી ફોજ, હોજ ભર્યાં પાણી મા;
જો નહિ જાણે ચોજ,[1] રોજ ભણી રાણી મા. ૧૯
તો તેનો અવતાર, છાર પડી છુટયો મા;
કહે કવિ ધિક્કાર, તારા નશીબ તૂટયો મા. ૨૦
હું હોંશે કદિ હીર, ચીર નહીં ચાહતી મા;
નહિ પામી કદિ નીર, ખીર કદી ખાતી મા. ૨૧
ઘડયા કનકના ઘાટ, કાટ ચડતા કીધા મા;
મેં ભણવાને માટ, ડાટ વળણ દીધા મા. ૨૨
ચાતુરતા હીર ચીર, ધીરજ જળ ધોયું મા;
શોભે તેથી શરીર, જીરણ નવ જોયું મા. ૨૩

૧ ચંમ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હરિગુણ હાર હજાર, ભાર નહીં ભાસે મા;
સદગુણના શણગાર, પાર વિના પાસે મા; ૨૪
કરતી પર ઉપકાર, ખાર તજી ખોટો મા;
પુસ્તક પઢી અપાર, સાર મળ્યો મોટો મા. ૨૬
અરધું જમી અનાજ, કાજ લીધું સાધી મા;
લોક વિષે તો લાજ, આજ અધિક વાધી મા. ૨૭
ગણ્યા ભલા સુખ ભોગ, રોગ ગણે રોગી મા;
એમ કીધો ઉદ્યોગ, જોગ જપે જોગી મા. ૨૭
સરસ નરસ કદિ શાક, પાક નહિ ગણતી મા;
હતી ન કોઇની હાક, થાક ભુલી ભણતી મા. ૨૮
કાયા સુકી કાઠ, કાઠ જતે થેતી મા;
પણ નહિ પાડયો પાઠ, આઠ વરસ ગેતી મા. ૨૯
આગળ તો ઉદમાત, રાત દિવસ કરતી મા;
પોઢી ઉઠી પ્રભાત, સાત સદન ફરતી મા. ૩૦
પણ મારાં માબાપ, આપ અમૂલ્ય થયાં મા;
ટાળ્યા સહુ સંતાપ, પાપ પતાળ ગયાં મા. ૩૧
જો તું કથન કહીશ, શિશ ધરી સાંખું મા;
મનમાં ગુણ માનીશ, રીશ નડી રાખું મા. ૩૨
નવજુગ રહેશે નામ, દામ વિના દીધે મા;
મળશે નિરમળ ધામ, કામ સરસ કીધે મા. ૩૩
લહિ લહિ પેન સિલેટ, પેટતણી પાસે મા;
બહુ બહુ ચિતરું બેટ, લિધી શીખ ભાસે મા. ૩૪
માગું ખુરશી મેજ, એજ ઇચ્છા આણું મા;
આપું વાળી અવેજ, તેજ હું હઠ તાણું મા. ૩૫
વળી વેઠે જેમ વેઠ, શેઠ તણા અનુચર મા;
શું શ્રીંવણ શું જેઠ, ઉંઠ નિંશો અનસર મા. ૩૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ખેઠી કરીને કેડ, હેડ રહી બાકી મા;
છાંડી નહી છંછેડ, ખેડ ખરી પાકી મા. ૩૭
નીચાં રાખી નેણ, કેણ સુણું કાને મા,
વળી વાંચું સુખ દેણ, વેણ પછી પાને મા. ૩૮
સીધ કરવા સંકેત,[૧] હેત સહિત હળતી મા;
રહે શરીર સચેત, વેત કરું વળતી મા. ૩૯
કોટી પ્રકારે કેદ, ખેદ વિના ખમતી મા;
વિપ્ર ભણે જેમ વેદ, ભેદ લેવા ભમતી મા. ૪૦
તપસી તપમાં જેમ, તેમ ઠરાવ ઠર્યો મા;
પૂરો આણી પ્રેમ, એમ અભ્યાસ કર્યો મા. ૪૧
ચુકથી ચેરાચેર, ફેર ફરક જોતી મા;
સુકાતું લોહી શેર, ઘેર ઘણું રોતી મા. ૪૨
કુંવરીઓ કેટલીક, બીક નહી ગણુતી મા;
આળસ આણી અધીક, ઠીક નહી ભણુતી મા. ૪૩
હસતી હુકા હુક, બૂક લહી ભોકી મા;
ઠાલું વલોવી થુંક, ચૂક કરે ચોખી મા. ૪૪
ભણુવાની નહિ ભૂખ, મુખ ગપો ગાતી મા;
તે દેખી થઈ દુઃખ, શાંતિ જાતી મા. ૪૫
છઘડી લેવા છૂટ, ફૂટ કરી મસ્તી મા;
હું તો અરથ અખૂટ, લૂટ લઇ ભરતી મા. ૪૬
હોય ખરા જે હંસ, વંશ વિષે વળગ્યા મા;
નીર ખીર નિઃસંશ, અંશ કરે અળગા મા. ૪૭
સાચ વિષે જોઇ જૂઠ, પૂઠ કરું પેહેલી મા;
રૂઠ ગમે તો તૂઠ, મૂઠ નહી મેલી મા. ૪૮

---

૧. સમસ્યા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ફરતું, કરતું ફેલ, ખેલ તણું ખાતું મા;
રમતતણી રસ રેલ, તેલ ગણ્યું તાતું મા. ૪૯
શીરો સુંવાળી શેવ, દેવ ચળે ભાળી મા;
તે ખાવાં તતખેવ, ટેવ દિધી ટાળી મા. ૫૦
ચોરે ચૌટે ચોક, લોક મળે કાલા મા;
દેખી હલાવે ડોક, થોક વચે ઠાલા મા. ૫૧
શોધે નહિ સુગંધ, અંધ ઘણા એવા મા;
બોલે પણ નિરબંધ, ધંધ ધરે તેવા મા. ૫૨
જુદ્ધ વિષે જૈ જોધ, બોધ કરે બળથી મા;
શત્રુ તણો કરી શોધ, ક્રોધ કરે કળથી મા. ૫૩
ગોપ[૧] કરી એમ કોપ, તોપ ભરી તંગે મા;
તો જશનો ભરી ટોપ, ઓપ લીધો અંગે મા. ૫૪
જો ભણી હું નહિ હોત, જોત નજર જાગી મા;
ખેલ ખરેખરી ખોત, મોત લેત માગી મા. ૫૫
જડથી ન કરું જુદ્ધ, બુધ ઘણી આણું મા;
ઉજળું એટલું દૂધ, શુદ્ધ સરવ જાણું મા. ૫૬
ભમતા દેખું ભૂપ, રૂપ રંગે રૂડા મા;
ચેતી ચાલું ચૂપ, કૂપ ગણી કુડા મા. ૫૭
કરવા ફેલ ફિતૂર, ઉર ઇચ્છા ઠરતી મા;
પાપ તણું ગણી પૂર, દૂર થકી ડરતી મા. ૫૮
ઉપજે સંકટ શૂળ, ધૂળ તહાં ધરતી મા:
છળનું છેદી મૂળ, ફૂળ ઉજવળ કરતી મા. ૫૯
આવ્યાં વિઘન અનેક, ટેક નહિ તૂટી મા;
ઇશ્વર પ્રીતિ એક, છેક નહી છુટી મા. ૬૦

[૧] છંદ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કરતી પૂરા કોડ, ખોડ નહી ખાતી મા,
ઉગ્યા નસીબના છોડ, જોડ મળી જાતી મા. ૬૧
પામી પરમ પવિત્ર, મિત્ર સરસ સ્વામી મા;
વિદ્યાવંત વિચિત્ર, ચિત્રકળા જામી મા. ૬૨
કરી કરુણા કરતાર, પાર નહિ પુણ્યે મા;
લહી ઉચાર લગાર, વાર રહી સુન્યે મા. ૬૩
જડ બુદ્ધિ મટી જાય, ગાય પઢે પ્યારું મા;
રીઝે જગતનો રાય, થાય સર્વ સારું મા. ૬૪
ગાય બજાવી ગાલ, ચાલ કુડી ચાલે મા;
નહિ થાશે તે ન્યાલ, સાલ થઇ સાલે મા. ૬૫
ગુણ લૈ ગરબો આમ, ગામ વચ્ચે ગાશે મા;
રાજી રહેશે રામ, કામ સફળ થાશે મા. ૬૬
સંવત શ્રુતિ શશિ નાગ, "જગભાગભોક્તા[૧]"મા;
પક્ષ અશાડો પ્રાગ, રાગ તિથી ગ્રોક્તા મા. ૬૭
વસીને અમદાવાદ, સ્વાદ રચ્યો સારો મા;
નહિ અવગુણ એકાદ, યાદ કરે યારો મા. ૬૮
બુદ્ધિવર્ધક પાસ, દાસપણે કીધો મા;
કરવા પ્રગટ પ્રકાશ, આશ દઇ લીધો મા. ૬૯
વાસ પ્રથમ વઢવાણ, જાણ ઘણા જેમાં મા;
રાજસિંહ મહારાજ, આણ ફરે ફરતી મા. ૭૦
નાગર પામ્યા નામ, ઠામ કવિ સવિતા મા;
રહી ત્યાં દલપતરામ, કામ કરે કવિતા મા. ૭૧
અંતર પ્રેરક ઇશ, રીશ નહિ રાખો મા;
જયજય શ્રીજગદિશ, વિશ વખત ભાખો મા. ૭૨

---

૧ જગ ભોગનો ભોક્તા તે પરમેશ્વર એટલે સંવત૧૯૧૪.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## गरबी ३४ मी.

### सैयरो मळवा विषे.

" रंग भर रमतां रासमां रे, हांहां रे, रस वाध्यो छे
ढगले. "—ए राग.

आज घडी आनंदनी रे, हांहां रे मळी सैयर समाणी;
चारे दिशाए चंदनी रे, हांहांरे पसरी पथराणी. आज. १
टोळे मळी तेव तेवडी रे, हांहांरे गोरी गरबीओ गावा;
अक्कल विषे पण एवडी रे, हांहांरे मचीधुम मचावा. आज. २
फरते फेरे फरे फुदडी रे, हांहांरे पाडे तानमां ताळी;
चळकती ओढी चुंदडी रे, हांहांरे रंगे रुडी रुपाळी. आज. ३
मधुरस्वरे मुख ओचरे रे, हांहांरे कंठ कोकिल कहीए;
हावभावे हेडुं हरे रे, हांहांरे जाणे जोइज रहीए. आज. ४
हंसनी चाले चालती रे, हांहांरे जाणे ढेल ढळकती;
आंगळे अंगुठी घालती रे, हांहांरे चुनीदार चळकती. आज. ५
मरदंग वाजे मनमां रे, हांहांरे राग गाय रसीली;
गाय गीतो रुडा गानमां रे, हांहांरे छुटेछेडे छबीली. आज. ६
लाडकडी लटकां करे रे, हांहांरे होठे दीसे छे हसती;
डगमगती डगलां भरे रे, हांहांरे धीरे रही धसमसती. आ. ७
हैये गुलाबना हारडा रे, हांहांरे चोखी चंपक कळीओ;
कपूरतणाजेवाकयारडारे, हांहांरेअंगे एवी उजळीओ. आ. ८
चतुराइथी गुंथ्या चोटलारे, हांहांरे धज धुपेल धरीआं;
प्रेमतणाजाणे पोटलारे, हांहांरे एवां भावनां भरीआं. आ. ९
आकाशथी जाणे उतरीरे, हांहांरे प्रिया प्रत्यक्ष परीओ;
सुंदर जाणे शोभाभरीरे, हांहांरे दीपे देव दीकरीओ. आ. १०
जोवा जेवी जुगती थइरे, हांहांरे शोभा शी हुं वखाणुंरे;
अमतमां रात वीतिगइरे हांहांरेवळी वायुं वहाणुं आज. ११
गइ गोरी हरख धरीधरीरे, हांहांरे आप आपने धामे;
ईश्वरी माया ए खरीरे, हांहांरे दीठी दलपतरामे. आज. १२

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ગરબી ૩૫ મી.

### નજર બાગની ગરબી.

ચાલ ગાગર ચાલ ગગાર, જમનાંરે જઇએ.-એ રાગ.
બાગમાંજ લાગ જોઇ લાડડીરે બોલે,
સાહેબા બાગ બનાવ રે; આંગણાની આગે.
રુડો દીસે રાજબાગ તેજ બાગતોલે,
રુડાં રુડાં ઝાડ રોપાવ રે; આંગણાની આગે. ૧
લાવી લાવી વાવી કરો કેળ થંભ લાંબા,
કેળ થંભ કેરા મને કોડ રે; આંગણાની આગે.
આંગણામાં લાવી આજ વાવીએ રે આંબા,
છુટાછુટા છાજશે છોડ રે; આંગણાની આગે. ૨
કેલબંધ કેરના કરાવીએ રે કયારા,
ગુણવંત વાવીએ ગુલાબરે, આંગણાની આગે.
સાંજને સવાર સમે શોભશેજ સારા,
હોંશનો હું શું કહું હિસાબ રે, આંગણાની આગે. ૩
હોય જો હજારી ફુલછોડ હારે હારે,
બાગ ભાગ બની રહે બેસ રે; આંગણાની આગે.
જથે થાય જાય જુઇ જોવા જોગ જયારે,
વધે વળી વાસના વિશેષ રે; આંગણાની આગે. ૪
કાચનાં કરાવીએ કટોરા ઘાટ કુંડાં,
રુડા રુડા રંગથી રંગેલ રે; આંગણાંની આગે.
મોગરો ને માલતી મને ગમેજ રુડાં,
વળી હોય નાગરવેલ રે; આંગણાની આગે. ૫
કેવડાનાં ઝાડ ઝુંડ જેવડાં કરાવો,
વાવો વળી એવડાં અશોક રે; આંગણાની આગે.
છાંટી રંગ છજે નીર ચોકમાં છંટાવો,
લાખ લાખ જેનાં જશે શોક રે; આંગણાની આગે. ૬

P. P. Ac. Gunratnasuri M.S.          Jin Gun Aaradhak Trust

પોપટનું ટાંગીએ ત્યાં પાંજરૂં રૂપાળું,
મીઠા બોલે મોર ને ચકોર રે; આંગણાની આગે.
ભલીભલી ભાતના ભણેલ પંખી ભાળું,
ચતુરનાચિત્તતણાં ચોર રે; આંગણાની આગે. ૭

રૂડે આસપાસ ગુલબાસ ફુલ ફુલી,
શોભે સારી ચાંદની સમાન રે; આંગણાની આગે.
ભમરા ભમે તે ભાળી ભાન જૈએ ભૂલી,
ગાય જેમ ગુણીજન ગાન રે; આંગણાની આગે. ૮

મેંદી તણી વાડ આડને કરાવી મેલો,
બેઠક ધરી કઠેરાબંધ રે; આંગણાની આગે.
ફાવતા ફુવારા પાસ ખાંતે વસી બેલો,
અંતરમાં ઉપજે આનંદ રે; આંગણાની આગે. ૯

મોટા મોટા મિત્ર મળી મંડળી મચાવો,
હું રમું સાહેલીઓ સાથ રે; આંગણાની આગે.
રુડી રુડી રસે ભરી વારતા રચાવો,
નેણાં ભરી નીરખું હું નાથ રે, આંગણાની આગે. ૧૦

વાળી વાળી દીસે રુડી આંગણે દિવાળી,
ભાળી ભાળી માનું મોટાં ભાગ્ય રે; આંગણાની આગે.
આંગણામાં મેલું રુડા દીવડા ઉજાળી,
જીવ ખુશી થાય જોઇ જાય રે; આંગણાની આગે. ૧૧

લાખ લાખ ઇશ ઉપકાર ઉર લાવી,
નિત નિત જપશું નામ રે; આંગણાની આગે.
બેશ બેશ ગીત એજ બાગનાં બનાવી,
દેશે રુડા દલપતરામરે; આંગણાની આગે. ૧૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ગરબી ૩૬ મી.

### શેરના સ્વપ્નાની ગરબીઓ[1].

" ઓ અરદેશર ! તારેરે ડંકારે સુરત શહેરમાં. "—એ રાગ.

ઓ સઇએરો રે, શેરતણા વેપારનું સ્વપનું સાંભળો;
સુણી સમજીને, ભવતારણ ભગવતની ભગતીમાં ભળો. ટેક.
ઇસ્વીસન અઢારસેં થાતાં, વળી તે ઉપર ત્રેસઠ જાતાં;
બહુ મનુષ્ય થયાં ધનથી માતાં, ઓ સઇએરો રે. ૧
જ્યાં અમેરિકામાં જુદ્ધ જાગ્યો, ત્યાંના રૂનો ધંધો ભાગ્યો;
આપણને લાભ ઘણો લાગ્યો, ઓ સઇએરો રે. ૨
તે નાણું ધંધે ક્યાં ધરવું, વેપાર વિષે કેમ વાપરવું;
સૂજે નહિ જે આ શું કરવું, ઓ સઇએરો રે. ૩
પછી સરખે ભાગે શેર કર્યો, ભોળા થઇ સૌએ ભાગ ભર્યા;
હિકમતથી લાખો દામ હર્યા, ઓ સઇએરો રે. ૪
કોઇ નાણાવટું કરવા લાગ્યા, કોઇ જમીન લેવાને જાગ્યા;
કોઇ તમામ ધંધો કરી તાગ્યા, ઓ સઇએરો રે. ૫
પછી ઉદ્યમ તો પકડાયા આડા, ખાડીના પૂરાગ્યા ખાડા;
જર જોઇને ખુબ થયા જાડા, ઓ સઇએરો રે. ૬
થઇ અનેક કંપનીઓ એવી, જુગતી દીસે જોવા જેવી;
દિઠી ઉભરાતી લક્ષ્મી દેવી, ઓ સઇએરો રે. ૭
લોકો દોડે શેરો લેવા, જન સૌ બનિયા ગાંટા જેવા;
કોઇ પુછે નહિ ધણી છે કેવા, ઓ સઇએરો રે. ૮
ઉપરિયોએ ધાર્યું એવું, લોકોનું ધન લુંટી લેવું;
પછી કર્યું તરકટ જોવા જેવું, ઓ સઇએરો રે. ૯

---

૧. ઈ સ ૧૮૬૫ મા શેઠ બહેરામજી ફરદુનજીની કંપનીએ રૂ. ૫૦) ના ઇનામની જાહેર ખબર છાપી હતી, તેથી આ ગરબીઓ રચીને ઇનામ લીધું હતું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જે જે કંપની જેણે કહાડી, અતિ ભાવ ચલાવ્યા ઉપાડી;
લોકોને લાલચ દેખાડી, એ સઇએરો રે. ૧૦
એમ કઇકે મેળવી બહુ માયા, જોઇ લોકો લલચાયા;
કહું કોણ દિવાના, કોણ ડાહ્યા, એ સઇએરો રે. ૧૧
રોકડ ખરચી શેરો લીધા, ગાંઠેથી ગરથ ગણી દીધા;
પછી શેર તણા સટ્ટા કીધા, એ સઇએરો રે. ૧૨
પાંસઠની સાલે પરિણામે, ઠગ ધંધો તે ઠામોઠામે;
દીઠો નજરે દલપતરામે, એ સઇએરો રે. ૧૩

---

## ગરબી ૩૭ મી.

" કાનુડે કામણ કીધલાં એ બહેની, પેલે કાનુડે કામણ કીધલાં. "—એ રાગ.

જાગિયો વાયદો જુલાઇનો રે, જુઓ જાગિયો વાયદો જુલાઇનો;
થાંભલો એજ ઠગાઇનો રે. જુઓ. ટેક.
લાભનાં તો લાખે લેખાં લખાણાં, વધી ગયો ગર્વ વડાઇનો રે. ૧
સોનાં લાવીને ઘેર સોની બેસાર્યા, ચુડો બનાવ્યો બેહેન બાઇનો રે. ૨
બગી રાખી અને બાગમાં બંગલો, સારો કરાવ્યો સફાઇનો રે. ૩
વાદે કરીને વળી વેગે વધાર્યો, સારો પગાર સિપાઇનો રે. જુઓ. ૪
ચડતો દહાડો ગણ્યો પોતે પોતાનો, પડતો ગણ્યો પિતરાઇનો રે. ૫
રૂપઇયા ખરચીને રાંડો નચાવી, મનમાં મદ મૂરખાઇનો રે. ૬
બાસુદિ આંણિઓ ને કિધિ ઉજાણીઓ, મેળવ્યો સ્વાદ મિઠાઇનો રે. ૭
દયા તજીને ખુબ ઘોડા દોડાવ્યા, કિધો આચાર કસાઇનો રે. ૮
ન્યાલ થયા એવું નકી વિચારી, લાહાવો લીધો લુચ્ચાઇનો રે. ૯
પુણ્યને મારગે એક પણ પૈસો, કેમ જાય કૂડી કમાઇનો રે. ૧૦
સંપ હોય તો વળી સારો શોભાવે, ભભકો ભાઇ ભોજાઇનો રે. ૧૧
દલપતરામે નજરે દીઠો, વહી ગયો વારો નવાઇનો રે. જુઓ. ૧૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ગરબી ૩૮ મી.

( રાગ ઉપર પ્રમાણે. )

સૌ જાય શેરબજારમાં રે; જન સો જાય.
વાત વસી એજ વિચારમાં રે; જન સૌ જાય શેરબજારમાં. ટેક.
નોકરીઆતે નોકરી છોડવા, કિધા રિપોર્ટ સરકારમાં રે; જન સૌ.
મેહેતાજીઓએ મેલી નિશાળો, વળગ્યા એ વેપારમાં રે; જન સૌ.
હોંશથી જઇને નાણાં હજારનો, લાભ લે વાર લગારમાં રે; જન સૌ.
ધમધોકારથી શેરનો ધંધો, ઉછળ્યો વરણુ અઢારમાં રે; જન સો.
મોચી ઘાંચી ને માળી હાળીમાં[1], સાળવી સે સૂતારમાં રે; જન સૌ.
ગાંધી ગાંઠે શેર બાંધીને રાખે, વસાણું ન ભરે વખારમાં રે; જન સૌ.
જેમ તેમ કરીને નાણું જમાવવું, સમજ્યા એટલું સારમાં રે; જન સૌ.
પોતાના કામનો કશો વિચાર પણ, ન રહ્યો કોઇ નરનારમાં રે; જન સો.
બેંકવાળા શેર સાટે બહુ ધન, આપવા લાગ્યા ઉધારમાં રે; જન સૌ.
ચાલતાને જોઈ જોઇને ચાલે, જેમ લશ્કરની લા'રમાં રે; જન સો.
કરજ કરી એવો ધંધો કરતાં, પોહોંચ્યા હદથી પારમાં રે; જન સો.
દલપતરામ કહે એવું દેખી, કોપ ઉપજ્યો કરતારમાં રે. જન સો.

## ગરબી ૩૯ મી.

"કઠણ થયા રે માધવ મથુરાં જઇ, કાગળ ન લખીયો કડકોરે."—એરાગ.

લાભ મળ્યો તેથી થઇ લોભી, શેર લાગ્યા સંઘરવા રે;
ગળપણ જાણી કણિકની ગોળી, મચ્છ ગળે જેમ મરવા રે.
લાભ મળ્યો તેથી થઇ. ટેક.
બાપની દોલત દસ વિસ લાખની, તેના તો શેર લીધા રે;
અધિક વળી કરજે ઉપાડી. દસ્તાવેજ લખી દીધા રે; લા. ૧
ઘરધણિયાણી કેરું ઘરેણું, વેચી શેર વસાવ્યા રે;
સગાં સબંધીનાં વળી નાણાં, લખી આપી ખત લાવ્યા રે; લા. ૨

[1] હાળી—હળ ખેડનાર અથવા ખેડુત.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રામેસરી નોટો પણ વેચી, લોભે શેરો લેવા રે;
શેર વળી બેંકોમાં સોંપી, દામ ઉપાડયા દેવા રે. લા. ૩
સરભર ભાવે શેર મળેલા, તેથી તૃપત નથી થાતા રે;
પંદરગણું પ્રિમિયમ પણ આપી, વળી લીધા વેચાતારે. લા. ૪
જમાન આપી જર ઉપાડયા, મિત્રોને માંહિ મૂકયા રે;
ધમધોકારે શેરનો ધંધો, ચલાવતાં નહિ ચુકયા રે. લા. ૫
બાઇઓ પણ દિવાની બનીઓ, લોભનો પ્યાલો પીધો રે;
વસ્ત્ર ઘરેણાં વાસણ વેચી, શેરનો સોદો કીધો રે. લા. ૬
ગરીબ તવંગર સૌ ગુંથાયા, માયા મોટી મળવા રે;
રાત દિવસ એ એકજ રસ્તે, રસથી લાગ્યા રળવારે. લા. ૭
શેર સંઘરજો શેર સંઘરજો, શેરથી વેળા વળશે રે;
વળી આવી રળવાની વેળા, મનખામાં કયાં મળશે રે. લા. ૮
દલાલ દોડા દોડયો કરતા, દસે દિશાએ દેખું રે;
ઉથલપાથલ થાય અતિશે, લાભનું ન મગે લેખું રે. લા. ૯
શેરબજારની શોભા શી કહું, જાણે મોટો મેળો રે;
નાણું તો જેમ નીર ભરેલો, વહી જાતો હોય વ્હેળો રે. લા. ૧૦
લાખની મૂડી નહિ લેખામાં, ક્રોડે લેખાં કીધાં રે;
હોંશે તખતા જમરૂખ હાંડી, લાભ દઇને લીધાં રે. લા. ૧૧
કંઇક પુરુષ તો અચરજ પામે, નિકળ્યું કયાંથી નાણું રે;
દલપતરામ કહે દુનિયાની, અંદરથી ઉભરાણું રે. લા. ૧૨

## ગરબી ૪૦ મી.

"અલબેલી રે અંબે માત, જોવાને જઇએ."--એ રાગ.
આ સજની જોને આજ, શેરે શું કીધું;
લોકોની લીધી લાજ, દુઃખ મોટું દીધું. ટેક.
પડવા લાગ્યો ભાવ પ્રથમથી, રૂનો જાગ્યો રોળ રે;
શેર તણો તો સરતાં સરતાં, બેઠો જૈ ઘરઓળ. શેરે. ૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચડવાની આશા રહી ચિતમાં, કાઢી શક્યા નહિ કોઇરે;
પુંજીમાં પણ પૈસો ન રહ્યો, જન ગભરાયા જોઇ. શેરે. ૨
કેક જણે તો બદલા કીધા, તાજા લઇ તૈયાર રે;
મનમાં માને મેં કીધો છે, વિચારીને વેપાર. શેરે. ૩
ક્રોડપતિ નોકર થયા, શી ગરીબની ગુંજાશ રે;
ચોથે ભાગે ચુકવી દેવા, પૈસો ન મળે પાસ. શેરે. ૪
શરમ ઘણી પણ શું કરવું, તે ઉપાય ન મળે એકરે;
ફુડકપટ પછી કરવા લાગ્યા, છાંડી લજ્જા છેક. શેરે. ૫
ઉપરિઆએ આપ સ્વાર્થે, શિર લીધેલા શેર રે;
એ પણ કંપનીને ઓઢાડયા, કીધો અકરાકેર. શેરે. ૬
સત્ય તજ્યું સારા લોકોએ, મજબુત વાળી મૂઠીરે;
જયાં જોઇએ ત્યાં નજરે આવે, જૂઠ જૂઠ ને જૂઠ. શેરે. ૭
નાણાવટિના નામિચા જે, ગુમાસ્તાઓ ગણાય રે;
શેઠની તેણે સીલિક ઉડાવી, એવા અધરમ થાય. શેરે. ૮
શેર તણા પારોર થયા ને, કોઇ તો થયા નકામ રે;
રોકડમાં પડી રહી રસિદો, દિસે નહિ કાંઇ દામ. શેરે. ૯
લખેશરિ લાં' લેવા ચાલે, પેઢિ તૂટે પ્રખ્યાત રે;
ક્રોડપતિ દેવાળાં કાઢે, કેની કહીએ વાત. શેરે. ૧૦
રાંડીરાંડો રોવા લાગી, રોવા લાગ્યા રાંક રે;
જતું રહ્યું જીવનનું નાણું, અરે કરમના આંક. શેરે. ૧૧
બાપનું દુઃખ બેટો ન મટાડે, બેટાનું દુઃખ બાપ રે;
દલપતરામ કહે દુનિયામાં, સહુને દિલ સંતાપ. શેરે. ૧૨

## ગરબી ૪૧ મી.

"મા પાવા તે ગઢથી ઉતર્યાં, મા કાળી રે."–એ રાગ.
શેરે કીધો સંહાર સઇયર, શું કરિયે;
બહુ લોક થયા લાચાર, ધીરજ કેમ ધરિયે. ૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લેણું નવ આપે લોક, સઇયર શું કરિયે; થઇ દીન હલાવે ડોક. ધી. ૨
માગે તે મૂકે કેમ, સઇયર શું કરિયે;વળી અડચણ આવી એમ. ધી. ૩
શેરે તો લુટયાં શેહેર, સઇયર શું કરિયે; કાંઇ કીધો કાળો કેર. ધી. ૪
દુનિયાંનો વાળ્યો ડાટ, સઇયર; અતિ ઉપજાવ્યા ઉચાટ. ધી. ૫
નર કંઇક થયા નાદાર, સઇયર; વળી બંધ પડયો વેપાર. ધી. ૬
ઉપજી ઉર માંહિ અધીર, સઇયર; કંઇ નરનાં ઉતર્યાં નીર. ધી. ૭
બહુએ ખોયાં ઘરબાર, સઇયર; એકે ન રહ્યો આધાર, ધીરજ. ૮
કઇ ગયા તજીને ગામ, સઇયર; દેવાને ન મળ્યા દામ. ધીરજ. ૯
કઇ ઉદર ભરે નહીં અન, સઇયર; કઈ મરવા ઇચ્છે મન. ધી. ૧૦
કઇ દેખાડે નહીં મુખ, સઇયર; કઈ દિલમાં પામ્યા દુઃખ. ધી. ૧૧
અણઘટતું દેખી આમ, સઇયર; દિલગિર છે દલપતરામ. ધી. ૧૨

## ગરબી ૪૨ મી.

"અચકો મચકો કારેલી"—એ રાગ.

પછી ચાહન ફરિયાદો ચાલી
કઇને ખેંચ્યા કર ઝાલી રાજ, સુણો ફજેતી ફિનાનની[1]. ૧
કઇ હિસાબ સોંપ્યા કોરટમાં, ખામી ન દિસે ખટપટમાં, રાજ. સુ. ૨
ઉપરિઓએ ઊંધાં કિધાં, લખી નામે નાણાં લીધાં રાજ. સુ. ૩
પછી લખી વાળ્યાં પોલે પાને, લોકોનાં મન કેમ માને રાજ. ૪
ફરી કોઇએ તો પાનાં ફાડયાં, ચિતરી બીજાં ચોટાડયાં રાજ. ૫
જણશે માંડી રકમો જૂઠી, એમ આગ મુલકમાં ઉઠી રાજ. સુ. ૬
નહિ નહિ એ તો તરકટ નાહાનું, કહો છેક રહે કેમ છાનું રાજ. ૭
જે શેઠ ગણાતા બહુ સાચા, કહેવાણા કથને કાચા રાજ. સુ. ૮
ફિણના પરપોટા જેમ ફુટે, તેમ કંપનિયો નિત્ય તુટે રાજ. ૯
વકિલોને રળવાનો વારો, તે સમે મળ્યો બહુ સારો રાજ. ૧૦
લુચા જનને આપી લાંચો, ઓલવવા દુખની આંચો રાજ. સુ. ૧૧
ઠગ પકડાયા ઠામો ઠામે, દિઠા નજરે દલપતરામે રાજ. સુ. ૧૨

[1] નાણાવટની.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ગરબી ૪૩ મી.

### ઈશ્વર પ્રાર્થના.

એ ઇશ્વર અરજી ઉર ધારો,
દુનિયાનાં દુઃખ નિવારો રાજ, દયા કરો હવે દીનબંધુ. ૧
સારા જન સંકટમાં પડિયા, નરસાના છાંટા નડિયા રાજ. દયા. ૨
જે પરોપકારી છે પૂરા, એ પણ રહ્યા નથી અધુરા રાજ. ૩
જો થંભ અડગ ડગશે જયારે, જગ રહેશે શા આધારે રાજ. ૪
જો મટી જાશે મોટાં નામો, કોણ કરશે સારાં કામો રાજ. દયા. ૫
શુભ સંપ વસો સઘળા જનમાં, વિશ્વાસ વસાવો મનમાં રાજ. ૬
જન પામે છે પીડા પાકી, ખનવાની ન રહી બાકી રાજ. દયા.૭
આ સંકટ તો નથી સંખાતું, નજરે જોયું નથી જાતું રાજ. ૮
ઓ ઇશ્વર છો તમે ઈનસાફી, મહારાજ કરો હવે માફી રાજ. ૯
પામ્યા છે સૌ શિક્ષા પૂરી, આ જોતાં નથી અધુરી રાજ. ૧૦
ફરીથી મનમાં કોઇ નહિ ફૂલે, ભવમાં આ દુઃખ નહિ ભૂલે રાજ. ૧૧
સુખ પામો સૌ ગામો ગામે, દિધી આશિષ દલપતરામે રાજ. ૧૨

---

## ગરબી ૪૪ મી.

"ઓધવજી રે સંદેશડો, કહેજો મથુરા મોઝાર." એ રાગ.
શેર ખજારે આ શું કર્યું, વાળ્યો દુનિયાનો ડાટ;
લાજ લીધી લાખો લોકની, ઉપજાવ્યા ઉચાટ. શેરખજારે, ૧
પ્રથમ તો પૈસા પમાડીઆ, લલચાવિયા લોક;
મુડી વગર કીધાં માનવી, ફાંફાં મારતા ફોક. શેરખજારે. ૨
આગમાં બહુ સારો શોભતો, જેવો ફુલનો ફાલ;
જેવો તમાસો જાદૂતણો, તેવો થઇ ગયો તાલ. શેરખજારે. ૩
મુંબઇની મોટી સાહેબી, સુખ સ્વરગ સમાન;
દિલ્લગિરિવાળી દેખાય છે, જેવું મોટું મશાણ. શેરખજારે. ૪

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નૂર ગયું નર નારીનું, મુખ ઝાંખાં જણાય;
શત્રુને લશ્કરે લુંટિયાં, એવા ડોળ દેખાય. શેરબજારે. ૫
કંઇકે વાસણ ઘર વેચિયાં, વેચ્યા બંગલા બાગ;
કોઇજ કરજ દરિયે પડયાં, તેનો ન જણાય તાગ. શેરબજારે. ૬
ભલારે ભલાને ભુલાવિયા, ભૂલ્યા ડાહ્યા દિવાન;
હાણ અને હસવું થયું, ખોઇ શુદ્ધ ને સાન. શેરબજારે. ૭
કશી ચતુરાઇ ચાલે નહીં, દિસે દૈવનો કોપ;
કયાંથી આવ્યું નાણું કયાં ગયું, એમ થયું રે અલોપ. શેર. ૮
એક સંકટ આ જુગારનું, બીજો રૂ તણો રોળ;
ત્રીજું કોગળિયું તુટી પડયું, ધરા થઇ ધરખોળ. શેરબજારે. ૯
સ્વપને જે સમૃદ્ધિ સાંપડી, ગઇ સ્વપનની સાથ;
અંગે પીડા ઉલટી વધી, વાગ્યા છાતીએ હાથ. શેરબજારે. ૧૦
કઇકે રામા મેલી રખડતી, મેલ્યાં રખડતાં બાળ;
નાસી છુટયા નર એકલા, આવ્યો કઠણ આ કાળ. શેર. ૧૧
કોડપતિ હતા કઇક તે, થયા કોડીના આજ;
અતિશે વધારેલી આખરૂ, તેની લુંટાણી લાજ. શેરબજારે. ૧૨
જયારે જવા બેઠી લક્ષ્મી, જુઓ દૈવનો ખેલ;
દરિઓ પુરાવાનું દિલ થયું, ભૂલ્યા અધિક ભણેલ. શેર. ૧૩
નાણું નાખ્યું ખારા નીરમાં, જાણ્યું ઉગશે ઝાડ;
લક્ષ્મીતણાં ફળ લાગશે, થાશે સોનાના પાહાડ. શેર. ૧૪
વાંક નથી એમાં વિશ્વનો, કીધો કરતારે કોપ;
આંખો અંજાઇ અજ્ઞાનથી, થઇ અકલ અલોપ. શેર. ૧૫
ઓગણીસેં એકવીસમું, વિક્રમાજીત વર્ષ;
સાંભરશે આ તો સર્વને, ઉતર્યો સહુનો અમર્ષ.[૧] શેર. ૧૬
ચતુર ઘણાએ ચેતાવતા, ભાખી લખતા ભવિષ્ય;
ચેતી શકે કેમ ચિત્તમાં, રૂઠયા જયાં જુગદીશ. શેરબજારે. ૧૭

૧ અભિમાન.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઘાયલ કંઇક ઘણા થયા, જોતાં એવા જણાય;
આખી ઉમર લગી એહના, નહિ ઘાવ રૂઝાય. શેર ખ. ૧૮
ડુંકી ડુંકી પગ માંડતા, બિહિતા માખીથી મન;
ફાંદામાં આવી ફસી પડયા, તેનાં તરફડે તન. શેર ખ. ૧૯
દેશ આખે દવ લાગિયો, એ તો કેમ હોલવાય;
શું જાણીએ હવે શું થશે, કથ્યું કર્શુએ ન જાય. શેર ખ. ૨૦
કોઇકે હબક ખાધી કારમી, થયા ચિતભ્રમ રોગ;
નાણું જતાં લાજ નવ રહી, જો જો દૈવના જોગ. શેર ખ. ૨૨
સત્ય તજયાં સત્યવાદીએ, તજયા બોલેલા બોલ;
ભડ નર જે ભારેખમ હતા, તેનો પણ ઘટયો તોલ. શેર. ૨૨
ઘરમાં સંતાઇ ઘણા રહે, લાગે લોકમાં લાજ;
મરણ ઈચ્છે કઇક માનવી, દેખી ન ખમાય દાઝ. શેર ખ. ૨૩
પ્રભુને જાચું કરી પ્રાર્થના, એજ છેલ્લો ઉપાય;
દલપતરામના દેવ તું, સઉની કરજે સહાય. શેર ખજારે. ૨૪

### દોહરા.

ગયા શિકારે શેરને, શિકારના કરનાર;
ત્યાં સામો શેરે[1] કર્યો, શિકારીનો શિકાર. ૧
મુંબઇ ઉપર વાદળાં, ચડયાં દિસે ચોપાસ;
બળે ચિતા બેંકોતણી, ધુમ્ર ચડયો આકાશ. ૨

### મનહર છંદ.

લેખણો ને ચાકાં રૂપી શૂળ ને ખડગ કંઇ,
ખાતાવહી ખપ્પરમાં ખલકને ખાઈ ગઇ;
શેરની સવારી કરી ફરી સારા શહેરોમાં,
ચાચરમાં તાલિયો પડાવી ગીત ગાઇ ગઇ.

---

[1] વાઘ.

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

પ્રાણિયોનું લોહી પીવા પ્રથમ પ્રયાણ કરી,
દિવાના બનાવા મદપાન પણ પાઈ ગઇ;
કહે દલપતરામ કરવા પ્રલય કાળ,
કંપનિયો રૂપે જુઓ કાળિકા જણાઈ ગઇ. ૩

## શાર્દૂલવિક્રીડિત વૃત્ત.

રે તું કંપનિ કે નહીં નહિ અરે, હું કાંપિની છું સહી,
આ શું લેખણ કે નહિ, ત્રિશુળ છે, ત્રીજી અણી ક્યાં તહી;
તે તો તુટી નિશુંભ શુંભ હણતાં, ક્યાં ખંડ ચાકુ બન્યું,
આવી કેમ અહીં ક્ષુધાતુર થઇ, લોહી પિવા લોકનું. ૪

## મનહર છંદ.

હીરાકંઠી કેમ હાર તરુણીઓ તજી બેઠી,
તજ્યાં ઘરબાર વળી એવી વેળા આવી છે;
સોસો રૂપૈઆની સાડી શરીરે શોભાવતી તે,
સવા રૂપૈઆની સાડી શરીરે ધરાવી છે;
શેર ને કપાસ જેવા જાણે સદગુરુ મળ્યા,
તેણે દલપત પોથી જ્ઞાનની પઢાવી છે;
ઓગણીસેં બાવીતણી બાવી રૂપે આવી સાલ,
બૈરીઓને બોધ કરી બાવીઓ બનાવી છે. ૫

ખાતાવહીમાં દેખાતો સરસ શૃંગાર રસ,
જોતાં કરુણા રસ હવે જુઓ જણાય છે;
આવરાની નોંધ એવી રસિક પ્રિયાના જેવી,
સુંદર વિલાસ જેવી હવે સમજાય છે;
બેંક રૂપી તીરથના નીર થકી ન્હાઇ ભાઇ,
વાસના વિસરી પૂરો વૈરાગ્ય પમાય છે;
દૈવતણી ગતિ દેખો દાખે દલપતરામ,
અનુભવી ગુરુ વિના અનુભવ થાય છે. ૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ધોળ ૧ લું.

### પ્રભાતની પ્રાર્થના કરવાના ઉપદેશનું ધોળ.

" રાતો ઘોડો રણ પાખરીઓ. "–એ રાગ.

સુતાં ઉઠી નિત્ય સવારે, પ્રભુ પ્રાર્થના કરીએ; બેહેની.
મહીમા તેનો મનમાં લાવી, ધ્યાન રૂદેમાં ધરીએ. બેહેની. ૧
સૃષ્ટિ સઘળી જેણે સરજી, સરજયા સૂરજ ચંદ્ર; બેહેની.
ઝગમગતા તારા જોઇને, ઉપજે ઉર આનંદ. બેહેની. ૨
પૃથ્વી, પાણી, સાગર સરજ્યા, પશુ પર્વત પહાડ; બેહેની.
ધરણીમાં ધાતુઓ સરજી, ઝાઝાં સરજયાં ઝાડ. બેહેની. ૩
સઉનાં ઉપરી માણુસ સરજ્યાં, આપી બુદ્ધિ અનૂપ; બેહેની.
અગણીત વસ્તુ ઉપજાવી છે, રુડાં જેનાં રૂપ. બેહેની. ૪
એમજ ઇશ્વર એવો એ છે, બીજો નથી તે તુલ્ય; બેહેની.
ભજે બીજાને ભાવ ધરી તે, ભોળા મનની ભૂલ. બેહેની. ૫
સૌનો કરતા હરતા સ્વામી, એવો છે એ એક; બેહેની.
જુદી રીતે જનો ભજે છે, એનાં નામ અનેક. બેહેની. ૬
કરુણાનિધિને રાજી કરવા, કામ દયાનું કરવું; બેહેની.
બહુ બહુ તેની બીક ધરીને, દોષથકી દિલ ડરવું. બેહેની. ૭
એનું કાંઇએ નથી અજાણ્યું, ઉરમાં સમજો આમ; બેહેની.
સમજો તો સાદી શિખામણ, દે છે દલપતરામ. બેહેની. ૮

---

## ધોળ ૨ જું.

### છોડીઓને ભણવા વિષે.

" રૂકમણી અંબિકા પૂજવા ચાલી. "–એ રાગ.

સૈયર ચાલો ને ભણવા નિશાળે, દયા કીધી છે દેવ દયાળે;
આપણે ભણવાની થૈ હવે છુટી, થાકયા દુર્જન ડાહાપણ કુટી. ૧
ઘણું જીવો સોસાઇટી સારી, જેણે દેશમાં વિદ્યા વધારી;
સૈયર આજ આનંદની એલી, ભણીએ અંગથી આળસ મેલી. ૨

P. P. Ac. Gunrathasuri M.S. Jin Gun Aaradhak Trust

આજ મોતીડે મેહુલા વુઠયા, ત્રણ લોકતણો નાથ ત્રુઠયા;
લૈએ લેખણ ખડીઓ ને પાટી, દેખી દુરિજન છો મરે ફાટી. ૩
હેત હૈડામાં માબાપે આણ્યાં, દિલમાં દીકરા જેવાં કરી જાણ્યાં;
તેથી છાણ વાસીદાં છોડાવી, ભાત્રે ભણવા બેસાર્યાં છે આવી. ૪
ભણી ગણીને શિખામણ લેશું, માત તાતને આશીષ દેશું;
સઘળી વાતનો થાશે સુધારો, દીલમાં દીન દયાળ સંભારો. ૫

## ધોળ ૩ જું.

### પરણી ઉઠયા પછીનો હરખ.

( જયારે સીતાજી પરણીને ઉઠયાં ત્યારે પોતાની બહેનપણીને પોતાના હરખની જે વાત કહી તે વિષેનું ગીત. )
(છઇયે ઓળામાં ઘાલી ખીચડી, છઇયે ઘેરઘેર માગી દીકરી–એ રાગ.)

ઉઠયાં પરણીને જે સમે જાનકી, વધ્યો હઇયામાં હરખ વિવા' થકી;
મળી શાણી સાહેલી ને સુંદરી, બોલી બોલ અતોલ ખુશી ભરી. ૧
સખી સાંભળ કહું એક વાતડી, મારી આજ શીતળ થઇ છાતડી;
મારો હરિવરે હાથ તે ઝાલિયો, મને અખંડ ચુડો એણે આલિયો. ૨
વર પામી સુંદર વર વિઠલો, મેં તો કાને સુણ્યોતો તે દીઠલો;
મને પળ ન ગમે હવે પિયરમાં, મારું મન મોહ્યું શામશરીરમાં. ૩
વર મળિયો મને છેલ વાંકડો, હવે શીદને ન રાખીએ આંકડો;
વર પામી હું તો વરણાગિયો, મેં તો ભવોભવ એ વર માગિયો. ૪
મને મનગમતું મળ્યું સાસરું, હવે કેમ ધડક મનમાં ધરું;
મારી એ સંગે જેણે સગાઇ કરી, એને આશિષ આપું ફરીફરી. ૫
ગુરુને મસ્તક નામું લળી લળી, મને પરણાવી એ વરને વળી;
હવે મનગમતાં સુખ માણિયે, કેમ કોઇની શરમ ઉર આણિયે. ૬
મારે કસુર ન રહી કોઇ વાતની, મારે માયા નથી માત તાતની;
આપું આશીષ માત ને તાતને, ભલું થાજો કહું મારા ભ્રાતને. ૭

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મને માનિતી કરી હરિ થાપશે, હું તો જે જે માગીશ તે તે આપશે;
મારે નીસરી ખાણુ કરમની, વાત મૂરખ ન જાણે એ મરમની. ૮
પૂણ્ય પૂર્વે કીધાં હશે મેં ઘણાં, તેણે પામી ચરણ હું તો પિયુતણાં;
વ્રત દાન કરે જેને કારણે, તેને પામી હું તો સુતી પારણે. ૯
હું તો કાશી કેદારમાં નવ ફરી, હું તો ઘેર બેઠાં એ વરને વરી;
હવે સગાં સંબંધીને શું કરૂં, હું તો સુંદર વરની સાથે ફરું. ૧૦
મન માન્યું છે દશરથ લાલમાં, વર લખ્યા ભૂધર મારા ભાલમાં;
ભુલી દુરમતિ દુરગુણી ટેવને, પરણી દલપતરામના દેવને. ૧૧

---

## ઘોળ ૪ થું.

### રામ તથા લક્ષ્મણ વનમાં જતાં સીતાને રામે કહેલું.

રામ લક્ષ્મણ વનમાં સીધાવતાં, સતી સીતાને આવતાં સાથ;
કહે રઘુનાથ, પધારો પીયર ભણી.
નહીં તો અહીં રહો સાસરાના રાજમાં,
હેતે હળી મળી સાસુ સંગાત; નહીં તો જોડી હાથ. પધારો. ૧
અમે વસ્તીમાં નહીં વસીએ વનિતા, અમે કરશું જઇ વનવાસ,
તમો પામો ત્રાસ; પધારો.
સાથે રથ કે ઘોડું નહીં રાખીએ, નહીં રાખીએ દાસી કે દાસ;
કોઈ અમ પાસ. પધારો. ૨
તમે કોશનો પંથ કાપો નથી, ચરણે ચાલવાથી પામો થાક;
લીટી ખેંચો નાક; પધારો.
અમે વનફળ ખાઇ ખુશીમાં રહેશું, કોઇ દિવસે તો કેવળ શાક;
વિના લૂણ પાક. પધારો. ૩
વનમાં નથી મંદિર નથી માળીયાં, નથી પોઢવા કાજ પલંગ;
રંગિત નવ રંગ; પધારો.
કરશું ઘાસ કે પાનની ઝુંપડી, સુવા સાથરો તે ખુંચે અંગ;
એમાં શો ઉમંગ. પધારો. ૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વનમાં હીરનાં ચીર તો નહીં મળે, વનમાં નહીં મળે ફરતાં ફુલેલ
કે તેલ ધુપેલ; પધારો.
વનમાં નહિ મળે શાણી સાહેલીઓ, કરશો કો સંગે ખાંતથી ખેલ;
ઉમંગ ભરેલ. પધારો. ૫
ઉષ્ણકાળે વાશે ઉના વાયરા, એવું દેખીને થાશો ઉદાસ;
જ્યારે જેઠ માસ; પધારો.
વરસે મેઘને ઝબકશે વીજળી, તેવે ટાણે તો તરુ તળે વાસ;
નહીં છત્ર પાસ. પધારો. ૬
વનમાં ઘાતકી રહે છે રાક્ષસ ઘણા, ચારે તરફ ફરે બહુ ચોર;
જેનું ઘણું જોર; પધારો.
વનમાં વાઘ વરૂ ને વાનર સમાં, ઘણાં વિચરે જનાવર ઘોર;
બચે નહીં ઢોર. પધારો. ૭
મોટા પર્વત દેખીને માનની, તમે નજરે જોયા નહિ જાય;
દીઠે ખાવા ધાય; પધારો.
તમે રાજકન્યા કાયા કોમળી, વનવાસનાં દુઃખ ન વેઠાય;
કાયા કરમાય. પધારો. ૮
ઘરમાં અંધારું દેખી ડરો ઘણાં, નથી નિસર્યાં કદી ઘરબારઃ
છો નાજુક નાર; પધારો.
તમે છોટી ઉંમર વર્ષ સોળનાં, નથી સંકટ વેઠયાં લગાર;
તમે કોઇ વાર. પધારો. ૯
પરણી આવીને પીયર ગયાં નથી, તમને મળવાને ઇચ્છે છે માય;
ચાંપે ચિત ચા'ય; પધારો.
રાજા જનકજી તમને અંખે ઘણું, તેના સંદેશા આવે સદાય;
તેડાં પાછાં જાય. પધારો. ૧૦
ભાત ભાતનાં ભોજન ભાવતાં, તમને મોકલશે મહીપાળ;
પુરાવીને થાળ; પધારો.
અમે અવધે ફરી જ્યારે આવશું, લેશું પ્રેમે તમારી સંભાળ;
ત્યારે તતકાળ. પધારો. ૧૧

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રૂડી મિથિલાપુરી મનમાનતી, તેમાં પામશો પરમ વિરામ;
છે આપનું ગામ.    પધારો.
ગોરી તમને ગમે તેમ હું કરૂં, એમ દલપતરામનો શ્યામ;
કહે રાજા રામ.    પધારો. ૧૭

## ઘોળ ૫ મું.

### પછી સીતાજી બોલ્યાં તેનું ઘોળ.

#### રાગ ઉપર મુજબ.

એવું સાંભળીને સીતાજી કહે, સુણો સુંદર શ્યામ સુજાણ;
પ્યારા મારા પ્રાણ, સાથે રાખો સ્નેહથી;
જુદાં પડવાની વાત વ્હાલા કહો, તે તો બોલ લાગે તીખાં બાણ;
રઘુકુળ ભાણ.    સાથે. ૧
સ્વામી જયાં તમે ત્યાં ઘર માહરું, તમથી વેગળી તે પરદેશ;
હું જાણું હમેશ;    સાથે.
તમે જોગીનો વેશ જો ધારશો, તો હું જોગણનો ધરું વેશ;
જટા કરું કેશ.    સાથે. ૨
સ્વામી તમેરે સુખી તો સુખ માહરે, તમે દુઃખમાં તો દુઃખ મારે દેહ,
એમાં શો સંદેહ;    સાથે.
જે કોઇ પરણ્યા પછી રહે પીયરમાં, અવતાર બળ્યો ધિક એહ;
મુઆ જેવી તેહ.    સાથે. ૩
સ્વામી તમ વિના મંદિર ને માળિયાં, ભાસે પર્વત મોટા સમાન;
વસ્તી તો વેરાન;    સાથે.
મહાવનમાં વસ્તી ભરી ભાસશે, જયારે પામીશ દરશનદાન;
કૃપાના નિધાન.    સાથે. ૪
સાસુ સસરો ને માતપિતા સઉ, ભલે જીવો કરો રુડાં રાજ;
મને મહારાજ;    સાથે.
સ્વામી શું કરું ભાઇ ભોજાઇને, સ્વામી શું કરું સૈયર સમાજ;
કેનું નથી કાજ.    સાથે. ૫

P. P. Ac. Gunratnasuri M.S.    Jin Gun Aaradhak Trust

સાચું સગપણ જગમાં સ્વામીતણું, બીજો સ્વારથી સઘળો સંસાર;
કુટુંબ પરિવાર; સાથે.
મારાં લાડ પાલણ તમે લાલજી, બીજો નથી આંસુનો લેનાર;
કે એકે આધાર. સાથે. ૬
કાયા પ્રાણથકી જો જુદી રહે, તો હું તમથી જુદી પડી છેક;
જીવું તજી ટેક; સાથે.
જો કોઇ જળથી જુદી પાડી માછલી, રાખો દૂધમાં કરીને વિવેક;
જીવે પળ એક. સાથે. ૭
તમે સુખના સાગર રહો વેગળા, પછી શું કરું રાજ ને પાટ;
હવેલીના ઠાઠ; સાથે.
મને હીરનાં ચીર ગમે નહિ, મને ન ગમે ઘરેણાંના ઘાટ;
મટાડો ઉચાટ. સાથે. ૮
હું તો તમને દીઠે થાઉં દેખતી, અણદીઠે તો આંધળી ભીંત;
જનમની એ રીત; સાથે.
મેં તો સ્નેહ તોડયો સર્વ લોકથી, બાંધી તમ સંગે પૂરણ પ્રીત;
ચોરાયું છે ચિત્ત. સાથે. ૯
જમવું જીવન તમથી જુદાં પડી, હોય વિધવિધનાં પકવાન;
તે વિખનાં નિશાન; સાથે.
કરીએ ભોજન તમ સંગે ભાવથી, હોય કેવળ શાક કે પાન;
તે મેવા સમાન. સાથે. ૧૦
પડશે તડકા ને તાપ વૈશાખના, તે તો જાણીશ ચંદ્રપ્રકાશ;
રહી તમ પાસ; સાથે.
મુજને મેલી જો પંથે પધારશો, આવી મળવાની ધરશો ન આશ;
નિશ્ચે પામું નાશ. સાથે. ૧૧
કરતી વાત ઢળી પડી ધરણીએ, નારી જનકી થૈને નિરાશ;
કહે લેતી શ્વાસ; સાથે.
દયા કરી દેવ દલપતરામને, સતી સીતાને દેખી ઉદાસ;
જતાં વનવાસ, સાથે રાખ્યાં સ્નેહથી. ૧૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ધોળ ૬ ઠું.

### રામચંદ્રજીના સીતાજી ઉપરના કાગળનું ધોળ.

"મામેરૂં મોંઘા મૂલનું" એ રાગ છે.

સ્વસ્તિ શ્રી પુરી લંકા સોહામણી, જયાં રાજે છે જનકકુમારી;
પ્રીતમ લખે પ્યારીને. ૧
રહો અખંડ હેવાતન તમતણું, એવી આશીષ વાંચો અમારી. પ્રી.
ગોરી દૈવના જોગે જુદાં પડયાં, પણ પ્રાણ મારા તુજ પાસ;
એસું બાગ બગીચે કે બંગલે, રહું તમ વિના આધક ઉદાસ. પ્રી. ૨
તારો સ્નેહ ઘડીએ ઘડી સાંભરે, તારો ભાવ ભુલ્યો નવ જાય;
તારા હેતથી હૈડું ભરાય છે, તે તો લેખણથી ન લખાય; પ્રી. ૩
મારે અર્થે તમે બાળપણ થકી, તજ્યો સઘળો પીયર પરિવાર;
મારાં લેશ વચન નથી લોપીઆં, નથી કોપીઆં કદીયે લગાર. ૪
તારી નમ્રતા અમરતથી ગળી. વળી શોભીતો શાંત સ્વભાવ;
જેથી મનની ઉદાસી તરત મટે, તારા બોલનો એવો બનાવ. ૫
ગોરાંદે ! તારા ગુણ કેમ વીસરે, કેમ વીસરે વ્હાલપ ભર્યાં વેણુ;
હેતે હસતું વદન તારું વનિતા, મારાં નિરખવા તલખે છે નેણ. ૬
દિવસે તુજ વિના દીલમાં ગોઠે નહીં, પીવું પાણી કે જમવું અનાજ;
રાતે રોઇ રોઈ આંખો રાતી થઇ, લોક પૂછે તો આવે લાજ. ૭
ગોરી ! મનમાં ધીરજ ધરી રાખવી, કાલે ભાગશે ભવના વિજોગ;
જેથી રીઝે આપણને જગતપતિ, એવો અહોનિશ કરવો ઉદ્યોગ. ૮
વૃદ્ધ પાડોશીઓ હોય શુદ્ધ જે, તેને પ્રીતથી કહેજો પ્રણામ;
વિભીષણ મારા મિત્ર પવિત્રને, કહેજો જરૂરનું હોય જો કામ. ૯
જોઇતી વસ્તુ જરૂર મંગાવજો, કશી વાતે ન મુંઝાશો મંન;
કાલે દેખીશું દિવસ આનંદના, જાશે વીસરી આ દુખભર્યાં દંન. ૧૦
જે જે પ્યારી તમારી સાહેલીયો, તેને પણ મારા કહેજો જુહાર;
સાસુ સસરાની આશીષે સુંદરી, મળશું ભામની ને ભરતાર. ૧૧
વધે સ્નેહ ને સંપ સુજન સાથે, તેવી તનમન રાખજો ટેવ;
અમે થોડી અવધે હવે આવશું, એમ દલપતરામનો દેવ; પ્રીતમ. ૧૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ધોળ ૭ મું.

### સીતાજીના કાગળનું ધોળ.

સ્વસ્તિ શ્રી શુભ સ્થાન સોહામણું, જયાંહે રાજે સદા રઘુનાથ;
કાગળ લખે કામની.
લખે લંકા થકી સીતા સુંદરી, હેતે વંદે જોડી જોડ હાથ. કા. ૧
પત્ર આવ્યો તમારો પ્રીતિ ભર્યો, વહાલા વાંચી થયો વીશરામ;
પણ જીવન તમથી જુદાં પડે, ઘણા દિવસ થયા ઘનશામ. કા. ૨
માટે મળવાને મન અકળાય છે, ઘડીએક તે જુગ જેવી જાય;
મારાં નેણનાં નીરથી નાથજી, સુતાં રજનીમાં સેજ ભીંજાય. કા. ૩
ઘેર ચાલો હવે તો ઘણી થઇ, નહીં તો જીવડો જાશે જરૂર;
દૈવે પાંખો આપી હોય પિંડમાં, ઉડી આવું દેશાવર દૂર. કા. ૪
વ્હાલા નિત્ય નવી વારતા વાંચીએ, જેથી પામીએ પૂરો પ્રમોદ;
ચતુરાઇના ચોજ હું ચાળવું, આવો વિદ્યાના કરીએ વિનોદ. ૫
મારા વ્હાલા તમારા વિજોગથી, દિલ દાઝે છે દિવસ ને રાત;
હું તો મનમાં ને મનમાં મુંઝાઉં છું, કહું કયાં જઇ કરમની વાત. ૬
વાતો ટાઢીમીઠી મારા વ્હાલમા, પ્રીતે બેસીને કરીએજી પાસ;
એવા દિવસ તે કયારે દેખાડશો, કયારે અંતરની પૂરશો આશ. ૭
સ્વામી તમ વિના પીયર ને સાસરું, સુનો લાગે છે સઘળો સંસાર;
મારા માથાથી મોંઘા પ્રભુ તમે, મારા આતમના છો આધાર. ૮
આવે પરવના દિન સુખ સર્વને, હું તો શોકે ઉદાસી સદાય;
ગાજે મેઘ ને દમકે જો દામની, આખી જામની જંપ ન થાય. ૯
હું તો સુની દેખું સુખ સેજડી, ખાલી મંદિર ખાવાને ધાય;
ભરી વસ્તી ઉજડ જેવી ભાસતી, એક તમવિના ત્રિભુવનરાય. ૧૦
વ્હાલા હું તમને કેમ વીસરી, કેમ વીસર્યું દાદાનું વતન; કા.
પત્ર વાંચીને વેહેલા પધારજો, સ્વામી શરીરનાં કરજો જતન. ૧૧
કોઇને દુખીયાં દેખીને દુઃખ પામતા, તેવી નાથ તમારી છે ટેવ;
આવે અવસરે કેમ કઠણ થયા, તમે દલપતરામના દેવ;
કાગળ લખે કામની. ૧૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ધોળ ૮ મું.

### શીયળ વિષે.

"મામેરું મોંઘા મૂલનું"–એ રાગ.

સુણો સમજુ સકળ નર નારિયો,
મોટો શીયળ તણો મહિમાય. શીયળ પાળો સ્નેહથી.
જે કોઇ શીયળ સારી રીતે સાચવે, સરવે સુફલ મનોરથ થાય. ૧
સોના રૂપાની શોભા ન સમજીએ, શોભા સરસ શીયળ શણગાર;
જેવાં નકટાંને ભૂષણ નાખીઆં, એવાં શીયળ વિના નરનાર. શી. ૨
વધે લાજ અધિક ઠીક લોકમાં, પરલોકમાં મુક્તિ પમાય;
સુખ સંપત્તિ શીયળથી સેવીએ, રીઝે જગકરતા જગરાય. શી. ૩
માટે શીયળ સરવ વિધે સાચવો, તજો કામી હરામીનો સંગ;
જરીએ ડરીએ ન મરણનો ડર ધરી, ભારે ડરીએ શીયળ થતાં ભંગ. ૪
તજી લાજ બેઅદબી ન બોલીએ, નહી ડોલીએ મદ છકમાંય;
નીચી નજરે સરળ રીતે ચાલીએ, હાંસી મશકરી કહીએ ન કાંય. ૫
ફાટી આંખે ફરે જે કોઇ ફાતડા, તેનું દાટીએ માટીમાં મુખ;
તજવી સોબત જરૂર તે જનતણી, જેણે લજવી જનેતાની કુખ.૬
ભણવું ગણવું તો તેહનું ધન્ય છે, જેણે કુળને લગાડયો ન ડાઘ;
ભણી ગણીને જે શીયળ ન સાચવે, એના ભણતરમાં ઉઠી આગ. ૭
હૈયાફુટા બોલે બોલ હાંસીએ, દેખી ફાંસીને નાસીએ દૂર;
શિક્ષા સુંદર દલપતરામની, જાણી કામની શીખો જરૂર. શીયળ૦ ૮

---

## ધોળ ૯ મું.

### નર ભમરને ઉપદેશ વિષે.

"ક્યાંનાં તે આવ્યાં બીલડાં, મોતીવાળા ભમરજી" એ રાગ.

ભૂલા પડી ભમશો નહિ, ભોળા નરરે ભમરજી;
ભમશે તો મળશે અભાગરે, ભૂલણ ભોળા નરરે ભમરજી;
પછી પૂરો પસ્તાવો પામશો, ભોળા નરરે ભમરજી;
અંતર ઉઠશે આગરે, ભૂલણ ભોળા નરરે ભમરજી. ૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પારકા બાગમાં પેસશો, ભોળા નરરે;
રમણીક જોઇ રુડા રંગરે, ભૂલણ ભોળા;
ફૂલ્યાં કમળ અને ફૂલડાં, ભોળા નરરે;
એથી છેદાશે અંગરે, ભૂલણ ભોળા. ૨

આંબુ જાંબુ જેવાં જે તરુ, ભોળા નરરે;
કેળ જેવાં વળી કોયરે, ભૂલણ ભોળા;
અરે તરુ અમૃતનાં એ નથી, ભોળા નરરે;
હળાહળ વખનાં તે હોયરે, ભૂલણ ભોળા. ૩

માળી તેનો તને મારશે, ભોળા નરરે;
ફોગટ થઇશ ફજેત રે, ભૂલણ ભોળ;
શાણા રૂડા ખીજા સોબતી, ભોળા નરરે;
હૈડામાં નહિ રાખે હેતરે, ભૂલણ ભોળા. ૪

ચોરી તારી તે ચાહન થશે, ભોળા નરરે;
છાની રહે નહિ છેક રે, ભૂલણ ભોળા;
કીર્તિ કપાશે કુળની, ભોળા નરરે;
અપજશ વધશે અનેક રે, ભૂલણ ભોળા. ૫

પિંડ પડયા પછી પૂછશે, ભોળા નરરે;
નરકપુરીનો નવાબરે, ભૂલણ ભોળા;
કહે ત્યારે કેમ કરીશ તું, ભોળા નરરે;
જીભે શો દઇશ જવાબ રે, ભૂલણ ભોળા. ૬

શિક્ષા પામીશ સારી પેઠે, ભોળા નરરે;
એ માટે ચેતજે આજરે, ભૂલણ ભોળા;
નિશ્ચે તું જાણજે ત્યાં નથી, ભોળા નરરે;
રાણી પોપાંબાઇનું રાજરે, ભૂલણ ભોળા. ૭

જગતમાં કેટલુંક જીવવું, ભોળા નરરે;
એ તો વિચારી જો આપરે, ભૂલણ ભોળા;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જોતાંમાં જોબન વહી જશે, ભોળા નરરે ભમરજી;
પલ્લે રહેશે પુણ્ય પાપરે, ભૂલણ ભોળા ભમરજી. ૮
મનમાંથી મગરૂરી મેલજે, ભોળા નરરે ભમરજી;
રહે નહિ રાજા કે રાંક રે, ભૂલણ ભોળા ભમરજી;
જશ અપજશ જેણે જે કર્યા, ભોળા નરરે ભમરજી;
એના અચળ રહ્યા આંક રે, ભૂલણ ભોળા ભમરજી. ૯
રાવણ જેવા ગયા રાજવી, ભોળા નરરે ભમરજી;
જેનું હતું અતિ જોરરે, ભૂલણ ભોળા ભમરજી;
બહુ બળિઆ હતા બાદશાહ, ભોળા નરરે ભમરજી;
ઘણાની ચણાઇઓ છે ઘોરરે, ભૂલણ ભોળા ભમરજી. ૧૦
નિર્ધાર એક ઘડીનો નથી, ભોળા નરરે ભમરજી;
કેવો દિવસ હશે કાલ રે, ભૂલણ ભોળા ભમરજી;
ડગલાં તું ભરજે ડરી ડરી, ભોળા નરરે ભમરજી;
ચોપે સુધારજે ચાલરે, ભૂલણ ભોળા ભમરજી; ૧૧
પડે છે દીપકમાં પતંગિયાં, ભોળા નરરે ભમરજી;
તેવી તો તું તજ ટેવરે, ભૂલણ ભોળા ભમરજી;
રુડે રસ્તે જતાં રીઝશે, ભોળા નરરે ભમરજી;
દલપતરામનો દેવરે, ભૂલણ ભોળા ભમરજી. ૧૨

---

## ધોળ ૧૦ મું.

### મોચીના પથ્થરને શિખામણનું ધોળ.

રાગ ઉપર પ્રમાણે.

કુટિલ હઇયાના કઠણ થયા, મોચીવાળા પથ્થરજી;
કરતાં અનેક ઉપાય રે, પલાળતાં ન પલળ્યા પથ્થરજી;
ઝડીઓ પડે વરસાદની, મોચીવાળા પથ્થરજી;
સો જુગ તોય શું થાય રે, પલાળતાં ન પલળ્યા પથ્થરજી. ૧


P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

કથાઓ સુણી એક કાનથી, મોચીવાળા પથ્થરજી;
કાઢી નાંખી બીજે કાનરે, પલાળતાં ન પલળ્યા પથ્થરજી;
જ્ઞાનીને સંગે સદા વસ્યા, મોચીવાળા પથ્થરજી;
તોય ન થયા જ્ઞાનવાનરે, પલાળતાં ન પલળ્યા પથ્થરજી. ૨
વચનને ટાંકણે ટોકતાં, મોચીવાળા પથ્થરજી;
ન ખરી દુર્ગુણ કણી એકરે, પલાળતાં ન પલળ્યા પથ્થરજી;
બીજવી નીતિ જળે વીંટિયા, મોચીવાળા પથ્થરજી;
પત્રના પાટા અનેકરે, પલાળતાં ન પળળ્યા પથ્થરજી. ૩
પડીયા સભા સરોવર વિષે, મોચીવાળા પથ્થરજી;
જ્ઞાન ઉંડા જળમાં કથા કરે, પલાળતાં ન પલળ્યા પથ્થરજી;
પલળેલા દીસો ઉપર થકી, મોચીવાળા પથ્થરજી;
કાળજાં તો કોરાં ધાકરે, પલાળતાં ન પલળ્યા પથ્થરજી. ૪
સુધારવા સજ્જન શિલ્પિયે, મોચીવાળા પથ્થરજી;
કીધા કરોડ પ્રકારરે, પલાળતાં ન પલળ્યા પથ્થરજી;
હાથ હથોડા તે થાકીયા, મોચીવાળા પથ્થરજી;
એક બન્યો ન આકારરે, પલાળતાં ન પલળ્યા પથ્થરજી. ૫
ખાસડાં ખમવાને યોગ્ય છો, મોચીવાળા પથ્થરજી;
શિખરે નથી જવા જોગરે, પલાળતાં ન પલળ્યા પથ્થરજી;
વિશ્વપતિથી થયા વેગળા, મોચીવાળા પથ્થરજી;
ભલે પડ્યા મોચીને ભોગરે, પલાળતાં ન પલળ્યા પથ્થરજી. ૬
વર્ષ ઘણાંક વિતી જશે, મોચીવાળા પથ્થરજી;
છુટકો થશે નહિ છેકરે, પલાળતાં ન પલળ્યા પથ્થરજી;
હતો રે ઉપાય જ્યારે હાથમાં, મોચીવાળા પથ્થરજી;
વખતે ન પામ્યા વિવેકરે, પલાળતાં ન પલળ્યા પથ્થરજી. ૭
કઠણને સંગે કઠણ થયા, મોચીવાળા પથ્થરજી;
નિપજ્યા જગતમાં નઠોરરે, પલાળતાં ન પલળ્યા પથ્થરજી;
વખણાએલામાં નહિ વસ્યા, મોચીવાળા પથ્થરજી;
નિપજ્યા જગતમાં નઠોરરે, પલાળતાં ન પલળ્યા પથ્થરજી. ૮

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પૂરણ પસ્તાવો પામશો, મોચીવાળા પથ્થરજી;
મુદગરના ખાશો માર્રે, પલાળતાં ન પલળ્યા પથ્થરજી;
મોચી દયા નહિ મન ધરે, મોચીવાળા પથ્થરજી:
પીડાના કરશો પોકાર્રે, પલાળતાં ન પલળ્યા પથ્થરજી. ૯
કાયાતણા કટકા થશે, મોચીવાળા પથ્થરજી;
આવશે તોય ન અંતરે, પલાળતાં ન પલળ્યા પથ્થરજી;
માટે ચેતો ચિત આજથી, મોચીવાળા પથ્થરજી;
ભાવે ભજો ભગવંતરે, પલાળતાં ન પલળ્યા પથ્થરજી. ૧૦
અંતે સાચો બેલી એજ છે, મોચીવાળા પથ્થરજી;
નિરભે થવા જપો નામ રે, પલાળતાં ન પલળ્યા પથ્થરજી;
શિક્ષા સાચી માનો સાંભળી, મોચીવાળા પથ્થરજી;
કે છે તે દલપતરામ રે, પલાળતાં ન પલળ્યા પથ્થરજી. ૧૧

## ચેતવણીનું પદ—રાગ કાફી.

"હોલો હોલી કહે છેરે, પ્રભુ મારી વારે ચઢો"—એ રાગ.

ચિત્તે જો વિચારીરે, તારી ગતિ શી થાશે;
જીવવાની વારીરે, વારી સમ વહી જાશે. ટેક.

સંસારમાં સગું કોણ છે તારું સ્વારથિયો છે સંસાર:
હાથે કરીશ તે આવશે સાથે, ભર્યા રહેશે ભંડાર;
તારું નથી એમાંરે, કોણ જાણે કોણ ખાશે. ચિત્તે જો. ૧

મોટા મોટા મહારાજા હતા તે, મેલી ગયા ધન માલ;
પુણ્ય કર્યું તેજ પરલોક પામ્યા, એવો અસલનો છે ચાલ;
વેદ ને પુરાણેરે, વાત એજ વંચાશે. ચિત્તે જો. ૨

ચેતાય તો ચેત જ્ઞાની ચેતાવે, આવે જો અંતરે વિશ્વાસ;
શાસ્ત્રનો સાર પણ તે સમજાવે, ફાવે તો કર અભ્યાસ,
ભજ ભયહારીરે, તેથી તારું અઘ નાસે. ચિત્તે જો. ૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અધમ પાપી અજામેળ જેવા, એવાનો કર્યો ઉદ્ધાર;
તે પ્રભુને તું સ્નેહે સમરતો, પામીશ ભવજળ પાર;
વાસ વસે જઇનેરે, પરમ પ્રભુ પાસે. ચિત્તે જો. ૪
રામને નામે પથ્થર તરીયા, તો તું એ ન તરીશ કેમ!
રામના નામનું રોજ રટન કર, ઉર વિચારીને એમ;
ભવજળ તરતાંરે, ભય તને નહિ ભાસે. ચિત્તે જો. ૫
શિલા હતી તેની થઇ અહિલ્યા, રામના પદને પ્રતાપ;
તે પદને પુરા પ્રેમથી ભજ તું, થાશે પ્રલય તારાં પાપ;
જ્ઞાન દીવો દિલમાંરે, પૂરેપૂરો પ્રગટાશે. ચિત્તે જો. ૬
શેષ, મહેશ, ગણેશ ને શારદા, ગાય જેના ગુણ ગાન;
અષ્ટાંગ યોગ અભ્યાસ કરીને, ધ્યાની ધરે જેનું ધ્યાન;
સંસારથી છૂટીરે, અચળ પદની આશે. ચિત્તે જો. ૭
એવા પ્રભુજી છે અંતરજામી, બહુ નામી બળવંત;
દીલથી દલપતરામ કહે છે, ભજ ભાવે ભગવંત;
સ્મરણ તું કરજેરે, સદા શ્વાસોશ્વાસે. ચિત્તે જો. ૮

---

## ઇશ્વર આદર્શ છે તે વિષે પદ.

ઊભો રહેને ગોવાળિયારે, તારી મોરલી મીઠી વાય.—એ રાગ
છૂટાં મેલીને છોકરાંરે, સંતાઇને બેઠો બાપ;
કેવી રીતે શોધી કાઢશે, એવો જુએ તમાસો આપ. છૂટાં. ટેક.
બાલ બિચારાં શું કરે, ફાંફાં મારીને થાકે ફોક;
જોતાં તે ક્યાંહિ જડે નહિ, શોધી શોધીને પામે શોક. છૂટાં. ૧
જુદાં જુદાં મત બાંધીને, આપે જુદા જુદા અભિપ્રાય;
એક કહે નથી વાત તે એ તો છે મહામાયા. છૂટાં. ૨
કોઇ કહે નિરાકાર છે નથી તાત કે નથી માત;
બ્રહ્મ કેવું કહેવાય છે એની વેદ વિષે છે વાત. છૂટાં. ૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એક કહે જુઠો તુંય છે ત્યારે બીજો કહે જુઠો તુંય;
વાદ વદીને વઢી મરે હૈયે જાણે જે સાચો હુંય. છૂટાં ૪
સર્વ ઇચ્છે શુભ આપનું ચિત્તે કોઈ ન કષ્ટ ચહાય;
કોઇ દોડે દિશા પૂર્વમાં કોઇ પશ્ચિમ તરફ પળાય. છૂટાં. ૫
એમ કહે એના ઉરમાં અતિ આવે દયા કરો એમ;
કાયાએ કષ્ટ ઘણું સહો કહેશે નહિં કાંઇએ કેમ. છૂટાં. ૬
કર્વત મુકાવી કઇ મુઆ કર્યાં કોઇએ ઝંપાપાત;
કોઇએ કમળ પૂજા કરી પણ તોય ન બોલ્યો તાત. છૂટાં. ૭
એક કહે અક્કલે જુઓ શોભે સૃષ્ટિ વિચિત્ર પ્રકાર;
હંસ ધોળા કાળા કાગડા, તેનો કોઇક છે કરનાર. છૂટાં. ૮
કર્તારે પ્રતિજ્ઞા કરી મુખે બોલવો બોલ ન એક;
આત્મહત્યા કરો આપણે તેથી તે કેમ તજશે ટેક. છૂટાં. ૯
સંપી જંપીને સૌ રહો કરો અન્યોઅન્યે ઉપકાર;
નીતિ ન તોડો પ્રભુ ભજો તેથી રીઝાશે તે કરતાર. છૂટાં. ૧૦
આપણને કોઇ દુઃખ દે જીવ આપણો દાઝે જેમ;
પ્રાણીને પીડા ન કીજીએ ઉરમાંહિ વિચારીને એમ. છૂટાં. ૧૧
સંસારમાં સુખ પામશો, સુખ પામશો પરલોક ઠામ;
ખેદ તજોને ખુશી રહો, એમ દાખે છે દલપતરામ. છૂટાં. ૧૨

---

### ઇશ્વર સર્વ વ્યાપક છે તે વિષે-કવિત.

જગતનો કરતાર ભુવનનો ભરતાર,
વિશ્વ વિષે વ્યાપક છે એ તે પ્રભુ લેખું છું;
જળમાં દિસે છે એજ થરમાં દિસે છે એજ,
અચલમાં દીસે એજ દહનમાં દેખું છું;
અવનિ આકાશ અંતરીક્ષમાંહિ અહોનિશ,
થાવર જંગમમાંહિ એજ અવર ન દેખું છું;
દાખે દલપતરામ ઠાલો નથી કયાંઈ ઠામ,
પ્રતિમામાં પણ એજ પ્રભુને હું પેખું છું. ૯

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## રાગ પ્રભાતી.

જાગોરે જશોદાના જીવન, વહાણલીયાં વાયાં–એ રાગ.

જાગોરે મારા સજ્જન મિત્રો, જાગોરે જાગો—
ઉત્તમ પ્રાપ્તિ ઇશ્વર પાસે, માગોરે માગો; જાગોરે જાગો. ટેક.
દીનદયાળ છે દીનનો બંધુ દેવ વડો દાતા;
સૃષ્ટિ બધી સૃજનાર સઉનો, એજ પિતામાતા. જાગોરે. ૧
જીવ બીજા થકી જેણે આપણને બુદ્ધિ અધિક આપી;
સર્વ ઉપર તેણે આપણી સત્તા, સ્થિર કરીને સ્થાપી. જા. ૨
એજ આપણને અન્ન ને પાણી, આણી દયા દે છે;
સર્વ સમે સંભાળ આપણી, સ્નેહ સહિત લે છે. જાગોરે. ૩
એ પ્રભુએ ઉપકાર અતિશે, આપણા પર કીધો;
જેજે જરૂરનો સામાન જોઇયે, તેહ તેણે દીધો. જાગોરે. ૪
આ ભવમાં ઘણું કામ છે એનું, અંતે પણ છે એનું;
ભાવ ધરી ભલી ભાતથી કરિયે, તેથી ભજન તેનું. જાગોરે. ૫
આપણે તો અગનાનથી એને, ભૂલી ગયા ભાઇ;
તોપણ તે સુખ આપણને નિત્ય, દે છે સુખદાઇ. જાગોરે. ૬
આપણે અન્ન ખવાતું નહિ, ત્યારે તેણે ધરી મનમાં;
લોહી હતું તેનું દૂધ બનાવ્યું, માતાના તનમાં. જાગોરે. ૭
વૃષ્ટિ સમે વળી વૃષ્ટિ કરે છે, એ આપણે કાજે;
લૂણહરામી હશે તેહ તેને, ભૂલતાં નહિ લાજે. જાગોરે. ૮
સંસાર સ્વપ્ન સમાન છે, તહિં જાવું છે જે પાસે;
તેની ગરજ નહિ રાખશે તેતો ભોળો ભ્રમિત ભાસે. જાગોરે. ૯
નાથ નિરંજન ભવ ભય ભંજન, સમરથ છે સ્વામી;
એકજ ઇશ્વર સર્વનો એ છે,બળવંત બહુ નામી. જાગોરે. ૧૦
સૂરજ ને શશી સાગર ભૂમિ સર્વ સૃજયાં જેણે;
કોટીક બ્રહ્માંડ તેણે કર્યાં છે, શું વદિયે વેણે. જાગોરે. ૧૧
જે જન ઇશ્વરનો ડર રાખી, પાપથી પસ્તાશે;
દલપતરામનો દેવ દયાળુ, રાજી રૂદે મહિં થાશે. જાગોરે. ૧૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## મનરૂપી હાથી વિષે—ગરબી.

ઘડુલો ઘુઘરમાળ, ઘડુલો ઘુમે છે.—એ રાગની.

મન મદઝર ૧મેગળ એક છકેલો છુટયો છે,
છંછેડી છરાવેલો છેક, છકેલો છુટયો છે. ૧
એ તો અંકુશ તોડે ટચ, ભચકાવો ભાલો ભચ. છકેલો. ૨
નહિ માને માવતનો માર, કરે અકરાકેર અપાર. છકેલો. ૩
જઇને જાગ્યો જુની બજાર, પ્રજા નાઠી પાડીને પોકાર. છકેલો. ૪
નાઠા પુરા શૂરા રજપૂત, નાઠા જોગી જુઓ અબધૂત. છકેલો. ૫
નાઠા ધ્યાનીની તો ધરતા ધ્યાન, કંઇક જ્ઞાનીએ ગુમાવ્યાં જ્ઞાન. ૬
એના કંઠમાં સાંકળ એક, લોકલાજની પાતળી છેક. છકેલો. ૭
તાણે તો ટુક ટુક થાય, જો મેલે તો જડમૂળ જાય. છકેલો. ૮
થીર ૨થુળ તોડે તે થંભ, જોતાં અંતર ઉપજે અચંભ. છકેલો. ૯
જ્યારે આવશે એનું મોત, જાશે ગોફણગોળા સોત. છકેલો. ૧૦
એને સૌ સમજે સેતાન, કોઇ મરદ લડે મેદાન. છકેલો. ૧૧
બાંધી કમર જીતવા કામ, રામ સમરીને દલપતરામ. છકેલો. ૧૨

---

## ઇશ્વર વિષે.

### ઈશ્વર મહિમા—પદ ૧.

રાગ ખમાચ.

રંગમાં રમો છો ભલાજી, રંગમાં રમો છો.—એ રાગ.

વિશ્વના પતિજી વાલમ વિશ્વના પતિજી,
વા વા વા વાવા વાલમ વિશ્વના પતિ. ટેક.
સકળ સૃષ્ટિ નાથ તારી અકળ છે ગતિ,
અનુસરી શકે શું તને મનુષની કૃતિ. વાવા. ૧

---

૧. હાથી. ૨. જાડો.

P. P. Ac. Gunratnasuri M.S.    Jin Gun Aaradhak Trust

જીવ હરેક જાતીની હયાતી કયાં હતી,
તારા તેજથીજ કરી તેંજ ઉત્પત્તિ. વાવા. ૨
કરણી તારી વર્ણવીને કહી નથી જતી,
ભાખીએ શું નાંખી નથી નજર પહોંચતી. વાવા. ૩
શરણ તારું સર્વ સુખ કરણ છે અતિ,
મારું ચીતહરણ તારા ચરણમાં રતી. વાવા. ૪
હાથ જોડી હું કરું છું નાથ વિનતિ,
આપ શુદ્ધ બુદ્ધિ બધી કાપ દુષ્કૃતિ. વાવા. ૫
અધમને ઉધારવાને ધારવા [1]ધૃતી,
દલપતના દેવ તારી ટેવ છે છતી. વાવા. ૬

## હોરી.

મંત ડારો પિચકારીરે, મેં તો સગરી ભીજ ગઇ—એ રાગ.
વસંત ઋતુ દેખી વનમાંરે, મચ્યો રસ મારા મનમાં. ટેક.
નિર્મળ જળમાં કમળ દળ ફુલ્યાં, ફુલ્યો છે સ્નેહ સજનમાં રે. મ. ૧
પવન સુગંધી શીતળમંદ પ્રસરે, તે સુખદાયક તનમાં રે. મચ્યો. ૨
ચારે દિશામાં દીસે છે ચળકતી, ગંભીર જ્યોત ગગનમાં રે. મ. ૩
રંગે સરસ ફુલી કેસુડી રુડી, સો થકી શોભે શકુનમાં રે. મ. ૪
આંબે મોર આવ્યો વળી અગણિત, આવ્યો નવો કસ અન્નમાં રે. ૫
બોલ રુડા સુડા કોયલ બોલે, વાણી પ્રમાણ વદનમાં રે. મ. ૬
તરુવરને થવાં પલ્લવ તાજાં, ધન સાંપડે જેમ ધનમાં રે. મ. ૭
ગમતી ગુલાબની છાબ ભરીને, ભામની લાવે ભવનમાં રે. મ. ૮
કામિની કંથ કસુંબલ કપડે, ઓપે છે બેઠાં આસનમાં રે. મ. ૯
હેતથી હાસ્ય વિલાસ કરે છે, વિવિધ વિનોદ વચનમાં રે. મ. ૧૦
સરસ સતાર સરોદ બજાવી, માનવી રહે છે મગનમાં રે. મ. ૧૧
દલપતરામને દેવે દયા કરી, વિસ્તારી શોભા વતનમાં રે. મ. ૧૨

1. ધૃતિ=ધીરજ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## માંકણુની ગરબી.

" તમે હરી હૈયાના હાર છો."—એ રાગ.

માંકણના દુખથી મુઝાય છે રે,
લોકો માંકણુના દુખથી મુઝાય છે;
ખાટલામાં ખુબ કરડી ખાય છે રે,
લોક માંકણુના દુખથી મુઝાય છે. ટેક.
ઉંઘમાં આવીને લોહી પી જાય છે,
જાગીએ ત્યારે જણાય છે રે. લોક. ૧
વીણતાં ઝાઝા હાથ ન આવે,
કોણ જાણે ક્યાં સંતાય છે રે. લોક. ૨
પલંગ તજીને પથારી કરીએ,
ધાડની પેઠે ધાય છે રે. લોક. ૩
જમીન તજીને કહો ક્યાં જઇએ,
એવો વિચાર ઉર થાય છે રે. લોક. ૪
માછલાએ જાણ્યું જે જળમાં જઇ રહેવું,
એજ ભલો ઉપાય છે રે. લોક. ૫
રણછોડજી બેટમાં જઇ બેઠા,
ત્યાં પણ ક્યાં સુખે વસાય છે રે. લોક. ૬
આબુ ગિરનાર વિંધ્યાચળ ઉપર,
પારશનાથ નાસી જાય છે રે. લોક. ૭
સદા આકાશે રહે સૂરજ બિચારો,
માંકણથી અહીં અકળાય છે રે. લોક. ૮
ચંદ્રનું અંગ રોજ ઓછું ઓછું થાય છે,
ખોતરી ખાધેલું દેખાય છે રે. લોક. ૯
દિવસે પણ દિલમાં રહે ખટકો,
રાતે તો રોળ વરતાય છે રે. લોક. ૧૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કેમ કરીએ ને માંકણુ ખુટે,
શોસનાથી શરીર સૂકાય છે રે. લોક. ૧૧
એકના અનેક ઉપજે છે એક રાતમાં,
કોણુ જાણે કેમ ઉપજાય છે રે. લોક. ૧૨
દલપતરામ કહે દુનીઆમાં,
માંકણુથી દીલમાં ડરાય છે રે. લોક. ૧૨

## કેફ વિષે.

" એક વાર રામ રામ બોલો. "—એ રાગ.

### લાવણી ૭ મી.

કોઉ દીન કેફ ન કરનાં ઘટત હે તનકી જ્યોત;
હોત હે મોત બિન મરના. ૧
કેફકા કહું અવગુણુ કેતા;
નિરલજ જન સબ લગત જગતમેં કેફ કરે જેતા. ૨
વ્યસન જબ કેફ લગે આઇ;
ઘટત ઘટત જાત ચતુરકે ચીતકી ચતુરાઇ. ૩
કેફકા સાથ્રથ એક લદ્ધા;
મિટત મરદકા વેશ, બનાવત આદમીકા ગદ્ધા. ૪
એસા કુન મંદ અક્કલવાલા;
લેહે તાની સીર દુઃખ સુખ તજી, કરે મુખ કાલા. ૫
તજી ગુડ સાકર ઘૃત મેવા;
અચરજ અનહદ એહ અમલકી કરે મુરખ સેવા. ૬
બઢે જબ રોગ બોત તનમેં;
હાય હાય મુખ ગાય, પિછે પસ્તાય બહુ મનમેં. ૭
ફિરે બિન પુછ પશુ જેસા;
કહેવે દલપતરામ કામ, મત કરો કોઇ એસા. ૮

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# કચ્છ ગરબાવળી.

## ભાગ ૧ લો.

### ગરબી ૧ લી.

#### ઈશ્વરના કામ વિષે.

"પૂજું ગણપતિના પાય, પૂજું અંબિકાની પાવડીરે."–એ રાગ.

આવો આદરીએ આજ, એક ઈશ્વર ઉપાસના રે;
રુડો રાજાધિરાજ, દોષ છેદે છે દાસના રે. ૧
એનો મહિમા અપાર, જુક્તિ જોતાં જણાય છે રે;
ધર્યા લોક* નિરાધાર, કયાં તે કોઇએ કળાય છે રે. ૨
જેવો જોડેલો જંત્ર, ફેર ચકો ઘણાં ફરે રે;
તેવો કીધો છે તંત્ર, કોણ બીજો એવું કરે રે. ૩
જુગ જોતાં વહી જાય, ફેર પળનો પડે નહી રે;
ગોળા દોડતા દેખાય, નામ અડચણ નડે નહી રે. ૪
ઘણી રુડી ઘટમાળ, ગણી ગાંઠીને ગોઠવી રે;
સદા રાખે સંભાળ, જાય અળગો ન ઓઠવી રે. ૫
ઝીણા જંતુની જાત, ગણતીમાં રાખે ગણી રે;
રાખે તેની દિન રાત, ફિકર ખાવા પીવા તણી રે. ૬
છાનું એનાથી છેક, રંચ માત્રે રહે નહી રે;
રાખે ઉરમાં અનેક, કોઇને જીભે કહે નહી રે. ૭
એજ કરશે ઇનસાફ, જોગ જયારે એનો થશે રે;
મળશે ધર્મીને માફ, પાપી પૂરા માર્યા જશે રે. ૮

* આ ઠેકાણે લોકનો અર્થ ત્રિલોક.

P. P. Ac. Gunratnasuri M.S.        Jin Gun Aaradhak Trust

માટે દિલમાં સદાય, દોષ દેખી તમે ડરો રે;
જેથી રીઝે જગરાય, કામ એવાં રુડાં કરો રે. ૯
પામો પરલોકે સુખ, માન આ લોકમાં મળે રે;
દેખી દૂર રહે દુઃખ, પાપ પળમાં બધાં બળે રે. ૧૦
દીધો માણસનો દેહ, એજ માટે આ વારમાં રે;
સજો ઇશ્વરથી સ્નેહ, સજો નીતિ સંસારમાં રે. ૧૧
કરો દુરમાંત દૂર, ઉરમાંથી અહમેવની રે;
જેથી પામો જરૂર, દયા દલપતના દેવની રે. ૧૨

## ગરબી ૨ ૭.

### ઇશ્વરની દયા વિષે.

"તજો તમે કેફ કરમ કરવું."—એ રાગ.

દયાળુ દેવ છે સુખદાતા, જુઓ કેવો શાણો જંગત્રાતા. દયાળુ. ટેક.
ચિતા સૌની રાખે છે ચિત્તે, નજર કરી સર્વ તરફ નિત્યે;
પ્રભુ જગ પાળે પરમ પ્રીતે. દયાળુ. ૧
અત્તર જુઓ મોંઘું અધિક કીધું, લાયક એમ મનમાં ગણી લીધું;
શ્રીમંતોને દિન દિન તે દીધું. દયાળુ. ૨
સર્વ થકી સોંઘું કર્યું પાણી, જરૂર જેની સૌને જાણી;
અંતરમાં દેવે દયા આણી. દયાળુ. ૩
મોતીના કણ મોંઘા કરીયા, ધનાઢયના ધામ વિષે ધરિયા;
એ તો કણ અલ્પજ ઉછરિયા. દયાળુ. ૪
કર્યા કણ અન્ન તણા સસતા, વાટે ન ઘાટે દીસે વસતા;
હેતે સૌ લોક જમે હસતા. દયાળુ. ૫
મોંઘા મહેલ જુઓ મોટા, તેના જુઓ દીસે છે ટોટા,
જેમાં રહેવા ઇચ્છે ન જન છોટા. દયાળુ. ૬
છતે સોંઘી છે તરુવર છાયા, દુઃખી પ્રાણી જયાં સુખી દેખાયા;
મોટી જુઓ ઇશ્વરની માયા. દયાળુ. ૭

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રિદ્ધિપતિને મહેલમાં રોકી, બેસારી ચાવડીએ* ચોકી;
એને ન શકે ગ્રાગ્રા અવલોકી. દયાળુ. ૮
ગુણીજનને દીધી ગરીબાઇ, સમાગમ સર્વ કરે ધાઇ;
કેવી જગકર્ત્તાની ચતુરાઈ. દયાળુ. ૯
જડે તાર જરિયાન બહુ જરથી, સદા મોંઘા દીસે સુતરથી;
ન લેવાય તે નિર્ધન નરથી. દયાળુ. ૧૦
સૂતર કર્યું સસ્તું જુઓ કેવું, લાગે છે સૌને સુલભ લેવું;
ઇશ્વરનું ડહાપણ છે એવું. દયાળુ. ૧૧
કનકફળ[1] કાંટાળાં કરિયાં, કેળાં કેરી કોમળ કરિ ધરિયાં;
અધિક જે ઉપયોગી ઠરિયાં. દયાળુ. ૧૨
જે જે અતિ ઉપયોગી આજે, સોંઘું કર્યું સર્વ તણે કાજે;
રુડું કર્યું રાજાધિરાજે. દયાળુ. ૧૩
ઠરાવ એવો જુઓ સૌ ઠામે, કર્યો પ્રભુએ સૌને કામે;
દીઠો નજરે દલપતરામે. દયાળુ. ૧૪

---

## ગરબી ૩ જી.

### બાળકીઓના નિત્યકર્મની–ગરબી.

"મારી બહુચરાજી બાઇરે, જવના જવારા વાવીઆ જો."–એ રાગ.

સુણો સૈયર સમાણીરે, જાગે જનો ત્યારે જાગીએ જો;
સુણો સૈયર સમાણીરે, પ્રભુને સંભારી પગે લાગીએ જો. ૧
સુણો સૈયર સમાણીરે, ધીરજ ધરીને દાંત ધોઇએ જો;
સુણો સૈયર સમાણીરે, જન જાતની રીત જોઇએ જો, ૨
સુણો સૈયર સમાણીરે, પાઠ કરવાનો હોય તે કીજીએ જો;
સુણો સૈયર સમાણીરે, લખવાનું હોય તે લખીએ જો. ૩
સુણો સૈયર સમાણીરે, નિર્મળ નીરથી નાહીએ જો;
સુણો સૈયર સમાણીરે, ચોળીએ અંગ ચતુરાઇએ જો. ૪

---

* ચાવડી=દેવડી. [1] કનકફળ=ધંતુરાનાં જીંડવાં.

P. P. Ac. Gunratnasuri M.S.	Jin Gun Aaradhak Trust

સુણો સૈયર સમાણીરે, ધોએલાં વસ્ત્રો ધારીએ જો;
સુણો સૈયર સમાણીરે, મેલાં તો અંગ ઉતારીએ જો. ૫
સુણો સૈયર સમાણીરે, માતાની આજ્ઞા માગીએ જો;
સુણો સૈયર સમાણીરે, કામકાજ કરવા લાગીએ જો. ૬
સુણો સૈયર સમાણીરે, જઇએ નિશાળે જમી કરી જો;
સુણો સૈયર સમાણીરે, શાખીએ ચોપડી સમી કરી જો. ૭
સુણો સૈયર સમાણીરે, વાંચીને વચન વિચારીએ જો;
સુણો સૈયર સમાણીરે, અંતરમાં અર્થ ઉતારીએ જો. ૮
સુણો સૈયર સમાણીરે, કોઇને નહીં ટુંકારીએ જો;
સુણો સૈયર સમાણીરે, ઉંચે ઘાંટે ન ઉચારીએ જો. ૯
સુણો સૈયર સમાણીરે, ચોરવાનું ચિત્ત નવ રાખીએ જો;
સુણો સૈયર સમાણીરે, જુઠું જીભે નવ ભાખીએ જો. ૧૦
સુણો સૈયર સમાણીરે, પાપથી પાછાં ભાગીએ જો;
સુણો સૈયર સમાણીરે, સ્વર્ગ તણાં સુખ માગીએ જો. ૧૧
સુણો સૈયર સમાણીરે, કહી વાત તે છે કામની જો;
સુણો સૈયર સમાણીરે, શિક્ષા છે દલપતરામની જો. ૧૨

## ગરબી ૪ થી.

### કક્કો ભણવાની ગરબી.

"એક ટકાનું પાન મંગાવો રે."—એ રાગ.

આવો અક્ષર આજ ઓળખાવું રે;
ભલી ભાતે હું તમને ભણાવું, લાડકડી લાવો લેખણને પાટી. ૧
લખો કક્કો કમળ કટારીરે, શીખો શીખો શિખામણ સારી. ૨
લખો ખખ્ખો ખજૂર ખજૂરીરે, થાઓ સદ્ગુણ શીખવા શૂરી. ૩
લખો ગગ્ગો ગાય ગામ ગોળારે, ભણતાં વારે તે તો લોક ભોળા. ૪
લખો ઘઘ્ઘો ઘંટી ઘંટારે, તમે તજો માંહોમાંહી ટંટા. ૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લખો ચચ્ચે ચરણા ચોળી રે; નવ ભણે તે નારીઓ ભોળી. ૬
લખો છચ્છે છાવડી છાપોરે; ભાળી ભુખ્યાંને ભોજન આપો. ૭
લખો જજ્જે જીવ જંત જોગીરે; રહે આળસુ તે થાય રોગી. ૮
લખો ઝઝ્ઝે ઝાડી ઝાડોરે; લખવામાં ચિત્ત લગાડો. ૯
લખો ટટ્ટે ટોપલા ટોપીરે; કંકાસ ન કરશો કોપી. ૧૦
લખો ઠઠ્ઠે ઠીક ઠાઠ ઠાઠુંરે; થાય માઠું બોલે માઠું. ૧૧
લખો ડડ્ડે ડમરા ડેલીરે; ઘણું ઊંઘે ત બાળકી ઘેલી. ૧૨
લખો ઢઢ્ઢે ઢાંકણી ઢોરાંરે; પડે પાણીમાં તે કયમ રહે કોરાં?* ૧૩
લખો ણેણો જે અન્તે છે રણુમાંરે; ભણે વિદ્યા તે તો બહુ ગુણમાં. ૧૪
લખો તત્તે તળાવ તલ તાણુંરે; કરો કંકાસનું મુખ કાળું. ૧૫
લખો થથ્થે થાણું થાળીરે; સારા અક્ષર લખો સંભાળી. ૧૬
લખો દદ્દે દેવ દયા દાતારે; ડાહી દીકરીની માન પામે માતા. ૧૭
લખો ધધ્ધે ધજા ધર્મધારીરે; ન ભણે તે તો બાળકી નઠારી. ૧૮
લખો નન્ને નામ નર નારીરે; શીખી રાખીએ પાઠ સંભારી. ૧૯
લખો પપ્પે પાપ પુણ્ય પ્રાણીરે; ઘણી મેલી ઘાંચીની ઘાણી. ૨૦
લખો ફફ્ફે ફૂલ ફળ ફાંટોરે; ઘણું બોલીએ નહિ તાણી ઘાંટો. ૨૧
લખો બબ્બે બાળા બોલ બાઇરે; શીખો ચાહી ચાહી ચતુરાઇ. ૨૨
લખો ભભ્ભે ભાવી ભેદ ભારોરે; અતિ કષ્ટ થકી કોઇને ઉગારો. ૨૩
લખો મમ્મે મગ માગ માળીરે; ખોટી ટાપટીપ મૂકો ટાળી. ૨૪
લખો યય્યે યશ યોગ યોગીરે; ભલા લોકો વિદ્યાના ભોગી. ૨૫
લખો રર્રે રાજા રાજ રાણીરે; જે ન જુઠું બોલે તે ડાહી જાણી. ૨૬
લખો લલ્લે લખોટી લાખ લેખાંરે; ખળે અંતરમાં હોય જે અદેખાં. ૨૭
લખો વવ્વે વખાણ વ્હાલ વાણીરે; ભણો અંતરમાં ઉત્સાહ આણી. ૨૮
લખો શશ્શે શરીરે શની શાંતિરે; ભણે તેની ભાંગી જાય ભ્રાંતિ. ૨૯
લખો ષષ્ષે ભૂષણ ષટ ભાષારે; રાખો અંતરમાં અભિલાષા. ૩૦
લખો સસ્સે સુધર્મ સગો સાચોરે; એથી ઉલટો કરે તે વાદ કાચો. ૩૧

* મતલબ કે નઠારાની સોબત કરે તે સારાં રહી શકે નહિ.

P. P. Ac. Gunratnasuri M.S.　　　Jin Gun Aaradhak Trust

લખો હહે હજાર હાથ હાથીરે; ઘણું લાજીએ લોકની લજ્જાથી. ૩૨
લખો ળળે નિશાન કાળ કાળીરે; શોભે દીકરી તો ડહાપણવાળી. ૩૩
લખો ક્ષક્ષે ક્ષમા ક્ષત્રીરે; વાંચો પ્રભુના ગુણની પત્રી. ૩૪
કહ્યો કક્કો કુમારિકાને કામેરે; રુડી રીતે તે દલપતરામે. ૩૫

## ગરબી ૫ મી.

### સાત વારની ગરબી.

"રઘુપતિ રામ રૂદેમાં રહેજોરે."–એ રાગ.

સખી સાત વારનાં નામ સંભારોરે,
વીતે સુખમાં તે સારો. સખી-ટેક.
રવિવાર સૌ રુડો ગણે છેરે, ભાવે પ્રભુની પ્રાર્થના ભણે છેરે,
પ્રભુ રીઝે તો પાપ હણે છે. સખી. ૧
સોમવારે તો સમજણ લઇએરે, ભલું ભણતર ભણવાને જઇએરે;
વાંચી અર્થ વિચારી લઇએ. સખી. ૨
વાર મંગળ મંગળકારીરે, ન ભણે તે નાનકડી નઠારીરે,
અહુ વ્હેમમાં બુડે બિચારી. સખી. ૩
બુધવારે તો બુદ્ધિ મળે છેરે, ભણવાથી તો ભ્રમણા ટળે છેરે,
બુદ્ધિ વગરનાં દેખી બળે છે. સખી. ૪
ગુરુવારે ગુરુ જ્ઞાન આપેરે, સર્વે મનતણા સંશય કાપેરે,
જ્ઞાન પામીએ ગુરુને પ્રતાપે. સખી. ૫
શુક્રવારે શીખો સત્યવાણીરે, જુઠું કદિએ ન બોલીએ જાણીરે,
જુઠું બોલે તે તો પાપી પ્રાણી. સખી. ૬
શનિવારે શરીર શોભાવોરે, શીખી સદ્‌ગુણ લાયકી લાવોરે,
રુડો અવસર આવ્યો છે આવો. સખી. ૭
સાતે વાર કહ્યા છે તે સારારે, નથી તેમાં કોઈ નઠારારે,
જશે નરકે નિંદા કરનારા. સખી. ૮
શિખામણ દીધી સમજુને કામેરે, સ્થિર થઇને સુણો શુભ ઠામેરે,
દીધી દિલ થકી દલપતરામે. સખી. ૯

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગરબી ૬ ઠ્ઠી.

### તિથિઓની ગરબી.

"સખી પડવેના પડીઆ પંથ, નાથજી નાવ્યારે."—એ રાગ.

સખી પડવે તે પહેલો દિન, અંતરે આણોરે;
બધું ઇશ્વરને આધીન, જગત આ જાણોરે. ૧
સખી બીજે બીજી વાત, સાંભળો શાણીરે;
ઉપજાવ્યાં જાતે જાત, પ્રભુએ પ્રાણીરે. ૨
સખી ત્રીજે તું કર તોલ, તેનો તપાસીરે;
કેવો બળિયો તે સાચું બોલ, એ અવિનાશીરે ? ૩
સખી ચોથે ચિત્ત વિચાર, તું કર તેનોરે;
કેવો મહિમા અપરમપાર, અકળિત એનોરે ? ૪
સખી પાંચમે પ્રભુનો પાડ, માનજે મનમાંરે;
જેણે આગ્રાં બનાવ્યાં ઝાડ, વિધ વિધ વનમાંરે. ૫
સખી છઠ્ઠે છોકરવાદ, છેકજ છાંડોરે;
પ્રભુના ગુણ આણી યાદ, મનમાં માંડોરે. ૬
સખી સાતમે સાચો સ્નેહ, પ્રભુપદ રાખોરે;
જેણે દીધો અમુલખ દેહ, ભલપણ ભાખોરે. ૭
સખી આઠમે કહું છું આમ, સાંભળો સાચુંરે;
ધન, માલ, ધરા ને ધામ, કામ છે કાચુંરે. ૮
સખી નોમે થવાનું નાશ, જગત આ જાણોરે;
એક ઇશ્વરનો વિશ્વાસ, અંતરે આણોરે. ૯
સખી દશમે દેશ વિદેશ, જન સૌ જે છે રે;
સગાં સર્વે સંબંધી વિશેષ, આપણાં એ છે રે. ૧૦
સખી અગિયારશે તો એમ, સમજીને સંપોરે;
કોઇનો દ્વેષ કરીએ કેમ ? ઉપજે અજંપો રે. ૧૧
સખી બારસે જે જે બોલ, બોલીએ બાઇરે;
તેનો પ્રથમ તપાસી તોલ, તેમાં ભલાઇ રે. ૧૨


P.P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

સખી તેરશે તેનો તપાસ, કેમ ન કરીએરે ?
આપ્યો ઈશ્વરે બુદ્ધિ ઉજાશ, સાર સંઘરીએરે. ૧૩
સખી ચૌદશે ચતુરા ચિત્ત, ચેતી વિચરજોરે;
જેમાં હોય તમારું હિત, કામ તે કરજોરે. ૧૪
સખી પૂનમે પુણ્ય ને પાપ, ગાંઠે ગણાશેરે;
ઉર એમ સમજજો આપ, તો સુખ થાશેરે. ૧૫
આવે અંધારિયામાં અમાસ, માસને અંતેરે;
દલપત પ્રભુનો દાસ, વિનવે ચંતેરે. ૧૬

## ગરબી ૭ મી.

### બાર મહિનાની ગરબી.

"તજો તમે કેફ કરમ કરવું."—એ રાગ.

બોલો બાર માસ હવે બાઇ, ભણો ગુણ ઇશ્વરના ગાઇ; બોલો.-ટેક.

કારતકે વરસ નવું કહીએ, રાજી રાજી અંતરમાં રહીએ,
ચિતે સારું સર્વ તણું ચહીએ; બોલો૦ ૧
માગશરે મનમાં તમે રાચો, શિયાળાનો માસ બીજો સાચો,
કાયા ધ્રુજાવામાં નથી કાચો; બોલો૦ ૨
પોષે પ્રભુને ભજો પ્રીતે, વળી ચતુરાઇ ધરો ચિતે,
રહો સુખી સર્વે રુડી રીતે; બોલો૦ ૩
માહે શીખ માની લેજો મનમાં, જરૂર તમે જશ પામશો જનમાં,
તથા સુખ ઉપજશે મનમાં; બોલો૦ ૪
ફાગણમાં ફુલ ફુલ્યાં ભાળો, આવ્યો હવે આજથી ઉન્હાળો,
તપે તાપ છત્રી વડે ટાળો; બોલો૦ ૫
ચૈતરે ચેતો તમે ચિતે, નમો પરમેશ્વરને નિત્યે,
કરો પરમારથ પણ પ્રીતે; બોલો૦ ૬
વૈશાખે વાવલિયા વાશે, વળી આંબે કેરીઓ વેડાશે,
બંટોળીયા વનમાં દેખાશે; બોલો૦ ૭

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જેઠે તો અંબુડીઓ પાકી, દાડમ ને દ્રાખમાં શી ખાકીરે,
તેને લોકો લે છે તાકી તાકી; બોલો૦ ૮
અષાડે તો ચોમાસું આવ્યું, ગડૂડાટે બ્રહ્માંડ ગરજાવ્યું,
બિછાનું લીલું ભોંય બિછાવ્યું; બોલો૦ ૯
શ્રાવણ તો સૃષ્ટિ શોભાવે, મેળામાં મન જવા લલચાવે,
ઘણા લોકો ગાડીઓ દોડાવે; બોલો૦ ૧૦
ભાદરવો ભલી પેરે ગાજે, છતે નવા છોડ ઘણા છાજે,
કર્યા પ્રભુએ આપણે કાજે; બોલો૦ ૧૧
આસોમાં દશરા દિવાળી, ભલો ભલી સૌ કહે છે ભાળી,
ગાઓ રુડાં ગીત પાડો તાળી; બોલો૦ ૧૨
બારે માસે વર્ષ થયું પૂરું, એમાં નથી કાંઇએ અધૂરું,
ભાસે સુખ દુખથી ભર્યુ પુરું; બોલો૦ ૧૩
ત્રીજે વરસે માસ અધિક આવે, શાણા તેનું કારણ ઉપજાવે,
ભક્તિ ભલી દલપતને ભાવે. બોલો૦ ૧૪

---

## ગરબી ૮ મી.

### જાુઈના છોડની ગરબી.

" મારું સોનાનું છે બેડું રે, છેલ છબીલા છોગાળા."—એ રાગ.

સખી જો આ સુંદર શોભેરે, ફુલવાડીમાં જુઈ ફૂલી;
જોઇ લોકોનાં મન લોભેરે, ફુલવાડીમાં જુઇ ફૂલી. ૧
છે દેખાતી તો છોટીરે, ફુલવાડીમાં જુઇ ફૂલી;
ગુણ ગણતાં તો છે મોટીરે, ફુલવાડીમાં જુઇ ફૂલી. ૨
વડી વસ્તીમાં વખણાઇરે, ફુલવાડીમાં જુઇ ફૂલી;
છે બાળકી જેવી બાઇરે, ફુલવાડીમાં જુઈ ફૂલી. ૩
સૌ જન કહે સાદી સારીરે, ફુલવાડીમાં જુઇ ફૂલી;
કહીએ કોઈ દેવકુમારીરે, ફુલવાડીમાં જુઇ ફૂલી. ૪
વનિતાને લાગે વ્હાલીરે, ફુલવાડીમાં જુઇ ફૂલી;
નથી કાંડ જણવતી કાલીરે, ફુલવાડીમાં જુઇ ફૂલી. ૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નથી કહેતું કોઇ નઠારીરે, ફુલવાડીમાં જુઇ ફૂલી;
નિરખી હરખે નરનારીરે, ફુલવાડીમાં જુઇ ફૂલી. ૬
એવી પુત્રી જે જન પામેરે, ફુલવાડીમાં જુઈ ફૂલી;
જગમાં તેનો જશ જામેરે, ફુલવાડીમાં જુઇ ફૂલી. ૭
જુઇ કરજે સુખી સૌ ઠામેરે, ફુલવાડીમાં જુઇ ફૂલી;
દીધી આશિષ દલપતરામેરે, ફુલવાડીમાં જુઇ ફૂલી. ૮

## ગરબી ૯ મી.

### બાળકીઓને શિખામણ.

"સાંભળો સાહેલી"—એ રાગ.

સુખે શીખો શિખામણ સારી, સુણો બાઇ બેનડિયો;
લેજો અંતરમાં ઉતારી, સુણો બાઈ બેનડિયો. ૧
સજજો શરીરમાં સુઘડાઇ, સુણો બાઇ બેનડિયો;
તજજો ગફલત ગંદાઇ, સુણો બાઇ બેનડિયો. ૨
રાખશો નહિ હઠનો હેવા, સુણો બાઇ બેનડિયો;
માત તાતની સજજો સેવા, સુણો બાઇ બેનડિયો. ૩
જજો ન્હાનપણથીજ નિશાળે, સુણો બાઇ બેનડિયો;
તેથી વધશે બુદ્ધિ વિશાળે, સુણો બાઈ બેનડિયો. ૪
ભણતર ભણજો ભલી ભાતે, સુણો બાઇ બેનડિયો;
જનમાં વખણાશો જાતે, સુણો બાઇ બેનડિયો. ૫
નિત્ય નિત્ય તમે વાંચજો નીતિ, સુણો બાઇ બેનડિયો;
પ્રભુ ઉપર રાખજો પ્રીતિ, સુણો બાઇ બેનડિયો. ૬
તેથી કલ્યાણ થાશે તમારું, સુણો બાઈ બેનડિયો;
સંસારમાં સુખ લેશો સારું, સુણો બાઇ બેનડિયો. ૭
પર લોકમાં પ્રભુને પ્રતાપે, સુણો બાઇ બેનડિયો;
ઉત્તમ પદ પામશો આપે, સુણો બાઇ બેનડિયો. ૮
તમે લડશો નહિ લડાઇ, સુણો બાઇ બેનડિયો;
તેથી પામશો જગમાં વડાઇ, સુણો બાઇ બેનડિયો. ૯

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મન ગંભીર રાખજો મોટું, સુણો બાઇ બેનડિયો;
ખરે અભિમાન જાણજો ખોટું, સુણો બાઇ બેનડિયો. ૧૦
વળી વિનયનાં શીખજો વેણાં, સુણો બાઇ બેનડિયો;
મુખે કોઇને ન મારશો મેણાં, સુણો બાઇ બેનડિયો. ૧૧
સમજણ સમજુને કામે, સુણો બાઇ બેનડિયો;
દિધિ દિલથી દલપતરામે, સુણો બાઇ બેનડિયો. ૧૨

## ગરબી ૧૦ મી.

### સારાં નરસાં સંતાનો વિષે.

" આ તન રંગ પતંગ સરીખો જાતાં વાર ન લાગેજી "–એ રાગ.

વિશ્વ તણી છે વિચિત્ર રચના, કળિ ન શકે કવિ કોઇજી;
અવલોકન કરતાં તો અચરજ, જરૂર ઉપજે જોઈજી. ૧
સુપાત્રનાં સંતાન સુપાત્રો, દુનિયામાં મેં દીઠાંજી;
કોમળ કેળે નીપજે કેળાં, મહા મનોહર મીઠાંજી. ૨
કડવા લીંબડાનાં હોયે કડવાં, ફળ-એમાં શું કહેવુંજી?
એથી ઉલટું પણ નિપજે છે, હૃદયે સમજી રહેવુંજી. ૩
કુપાત્રની કાયાથી ઉપજે, સુપાત્ર પણ સંતાનોજી;
ઉદાહરણ એનાં આપું છું, મનાય તો તે માનોજી. ૪
ગુલાબનો છે છોડ સકંટક, ફુલ મૃદુલ* કેમ ફૂલ્યાંજી?
જાણું શું જે જન્મજ ધરતાં, ભોળપણાથી ભૂલ્યાંજી. ૫
સુપાત્રનાં સંતાન કુપાત્રો, કવિજન કહી દેખાડેજી;
દ્રાક્ષ ખજૂર તણો સુત દારૂ, જનની બુદ્ધિ બગાડેજી. ૬
ખારા જળની માછલડી થઇ, મુક્તાફળની માતાજી;
જોતાં જેની કાંઇ ન કિમત, પુત્ર થયા પ્રખ્યાતજી. ૭
વડાઇ પામ્યો છે વડલો પણ, તેને ઉપજ્યા ટેટાજી;
કહો સખી તે કેમ થયા નહિ, બાપ બરાબર બેટાજી. ૮

* મૃદુ=કોમળ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એક બાપનાં બે સંતાનો, એક નરસું એક સારુંજી;
સ્નેહ સહિત તું સાંભળ સજની, તે હું હવે ઉચ્ચારુંજી. ૯
દીપકથી ઉપજેલાં દીસે, કાજળ ને અજવાળુંજી;
એક ઘરનું અંધારું ટાળે, એક કરે ઘર કાળુંજી. ૧૦
એરંડે એરંડી ઉપજે, કેરંડે ઉપજે કેરાંજી;
હલકી જાત તણાં એમ હલકાં, ઘેરઘેર હોય ઘણેરાંજી. ૧૧
આંબાને લાયક ફળ ઉત્તમ, કેરી જેવાં કહીએજી;
પણ ઇશ્વર ઇચ્છાએ ઉમજે, સમજીને તે સહીએજી. ૧૨
સુધારવામાં કસુર ન કરવી, પોતાના સંતાનોજી;
તેમ કરતાં જો સુધરે નહિ તો, ઇશ્વર ઇચ્છા માનોજી; ૧૩
કાંટા તનમાં કરવા ધારત, તો તે કરત કદાપીજી;
પાડ ગણો પ્રભુનો જે એણે, ઉત્તમ કાયા આપીજી. ૧૪
ઠીક એના અંતરમાં ઠરિયું, તેમ રચ્યું તે ઠામેજી;
એમ સમજી ઉચાટ મટાડયો, દિલથી દલપતરામેજી. ૧૫

---

## ગરબી ૧૧ મી.

### કાતર, ગજ અને સોયની ગરબી.

"ધન્ય અંબે માત, વસિયાં ડુંગર માંયરે જાયગા જોઇને"—એ રાગ.

સુણ દરજીડા, કાતર ગજ ને સોય તણા ગુણ હું કહું,
અચરજ ઉપજે, જોઇ જગતની રીત રૂદે સમજી રહું. ટેક.
તે ત્રણ રહે છે ઘેર તારે, પણ જુદા સ્વભાવ સદા ધારે;
તને ટેવ પડી જનમ્યાં જ્યારે, સુણ દરજીડા૦ ૧
કાતર કેવી ભુંડી ભાળી, તે પેટ વિષે રાખે પાળી;
સાજાં ભાગ્યાં કરવાવાળી, સુણ દરજીડા૦ ૨
જે સૂત્ર તણાં તંતુ દરશે, સજી સંપ સદા સ્થિર થઇ ઠરશે;
કાતર તેને જુદા કરશે, સુણ દરજીડા૦ ૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હવે ગજના ગુણ કહું છું જે છે, બદસલાહ કાતરને દેછે;
પછી પોતે તો અળગો રહે છે. સુણ દરજીડા૦    ૪
આ જગમાં જેના ગુણ એવા, કહીએ તેને કપટી કેવા?
એ તો લબાડ લેખે ગણી લેવા. સુણ દરજીડા૦    ૫
એણે જગથી ઉલટું નામ ધાર્યું, માટે જગથી ઉલટું કામ કર્યું;
એને લાયક એ ઠીક કર્યું. સુણ દરજીડા૦    ૬
જગમાં જે જેવા ગુણ ધરશે, તેવું લોક વિષે લાયક ઠરશે;
સજ્જન તો દુર્ગુણથી ડરશે. સુણ દરજીડા૦    ૭
એવા જનને ઓળખી લઇએ, તેને દિલની વાત નહી દઇએ;
દઇએ તો અતિ દુખિયાં થઇએ. સુણ દરજીડા૦    ૮
એવાને કોઈ આંગળી આપે, તો કપટ કરી તરતજ કાપે;
માટે અર્થ સરે અળગાં થાપે. સુણ દરજીડા૦    ૯
જે સોય બિચારી સારી છે, તુટયાં સાજાં કરનારી છે;
ગુણવંતી નામે નારી છે. સુણ દરજીડા૦    ૧૦
તેવી છે પણ ગુણ દેવાને, સમજાવે સંપી રહેવાને;
આવકારજ દેવો એવાને. સુણ દરજીડા૦    ૧૧
કુળ એકજ કાતર સોય તણું, પણ કામ જુદી કરનારી ગણું;
ગુણ+ વિનાની એક ગુણવાળી ગણું. સુણ દરજીડા૦    ૧૨
તે પણ અંતરમાં અભિલાખી, *શિર ઉપર સોય ધરી રાખી;
ગજ કાતરને નીચાં નાખી. સુણ દરજીડા૦    ૧૩
અણસમજુ જન વિશ્વાસ કરે, સમજુ તો દિલમાં સમજી ડરે;
નિજ અર્થ સરે અળગાંજ ધરે. સુણ દરજીડા૦    ૧૪
એમ કર્તારે ઉપયોગી કર્યાં, તે થકી નકામાં તે ન કર્યાં;
દલપતરામે દિલમાંહિ ધર્યાં. સુણ દરજીડા૦    ૧૫

---

+ ગુણ=દોરા.   * દરજી સોયને પાઘડીમાં ખોસે છે.

P. P. Ac. Gunratnasuri M.S.    Jin Gun Aaradhak Trust

## ગરબી ૧૨ મી.

### સારા નરસા જન્મ વિષે.

" મા પાવા તે ગઢથી ઉતર્યાં, મહાકાળીરે. "—એ રાગ.

જન ભલા ભૂતળમાંય, ધન્ય જનમ ધરિયા !
જે જુલમી જનો જણાય, એ શિદ અવતરિયા ? ૧
જેણે કીધાં રુડાં કામ, ધન્ય જનમ ધરિયા !
જેણે રાખ્યું ન નિશ્ચળ નામ, એ શિદ અવતરિયા ? ૨
જેણે સેવ્યાં મા ને બાપ, ધન્ય જનમ ધરિયા !
જેણે સૌના લીધા શાપ, એ શિદ અવતરિયા ? ૩
જેણે પાળ્યા માણસ પાંચ, ધન્ય જનમ ધરિયા !
જેણે લોભે લીધી લાંચ, એ શિદ અવતરિયા ? ૪
જેણે ધરી ધરમની રીત, ધન્ય જનમ ધરિયા !
જેની પાપ ઉપર બહુ પ્રીત, એ શિદ અવતરિયા ? ૫
જેણે સૌને કીધાં સુખ, ધન્ય જનમ ધરિયા !
દુખિયાને દીધાં દુઃખ, એ શિદ અવતરિયા ? ૬
જેણે દીધો સદૈવ સુબોધ, ધન્ય જનમ ધરિયા !
જેણે કર્યો ગરીબપર ક્રોપ, એ શિદ અવતરિયા ? ૭
જેનાં વિધવિધ થાય વખાણ, ધન્ય જનમ ધરિયા !
જેણે પરના લીધા પ્રાણ, એ શિદ અવતરિયા ? ૮
જેણે દયાથી દીધાં દાન, ધન્ય જનમ ધરિયા !
જે નિર્લજ ને નાદાન, એ શિદ અવતરિયા ? ૯
જે પ્રજા તણા પ્રતિપાલ, ધન્ય જનમ ધરિયા !
જે ચોર થયા ચંડાળ, એ શિદ અવતરિયા ? ૧૦
સતવાદી શાણા શેઠ, ધન્ય જનમ ધરિયા !
જેણે પાપે ભરિયાં પેટ, એ શિદ અવતરિયા ? ૧૧
જેની તનમન સારી ટેવ, ધન્ય જનમ ધરિયા !
ન ભજ્યા દલપતના દેવ, એ શિદ અવતરિયા ? ૧૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ગરબી ૧૩ મી.

### કપાસના છોડની ગરબી.

"સૈયર શું કરુંરે, મારે નંદકુંવરશું નેહ."—એ રાગ.

છોટો છોડ છેરે, કહીએ જેનું નામ કપાસ;
કામ કેવું કરેરે, તેનો કરીએ આજ તપાસ. ૧
ફળ તેનાં જુઓરે, કાલાં ઘેલાં તે કહેવાય;
પણ પરમારથીરે, દુનિયામાં કેવાં દેખાય. ૨
પોતે પેટમાંરે, નિશ્ચે રાખે છે નરમાશ;
મન મેલું નહીરે, અંતરમાં અતિશે ઉજળાશ. ૩
કોઇ પ્રકારનોરે, કાયામાં નહિ કાંટો લેશ;
સારી સો થકીરે, કીર્તિ દેશ વિદેશ. ૪
સંકટ બહુ સહીરે, લોકની રાખે છે તે લાજ;
તોપણ તે કદીરે, પોતે રાખે નહિ પતરાજ. ૫
મોટાઇ નવ મળેરે, છોટો થઇને રહે છે છેક;
જોડ જડે નહીરે, એના જેવી જાતજ એક. ૬
વૃક્ષ બીજાં વડાંરે, ઉંચાં વધિયાં જેનાં અંગ;
પર ઉપકારમાંરે, રાખે કોઇ ન એવો રંગ. ૭
વસ્ત્રરૂપે થઇરે, કેવી ઢાંકે જનની કાય;
કાગળ રૂપ થઇરે, જનના સંદેશ લઈ જાય. ૮
પાનાં પોથીઓરે, ગુરુ થઇ આપે જનને જ્ઞાન;
દોરી દોરડાંરે, પાશે તરસ્યાંને જળપાન. ૯
કાયા ધરી કરેરે, એવાં ઉત્તમ કામ અનેક;
ગુણ તેના ઘણારે, એકથી ચડિયાતો છે એક. ૧૦
મોટા માનીએરે, જેના ગુણ મોટા જગમાંહી;
પ્રૌઢ વધી પડયારે, એ તો અલ્પજ ગણવા આંહી. ૧૧
તનુધર ધન્ય ! છેરે, જેનો આત જગમાં ઉપયોગ;
ધર્મી રુડો ધરેરે, આપે સો જનને ઉદ્યોગ. ૧૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નિયમો નીતિનારે, જગમાં જેહ વડે સચવાય;
શોભા સર્વનીરે, દુનિયામાં જેથી દેખાય. ૧૩
ગુચ્છ ગુલાબનારે, મનમાં લાવે વ્યર્થ ગુમાન;
જો આ જગતમાંરે, શોભે કોણ કપાસ સમાન ! ૧૪
બીજા બધા વિનારે, બહુ દિન ચલાવતાં સચવાય;
પણ જેના વિનારે, રજની દિન પણ નવ રહેવાય. ૧૫
સઢ રૂપે થઇરે, સાગરમાં સંચારે વહાણુ;
કેટલાં હું કહુંરે, એના કૃત્યનાં વિવિધ વખાણ ! ૧૬
જનની જગતમાંરે, કરશે એવાં ઉત્તમ કામ;
તેને તો સદારે, દેશે આશિષ દલપતરામ. ૧૭

---

## ગરબી ૧૪ મી.

### પરોપકારી વાદળી વિષે.

"વેગળો રહે વરણાગિયા, "–એ રાગ.

હાંરે આવ વહાલી વિવેકી વાદળી, હાંરે તું તો મર્મના
મંત્રની માદળીજીરે. વહાલી૦ ટેક.
હાંરે મુડી સાંચે તું તો આઠ માસમાં;
હાંરે એ તો છાની રાખે છે આકાશમાંજીરે, વહાલી. ૧
હાંરે વેળા વાવરવાની એક આવશે;
હાંરે એવું ડહાપણ તું દીલમાં લાવશેજીરે, વહાલી. ૨
હાંરે વેળા આવે એવી જે વારમાં;
હાંરે દીલ રાખે ઉદાર માસ ચારમાંજીરે, વહાલી. ૩
હાંરે એક દહાડે એકદમ નથી આપતી;
હાંરે રહે આપવાનો અનુમાન માપતીજીરે, વહાલી. ૪
હાંરે કરકસર એવી તું કયાં ભણી !
હાંરે ગુણવંતી તે ગુણથી તને ગણીજીરે, વહાલી. ૫
હાંરે તારા જેવા પ્રધાન જોઇએ રાયને;
હાંરે જોઇએ એવી અર્ધાંગના ખમાયનેજીરે, વહાલી. ૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હાંરે નથી સ્હમની સમાન ડાટી રાખતી;
હાંરે કાંઇ નકામું નથી કાઢી નાખતીજીરે, વહાલી. ૭
હાંરે આપતાં તું અભિમાન નથી આણતી;
હાંરે જોઇ તને નમ્રતાનો ગુણ જાણતીજીરે, વહાલી. ૮
હાંરે મુડી સત્ય માર્ગે તેં મેળવી;
હાંરે કહિએ કેવી રીતે કેળવીજીરે ? વહાલી. ૯
હાંરે શીખે તારી શિખામણ સુંદરી;
હાંરે તે તો હોંશિયાર ને ગણાય હુન્નરીરે, વહાલી. ૧૦
હાંરે ધન્ય ! ધન્ય ! તારી ચતુરાઇને !
હાંરે ભલે પામી પ્રસિદ્ધ વડાઇને જીરે ! વહાલી. ૧૧
હાંરે જળ સાચવ્યાની રીત તારી જોઇને;
હાંરે મળે સારી શિખામણ કોઇનેજીરે, વહાલી. ૧૨
હાંરે વારે વારે વખાણું તારા કામને;
હાંરે દીલ ભાવી તું દલપતરામને જીરે. વહાલી. ૧૩

## ગરબી ૧૫ મી.

### પરોપકારી બાઈ રૂપી વાદળીના ગરબી.

"શિવજી શેરિયારે,"–એ રાગ.

દયાથી દે છે જીવનદાન, વહાલી વાદળીરે;
કર્યું તેં નિજ જીવન કુરબાન, વહાલી વાદળીરે. ૧
ભલે તું પામી ઉંચો અધિકાર, વહાલી વાદળીરે;
અખિલ જગપર તારો ઉપકાર, વહાલી વાદળીરે. ૨
થઇ તું સૌની માત સમાન, વહાલી વાદળીરે;
કરાવે તું સૌને પયપાન, વહાલી વાદળીરે. ૩
જગતમાં જો તુજ તન ન જણાય; વહાલી વાદળીરે;
અખિલ જગ આકુળવ્યાકુળ થાય, વહાલી વાદળીરે. ૪
શશી સૂરજ તુજથી શરમાય, વહાલી વાદળીરે;
માટે તુજ ઓથે સંતાય, વહાલી વાદળીરે. ૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દીઠા તુજ પાસેથી લેઇ દાન, વહાલી વાદળીરે;
કરે કોઇ દાન મેળવવા માન, વહાલી વાદળીરે. ૬
કદી તુજ પાસેથી ન પમાય, વહાલી વાદળીરે;
સરોવર સરિતા પણ સૂકાય, વહાલી વાદળીરે. ૭
વને છે વનસ્પતિનો વાસ, વહાલી વાદળીરે;
જીવન તે જાચે તારી પાસ, વહાલી વાદળીરે. ૮
તપી પર્વત પામે પરિતાપ, વહાલી વાદળીરે;
કરું તેને તું શીતળ આપ, વહાલી વાદળીરે. ૯
કરું જયાં દૃષ્ટિ ત્યાં તુજ કામ, વહાલી વાદળીરે;
નથી તેં રાખ્યો ઠાલો ઠામ, વહાલી વાદળીરે. ૧૦
કહું તે ધન્ય ! જગત કરનાર ! વહાલી વાદળીરે;
ભલે આપ્યો તુજને અવતાર, વહાલી વાદળીરે. ૧૧
દીસે જે અનેકનો આધાર, વહાલી વાદળીરે;
સદા તે જીવો જન સરદાર ! વહાલી વાદળીરે. ૧૨
દીસે નહાની પણ મોટું દીલ, વહાલી વાદળીરે;
સમાયું તેમાં ઘણું સલીલ*, વહાલી વાદળીરે. ૧૩
સદા નિશ્ચળ રહેજો તુજ નામ, વહાલી વાદળીરે;
દિલે એમ ઇચ્છે દલપતરામ, વહાલી વાદળીરે. ૧૪

## ગરબી ૧૬ મી.

### વિવેકી વડવાઈ વિષે.

"હરિ દૂધ પિયો, ને મને જાવા દો."—એ રાગ.

તું વડી વિવેકી વડવાઇ, ગુણ કહું શું તારા હું ગાઈ;
તું સજ્જનને પણ શિખામણ દેનાર, તું વડી વિવેકી વડવાઇ. ૧
તેં ઉત્તમ કુળ અવતાર ધર્યો, તેં સદગુણથી ભવ સફળ કર્યો;
તું શાણી છે, એમ સૌ જાણે સંસાર, તું વડી વિવેકી. ૨

* સલીલ=પાણી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પૃથવીપર સાસરીયું પામી, જયાં મૂળ ઉંડાં કરીને જામી;
વળિ વિશ્વપતિએ વિસ્તાર્યો વિસ્તાર, તું વડી વિવેકી. ૩
તારા વૃદ્ધપિતાને દુઃખ પડિયું, મૂળ ઉંડું હતું તે ઉખડીયું;
ત્યારે તેં તેને આપ્યો સારો આધાર, તું વડી વિવેકી. ૪
તેં નામ પિતાનું અમર કર્યું, અમૃત તુજ પાસ અખંડ ભર્યું;
તું કુળમાં ખામી લાવી નહીં લગાર, તું વડી વિવેકી. ૫
આશ્રય પશુ પક્ષીને આપ્યો, જાણે થંભ ધરમનો તેં થાપ્યો;
તેં ચિત્તમાં ચોખો એજ ધર્યો વિચાર, તું વડી વિવેકી. ૬
સાસરીયું પણ તેં શોભાવ્યું, આશ્રય પામ્યું જે કોઇ આવ્યું;
તને ભાળી જગમાં ભલાઇનો ભંડાર, તું વડી વિવેકી. ૭
કદી કાંટો કોઇને નવ માર્યો, તપતો આવ્યો તેને ઠાર્યો;
ઙરથડીએ આપું સાખાશી હજાર, તું વડી વિવેકી. ૮
તેં નમ્રપણું ધરથી રાખ્યું, તેં ઉદ્ધતપણું કાઢી નાંખ્યું;
તેથી ઉત્તમ આવો તું પામી અધિકાર, તું વડી વિવેકી. ૯
તને જગમાં સૌ જન જાણે છે, વિદ્વાન વિશેષ વખાણે છે;
તને સારી ગણશે સૃષ્ટિ સરજનહાર, તું વડી વિવેકી. ૧૦
તને જો કોઇએ કષ્ટી દીધી, તેં પંડ અખંડ ક્ષમા કીધી;
તેં દુખ નહિ ધરતાં દિલ રાખ્યું ઉદાર, તું વડી વિવેકી. ૧૧
સૌ સજ્જન તુજ ગુણ જાણે છે, વળી વિવિધ પ્રકાર વખાણે છે;
ગુણવંતી તારા ગુણ શું ગણે ગમાર, તું વડી વિવેકી. ૧૨
છે કંઇક કપૂત ઘણા એવા, નથી સજતા માતપિતા સેવા;
વળી નામ પિતાનું બોળે જગ મોઝાર, તું વડી વિવેકી. ૧૩
તું સ્થિર ઠરજે બહુ આ ઠામે દીધી આશિષ દલપતરામે;
તારો અધિક ભલો છે અમ ઉપર આભાર, તું વડી વિવેકી. ૧૪

P. P. Ac. Gunratnasuri M.S.        Jin Gun Aaradhak Trust

## ગરબી ૧૭ મી.
## શેલડીની ગરબી.

" કર પ્રભુ સંગાથે દૃઢ પ્રીતડીરે,–એ રાગ.

સુણ શેલડી તું શાણી ઘણીરે, કરે છે તું ગુપ્ત ઉપકાર;
ઉપકાર તું સાચી *શેલડીરે;
નથી ફુલ કરીને ફુલતીરે, તારા ચિત્તના ચોખા વિચાર. ૧
નથી દુનિયાને ફળ દેખાડતીરે, ઉંચાં લટકાવી આકાશ;
તારાં ફળ ગોળ સાકર ખાંડ છે રે, પણ દેખે ન કોઇ તુજ પાસ. ૨
દાન આપી કહી દેખાડવુંરે, તે તો કીર્તિ દાન કહેવાય;
પ્રભુ પ્રીતે જરુર દાન જે કરેરે, તે તો કોઈથી ન જાણ્યું જાય. ૩
ફુલ કરીને જે ફળ દાન દેરે, ઠળિયા છોતરાં તે માંહી;
તારી પેઠે ગુપત દાન જે કરેરે, તેમાં કસ્તર ન મળે કાંઇ. ૪
નથી ખુબ મોટાઇ દેખાડતીરે, દીસે દુર્બળ તારો દેહ;
નથી કાંટો કાયામાં રાખતીરે, તેથી પામી તું સૌનો સ્નેહ. ૫
મોટા મોટા તરુમાં નથી મા'લતીરે, સદા વસી એરંડા સાથ;
પણ નીચો સ્વભાવ લીધો નમીરે, એમ હેઠું રાખ્યું તેં હાથ. ૬
ક્યાંથી પામી સરસપણું પંડમાંરે, જોતાં અચરજ જેવું જણાય;
કેરી કેળાં અધિક ફળ જે કહ્યુંરે, તારા ફળની તુલ્ય ન ગણાય. ૭
મળી સૌની વધારે મિષ્ટતારે, એનું એવું મેળાપી અંગ;
જીવ મેળવી લે જયાં જાય ત્યારે, સૌને સારો લાગે તારો સંગ. ૮
કોઇ ગરીબ ગુપત દાન તો કરેરે, કરે મોટા તો પામવા માન;
જેમ વરસાદ જળનું દાન દેરે, ગાજે ઉંચે ચઢી આસમાન. ૯
જે કોઇ જગત વિષે જન્મ પામીનેરે, કરે પરઉપકારી કામ;
એવા એવાને અંતઃકરણથીરે, દે છે આશીષ દલપતરામ. ૧૦

---

* સાદા જેવી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ગરબી ૧૮ મી.

### કેળ વિષે.

"હું વારી જાઉં ઉભાં રહોને અલબેલી."—એ રાગ.

રસીલી કેળ રુડી તું તો ઠકરાણી;
હું વારી જાઉં વાણીએ શું કહું વખાણી. રસીલી૦ ટેક.
બોરડી ને થોરડી તો ઠામ ઠામ દીસે;
હાંરે જેને કાંટે વિંધાય બહુ પ્રાણી. રસીલી૦ ૧
લીમડીને કોણ બાગ લાયક ગણે છે;
હાંરે જેની કડવી જાત કહેવાણી. રસીલી૦ ૨
વરખડીને કોણ બાગમાં વાવે;
હાંરે તારા જેવી જરૂરની જાણી. રસીલી૦ ૩
જાયવેલ તો બહુ ફુલડે ફૂલે;
હાંરે પણ ભૂખ્યાંને પાય નહી પાણી. રસીલી૦ ૪
કાળજું પણ બહુ કોમલ તારું;
હાંરે તારી એજ ઉંચી જાતની એંધાણી. રસીલી૦ ૫
નિર્મળ નૌતમ નાજુક નારી;
હાંરે તારી પંડિતોએ ઉપમા પરમાણી. રસીલી૦ ૬
જગ સૃજનારે તુજને સરજી;
હાંરે એતો અતીશે ડહાપણ આણી. રસીલી૦ ૭
મીઠાં મીઠાં ફળ દેનારી;
હાંરે તું તો માનવીઓ મધ્યે મનાણી. રસીલી૦ ૮
ફુલ્યા વિના તું તો ફળ દે છે;
હાંરે તું તો એવી ઉદાર ઇંદરાણી. રસીલી૦ ૯
ફુલી ફુલીને જે દાન દે છે;
હાંરે તેનું ધર્મ કરમ ધુળધાણી. રસીલી૦ ૧૦
ફુલે અધિક પણ ફળ નવ આપે;
હાંરે તેની ફોગટ જાત ફુલાણી. રસીલી૦ ૧૧
દલપતરામ કહે ગુણ દેખી;
હાંરે તારી લાયકી લેખમાં લખાણી. રસીલી૦ ૧૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ગરબી ૧૯ મી.

## આરશીની ગરબી.

"હર પ્રભુ સંગાથે દૃઢ પ્રીતડીરે." —એ રાગ.

અરે આરશી મેં તને ઓળખીરે,
તું તો શુભ ગુણવંતી ગણાય, સત્યવાદી તું સાચી આરશીરે;
તારા આગળ આવી જે ઉભું રહેરે, જેવું હોય તે તેવું જણાય. ૧
તું તો ગુણદોષ હોય તે દેખાડતીરે, જેવી સાચે સાચી કહે વાત;
ભલે હોય તે પોતાનું કે પારકુંરે, તારે મંડે નહિ પક્ષપાત. અરે. ૨
હોય રંક કે રાજા ભલે રાયરે, કોઈની શરમાવી ન શરમાય;
બીક દેખાડતાં તું બીહે નહીરે, લાંચ આપવાથી ન લલચાય. ૩
રાગ દ્વેષ તું લેશ નથી રાખતીરે, માટે રાખે હૃદયે કોણ રોષ;
પુંઠ તો નકટાને નકટું કહેરે, જાણે તે પણ પોતાનો દોષ. અરે. ૪
પુંઠ પાછળ તું ખડખડતી નથીરે, સાચે સાચું કહે મુખોમુખ;
તારું દીલ સ્વચ્છ દેખતાં દેખાય છેરે, તેથી દિલમાં ન ધરે કોઇ દુઃખ. ૫
તારી આગળ આવીને જે ઉભું રહેરે, સાચું તેજ તું કહેનાર;
નથી બીજા વિષે તું કંઇ બોલતીરે, એવા નિયમ ધર્યા તેં નિર્ધાર. ૬
તારી સત્યતાને સૌ ચહાય છેરે, હોંશે હોંશે ઝાલે તને હાથ;
નાનાં મોટાં અને રંક રાયનેરે, સૌને ગમે છે તારો સાથ. અરે. ૭
તારા સત્ય ઉપર કોપ જે કરેરે, તેને લોક કરે ધિક્કાર;
તેને મોટો મુરખ ગણે માનવીરે, પક્ષ તારો તાણે નરનાર. અરે. ૮
વાંક તેનો ગણાય આ વિશ્વમાંરે, કોઇ તારો વદે નહિ વાંક;
તું તો સાચી ઠરી સંસારમાંરે, એ તો અચળ ખરેખરો આંક. ૯
શુદ્ધ બુદ્ધિથી સાચું જે કહેરે, રાખી નિર્મળ મન તુજ તુલ્ય;
તેને રીઝે તેનો કર્તા ધણીરે, એવો ગુણ સત્યતાનો અમૂલ્ય. ૧૦
કવિ કોવિદ વિચારીને કહેરે, તારી સત્યતાને શાબાશ;
કૃપા કરે કૃપાળુ નાથજીરે, આપે ગુણ એવો અવિનાશ. અરે. ૧૧
વારે વારે પ્રભુજીને વિનવીરે, વળી એમ કરીને પ્રણામ;
તારી તુલ્ય સદગુણ સત્યતા તણીરે, માગે દિન દિન દલપતરામ. ૧૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ગરબી ૨૦ મી.

## નઠારાં ગીત ન ગાવા વિષે.

"મારું સોનાનું છે બેડું'રે, છેલછબીલા છોગાળા."

જેની અંદર અર્થ નઠારોરે, ગીત નઠારાં નવ ગાઇએ;
સુણિ સુણિને સત્ય વિચારોરે, ગીત નઠારાં નવ ગાઇએ. ૧
જેમાં નીતિનો નહિ સ્વાદરે, ગીત નઠારાં નવ ગાઇએ;
ખાઇઓ તે તો ખડવાદરે, ગીત નઠારાં નવ ગાઇએ. ૨
મુખ શીદ દુખવીએ ઠાલુંરે, ગીત નઠારાં નવ ગાઇએ;
વિપરીત મતિને તે વહાલુંરે, ગીત નઠારાં નવ ગાઇએ. ૩
એવાં શીખવે ગીત સુતાનેરે, ગીત નઠારાં નવ ગાઇએ;
ધિક! તેવાં માતપિતાનેરે, ગીત નઠારાં નવ ગાઈએ. ૪
સારા જન તો શરમાયેરે, ગીત નઠારાં નવ ગાઇએ;
એ તો સુણતાં ઉઠી જાયેરે, ગીત નઠારાં નવ ગાઇએ. ૫
એ તો માત પિતાનો વાંકરે, ગીત નઠારાં નવ ગાઇએ;
એ તો જાણો આડો આંકરે, ગીત નઠારાં નવ ગાઇએ. ૬
જો સૌનું સારું ધારોરે, ગીત નઠારાં નવ ગાઇએ;
નવ રાખો ચાલ નઠારોરે, ગીત નઠારાં નવ ગાઇએ. ૭
જેમાં હોય ઇશ્વરનું નામરે, ગીત નઠારાં નવ ગાઈએ;
પણ અનીતિ ઠામો ઠામરે, ગીત નઠારાં નવ ગાઇએ. ૮
એથી ઉપજે અસર નઠારીરે, ગીત નઠારાં નવ ગાઇએ;
ચિત ધરજો ચતુર વિચારીરે, ગીત નઠારાં નવ ગાઇએ. ૯
નીતિથી ઉલટું જેહરે, ગીત નઠારાં નવ ગાઇએ;
ઇશ્વરને ન ગમે એહરે, ગીત નઠારાં નવ ગાઇએ. ૧૦


P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સુધરે નહિ અંતઃકરણરે, ગીત નઠારાં નવ ગાઇએ;
આવે નહિ સદઆચરણરે, ગીત નઠારાં નવ ગાઇએ. ૧૧
કહો તે ગાઇએ શે કામરે? ગીત નઠારાં નવ ગાઇએ;
દાખે છે દલપતરામરે, ગીત નઠારાં નવ ગાઇએ. ૧૨

---

## ગરબી ૨૧ મી.

### મીઠા બોલી મેના વિષે.

"મોહનરે મોહી તારે લટકે,"—એ રાગ.

મેનારે મીઠી તારી વાણી, મીઠી તારી વાણી, માનવીએ પ્રમાણી. ટેક.
જાત તારી જોતાં જનથી છે જુદી, પણ તું પામી મોટું માન;
હોય પક્કા પુરા પંડિત તે પણ, કહેણ ધરે તારાં કાન. ૧
ભાગ્ય ભલું તેથી તું થઈ ભણેલી, નહિ તો તું રખડત રાન;
વણ ભણેલી ઘણી વનમાં વસે છે, કોઇ ન ગણે ગુણવાન. ૨
ભણતરમાં ભલો લાભ મેં ભાળ્યો, આ જોઈ તુજ અધિકાર;
શોભિતું પિંજર વસવાને સોંપ્યું, ઉત્તમ આપે આહાર. ૩
ચાકરી તારી કરે જન ચાકર, પાણી લાવી તને પાય;
એવડો માલ છે તુજમાં શો મોટો, કામ તો કાંઇ ન થાય. ૪
મધુર ભાષણ કરવા શીખી મુખથી, એ ગુણ તુજમાં છે એક;
સૌ સાથે સ્નેહ તેથી થાય તારે, આપે છે માન અનેક. ૫
પૂરાં વખાણ આ પૂરમાં તું પામી, હેટાં તેં સૌનાં હરેલ;
વસ્તી બધીને તેં વશ કરી લીધી, કામણ જેમ કરેલ. ૬
દેશ વિદેશમાં વાત વંચાઇ, ગુણ ગણાયા ગામો ગામ;
તું તજીશ તોપણ અહિં તારું, નહિ વિસારે કોઈ નામ. ૭
સદ્ગુણ પામીને કુળ તેં શોભાવ્યું, જન દખાણે તારી જાત;
ધન્ય તારો અવતાર ધરામાં, ધન્ય તારાં માત તાત. ૮

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રૂપ તારુ અતિશે નથી રુડું, નથી તેં સજ્યા શણગાર;
પણ તેં પૂરે સૌને મોહ પમાડયો, અચરજ એ તો અપાર. ૯
નાના મોટા જન નેહે નિહાળે, શો એવો તુજમાં છે સાર;
દિલગીરી હોય તેની દિલગીરી છૂટે, ઉચરે જ્યાં તું ઉચ્ચાર. ૧૦
બહેન બરાબર જન તને જાણે, મન હરખે જોઇ મુખ;
હાકેમ પણ તને હેતે બોલાવે, સાંભળી સ્વર પામે સુખ. ૧૧
ભાઇ ભલો જેણે તુજને ભણાવી, આપ્યો ઉત્તમ ગુણ આમ;
અંતર શુદ્ધથી આશિષ તુજને, દે નિત્ય દલપતરામ. ૧૨

## ગરબી ૨૨ મી.

### હાથીણીની ગરબી.

"વાંસલડી વેરણ થઈ લાગી તું વ્રજની નારને."—એ રાગ.

હો હાથીણી, જાણી મેં તુજને તું ઉત્તમ જાતની;
સુણ શુભ કુળની, વળી વિશેષે વિગત કહું તે વાતની. ટેક.
તું સીધે પંથ સિધાવે છે, કુતરીઓ ભસવા આવે છે;
પણ તું મનમાં કયાં લાવે છે? હો હાથીણી૦ ૧
તે બહુ ભશિ ભશિને થાકે છે, તું સામો ઉત્તર કયાં દે છે;
ધન્ય! ધન્ય! તને લોકો કહે છે; હો હાથીણી૦ ૨
બળ તો બહુ તનમાં તારે છે, તને માવત અંકુશ મારે છે;
તું સહન કરી વિસારે છે; હો હાથીણી૦ ૩
ભલી છે તારી ગંભીરાઈ, તું બકવા નથી કરતી બાઇ;
તારી કીર્તિ કવિ લોકે ગાઇ; હો હાથીણી૦ ૪
તું નિશાળમાં નથી પાઠ ભણી, પણ નીતિ છે તુજ માંહી ઘણી;
તું પુત્રી જાત સજાત તણી; હો હાથીણી૦ ૫
તારા ગવાય ગુણ ગામે ગામે, તું સુખી રહેજે ઠામેઠામે;
દીધ એ આશિષ દલપતરામે; હો હાથીણી૦ ૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ગરબી ૨૩ મી.
## નેતરની નમ્રતા વિષે.

"સારૂં સારૂં રે સુરત શહેર, મુંબાઈ અલબેલી."—એ રાગ.
તારા નમ્રપણાને ધન્ય ! નેતર નમનારી;
રુડું માણસ ઇચ્છે મન, તે ચલગત તારી !—ટેક.
વહેતિ નદીના નીર વચ્ચે તું, તલ નથી ધરતી ત્રાસ. નેતર. ૧
જ્યારે જળનું જોર વધે ને, ઘણો કરે ઘુઘવાટરે;
મોટાં તરુનાં મૂળ ઉખાડે, તને ન ઉર ઉચાટ. નેતર. ૨
જોર જણાય ઘણું જે વારે, જળમાં તું નમી જાયરે;
તેનું જોર ઘટે ત્યારે તું, આપે ઉભી થાય. નેતર. ૩
પાતળી સરખી તું પંડે પણ, નમ્રપણું ધરનારરે;
જળમાં તું સુખથી જીવે છે, એ ગુણને આધાર. નેતર. ૪
સમય વિચારી સમજી ચાલે, લે સુખ તે આ લોકરે;
ઉદ્ધતપણું અખંડ ન છોડે, ફાંસામાં પડે ફોક. નેતર. ૫
મૂળ ગયાં મોટાં તરુવરનાં, નાની તું નિશ્ચંતરે;
મોટી બુદ્ધિ તુજમાં માનું, રુડી તારી રીત. નેતર. ૬
નમ્રપણું રાખે નિશ્ચે તો, વેરીમાં કરે વાસરે;
અંતરમાં કદિએ નવ ઉપજે, તેને તલપુર ત્રાસ. નેતર. ૭
તાડ અને વડ તારી પેઠે, નમ્યા નહી જો નામરે;
દેશવટો નદિએ તો દીધો, ઠાલો કીધો ઠામ. નેતર. ૮
પવન તને નવ તોડી પાડે, સજોર થઇ સર્વત્રરે;
તેથી તુજને કરીને રાખે, છત્રપતી શિરછત્ર. નેતર, ૯
સારા જનના ઘરમાં શોભે, ઠરી તું ઠામો ઠામરે;
નિરખી તુજને નેત્ર ઠરે છે, ધન્ય તુજ નેતર નામ. નેતર. ૧૦
જો ફળ ફુલ તો તું નથી દેતી, દીસે દુર્બળ દેહરે;
પણ તું નમ્રપણાથી પામી, સર્વે જનનો સ્નેહ. નેતર. ૧૧
નમ્રપણું રાખે નરનારી, એ સુખ પામે આમરે;
આ શિખામણ સમજી લેજો, દિલમાં દલપતરામ. નેતર. ૧૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ગરબી ૨૪ મી.

## કામઠીની ગરબી.

"ફૂલણજી ! તમે ફુલાવ્યા ક્યમ ફૂલ્યારે ? ફૂલણજી ?"—રાગ

*શરધરણી તું વિશ્વ વિષે વખાણાઇરે; શરધરણી;
તું કમાન નામે કુશળપણે કહેવાઇ, શાણી શરધરણી. ૧
સારા વંશ થકી તું ઉપજી સારીરે, શરધરણી;
વળિ શુભ શિક્ષકથી [૧]સદ્‌ગુણ લીધો ધારી, શાણી૦ ૨
તીરની સાથે લગ્ન થયુ છે તારુંરે, શરધરણી;
તે જુગતે જુગતું જોડું શોભ્યું સારું, શાણી૦ ૩
નમી નમીને તેં નરને વશ કીધોરે, શરધરણી;
તુજ સદ્‌ગુણ વડે લાવો તેણે લીધો, શાણી૦ ૪
આપી હિંમત એને તેં ઉશ્કેર્યોરે, શરધરણી;
તેં પ્રવાસ કરવા પ્રીત કરીને પ્રેર્યો, શાણી૦ ૫
જઇને તેણે તો ત્યાં જશ વિસ્તાર્યોરે, શરધરણી;
નિજ શેઠ તણા શત્રુને રણ સંહાર્યો, શાણી૦ ૬
ઉત્તમ પરાક્રમી કહેવાયો આપેરે, શરધરણી;
પણ તે તો તારા સદ્‌ગુણ તણે પ્રતાપે; શાણી૦ ૭
જો તેને તેં હિંમત હોત ન આપીરે, શરધરણી;
નર તો તે એવું કામ ન કરત કદાપી, શાણી૦ ૮
જગમાં તુજને હિંમતવાળી જાણીરે, શરધરણી;
હું ખરેખરી તો તને કહું ક્ષત્રાણી, શાણી૦ ૯
સૌ સુંદરીઓ બોધ સમજશે તારોરે, શરધરણી;
તો સર્વ પ્રકારે થાશે દેશસુધારો, શાણી૦ ૧૦
વધુ સુધારો વનિતાઓમાં વ્યાપેરે, શરધરણી;
તો ઉશ્કેરીને નરને હિંમત આપે, શાણી૦ ૧૧
દલપતરામે દિલમાં એમ વિચાર્યુંરે, શરધરણી;
તે માટે આવું વખાણ કીધું તારું, શાણી૦ ૧૨

* શરધરણી=કામઠી. ૧ કામઠીની દોરી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## गरबी २५ मी.

### सोनानी अरजी.

'सारे सारेरे सुरत शेहेर, मुंबाइ अलबेली.'–ए राग.
सोने जगस्रष्टा पास, अरजी उच्चारी;
"ओ सुणिये श्री अविनाश, अरजी आ मारी !–टेक.
शेठ सदनमां मढोरो रूपे, रहुं छुं दिन ने रातरे;
मिजलसमां अपमान मळ्युं मने, सुणो वितकनी वात. अरजी० १
पेटीमां मने पूरी मूकयुं, पुष्प गणयां गुणवानरे;
मुजथी मोटुं पुष्पो पाम्यां, भरी सभामां मान; अरजी० २
मुज तनमां जो सुगंध सरजो, तो हरि तेम न थायरे !
पुष्प प्रमाणे मान हुं पामुं, मुज मन शोक समाय." अरजी० ३
हवे तेने उत्तर दीधो, "सुण सोना तजी शोकरे;
परगुण देखी द्वेष धरे, ते फजेती पामे फोक. अरजी० ४
एकेक गुण उपयोगी दइने, समजी वस्तु सर्वरे;
जेथी गुण बीजानो जोइने, तजे पोतानो गर्व; अरजी० ५
हलकामां पण होय गुण मोटो, जेथी जन चित चहायरे;
एकजने गुण अनेक दउं तो, बीजी नकामी थाय. अरजी० ६
मोती मोंघां मूलतणां पण, मांडी नहि मीठाशरे;
जुवार तो जनने जीवाडे, दुकाळमां दई आश. अरजी० ७
माटे मननी ईर्षा मेली, सोना सज संतोषरे;
तारा गुणथी तुं राजी रहे, दइश न कोइने दोष. अरजी० ८
कुंभारनुं कोइ करवा बेसे, काम वडो विद्वानरे;
कदी बराबर करी शके नहि, उलटुं ले अपमान. अरजी० ९
यथार्थ रीते ते करी जाणे, जे छे जेनुं कामरे;
दुखी अदेखा दिलमां दाझे," कहे द्विज दलपतराम. अरजी० १०

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ગરબી ૨૬ મી.

### ઉત્તમ એક ગુણ તો મેળવવો જોઈએ, તે વિષે.

"ઓધવજી, સંદેશો કહેજો શામને,"–એ રાગ.

પોપટજી બેઠા સોનાને પાંજરે,
રાજા રાણી જોઇ જોઇ રાજી થાયજો;
ચાકર રોજ કરે પોપટની ચાકરી,
જરાએજી પોપટ કયાંઇ ન રળવા જાયજો. પોપટ. ૧

એકજ ઉત્તમ ગુણ આપ્યો છે ઇશ્વરે,
મુખથી ઉચરે મધુરાં વચન અમૂલ્ય જો;
જગત વિષે જો જોઇએ પક્ષી જાતમાં,
તપાસતાં મળે કોઇક તેની તુલ્ય જો. પોપટ. ૨

એકજ ગુણ પણ આ જગમાં એવો ભલો,
વિશેષ સૌથી વિશ્વ વિષે વખણાયજો;
જશ જામે તેનો સઘળા સંસારમાં,
ચતુર જનો સૌ તેને ચિત્તમાં ચહાયજો. પોપટ. ૩

મોતી તો આભૂષણમાં શોભે ભલાં,
માણસમાં તે તેથી પામ્યાં માનજો;
આંબો પણ રસ આપે એક પ્રકારનો,
તે ગુણથી તે ગણાય છે ગુણવાનજો. પોપટ. ૪

સુગંધનો ગુણ સરસ ગુલાબ વિષે વસે,
ભક્ષ કર્યોથી ભાગે નહિ જન ભૂખજો;
અફીણ તો આવે ઓસડ ઉપયોગમાં,
દેહતણું તે દૂર કરે છે દુઃખજો. પોપટ. ૫

સોમલ પણ સંહારે રોગ શરીરનો,
તદબિરથી તેનો કરતાં ઉપયોગજો;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઘોડું તો ઘણી મજલ કરે દિન એકમાં,
જણાય ઉત્તમ જનને વાહન જોગજો. પોપટ ૬

હેમ તણી વીંટી શોભાવે હાથને,
શોભાવે નહીં એવું સોનું શેરજો;
લેખણ તો લખતું હોય તે આપે લખી,
પામી તે એકજ ગુણ ઉત્તમ પેરજો. પોપટ. ૭

મેળવજો એક ઉત્તમ ગુણ તો માણસે,
જેથી જગમાં પ્રગટે કીર્ત્તિ પ્રકાશજો;
નહિ તો જીવતર વ્યર્થ જગતમાં જાણવું,
એકે ઉત્તમ થાય નહિ અભ્યાસ જો. પોપટ. ૮

જુઓ વળી હલકામાં હલકી ચીજમાં,
તુંબડાનો તો કોણ ગણે છે તોલજો;
પણ ઉત્તમ ગુણ તરવાનો છે તેહનો,
ગરજ પડે જન બોલે ગુણ ગણિ બોલજો. પોપટ. ૯

એકેક ગુણ આપ્યો છે સૌને ઇશ્વરે,
ઠરી ઠરીને નિરખો ઠામો ઠામજો;
ઇશ્વર તું ઉત્તમ ગુણ અમને આપજે,
દિલથી એવું ઇચ્છે દલપતરામજો. પોપટ. ૧૦

---

## ગરબી ૨૭ મી.

### સંપૂર્ણ ગુણ તો એક પરમેશ્વરમાં છે, તે વિષે.

" મહાકોપ થયો તે કળિ કાળમાં જો. "—એ રાગ.

પરિબ્રહ્મ એકલામાં ગુણ પૂર્ણ છે જો;
બીજે જયાં જુઓ ત્યાં ગુણ અવગુણ છે જો. પરીબ્રહ્મ. ટેક૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મહાસાગરના સદ્‌ગુણો ઘણા મળે જો;
પણ પાણી તેનું પીતાં તરશ નવ ટળે જો. પરીબ્રહ્મ. ૧
જુઓ સૂર્યના જોતાં ગુણો ઘણા જડે જો;
તપે તાપ ત્યારે જીવજંત તરફડે જો. પરીબ્રહ્મ. ૨
અગ્નિના ગુણો ગણી જોતાં ગણાય છે જો;
લાહ્ય લાગે ત્યારે લોક અકળાય છે જો. પરીબ્રહ્મ. ૩
જુઓ જળ વિના કોઇ જીવે નહિ જો;
પણ પ્રાણીઓના પ્રાણ એજ લે સહી જો. પરીબ્રહ્મ. ૪
એવા એવા ગુણ અવગુણોનાં પત્ર છે જો;
ત્યારે માનવી બિચારું કોણ માત્ર છે જો. પરીબ્રહ્મ. ૫
ગુણો ગણી ગણી અંતરે ઉતારીએ જો;
વળી અવગુણો તો સર્વના વિસારીએ જો. પરીબ્રહ્મ. ૬
સદા અવગુણો તપાસીએ પોતતણા જો;
તેને ટાળવા ઉપાય શોધીએ ઘણા જો. પરીબ્રહ્મ. ૭
કોઇ ક્રોધી કોઇ લોભી કોઇ સ્વાદીઆ જો;
કોઇ આળસુ અને કોઇ વિવાદીઆ જો. પરીબ્રહ્મ. ૮
સુધરે સ્વભાવ તો તે સુધરાવીએ જો;
નહી સુધરે તોપણ તેને નિભાવીએ જો. પરીબ્રહ્મ. ૯
ઝાડ, પાન પશુ પંખી આદિ પ્રાણી છે જો;
પ્રકૃતિ પ્રત્યેકની જુદી પ્રમાણી છે જો. પરીબ્રહ્મ. ૧૦
નિયમ સૃષ્ટિનો નજર કરી નિહાળીએ જો;
ટાળીને કુસંપ સંપને સંભાળીએ જો. પરીબ્રહ્મ. ૧૧
કહ્યાં તે કથનો છે તમારા કામનાં જો;
રાખો તે હૃદેમાં દલપતરામનાં જો. પરીબ્રહ્મ. ૧૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# ભાગ ૨ જો.

## ગરબી ૨૮ મી.

### ઉંચા તાડની ગરબી.

" મહાકોપ થયો તે કળી કાળમાં જો."-એ રાગ.

તું તો ઉંચો વિશેષ વધ્યો તાડિયાજો;
પણ તાપ કોઇના તેં ન મટાડિયાજો. તું તો-ટેક.

સૌમાં મોટો ગણાયો તેથી શું થયું જો ?
તારૂં મોટાપણું કહેવામાં રહ્યું જો. તું તો૦ ૧

પર ઉપકાર કાંઇએ નહી કર્યોજો;
ધરા ઉપર તેં જન્મ શીદને ધર્યો જો ? તું તો૦ ૨

તેં તો આશરો ના આપિયો કોઇનેજો;
જન આશા ન રાખે તને જોઇનેજો. તું તો૦ ૩

કોઇ ભૂખ્યાને ભોજન ન આપિયાંજો;
ટાઢ, તાપ, કષ્ટ કોઇનાં ન કાપિયાંજો. તું તો૦ ૪

તારી છાયાથી સુખ કોઇને છે નહીજો;
પક્ષી માળો ઘાલીને વસે નહીજો. તું તો૦ ૫

સારાં સુગંધી ફુલડે ન ફુલિયોજો;
ભાઇ ! અક્કડ રહેવામાં નથી ભૂલિયોજો. તું તો૦ ૬

મીઠાં ફળ તુંથી કોઇને નહી મળ્યાંજો;
ભારે લાકડાં ઇમારતમાં નહીં ભળ્યાંજો. તું તો૦ ૭

તારી કાયા પણ તુંથી ક્યાં ઢંકાય છે જો;
દુનિયામાં એવાં કંજુસ દેખાય છે જો. તું તો૦ ૮

તારૂં અંગ તું ન ઢાંકી શક્યો એટલું જો;
કહું તેથી કંજૂસપણું કેટલું જો ? તું તો૦ ૯

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છોટા છોડ ભાજીના તારાથી છે ભલાજો;
તેથી પોષણ પામે છે પ્રાણી કેટલાજો? તું તો૦ ૧૦
તુંમાં એટલું પરાક્રમ દીસે અરેજો;
દુનિયાને રસ પાઇ દિવાની કરેજો. તું તો૦ ૧૧
શિર છત્ર સમાન તેં શોભા ધરીજો;
જન નિષ્ફળ જાણે છે ખરેખરીજો. તું તો૦ ૧૨
ધન્ય ! ધન્ય ! માનીએ તેનું મોટાપણુંજો;
કામ પર ઉપકારનું કર્યું ઘણુંજો. તું તો૦ ૧૩
રુડી સમસ્યા છે દલપતરામનીજો;
કહી માણસોને જાણવાના કામનીજો. તું તો૦ ૧૪

## ગરબી ૨૯ મી.

### મગરૂર વંટોળિયાની ગરબી.

"ગોરસ લઇને ગોપિકા ચાલી વેચવા કાજે." એ રાગ.

વાત તું સુણ વંટોળિયા, કહું ચિત્ત વિચારી;
પળમાં વડાઇ તું પામિયો, ભૂમિ ઉપર ભારી. ૧
પર્વતો નીચે પાડિયા, એથી ઉંચેરો ચાલ્યો;
ચંચળતાથી ચાલતો, મહા મદભર મહાલ્યો. ૨
વાદળ સાથે વેગથી, વાત કરવા વિચરિયો;
સૂરજ શશિને ઢાંકિયા, એવો કોપ તે કરિયો. ૩
પણ તું વિચારી જો, પાપિયા! વ્યર્થ તારી વડાઇ;
શરીર ધરીને શું કર્યું, ભલું કામ તેં ભાઇ ! ૪
વિશ્વમાં કોણ વખાણસે, તારી કીર્તિની કહાણી ?
ઇચ્છે તને કોણ આવતો, કોઇ પૃથ્વીમાં પ્રાણી. ૫
દૃષ્ટિએ તુજને દેખીને, જુલમી ઘણો જાણે;
જાય ક્યારે નજરે થકી, એવું અંતરે આણે. ૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મોટાઇનું અભિમાન તું, હૃદયે શીદ રાખે ?
દૈવત નથી તુજ દેહમાં, જાણ્યું છે જગ આખે. ૭
ધૂળ ધરી સૌની આંખમાં, વડું વડપણુ લીધું;
એમાં તે તેં અતિ એવડું, શું પરાક્રમ કીધું. ૮
તુજ જેવા કંઇક ઉડી ગયા, નથી ઠામ ઠેકાણું;
તારી વલે તેવી થશે, જોતાં જોતાં હું જાણું. ૯
વડલા વડો છે વિશ્વમાં સૌને આશ્રય આપે;
વડપણુ તે તેનું વડું, કષ્ઠ પારકાં કાપે. ૧૦
અલ્પ આવરદા ભોગવી, ચટ જઈશ તું ચાલ્યો;
ફોકટ બહુ ફુલીશ માં ઠાઠ દખીને ઠાલો. ૧૧
સુણુ ભાઇ, પવનને શું કહું ! તને વેગે વધાર્યો;
પાત્ર કુપાત્રનો ભેદ કંઇ, વાયુએ ન વિચાર્યો. ૧૨
જુલમી જનને જાણવા, કવિતા આ તો કીધી;
દલપતરામે દીલથી, શિખામણ શુભ દીધી. ૧૩

---

## ગરબી ૩૦ મી.

## નાની નદીની ગરબી.

“ એ વાંસલડી, વેરણ થઇ લાગી તું વ્રજની નારને. ” રાગ.

એ છોટિ નદી, છત પામીને તું કેમ છલકાઇ ગઇ;
મદમાં માતી, ઉન્મત હાથીની સમ ઉન્મત તું થઇ—ટેક૦
પરિતાપ તણા દિન તું ભૂલી, દોલત દેખી ફોકટ ફુલી;
તારા ડાંપણની હુંડી ડૂબી. એ છોટિ૦ ૧
પાડોશીને પીડા દીધી, હદ તેની દબાવી તેં લીધી;
મરજાદા છેક છોડી દીધી. એ છોટિ૦ ૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેં પ્રાઢ ઘણાં તરુવર પાડયાં, ઉંડાં મુળ તેનાં ઉખાડયાં,
દેશપાર કંઇકને પહોંચાડયાં; ઓ છોટિ૰ ૩
દીસે તારું અંતર નાનું, છલકાઈ ગયું ન રહ્યું છાનું,
પડયું પાપે તુજ સાથે પાનું; ઓ છોટિ૰ ૪
તારું જીવન જો ઉંડુ દીસે, નિર્મળતા ગઈ તે ગુણ નરસે,
તારો કોઇ વિશ્વાસ નહી કરશે; ઓ છોટિ૰ ૫
મોટા મન ઉન્મત થાય નહી, જો સાગર કદિ છલકાય નહિ,
મરજાદ તજીને જાય નહી, ઓ છોટિ૰ ૬
આ ચોમાસું ચાલ્યું જાશે, સ્થિતિ હતી તેવી તારી થાશે,
તું દેહે દુર્બળ દેખાશે; ઓ છોટિ૰ ૭
તારું જીવન જે શીતળ કરતાં, તે તરુવર તુજને સાંભરતાં,
સંતોષ થશે તને સંચરતાં; ઓ છોટિ૰ ૮
જેવું ચોળતણા રંગનું ચટકું, તેવું જર જોબનનું લટકું;
કદી કોઇનું કયાંઇ અચળ ન ટકયું; ઓ છોટિ૰ ૯
આ જીવન તારું વહી જશે, તારા જૂલમની વાતો થાશે,
બહુ કાળ કહેણી કહેવાશે; ઓ છોટિ૰ ૧૦
તું રાખ હ્રદે ગંભીરપણું, ઘટમાં અભિમાન ન લાવે ઘણું,
તારું ભલું થવા બે બોલ ભણું; ઓ છોટિ૰ ૧૧
તને આ જગત જુલમા કહે છે, અપકીર્તિ તારી ઉપજેછે,
તને દલપત શિખામણ દે છે. ઓ છોટિ૰ ૧૨

---

## ગરબી ૩૧ મી.

### ફોકટ ફુલવા વિષે.

રાગ ઉપર પ્રમાણે.

જે ફૂલણુજી, ફોકટ ફૂલ કરે, પણ ફળ તેમાં નહી;
રુડા જન તો ફૂલ કર્યાં વિણ પર ઉપકાર કરે સહી. ટેક૰

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જુઓ છો આ છોડ અનાજ તણા,
મોટા ફૂલથી ન ફુલાય ઘણા,
નથિ પર ઉપકારની કાંઈ મણા; જે ફૂલણુજી. ૧
જુઓ શિમળો તો બહુ ફૂલિ વળે,
માંહિ સુગંધ કે નહિ સ્વાદ મળે,
અંતે પણ મીઠાં ફળ ન મળે; જે ફૂલણુજી. ૨
જુઓ આવળ પણ દીસે એવી, જોતાં ફુલ સુવર્ણના જેવી,
કહો ફળ દેવામાં છે કેવી? જે ફૂલણુજી. ૩
જુઓ કદળી કેવો ગુણ લે છે? ફુલ્યા વિણુ મીઠાં ફળ દે છે,
અતિ ઉત્તમ તો રીતિ એ છે; જે ફૂલણુજી. ૪
પોયણિ સુખ બહુ ફૂલે પહેલાં, પણ તેનાં ફળ તો ઘીતેલાં,
નહિ ફૂલ પ્રમાણે ફળ છેલ્લાં; જે ફૂલણુજી. ૫
+બદરી સાધારણ ફળ દે છે, પણ દેતાં કંટક મારે છે;
ક્યાં ઉત્તમ પંક્તિમાં એ છે? જે ફૂલણુજી. ૬
જાંબુડો ફળ દેતો ભાળું, પણ મૂખ કરાવે છે કાળું,
નહિ ફળ એ અતિશે રસવાળું; જે ફૂલણુજી. ૭
નેતરના ન્યારા ધારા છે, નહિ ફૂલ કે ફળ દેનારા છે,
એવા પણ કંઇક બિચારા છે; જે ફૂલણુજી. ૮
આખર તો ખૂબ ફુલ્યો ભાસે, દેખી શોભા દિલ લોભાશે,
પણ અંતે કડવાં ફળ* થાશે; જે ફૂલણુજી. ૯
ધોળાં ફૂલ ધતૂરો ધરશે, દુરથી જોતાં સારાં દરશે,
પણ ફળ આગ્રાં ઝેરી ઝરશે; જે ફૂલણુજી. ૧૦
વળિ ફળ આ જો ઇંદરવરણાં અતિ સુંદર શોભે મનહરણાં,
પણ મિઠાશ કશિયે નહિ કરણાં; જે ફૂલણુજી ૧૧
ગુણ જુદા જુદા ઠામો ઠામે, જનમાં પણ એજ રીતે જામે,
દીઠા નજરે દલપતરામે. જે ફૂલણુજી. ૧૨

---

+બદરી=બોરડી *પિત્તપાપડો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ગરબી ૩૨ મી.

### અદેખા જવાસાની ગરબી.

" આણાં નાવ્યાંરે મોરાર, "—એ રાગ.

ગગન વિષે ધનરાય ચડયો ને, ગડગડિયાં નિશાન;
સવ તરુઓ સુખી થયાં જે, દીધું જીવનદાન.
જવાસા તું શિદ બાળે જીવ? ૧
ગમાર તેં જાણ્યું કયમ ગાજે, મુજ શિર ઉપર મેહ?
એથી અદેખાઇ તુજને આવી, દાઝયો તારો દેહ, જવાસા૦ ૨
એનો આ અવસરે તે ધાર્યો, પરમેશ્વર પ્રતાપ;
તારો તો કાંઇ તોલ વદયો નહિ, તે તો તારાં પાપ; જવાસા૦ ૩
તારાથી કંઇ તેના જશને ઢાંકયો નહી ઢંકાય;
ઈર્ષાથી ઉલટી હલકાઇ, દુનિયામાં દેખાય, જવાસા૦ ૫
લોકે તુજને કળી લીધો જે, મજબૂત નહિ તુજ મૂળ;
વણ કારણ વરસાદ થકી તું, પંડ થયો પ્રતિકૂળ, જવાસા૦ ૫
તુજ સરખા જે ક્રોડ અદેખા, એની કરે અદેખાઇ;
તોપણ તે મનમાં નથિ ધરતો, એની એજ વડાઇ, જવાસા૦ ૬
તારું પણ તે તો ભલું ઇચ્છે, મોટું રાખી મન;
તું બળિબળિ શા માટે મરેછે? જોઇજોઇ હસશે જંન, જવાસા૦ ૭
ધન દેખીને હરખ ઘણાને, પ્રગટયો પૂરો પેખ;
તું નવ હરખ્યો તેથી તેને, દરદ થયું શું દેખ? જવાસા૦ ૮
સમજણ હોય તો તું સમજીને, હૃદયે શાંતિ રાખ;
આટલી બધી અદેખાઈ તું નિશ્ચે કાઢી નાખ, જવાસા૦ ૯
મનમાં જાણે છે હું મોટો, પણ બીજાને પૂછ;
બાવળ બોરડીઓ બહુઅહિં છે, તું તેથી પણ તુચ્છ, જવાસા૦ ૧૦
તુજ સરખા બહુ થયા, થશે વળિ કાંટાવાળા છોડ;
એને આદર સૌ આપે છે, તું નહિ તેની જોડ, જવાસા૦ ૧૧
મારી શિખામણ જો માને તો, તજ તારી આ ટેવ;
રહે અદેખાઇથી નહિ રાજી, દલપત કેરો દેવ. જવાસા૦ ૧૨

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aradhak Trust

## ગરબી ૩૩ મી.

### બેગરજુ કેશવાની ગરબી.

"ઓધવજી સંદેશો કહેજો શામને."—એ રાગ.

"કોઇની ગરજ નથી" એમ કહેતો કેશવો,
કને હતા રૂપૈયા કોટી ચારજો;
હીરા ખરીદ કરીને કીધો હારડો,
હમેશ હૈડાપર રાખે તે હારજો. કોઇની૦ ૧
વર્ષે હીરો એક વટાવી વાવરે,
કરે ન કોઇનો કોઇ સમે વિશ્વાસ જો;
અતિશે સૌ માણસથી તે અતડો રહે,
પાંચ દિવસ પણ કોઈ રહે નહિ પાસજો. કોઇની૦ ૨
સગાં કુટુંબી સૌ સાથે લડતો ફરે,
પાડોશી સાથે પણ પૂરું વેરજો;
ગમે નહી કોઈનું સુખ જોતું ગામમાં,
આણું કીધું જન સૌ સાથે ઝેરજો. કોઇથી૦ ૩
અંદર કાંઠે જઇ બંધાવ્યો બંગલો,
વસ્તી તજીને ત્યાં જઇ કીધો વાસજો;
ગરીબ લોકો ગરજે જઇ ચાકરી કરે,
કોઇનો પાડ ન માને કેશવદાસજો. કોઇની૦ ૪
'પૈસા દઇને લઇએ તેમાં પાડ શો?'
બહુ ગરવ ધરી બોલે એવા બોલજો;
ખાય પીએ ને મોજ કરે મનમાનતી,
તલભારે પણ કોઇનો ન ગણે તોલજો કોઇની૦ ૫
હોડીમાં બેશીને હવા ખાવા ગયો,
ત્યાં તોફાન થયું મોટું તે વારજો;
ઉજડ બેટ હતો દરિયામાં એક જ્યાં,
હોડી જઇ પહોંચી ત્યાં ગાઉ હજારજો. કોઇની૦ ૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉતરીને ચાલ્યો તે વનમાં એકલો,
ભુલો પડયો તે ફરી ન આવ્યો ભાઇજો;
ઊજડ ઝાડીમાં અતિશે આથડયો,
ખેદ કરીને જીવ્યો ફળ ફુલ ખાઇજો.        કોઇની૦ ૭

ભક્ષ મળે નહિ ત્યારે તે ભૂખ્યો રહે,
હરેક વાતે ખુબ થયો હેરાનજો;
વસ્ત્ર હતાં તે પણ ફાટી તૂટી ગયાં,
સમજયો મર્મ અને સૌ આવી સાનજો.        કોઇની૦ ૮

હાર હતો હીરાનો તે શા કામનો ?
ઉચર્યો ઉંચે અવલોકી આકાશ જો,
" ઓ પ્રભુ ! સૌની ગરજ પડે સંસારમાં,
કડિયા વણ કોણ કરિ આપે આવાસજો;        કોઇની૦ ૯

વાસણ કોણ કરી આપે માટી તણાં,
જો કર્ત્તા કર્યો ન હોત કુંભારજો ?
વસ્ત્ર વગર આ વિશ્વ વિષે વેલા પડે,
જો ન જડે કોઇ વસ્ત્ર તણો વણનારજો.        કોઇની૦ ૧૦

ખેતી કોણ કરી જાણે ખેડુ વિના ?
હોય ખજાનો પણ નાણું ન ખવાય જો;
કંસારા વિણ કોણ ઘડે વાસણ ઘણાં ?
ઘાંચી વિના ન ઘરમાં દીવો થાય જો.        કોઇની૦ ૧૧

વસ્તી પામું તો હું આખા વિશ્વનો,
દિનદિન પ્રત્યે રહું થઇને દાસ જો;
હળી મળીને ચાલું ઝાઝા હેતથી,
વસ્તીમાં જઇ વસું કરી નિવાસજો.        કોઇની૦ ૧૨

જેની છત તે ભાસે સોંઘા ભાવનું,
પાણીનો જેમ પાડ ન પૂછે લોકજો;

P.P. Ac. Gunratnasuri M.S.        Jin Gun Aaradhak Trust

પણ જયારે પાણી પીવાને નવ મળે,
ટાંક તણો આપે રૂપૈઓ રોકળે. કોઈની० १३
ગરજ પડે છે ગરીબની, શ્રીમંતની,
બેગરજું જન દુઃખ પામે બહુ ઠામ જો;
એ માટે અભિમાન ન ધરવું અંતરે,
દિલમાં એમ સમજો છે દલપતરામજો." કોઇની० १४

---

## ગરબી ૩૪ મી.

## વચન વિવેક વિષે.

"સોનાનાં બોર, ઝુલે નંદકિશોર, પ્યારાને પારણે સોનાનાં
બોર."—એ રાગ.

કરિયે ઉચ્ચાર, ચિત્તકરી વિચાર, કાનને કઠોર કરિયે ઉચ્ચાર ? ટેક.
વચન થકી જશ પામે જગતમાં, વચન થકી પામે ભુંડાઇનો ભાર. १
વશીકરણની છે વિદ્યા વચનમાં, બોલી જાણે તેની તો બલિહાર;
સારા વચન સુણી લાગે સાકરિયાં, વાંકા વચન વિખની છે વખાર. २
વચન થકી માન મળે મનુષ્યમાં, વચન થકી ખાય મુરખ માર;
વચન વડે વેર વડાં વસાય છે, વચન વડે સ્નેહ રાખે સંસાર. ३
શીખ્યો બધું પણ બોલતાં ન શીખ્યો, તેના શીખ્યાપર છવાઇ છાર;
વચન ઊચરતાં ન આવડે જેને, લાયકી તેને નવ મળે લગાર. ४
વચન થકી કામ બગડે છે પારકું, વચન થકી થાય પરઉપકાર;
વચન વદી જન નિજ શિર લેછે, હાથે કરીને હરકતો હજાર. ५
વચન થકી છેક છાતી છેદાય છે, કાળજું કાપે જેમ કરેડો કટાર;
કુવચનના ઘાવ કદી ન રૂઝે, સાલે વચન ઉર સાંજ સવાર. ६
દલપતરામ કહે દુનિયામાં, વચન વિવેક શિખો સૌ નરનાર.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ગરબી ૩૫ મી.

### ફુવડ સ્ત્રી વિષે.

" મેં તો પહેલે પાવઠડે પગ મેલ્યો. "–એ રાગ.

સુણો સુણો ફજેતી ફુવડની, ઘણી ઉપમા દઇએ ધુવડની;
ફુવડનું શરીર જો સંભાળો, માંહિ લાખો જુઓ લીખો ભાળો. ૧
જો વસ્ત્ર જુઓ જઇને પાસે, માંહિ અધમણ મેલ ભર્યો ભાસે. ૨
એની જગા જુઓ જે રાંધ્યાની, જાણે કોડ બળદને બાંધ્યાની. ૩
નિત્ય દહાડો પહોર ચડયા પૂંઠે, આંખો ચોળતી ચોળતી ઉઠે. ૪
સરડક સરડક છીંકણી સૂંઘે, ખાઇ આખો દહાડો ઉંઘે. ૫
નહિ સ્વાદજ એની રસોઇ વિષે, માંહિ કાંકરિયા ને વાળ દિસે. ૬
જળ વાસણમાં સેવાળ વળે, તે નીર કદી સ્વપ્ને ન ગળે. ૭
વાતે વળગે જયાં ત્યાં વાટે, ઘરમાં કુતરાં ઘંટી ચાટે. ૮
કાંતો કોઇ સાથે બેસે લઢવા, કાંતો રીસાઇને બેસે લડવા. ૯
શિર ચોટલો કેવો શોભાળો ? જાણે શોભે સુગરીનો માળો. ૧૦
હોય મેલ હમેશ પગે હાથે, એને શિદ સરજી જગને નાથે ? ૧૧
નવ ફરીએ ફુવડની સંગે, વળગે અવગુણ આવી અંગે. ૧૨
જેને દીધિ સુઘડતા જગદીશે, ગણજો ઉપકાર અહરનીશે. ૧૩
આ કહ્યાં કથન સમજુ કામે, દીધી શિખામણ દલપતરામે. ૧૪

---

## ગરબી ૩૬ મી.

### કડવું બોલનાર ધુવડની ગરબી.

" હળવાં ડગલાંરે ભરજો, કોઇ ના જાણે એવું કરજો. "—એ રાગ.

કોયલ ઘુડનેરે કહે છે, દિલ તારું કેમ ઉદાસી રહે છે ?
જયાં જઇ તું પગરે થાપે, સૌ જન ત્યાં તુજને સંતાપે. ૧
તું કહે કોઇ નથીરે સારો, તેમાં વાંક દીસે છે તારો;
સૌમાં કોઇ તો રે સારા, નહિ સર્વે લોક નઠારા. ૨

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

કઠોર તારીરે કહેણી, દુનિયાને લાગે દુઃખદેણી;
તેથી તુજનેરે તાડે, જયાં જઇ બેસે ત્યાં ઉડાડે. ૩
પોપટ ઘરમાંરે પાળે, તુજને ભટકાવે જયાં ભાળે;
તેનું કારણરે તે છે, કડવી બોલી તું બોલે છે. ૪
મધુરું વદ તુંરે મુખથી, તો સંસાર વિષે રહે સુખથી;
મેહેણું મટશેરે માથે, સ્નેહ થશે તારે સૌ સાથે. ૫
મોર અપૈયા રે મેના, તું શીખી લે લક્ષણ તેનાં;
પણ તે વસમીરે વાતો, જન્મ સ્વભાવે કદી નથી જાતો. ૬
ભૂતળ જયાં જયાંરે ભમતું, મુખ તારું કોઇને નથી ગમતું;
ધિક! તે કાયારે ધારી, નિંદે તુજને સૌ નરનારી. ૭
ખત્તા જયાં ત્યારે ખાધા, પણ બોલ્યાની કરી બાધા;
પદવી નીચીરે પામ્યો, જયાં ત્યાં તારો અપજશ જામ્યો. ૮
પુરમાં હલકોરે પડિયો, નઠોર સૌની નજરે ચડિયો;
તું કહે એવુંરે કહેણું, " નથી મારે લોક સાથે લેણું. " ૯
તે તો જુઠુંરે તારું, વદવા શીખ્યો વચન નઠારું;
અવગુણ તુજમાંરે એવો, દોષ બીજાને શિર શો દેવો. ૧૦
હજુ સમજે તો રે સારું, વારે વારે શું તુજને વારું;
જો નવ બોલીરે જાણે, તો તું ચુપ થઈ રહે તે ટાણે. ૧૧
માન શિખામણરે મારી, તજ તું કડવી બોલી તારી;
ઠર તું સુખથીરે ઠામે, દિધિ શિખામણ દલપતરામે. ૧૨

---

## ગરબી ૩૭ મી.

### લડાઈખોર મેનાની ગરબી.

" સુણજો સાજનોરે "—એ રાગ.

મેના મદમાતી ને ક્રોધી, વશી શકી નહિ વતનમાંજીરે,
જયાં ત્યાં વેર વિશેષ વધ્યું પછી, વશી પરાયા વનમાં. ૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ર્યાં પણ તેને વનનાં પક્ષી, અતિ લાગ્યાં અકળાવાજીરે;
સગાં કુટુંબીને સંભારી, પછી લાગી પસ્તાવા. ૨
રણ વગડામાં રોવા બેઠી, ધાર્યું તન તજી દેવાજીરે;
દુખિયારી તેને દેખીને, કોયલ લાગી કહેવા. ૩
" સગાં અને પાડોશી સાથે, સદૈવ સંપી વસીએજીરે;
કદીએ અડચણ કાંઇ કરે તો, લડવાને નવ ધસીએ. ૪
પાડોશીની ગરજ પડે છે, જઇ વશીએ જે ઠામેજીરે;
વનમાં એકલું ઝાડ વસે તો, તે પણ પીડા પામે. ૫
પૃથ્વી શશિ ઉપકારી પરસ્પર, પણ છે જોરે જોરેજીરે,
તો કદી તેજ સુરજથી મળતું. એક બીજાનું ઓડે.* ૬
દાંત સમીપે જીભ વસે છે. તો કચરાય કદાપિજીરે,
જુલમી દાંત જણાય ખરા પણ, તજયા ન જાય તથાપિ. ૭
આપણો કર વાગે આપણને, તો શું કરીએ તેનેજીરે ?
સ્વજન વિષે પણ એમજ સમજે, જગતમાં સમજણ જેને. ૮
અગ્નિ જો કદિ અંગ દઝાડે, પણ સંઘરીએ ઘરમાંજીરે;
છરી ને સુડી કર છેદે પણ, પડે પકડવી કરમાં. ૯
ઘંટી તો ઘઘડાટ કરીને. કષ્ટ કરે છે કાનનેજીરે;
કામ કરે પણ કહી સંભળાવે, લાડી લોક બધાને. ૧૦
ખાંડણિયો તો ખૂબ કરે છે, ધમક ધમક ધમકારાજીરે;
અણચાલ્યાથી સહન કરે સૌ, ચિતમાં લોક બિચારા. ૧૧
દિન દિન ખાવા દિવેલ માગે, દીવો દિલનો લોભીજીરે;
પણ તેને કયમ કરી તજાય ? જેથી, સદન+ રહે છે શોભી. ૧૨
અવગુણ સૌમાં હોય અકેકો, જો તે સામું જોઇએજીરે;
દલપતરામ કહે દુનિયામાં, સંપ તથા સુખ ખોઇએ. ૧૩

---

* ખગે સૂર્યગ્રહણ ચંદ્રગ્રહણ થાય છે ત્યારે. + ઘર.

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

## ગરબી ૩૯ મી.

### નિરૂપયોગી ઠીંકરીની ગરબી.

સૈયર શું કરુંરે, મારે નંદકુંવર શું નેહ—એ રાગ.

એક ઘરમાં હતીરે, ઘરધણિયાણી શાણી એક;
ઠાલી ઠીંકરીરે, ત્યાં જઇ બોલી બોલ અનેક. ૧
"બાઇ તુજ વાસમાંરે, મુજને વસવાને દે માગ;
વસ્તુ વિશેષ છે રે, તેમ હું રહીશ જોઇને લાગ." ૨
બોલી બાઇ તેરે, "ઠીંકરી રીઝ ગમે તો ખીજ;
મુજ મંદિર વિષેરે, નથી નકામી કોઇએ ચીજ. ૩
જો જળપાત્ર છે રે, પાણી તે તો મુજને પાય;
ચતુર ચુલો જુઓરે, ખાંતે રાંધી રોજ ખવાય. ૪
ઘંટી તો ઘણુંરે, દળિ આપે છે દાણા રોજ;
ડામચિયો દિસેરે, બાઈ તે ઉપાડે છે બોજ. ૫
સાવરણી સદારે, કચરો ઘરનો કાઢે દૂર;
સુપડું તો સખીરે, મારા ઘરનો એક મજૂર. ૬
ચતુર ચાલણીરે, ચાળી આપે આટો એજ;
નથી નકામાંરે, માંચો* માંચી ખુરશી મેજ. ૭
કાંટો કાટલાંરે, તે તો કરી આપે છે તોલ;
કોણ નકામનુંરે ? બાઇ તું વિચારી બોલ. ૮
મુજ ઘરમાં રહીરે, તું શું કરીશ મારું કામ ?
કોઇને કેમ ગમેરે, ઠાલો રોકી બેસે ઠામ ? ૯
ભૂંડી ભિખારણીરે, ઉલટી અડચણ કરે અપાર;
નફટ નકામનીરે, તારો ઉકરડે અધિકાર. ૧૦
કામ નહીં કરેરે, એનો જગમાં ધિક અવતાર !
ઠાલો થઇ પડેરે, ભૂમિને શિર તેનો ભાર. ૧૧

* ખાટલો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જેને જેટલુંરે, સોંપ્યું જગકર્તાએ કામ;
તેણે તેટલુંરે, કરવું જોઇએ કામ તમામ. ૧૨
ઉંઘણ્યું આળસુરે, જે છે તે અપરાધી જાણ;
પ્રભુનો ચોર છે રે, પૂરો પાપી એજ પ્રમાણ. ૧૩
સર્વે સૈયરો રે, અંતર સમજી લેજો આમ;
દિલમાં દાખજોરે, શિખામણ દલપતરામ. ૧૪

## ગરબી ૩૯ મી.

### એરંડીની ગરબી.

"એ વાંસલડી, વેરણ થઇ લાગી તું વ્રજની નારને."–રાગ.
એ એરંડી, ઉત્તમ સંગે તેં ઉત્તમ ગુણ નવ ધર્યા;
રહી શેલડીમાં, શેલડી સરખા, ગુણ સંપાદન નવ કર્યા. ટેક.
જે વાડીમાં શેલડી વાવી, તુજને પણ તે સ્થળ રોપાવી,
તોપણ તું ઉપજી કેમ આવી ? એ એરંડી. ૧
તું ઉછરી શેલડીની સંગે, પણ રંગાણી જૂદે રંગે,
ઉપજ્યો નહિ મીઠો રસ અંગે; એ એરંડી. ૨
તમે એક કુવે પાણી પીધું, બેનું રક્ષણ સરખું કીધું,
નથી વિશેષ તેને કાંઇ દીધું; એ એરંડી. ૩
તને અવલોકીને આજ ઘડી, એક કહેવત મારે ચિત્ત ચડી,
તારી જાત વિના નવ ભાત પડી; એ એરંડી. ૪
સૌ જગત વદે છે જે વાણી, તે જરૂર મેં સાચી જાણી,
ઠરી તું દાસી તે ઠકરાણી; એ એરંડી. ૫
તું ને તે તારી બહેનપણી, જૂદી જૂદી આલાદ તણી,
માટે જણાય જૂદી રીત ઘણી; એ એરંડી. ૬
શેલડી સૌને લાગે સારી, એને મળવા ઇચ્છે નરનારી,
તેની આગળ શી કીર્તિ તારી ? એ એરંડી. ૭

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

શેલડીનાં સંતાનો સારાં, લોકોને બહુ લાગે પ્યારાં,
જે ખોળ દિવેલ દીસે તારાં, ઓ એરંડી. ८
થઇ શેલડીના સરખી મોટી, પણ તે તારી મોટાઇ ખોટી,
જે છે તુજમાં કીમત છોટી; ઓ એરંડી. ९
સજે યુક્તિ તને સમજાવાની, ખુબ ચીજો આપે ખાવાની.
પણ તું તેવી નથી થાવાની; ઓ એરંડી. १०
શિખામણ તુજને શી દઇએ? જીભે કહી કહી થાકી જઇએ,
નહિ હિતની વાત ધરે હૈયે; ઓ એરંડી, ११
તારે શેલડી સરખો સંગ થયો, પણ કુળનો ગુણ તારો ન ગયો,
તારો તેનો તેજ સ્વભાવ રહ્યો; ઓ એરંડી. १२
ગાઇ ગરબી એરંડી નામે, પણ અર્થ જુદો છે પરિણામે,
દીધી શિખામણ દલપતરામે; ઓ એરંડી. १३

---

## ગરબી ४० મી.

### અદબ.

" બહુચર ભલે આવીયાં. "—એ રાગ.*

સુણો સમજુ સકળ નરનારીઓ,
વધે માણસમાં જેમ માપ, અદબ શીખો એટલી.
સારી અદબ જો રાખવા શીખશો;
થશો ઉત્તમ પંક્તિનાં આપ. અદબ શીખો० १
સારું મનુષ્ય આવે ઘેર આપણે;
" આવોજી ! " કહી કરીએ સલામ. અદબ શીખો० २
ઊભાં થઇને આદરમાન આપીએ;
પછી પૂછીએ હોય જે કામ. અદબ શીખો० ३

---

* આ રાગ લાંબા સ્વરથી ધોળમાં ગવાય છે અને ટુંકા સ્વરથી ગરબીમાં ગવાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કાંઈ કારણે પરઘેર જો જાઓ;
ઊભાં રહેજો જઈ ઘર બહાર,　　અદબ શીખો૦
રજા માગી પછી ઘરમાં પેસજો;
રહેજો મન દેખો તેટલી વાર,　　અદબ શીખો૦ ૩
છાની વાત કરે જયાં માણસ મળી;
વણ તેડયાં ન જઇએ ત્યાંય,　　અદબ શીખો૦
વણ બોલાવ્યાં વચમાં ન બોલીએ;
કડવું કથન ન કાઢીએ કાંય,　　અદબ શીખો૦ ૪
વાંસો ઉદર ઉઘાડાં ન રાખીએ;
ઉંચે ઘાંટે ન કરિયે ઉચ્ચાર,　　અદબે શીખો૦
છેડો વસ્ત્રના મુખ આડો રાખીએ;
આવે બગાસું કે ઓડકાર,　　અદબ શીખો૦ ૫
સભામાં બહુ સંભાળી બેસીએ,
જેવો આપણો હોય અધિકાર.　　અદબ શીખો૦
મોટા જનને ઉઠી માગ આપીએ,
નીતિશાસ્ત્રના એ છે આધાર.　　અદબ શીખો૦ ૬
કોઇ ધનના, વિદ્યાના, કે અમલના;
અધિકારથી મોટા મનાય,　　અદબ શીખો૦
તેની માન મરજાદા ન તોડીએ;
તોડયે જરૂર બેઅદબી જણાય,　　અદબ શીખો૦ ૭
પૂછે મત ના પોતે મત આપીએ;
અતિ આગ્રહમાં નથી સ્વાદ,　　અદબ શીખો૦
માને નહિ તો ત્યાં ચુપ રહી બેશીએ;
વડા સાથે ન વદિયે વિવાદ,　　અદબ શીખો૦ ૮
કોઇના કરમાંથી ચીઠી કે ચોપડી;
ખેંચી લઇએ ન વાંચવા કામ,　　અદબ શીખો૦
લેવી હોય તો માગીને લીજીએ,
આપે તો લઇ કરિયે સલામ,　　અદબ શીખો૦ ૯

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

કોઇને તુંકારે કદિ ન બોલાવીએ;
હોય દીન કે ઘર કેરો દાસ, અદબ શીખો૦
ઘરમાં નાનાં મોટાં સઉ માણુસે;
એમ કરવો અદબનો અભ્યાસ, અદબ શીખો૦ ૧૦
"ફરમાવો" "બિરાજો." "ભોજન કરો"
એવા અદબના શબ્દ અનેક, અદબ શીખો૦
સારા માણુસે તે શીખી રાખવી;
વળી શીખવો વચન વિવેક, અદબ શીખો૦ ૧૧
હસીએ નહિ ખડખડતે મુખે;
કોઇ સાથે ન લડિયે લડાઇ, અદબ શીખો૦
કોઇ કડવાં વચન કહે ક્રોધથી;
સુણી ચુપ રહીએ શરમાઇ, અદબ શીખો૦ ૧૨
મર્મ વચનનાં બાણુ જે મારવાં;
કહીયે નાદાન જનનું તે કામ, અદબ શીખો૦
ક્ષમા રાખે તે તો મોટું માનવી;
તેને લોક વખાણે તમામ, અદબ શીખો૦ ૧૩
હોય અદબ તો ઉત્તમ જાતમાં;
હલકી જાતમાં અદબ ન હોય, અદબ શીખો૦
જેના ઘરમાં અદબ દલપત કહે;
સૌથી સુખિયાં તે માણુસ સોય. અદબ શીખો૦ ૧૪

---

## ગરબી ૪૧ મી.

## રીસામણીના છોડની ગરબી.

"ઓ વાંસલડી વેરણ થઇ લાગી તું વ્રજની નારને."—એ રાગ.

ઓ રીસામણી, રીસ કરી તું સહેજે શીદ રીસાય છે?
તને ગાંડી ગણી, હોંશે હોંશે જન ચીડવવા ચહાય છે. ટેક૦
એ તો ખરેખરી તુજમાં ખામી, તું તેથી મોટાઇ નવ પામી,
ફૂલ ફળથી જોતાં નવ જામી; ઓ રીસામણી૦ ૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તું ચિતમાં ચિડ બહુ લાવે છે, તેથીજ તને ચીડાવે છે,
તું હરઘડી લોક હસાવે છે; આ રીસામણી૦ ૨
બીજી વનસ્પતિ બહુ જો આ તું, તુંજ સરખું કોઈ નથી ચીડાતું,
તને ચીડવવા નથી કોઇ ચહાતું; આ રીસામણી૦ ૩
જો સ્વભાવ તારો તું છોડે, કોઈ ચીડવે નહિ કોડે કોડે,
નથી વેર જનોને તુજ જોડે; આ રીસામણી૦ ૪
તું બહુ રીસવાળી બાઇ છે, તું ભૂતળ ભોળી ગણાઇ છે,
તું અવગુણથી ઓળખાઇ છે; આ રીસામણી૦ ૫
તું જાણે લોક નઠારા છે, પણ વાંક બધા તે તારા છે,
તું સારી તો સૌ સારા છે; આ રીસામણી૦ ૬
તું રુડી વાડીમાં રહે છે, પણ લક્ષણ રુડાં ક્યાં લે છે ?
તને દલપત શિખામણ દે છે. આ રીસામણી૦ ૭

---

## ગરબી ૪૨ મી.

### હઠીલા મંકોડાની ગરબી.

રાગ ઉપર પ્રમાણે.

ઓ મંકોડા, હઠ લેવાનો હેવા તેં ક્યમ નવ તજ્યો ?
પીડા પામ્યો, તોપણ તેં નિજ સ્વભાવ સારો નવ સજ્યો. ટેક૦
તેં લુગડાંને બચકું લીધું, મૂકાવા જતન જેને કીધું,
પણ તેં નહિ તે મુકી દીધું; આ મંકોડા૦ ૧
તને હાથ લગાડી હડશેલ્યો, વળિ ઠોકર મારીને ઠેલ્યો,
તેં સ્વભાવ તારો નવ મેલ્યો; આ મંકોડા૦ ૨
તને જરુર હઠીલો બહુ જાણ્યો, પછી પાછળ પકડીને તાણ્યો;
એમ અંત તરત તારો આણ્યો; આ મંકોડા૦ ૩
ત્યાં તારી કેડ ગઇ તૂટી, બધી આવરદા તારી ખૂટી,
પણ છેક ન હઠીલાઇ છૂટી; આ મંકોડા૦ ૪

P. P. Ac. Gunratnasuri M.S.        Jin Gun Aaradhak Trust

તેં સ્વારથ કાંઈએ નવ સાર્યો, કહે સ્વાદ એમાં તેં શો ધાર્યો ?
વણ મોતે વ્યર્થ મયો માર્યો; ઓ મંકોડા૦ ૫
જગમાં હઠીલા જે તુજ જેવા, સંકટમાં આવી પડે એવા,
ન તજે હઠીલાઇ તણો હેવા; ઓ મંકોડા૦ ૬
કટિ તુટે છુટે પ્રાણ ભલે, સમજાવ્યો સમજણ લેશ ન લે,
વળતી નીપજે એવીજ વલે; ઓ મંકોડા૦ ૭
જે ઘોડું હરઘડી હઠ પકડે, તેને ચાબુકનો બહુ માર પડે,
હઠ ન કરે તો કોઇ ન નડે; ઓ મંકોડા૦ ૮
હઠીલાની હઠીલાઇ ન ટળે, કદી પાંશરી વાટે તે ન વળે,
એની ઉંહનું ઓસડ ન મળે; ઓ મંકોડા૦ ૯
જુઓ મુરખ કેરો મંકોડો, તેને તાણી ખેંચીને તોડયો,
પણ મમત મનનો નહિ છોડયો; ઓ મંકોડા૦ ૧૦
જેની ઉત્તમ જાત જણાય સહી, તેતો હઠીલાઈ પકડેજ નહીં,
હલકી જાતે હઠીલાઇ રહી; ઓ મંકોડા૦ ૧૧
આ જગમાં હઠીલાઇ જન જેછે, તે સમજણ સમજી ક્યાં લેછે,
દલપત તો શિખામણ દે છે. ઓ મંકોડા૦ ૧૨

---

## ગરબી ૪૩ મી.

### સંપ વિષે.

" ચાલો સૈયરો જઇએ જમના કાંઠડેરે. "—એ રાગ.

સંપ જંપીને સર્વે સુખમાં વસોરે;
સાચું જાણો સંપ થકી સુખ થાયરે;
કુસંપમાં તો કષ્ટ અને કંકાસ છેરે,
કુસંપથી જર જશ ને શોભા જાયરે. સંપો૦ ૧
જનજાતીનું જીવતર થોડું જગતમાંરે,
વહી જાતાં તેને નહિ લાગે વારરે;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગયા પછી સાંભરશે ને દુઃખ સાલશેરે,
માટે ચેતી ચિત્ત કરો વિચારરે.　　　　સંપી૦ ૨
નદી ઉતરવા બેઠા બહુ જન નાવમાંરે,
એ માણસને અધ ઘડીના મેળાપરે;
પાર ઉતરીને કોઇ કયાંઇ કોઇ કયાં જશેરે,
લડી લડી શીદ પલ્લે બાંધે પાપરે !　　　　સંપી૦ ૩
નક્કી પછી કોઇ કોઇનું મુખ જોવું નથીરે,
સાખાશી પામો રાખીને સ્નેહરે;
"ભલો ! ભલો !" કહી સંભારે સૌ ભાવથીરે,
જશ ઉચ્ચારે જીભે જગમાં જેહરે.　　　　સંપી૦ ૪
પંખીના મેળાની પેઠે સૌ મળ્યાંરે,
જોતાં જોતાં જુદાં ઉડી જાયરે;
કુટુંબી ને પાડોશી તે રીતે મળ્યાંરે,
કડવું કહિને શીદને શત્રુ થાયરે ?　　　　સંપી૦ ૫
પડયું રહેશે પાછળ પૃથ્વી ઉપરરે,
વાડી ગાડી વાસણ ને ઘરબારરે;
સાથે નહિ આવે એક સળીએ ઘાસનીરે,
તો શિદને જુદી કરિયે તકરાર ?　　　　સંપી૦ ૬
કઠણ વચન કોઇ કહે તો સુણીને સાંખીએરે,
તો પાછળથી પંડે તે પસ્તાયરે;
વિશેષ નહિ તે લાંબી વાત વધી પડે રે,
અળગો પડી જેમ અંગારો ઓલવાયરે.　　　　સંપી૦ ૭
દારને જયાં સૂધી ન અડકે દેવતારે,
ભડકો થઇને કરે નહિ ભભકારરે;
સ્વભાવ શીતળ જળના સરખો રાખીએરે,
સુખ ઉપજે ને સ્નેહ કરે સંસારરે.　　　　સંપી૦ ૮

P. P. Ac. Gunratnasuri M.S.　　　　Jin Gun Aaradhak Trust

સંપ થકી રીઝે છે સૃષ્ટિનો ધણીરે,
કુસંપ દેખી પ્રભુ કરે છે કોપરે;
જેના ઘરમાં કુસંપ પેસે કારમોરે,
તેને ઘેરથી લક્ષ્મી થાય અલોપરે. સંપી૦ ૯
સુખ દુઃખ વેઠી સંપ સદા જો સાચવોરે,
સર્વ મનોરથ થશે તમારા સિદ્ધરે;
ખારું જળ તે દૂધ થએલું દેખશોરે,
સંપ થકી નિશ્ચે મળશે નવનીધરે. સંપી૦ ૧૦
કુટુંબમાં જો ફુટ પડે કોઇ સમેરે,
ક્લેશ વધારી શત્રુ જમાવે કાંપરે;
પથ્થરમાં જેમ ફાટ પડેલી જોઇનેરે,
નિર્બળ છે પણ વચમાં ઉગે લાંપરે.* સંપી૦ ૧૧
કિલ્લામાં જો લગાર ફાટ પડે કહીંરે,
વડ કે પીંપળા વચમાં ઉગે આડરે;
ધીમે ધીમે ઉંડાં મૂળ ધરે તહીંરે,
વળતી કરે તે કિલ્લાનો વણસાડરે. સંપી૦ ૧૨
જોરાવરનું વતન દબાવી ન વસેરે,
જુગતી જો જો એવી ઠામો ઠામરે;
મનાય તો સાચું આ મનમાં માનજોરે,
કહે છે શિખામણ શુભ દલપતરામરે. સંપી ૧૩

## ગરબી ૪૪ મી.

### શારી શિખામણનો ગરબો.

"મૈયા ધનુષધારીનું ધ્યાન ધરો જો," એ રાગ.

બાઇઓ સારી શિખામણ સાંભળજો, કદી ન કરો કુસંગ સંગજો;
મહા સતીના મનમાં ભળોજો, રુડો રાખો નીતિનો રંગજો. ૧

* લાંપડું=એક જાતનું ઘાસ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સદા સમજીને મન સ્વચ્છ રાખીએજે, સ્વચ્છ રાખો પોતાનું શરીરજે;
ભગવત નામ મુખે ભાખીએજે, તરી પામીએ ભવજળ તીરજે. ૨
લંઠ લુંટવાનો લોભ નવ લાવીએજે, સદા સજીએ સુશીલ સંતોષજે;
નિજ ઘર એમ નભાવીએજે, રિદ્ધ કારણ ન રાખીએ રોષજે. ૩
સંપ સારમાં સાર સંસારમાંજે, સંપમાં છે સકળ સુખવાસજે;
નહિ સંપ જયાં નર નારમાંજે, ત્યાં તો ત્રાહ્ય ત્રાહ્યનો હોય ત્રાસજે.૪
સૌથી હળી મળીને હેત રાખીએ જે, કદી કડવા ન બોલિયે બોલજે;
દુઃખ પરઘેર નવ દાખીએજે, જેમાંથી તૂટે પોતાનો તોલજે. ૫
પ્રેમે પતિવ્રતાવ્રત પાળીએજે, પરનરશું ન રાખીએ પ્રીતજે;
ટાપટીપની ટેવ ટાળીએજે, રુડી રાખીએ સાદી રીતજે. ૬
બહુ પરઘર જઈ નવ બેસીએ જે, કોડે કરીએ પોતાનું કામજે;
પાપ મારગે નવ પેશીએજે, જેથી દરીએ નરકને ઠામજે. ૭
પોતે ભણીએ બીજીને ભણાવીએજે, સૌને દઇએ શિખામણ સારજે;
હોય દુર્ગુણ તેહ હણાવીએજે, જેથી રીઝે જગકર્ત્તારજે. ૮
વળી વિદ્યાની ચોપડી વાંચીએજે, જેથી વાધે વિવેક વિશાળજે;
મૂરખ બાઇ બેસી માંચીએજે, ગપ મારી ગુમાવે કાળજે. ૯
બોધ લાગે બાળાને સ્રીબોધથીજે, એવી વદીએ વિવેકની વાતજે;
કહીએ ન કોઇને ક્રોધથીજે, સજે શાંતિ સ્વરૂપ સાક્ષાતજે. ૧૦
લેશ લાવો ન આળસ અંગમાંજે, ચાહી રાખો ચંચળતા ચિત્તજે,
અખંડ રહો ઉછરંગમાંજે, હૈયે ઇચ્છો સરવનું હિતજે. ૧૧
દીન દેખી દયા દીલ લાવજોજે, કદી કરશો ન કાળજું કઠોરજે;
માણસોને દુઃખથી મુકાવજોજે, જાતે જેવું તમારું જોરજે. ૧૨
પોતે સુધરીને બીજીને સુધારજોજે, ડાહી થાવા દેજો જ્ઞાન દાનજે;
સદ્ગુણથી શણગારજોજે, પાજો પીજો પ્રીતિરસ પાનજે. ૧૩
સાસુ સસરા તણી સેવા કરોજે, શીષ નામીને માગો અશીષજે;
કરજોડી કહેવું કૃપા કરોજે, એની આશિષે સુખ અહોનિશજે.૧૪

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

ભંગ કરશો ન વેણ ભરથારનું જો, પ્રિય ગણજો જેવો નિજ પ્રાણજો;
સુખ પામશો સંસારનું જો, થશે વિશ્વમાં વિવિધ વખાણજો. ૧૫
વૃદ્ધ સાથે વિવાદ ન કીજીએ જો, મોટા જનની રાખો મરજાદજો;
ખામી બતાવ્યે નવ ખીજીએ જો, પરહરિએ પોતાનો પ્રમાદજો. ૧૬
ગુણ ગાજો હરિના ગીતમાં જો, મોટો સમજી તેનો મહિમાયજો;
ચોંટાડી રાખો ચિત્તમાં જો, જેજો જરિએ ન વીસરી જાયજો. ૧૭
જુઓ આદિત્ય ઇંદુ આકાશમાં જો, તારા મંડળ તણું તેજજો;
દીસે તે કશી ન કચાશમાં જો, એનો ઉત્પન્ન કરનાર એજ જો. ૧૮
જુઓ સાગર શૈલ સરિતા ગણી જો, જુઓ પૃથ્વીના પડનો પ્રભાવ જો;
વાણી વિલાસ રાગ રાગણી જો, એવા બહુએ બનાવ્યા બનાવ જો.૧૯
એણે આપણાં શરીર સજી આપીઆં જો, પ્રતિપાલન કરે છે રુડી પેરજો;
પાડ ન ગણે તે તો પાપીઆં જો, એ તો અજ્ઞાનનું અંધેર જો. ૨૦
નથી અળગો રહ્યો કરી એટલું જો, સ્નેહે લે છે સદૈવ સંભાળજો;
કહો એ તો કામ છે કેટલું જો ? દુઃખ દે છે દીનદયાળજો. ૨૧
એની આજ્ઞા ઉલ્લંઘી આપણે જો, ચુકી ચાલ્યાં સ્વચ્છંદી ચાલજો;
દોષ ન ગયા દીલ કાંપણે જો, કૃપા રાખે છે તોય કૃપાળ જો. ૨૨
માટે ભજીએ તેને ભલી ભાતથી જો, એના જાણી અનેક ઉપકારજો;
પ્રાર્થના કરીએ પ્રભાતથી જો, પાપ કાપી પમાડે પાર જો. ૨૩
પ્રભુ ચિંતા તમારી ચૂરશે જો, મન માન્યું દેશે મહા સુખ જો;
લાખ લાખ અભિલાખ પૂરશે જો, નહિ દેખો દારિદ્ર કે દુઃખ જો. ૨૪
ધન ધાન્ય સન્માન શુભ પામશો જો, વળી વધશે પ્રજા પરિવારજો;
વિઘન વિવિધનાં વામશો જો, અંતે કરશે ઇશ્વર ઉદ્ધાર જો. ૨૫
કોડે કરશો જો ભજન કૃપાળનું જો, તજી તુચ્છ સ્વભાવ તતખેવજો;
સ્વર્ગનું સુખ સદા કાળનું જો, દેશે દલપતરામનો દેવ જો. ૨૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ગરબી ૪૫ મી.
## પંખીઓના સંપની ગરબી.

"મારૂં સોનાનું છે બેડુંરે, છેલ છબીલા છોગાળા"—એ રાગ.

સખી જો આ શોભે સારાંરે, પીંપર ઉપર પંખીડાં;
બહુ ટોળે મળી વસનારાંરે, પીંપર ઉપર પંખીડાં. ૧
કેવાં કલ્લોલ કરે છેરે ! પીંપર ઉપર પંખીડાં;
સ્વર મધુર મધુર ઉચરે છેરે, પીંપર ઉપર પંખીડાં. ૨
પરિપૂર્ણ પરસ્પર પ્રીતેરે, પીંપર ઉપર પંખીડાં,
રહે હળી મળી રુડી રીતેરે, પીંપર ઉપર પંખીડાં. ૩
દીસે છે દિલમાં ડાહ્યાંરે, પીંપર ઉપર પંખીડાં;
ગુણવંત ભલાં ગણાયાંરે, પીંપર ઉપર પંખીડાં. ૪
કેવાં લાયક છે નથી લડતાંરે, પીંપર ઉપર પંખીડાં;
નથી એક બીજાને નડતાંરે, પીંપર ઉપર પંખીડાં. ૫
તેથી પોતે સુખ પામે છેરે, પીંપર ઉપર પંખીડાં;
જુએ તેને હરખ જામે છેરે, પીંપર ઉપર પંખીડાં. ૬
મેં દૂર રહીને દીઠાંરે, પીંપર ઉપર પંખીડાં;
મારા મનમાં લાગ્યાં મીઠાંરે, પીંપર ઉપર પંખીડાં. ૭
છે જોતાં *જનાવર જાતેરે, પીંપર ઉપર પંખીડાં;
પણ સંપી વસે ભલી ભાતેરે; પીંપર ઉપર પંખીડાં. ૮
તેથી લેશ શિખામણ લઇએરે, પીંપર ઉપર પંખીડાં;
એમ હળી મળી સરવે રહીએરે, પીંપર ઉપર પંખીડાં. ૯
ત્રિભુવનનો રાજા રીઝેરે, પીંપર ઉપર પંખીડાં;
પરલોકે પણ સુખ લીજેરે, પીંપર ઉપર પંખીડાં. ૧૦
છતમાં થોડા દિન છઇએરે, પીંપર ઉપર પંખીડાં;
લડીને શિદ અપજશ લઇએરે ? પીંપર ઉપર પંખીડાં. ૧૧
આ કથન કહ્યાં શુભ કામેરે, પીંપર ઉપર પંખીડાં;
દીધી શિખ દલપતરામેરે, પીંપર ઉપર પંખીડાં. ૧૨

---

* માણસથી બીજી હલકી જાતનાં પ્રાણી.


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ગરબી ૪૬ મી.

### શિખામણ ન લાગવા વિષે.

" સુંદરખાઇ ચાલ્યાં સાસરીએ. "–એ રાગ.

જે સુણ્યા પછી નહિ સંભારે,
કાંતો ઘરથી મન નવ ધારે, બહેન, તેને શિખામણ શી દઇએ ?
જેના જીવમાં જોત નહી જાગે, બહુ કહેતાં બોધ ન લાગે, બહેન; ૨
જેનો જાતિસ્વભાવ જુદો જાણો, આશા સુધર્યાની ન આણો, બહેન; ૩
બગલાને હંસ વિષે વાસે, પણ બગલો હંસ ન થાશે, બહેન; ૪
સો મણ સાબુ દેહે દેશું, ગર્ધવની ગાય બને શું ? બહેન; ૫
પથરા પાણીમાં નિત્ય ન્હાયે, પણ ભીતર નવ ભીંજાયે, બહેન; ૬
કાળી કાંબળી જેવી જે ચીજે, તેને રંગ ન બેસે બીજે, બહેન; ૭
જેનું ચાળણી સરખું ચિત દરશે, તે સાર અસાર સંઘરશે, બહેન; ૮
પલળે ચીકણી માટી પહેલી, વળી સુકાય વહેલી વહેલી, બહેન; ૯
જેને દેતાં શિખામણ શિર પાકે, દલપત પણ દેતાં થાકે, બહેન; ૧૦

---

## ગરબી ૪૭ મી.

### કુપાત્ર વિષે.

"આજ એકાદશી ઓચ્છવની"–એ રાગ.

શું કરિએ ? અલગું કરિયે; કહોજી૦
કુપાત્રને શું કરિયે ? ટેક.
જેને સદા વઢવાડજ વહાલી, દેખી તેને દુરથી ડરીએ. કહોજી૦ ૧
કાળજે ઝેર રહે જેને ઝાઝું, એથી તો નાસીને ઉગરીએ. કહોજી૦ ૨
વિષધર સામો મળે જે વાટે, ભડકી પાછાં પગલાં ભરીએ. કહોજી૦ ૩
શરમાય નહિ એવા નિર્લજ સાથે, એક વચન નહિ ઉચરિએ. કહોજી૦ ૪
વાદ એવા જન સાથે જો વદિયે, આપણે એના જેવા ઠરીએ. કહોજી૦ ૫
ક્રોધ ચડે એવાં કથન કહે તોય, ધીરજ અંતરમાં ધરીયે. કહોજી૦ ૬
દિન દિન દ્વેષ વિશેષ જે રાખે, એને ઓછાંએ ન ઉતરીએ. કહોજી૦ ૭
દલપતરામ કહે દુર્જનના, પાડોશરે પણ પરહરીએ. કહોજી૦ ૮

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# भाग ३ जो.

## ઉપદેશ વિષે.

### ગરબી ૪૮ મી.

### નીતિ વિષે.

"ઓધવજી સંદેશો કહેજો શ્યામને."–એ રાગ

પ્રીતી તો રાખો નીતીની રીતમાં, નીતીથી જીતી લેશો સંસાર જો;
નીતીથી ભીતી તો સર્વ ભાંગશે, કરુણા કરશે જગત તણો કરતાર જો. ૧
નીતીથી નરનારી શોભે સર્વથા, સૌથી સારો નીતીનો શણગાર જો;
નરતનુ પામી નીતી જે રાખે નહી, અવની ઉપર ધિક ? એનો અવતાર જો.
નીતીથી ઉપજે નહિ પીડા અંગમાં, દરિદ્રતા સ્વપ્નામાં નવ દેખાય જો;
નીતી અધિક વધારે જગમાં આબરૂ, નાતીધરને કદી ન રહે રાય જો. ૩
નીતી તો નરનારીનું શુભ નાક છે, નકટાં જાણો જે જન નીતીહીન જો;
નીતી વિણુ સદગુણ એકે શોભે નહી, દૂપણુ તેને લાગે છે દિન દિન જો. ૪
કરે અનીતી અધર્મ એતો જાણવો, અનીતિથી પુરણ ઉપજે પાપ જો.
પડે નરકના કુંડે જઇ પરલોકમાં, આ ભવમાં પણુ તને ઉપજે પરિતાપજો,
કપટ કરી જે માલ પચાવે પારકો, કે વદનેથી અસત્ય બોલે વેણુ જો.
આપ સવારથ સાધે જે અન્યાયથી, એનું નામ અનીતિ અતિદુખદેણુ જો,
અયોગ્ય કામ કરે તે પણુ નીતિ નહી, ફૂલણજી થઇ ફોકટ રાખે ફૂલજો.
વ્યાજે લઇને વાદે નાણું વાવરે, પાળે નહી ફરીને વચન કબૂલજો.
અદબ ન રાખે કોઇની અભિમાનથી, બોલે બેશરમી મુખ હલકા બોલજો.
એવાં એવાં કામ અનીતી એજ છે, તે કરનારાનો ન રહે કાંઇ તોલ જો. ૮
પશુ પંખીના પંડ વિષે પણુ પ્રાણુ છે, જન જાતીમાં નીતિ વિશેષે જાણજો;
જે જનમાં નીતીની રીત ન જોઇએ, તે તો પશુ પ્રત્યક્ષ પ્રમાણજો. ૯

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લેવડ દેવડ લાખો ધનની થાય છે, એ સૌને છે નીતીનો આધારજો;
નરનારીમાં જો નીતી નવ હોય તો,વિશ્વ વિષે કાંઇ ચાલે નહિ વ્યવહારજો.
નીતી તો શિર સાટે સાચવિયે સદા, જીવ જતાં પણ નીતિ ન તજીયે લેશજો;
મોંઘા માલ થકી નીતી મોંઘી ઘણી, હેત ધરીને કરિયે જતન હમેશજો.
આ શિખામણ અંતરમાં ઉતારીને, કપટ તજી કરશો નીતીથી કામજો;
સર્વ મનોરથ સફળ થશે સંસારમાં, દિલથી આશીષ દે છે દલપતરામજો.

---

## ગરબી ૪૯ મી.

### વચન વિવેકની ગરબી.

"મારી ઓચરાજીબાઇરે, જવના જવારા વાવિયાજો." એ રાગ.
બોલો બોલો મારી બાઇરે, બંધન ન થાય જેમ બોલતાં જો;
બોલો બોલો મારી બાઇરે, છોડિયાંની પેઠે રખે છોલતાંજો. ૧
બોલો બોલો મારી બાઇરે, બાળકની રીતે નહિ બોલવુંજો;
બોલો બોલો મારી બાઇરે, ખાંતે વચન ખરું બોલવુંજો. ૨
બોલો બોલો મારી બાઇરે, બોલ્યાના દામ બહુ બેસશેજો;
બોલો બોલો મારી બાઇરે, બોલીમાં મૂલ પાઉ પેસશેજો; ૩
બોલો બોલો મારી બાઇરે, બોલી જાણ્યામાં ગુણ બેશ છે જો;
બોલો બોલો મારી બાઇરે, બોલવામાં બુદ્ધિ વિશેષ છે જો; ૪
બોલો બોલો મારી બાઇરે, બોલતો સહાયકારી ખાણ છે જો;
બોલો બોલો મારી બાઇરે, બોલ ખરા સૂખ કેરી ખાણ છે જો. ૫
બોલો બોલો મારી બાઇરે, બીક મટી જાય ઠીક બોલથી જો;
બોલો બોલો મારી બાઇરે, બોલવું તે તાત જાત તોલથી જો. ૬
બોલો બોલો મારી બાઇરે, બોલથી તો જાતભાત જાણીએ જો;
બોલો બોલો મારી બાઇરે, બોલથી વિવેકતા વખાણીએ જો. ૭
બોલો બોલો મારી બાઇરે, બોલવાનો જોગ આજ છે જડયો જો;
બોલો બોલો મારી બાઇરે, બાપતણો બોલ મેલો પડયો જો; ૮

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બોલો બોલો મારી બાઈરે, મ્હેલી પડયું તેવું અભિમાનનુંજો;
બોલો બોલો મારી બાઈરે, ભેળવી ભજન ભગવાનનું જો; ૯
બોલો બોલો મારી બાઈરે, ઉપજે અધિક હેત અંતરે જો;
બોલો બોલો મારી બાઈરે, પાપ ન રહી શકે પટંતરે જો; ૧૦
બોલો બોલો મારી બાઈરે, બોલે છે ઘરાણું રુડાં ઘાટનુંજો.
બોલો બોલો મારી બાઈરે, ભાતું વળી છે ભવવાટનું જો. ૧૧
બોલો બોલો મારી બાઈરે, ઠીક નહિ બોલી બોશો ઠામને જો;
બોલો બોલો મારી બાઈરે, દોષ નહિ દલપતરામને જો. ૧૨

---

## ગરબી ૫૦ મી.

### ક્રોધ વિષે.

"હારે દાણ માગેરે દાણ માગે."–એ રાગ.

હારે ક્રોધ કાળોરે ક્રોધ કાળો,
હારે બહુ સમજીને ક્રોધનું મોં બાળોરે; ક્રોધ કાળો૦–ટેક.
હારે ક્રોધે ન કર્યાનું કામ તે કરાશે,
હારે પછી પસ્તાવો પેટ ભરી થાશેરે. ક્રોધ કાળો૦ ૧
હારે ક્રોધ પાપ રૂપ ઝેર છે પ્રમાણો,
હારે ક્રોધ જીરવે તે જન મોટું જાણોરે. ક્રોધ કાળો૦ ૨
હારે ક્રોધ ભોરિંગ ભયંકર ભાસે,
હારે ક્રોધ વા'લામાં વેર વહું વાસેરે. ક્રોધ કાળો૦ ૩
હારે જેની કાયામાં ક્રોધ ઘણો વ્યાપે,
હારે એની અક્કલ તો ઉડી જાય આપેરે. ક્રોધ કાળો૦ ૪
હારે હોય માણસ મહા ભલું મજાનું,
હારે દીસે ક્રોધી થાય ત્યારે તે દિવાનુંરે. ક્રોધ કાળો૦ ૫
હારે વરૂ વાઘ કપિ રીંછ હોય કેવું ?
હારે ક્રોધવાળું જણાય જન એવુંરે. ક્રોધ કાળો૦ ૬

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

હાંરે ક્રોધ ભડકો છે આગ કેરો ભારી;
હાંરે તેથી ચેતીને ચાલજો વિચારીરે. ક્રોધ કાળો૦ ૭
હાંરે સોનું તાપમાં તપાવી જોઇએ જયારે,
હાંરે તેની કિંમત ખરી જણાય ત્યારેરે. ક્રોધ કાળો૦ ૮
હાંરે તેમ માણસને ક્રોધ જયારે થાશે,
હાંરે તેનો ભાર તોલ તે સમે જણાશેરે. ક્રોધ કાળો૦ ૯
હાંરે જેમાં દીસે ગંભીરતાઇ જેવી,
હાંરે એની કીમત અધિક જાણો એવીરે. ક્રોધ કાળો૦ ૧૦
હાંરે ક્રોધ જાણો જમપુર કેરું બારું,
હાંરે જશે નરકમાં ક્રોધ કરનારુંરે. ક્રોધ કાળો૦ ૧૧
હાંરે ક્રોધ કરશો નહિ કોઇ ઠામે;
હાંરે દીધો ઉપદેશ દલપતરામેરે. ક્રોધ કાળો૦ ૧૨

---

## ગરબી ૫૧ મી.

### સત્યથી સંસાર નભે છે. તે વિષે.

"છાનો રહે ચુપ, વીરા છાનો રહે ચુપ." એ રાગ.

નભે સત્યે સંસાર, નભે સત્યે સંસાર;
સત્ય જાય તો પૃથ્વી થાય પ્રલેકાળ, નભે૦—ટેક
સાગરના પાણીને બાંધેલી નથી પાળ;
હદ છાંડીને ન જાય જુઓ કોઇ કાળ. નભે૦ ૧
નિયમ પ્રમાણે લાકડાને તારે નીર;
કસુર ન કરે કદી તો ઉતારે તીર. નભે૦ ૨
સૂરજ તારા બધા રહ્યા છે નિરાધાર;
નિયમ પોતાનો તજે નહી કોઈ વાર. નભે૦ ૩
નિયમ પ્રમાણે દિવસ ને રાત થાય;
નિયમ પ્રમાણે ઋતુ આવે અને જાય. નભે૦ ૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ધ્રુવમાછલી તો રાખે ધ્રુવ સામી ચાંચ;
તે નિયમ તજે નહી, લાખ આપો લાંચ; નભે૦ ૫
છાશ તો ખટાશ રાખે, સાકર મીઠાશ;
જો ઉકાળો તોય તેના સત્યનો ન નાશ. નભે૦ ૬
માણસ જો સત્ય તજે, તજે એક ટેક;
તો વહેવાર જાય, કષ્ટ ઉપજે અનેક. નભે૦ ૭
ચોટ ચુકે તો ગણાય કેમ રામબાણ ?
સત્ય ચુકે માનવી તો માનવી ન જાણ. નભે૦ ૮
જંગલમાં જો બધાય ઝેરી ઝાડ હોય;
પક્ષી પશુ આદિ પ્રાણી કેમ જીવે કોય ? નભે૦ ૯
સ્વારથને માટે જો અસત્ય બોલે સર્વ;
તો જરૂર આવે પ્રલેકાળ કેરૂં પર્વ; નભે૦ ૧૦
લેણ દેણ નોકરી ને કોરટના ન્યાય;
સત્ય છે જે ત્યાં લગી સંસારમાં જણાય. નભે૦ ૧૧
ખજાનામાં ધન રહે, ખેતરમાં ધાન;
સત્યને આધારે, નહિ તો થાય તે વેરાન. નભે૦ ૧૨
બોલવા કે ચાલવા નિયમ ન જણાય;
જડ વસ્તુથી તે જન નજીવો ગણાય. નભે૦ ૧૩
સર્વ લોક સત્યવાદી થજો ઠામો ઠામ;
દેવ પાસે એમ માગે દલપતરામ. નભે૦ ૧૪

---

## ગરબી પર મી.

### ઉદ્યોગ કરે તો ઈશ્વર સહાય થાય તે વિષે.

"આ વાંસલડી, વેરણ થઇ લાગી તું વ્રજની
નારને.—એ રાગ.

ઉદ્યોગ કરો, બની શકે તે કામ તમેજ બનાવો;
જનથી ન બને, ભલે તમે તે ભગવતનેજ ભળાવો.-ટેક.
જો જરૂર છે એવું જાણે, તો તે કરી દેશે તે ટાણે;
નહિ તો નહિ અરજી ઉર આણે; ઉદ્યોગ કરો૦ ૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લુગડાં તો લોકો ધોઇ લેશે, પણ છાપરું* કેમ ધોઇએ કહેશે?
તો ધણી જગતનો ધોઇ દેશે; ઉદ્યોગ કરો૦ ૨
સરોવર સરિતા ઇશ્વર ભરશે, પાણીયારાં ભરવા નહિ ફરશે;
તે તો જાણે છે જે જન કરશે; ઉદ્યોગ કરો૦ ૩
જો માણસ ખેડ કરી વાવે, તો ઇશ્વર તેમાં ઉપજાવે;
પણ લણવા તો તે નહિ આવે, ઉદ્યોગ કરો૦ ૪
પ્રભુએ રસ કસ મૂક્યા પાસે, પણ રસોઇ કરશો તો થાશે;
નવ રહેવું ઇશ્વરની આશે; ઉદ્યોગ કરો૦ ૫
જો તરુંને પગ ન રચ્યા જાવા, તેને ત્યાંજ મળે પીવાખાવા;
એવા પગવાળાના નહિ દાવા; ઉદ્યોગ કરો૦ ૬
તમે સૌ જન સંપીને ચાલો, જૂદા જૂદા ધંધા ઝાલો;
ચિજ એક બીજાને કરી આલો, ઉદ્યોગ કરો૦ ૭
કોઇ સર્વેની સંભાળ કરો, તે ઠાઠ ધરી ઠાકોર ઠરો;
કોઇ વેપારી વસ્તુ સંઘરો; ઉદ્યોગ કરો૦ ૮
જે કામ મનુષ્યને શિર થાપે, તે કદી ન ઇશ્વર કરી આપે;
કયમ ન્યાયી થઇને નિયમ કાપે? ઉદ્યોગ કરો૦ ૯
જો ઇશ્વર એવું કામ કરે, તો શિદ જનજનની ગરજ ધરે!
સૌ ફકડ થઇ છૂટાજ ફરે; ઉદ્યોગ કરો૦ ૧૦
માટે પ્રથમ ગરજ જનની જાણો, એવી ઇશ્વર ઇચ્છા ઉર આણો;
સર્જી ઉલટું કદી નહિ સુખ માણો; ઉદ્યોગ કરો૦ ૧૧
જન જો જઇ રહે નિર્જન ઠામે, તો તે પીડા પુરી પામે;
નહિ ભોળાશો જુઠે ભામે; ઉદ્યોગ કરો૦ ૧૨
પ્રભુ ભક્તિ કરે જન જો ભાવે, તો ઇશ્વર એવો જોગ લાવે;
કામ કરવા માણસ મળી આવે; ઉદ્યોગ કરો. ૧૩

* વરસો વરસ છાપરું ધોઇને સાફ કરવું જોઇએ પણ તે કામ માણસથી બની શકે તેવું નથીઃ માટે ઇશ્વર વરસાદ વરસાવી છાપરાં ધોઇને સાફ કરી આપે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જન જાતે ગોરા ને કાળા, રહે એક બીજાના ઓશિયાળા;
એવા વિચાર વિશ્વેશ્વરવાળા;　　　　ઉદ્યોગ કરો. ૧૪
ઇશ્વર નહિ શીરે અંગરખું, નહિ રચી દે જે જોઇ હરખું;
એ તો માણસને કરવા સરખું;　　　　ઉદ્યોગ કરો. ૧૫
જે કામ જેને પ્રભુ સોંપે છે, તેનેજ તે તો કરવા દે છે;
એવો ઇન્સાફી ઇશ્વર એ છે;　　　　ઉદ્યોગ કરો. ૧૬
પ્રભુ નામ છે ચિંતામણિ જેવું, મુખ ખોતરવા તો તૃણ લેવું;
પ્રભુ નામ ન કામ કરે એવું;　　　　ઉદ્યોગ કરો. ૧૭
શિશુને માતા તેડી ફરશે, પણ મોટો તેવી હઠ કરશે;
ભલે રૂએ તે મા નહિ મન ધરશે;　　　　ઉદ્યોગ કરો. ૧૮
એની મરજીથી ઉલટું માગે, તો નહિ તેનો પત્તો લાગે;
ઇશ્વર નિજ નિયમ નહિં ત્યાગે;　　　　ઉદ્યોગ કરો. ૧૯
લોકો સૌ ઉદ્યોગે લાધો, શુભ સહાયતા પ્રભુની માગો;
દલપત કહે તન આળસ ત્યાગો;　　　　ઉદ્યોગ કરો. ૨૦

---

## ગરબી ૫૩ મી.

### આળસ વિષે.

### રાગ ઉપર પ્રમાણે.

ઓ આળસડી, શા માટે તું અંધાવાન બનાવે ?
શિદ વણ વાંકે, કામ ચુકાવી તું નુકશાન કરાવે !-ટેક.
ઉદ્યમ કરતાં કોઇ અટકાવે, તો તેપર દાઝ દિલે આવે;
પણ તુજ પર તો બળ ન ફાવે;　　　　ઓ આળસડી૦ ૧
જો રાય હુકમે બેસી રહીએ, તજી ઉદ્યમ નુકસાની સહીએ;
તો તે રાજા જુલમી કહીએ;　　　　ઓ આળસડી૦ ૨
તેં કર જેના કબજે કીધા, જાણે બંધનથી બાંધી લીધા;
તેણે તરત ઉદ્યોગ તજી દીધા;　　　　ઓ આળસડી૦ ૩

P. P. Ac. Gunratnasuri M.S.　　　Jin Gun Aaradhak Trust

તુજ વશ ન શકે ઉગ એકભરી, જાણે હોય ચરણમાં હેતધરી;
તું જોરાવર જુલમીજ ખરી; એ આળસડી૦ ૪
તું વાંચતાં વારી રાખે, જાણે તેં પાટા બાંધ્યા આંખે;
તે પુસ્તક તરત તજી નાંખે; એ આળસડી૦ ૫
નથી દેતી તું ભણુતર ભણવા, નથી દેતી ગુણ પ્રભુના ગણવા;
નથી દેતી લાભ અધિક લણવા, એ આળસડી૦ ૬
નથી દેતી જર કે જશ રળવા, નથી દેતી મિત્રોને મળવા;
નથી દેતી શિખામણ સાંભળવા; એ આળસડી૦ ૭
તું દરિદ્રતા દેનારી છે, કાયાને અવગુણ કારી છે;
તું નિશ્ચે બહુજ નઠારી છે; એ આળસડી૦ ૮
અમે દિલમાં બહુ તુજથીડરીએ, તને સ્વપ્ને પણનહિ સંઘરીએ;
દુશ્મન ગણી દૂર સદા કરીએ; એ આળસડી૦ ૯
હળવે હળવે તુજ જડ જામે, પછી તો વિસ્તાર પુરો પામે;
દીઠી રોગ સમી દલપતરામે; એ આળસડી૦ ૧૦

---

## ગરબી ૫૪ મી.

### શિખામણના સારની ગરબી.

"પૂજું ગણપતિના પાય, પૂજું અંબિકાની
પાવડી રે."—એ રાગ.

ભજું ભાવે ભગવાન, પુરા પ્રેમે પાયે પડુંરે;
માગું ગુણ તજું ગુમાન, ઘાટ ઘાટમાં ઘણા ઘડુંરે. ૧
આપો અવિચળ અપાર, વાણી વિમળા વિવેકનીરે;
કરું કવિતા શ્રીકાર, ઉપયોગી અનેકનીરે. ૨
બહુ નીતિનો બોધ, વિવિધ વાતે તેમાં વસેરે;
સર્વ સારાંશ શોધ, ઠામ ઠામે તેમાં ઠસેરે. ૩
દઇને સારાં દષ્ટાંત, કથન કેવાં કેવાં કહુંરેઃ
ભાગે સાંભળતાં ભાંત, બોધ લાગે બહુ બહુરે. ૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અતિ ઉરમાં આનંદ, વધે વચનો તે વાંચતાંરે.
ચિતે ચાતુર્ય ચંદ, ઉગે સદ્‌ગુણો તે સાંચતાંરે. ૫
સર્વ સાર તણો સાર, પ્રથમ ભક્તિ પરમેશનીરે;
કરો કોઇનો ઉપકાર, હોંશે મૂકી હમેશનીરે. ૬
જ્ઞાની પાસેથી જ્ઞાન, મન રાખીને મેળવોરે;
દોષ છેદી નિદાન, કુટિલ બુદ્ધિને કેળવોરે. ૭
જાણો જૂઠ મંત્ર જંત્ર, ભ્રમ ભાગોને ભૂતનારે;
તેમ ટુચકાના તંત્ર, તે તો જાણો સૌ તૂતનારે. ૮
ભાળી ઠગની ઠગાઇ, ભોળા થઇને ન ભૂલશોરે;
નહિ તો ગાંડા ગણાઇ, દીલ ડહાપણથી ડૂલશોરે. ૯
દેજો દુખિયાંને દાન, પુણ્ય તેથી પ્રમાણજોરે;
જેને સુખ ખાનપાન, દાનપાત્ર તે ન જાણજોરે. ૧૦
વિદ્યા વૃદ્ધિને કાજ, આપ આશ્રય તો આપજોરે;
રીઝે રાજાધિરાજ, કષ્ટ કષ્ટીનાં કાપજોરે. ૧૧
દેહ ઉત્તમ આ ઠામ, દેવે દીધો રળિયામણોરે;
દે છે દલપતરામ, સદા સારી શિખામણોરે. ૧૨

## ગરબી ૫૫ મી.

## શિખામણના સારની ગરબી બીજી.

"પ્રથમ પાર્વતીના પુત્રને પાયે નમુંરે લોલ."—એ રાગ.

વડી વિવેકની વાત, કહું વ્હાલથીરે લોલ;
જાણો શોભે જન જાત, ચોખી ચાલથીરે લોલ. ૧
ચોખી ન હોય જેની ચાલ, તેને તો તજોરે લોલ;
પ્રભુ પ્રાણી પ્રતિપાળ, ભાવથી ભજોરે લોલ. ૨
કોઇથી કદાપિ કલેશ, નવ કીજીએરે લોલ;
દયા લાવી વિશેષ દાન દીજીએરે લોલ. ૩

P. P. Ac. Gunratnasuri M.S.    Jin Gun Aaradhak Trust

સર્વનું સદા કલ્યાણ, ઉર પ્રીછીએરે લોલ;
પોતાનાજ જેવા પ્રાણ, સૌના પ્રીછીએરે લોલ. ૪
સદા રાખીને સંતોષ, સીધાં સંચરોરે લોલ;
દુનિયામાં દેખી દોષ, દીલમાં ડરોરે લોલ. ૫
સર્વ પ્રાણીને સદાય, અભય આપજોરે લોલ;
કષ્ટ કોઇનાં કપાય, તો તે કાપજોરે લોલ. ૬
રૂડા માણસોની રીત, હૃદે રાખજોરે લોલ;
નમ્રતાથી સારી નિત્ય, ભાષા ભાંખજોરે લોલ. ૭
સારા સંજનો ઉમંગ, ઝટ જોડજોરે લોલ;
શઠ માણસોનો સંગ, છેક છોડજોરે લોલ. ૮
વધે લોક વિષે લાજ, જરૂર જેહથીરે લોલ;
કરો એવાં એવાં કાજ, સદા સ્નેહથીરે લોલ. ૯
ચોરી કોઈ કેરી ચીજ, નવ લીજીએરે લોલ;
પડે સર્વને પતીજ, તેમ કીજીએરે લોલ. ૧૦
ખડાઇના ખહુ બોલ, નવ બોલીએરે લોલ;
તેથી તરત થાય તોલ, પોત ખોલીએરે લોલ. ૧૧
તજો તન મને તમામ, તુચ્છ ટેવનેરે લોલ;
ભજો દલપતરામ, તણા દેવનેરે લોલ. ૧૨

## ગરબી ૫૬ મી.

### પરોપકાર કરવાના ઉપદેશની ગરબી.

" મૈયા ધનુષ્યધારીનું ધ્યાન ધરોજો. "—એ રાગ.

ભાઇ પરઉપકાર કર પ્રાણિયાજો, દેવે દીધો છે દુર્લભ દેહજો;
જેના મરણ તેં ન જાણિયાજો, ધર્યો નાણામાં નિશ્ચય નેહજો. ૧
ઘણી લીધી વડાઈ લાખ લોકમાંજો, પામ્યો પુત્ર તથા પરિવારજો;
ચાલ્યો મલપતો ચોકમાંજો, કીધો કદીએ ન પર ઉપકારજો. ૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વળી ફ્રોકટ ફૂલાતો તું ફ્યોજે, નાતજાતમાં મેળવ્યું નામજે;
કૂડ કપટેથી પૈસો કર્યો જો, કહે એ તે શું આવશે કામજે? ૩
જો તું જીવ જાતી ઠામ ઠામનીજે, કાંઇ કરે મનુષ્યનું કામજે;
કાયા તારી શા કામનીજે? તારા ઉરમાં વિચાર તું આમજે. ૪
ઝાઝાં ઝાડી તણાં દેખ ઝાડવાંજે, આપે ફળ ફૂલ કે કોઇ કામજે;
માણસનાં કષ્ટ મટાડવાંજે, એવો પોતે ભણ્યા દીસે પાઠજે. ૫
પેખ પથરા પણ પરકારણેજે, ચણતરમાં આપ ચણાયજે;
વારે વારે જાઉં વારણેજે, જનઉપયોગી જે જણાયજે. ૬
વળી કૂવા તળાવ ને વાવડીજે, નદી આપે છે નિર્મળ નીરજે;
એવી ન રીત જેને આવડીજે, દેખી તેને થઇએ દિલગીરજે. ૭
ધર્યો ધરણીમાં દેહ તે ન ધારિયોજે,વ્યર્થ ભાડ્યો ભૂમિ શીર ભારજે;
હાથે ચડયો હિરો હારિયેજે, કવિકોવિદ કરે ધિક્કારજે. ૮
એજ માટે મારું કહ્યું માનીનેજે, કર શક્તિ પ્રમાણે શુભ કામજે;
ગમશે તારા ગુણ જ્ઞાનીનેજે, તારું જુગમાં રહેશે નામજે. ૯
એજ માટે મનુષ્ય અવતાર છેજે, લાભ બીજો ન જાણીશ લેશજે;
સંસારમાં એજ સાર છેજે, એમ હૈડામાં જાણી હમેશજે. ૧૦
પરલોકમાં પણ સુખ પામીએજે, નકી સૃષ્ટિનો નાથ કરે સ્નેહજે;
આપણને અંતરજામીએજે, દીધો એજ માટે જન દેહજે. ૧૧
પણ પેટ ભરી તું પોઢી રહ્યોજે, મન માની તેં માણી મોજજે;
વ્યવહારના પૂરમાં વહ્યોજે, બહુ લીધો બડાઇનો બોજજે. ૧૨
કામ પરઉપકારી ગયા કરીજે, એવા સજ્જનોને સંભારજે;
ધરા ઉપર નામના ધરીજે, ધન્ય ધન્ય એના અવતારજે! ૧૩
ભાળી ભૂખ્યાને ભોજન આપીએજે, દઇયે વિદ્યા આદીકનું દાનજે;
કષ્ટ એમ જનનાં કાપીએજે, મન રાખી સદા મહેરબાનજે. ૧૪
જન રોગીના રોગ મટાડીએજે, કરી ઓસડ ઉપાય અનેકજે;
ગભરાટ મનનો ઘટાડીએજે, ઉર ધારી ધરણની ટેકજે. ૧૫
કાળ કાઢયો નકામો કેટલોજે? કર્યાં શાં શાં વિચારી જુઓ કામજે?
ઉત્તમ ઉપદેશ એટલોજે, દે છે દીન દીન દલપતરામજે. ૧૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ગરબી ૫૭ મી.

### સ્વદેશ ઉપર મમતા રાખવા વિષે.

"ઓધવજી સંદેશો કહેજો શ્યામને."—એ રાગ.

સ્વદેશની મમતા મનથી નવ મૂકીએ,
સોએ સો કદિ સંકટ આવે શીષજો;
ચુરા થઇ પડિયે પણ ચિત નવ ચુકીએ,
સ્વદેશનું શુભ ચિંતવિયે દિનનીશજો. સ્વદેશની૦ ૧
જન જાતીનો દેહ ધર્યો જે દેશમાં,
તે ભૂમિને ગણિયે માતા તુલ્યજો;
હેડે ધરિયે હેત વિશેષ હમેશમાં,
ઉત્તમ ગણિયે અંતરમાંહિ અમૂલ્યજો. સ્વ૦ ૨
સદૈવ કરીએ જતન સ્વદેશ સુધારવા,
કામ પડે તો કરિએ તન કુરબાનજો;
વળિ શ્રમ કરિયે ત્યાં ઉદ્યોગ વધારવા,
સ્વદેશ તરતો કરવા ધરિયે તનજો. સ્વ૦ ૩
સ્વદેશના રાજાનું સારું ઇચ્છીએ,
પવિત્ર તે તો પ્રજા તણો છે ધર્મજો;
પુરાણ શાસ્ત્રો પાનાં પેખી પ્રીછીએ,
રાજદ્રોહ કરે તે કુત્સિત કર્મજો. સ્વ૦ ૪
દેશ તજી પરદેશ વિષે રળવા જવું,
પણ બહુ ધરવો સ્વદેશ ઊપર પ્રેમજો;
સ્વસ્થાનકથી દિલે ઉદાસી નવ થવું,
નિજ જનિતાથી હેત ન તજીએ જેમજો. સ્વ૦ ૫
મરણ પથારી પર તો સૌ પ્રાણી મરે,
કહિયે તેની કાયા ગઇ નકામજો;
જે કાયા કુરબાન સ્વદેશ લીધે કરે,
નવ જુગ તેનાં રહ્યાં છે નિશ્ચળ નામજો. સ્વ૦ ૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કહેવત એક પ્રસિદ્ધપણે કહેવાય છે,
જનની જણજે હરિજન દાતા શૂરજો;
નહિ તો વંઝા વિશ્વ વિષે વખણાય છે,
વ્યર્થ ગુમાવિશ નહિ તું તનનું નૂરજો. સ્વ૦ ૭
સંપ વધે સૌજન ને જેમ સ્વદેશમાં,
એવા એવા કરિયે અધિક ઉપાયજો;
કષ્ટ ન પામે કોઇ કુસંપ કલેશમાં,
સંપી જંપીને સૌ સુખિયાં થાયજો. સ્વ૦ ૮
પોતાના ટંટા પોતેજ પતાવજો,
સમજુ હો તો જશો ન કદિ સરકારજો;
પંચ જનો પાસે પંચાત કરાવજો,
ખચીત નહિ તો થાશો ખુબ ખુવારજો. સ્વ૦ ૯
સ્વદેશમાં જે કોઇ કુસંપ કરાવશે,
નિશ્ચે જાણો પાપી તેનું નામજો;
અનેક જનને અતિ સંકટ ઉપજાવશે,
દુર્જન તેને કહે છે દલપતરામજો. સ્વ૦ ૧૦

---

## ગરબી ૫૮ મી.

### રિદ્ધિસિદ્ધિનો ભરોંસો ન રાખવા વિષે.

"મહા કોપ થયો તે કાળીકાળમાંજો;
રિધી સિધીનો ભરોંસો નહિ રાખવોજો;
ચાડી હુન્નર કળાનો સ્વાદ ચાખવોજો. રિધી૦—ટેક.
જવા બેસે ત્યારે જે તે રીતે જાય છે જો;
અટકાવાનો કયાં એકે ઉપાય છે જો ? રિધી૦ ૧
ફરે છાયા તેમ ફરતી દેખાય છે જો;
લક્ષ્મીનું નામ ચપળા લખાય છેજો. રિધી૦ ૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કવિ માઘ વિપ્ર શ્રીમાળી*શ્રીમાળનોજો;
ભલો મિત્ર ભોજરાજ ભૂમિપાળનોજો. રિધી० ३
એને માથે પણ આપદા આવી પડીજો;
ઘરબાર વેચવાની આવી ઘડીજો. રિધી० ४
પિતાએ મુકયા રૂપૈયા અબજ રોકડાજો,
દીકરા પાસે રહ્યા ન દશ દોકડાજો. રિધી० ५
દુનિયામાં એવા દાખલા દિસે ઘણાજો;
મહા કષ્ટ વેઠવામાં ન રહી મણાજો. રિધી० ६
કોણ જાણી શકે કાળ કેવો આવશેજો;
હશે હુન્નર તો હરકત ઉઠાવશે જો. રિધી० ७
કંઇક શ્રીમંતની સુંદરી જે શાણી છે જો;
એ તો જરૂર ઉદ્યોગી અતિ જાણી છે જો. રિધી० ८
ટાપટીપથી ગુંથે છે કંઇક ટોપીઓજો;
નથી લેશ માત્ર લોક માર્ગ લોપિયોજો. રિધી० ९
કંઇક ચોપડીનાં જુથ ગુંથે જોઇનેજો;
કામ આવડે ન એવું ખિજા કોઇનેજો. રિધી० १०
ધન હોય જો ઘણું ધણીના ધામમાંજો;
નાણું ઉપજે તે આપે ધર્મકામમાંજો. રિધી० ११
બાઇઓ ! સુરતમાં એક સારી બાઇ છે જો;
મોટાં પુસ્તકો લખીને તે કમાઇ છે જો. રિધી० १२
ભરત ચીતર શીખો ને શીખો શીવવુંજો;
કાંઇ સુજે નહિ તેનું વ્યર્થ જીવવુંજો. રિખી० १३
વસ્ત્ર વેતરવા શીખવું વિવેકથીજો;
નથી જાણજો એમાં નીચાપણું નથીજો. રિધી० १४
કંઇક રેંટિયો કાંતે છે રુડી રીતથીજો;
ચતુરાઇ ચાળવે છે પોતે પ્રીતથીજો. રિધી० १५

* શ્રીનમાળ?.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સારું કામ આવડે તો શોભા સાંપડેજો;
આપદા સમે ન આપદા એને નડેજો. રિધી૦ ૧૬
વિતે દિવસ આનંદમાં ઉદ્યોગીનોજો;
નવરાનો રોજ જાય જેવો રોગીનોજો. રિધી૦ ૧૭
શિખામણ કહી તે તમારા કામનીજો;
હૃદે રાખો વાત દલપતરામનીજો. રિધી૦ ૧૮

## ગરબી ૫૯ મી.

### વાદે વાદે કુલનાં કામ ન કરવા વિષે.

"સાંભળો સાહેલી."—એ રાગ.

વીરા વાદ વદવાની તજો વાતોરે, વાદમાં સ્વાદ શેનો ?
વાદે લાગી લાગી લોક ખાય લાતોરે, વાદમાં સ્વાદ શેનો ?
વાદે વાદે કરે વરા વિશેષેરે, જાય દેવાળું કાઢીને વિદેશેરે. ૨
વાદે વાદે જે ખાય ખાણુંરે, આવે ટુંકામાં મોતનું ટાણુંરે. ૩
વાદે વાદે વેપાર ખુબ ખેંચેરે, પછી વાસણ ને ઘરબાર વેચેરે. ૪
વાદે વાદે ઉતારે મોટા વીમારે, પછી ધન ખોઇને પડે ધીમારે. ૫
વાદે વાદે ચડાવે વરઘોડારે, જર જાય ને શીર પડે જોડારે. ૬
વાદે વાદે કુલણજીરે કુલાણારે, પછી ઝંડીયામાં ઝંપલાણારે. ૭
વાદે વાદે ગાડીઓ દોડાવા લાગેરે, ધરી ભાગી પડે હાથ પગ ભાગેરે.૮
વાદે વાદે ઘર ઉંચું ચણાવેરે, પછી વેચે કે વ્યાજમાં ડુલાવેરે. ૯
માટે વાદ જો વદો તો વદો સારોરે, દલપતનાં વચન દિલ ધારોરે.૧૦

## ગરબી ૬૦ મી.

### સત્સંગ વિષે ગરબી.

"કાંકરિયા ઉપરરે, કે નોબત વાગે છે,"—એ રાગ.

સોબત તો સજીએરે, સદા જન સારાની;
તનમનથી તજીએરે, નગુણી નઠારાની. ૧



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સારી સોબતથીરે, કે સારાં કહેવાશો;
નરસાંને સંગેરે, નહીં બહુ નિંદાશો. ૨
સંગતિને રંગેરે, કે જો નવ રંગાઇએ;
તોપણ તે જેવાંરે, જગતમાં દેખાઇએ. ૩
હોય નિર્મળ હીરોરે, અધિક આપાવેલો;
ઘાણી ઘણી મેલીરે, ઉપર એને મેલો. ૪
ઘાણીને રંગેરે, કે તે નહિ રંગાશે;
તોપણ તે જેવોરે, મલિન બહુ દેખાશે. ૫
તેમ લંપટ સંગેરે, કે લાંછન લાગે છે;
અપકીર્તિ એથીરે, જગતમાં જાગે છે. ૬
અતિ પાપી આગળરે, કે ઉભા નવ રહીએ;
કુળ ભૂષણ કીર્તિરે, જગતમાં જો ચહિયે. ૭
સોબતની અસરેરે, અધર્મી કંઇક થયા;
વ્યસની થઇ વળતીરે, કે બારે વાટ ગયા. ૮
ઘડપણમાં પૂરારે, પછી પસ્તાયા છે;
દુનિયાદારીમાંરે, દુઃખી દેખાયા છે. ૯
ચિતમાં આગળથીરે, ન ચાલ્યા ચેતીને;
પછી તો તે પામ્યારે, પુરી ફજેતીને. ૧૦
સુધરીને સારારે, થયા કંઇ સતસંગે;
રંગાણું અંતરરે, રુડે નીતિરંગે. ૧૧
પૂરણ જશ પામ્યારે, જગતમાં પરિણામે;
વિધ વિધ વખણાતારે, દિઠા દલપતરામે. ૧૨

---

## ગરબી ૬૧ મી.

### જુવાનીના રસ્તા વિષે.

"હાલો હાલોને એકવાર, હાલો ઉદેપુર જઇએરે."—એ રાગ.

ચાલો ચાલો મુસાફર ચેતી, જુવાનપુર જાતાંરે;
નહિ તો ફરી થાશે ફજેતી, જુવાનપુર જાતાંરે. ૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હવા એવી ત્યાં આગળ આવે, જુવાનપુર જાતાંરે;
ભલા ભલાને ભાન ભુલાવે, જુવાનપુર જાતાંરે. ૨
આવે ઉન્મત્ત ગંગા એવી, જુવાનપુર જાતાંરે;
તરી ન શકાય તુંબડે તેવી, જુવાનપુર જાતાંરે. ૩
વાટે દુગમ ડુંગરા દીસે, જુવાનપુર જાતાંરે;
એમાં અડચણ આવે અતિશે, જુવાનપુર જાતાંરે. ૪
ઝાઝી મોહની આવે ઝાડી, જુવાનપુર જાતાંરે;
રહે નિર્દય પ્રાણી અનાડી, જુવાનપુર જાતાંરે. ૫
ઠામ ઠામ ફરે ચોર ઠગારા, જુવાનપુર જાતાંરે;
લાગે કેડે લોકને લુંટનારા, જુવાનપુર જાતાંરે. ૬
માટે શોધજો સોબત સારી, જુવાનપુર જાતાંરે.
વાટે ચાલજો જોઇ વિચારી, જુવાનપુર જાતાંરે. ૭
જો અવળે પંથ ચડી જાશો, જુવાનપુર જાતાંરે;
ખેદ પામીને ખત્તા ખાશો, જુવાનપુર જાતાંરે. ૮
ડરી ડરીને ડગલાં માંડો, જુવાનપુર જાતાંરે;
ઝાઝી છતનો છંછણાટ છાંડો, જુવાનપુર જાતાંરે. ૯
અહીં આવ્યાં લાખેણો લાભ લેવા, જુવાનપુર જાતાંરે;
શ્રશે લેવાના ઉલટા દેવા, જુવાનપુર જાતાંરે. ૧૦
રખે જો ગફલતમાં રહેશો, જુવાનપુર જાતાંરે;
પછી શેઠને જવાબ શો દેશો ? જુવાનપુર જાતાંરે. ૧૧
લેખું પાઇ પાઇનું તે લેશે, જુવાનપુર જાતાંરે;
નહિ દેશો તો ખુબ દંડ દેશે, જુવાનપુર જાતાંરે. ૧૨
તજશે વિશ્વાસ તમારો, જુવાનપુર જાતાંરે;
નહિ આવે આપદાનો આરો, જુવાનપુર જાતાંરે. ૧૩
પછી થાશે પુરો પસ્તાવો, જુવાનપુર જાતાંરે;
નહિ આવે અવસર આવો, જુવાનપુર જાતાંરે. ૧૪
દિલ થિર રાખો દિન થોડા, જુવાનપુર જાતાંરે;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નથી કાઢવા જુગના જોડા, જીવાનપુર જાતાંરે. ૧૫
જોતાં જોતાં દિવસ વહી જાશે, જીવાનપુર જાતાંરે;
જરાપુર* પાસે દેખાશે, જીવાનપુર જાતાંરે. ૧૬
પછી થઈ જાશે ડર થોડો, જીવાનપુર જાતાંરે;
માટે જીવમાં હિંમત જોડો, જીવાનપુર જાતાંરે. ૧૭
પ્રભુને ભજે તે પાર પામે, જીવાનપુર જાતાંરે;
દીધી શિક્ષા દલપતરામે. જીવાનપુર જાતાંરે. ૧૮

## ગરબી ૬૨ મી.

### પ્રભુ ભજવા વિષે.

"મીઠડાં ગોરસ લ્યો, ગોરસ લ્યો."—એ રાગ.

ભાવથી પ્રભુ ભજો, પ્રભુ ભજો, હાંરે તમે ટરકટ કરવાં તજોરે. ભાવ.૧
હાંરે જયારે આવશે વેળા છેલી, બીજો પ્રભુ વિના નથી બેલીરે. ૨
હાંરે દોષ દેખીને દિલમાં ડરજો, કર્મ રુડાં વિચારીને કરજોરે. ૩
હાંરે દયા દિલમાં રાખજો દહાડી,એથી અતિ સુખ પામશો અગાડીરે. ૪
હાંરે જીભે જુઠું ન બોલશો જાણી, જુઠમાં મહા પાપ પ્રમાણીરે. ૫
હાંરે કાંઇ પારકાં સંકટ કાપો, ભાળી ભૂખ્યાને ભોજન આપોરે. ૬
હાંરે પાપ પુણ્યના હિસાબનું પાનું, નથી પ્રભુથી કાંઇ પણ છાનુંરે. ૭
હાંરે લેખું આખી ઉમ્મરનું લેશે, કૂડાં રુડાં કરમ ફળ દેશેરે. ૮
હાંરે જુઓ કૌરવ પાંડવ કેવા ? ઊડી ગયા ઘણા એવા એવારે. ૯
હાંરે ગયા સેંકડો મોટા શૂરા, ગયા પ્રવીણપંડિત પૂરારે. ૧૦
હાંરે જે જે દીસે છે તે છે જવાનું, નથી એમાંથી કોઇ રહેવાનુંરે. ૧૧
હાંરે ન રહ્યા કોઇ વૈદ્ય કે જોશી, ન રહ્યા કોઇ ડોસા ડોશીરે. ૧૨
હાંરે નથી રહેવાનો દલપતરામે, પ્રભુ ભજે તો શુભ ગતિ પામેરે. ૧૩

* બુઢાઇનું શહેર.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ગરબી ૬૩ મી.

### સંસાર રૂપી વનની ગરબી.

"સુંદરબાઇ ચાલ્યાં સાસરીએ."–એ રાગ.

સંસાર વિકટ વન સરખો છે;
સંભાળીને સાંચરજો બહેન, વચમાં રસ્તો વસમો છે.
ઠગ ચોર રહે છે કોઈ ઠામે;
ડરી ડરીને ડગલાં ભરજો બહેન. વચમાં રસ્તો. ૧
કયાંઇ વાઘ વરુના સ્વર સુણશો;
કયાંઇ મોર બપૈયા બોલે બહેન, વચમાં રસ્તો.
કયાંઇ શીતળ છાયા સારી છે;
કયાંઇ તાપ તપે વણ તોલે બહેન. વચમાં રસ્તો. ૨
ગંભીર થજો ગભરાશો માં;
ધરી ધીરજ આગળ ધસજો બહેન, વચમાં રસ્તો.
શાહુકાર વસે જયાં સતવાદી;
સમજી ત્યાં વાસો વસજો બહેન. વચમાં રસ્તો. ૩
વળી સોબત પણ સજજો સારી;
શિખામણ શુભ સાંભળજો બહેન, વચમાં રસ્તો.
અનુભવી જનની આગળ જઇને;
પૂછીને પંથે પળજો* બહેન. વચમાં રસ્તો. ૪
સતીઓ જે રસ્તે ગઇ સજ થઇ;
તે નકશો જો જો નરખી બહેન, વચમાં રસ્તો.
શું સારું ને શું નરસું છે?
પેખીને લેજો પરખી બહેન. વચમાં રસ્તો. ૫
તમે દયા ઘણી દિલમાં ધરજો;
દુઃખ દેખી જનને દેહે બહેન, વચમાં રસ્તો.
તન મન ધનથી તેને અંગે;
સુખ કરજો પૂરા સ્નેહે બહેન. વચમાં રસ્તો. ૬
મૃગતૃષ્ણા× જેવી મારગમાં;

* જો. × ખાર ભૂમિમાં જળવાં દેખાય છે તે.

P. P. Ac. Gunratnasuri M.S.    Jin Gun Aaradhak Trust

નદીઓ મોટી નિરખાશે બહેન, વચમાં રસ્તો.
પણ તે પાણી નથી પીવાનું;
પીવા જનાર ઠગાશે બહેન, વચમાં રસ્તો. ૭
કોઇ ઠેકાણે બહુ કાદવ છે;
ડરિયા પર્વત કોઇ ઠામે બહેન, વચમાં રસ્તો.
પ્રભુ કરુણાથી કોઈ પાર પડયાં;
દીઠા છે દલપતરામે બહેન. વચમાં રસ્તો વસમો છે. ૮

---

## ગરબી ૬૪ મી.

### પાનખર મહિના વિષે.

રાગ–ઉપર પ્રમાણે.

પિપળા તું સાંભળજે પ્રીતે, સમજાવું સારી રીતેરે. ૧
મ્હા મહિનો આવ્યો વણ માગ્યે, તરુ પત્રો પડવા લાગેરે. ૨
તું ધરથી રહે ધીરજ ધારી, નહિ તેજ દશા રહે તારીરે. ૩
દુઃખના દિન જોતાં વહી જાશે, વળી સુખના દિન દેખાશેરે. ૪
આ જરૂર મહિનો જનારો, ઋતુ વસંતનો પછી વારોરે. ૫
ધરથી ચાલ્યો આવે ધારો, તે કોણ મિથ્યા કરનારોરે. ૬
જેમ દિવસ વીતે રજની થાશે, રજની પછી દિન દેખાશેરે. ૭
એમ સુખ દુઃખ છે વારાફરતી, જેમ સાગર ઓટ ને ભરતીરે. ૮
સમજુ તો સમજીને સાંખે, મૂરખ નિસાસા નાખેરે. ૯
ધણી જગનો જે કરવા ધારે, નર નારી કોણ નિવારેરે. ૧૦
સૌની ચિંતા ઈશ્વર ધરશે, તું ફિકર કરી શું કરશેરે ? ૧૧
સુખિયાં દુખિયાં ઠામો ઠામે, દીઠાં છે દલપતરામેરે. ૧૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ગરબી ૬૫ મી.

### બધા દહાડા સરખા નથી, તે વિષે.

"સારું સારુંરે સૂરત શેહેર, મુંબઇ અલબેલી."–એ રાગ.

સમજો સંસારી રીત, સૌ દિન નથી સરખા;
દુખમાં શિદ થા ભયભીત ? સુખમાં શિદ હરખા ?–ટેક.
કોઇ દિન લીલું લીલું સઘળે દીસે લીલાલહેરરે;
તેમજ કોઇ દિનમાં તો દીસે, ઘણી સમૃદ્ધિ ઘેર. સૌ૦ ૧
કોઈ દિન ટાઢ પડે તન ઉપર, હડ હડ ધ્રુજે હાડરે;
તેમજ કોઇ દિન તન કંપાવે, ઉપજે શત્રુ અનાડ. સૌ૦ ૨
કોઇ દિન તો પરિતાપ તપે ને, ઉકળે *શોણિત અંગરે;
તેમજ ચિંતા અતિશે ઉપજે, ઉતરી જાય ઉમંગ. સૌ૦ ૩
ઉત્તરાયનથી એક મિનિટ નિત્ય, દિન ચડતો દેખાયરે;
દીસે છ મહિના પછી દહાડો, એજ રીતે ઘટી જાય. સૌ૦ ૪
તેમજ ચડતી પડતી હાલત, જગમાં સૌની જણાયરે;
જ્ઞાની તો ધીરજ મન ધારે, અજ્ઞાની અકળાય. સૌ૦ ૫
કોઇ દિન દિસે દિવાળી સરખા, હોળી કોઇ દિન હોયરે;
એમજ ચાલે રીત અસલથી, કલેશ ન કરશો કોય. સૌ૦ ૬
ટાઢ પડે ત્યારે ડગલી પહેરો, પંખો લ્યો જો ઘામરે;
અકળાશો નહિ ઉપાય શોધો, અનેક રીતે આમ. સૌ૦ ૭
કષ્ટ તણો તો કહી ન આવે, અકળાયાથી અંતરે;
ઉપાય કરીને છેડો આણો, ધીરજથી ધીમંત. સૌ૦ ૮
ચંદ્રકળા બબે ઘડી ચડતી, રાતે દીસે રોજરે;
પંદર દિવસ પછી થાય પડતી, બીજાનો શો બોજ ? સૌ૦ ૯
કોઇ દિન નદીએ નીર ઉછળતાં, ભાસે અતિ ગંભીરરે;
વળી કોઇ દિન એવો આવે જે, ન મળે તેમાં નીર. સૌ૦ ૧૦

*લોહી.

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

ઇચ્છાથી ઇશ્વરે ઠરાવી, અવધ ટળે કયમ એહરે ?
ભલે "પિયુ! પિયુ!" કરે બપૈયા, અવધે આવે મેહ. સૌ૦ ૧૧
અવધે આવી ઉલું રહેશે, સુખ દુઃખ એવી રીતરે.
પણ ઇશ્વર સુખ આપી શકે છે, કરો પ્રભુપર પ્રીત. સૌ૦ ૧૨
ધીરજ આપદ કાળે ધારો, પ્રભુને કરો પ્રણામરે;
દીનદયાળ સદા સુખ તમને, દેશે દલપતરામ. સૌ૦ ૧૩

## ગરબી ૬૬ મી.

## વરઘોડાની વાડીની ગરબી.

" સુંદરબાઇ ચાલ્યાં સાસરીએ. "–એ રાગ.

આ વરઘોડાની વાડી છે; આપે છે વરની અગાડી બહેન. વર. ટે૬૦
તેની શોભા અતિશે છે સારી; એના બનાવની બલિહારી બહેન. ૧
માંહિ છોડ લીલાની છબિ છાજે; બહુ રંગનાં ફુલ બિરાજે બહેન. ૨
સોનેરી ફુલડાં શોભાવે; જોતાં અચરજ ઉપજાવે બહેન. ૩
જાણે જે છે ફુલ તાજાનો; જાણે બાગ બન્યો રાજાનો બહેન. ૪
પણ જોતાં જોતાં તે જાશે; આ લૂંટી કે લૂંટાશે બહેન. ૫
એનો ખુબ બન્યો ભભકો ખાસો; પણ ત્રણ ઘડિનોજ તમાસો બહેન. ૬
એનાં વિચિત્ર ફુલડાં વિખાશે; કોઇ ક્યાં ને કોઇ ક્યાં જાશે બહેન. ૭
ધરી વરની આગળ શોભાવા; એને સમસ્યામાં સમજાવા બહેન. ૮
એવી કઇંક થઇ ને કંઇ થાશે; અંતે એમજ લુંટાશે બહેન. ૯
શિદ હરખ ઘણો હઇડે ધરીએ; કલ્પાંત ઘણો શિદ કરીએ બહેન. ૧૦
એ તો રીત અસલથી છે એવી; સમજુએ સમજી લેવી બહેન. ૧૧
નથિ નથિ અચળ એ રહેવાની; લટકા સમ જોઇ લેવાની બહેન. ૧૨
જડમતિ ફુલડાં જોઇ લલચાશે; ખુબ લાતો ગડદા ખાશે બહેન. ૧૩
જન કંઇક મુઆ છે કચરાઇ; મોટી એ તો સુરખાઇ બહેન. ૧૪
સમજુની સમજણ તો ન્યારી; બહુ ધસે લેવા ધારી બહેન. ૧૫
ઇશ્વર ઇચ્છાથી મળી આવે; ઉપકાર અંતરમાં લાવે બહેન. ૧૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ન મળે તોપણ નહિ થાય દુઃખી; સંતોષ ધરી રહે સુખી બહેન. ૧૭
સમજે તો આ સમસ્યા કીધી; દલપતે શિખામણ દીધી બહેન. ૧૮

## ગરબી ૬૭ મી.

### નાશવંત બાગ વિષે ગરબી.

" શંકર વસે કૈલાસમાં. "—એ રાગ.

મનમાં સમજ તું માલણીરે, એક વિચારી વાત;
બાગ તારો રુડો બન્યો,
હાંરે ભલી *ભજે છે ભાત.　　　મનમાં૦ ૧
ફુલ્યાં ઘણાં ઘણાં ફુલડાંરે, રુડો રાજે છે રંગ;
કાલે તે કરમાઇ જશે,
હાંરે એનું સ્થિર નથી અંગ,　　　મનમાં૦ ૨
વળી નીપજશે નવાં નવાંરે, ચાલ્યું આવે છે એમ;
કીધો પ્રભુએ એવો કાયદો,
હાંરે કહો ફેરવાય કેમ ?　　　મનમાં૦ ૩
ગયું તે તો ગુમ થઇ ગયુંરે, નહિ જગમાં જણાય;
કોઇ દિન દેખવાનું નહિ,
હાંરે કરે કોટી ઉપાય.　　　મનમાં૦ ૪
વહી ગયું તે પાછું નહિ વળેરે, જેમ નદીનું નીર;
મૂરખ જન મનમાં થશે,
હાંરે દુઃખ ધરી દીલગીર.　　　મનમાં૦ ૫
આતસબાજી ઉડી ગઇરે, ખાસો જોવાનો ખેલ;
તેનો તે જોવા તણો,
હાંરે ફરી મળે ક્યાં મેળ ?　　　મનમાં૦ ૬
માટી તણાં જેમ માંટલાંરે, ઘણાં ઘડે કુંભારરે;

---

* શોભે છે.

P.P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

ઠામ ભાંગીને થાય ઠીકરાં,
હાંરે એનો ગયો આકાર. મનમાં૦ ૭
કપૂર ઉડીને ક્યાં ગયુંરે ? દીઠું કહે ન કોય;
સ્વપ્નાની જેમ સાહેબી,
હાંરે એ તો સાચી ન હોય. મનમાં૦ ૮
દિવસ ગયો તે નવ દેખીએરે, એવો લાગે આ લોક;
જોતાં આવે ને જાય છે,
હાંરે શેનો હરખ ને શોક ? મનમાં૦ ૯
સ્વપ્નમાં દુઃખ દેખીનેરે, કોઇ કરે રૂદન;
જાગે સ્વપ્ન જુઠું ઠરે,
હાંરે સાચાં આંસુ લોચન. મનમાં૦ ૧૦
તેમ પાપ પુણ્ય બે સત્ય છેરે, બીજી જુઠી જંજાળ;
સજ્જન તો સમજે સઉ,
હાંરે જેની વિદ્યા વિશાળ. મનમાં૦ ૧૧
ઇશ્વર કરે તે ઉપરેરે, હૃદે રાખે જે રોષ;
એથી તે અજ્ઞાની કિયો ?
હાંરે દીસે મોટો એ દોષ. મનમાં૦ ૧૨
સમજાય તો સમજી રહોરે, મોટું રાખીને મન;
દલપતરામના દેવનું,
હાંરે કરો ભાવે ભજન. મનમાં૦ ૧૩

---

## ગરબી ૬૮ મી.
## સોળ શણગારની ગરબી.

"મા પાવા તે ગઢથી ઉતર્યાં, મા કાળીરે."–એ રાગ.

સુંદરીઓને સજવા તણા, હો શાણીરે !
શણગાર ગણાવું સોળ, સુણ મુજ વાણીરે;
શણગાર પ્રથમ તો સ્વચ્છતા, હો શાણીરે !

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અંગે કરવું અંઘોળ×, સુણ મુજ વાણીરે. ૧
બીજો શણગાર બહુ ભલો, હો શાણીરે !
ચોખાં તન ધરવાં ચીર, સુણ મુજ વાણીરે;
ત્રીજો શિર કેશ સમારવા, હો શાણીરે !
જેમ શોભે સુંદર શીર, સુણ મુજ વાણીરે. ૨
ચોથો તન સુગંધી ચોળવી, હો શાણીરે !
વળી મુખ કરિયે મુખવાસ, સુણ મુજ વાણીરે;
શણગાર પુનિત* તે પાંચમો, હો શાણીરે !
થાય સુગંધ શ્વાસોશ્વાસ, સુણ મુજ વાણીરે. ૩
છઠો કહું તે વળી છે ભલો; હો શાણીરે !
ભૂષણ જેમાં નહિ ભાર, સુણ મુજ વાણીરે;
શુદ્ધ વાણી તે છે સાતમો, હો શાણીરે !
મુખ મધુર મધુર ઉચ્ચાર, સુણ મુજ વાણીરે. ૪
શણગાર ઉત્તમ છે આઠમો, હો શાણીરે !
હસતો ચહેરો જો હોય, સુણ મુજ વાણીરે;
નવમો જે લજ્જા નેણમાં, હો શાણીરે !
નવ તજે તપે મન તોય, સુણ મુજ વાણીરે; ૫
નિર્મળ દશમો છે નમ્રતા, હો શાણીરે !
અતિ રાગ સરસ અગિયાર, સુણ મુજ વાણીરે;
બહુ સંપ સજે તે બારમો, હો શાણીરે !
નિશ્ચય શોભે નરનાર, સુણ મુજ વાણીરે. ૬
તે પછી વખાણું તેરમો, હો શાણીરે !
વ્રત પતિવ્રતા પ્રખ્યાત, સુણ મુજ વાણીરે;
ચિત ચાતુરતા તે ચૌદમો, હો શાણીરે !
શીખે ભરત ચિતરની ભાત, સુણ મુજ વાણીરે.

× નહાવું. * પવિત્ર.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પંદરમો પાઠ લખે ભણે, હો શાણીરે !
વળી વદે વિવેકે વેણ, સુણ મુજ વાણીરે;
સખી એ સોળમો શણગાર છે, હો શાણીરે !
દુનિયામાં અતિ સુખ દેણ, સુણ મુજ વાણીરે. ૮
પણ શખનેx તો શોભે નહિ, હો શાણીરે !
શણગાર શરીર અખંડ, સુણ મુજ વાણીરે;
એમ જીવ ધરમ તે જાણવો, હો શાણીરે !
દિસે જીવતો જેથી પંડ, સુણ મુજ વાણીરે. ૯
ભક્તિ કરીએ ભગવાનની, હો શાણીરે !
તે વગર બધું છે વ્યર્થ, સુણ મુજ વાણીરે;
સદ્ગુણ વિણ તન શણગારતાં, હો શાણીરે !
અતિ ઉલટો થાય અનર્થ, સુણ મુજ વાણીરે. ૧૦
દિલમાં નિશદિન ધરિયે દયા, હો શાણીરે !
વળી સજિયે સ્નેહી સ્વભાવ, સુણ મુજ વાણીરે;
આળસ અંગે નવ આણિયે, હો શાણીરે !
જેથી દિસે નરસ દેખાવ, સુણ મુજ વાણીરે. ૧૧
સજવા શણગાર સુશોભિતા, હો શાણીરે !
અંતરમાં સમજી આમ, સુણ મુજ વાણીરે;
સૌભાગ્ય અખંડ સદા રહો, હો શાણીરે !
દે છે આશિષ દલપતરામ, સુણ મુજ વાણીરે. ૧૨

## ગરબી ૬૯ મી.

### સદ્ગુણના શણગારની ગરબી.

"ઓ લાછાકુંવર, ઓ લાછાકુંવર, તમો કેટલા ભાઇ કુંવારા હો રાજ, અચકો મચકો કારેલી." –એ રાગ.

હો શાણી સખી, હો શાણી સખી,
તમે મારી શિખામણ માનો હો બેન,

x મડદાને.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સદ્ગુણના શણગાર સજો;
હો શાણી સખી, હો શાણી સખી,
તમે તજો બોજા તોફાનો હો બેન, સદ્ગુણના૦　　૧
હો શાણી સખી, હો શાણી સખી,
શોભે સત્ય સાંકળી સારી હો બેન, સદ્ગુણના૦
હો શાણી સખી, હો શાણી સખી,
રહો નમ્રપણાની નથ ધારી હો બેન, સદ્ગુણના૦　　૨
હો શાણી સખી, હો શાણી સખી,
તમે પહેરો ચોખાઇની ચુડી હો બેન, સદ્ગુણ૦
હો શાણી સખી, હો શાણી સખી,
દિસે દયાની દામણી રૂડી હો બેન, સદ્ગુણ૦　　૩
હો શાણી સખી, હો શાણી સખી,
અદ્‌ભુત અદબ અંકોટી હો બેન, સદ્ગુણ૦
હો શાણી સખી, હો શાણી સખી,
સદ્ગુણના વિણ ટાપટીપ ખોટી હો બેન, સદ્ગુણ૦　　૪
હો શાણી સખી, હો શાણી સખી,
તમે જ્ઞાનનો ચાંદલો ચોડો હો બેન, સદ્ગુણ૦
હે શાણી સખી, હો શાણી સખી,
ધરો ઉદારતાનો અછોડો× હો બેન, સદ્ગુણ૦　　૫
હો શાણી સખી, હો શાણી સખી,
તુસી પ્રભુભજનની પહેરો હો બેન, સદ્ગુણ૦
હો શાણી સખી, હો શાણી સખી,
સદ્ગુણથી ચળકે ચહેરો હો બેન, સદ્ગુણ૦　　૬
હો શાણી સખી, હો શાણી સખી,
તમે શરમનું અંજન આંજો હો બેન, સદ્ગુણ૦

× સાંકળા.

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

હો શાણી સખી, હો શાણી સખી,
નહા જ્ઞાનથી મનડું માંજો હો બેન, સદ્ગુણ૰ ૭
હો શાણી સખી, હો શાણી સખી,
કીરતીનું કંકુ કીજે હો બેન, સદ્ગુણ૰
હો શાણી સખી, હો શાણી સખી,
ઉદ્યોગની મેંદી દીજે હો બેન, સદ્ગુણ૰ ૮
હો શાણી સખી, હો શાણી સખી,
લાયકીની લહેર ફેલાશે હો બેન, સદ્ગુણ૰
હો શાણી સખી, હો શાણી સખી,
દલપતનો દેવ ખુશી થાશે હો બેન, સદ્ગુણ૰ ૯

---

## ગરબી ૭૦ મી.

### શિયળ વિષે.

“અલબેલીરે અંબે માત, જોવાને જઇએ.”—એ રાગ.

સર્વથી સરસ ગણાય શોભા શીયળની;
નહિ તો જેમ વ્યર્થ જણાય, નદિયો નિર્જળની. ટેક.
સર્વાંગે શણગાર સજ્યા પણ ન મળે જેને નાકરે,
તો એકે શણગાર ન શોભે, જોઇ જન હસે અથાક. શોભા૰ ૧
ભણતરમાં તો ભડકો ઉઠયો, રૂપ વિષે પડી રાખરે;
સ્નેહ સહિત શીયળ નવ પાળે, લાંછન લાગે લાખ. શોભા૰ ૨
ડહાપણમાં તો દવ લાગ્યો ને ચુલે પડી ચતુરાઇરે;
જે જનથી શુભ વેલ શિયળની, સ્નેહ નહિ સચવાઇ. શોભા૰ ૩
ધર્મ કર્યામાં ધૂળ પડી, જો કર્મ નઠારું કીધરે;
હૃદયે પરમેશ્વર નહિ રીઝે, વંદન કરે વિવિધ. શોભા૰ ૪
અંક ઉપર મીડાં મૂકે તો, દશ દશ ગણુ ગણાયરે;
અંક વિનાનાં મીડાં સર્વે, શુન્યે શુન્ય જણાય. શોભા૰ ૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શિયળવ્રતને અંક સમજશે, મીઠાં સદ્‌ગુણ માત્રરે;
શિયળ વિના સદ્‌ગુણીને પણ સો, કહેશે લોક કુપાત્ર. શોભા૦ ૬
અમૃત જેવાં ઉત્તમ ભોજન, પિરસ્યાં રુડી પેરરે,
પણ તે પર સર્પે ગળ નાખી, તો તે સર્વે ઝેર. શોભા૦ ૭
ધિક! ધિક! તેનાં માતપિતાને, ધિક! એના અવતારરે;
જે સંસાર વિષે જનમીને, શિયળ તજે નરનાર. શોભા૦ ૮
જીવ વિનાનું શરીર જેવું, તાર વિનાજ સતારરે;
શિયળ વિના નરનારી તેવાં, સૌ જાણે સંસાર. શોભા૦ ૯
જે કોઇ ઘેર જઇને બેસે, જાણે કયારે જાયરે?
મુવા પછી પણ માનવીઓમાં, લંપટ જન નિંદાય. શોભા૦ ૧૦
પરનારી માતા સમ માનો, પરનર પિતા સમાનરે;
તો આ લોક તથા પરલોકે, ભલું કરે ભગવાન. શોભા૦ ૧૧
સાળો કે સસરો કહેવાથી, તામસ કરે તમામરે;
સૌનો સાળો સૌનો સસરો, છે દ્વિજ દલપતરામ. શોભા૦ ૧૨

---

## ગરબી ૭૧ મી.

### પ્રેમીનાં જોડાં વિષે.

"હું તો ઇશ્વરને પૂજવા નીસરીરે લોલ,
ચોખા કંકાવટી ને કંકુ વીસરીરે લોલ"—એ રાગ.

સુરજ હો ભલે શોભીત, તેથી શું થયુંરે લોલ,
ચિત્ત ચંદ્રમાં ચકોરનું કર્યુંરે લોલ;
કોઇ ચંદ્રને કહે સારો શોભીત છેરે લોલ,
પદ્મને તો સૂર્ય સાથે પ્રીત છેરે લોલ;
મીન સર્વ સુખ માને રહી નીરમાંરે લોલ,
ખેદ પામીને મરે તે ખીરમાંરે લોલ;

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

પ્રીત દીપકમાં લાગી છે પતંગનીરે લોલ,
શુદ્ધ નહી સુખ દુઃખસંગનીરે લોલ. ૨
પતિમાં પતિવ્રતાની પ્રીત છે રે લોલ,
એજ એને સર્વથી શોભીત છે રે લોલ;
નેણ આપણાં તે આપણાજ કામનારે લોલ,
પારકાં નેણાં તે નેણ નામનારે લોલ ૩
એમ ઇંદ્રથી અધિક વલ્લભ* આપણોરે લોલ;
ગુણ રૂપ ને ગરથ માપણોરે લોલ;
ધ્રુવમાછલીનું સુખ ધ્રુવ ભણીરે લોલ,
તે વિના બીજાની તુચ્છતા ગણીરે લોલ. ૪
સૂર્ય ચંદ્ર સામું કોઇ સુખ ઠેરવેરે લોલ,
તે ભણી તે તરત પુંઠ ફેરવેરે લોલ;
જેમ વીજળીને પ્રીત વરસાદમાંરે લોલ,
નાગને તો મોરલીના નાદમાંરે લોલ. ૫
જેમ ભમરનો ભાવ મકરંદમાંરે[1] લોલ,
પોયણીનો પ્રેમ પૂરો ચંદમાંરે લોલ;
પૂરો પ્રેમ માંહો માંહે રાખે દંપતીરે લોલ,
એક એકના વડે શોભે અતીરે લોલ. ૬
શોભે નિશા વડે ચંદ્ર ચંદ્રથી નિશારે લોલ,
દિશા વડે કિરણ, કિરણથી દિશારે લોલ;
સભાથી શોભે પંડિત, પંડિતથી સભારે લોલ,
પ્રભા વડે ભાનુ, ભાનુથી પ્રભારે લોલ. ૭
શોભે ધીરવટે ઢાલ, ઢાલથી ધીરોરે લોલ,
હીરાવડે શોભે હેમ, હેમથી હીરોરે લોલ;
શોભે સેના વડે ભૂપ, સેના ભૂપથીરે લોલ,
ગુણ વડે શોભે રૂપ, ગુણ રૂપથીરે લોલ. ૮

* સ્વામી. [1] ફુલમાં રસરૂપે રહેલું મધ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શોભે પદમ વડે નીર, પદમ નીરથીરે લોલ,
મુગટ વડે શોભે શીર, મુગટ શીરથીરે લોલ;
શોભે પ્રાણ વડે દેહ, પ્રાણ દેહથીરે લોલ,
નારી વડે શોભે નેહ, નારી નેહથીરે લોલ. ૯
શોભે માત વડે બાળ, બાળ માતથીરે લોલ,
રાગ વડે જામે તાળ, રાગ તાળથીરે લોલ;
શોભે મુખવડે દંત, મુખ દંતથીરે લોલ,
નારી વડે શોભે નેહ, નારી નેહથીરે લોલ. ૧૦
શોભે ભક્તિ વડે ભાવ, ભક્તિ ભાવથીરે લોલ,
શઢ વડે ચાલે નાવ, શઢ નાવથીરે લોલ;
શોભે છે દયાથી દાન, દયા દાનથીરે લોલ,
વાજાં વડે શોભે ગાન, વાજું ગાનથીરે લોલ. ૧૧
એવાં જોડાં શોભે છે એક એકથીરે લોલ,
બે હળી મળી વસે વિવેકથીરે લોલ;
હૃદે રાખો રુડાં દલપતરામનાંરે લોલ.
જે કહ્યાં તે કથનો છે કામનાંરે લોલ. ૧૨

---

## ગરબી ૭૨ મી.

### પતિ રૂપી હીરા વિષે.

રાગ ઉપર પ્રમાણે

એક હીરો આવ્યો છે મારા હાથમાંરે લોલ,
શું વખાણું સૈયરોના સાથમાંરે લોલ;
મને ઇશ્વરે કૃપા કરીને આપિયોરે લોલ,
મેં તો મસ્તક મોર કરી થાપિયોરે લોલ. ૧
મને પ્યારો લાગે છે મારા પ્રાણથીરે લોલ,
પારખ્યો મેં પ્રેમના પ્રમાણથીરે લોલ;


P.P. Ac. Gunratnasuri M.S.   Jin Gun Aaradhak Trust

મેં તો હૈયાનો હાર કરી રાખિયોરે લોલ,
અંતરમાં એજ અભિલાખીઓરે લોલ. ૨
મારી જીવનદોરી તો એક એજ છે રે લોલ,
તે તો મારા નેણતણું તેજ છે રે લોલ;
જેમ છાયા ન છુટી પડે દેહથીરે લોલ,
તેમ હું જુદી પડું નહિ તેહથીરે લોલ. ૩
હું તો વારે વારે નિહાળું હેતથીરે લોલ,
સાચવું સંભાળીને સચેતથીરે લોલ;
જેવો હૈયાનો હાર હોય હેમનોરે લોલ,
પૂરો સમુદ્ર જેવો પ્રેમનોરે લોલ. ૪
જેમ ચાહે ચકોર ચિત્ત ચંદનેરે લોલ,
ચાહે ભમરા જેમ મકરંદનેરે લોલ;
મીન નીરથી કદાપિ જુદું જો પડેરે લોલ,
તે બિચારું ત્યાંજ થણું તરફડેરે લોલ. ૫
મોર ચાહે છે ચિતે જેમ મેહનેરે લોલ,
તેમ હું ચાહું છું ચિત્ત તેહનેરે લોલ;
તપે તન ને સંતાપ પામુ તે વિનારે લોલ,
પડે જીવને ન ચેન જે વિનારે લોલ. ૬
હું તો પ્રભુને લળીને પાયે લાગતીરે લોલ,
સુખ થકી એવું રત્ન માગતીરે લોલ;
હું તો પામી પુરા પુણ્યના પ્રતાપથીરે લોલ;
આવી મળ્યું તે આપોઆપથીરે લોલ. ૭
મારે કસર રહી ન કોઇ વાતનીરે લોલ,
એ તો આશીષ છે માતતાતનીરે લોલ;
મારો સર્વ મનોરથ સુફળ ફળ્યોરે લોલ,
મિત્ર મનમાન્યો મુજબ મળ્યોરે લોલ. ૮

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એક એનેજ દેખું મારી આંખથીરે લોલ,
પ્યારો મને પંખીની પાંખથીરે લોલ;
એવું વહાલું બીજું આ વિશ્વમાં નથીરે લોલ,
કોટી પ્રકારે શું કહું કથીરે લોલ. ૯

મારી આખી ઉમરનો એ સોબતીરે લોલ,
મોટામાં મોટો મારો મહોબતીરે લોલ;
મારા સુખદુઃખનો સદૈવ ભાગીઆરે લોલ,
સૌથી લાયક મને લાગીઆરે લોલ. ૧૦

મારું તન મન ધન હું તેને ગણુંરે લોલ,
ભાગ્ય મારું તે વડે ભલું ભણુંરે લોલ;
બીજા નજરે પડે છે ખહુ નામનારે લોલ,
કોઇ મારે એમાં નથી કામનારે લોલ. ૧૧

પ્રભુ પાસે માગું છું પુરા પ્રેમથીરે લોલ.
મારો હીરો મઢાજો પ્રેમ હેમથીરે લોલ,
દીલ આશીષ દલપતરામનીરે લોલ,
કર જોડી માગું એજ કામનીરે લોલ. ૧૨

---

## ગરબી ૭૩ મી.

## વીજળી વિષે.

"અજબ સલુણી પ્યારી મરગાનેણી ! તેં મોહન
વશ કીધોરે. "—એ રાગ.

ચળક ચળક ચળકંતી દશ દિશ, વિજળી ઉજળે અંગેરે;
સો વાતે એકલી નવ શોભે, શોભે વરસાદ સંગેરે.—ટેક.
જો વરસાદ વગર હોય વિજળી, ભડકા જેવી ભાસેરે;
ગુણવંતી જન કોઇ ગણે નહિ, તેને જોઇ સૌ ત્રાસેરે. ૧

P. P. Ac. Gunratnasuri M.S.　　　Jin Gun Aaradhak Trust

પડતી તે પરવતને પાડે, જોરાવર છે જાતેરે;
અલ્પ નથી કોઇની ઓશિયાળી, કસર નથી કોઇ વાતેરે. ૨

વસ્ત્રે વગર દિસતી નથી વરવી, ભક્ષ વગર નથી ભૂખીરે;
પણ વીજળી વરસાદ વગરની, લાગે જોતાં લૂખીરે. ૩

રાય વગર જેમ રાજ્ય ન શોભે, વસ્તી વગર જેમ ગામરે;
સદ્ગુણ વિણ જેમ જન નવ શોભે, ધણી વગર જેમ ધામરે. ૪

નીર વગર જેમ નદી ન શોભે, જળ વિણ પોયણી જેવીરે;
નાક વગર જેમ નારી ન શોભે, ધન વિણ વિજળી એવીરે. ૫

પ્રભુને પ્રણમીને સુખ માગે, વિજળી વારંવારરે;
વિજોગ કદી વરસાદતણો નવ, કરશો જગકરતારરે. ૬

સતી પતિમાં સ્નેહ ધરે છે, જોતાં વિજળી જેવારે;
દલપતરામ કહે દિલમાં તે, લક્ષ વિચારી લેવારે. ૭

---

## ગરબી ૭૪ મી.

## વિજોગની ગરબી.

" જઇને કહેજો મારા વાલમનેરે. "–એ રાગ.

પંખી તું તો મુજ પ્રાણ છે રે,
પરવર ઉડીને આકાશ; પિઉને કહેજે જઇ પંખીડારે. ટેક.
વાલા તારી ગોરી ગભરાય છે રે, દિન દિન દીલ રહે છે ઉદાશ. ૧
વનમાં કોયલ ટૌકા કરેરે, ભીતર ભેદે છે જેમ બાણ;
આંખે આંસુ ધારા વહેરે, પ્રેમદા કયમ કરી રાખે પ્રાણ? પિ૦ ૨
ન થઇ કેમ ઘડિયાળ હુંરે? શોભત ગજવામાં પિઉ સાથ;
ન થઇ વીંટી હું હેમનીરે, હરઘડી રહેત પ્રીતમને હાથ. પિ૦ ૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વાલમજીના વિજોગથીરે, ભાસે છે વસ્તી ભેંકાર;
ઘેર પધારો હવે ઘણું થયુંરે, છો અબળાના પ્રાણઆધાર. પિ૦ ૪
કઠણ કર્યું છે કેમ કાળજુંરે ? પરણીને વિચર્યા પરદેશ;
નાથ નમેરા એમ શું થયારે ? વનિતા મેલી બાળે વેશ. પિ૦ ૫
ચાર ઘડી પિઉ ચૌટે જતારે, જાણીએ વહી જતા જુગ ચાર;
પળપળ પંથ નિહાળતીરે, વદતી "પિઉ પિઉ" વારંવાર. પિ૦ ૬
સાંજ પડે આવે સાહબોરે, સૂરજને દેતી હું શાપ;
જાણું આ કયારેને આથમેરે ? મારે પિઉનો થાય મેળાપ. પિ૦ ૭
દહાડા દુઃખે નીતે હવેરે, રોતાં રોતાં રજની જાય;
ચમકે વીજ મેહુલા ઝરેરે, ત્યારે અંતર અતિ અકળાય. પિ૦ ૮
ઉત્તમ આવે દિન પર્વનારે, સૌને ઉર ઉપજે ઉત્સાહ;
મારે હોળી હૈયે બળેરે, દેખી દીલમાં લાગે દાહ. પિ૦ ૯
વાજે વાજાં વિવાહનાંરે, મારા ઘટમાં વાગે ઘાવ;
ભોજન સારાં હું શું કરુંરે, ભોજન કરવા ન વધે ભાવ. પિ૦ ૧૦
સારસડી પણ સદભાગણીરે, હરઘડી રહે કંથ હજૂર;
વૃક્ષે વેલી વળગી રહીરે, દૈવ ! હું રહી પ્રીતમથી દૂર. પિ૦ ૧૧
મળવા કાજે મનડું તપેરે, જીવ તલસે આઠે જામ;
જઇને એ તું લાવે અહીંરે, દેશે આશિષ દલપતરામ, પિ૦ ૧૨

P. P. Ac. Gunratnasuri M.S.   Jin Gun Aaradhak Trust

# ભાગ ૪ થો.

## વિવિધ ગરબીઓ તથા ધોળ.

### ગરબી ૭૫ મી.
### વિદ્યા વેલડીની ગરબી.

"મા તારું કારણ કળિજુગ માંયરે,
ખાળી ઓચરારે." —એ રાગ.

તું તો દોલતની દાતારરે, વિદ્યા વેલડીરે;
તારો પ્રતાપ અપરમપારરે, વિદ્યા વેલડીરે. ટેક.
તું બની પ્રભુનાં બાગમાંરે, ભલી શોભી સારા ભાગમાંરે;
પામી વિશ્વ વિષે વિસ્તારરે, વિદ્યા વેલડીરે. ૧
તારા ને સૂર્ય સુધી વધીરે, બહુ રોકી તેં પૃથ્વી બધીરે;
પાતાળે કીધો પેસારરે, વિદ્યા વેલડીરે. ૨
જન મનમાં તારું મૂળ છે રે, શોધકતા સારાં ફુલ છે રે;
પાકયાં ફળ તો વિવિધ પ્રકારરે, વિદ્યા વેલડીરે. ૩
વાહન ને વસ્ત્રો વાસણોરે, ઘેર ઘેર જે માલ બીજો ઘણોરે;
તે તો તારાં ફળ નિરાધારરે, વિદ્યા વેલડીરે. ૪
ભોજન ચીજો બહુ ભાતનીરે, જગમાં બીજી બહુ જાતનીરે;
એ તો તારો છે આભારરે, વિદ્યા વેલડીરે. ૫
રસ ઉત્તમ તુજ ફળમાં રહેરે, કવિ કોવિદ જન મુખથી કહેરે,
સુખ પામે તેથી સંસારરે, વિદ્યા વેલડીરે. ૬
જે રસ તારો પ્રીતે પીએરે, તે ઇશ્વરને ઓળખી લીએરે;
ઉચરે અગમગતિ ઉચ્ચારરે, વિદ્યા વેલડીરે. ૭
જે જનને મન તું જામશેરે, સન્માન સભામાં પામશેરે;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તું તો સજ્જનનો શણગારરે,  વિદ્યા વેલડીરે. ૮
જે જનથી તું દૂરે રહીરે, તે નરનારી જાતે નહીરે;
તે તો પશુતણો અવતારરે,  વિદ્યા વેલડીરે. ૯
તું સંકટમાં સાથે રહે રે, તું દુઃખતણા વનને દહેરે;
તું તો નોધારા આધારરે,  વિદ્યા વેલડીરે. ૧૦
તારી છાયા છે શીતળ સદારે, જ્યાં ઉપજે નહીં કાંઇ આપદારે,
તું તો અકળકળા *અંબારરે,  વિદ્યા વેલડીરે. ૧૧
તું થિર ઠરી થઇ આ ઠામનીરે, કર કુંશળ પુરુષ ને કામનીરે;
વિનવે દલપત વારંવારરે,  વિદ્યા વેલડીરે. ૧૨

---

## ગરબી ૭૬ મી.

### સર્વ સારસંગ્રહની ચોપડી વિષે.

"ગોકુળ આવો શ્રીનાથજીરે."–એ રાગ.

દીઠી એક દેવી અમેરે, જેના ગુણ ગણતાં ન ગણાય;
તેની સોબત જન જે સજેરે, અજ્ઞાની પણ જ્ઞાની થાય. ૧
સાચી હોય જો +સોપડીરે, તાપણ ચોપડી ધારે નામ;
એવી એની છે નમ્રતારે, આપે નામ શિખામણ આમ. ૨
જ્ઞાની સાથે વાતો કરેરે, અજ્ઞાની આગળ રહે ચૂપ;
કાંઇ બોલાવી બોલે નહીરે, હોય ભલે તે મોટો ભૂપ. ૩
સ્વપને ન કરી હોય મુસાફરીરે, તેને પણ દિલ જાગે જ્યોત;
બેઠાં બેઠાં બધુંએ જુએરે, પર્વત નદીઓ સાગર સોત. ૪
દેશો દેશે દેખી વળેરે, એવો એનો પૂર્ણ પ્રતાપ;
શિક્ષા એની જો માનીએરે, આપે ઉત્તમ સુખ અમાપ. ૫
જો કદી અંતર આપણુંરે, દેખે તે દેવી ઉદાસ;
રુડી રીતે રંજન કરેરે, કાપી નાંખે છે કંકાસ. ૬

---

* જથ્થો. + સો પડવાળી.

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

જૂની વાતો જાણે બધીરે, જેવી ઘરડી ડોશી હોય;
ઉચરે આપણી આગળેરે, બીજું કહી શકે નહિ કોય. ૭
વળી તે વૈદું જાણે ઘણુંરે, ઓસડ વેસડની બહુ વાત;
શીખવે આપણને સ્નેહથીરે, રાખી રાખીને રળિયાત. ૮
ખાંતે જ્ઞાન ખગોળનુંરે, આપે આપણને અત્યંત;
સુરજ ચંદ્ર ગ્રહણું વિષેરે, એવા ઉચરે મર્મ અનંત. ૯
સંકટ આવે કાંઇ જે સમેરે, એને પૂછો જઇ ઉપાય;
તો તે બાઇ બતાવશેરે, જો માનો તો સંકટ જાય. ૧૦
જગ સૃજનારે એને સૃજીરે, કોટિક આપણા સુખને કાજ;
માટે રાખો મનમાં તમેરે, એના ઉપર પ્રીતિ આજ. ૧૧
એની સાથે એકાંતમાંરે, બેઠા હોઇએ કોઇ ઠામ;
જાણે સો જન સાથે છૈયેરે, દિલમાં ભાસે દલપતરામ. ૨૧

---

## ગરબી ૭૭ મી.

### સુધારાની ચઢાઈની ગરબી.

રાગ ઉપર પ્રમાણે

સુધારો રાણો રણમાં ચડયોરે, ફાવે તેવી લઇને ફોજ;
વેરી વહેમની ઉપરેરે, ગુસ્સો લાવી ચિત્ત ઘણોજ;
પડઘમ લાગે રસપૂરમાંરે. ૧
રાણીજાયો રણમાં લડેરે, શત્રુથી સજવા સંગ્રામ;
સાથી તેના શાણા ઘણારે, થાણાં થાપ્યાં ઠામો ઠામ. પડઘમ. ૨
પુસ્તક રૂપી કમાનથીરે, બહુ વિધનાં છુટે છે બાણ;
ચિંતવી ચોટ ચુકે નહીરે, પાપી વહેમના લે પ્રાણ. પડઘમ. ૩
નકશા નૌતમ વાવટારે, નિશાળ રણભૂમિ નિરધાર;
પલટણ બાળક ને બાળકીરે, શિક્ષક શાણા સરદાર. પડઘમ. ૪
લેખણ રૂપી ભાલા ભલારે, સાલે શત્રુને થઈ સાલ;
અખતર ટેકનાં બનાવિયાંરે, ધારી ધીરજ રૂપી ઢાલ. પડઘમ. ૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગોળા ભૂગોળ ખગોળનારે, છરણુ કિલ્લા જૂના ચાલ;
તે તો માંડ્યા છે તોડવારે, જે કાંઈ હલકા જાણ્યા હાલ. ૬
શૂરા પૂરા સનમુખ લડેરે, બીકણુ છાના રહીને છેક;
જીત સુધારાની સૌ ચહેરે, અદ્‌ભુત કરે ઉપાય અનેક. પડ૦ ૭
કષ્ટ પડે આવી કંઇકનેરે, સાંખે સ્વદેશના સુખ કાજ;
સૌ જન સાચાં સુખ ભોગવેરે, થાય સુધારાનું જે રાજ. પડ૦ ૮
દેશ સુધારાને કારણેરે, કંઈક કીધાં શિર કુરબાન;
કર્યો પ્રવાસ વિલાયતેરે, સંકટ સાંખ્યું યુદ્ધ સમાન. પડ૦ ૯
રકમો આપીને રોકડીરે, કંઈકે કર્યા સુધારા સ્થાન;
પુસ્તકશાળા આદિક રચ્યાંરે, વધવા વતનીજનનું જ્ઞાન. પડ૦ ૧૦
વૈરી વહેમની ફોજનુંરે, કોઇ કોઈ વખતે જોર જણાય;
ગોળા ચાલે ગપ્પોતણારે, જોતાં ઉડી હવામાં જાય. પડઘમ. ૧૧
દિન દિન આપણા દેશમાંરે, થજો સુધારો ઠામો ઠામ;
ઇશ્વર આગળ એટલુંરે, દિલથી માગે દલપતરામ. પડઘમ. ૧૨

---

## ગરબી ૭૮ મી.

### પૃથ્વીરૂપી ગાલીચા વિષે.

"તજો તમે ટેક કરમ કરવું."—એ રાગ.
ગુંથ્યો કોણે આ રુડો ગાલીચો ?
નજર કરો પાથર્યો છે નીચો.　　　ગુંથ્યો૦ ટેક
કરી એમાં કારીગરી સારી,
બુટા ને વેલો વચ્ચે ધારી,
બનાવ્યો જેણે તેની બલિહારી.　　　ગુંથ્યો૦ ૧
ચેતનમય ચિત્ર રુડાં ચળકે,
ઝાઝાં મણિ માણેક માંહિ ઝળકે,
નદીઓનાં નિર્મળ જળ ખળકે.　　　ગુંથ્યો૦ ૨

P. P. Ac. Gunratnasuri M.S.　　　Jin Gun Aaradhak Trust

સાગર ને શૈલ સરોવર છે,
ભૂચર ને ખેચર જળચર છે,
નગર વન નારીઓ ને નર છે. ગુંથ્યો૦ ૩
સોના રૂપા સહિત બધી ધાતુ,
કહેતાં નથી જીભે કહ્યું જાતું,
ગાલીચાનું મૂલ નથી થાતું. ગુંથ્યો૦ ૪
ગાલીચામાં રંગ બધા રાજે,
કર્યો છે જુઓ આપણા કાજે,
ઉપર મેઘાડંબર છત છાજે. ગુંથ્યો૦ ૫
બનાવ્યો હશે જેણે એ બાઇ!
કહો તેની કેવી ચતુરાઇ?
શોભે જેની અદભુત સરસાઇ. ગુંથ્યો૦ ૬
કારીગરીની કીરતી કરીએ,
અધિક ઉપકાર અંતર ધરીએ,
દિને દિને દીનતા ઉચ્ચરીએ. ગુંથ્યો૦ ૭
ગાલીચાની ગરબી ગાઈ આ મેં,
પ્રભુનો મહિમા છે પરિણામે,
દિલ એમ ગણ્યું દલપતરામે. ગુંથ્યો૦ ૮

---

## ગરબી ૭૯ મી.

### આકાશ તથા કાળ વિષેની ગરબી.

"મારું સોનાનું છે બેડુંરે, છેલ છબીલા છોગાળા."—એ રાગ.

જોયા બે જૂના જોગીરે, કહે સૈયર તે કોણ હશે?
નથી નિર્બળ કે કાંઇ રોગીરે, જ્યાં જોઉં ત્યાં વાસ વસે. ૧
અધઘડી થાતા નથી અળગારે, કહે સૈયર તે કોણ હશે?
એમ એક બીજાને વળગ્યારે, જ્યાં જોઉં ત્યાં વાસ વસે. ૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મન ધારી પરસ્પર માયારે, કહે સૈયર તે કોણ હશે ?
બંનેની એકજ કાયારે, જયાં જોઉં ત્યાં વાસ વસે. ૩
એક સ્થિર રહે એક દોડેરે, કહે સૈયર તે કોણ હશે ?
પણ જણાય જોડે જોડેરે, જયાં જોઉં ત્યાં વાસ વસે. ૪
મણિઓની* પહેરી માળારે, કહે સૈયર તે કોણ હશે ?
દીસે છે રુડા રૂપાળારે, જયાં જોઉં ત્યાં વાસ વસે. ૫
વળી વસ્ત્ર ધર્યાં વાદળિયાંરે, કહે સૈયર તે કોણ હશે ?
બે ગોળ ધર્યા માદળિયાંરે;+ જયાં જોઉં ત્યાં વાસ વસે. ૬
વસ્તીમાં વળી વગડામાંરે, કહે સૈયર તે કોણ હશે ?
ગિરિરાજતણી ગુફામાંરે, જયાં જોઉં ત્યાં વાસ વસે. ૭
છે પવન-પાવકી પાસેરે, કહે સૈયર તે કોણ હશે ?
અંતરિક્ષે પણ એ ભાસેરે, જયાં જોઉં ત્યાં વાસ વસે. ૮
પાતાળે પણ તે પેસેરે, કહે સૈયર તે કોણ હશે ?
જઇ સ્વર્ગ નરકમાં બેસેરે, જયાં જોઉં ત્યાં વાસ વસે. ૯
એની ઉમ્મર કંઈક ગણે છેરે, કહે સૈયર તે કોણ હશે ?
પણ ભૂલી ફરી ભણે છેરે, જયાં જોઉં ત્યાં વાસ વસે. ૧૦
કંઇ ઉપજે અને ખપે છેરે, કહે સૈયર તે કોણ હશે ?
પણ એ તો એના એ છેરે, જયાં જોઉં ત્યાં વાસ વસે. ૧૧
કોણ જાણે જનમ્યા કયારેરે, કહે સૈયર તે કોણ હશે ?
કયાં સૂધી કાયા ધારેરે, જયાં જોઉં ત્યાં વાસ વસે. ૧૨
એનો આદિ અંત ન આવેરે, કહે સૈયર તે કોણ હશે ?
સખી કોણ મુજને સમજાવેરે, જયાં જોઉં ત્યાં વાસ વસે. ૧૨
અચરજ સરખું આ ઠામેરે, કહે સૈયર તે કોણ હશે ?
દિલે દીઠું દલપતરામેરે, જયાં જોઉં ત્યાં વાસ વસે. ૧૪

---

* તારા મંડળની.　　+ સૂર્ય, ચંદ્ર.

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

## ગરબી ૮૦ મી.

### સૂરજમાળાની ગરબી.

"ઘડુલે ઘુઘરમાળ, ઘડુલો ઘુમે છે."—એ રાગ.

એક [1]ઠાકોરનો જુઓ ઠાઠ, ઠરેલા સૌ ઠામે;
જેના જશનો પવિત્ર છે પાઠ, ઠરેલા૦ ૧
ઘણાં પરગણાં [2]તેને ઘેર, ઠરેલા૦
એક એકમાં એક છે શહેર[3] ઠરેલા૦ ૨
જાણે રાજધાની એજ હોય, ઠરેલા૦
નથી કેમ કહી શકે કોય, ઠરેલા૦ ૩
કિયા ધનવંતનાં હશે ધામ, ઠરેલા૦
નવ જાણું હું તેઓનાં નામ, ઠરેલા૦ ૪
દીસે દૂરથી રુડો દેખાવ, ઠરેલા૦
ભાળી અંતરે ઉપજે ભાવ, ઠરેલા૦ ૫
તેના તાબામાં[4] નગર અનેક, ઠરેલા૦
આપે આધાર તે એક એક, ઠરેલા૦ ૬
પરાં[5] છે વળી નગરની પાસ, ઠરેલા૦
કોણ જાણે ત્યાં કોનો છે વાસ, ઠરેલા૦ ૭
જ્યાં જ્યાં જોઇએ ત્યાં વસ્તી જણાય, ઠરેલા૦
નવી નિપજે ને જૂની તે જાય, ઠરેલા૦ ૮
ભૂપ લે સૌની સંભાળ, ઠરેલા૦
ઘણો પ્રેમી પ્રજા-પ્રતિપાળ, ઠરેલા૦ ૯
એકલો તે કરે ઇનસાફ, ઠરેલા૦
મહેર આવે તો કરે માફ, ઠરેલા૦ ૧૦
એક છત્ર કરે છે રાજ, ઠરેલા૦
નથી પડતું પ્રધાનનું કાજ, ઠરેલા૦ ૧૧

૧ પરમેશ્વર. ૨ સૂર્યમાળા. ૩ સૂર્ય. ૪ ગ્રહ. ૫ ઉપગ્રહ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એની શક્તિ છે અપરમપાર, ઠરેલો૦
નથી એનાથી છાનું લગાર, ઠરેલો૦ ૧૨
એને જોઇ ન શકે કોઇ જેમ, ઠરેલો૦
એ તો ઓજલમાં રહે એમ, ઠરેલો૦ ૧૩
નવ બોલે કોઇ સાથે બોલ, ઠરેલો૦
એવો તખતનો રાખે છે તોલ, ઠરેલો૦ ૧૪
નથી દેતો લેતો હાથેહાથ, ઠરેલો૦
નથી નજરે દીઠા કોઇને નાથ, ઠરેલો૦ ૧૫
એનું કામ દેખીને કહેવાય, ઠરેલો૦
રહ્યો છાનો ત્રિભુવનરાય, ઠરેલો૦ ૧૬
ઠાલો ન મળે એના વિના ઠામ, ઠરેલો૦
દીલે ધરે છે દલપતરામ, ઠરેલો૦ ૧૭

---

## ગરબી ૮૧ મી.

### પ્રભુને ધ્યાનમાં રાખીને ગાવા વિષે.

" મારી માત બોચરારે લોલ. "—એ રાગ.

આઓ ગીત ગાનમાંરે લોલ, ધરી હરી ધ્યાનમાંરે લોલ;
તાળી પાડી તાનમાંરે લોલ; ગાઓ ગીત ગાનમાંરે લોલ. ૧
ઉત્તમ સમો આજનોરે લોલ, ગાવા ગુણ કાજનોરે લોલ;
રાજા અધિરાજનોરે લોલ, ગાઓ ગીત ગાનમાંરે લોલ. ૨
ધરમ મનમાં ધરીરે લોલ, કરમ તો રુડાં કરીરે લોલ;
શરમ અનુસરીરે લોલ, ગાઓ ગીત ગાનમાંરે લોલ. ૩
ગાઇએ ગરબાવળીરે લોલ, ભાવિક જનમાં ભળીરે લોલ;
હેતેથી હળીમળીરે લોલ, ગાઓ ગીત ગાનમાંરે લોલ. ૪
વિશ્વેશ કૃપા વડીરે લોલ, આવી આજની ઘડીરે લોલ;
ફરી ફરી કુદડીરે લોલ, ગાઓ ગીત ગાનમાંરે લોલ. ૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હરિ ગુણ ગાઇએરે લોલ, શાને શરમાઇએરે લોલ?
હઇડે હરખાઇએરે લોલ, ગાઓ ગીત ગાનમાંરે લોલ. ૬
તજીને બીજી ગપોરે લોલ, ખરા ભક્તમાં ખપોરે લોલ;
જે! જે! હરિની જપોરે લોલ, ગાઓ ગીત ગાનમાંરે લોલ. ૭
દુરિત તજી દેહથીરે લોલ, નાચો કુદો નેહથીરે લોલ;
તાજા થશો તેહથીરે લોલ, ગાઓ ગીત ગાનમાંરે લોલ. ૮
પ્રભૂ પગે લાગીએરે લોલ, મુખે એમ માગીએરે લોલ;
ભીતી ભ્રમ ભાગીએરે લોલ, ગાઓ ગીત ગાનમાંરે લોલ. ૯
નીતિની રીતથીરે લોલ, પ્રભુપર પ્રીતથીરે લોલ;
હંબોડા* લ્યો હેતથીરે લોલ, ગાઓ ગીત ગાનમાંરે લોલ. ૧૦
સંકટ સૌનાં કાપજોરે લોલ, અધર્મ ઉથાપજોરે લોલ.
અધિક સુખ આપજોરે લોલ, ગાઓ ગીત ગાનમાંરે લોલ. ૧૧
રીઝે સ્વામી સત્યનોરે લોલ, જીવન જે જગતનોરે લોલ;
પ્રભુ દલપતરામનોરે લોલ, ગાઓ ગીત ગાનમાંરે લોલ. ૧૨

## ગરબી ૮૨ મી.

### શિખામણ નહિ માને તે વિષે.

"વનમાં ભુલી પડીરે, પેલો કયાં ગયો કાનુડો?"--એ રાગ.
કહિયે કેટલુંરે? મૂરખ શિખામણ નવ માને;
ક્રોડ કહો દ્રષ્ટાંત કહી પણ, કથન ધરે નહિ કાને. કહિયે--ટેક
જે કારજ કરવાનો જેને, પવન મગજમાં પેઠો;
વળતી કોઇનું વાર્યું ન કરે, હારી બેસે હેઠો. કહીએ૦ ૧
અંધારામાં આંખો મીચી, દોડે લઇ હઠિલાઇ;
વાળ્યો કોઇનો પાછો ન વળે, વળે ભીંતે ભટકાઇ. કહીએ૦ ૨
અવળી બુદ્ધિ જેને ઉપજે, અવળે અવળું દેખે;
પૂરવ દિશને પશ્ચિમ જાણે, પશ્ચિમ પૂરવ લેખે. કહીએ૦ ૩

*ફુદીને તાળી લેવી તે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પતંગને પકડી દીપકથી દૂર કદી મૂકાવો;
પણ આવી દીપક પર પડશે, પછી કરે પસ્તાવો. કહીએ૦ ૪
માત પિતાની વાત ન માની, ભણતાં આળસ આણી;
મૂરખ મોટો થઈને રડશે, પાપણુ લાવી પાણી. કહીએ૦ ૫
કુકર્મ કરતાં કાંઈ ડરે નહિ, મદ ઉપજે મન જયારે;
વળતી મોટી વિપત્તિ પડશે, તે પસ્તાશે ત્યારે. કહીએ૦ ૬
પાડાખારે પડી પરસ્પર, ખૂબ લડાઇ લેશે;
છોડાવ્યા કોઇના નહિ છૂટે, થાકીને થિર રહેશે. કહીએ૦ ૭
આપ અકલથી સમજૂ સમજે, જનસમજે, સમજાવ્યો;
સમજાવ્યાથી જે નવ સમજે, અધમ પશુ ઉપજાવ્યો. કહીએ૦ ૮
પત્થર ઉપર પાણી રેડો, પણ ભીતર નવ ભીંજે;
કઠોર અંતઃકરણ કુટિલને, શી શિખામણ દીજે ? કહીએ૦ ૯
શિખામણ સુણતાં શત્રૂ થઇ, પીડા કરે પરિણામે;
એવા દુષ્ટો પણ દુનિયામાં, દીઠા દલપતરામે. કહીએ૦ ૧૦

---

## ગરબી ૮૩ મી.

### ઘુમીને ગાવાની ગરબી.

"ચાલ ગાગર, ચાલ ગાગર, જમનારે જઇએ—એ રાગ.

આજની ઘડી ઇશ્વરે આપી,
રંગભેર રાગ આલાપીએ. ઘૂમનારી ઘૂમો. ૧
ગાઇએ ગીત મીઠાં મીઠાં મન માન્યાં,
તનતન લેઇને તાનારે. ઘૂમનારી૦ ૨
ભેર ભુંગળ વાજાં ભલાં વાજે,
ગગનમાં જેમ ઘન ગાજેરે. ઘૂમનારી૦ ૩
આજ ખુશીનો રત્નાગર રેલ્યો,
ખુશીથી ખાંતે ખાંતે ખેલોરે. ઘૂમનારી૦ ૪

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

તાનમાં તાનમાં પાડીએ તાળી,
આવો રાજવણ રઢિયાળીરે. ઘૂમનારી૦ ૫
રમિ રમિ રંગભેર રંગથીરે રાચો,
થનગન તાથેઇ નાચોરે. ઘૂમનારી૦ ૬
ચળક ચળક કેવી ચાંદનીરે ચમકે?
ઘમ ઘમ ઘુઘરા ઘમકેરે. ઘૂમનારી૦ ૭
હોંશે હોંશે હૈડાનો હરખ દેખાડો,
દે પ્રભુ રાજ આવો દહાડોરે. ઘૂમનારી૦ ૮
ધામ આગળ ધામધુમ મચાવો,
લાખેણો લીજીએ લાવોરે. ઘૂમનારી૦ ૯
ખેલતાં ખાંત આજ રાખવી ન ઉણી,
સાંભળો સૈયર સલુણીરે. ઘૂમનારી૦ ૧૦
આજ અતિશે થયો આનંદમાં ઉમેરો,
પાડ માનીએ પ્રભુજી કેરોરે; ઘૂમનારી૦ ૧૧
હળીમળી હેતથી આ રીતથી રમી જે,
દલપતનો દેવ રીઝેરે. ઘૂમનારી૦ ૧૨

---

## ગરબી ૮૪ મી.

### તાન લઇને ગાવાની ગરબી.

"વારી જાઉં વાલમજી."—એ રાગ.

સખી ખુબ આજ ખુશી ખુશી થઇનેરે. તનનન તાનાં લ્યો.
લાભ ભણતરનો લઇનેરે, તનનન તાનાં લ્યો. ૧
વાત વિવિધ વિવેકની વાંચીરે, તનનન તાનાં લ્યો;
સદ્‌ગુણ અંતરમાં સાંચીરે, તનનન તાનાં લ્યો. ૨
પ્રભુપદનું જ્ઞાન પણ પામીરે, તનનન તાનાં લ્યો;
આજ ખુશીમાં નહિ કાંઈ ખામીરે, તનનન તાનાં લ્યો. ૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આવો ભૂગોળવિદ્યા ભણિયેરે, તનનન તાનાં લ્યો;
ગુણ ગણિતવિદ્યાના ગણિયેરે, તનનન તાનાં લ્યો. ૪
અબળાનાં ભાગ્ય આજ ખૂલ્યાંરે, તનનન તાનાં લ્યો;
ભણવા બેઠાં ને વહેમ ભૂલ્યાંરે, તનનન તાનાં લ્યો. ૫
દુઃખના તો વહિ ગયા દહાડારે, તનનન તાનાં લ્યો;
દિન રુડા પ્રભુએ દેખાડયારે, તનનન તાનાં લ્યો. ૬
લીધી લેખણ ખડિયો પાટીરે, તનનન તાનાં લ્યો;
દુશ્મનનાં દિલ પડયાં ફાટીરે, તનનન તાનાં લ્યો. ૭
ભૂત પ્રેતનો વહેમ ગયો ભાગીરે, તનનન તાનાં લ્યો;
જ્યોત જ્ઞાનની જીવમાં જાગીરે, તનનન તાનાં લ્યો. ૮
હવે ઠગથી નહિ ઠગાઇએરે, તનનન તાનાં લ્યો;
હવે નિર્લજ ગીત નહિ ગાઇએરે, તનનન તાનાં લ્યો. ૯
હવે અદબ ધરી ઉચરીશુંરે, તનનન તાનાં લ્યો;
હવે ઠોઠ જેવાં નહિ ઠરીશુંરે, તનનન તાનાં લ્યો. ૧૦
હવે સમજણ પામશું સારીરે, તનનન તાનાં લ્યો;
હવે ચાલશું ચિત્તે વિચારીરે, તનનન તાનાં લ્યો. ૧૧
હવે સંપનો શિખશું સુધારોરે, તનનન તાનાં લ્યો;
દલપતનો દેવ સંભારોરે, તનનન તાનાં લ્યો. ૧૨

---

## ગરબી ૮૫ મી

### ઈશ્વર માયા વિષે—ગરબી ૧ લી.

"ઓ વાંસલડી, વેરણ થઈ લાગી તું વ્રજની નારને."—એ રાગ.

સુણ સાહેલી, ઇશ્વર માયાનો અદ્ભુત ખેલ છે;
અચરજ ઉપજે, રચના એવી ઠામોઠામ રચેલ છે.-ટેક.
જીવ જંતુની કાયા જામી, આકાર ભલા એ કેમ પામી?
જો જતાં નવ દીસે ખામી; સુણ સાહેલી૦


P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

જળ જંતુ તો ઉપજે જળમાં, મળના કીડા ઉપજે મળમાં,
એ પિંડ કોણે ઘડિયા પળમાં? સુણ સાહેલી૦ ૨
બોલે છે તેમાં કોણ બેઠું? એ પવન સંગાતે શું પેઠું?
એ પવન જતાંજ પડે હેઠું; સુણ સાહેલી૦ ૩
હલકા જંતુ મોટા હાથી, સૌ પેટ ભરે છે તે શાથી?
આહાર ન રાખે એ *આથી; સુણ સાહેલી૦ ૪
જે જીવોને કીધા જેવા, ઉદ્યમ સોંપ્યા સૌને એવા;
નવ પામે પળ વિરતિ[1] લેવા; સુણ સાહેલી૦ ૫
ગણીજે તારાગણુ કોડ ગમે, આધાર વિના આકાશ ભમે;
એ અકળિત વાત કળાય કયમે? સુણ સાહેલી૦ ૬
રવિ કિરણો રોજ પ્રકાશ કરે, વળી તે ફરતા ગ્રહ તો વિચરે;
તે ફેર નિયમસર કેમ ફરે? સુણ સાહેલી૦ ૭
તે તૂટે તો કોણ સાંધે છે? તે છૂટે તો કોણ બાંધે છે?
બહુ વર્ષ વિત્યાં વણુ વાંધે છે; સુણ સાહેલી૦ ૮
મોંબદ્ધ ઘડો વનમાંહિ મળે, માંહિ શું છે તે કહો કોણ કળે?
વળી તે સંશય શી રીત ટળે? સુણ સાહેલી૦ ૯
ધણી નવ દીસે ત્યાં ધરનારો, નકી કોણ કહે કોણ કરનારો?
તે સ્થિર હશે કે ફરનારો? સુણ સાહેલી૦ ૧૦
નથી દીઠો કોઇએ નજરભરી, નથી બોલ્યો તે કોઈ સાથ જરી;
સઉ ઉચરે છે અનુમાન કરી, સુણ સાહેલી૦ ૧૧
નથી જાણતું કોઇ એનું નામે, કલ્પિત નામો કીધાં આ મેં;
એ સત્ય કહ્યું દલપતરામે, સુણ સાહેલી૦ ૧૨

---

* સંઘરી. 1 વિશ્રામ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ગરબી ૮૬ મી.

### ઇશ્વરની માયા વિષે—ગરબી ૨ ૭.

રાગ ઉપર પ્રમાણે.

સુણ સાહેલી ઇશ્વરની માયા જોઈ અચરજ ઉપજે;
જોઈ મન મારું કોડ વિચાર કરે, પણ સંશય શું તજે?–ટેક.

કોઇ સર્વ પ્રકારે સુખિયા છે, કોઇ દેહ ધરીને દુખિયા છે,
કોઈ મનુષ્ય ઘણામાં મુખિયા છે; સુણ સાહેલી૦ ૧
કોઇ ગર્ભ થકી પણ જાય ઝરી, કોઇ જન્મ ધરીને જાય મરી,
કોઇ સંવત્સર સો પૂર્ણ કરી; સુણ સાહેલી૦ ૨
કોઇ પામે છે માગ્યા મેવા, કોઈ ભવથી ભિખારી જેવા,
એ શા કારણ ઉપજ્યા એવા? સુણ સાહેલી૦ ૩
કોઇ દેહ ધરીજ દિવાના છે, કોઇ મહા પંડિત મનમાન્યા છે,
કોઇ મૂગા કોઇ મસ્તાના છે; સુણ સાહેલી૦ ૪
એ પરભવનું કાંઇ કર્મ હશે? કે કારણ બીજાં કાંઈ હશે?
અંતે કેવા ઇનસાફ થશે? સુણ સાહેલી૦ ૫
પશુ પંખી જાતે કેવાં છે! જે દીવાના જન જેવા છે,
એને શું લેવા દેવા છે? સુણ સાહેલી૦ ૬
*એ નરકે કે સ્વર્ગે જાશે? અંતે એની ગતિ શી થાશે;
એ કેમ નકી કરી કહેવાશે? સુણ સાહેલી૦ ૭
ઇશ્વરને તો સો સરખા છે, નબળા સબળા કયમ નરખ્યા છે,
કોઈ દિલગિર ને કોઇ હરખ્યા છે; સુણ સાહેલી૦ ૮
થાવર પ્રાણી તો થિર રહે છે, નહિ એમાં અકલ કશી કહે છે,
ગાં પાપ થકી સંકટ સહે છે! સુણ સાહેલી૦ ૯
જે દુનિયા મધ્યે દેહ ધરે, તે એક બીજાનો આહાર કરે,
તેથી પુણ્ય હશે કે પાપ ભરે, સુણ સાહેલી૦ ૧૦

* ગાંડા જના.

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જેને બુદ્ધિ આપી જેવી, એને સમજણ ઉપજે છે એવી,
હવે કર્તાની ઇચ્છા કેવી? સુણ સાહેલી० ૧૧
છે ઇશ્વર શી મરજી તારી, નહિ સમજી શકી સમજણ મારી,
દલપત કહી દે પોકારી. સુણ સાહેલી० ૧૨

---

## ગરબી ૮૭ મી.

### પ્રભુના મહિમાની ગરબી.

"આજ મારે આંગણેરે, પ્રભુજી દાતણ કરતા જાઓ."—એ રાગ.

સખી મેં તો સજીરે, પૂરી પરમેશ્વરશું પ્રીત;
હવે હું હેતથીરે, ગાઉં ગોવિંદગુણનાં ગીત. ૧
જગ જેણે રચ્યુંરે, જેણે રચી આ રાશી બાર;
મહિમા મુખ થકીરે, કહેતાં કાંઇ ન પામે પાર. ૨
વિધ વિધ નામથીરે, જેને ભજે સકળ સંસાર;
ઇશ્વર એક છેરે, નૈતમ નોધારા આધાર. ૩
ભાષા ભેદથીરે, નોખાં નોખાં પડિયાં નામ;
રહેણી રાખવીરે, કથની કથવાનું શું કામ? ૪
પર ઉપકારથીરે, રીઝે તે રાજા અધિરાજ;
તે માટે સદારે, કરવું ઉત્તમ એવું કાજ. ૫
સૌ સંપી મથીરે, જો રહિયે દિવસને રાત;
ભજીએ ભાવથીરે, તો રીઝે તે જગનો તાત. ૬
અન્ય ઉપાયથીરે, તે પ્રભુ થાય નહીજ પ્રસન્ન;
મર્મ વિચારીનેરે, મનમાં સમજે સમજુ જન. ૭
જનમી જગતમાંરે, કરવાં પ્રભુ રીઝે તે કામ;
સાર્થક તે સદારે, દિલમાં જાણે દલપતરામ. ૮

---

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ગરબો ૮૮ મો.

### ઇશ્વરના મહિમા વિષે.

" વ્હાલા ! તમે પુરુષ અમે નારી. "–એ રાગ.

જયજય! પ્રભુ અંતરજામી, બળવંત વિદિત બહુ નામીરે.જયજય–ટેક.
તુજ મહિમા જગમાં છે મોટો, વાણી પાર ન પામીરે. જયજય૦ ૧
કોઇ પ્રકારે તારાં કૃત્યમાં, ખચિત નથી કાંઇ ખામીરે. જયજય૦ ૨
તુજ વશ વગર વડી વડી વાતો, કહીએ સર્વ નકામીરે. જયજય૦ ૩
તું ઇશ્વર અધિદેવ અમારો, ધીમંતા+ અવિચળ ધામીરે. જયજય૦ ૪
અશરણ શરણ સદા તું એકજ, સૃષ્ટિ સકળનો સ્વામીરે. જયજય૦ ૫
તુજ ભક્તોપર સંકટ શત્રુ, શસ્ત્ર શંકે ના ઉગામીરે. જયજય૦ ૬
દલપતરામ કહે તુજ જશમાં, મુજ મનવૃત્તિ વિરામીરે. જયજય૦ ૭

## ગરબો ૮૯ મો.

### ઇશ્વરની સ્તુતિ વિષે.

રાગ ઉપર પ્રમાણે.

જયજય ! પ્રભુ કરુણાકારી, અમે સ્તુતિ ઉચ્ચરિયે તારીરે;જયજય ટેક.
તેં સૂરજ શશી તારા સરજ્યાં, સૃષ્ટિ તેં શણગારીરે. જયજય૦ ૧
સાગર શૈલ સરોવર સરિતા, પશુ પંખી નરનારીરે. જયજય૦ ૨
સરજીને વળી તું સંભાળે, ધર્મ પોતાનો ધારીરે. જયજય૦ ૩
નાથ વળી તેં કીધા નિયમો, વિવિધ પ્રકાર વિચારીરે. જયજય૦ ૪
ધ્યાન અમે ઉર તારું ધરીએ, સદા તને સંભારીરે. જયજય૦ ૫
અહોનિશ તુજ ઉપકાર ઉચરીએ,અલ્પમતિથી અમારીરે.જયજય૦ ૬
ઓ પ્રભુ ! રક્ષણ કરજે અમારું,આપદ સમય ઉગારીરે.જયજય૦ ૭
દલપતરામ સદા તને વંદે, ધ્યાન હૃદયમાં ધારીરે. જયજય૦ ૮

+ બુદ્ધિમાન.

P. P. Ac. Gunratnasuri M.S.     Jin Gun Aaradhak Trust

## ગરબી ૯૦ મી.

### ઇશ્વરની સ્તુતિની ગરબી.

"ખેલ ખેલરે ભવાની મા, દેશીડા મઢ ઉંઠ."–એ રાગ.

ધન્ય ધન્યરે સૌના આધાર, જય દેવાધિદેવ;
કરુણાસાગર કોટિ જગકર્તાર. જય દેવાધિદેવ. ૧
ભગવત અખિલ ભુવનનો તું ભુપાળ, જય દેવાધિ૦
દુઃખવિદારણ દીસે દીનદયાળ. જય દેવાધિ૦ ૨
નિર્મળ આપે તારાં અગણિત નામ, જય દેવાધિ૦
પ્રભુ તું વિપત્તિ વેળાને વિશ્રામ. જય દેવાધિ૦ ૩
અમને સદૈવ સારી બુદ્ધિ આપ, જય દેવાધિ૦
કષ્ટ અનેક પ્રકાર તણાં તું કાપ. જય દેવાધિ૦ ૪
અમને આશ્રયદાતા તું છે એક, જય દેવાધિ૦
અદ્ભુત તેં ઉપજાવ્યાં કામ અનેક. જય દેવાધિ૦ ૫
તારો પ્રગટ દિસે છે પૂર્ણ પ્રતાપ, જય દેવાધિ૦
પ્રભુતાથી કર પ્રલય અમારાં પાપ. જય દેવાધિ૦ ૬
ભજીએ તુજને અંતર રાખી ભાવ, જય દેવાધિ૦
ઠીકાઠીક કર્યો એ અમે ઠરાવ. જય દેવાધિ૦ ૭
અંતરજામી તું અંતરજાણ, જય દેવાધિ૦
વદીએ શાં વળી એથી વિશેષ વખાણ? જય દેવાધિ૦ ૮
પાય નમીને કરીએ નિત્ય પ્રણામ, જય દેવાધિ૦
દાસ તમારો જાણે દલપતરામ. જય દેવાધિ૦ ૯

---

## ગરબી ૯૧ મી.

### કરજ વિષે.

"મા તું પાવાની પટરાણી, ભવાની મા કાળકારે લોલ"–એ રાગ.

કરજ ન કરશો અધિકું કોઇ, કરજ સંકટ કરેરે લોલ,
સમજુ જન તો જગમાં જોઇ, દિલે સમજી ડરેરે લોલ. ૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સુણતાં દિલમાં થાશે દુઃખ, કથન કટુ કાનથીરે લોલ;
કરવું પડશે નીચું મુખ, અતિ અપમાનથીરે લોલ. ૨
ફરિ ફરિ નિત્યે ફેરા ખાઇ, અતિ અકળાવશેરે લોલ;
એ દુઃખથી અતિશે અકળાઇ, ભોજન નહિ ભાવશેરે લોલ. ૩
ખમશો મેણાં કેરા માર, વિષમ બહુ વેણમાંરે લોલ;
નિશ દિન નહિ આવે નિરધાર, કે નિંદ્રા નેણમાંરે લોલ. ૪
પછી તો કરશે તેની પાસ, કે જુઠા વાયદારે લોલ;
સુણી સૌ જન તજશે વિશ્વાસ, ફજેતી ફાયદારે લોલ. ૫
વળતી થઇને સત્ય વિહીન, જુદે રસ્તે જશેરે લોલ;
દાનત ફરશે પછી દિનદિન, કે તસ્કર તમે થશોરે લોલ. ૬
અતિશે થાશો પર આધીન, કરજ કીધા થકીરે લોલ;
તેથી દેખશો દુખના દીન, નથી સુખડું નકીરે લોલ. ૭
સો ધન દેવું જેને શીશ, ન ટેકે તે ટકેરે લોલ;
જો તે જન હોય ન્યાયાધીશ, અન્યાય કરી શકેરે લોલ. ૮
ઓશિયાળો એનો અવતાર, સિપારશ સાંભળેરે લોલ;
જાણે કરતાં કોઇ પ્રકાર, કરજ મારું વળેરે લોલ. ૯
કરજ નહીં તેને સુખ સાત, જાણો દિન જામનીરે લોલ;
દિલ ધરજો સુખદાયક વાત, આ દલપતરામનીરે લોલ. ૧૦

## ગરબી ૯૨ મી.

## આશા વિષે.

" શંકર વસે કૈલાસમાં "-એ રાગ.

આશાનો અંત આવે નહીંરે, શોધે ન મળે સુમાર;
આવે ન છેડો આકાશનો, હાંરે એવી આશા અપાર. આ. ૧
સીમા આકાશની ક્ષિતિજનીરે, જોતાં પાસે જણાય;
જેમ જેમ જઇએ આગળે, હાંરે તેમ આઘી તે જાય. આ. ૨

P. P. Ac. Gunratnasuri M.S.                    Jin Gun Aaradhak Trust

निर्धन जन धनने चहेरे, मुंडी सोनी हमेश;
जाणे मळे मने एटलुं, हांरे नही वांछुं विशेष. आ. ३
सो मळतां इच्छे सहस्रनेरे, लक्ष* लाखे खंधाय;
ठरे इच्छा पछी क्रोडनी, हांरे पछी अबजे इच्छाय. आ. ४
आखी पृथ्वीनुं राज एकनेरे, मळे मन न धराय;
अधिक होमे जेम आगने, हांरे भडको भारे जणाय. आ. ५
आशाथी आ संसारनोरे, चाले सर्व व्यवहार;
भांगे आशा तो भांगी पडे, हांरे सर्व वाते संसार. आ. ६
नोकर करे छे नोकरीरे, सजा करे छे राज;
धंधारथी धंधो करे, हांरे ए तो आशाथी आज. आ. ७
सारां भुंडां काम सो करेरे, ए तो आशाथी आम;
जश के जर माटे करे, हांरे कांतो परलोक काम. आ. ८
आयुष्यनो छेडो आवतांरे, बाकी मास के बे मास;
धंधानुं तोय ताणे धुंसरुंरे, हांरे उरमां जीव्यानी आश. आ. ९
पुण्य करे छे परमारथीरे, पापी करे छे पाप;
आशाथी ए पण जाणजो, हांरे प्रौढ तेनो प्रताप. आ. १०
लुंटारुए मार्युं मानवीरे, लुंटयुं पामीने लाग;
जाणे आ जर हुं भोगवुंरे, हांरे तेने करडयो त्यां नाग. आ. ११
आशा छे अति उपयोगनीरे, करे रुडां जो काम;
सारी शिखामण आ सुणीरे, हांरे दे छे दलपतराम. आ. १२

## गरबी ९३ मी.

### संकटमां धीरज राखवा विषे.

" एकवार ओधव गोकुल सांचरोरे. "—ए राग.

संकट समये धीरज धारियेरे, कंइपण करिये नहीं कल्पांतजो;
चिते चेती उपाय विचारियेरे, सर्व प्रकारे रहीने शांतजो. संकट. १

* लक्ष.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કાંઇએ લાભ નથી કલ્પાંતથીરે, ઉલટું અતિશય ઉપજે દુઃખજો;
સુજે ઉપાય તો મન શાંતથીરે, સંકટ ટાળી લઇએ સુખજો. સંકટ. ૨
મૂરખ માણસ તો મુંઝાઇ મરેરે, ધીરજ ધારે છે ધીમંતજો;
મિત્ર સમીપે એ દુઃખ ઉચરેરે, તે પછી દુઃખનો આણે અંતજો. સંકટ. ૩
જેનો ઉપાય જોતાં નવ જડેરે, સમજણથી સુખ શાંતિ થાયજો;
સુર નર સૌને શિર સંકટ પડેરે, એમ વિચારે અંતર માંયજો. સંકટ. ૪
જ્ઞાની કે અજ્ઞાની જન તણીરે, પીડા પડયે પરીક્ષા થાયજો;
જ્ઞાની જન ધીરજ ધારે ઘણીરે, અજ્ઞાની અતિશે અકળાયજો. સંકટ. ૫
ઉર આણો વાતો ઇતિહાસનીરે, કઇકે કેવાં વેઠયાં કષ્ટજો?
વૈભવતા તજી રાજ નિવાસનારે, ભટકયાં વનમાં થઇને ભ્રષ્ટજો. સંકટ. ૬
એની આગળ આપદ આપણીરે, ગણુતાં ગણુતીમાં ન ગણાયજો;
ઘટમાં એમ વિચારી જુવે ઘણીરે, તો અકળામણ ઓછી થાયજો. સંકટ.૭
આ અવસર પણ જો જગમાં જુઓરે, બહુ દુખિયા લોકો દેખાયજો.
ઓછા દુઃખથી શું અતિશે રૂઓરે? મહાદુઃખ પડતાં કેમ ખમાયજો? ૮
મોટાને સંકટ મોટાં નડેરે, છોટાને દુઃખ છોટું છેકજો;
મોભને ખીલા બહુ ખમવા પડેરે, વળીને લાગે ખીલો એકજો. સંકટ. ૯
પાપ તણાં ફળ પીડા પામીએરે, સુકર્મનાં ફળ સુખ સૌ ઠામજો;
એમ ઠરાવ્યું અંતરજામીએરે, દિલથી કહે છે દલપતરામજો. સંકટ. ૧૦

## ગરબી ૯૪ મી.
### સાત પ્રકારના અતિ સુખ વિષે.
રાગ ઉપર પ્રમાણે.

સુણજો વર્ણન અતિ સુખ સાતનુંરે, એ થકી ઉલટાં છે અતિ દુઃખજો;
તનમન ભજન કરો જગતાતનુંરે, સર્વ પ્રકારે આપે તમને સુખજો.સુ. ૧
સૌથી સુખ તો શ્રેષ્ઠ શરીરનુંરે, રગમાં રંચ રહે નહિ રોગજો;
વપુ જાણે જેવું શૂરવીરનુંરે, ઇચ્છિત કરી શકે ઉદ્યોગજો. સુ. ૨
સુખ બીજું ધંધો સારો જડેરે, અલ્પ નહી કોઇની આશિયાળજો;

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

કોઇ દિન કરજ નહીં કરવું પડેરે, સ્વતંત્રતા દીસે સો કાળજો. સુ. ૩
સુખ ત્રીજું વર વહુ સારાં મળેરે, પૂરણ વધે પરસ્પર પ્રેમજો;
હૈયે હરખ હમેશાં જળહળેરે, દેખે સદા દિવાળી જેમજો. સુ. ૪
ચોથું સુખ જો સુપુત્ર સાંપડેરે, માત પિતાની પ્રતિજ્ઞા પાળજો;
નિરખી ચિતમાં ઉમળકો ચડેરે, કથન ન લોપે કરે કોઇ કાળજો. સુ. ૫
રહેવા ઘર રુડું સુખ પાંચમેરે, તે જયાં રુડું ન્યાયી રાજજો;
સુખની વસ્તુ મળે સરવે સમેરે, સદા વસે જયાં સુજ્ઞ સમાજજો. સુ. ૬
છઠું સુખ ઉત્તમ અધિકાર છેરે, માન પ્રતિષ્ટા માણસમાંઇજો;
વિદ્યાદિક એનો આધાર છેરે, કાવ્યકળાદિક પણ ગુણ કાંઇજો. સુ. ૭
મિત્ર પવિત્ર મળે સુખ સાતમેરે, સુખનું મૂળ સદા સતસંગજો;
સદા સહાય કરે સંકટ સમેરે, આત્મા એકજ જુદાં અંગજો. સુ. ૮
સૌ સુખ શોભે છે સુજ્ઞાનથીરે, સુજ્ઞાને સંતોષ રખાયજો;
નહિ તો તૃષ્ણા કેરા તાનથીરે, સુખ સો દુઃખ રૂપે દેખાયજો. સુ. ૯
જગતપતિ આપે સુખ જેટલુંરે, પાડ ગણીને કરો પ્રણામજો;
આપણું સુકૃત તો હશે એટલુંરે, શું મળે વિશેષ દલપતરામજો. સુ. ૧૦

---

## ગરબી ૯૫ મી.

### પ્રશ્નના ઉત્તરની ગરબી.

"પ્રેમની પ્રેમની પ્રેમનીરે, મને લાગી કટારી પ્રેમની."–એ રાગ.

સત્ય કહું આગળ સમાજનીરે, સુણ સાજની, સાજની, સાજની;
ગોઠવણી ગરીબનિવાજનીરે, સુણ સાજની૦ ટેક.
સારાં માણસ કરે શાની ચાહના? લાજની લાજની લાજનીરે; ૧
જનના શીરપર શાની જરૂર છે? રાજની રાજની રાજનીરે; ૨
પ્રધાનને શાની જુક્તિ જાણવી? કાજની કાજની કાજનીરે; ૩
કોહિનુરથી શોભા વધી શેની? તાજની તાજની તાજનીરે; ૪
સર્વે પ્રાણીને શી શી ફિકર છે? ખાજની ખાજની ખાજનીરે; ૫
પંખીના મંડને બીક બહુ શેની? બાજની બાજની બાજનીરે;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છેક નિર્ધન કરે શેની છાપરી ? છાજની છાજની છાજનીરે; ૭
તેના ભોજનમાં શોભા શેની ? પ્યાજની પ્યાજની પ્યાજનીરે; ૮
દેણદારને ચિત્ત ચિંતા શેની ? વ્યાજની વ્યાજની વ્યાજનીરે; ૯
કહે દલપત ઘડી ઉત્તમ ક્યારની ? આજની આજની આજનીરે; ૧૦

## ગરબી ૯૬ મી.

### કેવા ગુણ કેનામાં છે તે વિષે.

" હાં હાંરે પટોળાં પાટણનાં. "—એ રાગ.

હાં હાંરે કે કનક કટાય નહી, હાં હાંરે સુજન ગુણ જાય નહી;
હાં હાંરે પથર પલળેજ નહી, હાં હાંરે કુટિલ ગુણ લેજ નહી. ૧
હાં હાંરે નિધિ છલકાય નહી, હાં હાંરે મોટા છકી જાય નહી;
હાં હાંરે અફીણ મીઠું થાય નહી, હાં હાંરે નઠોર સુધરાય નહી. ૨
હાં હાંરે નદી સૌ સાગરમાં, હાં હાંરે કે સંપ તો નાગરમાં;
હાં હાંરે વસંત ઉત્તરાયણમાં, હાં હાંરે ગમત તો ગાયનમાં ૩
હાં હાંરે શોભા તો સાજનમાં, હાં હાંરે મોટાઇ તો મહાજનમાં;
હાં હાંરે સુગંધ તો કેસરમાં, હાં હાંરે કૃપા પરમેશ્વરમાં. ૪
હાં હાંરે શિતળતા ચંદર, હાં હાંરે ઉધમ તો બંદરમાં;
હાં હાંરે મધુરતા સાકરમાં, હાં હાંરે નમનતા ચાકરમાં. ૫
હાં હાંરે ચતુરાઇ ચણવામ., હાં હાંરે ભલા ગુણ ભણવામાં;
હાં હાંરે કે રેશમ સુગટામાં, હાં હાંરે કે જોખમ જુગટામાં. ૬
હાં હાંરે કુટુંબ તો પરિવારે, હાં હાંરે કે રાજ તો તરવારે;
હાં હાંરે કે જુગતી જંતરમાં, હાં હાંરે અકલ તો અંતરમાં. ૭
હાં હાંરે કે ઝાડ ખહુ ઝાડીમાં, હાં હાંરે કે ફળ ફુલ વાડીમાં. ૮
હાં હાંરે કે લોભ તો સ્વારથમાં, હાં હાંરે કે પુણ્ય પરમારથમાં;
હાં હાંરે કે નીર તો વૃષ્ટિનું, હાં હાંરે કે તેજ તો દૃષ્ટિનું. ૯
હાં હાંરે કે દૂધ તો ગાય તણું, હાં હાંરે કે હેત તો માય તણું;
હાં હાંરે શક્તિ જગત પતિની, હાં હાંરે કે દીનતા દલપતની. ૧૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ગરબી ૯૭ મી.

### ભવિષ્ય કાળનાં ચિહ્ન વિષે.

" અલબેલીરે અંબે માત, જોવાને જઇએ. "—એ રાગ.

સુણો સુણોરે સજ્જન લોક ! ચિન્હો આગમનાં;
સુખ દુઃખ સંભવ સંજોગ, સઘ સમાગમનાં. સુણો. ટેક
કીડિયો ઇંડાં લઇ નિકળે ને, બોલે દાદુર મોરરે;
એ એંધાણ ઉપરથી જાણો, જળ વૃષ્ટિનું જોર. ચિન્હો. ૧
કુકડા કૂકૂ શબ્દ કરે ને, જાગે પંખી જાતરે;
એ ઉપરથી એમ સમજવું, પડશે હવે પ્રભાત. ચિન્હો. ૨
અંગ વિષે ઉકરાટા આવે, થાય ન અંન પચાવરે;
એ એંધાણ ઉપરથી જાણો, દેશે જ્વર દેખાવ. ચિન્હો. ૩
સગાં જનોને શત્રુ સમજે, શત્રુ સગાં સમાનરે;
વિનાશ કાળે વિપરીત બુદ્ધિ, નિશ્ચય એજ નિદાન. ચિન્હો. ૪
કુટુંબમાં જ્યાં કુસંપ પેસે, વસે નહી વિશ્વાસરે;
એકબીજાનું બોલ્યું ન ગમે, તો ત્યાં લક્ષ્મી વિનાશ. ચિન્હો. ૫
ઉપજ થકી અદકુ ખરચે ને, ફોગટ મન ફુલાયરે;
તો તેને ઘેર થોડી મુદતમાં, દરિદ્રતા દેખાય. ચિન્હો. ૬
બળિયા સાથે બાથ બાંધીને, વળી વળી કરે વિવાદરે;
કોઇ સમે સંકટમાં પડશે, અતિ ઉતરશે નાદ. ચિન્હો. ૭
કુસંપ જાતાં સંપ વધે ને, મન સૌનાં મળી જાયરે;
તો જાણો તેના ઘર મધ્યે, સુખ ને સંપત્તિ થાય. ચિન્હો. ૮
હંસ તણી સંગત છોડીને, સેવે કાગ શિયાળરે;
તો જાણો તેનાપર પડશે, જગમાં કાંઇ જંજાળ. ચિન્હો. ૯
તે રાજાને રૈયત નિંદે, જુલમ જુલમ કહેવાયરે;
ને રાજાના રાજમહેલમાં, કંઇ પણ વિપરીત થાય. ચિન્હો. ૧૦
જે પર ત્રુઠે કે રૂઠે પ્રભુ, જેની કરણી જેવીરે;
કહે દલપત તે જનના મનમાં, ઉપજે બુદ્ધિ એવી. ચિન્હો. ૧૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ગરબી ૯૮ મી.

### ઉદ્યમ કર્મ વિષે.

" સુંદરબાઇ આવ્યાં-સાસરિયે. "-એ રાગ.

સખિ! જો કદિ ઉદ્યમ નવ ફળિયો,
તોય નશીબ થકી તે બળિયો બહેન;
ઉદ્યમ વિણ ન નશીબ ફળે. ટેક. ૧
કોઇ ન રહે નશીબ વિશ્વાસે,
સૌ ઉદ્યમ કરવા ધાશે, બહેન ઉદ્યમ વિણ૦ ૨
પંખો પકડી જો ન હલાવે,
પંખાનો પવન ન આવે, બહેન ઉદ્યમ વિણ૦ ૩
વણ ખેડે ખેતર નવ પાકે,
રહી નશીબ ભરૂંસે થાકે, બહેન ઉદ્યમ વિણ૦ ૪
કોઇ ઉદ્યમ વિણ ધનપતિ થાશે,
તે જોઇ ઉદ્યમ ન તજાશે, બહેન ઉદ્યમ વિણ૦ ૫
વગડાઉ કર્પણ નજરે આવે,
જોઇ કોઈ નહિ કર્પણ વાવે? બહેન ઉદ્યમ વિણ૦ ૬
વણ ખોદે નદિયો સંચરશે,
જોઇ કોણ કુવા નહિ કરશે? બહેન ઉદ્યમ વિણ૦ ૭
જો નશીબનો ભરૂંસો રાખો,
તો ચુલા કાઢી નાંખો, બહેન ઉદ્યમ વિણ૦ ૮
જો નશીબનો ભરૂંસો લાવે,
બાળકને શીદ ભણાવે? બહેન ઉદ્યમ વિણ૦ ૯
ઉદ્યમ આદરીએ આગળથી,
પછી નશીબ તો પાછળથી, બહેન ઉદ્યમ વિણ૦ ૧૦
અક્કલહીણા આળસવંતા,
રહે નશીબ નશીબ કરંતા, બહેન ઉદ્યમ વિણ૦ ૧૧
ઉદ્યમનો મહિમા સૌ ઠામે,
દીઠો છે દલપતરામે, બહેન ઉદ્યમ વિણ૦ ૧૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ગરબી ૯૯ મી.

### મુરખ આગળ કાગળ બોલે નહિ તે વિષે.

" ધન્ય અંબેમાત, વસિયાં ડુંગર માંયરે, જાયગા
જોઇને "–એ રાગ.

મન શરમાશે, જંગલી જન આગળ કાગળ નવબોલે;
જે જન પાસે, કાગળ નવ બોલે તે જંગલીની તોલે–ટેક.
એક મહેતે જંગલી જન સાથે, મોકલ્યાં ફળ કાગળ દઇ હાથે;
ગયો જંગલી ગાંસડી લઇ માથે. મન શરમાશે૦ ૧
કહે જંગલી "જયાં ફળ ગણી લેશે, કેટલાં છે તે ત્યાં કોણ કહેશે?"
કહે મહેતો કાગળ કહી દેશે. મન શરમાશે૦ ૨
અરધે રસ્તે જ્યાં તે આવ્યો, ત્યાં વિચાર તે મનમાં લાવ્યો;
" કાગળ દઇ મુજને ખિવરાવ્યો. " મન શરમાશે૦ ૩
" કાગળને મુખ કે જીભ નથી, તો કહેશે કેથન કિયા મુખથી ?
સંતાડું ફળ હું તો સુખથી. " મન શરમાશે૦ ૪
કહેવા લાગ્યો કાગળ લઇને, " ભાઇ જો તું બોલે ત્યાં જઇને;
તો બોલ અહીં સનમુખ થઇને. મન શરમાશે૦ ૫
કાંઇ કાગળ નવ બોલે વાણી, જંગલીએ વાત જુઠી જાણી;
તેથી લીધાં માંહિથી ફળ તાણી. મન શરમાશે૦ ૬
જઈ ફળ ઢગલો નૃપ પાસ કર્યો, કાગળ પણ નૃપ આગળ ધર્યો;
દિલમાં મુરખો કાંઇએ ન ડર્યો. મન શરમાશે૦ ૭
કાગળ વાંચી ફળ ગણી લેતાં, તે લખ્યા થકી ઓછાં રહેતાં;
પૂછયું જંગલીને ધમકી દેતાં. મન શરમાશે૦ ૮
કહે જંગલી "કોણ ઓછાં કહે છે?" નૃપ કહે "કાગળ કહી દે છે;"
કહે જંગલી "વાત જુઠી એ છે." મન શરમાશે૦ ૯
"જો કાગળ કહે મુજ સાંભળતાં, જે દિધા પ્રમાણે નથી મળતાં;
તો દંડ કરો મારો વળતાં. " મન શરમાશે૦ ૧૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાજા કહે "મૂરખ જન પાસે, કાંઇ કહેતાં કાગળ શરમાશે,
સમજુ સાથે બોલવા ચહાશે." મન શરમાશે. ૧૧
સુણી જંગલી અચરજ ઉર ધરે, આ માણસ નહિ પણ દેવ ખરે;
જડ વસ્તુ જે સંગ વાત કરે." મન શરમાશે. ૧૨
નૃપે ત્રાસ ખતાવ્યો તે ઠામે, પછી સાચું બોલ્યો પરિણામે;
દિલ વાત ધરી દલપતરામે. મન શરમાશે. ૧૩

---

## ગરબી ૧૦૦ મી.

### દયા વિષે.

"અલબેલીરે અંબે માત, જોવાને જઇએ."-એ રાગ.

પ્રભુ રીઝવવા શુભ પેર, દયા દિલમાં રાખો;
કરુણાનિધિ કરશે મહેર, પુરશે અભિલાષો-ટેક.
દયા ન દીસે જેના દીલમાં, તે નહિ જનની જાતરે;
વાઘ વરુ જેવા વનચરની, નિશ્ચે તે તો નાત. દયા દિલ. ૧
કવિ કોવિદ સર્વે મળી કહે છે, દયા ધરમનું મૂળરે;
તજે દયા તેને તો થાશે, પરમેશ્વર પ્રતિકૂલ. દયા દિલ. ૨
જો કોઈ આપણું દુઃખ દેખીને, દયા ધરે કરી પ્રીતરે;
એને કેવી આશિષ દેશું, ચતુર વિચારો ચિત્ત. દયા દિલ. ૩
અતિ નિર્દય થઇને આપણને, કરે ઘણી વિધિ ઘાતરે;
પ્રભુ તેને કાંઇ શિક્ષા કરશે, જુઓ વિચારી વાત. દયા દિ. ૪
ગરીબનો બેલી ઇશ્વર છે, સમર્થ સાચો ન્યાયીરે;
ગરીબને સુખ દુઃખ દિધાનું, ભોગવશો ફળભાઇ. દયા દિ. ૫
ઉપકારી જનના અંતરમાં, દયા રહે દિન નીશરે;
દુખિયાનાં દુઃખ હરવા માટે, સંકટ લે નિજ શીશ. દયા દિ. ૬
જો જીવી ઉપકાર ન કીધો, તુચ્છ છે જીવતર તેહરે;
પરઉપકારે જીવતર તજીએ, ઉત્તમ જીવતર એહ. દયા દિ. ૭

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

ગરીબના નિસાસા લાગે, જો તે દીલ દુખાયરે;
જરૂર જગકર્તા નહિ સાંખે, એ મોટો અન્યાય. દયા દિ. ૮
પોતાના સુખ દુઃખનો પોતે, ચિતમાં કરો વિચારરે;
અવર વિષે પણ એમજ સમજો, સુખદુઃખનો નિરધાર. દિ. ૯
પરનો માલ પડાવી ન લેવો, દેવું ન કોઇને દુઃખરે;
દિલ પણ કોઇનું દુખવવું નહિ, સૌને કરવું સુખ. દયા દિ.૧૦
નિર્દયતામાં અનેક અવગુણ, અસત્ય ને અન્યાયરે;
દયાળુ જનથી દુનિયા મધ્યે, દુષ્ટ કરમ ન કરાય. દયા દિ.૧૧
દયા વિના તો દેવ ન રીઝે, ભક્તિ કરે ભલીભાતરે;
રાજા પૂજીને નવ રીઝે, સુણી મુખ મીઠી વાત. દયા દિ. ૧૨
દુનિયામાં સૌ દયા ધરે તો, સુખ ઉપજે સૌ ઠામરે;
દેવ રીઝે દલપત્ત તણો, પરલોકે પણ સુખધામ. દયા દિ. ૧૩

---

## ગરબી ૧૦૧ મી.

### જયજયકાર બોલવા વિષે.

" તજો તમે કેફ કરમ કરવું. "–એ રાગ.

બોલો જેજેકાર બધી બાઇ, ગીતો રુડાં સદ્ગુણનાં ગાઇ; બોલો–ટેક.
કહ્યાં તે ગીતો કંઠે કરજો, અરથ એનો અંતરમાં ધરજો;
દિલે તમે દોષ થકી ડરજો; બોલો જેજેકાર બધી બાઇ. ૧
સારે દિન સખી એકઠી થાજો, હળીમળી હૈડામાં હરખાજો;
ગીતો આવાં સદ્ગુણનાં ગાજો, બોલો જેજેકાર બધી બાઈ. ૨
સંસારમાં સુખીયા સૌ થાશો, વિવેકી થઇ વળી વખણાશો;
જીતી જગ સ્વર્ગ વિષે જાશો, બોલો જેજેકાર બધી બાઇ. ૩
ગીતો ગુણ જાણી જે ગાશે, સારું ભૂંડું શું છે તે સમજાશે;
રચ્યું જેણે જગ તે રાજી થાશે, બોલો જેજેકાર બધી બાઇ. ૪
વખાણો પ્રભુના પરાક્રમને, તથા કરજોડી કહું તમને,
ગીતો ગાતાં સંભારજો અમને, બોલો જેજેકાર બધી બાઇ. ૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હરખના હમેશ દિવસ રહેજો, લાખેણો લાવ સહુ લેજો;
દયાળુ પ્રભુ ઘણું સુખ દેજો, બોલો જેજેકાર બધી બાઇ. ૬
સારો દિન સજ્જન સંગતને, ગણો એજ ઉત્તમ ગમતને;
દિલે ધરો ઉપદેશ દલપતને, બોલો જેજેકાર બધી બાઇ. ૭

## ગરબી ૧૦૨ મી.

### મંડળી બરખાસ્ત થયા વિષે.

"મારું સોનાનું છે બેડુંરે, છેલછબીલા છોગાળા." એ રાગ.

વિનતી કરું છેલ્લી વારરે, શાણી સૈયર સાંભળજો;
અતિ હરખ ધરી આ ઠારરે, વળી વહેલાં વહેલાં મળજો. ૧
આજ અદકો વધ્યો ઉમંગરે, શાણી સૈયર સાંભળજો;
શુભ સજી તમારો સંગરે, વળી વહેલાં વહેલાં મળજો. ૨
જયારે દયા કરે દીનનાથરે, શાણી સૈયર સાંભળજો;
ત્યારે મળે સજ્જનનો સાથરે, વળી વહેલાં વહેલાં મળજો. ૩
આજ દીઠી કોડ દિવાળીરે, શાણી સૈયર સાંભળજો;
મલકાતાં મુખડાં ભાળીરે, વળી વહેલાં વહેલાં મળજો. ૪
ઇશ્વર આવા દિન આપેરે, શાણી સૈયર સાંભળજો;
વળી મળિયે પ્રભૂ પ્રતાપેરે, વળી વહેલાં વહેલાં મળજો. ૫
આજ ગાયાં ગરબી ગીતરે. શાણી સૈયર સાંભળજો;
નીતિની રીત સહીતરે, વળી વહેલાં વહેલાં મળજો. ૬
શિખામણ શીખ્યાં સારીરે, શાણી સૈયર સાંભળજો;
બહુ સતસંગની બલિહારીરે, વળી વહેલાં વહેલાં મળજો. ૭
પોથી વાંચે પચાશરે, શાણી સૈયર સાંભળજો;
પણ ન પડે જ્ઞાનપ્રકાશરે, વળી વહેલાં વહેલાં મળજો. ૮
આજ એટલું પામ્યાં જ્ઞાનરે, શાણી સૈયર સાંભળજો;
તમે દીધું જીવતદાનરે, વળી વહેલાં વહેલાં મળજો. ૯

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આજ વિશેષ વધિયો સ્નેહરે, શાણી સૈયર સાંભળજો;
અતિ લાભ ઉત્તમ તો એહરે, વળી વહેલાં વહેલાં મળજો. ૧૦
અમને નિત્ય કરજો યાદરે, શાણી સૈયર સાંભળજો;
ભુલશો નહિ ધરી પ્રમાદરે, વળી વહેલાં વહેલાં મળજો. ૧૧
કાંઇ હોય અમારી ચૂકરે, શાણી સૈયર સાંભળજો;
એ કરજો માફ અચૂકરે, વળી વહેલાં વહેલાં મળજો. ૧૨
આવાં કરશું સારાં કામરે, શાણી સૈયર સાંભળજો;
દૃશે આશિષ દલપતરામરે, વળી વહેલાં વહેલાં મળજો. ૧૩
સૌ એક સ્વરે એક વારરે, શાણી સૈયર સાંભળજો;
કહો જયજય જગકરતારરે, વળી વહેલાં વહેલાં મળજો. ૧૪

## ગરબી ૧૦૩ મી.

### મહારાવ શ્રી ખેંગારજીની ગરબી.

"આવો હરિ રાસ રમો વહાલા."—એ રાગ.

ખમા ખમા ખેંગારજીરાવને, દયાવંત સુંદર દેખાવને, ખમા ખમા.
દીસે રુડો જાદવકુળ દીવો, ગમે જેને નીતિનો રસ પીવો;
જગતમાં વર્ષ ઘણાં જીવો. ખમા ખમા૦ ૧
ભણ્યા છે ભણતર ભલી ભાતે, વિવેક વિશેષ છે સૌ વાતે;
ચતુર અને ચંચળ છે જાતે. ખમા ખમા૦ ૨
શિખામણ સાંભળી સારી, અંતરમાં લેછે ઉતારી;
અહુ એની બુદ્ધિની બલિહારી. ખમા ખમા૦ ૩
નવી નવી નિત્ય શોખે નીતિ, રુચે રુડી રાજાની રીતિ;
પ્રજાપર પૂર્ણ ધરે પ્રીતિ. ખમા ખમા૦ ૪
દાસ રહે સજ્જનને સંગે, ન એકે અવગુણ તો અંગે;
અભ્યાસ ભલો કરે ઉમંગે. ખમા ખમા૦ ૫
હિંમત ઘણી મોટી દીસે મનમાં, જાદળકુળ જુસ્સો છે તનમાં;
વિવિધ ગુણ વખણાય છે જનમાં. ખમા ખમા૦ ૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રૈયત જોઇ રાજી રાજી રહે છે, દુવા ખરા દિલથી સૌ દે છે;
કચ્છાધીશ ઘણું જીવો કહે છે.　　　　ખમા ખમા૦ ૭
હમેશ એના હેતુ હરખાજો, પ્રભુ એની આશા પુરી થાજો;
સંકટ એનાં સર્વ ટળી જાજો.　　　　ખમા ખમા૦ ૮
વિદ્વાન જનોનો વિસામો, તેનું રાજતેજ વૃદ્ધિ પામો;
જગતમાં જશ ને જર જામો.　　　　ખમા ખમા૦ ૯
થજો એના વંશતણી વૃદ્ધિ, સરવ વિધ પામજો સમૃદ્ધિ;
બહુ બહુ વધજો એની બુદ્ધિ.　　　　ખમા ખમા૦ ૧૦
કૃપાનિધિ દેવની કરુણાથી, હયાત રહો એના હય હાથી,
સુખી થજો સર્વ એના સાથી.　　　　ખમા ખમા૦ ૧૧
સદા સુખ કચ્છપતિ પામે, ગવાય ગુણો ગામે ગામે;
દીધી આશિષ દલપતરામે.　　　　ખમા ખમા૦ ૧૨

---

## ધોળ ૧ લું.

### બાળકીઓને શિખામણનું ધોળ.

"રાતો ઘોડો રણ પાખરીઓ, શ્વેત ધર્યા શણગાર જોને."—એ રાગ.

સ્નેહ સહીત સારી શિખામણ, કહું તે કાને ધરજો. બહેની.
જો હિત જાણો તો તજી આળસ, એજ રીતે આચરજો. બહેની. ૧
મેવા કે મીઠાઇ કદી કંઇ, મારગમાં નવ ખાઇએ. બહેની.
હલકા દુનિયામાં દેખાઇએ, ગાંડાંમાં ગણાઇએ. બહેની. ૨
ઘરમાંથી ચોરી નવ ખાઇએ, સુખથી માગી લઇએ. બહેની.
પણ જો માતા ના પાડે તો, રોઇને દુઃખ નવ દઇએ. બહેની. ૩
ભરત ચિત્ર ભાવેથી શીખો, હોંશ હૈયામાં આણી. બહેની.
સોતાં ગ્રાડકતાં પણ શીખજો, કામ તમારું જાણી. બહેની. ૪

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

વાસણ માંજીને વાવરીએ, પીએ ગળીને પાણી. બહેની.
રસોઇ રુડી રીતે શીખીએ, હોંશ હૈયામાં આણી. બહેની. ૫
સર્વે વસ્તુ સંભાળીને, સજ કરીએ સફાઇ. બહેની.
ગુણવંતી તો ગાફલ ન રહે, ગમે નહિ ગંદાઇ. બહેની. ૬
મેલી જગામાં નવ રમીએ, વસ્ત્ર ન કરીએ મેલાં. બહેની.
ભલી નિશાળે ભણવા જાતાં, છેક ન રહીએ છેલ્લાં. બહેની. ૭
એમ કર્યાથી આગળ જાતાં, સુખ લેશે સૈ ઠામે. બહેની.
સમજો સારી શિખામણ દીધી, આજે દલપતરામે. બહેની. ૮

---

## ધોળ ૨ જું.

### સુધારા ખાતાના મહુર્તનું ધોળ.

" મામેરું મોંઘા મૂલનું. "—એ રાગ.

સૈયર આજની શોભા હું શી કહું?
આજ આનંદનો ઉભરાઇ, રત્નાગર રેલીઓ.
મળ્યા સરવે સુધારાના સાથીઓ;
ભલે ભભકે સભા છે ભરાઇ. રત્નાગર રેલીઓ. ૧
દાના ગૃહસ્થે દેખાડી ઉદારતા;
માંડયું નવીન સુધારાનું મૂળ, રત્નાગર રેલીઓ;
ધન્ય ધન્ય તેનાં માત તાતને;
એને ઇશ થશે અનુકૂળ. રત્નાગર રેલીઓ. ૨
આજ કોડ દિવાળીના દિન ગણું;
વજડાવીએ નોબત નાદ, રત્નાગર રેલીઓ;
આજ સોનાનો સૂરજ ઉગીઓ;
વરસ્યા વરસ્યા દૂધે વરસાદ. રત્નાગર રેલીઓ. ૩
તરિયા તોરણ બાંધીએ ટોડલે;
મોંઘાં મોતીના પૂરીએ ચોક, રત્નાગર રેલીઓ;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પંચરંગી ચઢાવીએ વાવટા;
થાળમાં ભરો પાનના થોક. 　　રત્નાગર રેલીઆ. ૪
રુડાં ધોળ મંગળ ગીત ગાઇએ;
વિવાહથી ઘણો વધતો ઉત્સાહ, 　　રત્નાગર રેલીઆ;
આજ ઉત્તમ કામ આરંભિયું;
વદે વિશ્વના જન "વાહ! વાહ!" 　　રત્નાગર રેલીઆ. ૫
સખી આજનો દિવસ ઇતિહાસમાં;
લખવા લાયક ગણશે સૌ લોક, 　　રત્નાગર રેલીઆ;
નામ અમર રહેશે રુડા નરતણું;
જેણે રૂપૈઆ ખરચ્યા છે રોક. 　　રત્નાગર રેલીઆ. ૬
શાણા શ્રીમંતે કુળને શોભાવિયું;
કીધું એવું આ ઉત્તમ કામ, 　　રત્નાગર રેલીઆ;
આ સર્વે પ્રજાજન તરફની,
દે છે આશીષ દલપતરામ. 　　રત્નાગર રેલીઆ. ૭

## દોહરો.

ઓગણિસેં છત્રીસના, જાતાં દિવસ તરીશ;
પુસ્તક આ પૂરું કર્યું, દિલ સમરી જગદીશ. 　　૧

**પ્રથમ ભાગ સમાપ્ત.**

P. P. Ac. Gunratnasuri M.S. 　　Jin Gun Aaradhak Trust

# પરિશિષ્ટ.

ભરૂચમાં સં. ૧૮૯૪ માં કવીશ્વરને લોકોએ સભા ભરીને માન આપ્યું તે પ્રસંગે ત્યાંના પ્રખ્યાત કવિ ધીરજરામ નરભેરામે પોતાની બનાવેલી કવિતા ગાઇ હતી તે:—

## હરિગીત છંદ.

(આ કવિતા ચરચરી છંદ તથા ગઝલના રાહમાં પણ ગવાય છે.)

શુભ કાવ્ય કલ્પતરૂ કવીનું ઝડ ઝમક અનુપ્રાસથી;
ઉપમા અલંકારાદિ પદલાલિત્ય ને મીઠાશથી. ૧
છે તર્ક ને વિતર્ક વાળાં કવન કોમળ વર્ણનાં;
સાહિત્ય મન રંજન કરે વળિ કોડ પુરે કર્ણના. ૨
અતિ હાસ્ય કરૂણા આદિ રસથી કાવ્ય ભૂષણ શોભતાં;
ગુણિ ચિત્ત માંહિ ચિતાર આપે માનવી મન લોભતાં. ૩
કવિતા ભલી સવિતા સમી ગર્મી ઉરમાં સ્ત્રી પુરૂષને;
વિસ્તારીમાં વંચાય તોપણ હાનિ વિણ લાગે મને. ૪
જે શર્દ શશિ તે શર્દ રાત્રે શિતળતા સહુને કરે;
પણ દિન માંહી દીન થને તાપ કોના નવ હરે. ૫
એથી અધિક અગાધ શક્તિ કાવ્ય દલપતની દિસે;
આનંદ આપે તાપ કાપે જ્ઞાન વ્યાપે દિન નિસે. ૬
સ્વચ્છંદને કુછંદ તજવા છંદ કલ્પિત બહુ કર્યો;
કવિતા સમય સૂચક કરી જન પ્રિય વિષયોથી ભર્યો. ૭
વ્યભિચાર વેર વ્યસન વગેરે વર્જ્ય કરવા સાધથી;
રચિયા વિવિધ વિષયો ઘણા ધરિ ભાવ ગદ્ય ને પદ્યથી. ૮
કુસંપ તજી સુસંપ વધવા રાખી દેશની લાગણી;
સ્ત્રી પુરૂષ ફેલ ફીતૂર હણવા કીધિ કવિતાઓ ઘણી. ૯
ગરબી અને ગરબા મનોહર સ્ત્રી સુધરવા બહુ કર્યા;
ભવસિંધુ તરવા ભજન કરવા બોધ ધરવા રસ ભર્યા. ૧૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નથી સ્વાદ જરિ વિખવાદમાં કહિં સાદ પાડી સર્વને;
પરધર્મ નિંદા નવ કરી સૌ શત્રુ નિંદે ગર્વને. ૧૧
અકળિત કળા કર્તા તણી ભણિ ભાવથી આદર કરી;
દર્શાવી અતિ પુસ્તક વિશે દઇ દલીલ ઓળખવા હરી. ૧૨
ગુજરાતી વાણી વિલાસ ખિલવા ખંત રાખી છે ઘણી;
શ્રી શારદા વરદા થઇ વૃત્તિ કરી ભગવત ભણી. ૧૩
શુભ પંથના અતિ ગ્રંથ રચિ રાખ્યું સદા નિજ નામને;
પામ્યા ઘણી કીર્તિ કરી વસુધા વિશે શુભ કામને. ૧૪
ગુજરાતમાં કવિતા તણી અતિશે રૂચિ ઉપજાવે છે;
વર્નાક્યુલર સોસાઇટીની ફર્જ ખૂબ બજાવી છે. ૧૫
કવિતા કળાની કૂંચિ પિંગળ આપી ગુર્જર દેશમાં;
વળી કાવ્ય અદ્ભુત સરળ શોભે દેશ ને વિદેશમાં. ૧૬
ચક્ષુ નથી પણ જ્ઞાનચક્ષુ જેહનાં ઉઘડેલ છે;
વળિ કાવ્ય રચના સરળ જેમાં જ્ઞાનથીજ ભરેલ છે. ૧૭
કં૦દ૦ડા૦ તણી કવિતા ભણી નરનારિયો પાઠે કરે;
બોલાય છે બહુ લોકમાં આનંદથી ઉરમાં ધરે. ૧૮
કિન્લાક ફારબસ વશ થયા, નિહાળી રસ કવિતાતણો;
વળિ હોપ સાહેબે કર્યો, નિજ હોંશથી આદર ઘણો. ૧૯
સુવર્ણનાંજ લખાણથી, વિકટોરિયા મહારાણીએ;
ચતુરાઇ માટે ચાંદ આપ્યો, સુજ્ઞ રાણી શાણીએ. ૨૦
સરકાર પણ સતકાર કરવા, વાત રાખી ધ્યાનમાં;
સી. આઇ. ઇ. ઇલ્કાબ આપ્યો, રાણીએ સનમાનમાં. ૨૧
વળિ કાજ આજ સમાજમાં, સુધારીયું ભાષણ કરી;
બહુ શોધ કરીને બોધ આપ્યો, દિલમાંહિ દયા ધરી. ૨૨
વળી કહેવી રહેવી રે'ણી દીઠી, મીઠી મધુ સમ વાણુ છે;
મદ ક્રોધ ઇર્ષા ત્યાગ દીઠાં, વાક્ય સદ્ગુણ ખાણુ છે. ૨૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કવિનું ચરિત્ર પવિત્ર દીઠું, નીતિ ભક્તિ સુકાંજમાં;
દૃષ્ટાંત દાખલ સૌ વદે, દેશી વિદેશી રાજ્યમાં. ૨૪
સૌરાષ્ટ્ર ગુર્જર દેશનો, ઉત્તમ કવિ આ વખતનો;
પંકાય પંડિત પંક્તિમાં, છે રાજ્ય ભક્તજ તખ્તનો ૨૫
કાચું દિસે ન કવિત્વમાં. ભાષા સરળમાં નહિ મણા;
ઉદ્ધત અધમ લેખક નહિ, સુવિચાર કંદરડાંનાઘણા. ૨૬
છે સામવેદી વેદવેત્તા, વિપ્ર જ્ઞાત શ્રીમાલીની;
આ લોક ને પરલોકમાં, પ્રિત મેળવી વનમાળીની. ૨૭
શુભ પુષ્પ ચંદન કરિને, વંદન હોંસથી અર્પે સહુ;
ભગુ નગ્રવાસી અતિ ઉલ્લાસી, માન માનવિ દે બહુ. ૨૮
અત્રે પધારી પ્રેમથી, જણાવ્યા ઘણા સુવિચારને;
અતિ હેત હૈયામાં ધરી, અર્પું કુસુમના હારને. ૨૯
ભગુપુરવાસી વિપ્ર, ધીરજરામ કરી પરણામને;
આશીષ આપે આ શમે, કવિરાજ દલપતરામને ૩૦

---

**દોહરા.**

સંવત ઓગણીસેં અને તે ઉપર પચાસ;
માન મળ્યું કવિને ઘણું ઉત્તમ આસો માસ. ૧
કવિ પંડિત શ્રીમંત સૌ આણી અંતર ભાવ;
સભા ભરીને પ્રેમથી કર્યો ઘણો સરપાવ. ૨
આયુષ લાંબું આપીને સુખી રાખ પરમેશ;
વૃદ્ધ અનુભવ સિદ્ધની બને કવિતા બેશ. ૩
ભુજ કરિ કવિતા તણી દે ધીરજ આશીષ;
ગુણ કવિ દલપતરામને કવન કરૂં બક્ષીસ. ૪

---

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આત્મારામ જે. આર્ચન્ડર.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust